# મહિમા ૩૬૬ દિવસનો

## ભાગ ૨

**(૧, મેથી ૩૧, ઓગષ્ટ)**

સં. લેખન

**વિનુભાઈ ઉ. પટેલ**

-: પ્રકાશક :-

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ-૩૮૮૦૦૧

**MAHIMMA 366 DAY**

by ***Vinubhai U. Patel***

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૩

નકલ : ૧૦૦૦

મૂલ્ય રૂા. :

મહિમા ૩૬૬ દિવસનો

વિનુભાઈ ઉ. પટેલ

-: ટાઈપ સેટીંગ :-

**Master Graphics,Anand**

-: વિક્રેતા :-

**એમ. એમ. સાહિત્યપ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ

-: મુદ્રક :-

**અર્પણ પ્રિન્ટરી, આણંદ**

# અર્પણ

– આ ગ્રંથમાળામાં સમાવિષ્ટ મહાનુભાવો અને ગ્રંથમાળા તૈયાર કરવા માટે ઉપયોગમાં લેવાયેલ સંદર્ભગ્રંથોના લેખકોના ચરણ કમલોમાં સાદર……

દીલદાર મિત્રશ્રી

**યાકુબભાઈને…**



# પ્રસ્તાવના….

આપણા મૂર્ધન્ય કવિએ ગાયું છે કે –

''વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી,
હું માનવી માનવ થાઉં તો ઘણું''

કહે છે કે 'બહુરત્ના વસુંધરા' આ ધરતી માતાએ અનેક માનવરત્નો પેદા કર્યા છે. આ માનવરત્નો વિશ્વવિભૂતિઓની કક્ષા ધારણ કરી ચૂક્યા છે. જેમની પ્રતિષ્ઠા અને કીર્તિ વિશ્વ આખામાં ફેલાયેલી છે અને સદીઓ સુધી ફેલાયેલી રહેશે એવી આ વિભૂતિઓ આખા વિશ્વનું ગૌરવ છે.

સાહિત્ય, શિક્ષણ, કલા, ધર્મ, રાજનીતિ, સંસ્કૃતિ, વિજ્ઞાન, ખેલકૂદ જેવા વિવિધ ક્ષેત્રોની જગત ખ્યાત વિભૂતિઓનાં પ્રેરણાદાયી જીવનનો સંક્ષિપ્ત છતાં માહિતી સભર પરિચય કરાવવાનો આ ગ્રંથોનો ઉપક્રમ છે. આ કાર્ય એટલું સરળ અને સહજ તો ન હતું જ છતાં આવનારી પેઢીઓ વિશ્વવિભૂતિઓનાં જીવનમાં અવગાહન કરી, તેમાંથી પ્રેરણા મેળવી પોતાનાં જીવન દેદિપ્યમાન, માનવતાસભર, સફળ અને સિદ્ધિવંત બનાવી શકે એવા ઉચ્ચ અને આદર્શપૂર્ણ હેતુથી પ્રસ્તુત ગ્રંથમાં ખ્યાતિપ્રાપ્ત વિશ્વવિભૂતિઓનાં જીવનનું મહિમાગાન કર્યું છે.

આ ગ્રંથમાળા **'મહિમા ૩૬૬ દિવસનો'** ત્રણ ભાગોમાં વિભાજિત છે. ગ્રંથમાળાની ખરી વિશેષતા એ છે કે ૧, જાન્યુઆરીથી ૩૧, ડિસેમ્બર સુધીના આખા વર્ષના ૩૬૬ દિવસનું વ્યક્તિચરિત્રોના સંદર્ભમાં મહિમાગાન કરવામાં આવ્યું છે. વર્ષના પ્રત્યેક દિવસે જન્મેલ કે નિર્વાણ પામેલ વિશ્વની મહાનવિભૂતિનું જીવન માસ અને તારીખ વાર આલેખવામાં આવ્યું છે. તેથી આ ગ્રંથમાળા શાળા-કોલેજના વિદ્યાર્થીઓ અને શિક્ષક ભાઈ-બહેનોને પ્રાર્થના પ્રવચનની તૈયારી કરવા કે વિવિધ વિશેષ દિવસોની ઉજવણીના ભાગરૂપે વક્તવ્ય આપવા માટે હાથવગો સંદર્ભ બની રહેશે. આ ગ્રંથમાળા જાહેર કે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી

કરતા વિદ્યાર્થીઓ માટે પણ અતિ ઉપયોગી પૂરવાર થશે.


આ ગ્રંથમાળા સરળતા ખાતર ત્રણ ગ્રંથોમાં વહેંચવામાં આવી છે. ભાગ-૧માં ૧, જાન્યુઆરીથી ૩૦ એપ્રિલ સુધીના દિવસોનો, ભાગ-૨માં ૧, મેથી ૩૧, ઓગષ્ટ સુધીના દિવસોનો અને ભાગ-૩માં ૧, સપ્ટેમ્બરથી ૩૧, ડિસેમ્બર સુધીના દિવસોનો સમાવેશ કરવામાં આવ્યો છે. કોઈ એક જ દિવસે જન્મેલ કે નિર્વાણ પામેલ ઓ એક કરતાં વધારે વિભૂતિઓની જીવનગાથાઓ રજૂ કરવામાં આવી છે. એ યાદ રહે છે કે આ ગ્રંથમાળામાં વિશ્વની તમામ વિભૂતિઓને સમાવી લેવાનું કાર્ય ખૂબ કઠિન છે. છતાં મહત્વની વિભૂતિઓના જીવનચરિત્રોનો સમાવેશ થાય એવો પ્રયત્ન જરૂર કર્યો છે.

આ ગ્રંથમાળા તૈયાર કરવામાં અસંખ્ય સંદર્ભગ્રંથોનો ઉપયોગ કરવો પડ્યો છે. આ બધા ગ્રંથોના લેખકોનો ઉલ્લેખ કરી શકાય તેમ નથી. જે જે ગ્રંથનો સંદર્ભ તરીકે ઉપયોગ કર્યો છે તે ગ્રંથોના લેખકોનો ઋણ સ્વીકાર કરવાનું કેમ ભૂલાય ? હું તે સર્વ લેખકોનો આભાર માનું છું. આ પ્રકારની ગ્રંથમાળા તૈયાર કરવાનું બીડું ઝડપનાર એમ.એમ. સાહિત્ય પ્રકાશન, આણંદના માલિક અને મારા મિત્ર શ્રી યાકુબભાઈ મલેકનો પણ હું આભારી છું. મને મારા આ ભાગીરથ કાર્યમાં મદદ કરનાર મારા પુત્ર ચિ. પ્રણવ, ભત્રીજા ચિ. ચિંતન, ભાઈશ્રી ધ્રુવિત તથા સર્વોદય વિદ્યાલયના સેવક ભાઈશ્રી અરવિંદભાઈ ગુરખાનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું.

જ્ઞાનના સાગર સમી આ ગ્રંથમાળા અનેક લોકોના જીવનને પ્રેરણાનાં પિયૂષભાઈ એમના જીવનને ઝળહળતા બનાવશે એજ અપેક્ષા.

– વિનુભાઈ ઉ. પટેલ
૧૨/બી (એ), આગમન સોસાયટી,
બોરસદ રોડ, આણંદ.
મો. : ૯૪૨૬૯ ૪૮૦૩૪





# લેખક પરિચય

| | | |
|---|---|---|
| **નામ** | :- | પટેલ વિનુભાઈ ઉમેદભાઈ |
| **વતન** | :- | લીંગડા, તા. ઉમરેઠ, જિ. આણંદ. |
| **હાલ** | :- | બી.૧૨ (એ), આગમન સોસાયટી, સુપર સ્ટોર પાછળ, બોરસદ રોડ, આણંદ |
| **જન્મ** | :- | ૧૯, એપ્રિલ, ૧૯૪૪ |
| **અભ્યાસ** | :- | એમ.એ.એમ.એડ્. (ગોલ્ડ મેડાલીસ્ટ) |
| **પ્રકાશનો** | :- | |
| **નવલકથા** | :- | (૧) લક્ષ્મીના લોભે (૨) મહાયોગી (૩) ભાગ્ય દીવડો (૪) તીતલી (અનુ.) |
| **નવલિકા** | :- | (૧) સ્ફુલ્લિંગ |
| **શૈક્ષણિક** | :- | (૧) માધ્યમિક શિક્ષણના પ્રશ્નો અને પ્રવાહો (૨) અર્થશાસ્ત્ર અધ્યાપન (૩) સંસ્કૃતનું અધ્યાપન (૪) વસ્તી શિક્ષણની રૂપરેખા (૫) બૌદ્ધિક અને સાંસ્કૃતિક સ્પર્ધાઓ - આયોજન. |
| **રૂપાંતર** | :- | (૧) એરેબિયન નાઈટ્સ (૨) પંચતંત્રની વાર્તાઓ. |
| **ઈતિહાસ** | :- | યાદ કરો કુરબાની (સોળ પુસ્તકોનો સેટ) - ગુર્જર પ્રકાશન. |
| **સંસ્કૃત** | :- | સંસ્કૃત નાટ્યસાહિત્યનું વાર્તા રૂપાંતર (બાર પુસ્તકોનો સેટ), પ્રવીણ પ્રકાશન, રાજકોટ. |
| **સંદર્ભ** | :- | (૧) કાવ્યસમીક્ષા (૨) અર્થ વિસ્તાર, ગુર્જર પ્રકાશન, અમદાવાદ. |

**જીવનચરિત્ર :-** (૧) મહિમા ૩૬૬ દિવસનો (ત્રણ ભાગ), એમ.એમ. પ્રકાશન, આણંદ.

**બાળસાહિત્ય :-** (૧) વિશ્વના વૈજ્ઞાનિકો (૨) જીવજંતુઓની દુનિયા (૩) અનોખું પ્રાણીજગત (૪) સાચાં મોતીનો વારો (૫) કારકિર્દી ઘડતર (૬) ગુજરાતની સંસ્કાર યાત્રા (૭) આનંદની ઉજાણી (૮) સુંદર બનીએ (૯) રાષ્ટ્રગીતો અને તેમના કવિઓ (૧૦) દિલમાં દીવો કરો (૧૧) આનંદની ઉજાણી (૧૨) આપણા યુગ પુરુષો (૧૩) વક્તૃત્વઃ સભા સંચાલન (૧૪) અભ્યાસ અને યાદશક્તિ (૧૫) જીવન વિકાસની ચાવી (૧૬) પ્રયોગ પ્રયોગ રમીએ (૧૭) ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ (૧૮) વિશ્વરાષ્ટ્ર (૧૯) પત્ર-નિબંધ લેખન કળા (૨૦) પરીક્ષામાં સફળ થવું છે?



# ::: અનુક્રમણિકા :::

## (તારીખ અને માસવાર)

### માસ : મે


| ક્રમ | તારીખ | મહિમા વિશેષ | પાન નં. |
|---|---|---|---|
| ૧૫૪ | ૧ | ડેવિડ લિવિંગસ્ટન | ૧૫ |
| ૧૫૫ | ૨ | લીઓનાર્દો-દ-વિંચી | ૧૮ |
| ૧૫૬ | ૨ | સત્યજિત રાય | ૨૨ |
| ૧૫૭ | ૩ | વી. કે. કૃષ્ણમેનન | ૨૫ |
| ૧૫૮ | ૪ | સામ પિત્રોડા | ૨૮ |
| ૧૫૯ | ૫ | નેપોલિયન બોનાપાર્ટ | ૩૧ |
| ૧૬૦ | ૬ | રવીન્દ્રનાથ ટાગોર | ૩૪ |
| ૧૬૧ | ૭ | દુર્ગા ભાગવત | ૩૭ |
| ૧૬૨ | ૭ | પન્નાલાલ પટેલ | ૪૦ |
| ૧૬૩ | ૮ | એન્તોયને લૉરેન્ત લેવોયઝર | ૪૪ |
| ૧૬૪ | ૯ | ફ્રીડિસ વૉન શિલર | ૪૭ |
| ૧૬૫ | ૧૦ | કૈફી આઝમી | ૫૧ |
| ૧૬૬ | ૧૧ | મૃણાલિની સારાભાઈ | ૫૪ |
| ૧૬૭ | ૧૨ | ફ્લોરેન્સ નાઈટિંગેલ | ૫૬ |
| ૧૬૮ | ૧૨ | રમણલાલ વ. દેસાઈ | ૬૦ |
| ૧૬૯ | ૧૩ | રાસીપુરમ્ કૃષ્ણાસ્વામી નારાયણ | ૬૩ |
| ૧૭૦ | ૧૪ | મહેંદી નવાજ જંગ | ૬૬ |
| ૧૭૧ | ૧૫ | જગદ્ગુરુ શંકરાચાર્ય | ૬૮ |
| ૧૭૨ | ૧૬ | અંબુભાઈ પુરાણી | ૭૧ |
| ૧૭૩ | ૧૭ | એડવર્ડ જેનર | ૭૫ |

| ક્રમ | તારીખ | મહિમા વિશેષ | પાન નં. |
|---|---|---|---|
| ૧૭૪ | ૧૮ | ઉમર ખય્યામ | ૭૮ |
| ૧૭૫ | ૧૮ | બર્ટ્રાન્ડ રસેલ | ૮૨ |
| ૧૭૬ | ૧૯ | નાના સાહેબ પેશ્વા | ૮૫ |
| ૧૭૭ | ૧૯ | સઆદતહસન મંટો | ૮૮ |
| ૧૭૮ | ૨૦ | પી. ટી. ઉષા | ૯૧ |
| ૧૭૯ | ૨૦ | સુમિત્રાનંદન પંત | ૯૪ |
| ૧૮૦ | ૨૧ | ઈ.એ.એસ. પ્રસન્ના | ૯૪ |
| ૧૮૧ | ૨૨ | જગુભાઈ શાહ | ૧૦૦ |
| ૧૮૨ | ૨૩ | રાલ્ફ વાલ્ડો એમર્સન | ૧૦૩ |
| ૧૮૩ | ૨૪ | ગુરુ હનુમાન | ૧૦૬ |
| ૧૮૪ | ૨૫ | મજરૂહ સુલતાનપુરી | ૧૦૯ |
| ૧૮૫ | ૨૫ | હરકિશન મહેતા | ૧૧૨ |
| ૧૮૬ | ૨૬ | એલેકઝાંડર પુશ્કિન | ૧૧૪ |
| ૧૮૭ | ૨૬ | મહાદેવી વર્મા | ૧૧૭ |
| ૧૮૮ | ૨૭ | ઈસાડોરા ડંકન | ૧૨૦ |
| ૧૮૯ | ૨૮ | વિનાયક સાવરકર | ૧૨૪ |
| ૧૯૦ | ૨૯ | રામવિલાસ શર્મા | ૧૨૮ |
| ૧૯૧ | ૩૦ | સુરેશ જોશી | ૧૩૦ |
| ૧૯૨ | ૩૧ | પીંગળશી ગઢવી | ૧૩૩ |
| | | **માસ : જૂન** | |
| ૧૯૩ | ૧ | દાન્તે આલીગીએરી | ૧૩૬ |
| ૧૯૪ | ૨ | ડૉ. ચિમનલાલ ત્રિવેદી | ૧૩૯ |
| ૧૯૫ | ૩ | મુનિ જિતવિજયજી | ૧૪૧ |
| ૧૯૬ | ૪ | કંચનપ્રસાદ છાયા | ૧૪૪ |





| ક્રમ | તારીખ | મહિમા વિશેષ | પાન નં. |
|---|---|---|---|
| ૧૯૭ | ૫ | રૉય ટોમ્સન | ૧૪૬ |
| ૧૯૮ | ૬ | કાર્લ ગુસ્તાવ જુંગ | ૧૪૯ |
| ૧૯૯ | ૭ | મહારાણા પ્રતાપ | ૧૫૨ |
| ૨૦૦ | ૮ | જયભિખ્ખુ | ૧૫૫ |
| ૨૦૧ | ૯ | કિરણ બેદી | ૧૫૮ |
| ૨૦૨ | ૧૦ | ભોગીભાઈ ગાંધી | ૧૬૧ |
| ૨૦૩ | ૧૧ | જૉન કોન્સ્ટેબલ | ૧૬૪ |
| ૨૦૪ | ૧૨ | પ્રહલાદ કેશનઅત્રે | ૧૬૬ |
| ૨૦૫ | ૧૩ | યાસુનારી કાવાબાતા | ૧૬૯ |
| ૨૦૬ | ૧૪ | સ્ટેફી ગ્રાફ | ૧૭૨ |
| ૨૦૭ | ૧૫ | ઠાકોરભાઈ દેસાઈ | ૧૭૫ |
| ૨૦૮ | ૧૬ | કવિ કાન્ત | ૧૭૮ |
| ૨૦૯ | ૧૭ | વિનસ વિલિયમ્સ | ૧૮૧ |
| ૨૧૦ | ૧૮ | પરમાનંદ કાપડિયા | ૧૮૩ |
| ૨૧૧ | ૧૯ | બ્લેઈઝ પાસ્કલ | ૧૮૬ |
| ૨૧૨ | ૨૦ | સલીમઅલી | ૧૮૮ |
| ૨૧૩ | ૨૧ | ઝયાંપોલ સાર્ત્ર | ૧૯૧ |
| ૨૧૪ | ૨૧ | બેનજીર ભુત્તો | ૧૯૩ |
| ૨૧૫ | ૨૨ | મેકિયાવેલી | ૧૯૭ |
| ૨૧૬ | ૨૩ | પ્રબોધ પંડિત | ૧૯૯ |
| ૨૧૭ | ૨૩ | સંત કબીર | ૨૦૧ |
| ૨૧૮ | ૨૪ | પંડિત ઓમકારનાથ | ૨૦૪ |
| ૨૧૯ | ૨૫ | જ્યોર્જ ઓરવેલ | ૨૦૬ |
| ૨૨૦ | ૨૬ | પર્લબક | ૨૦૮ |

| ક્રમ | તારીખ | મહિમા વિશેષ | પાન નં. |
|---|---|---|---|
| ૨૨૧ | ૨૭ | હેલન કેલર | ૨૧૧ |
| ૨૨૨ | ૨૮ | પીટર પોલ રુબેન્સ | ૨૧૪ |
| ૨૨૩ | ૨૯ | ચંદ્રિકા કુમારતુંગા | ૨૧૭ |
| ૨૨૪ | ૩૦ | ઝેસ્લો મિલોઝ | ૨૨૦ |

માસ : જુલાઈ

| ક્રમ | તારીખ | મહિમા વિશેષ | પાન નં. |
|---|---|---|---|
| ૨૨૫ | ૧ | કલ્પના ચાવલા | ૨૨૨ |
| ૨૨૬ | ૨ | વિસ્લાવા શિયોસીકા | ૨૨૫ |
| ૨૨૭ | ૨ | હરમાન હેસ | ૨૨૭ |
| ૨૨૮ | ૩ | હંસાબહેન મહેતા | ૨૩૦ |
| ૨૨૯ | ૪ | વિષ્ણુપ્રસાદ ત્રિવેદી | ૨૩૩ |
| ૨૩૦ | ૫ | ટોમસ સ્ટેમ્ફર્ડ રેફલ્સ | ૨૩૬ |
| ૨૩૧ | ૬ | મુનિશ્રી ભાનુવિજયજી | ૨૩૯ |
| ૨૩૨ | ૭ | અનિલ બિશ્વાસ | ૨૪૨ |
| ૨૩૩ | ૮ | મારીઓ પુઝો | ૨૪૫ |
| ૨૩૪ | ૯ | ગુરૂદત્ત | ૨૪૭ |
| ૨૩૫ | ૧૦ | કરમશી મકવાણા | ૨૫૦ |
| ૨૩૬ | ૧૧ | ઝુમ્પા લાહિરી | ૨૫૨ |
| ૨૩૭ | ૧૨ | પાબ્લો નેરુદા | ૨૫૪ |
| ૨૩૮ | ૧૩ | સાને ગુરુજી | ૨૫૭ |
| ૨૩૯ | ૧૪ | મધુસૂદન પારેખ | ૨૬૧ |
| ૨૪૦ | ૧૫ | બાલગંધર્વ | ૨૬૪ |
| ૨૪૧ | ૧૬ | અરૂણા અસફઅલી | ૨૬૮ |
| ૨૪૨ | ૧૭ | ડૉ. દિગીશ મહેતા | ૨૭૧ |
| ૨૪૩ | ૧૮ | નેલ્સન મંડેલા | ૨૭૩ |





| ક્રમ | તારીખ | મહિમા વિશેષ | પાન નં. |
|---|---|---|---|
| ૨૪૪ | ૧૯ | મધુરાય | ૨૭૬ |
| ૨૪૫ | ૨૦ | મીરાંબહેન | ૨૭૯ |
| ૨૪૬ | ૨૧ | અર્નેસ્ટ હેમિંગ્વે | ૨૮૨ |
| ૨૪૭ | ૨૧ | આનંદ બક્ષી | ૨૮૫ |
| ૨૪૮ | ૨૧ | ઉમાશંકર જોશી | ૨૮૮ |
| ૨૪૯ | ૨૨ | પં. દલસુખ માલવણિયા | ૨૯૨ |
| ૨૫૦ | ૨૩ | હિમેશ રેશમિયા | ૨૯૫ |
| ૨૫૧ | ૨૪ | ઉત્તમકુમાર ચટ્ટોપાધ્યાય | ૨૯૮ |
| ૨૫૨ | ૨૫ | જિમ કાર્બેટ | ૩૦૧ |
| ૨૫૩ | ૨૬ | ચંદ્રશેખર આઝાદ | ૩૦૪ |
| ૨૫૪ | ૨૭ | દુલાભાયા કાગ | ૩૦૮ |
| ૨૫૫ | ૨૮ | કેશવરામ કા. શાસ્ત્રી | ૩૧૧ |
| ૨૫૬ | ૨૯ | જે.આર.ડી. તાતા | ૩૧૫ |
| ૨૫૭ | ૩૦ | કૈલાસચંદ્ર બૃહસ્પતિ | ૩૧૮ |
| ૨૫૮ | ૩૧ | પ્રેમચંદ | ૩૨૧ |

માસ : ઓગષ્ટ


| ક્રમ | તારીખ | મહિમા વિશેષ | પાન નં. |
|---|---|---|---|
| ૨૫૯ | ૧ | લોકમાન્ય તિલક | ૩૨૪ |
| ૨૬૦ | ૨ | એલેકઝાન્ડર ગ્રેહામબેલ | ૩૨૮ |
| ૨૬૧ | ૨ | પ્રફુલચંદ્ર રાય | ૩૩૦ |
| ૨૬૨ | ૩ | આર્યભટ્ટ | ૩૩૩ |
| ૨૬૩ | ૪ | ફિરોજશાહ મહેતા | ૩૩૬ |
| ૨૬૪ | ૫ | ગાય દ મોપાસાં | ૩૩૯ |
| ૨૬૫ | ૬ | એલેકઝાન્ડર ફ્લેમિંગ | ૩૪૨ |
| ૨૬૬ | ૭ | ભોળાભાઈ પટેલ | ૩૪૫ |

| ક્રમ | તારીખ | મહિમા વિશેષ | પાન નં. |
|---|---|---|---|
| ૨૬૭ | ૮ | ડૉ. વાય. સુબ્બારાવ | ૩૪૮ |
| ૨૬૮ | ૯ | જોસેફ કોનરડ | ૩૫૧ |
| ૨૬૯ | ૧૦ | રતિકુમાર વ્યાસ | ૩૫૩ |
| ૨૭૦ | ૧૧ | મેડમ બ્લેવેટ્સ્કી | ૩૫૬ |
| ૨૭૧ | ૧૨ | ડૉ. વિક્રમ સારાભાઈ | ૩૫૯ |
| ૨૭૨ | ૧૩ | એલફ્રીડ હિચકોક | ૩૬૪ |
| ૨૭૩ | ૧૪ | જ્હોન ગાલ્સવર્ધી | ૩૬૭ |
| ૨૭૪ | ૧૫ | ખાલિદા ઝિયા | ૩૬૯ |
| ૨૭૫ | ૧૬ | પુષ્કર ચંદરવાકર | ૩૭૨ |
| ૨૭૬ | ૧૭ | દયાનંદ સરસ્વતી | ૩૭૪ |
| ૨૭૭ | ૧૮ | દયારામજી | ૩૭૭ |
| ૨૭૮ | ૧૮ | વિજયાલક્ષ્મી પંડિત | ૩૮૦ |
| ૨૭૯ | ૧૯ | અમૃત છાયલ | ૩૮૩ |
| ૨૮૦ | ૧૯ | ગોવિંદ મિશ્ર | ૩૮૬ |
| ૨૮૧ | ૨૦ | પ્રાગજી ડોસા | ૩૮૮ |
| ૨૮૨ | ૨૧ | ઈસમત ચુગતાઈ | ૩૯૧ |
| ૨૮૩ | ૨૧ | રામનારાયણ પાઠક | ૩૯૪ |
| ૨૮૪ | ૨૨ | જેમ્સ મેકનર્ની | ૩૯૭ |
| ૨૮૫ | ૨૩ | લાલશંકર ત્રવાડી | ૩૯૯ |
| ૨૮૬ | ૨૪ | વીરનર્મદ | ૪૦૨ |
| ૨૮૭ | ૨૫ | હરિનારાયણ આચાર્ય | ૪૦૫ |
| ૨૮૮ | ૨૬ | સંત બાલજી | ૪૦૮ |
| ૨૮૯ | ૨૭ | એચ.એમ. પટેલ | ૪૧૨ |
| ૨૯૦ | ૨૮ | લીયો ટૉલ્સટોય | ૪૧૬ |





| ક્રમ | તારીખ | મહિમા વિશેષ | પાન નં. |
|---|---|---|---|
| ૨૯૧ | ૨૯ | ડોલરરાય માંકડ | ૪૧૯ |
| ૨૯૨ | ૩૦ | કુમારપાળ દેસાઈ | ૪૨૧ |
| ૨૯૩ | ૩૧ | અમૃતા પ્રીતમ | ૪૨૪ |
| ૨૯૪ | ૩૧ | પૂજ્ય રમેશભાઈ ઓઝા | ૪૨૭ |
| ૨૯૫ | ૩૧ | મારિયા મોન્ટેસોરી | ૪૩૦ |



મે (૧૫૪)

# ડેવિડ લિવિંગસ્ટન

## (અવસાન : ૧ મે, ઈ.સ. ૧૯૭૩)

આફ્રિકાની સૌથી લાંબી નાઈલ નદીનું મુખ શોધવા માટે આખી જિંદગી ખર્ચી નાંખનારા યુરોપિય સાહસિક ડો. ડેવિડ લિવિંગસ્ટનનો જન્મ સ્કોટલેન્ડના એક ચ્હાના વેપારીને ત્યાં ૧૯ માર્ચ, ઈ.સ. ૧૮૧૩ના રોજ થયો હતો. તેનું વતન ગ્લાસગો. ઈ.સ. ૧૮૪૦ માં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવા સૌથી પહેલીવાર તેઓ આફ્રિકા ગયેલા. તે પછી બે વાર ખ્રિસ્તી મિશનરી થઈ તે અહીં આવેલા. આજે આફ્રિકાની પ્રજા જેમને શેઠ મહાત્મા તરીકે ઓળખે છે તેવા તેમને ધર્મ પ્રચાર કરવા સાથે નાઈલનું મુખ શોધવાની ધૂન સવાર થયેલી.

અંધારિયા ખંડ તરીકે ત્યારે જાણીતા આફ્રિકા ખંડમાં ગુલામોનો વેપાર થતો હતો. આરબ વેપારીઓ અહીં વેપાર માટે આવતા અને ગુલામોને ખરીદી જતા. ૧૫૦૦ પાઉન્ડ સાથે આરંભેલી તેની યાત્રા નાણાંના અભાવે અટકી પડી હતી. તે કંગાળ અને લાચાર બની ગયો હતો ત્યારે ૧૦ નવેમ્બર, ૧૮૭૧ના દિવસે હેન્રી મોર્ટન સ્ટેન્લી નામનો એક અમેરિકન પ્રવાસી તેને આવીને મળેલો. હેન્રી મોર્ટન સ્ટેનલી આંતરરાષ્ટ્રીય ઘટનાઓનું સૂક્ષ્મ વિશ્લેણ પણ કરતો. તે અમેરિકાના જાણીતા અખબાર ન્યૂયોર્ક હેરાલ્ડનો પત્રકાર હતો. અખબારના માલિક જેમ્સ ગોર્ડને તેને મળેલા સમાચાર મુજબ આફ્રિકામાં ખોવાઈ ગયેલા લિવિંગસ્ટનને શોધવા મોકલેલો. ઈ.સ. ૧૮૭૧ના ફેબ્રુઆરીમાં સ્ટેન્લીએ તેના પ્રવાસનો આરંભ કરેલો અને ઉજીજી શહેરની પાસેની છાવણીમાં તે લિવિંગસ્ટનને જઈ મળેલો.

સ્ટેનલીની મદદ મળતા નાઈલનું મુખ શોધવાનું એનું કાર્ય પુનઃસજીવન થયેલું.



સ્ટેનલીને લઈને ટાંગાનિકા સરોવરના સામા કિનારા સુધીનો પ્રવાસ કરવાના ઈરાદે હોડીમાં બેસીને તેણે ૬૭૩ કિલોમીટરનો પ્રવાસ કરેલો. ત્યાં પહોંચ્યા પછી પણ તેણે નાઈલના મુખ બાબતે કોઈ સગડ સાંપડેલા નહીં. તે નિરાશ થઈ ગયેલો. લિવિગસ્ટનને શોધવાનું કામ પૂરૂં થવાથી સ્ટેનલીને પાછા ફરવાનું હતું. લિવિગસ્ટનને જરૂરી તમામ પ્રકારની મદદ પહોંચાડવાની ખાતરી આપી સ્ટેનલી ૧૪ માર્ચ, ૧૮૭૨ના દિવસે લિવિગસ્ટનથી છૂટો પડેલો.

આફ્રિકાની ભૂગોળથી સાવ અજાણ એવા લિવિંગસ્ટનને ખબર ન હતી કે નાઈલ નદીનો ઉદ્ગમ ટાંગાનિકાની ઉત્તરે આવેલા વિક્ટોરિયા સરોવરમાંથી થાય છે. સ્ટેનલીથી છૂટા પડ્યા પછી લિવિંગસ્ટનને બેંગવેલું સરોવર તરફ નાઈલનું મુખ શોધવા પ્રયાસ આરંભેલો જે ખોટી દિશાનો હતો. આ દરમ્યાન સ્ટેનલીએ મોકલેલી રાહત સામગ્રી અને મજૂરોને લઈ તેને રાહત થયેલી.


વતનથી વિપરીત વાતાવરણમાં અવિરત પ્રવાસ કરવાથી હવે તેના સ્વાસ્થય પર વિપરિત અસર થવી શરૂ થઈ ગયેલી. ઉંમરમાં પણ તે સાઈઠે પહોંચવા આવેલો. બેંગવેલું જતા તેનો કાફલો ભૂલો પડી ગયેલો. જંગલી પ્રાણીઓનો પણ ભારે ત્રાસ. ખાવા-પીવાનું પણ ખૂટી ગયેલું આખરે અસહ્ય યાતનાઓ વેઠીને તે તેના કાફલા સાથે એપ્રિલ, ૧૮૭૩માં ગંતવ્ય સ્થાને પહોંચેલો પણ તેને અહીં નાઈલના મુખનો જરા સરખો પણ અણસાર મળેલો નહીં. હવે તે શારીરિક રીતે એટલો નબળો પડી ગયો હતો કે, તેનાથી ખોરાક પણ લઈ શકાતો નહોતો. પ્રવાહી સિવાય તે કશું લઈ શકતો નહીં. હવે ચાલવાની શક્તિ પણ તે ગુમાવી બેઠો હતો. પણ તે તેના કામમાં અટલ રહેલો. મજૂરો તેને પાલખીમાં બેસાડી, ઊંચકીને આગળ વધતા હતા.

છેવટે એમનો કાફલો એક ગામ પાસે વિશ્રામ કરવા રોકાયેલો. એ ગામ લિવિંગસ્ટનની યાત્રાનું અંતિમ ધામ બની ગયેલું. રાત્રે એ તંબુમાં સૂઈ ગયા. સવારે જોયું તો તેઓ પથારી પાસે ઘૂંટણીયે પડેલી મૃત હાલતમાં મળી આવેલા.


ભલે તેઓ તેમના કાર્યમાં સફળ ન થયા પણ તેમના વિશે ગોર્ડને ન્યૂયોર્ક હેરાલ્ડમાં પ્રસિદ્ધ કરેલા વિગતવાર સમાચારોથી દુનિયાને આ અંધારિયા ખંડ આફ્રિકા વિશે ઘણી બધી માહિતી જાણવા મળી. વિશ્વના વિવિધ દેશોમાં આજે પણ તેની યાદ અપાવતા સો જેટલાં સ્મારકો ઊભાં છે. ૧ મે, ઈ.સ. ૧૯૭૩ના રોજ એનું મૃત્યુ થયું હતું.

ગ્લાસગો વિશ્વવિદ્યાલયમાંથી પી.એચ.ડી. ની પદવી મેળવનાર લિવિંગસ્ટનના મૃતદેહને તેના હબસી નોકરો ચૂમા અને સુસીએ બ્રિટન મોકલેલું. અંગ્રેજ સરકારે તેની અંતિમ વિધિમાં ભાગ લેવા એ બે નોકરોને પણ તેડાવેલા. તેમને વેસ્ટ મિનિસ્ટર એબી ખાતે દફનાવવામાં આવેલા. પચાસ હજાર કિલોમીટરનો પ્રવાસ ખેડી આફ્રિકાની ભૂગોળ વિશ્વ સમક્ષ ખુલ્લી મૂકવામાં તેઓ સફળ રહેલા.

●







## (૧૫૫)

# લિયોનાર્દો દ વિન્ચી

## (અવસાન : ૨ મે, ઈ.સ. ૧૫૧૯)

પેઈન્ટિંગ અને રંગશાસ્ત્રનો સર્જક, દરિયાની ભરતીના કારણનો શોધક, સિવિલ એન્જીનિયર, જ્યોતિષવિદ, ભૂગર્ભશાસ્ત્રી, યુદ્ધના યંત્રો અને સાધનોના નિર્માતા અને શરીરશાસ્ત્રી એવા બહુવિધ ક્ષેત્રોના જ્ઞાતા લિયોનાર્દો દ વિન્ચીનો જન્મ ઈટાલીના વિંચી ગામે ઈ.સ. ૧૪૫૨ની ૧૫ મી એપ્રિલના રોજ થયો હતો. સેર પીએરો દ વિંચી અને એક સામાન્ય પરિવારની સ્ત્રી કેટરીનાનો એ અનૌરસ પુત્ર હતો. લિયોનાર્દોના દાદાએ કેટરીનાને થોડુંક ધન આપી વિદાય કરી દીધા પછી તેને પોતાની જાગીરનો વારસદાર બનાવી મોટો કર્યો હતો. નાનપણથી જ તે તેજસ્વી અને તોફાની હતો. અવનવા અને અટપટા પ્રશ્નો પૂછીને તે શિક્ષકનેય મૂંઝવણમાં મૂકી દેતો હતો. ગણિતમાં તે પારંગત હતો. પહેલેથી જ રંગ અને રેખા તરફ એને અનેરૂં આકર્ષણ હતું. તેના પિતાએ તેની પ્રતિભા પારખીને તેને પોતાની સાથે જાહોજલાલીવાળા નગર ફલારેન્સમાં તેડાવી લીધેલો. ફલોરેન્સનો જાગીરદાર લોરેન્ઝો શ્રેષ્ઠ કલાકારોને આશ્રય આપવા મશહૂર હતો.

માત્ર આંગળીના વેઢે ગણાય એટલાં અદભૂત અને અજોડ ચિત્રોનું સર્જન કરીને વિશ્વના મહાન ચિત્રકાર તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરનાર લિયોનાર્દો દ વિન્ચી નવજાગૃતિકાળનો માત્ર મહાન જ નહીં પણ વિશ્વના માનવ ઈતિહાસમાં સર્વતોભદ્ર પ્રતિભા ધરાવનાર એક વિરલ માનવી હતો. આજે તો જગત તેને માત્ર 'મોનાલિસાના' સર્જક તરીકે જ ઓળખે છે. પણ તેણે જ્ઞાનની એકે એક શાખાને સ્પર્શ કર્યો હતો. તેની જન્મભૂમિ ફલોરેન્સ હતી, પણ કર્મભૂમિ તેણે મિલાન

બનાવેલી.જીવનનાં અંતિમ વર્ષો તેણે ફ્રાન્સમાં પસાર કરેલાં. પંદરમા સૈકામાં યુરોપમાં જ્ઞાનની એકપણ એવી શાખા ન હતી કે જેમાં લિયોનાર્દોએ પ્રવેશ ન કર્યો હોય.

બાળપણથી જ વિન્ચીને પુષ્પો, પ્રાણીઓ અને માનવીઓનાં બારીકીવાળાં આલેખનો કરતો જોઈ તેના પિતા તેની પ્રતિભાને પારખી ગયેલા.તેમણે તે આલેખનો તે સમયના જાણીતા ચિત્રકાર વેરોકિયોને બતાવેલાં. વેરોકિયો તો વિન્ચીનાં આલેખનો જોઈ દિગ્મૂઢ થઈ ગયેલો. તેણે વિન્ચીને પોતાનો શિષ્ય બનાવી લીધેલો. તેણે ગુરૂ પાસે બાર વર્ષ ચિત્રકલાની તાલીમ લીધેલી. અઢાર વર્ષની ઉંમરે તેણે વેરોકિયાના બાપ્ટિઝમ ચિત્રમાં કામ કરી દેવદૂતનું ચિત્ર બનાવેલું. વેરોકિયો એ દેવદૂતનું ચિત્ર જોઈ એવો આભો બની ગયેલો કે તેણે કાયમ માટે રંગ અને પીંછી છોડી દીધેલાં અને તે શિલ્પકાર થઈ ગયેલો. વિન્ચીનું નામ ફ્લોરેન્સના ચિત્રકલામંડળમાં ગાજતું થઈ ગયેલું. તે દેખાવે સુંદર અને સ્વભાવે ચંચળ છતાં નીડર હતો. તેની તાકાત રાક્ષસી હતી. ઘોડાની નાળને એ ઘાસના તણખલાની જેમ વાળી દેતો.

વેરોકિયો પાસેથી છૂટો પડ્યા પછી વિન્ચીએ ફ્લોરેન્સમાં વસવાટ કરેલો તે સમયે તેની ગણના દૃશ્યચિત્રોના પિતા તરીકે થવા લાગેલી. તે આજીવન અપરિણીત રહેલો. ઈ.સ. ૧૪૭૬માં સજાતીય સંબંધના આરોપસર તેની ધરપકડ થયેલી. પણ પુરાવાના અભાવે તે છૂટી ગયેલો. સલાઈ અને મેન્જી નામના બે યુવાનો જીવનભર તેના સાથી રહેલા. બુદ્ધિ અને સર્જન સિવાય તેને બીજા કશામાં રસ ન હતો.

ઈ.સ. ૧૪૮૨માં તે મિલાન જાય છે અને વીસ વર્ષ ત્યાં ગાળે છે. એણે ત્યાંના લ્યૂદોવિકો ઈલ મોરો પર અરજી કરેલી. અરજીમાં તેણે લખેલી બાબતો ઘણી સૂચક છે. તેણે લખ્યું હતું કે, ‘‘હું ઓછા વજનવાળા ઘડીકમાં ઊભા થઈ શકે તેવા પુલ બનાવી શકું છું.... ઊંડી ખાઈઓનાં પાણી સૂકવી શકું છું.... સુરંગો



અને ભોયરાં બનાવી શકું છું.... તોપમારા સામે ટકી શકે તેવાં વહાણો બનાવી શકું છું.... માટી, આરસ અને ધાતુની પ્રતિમાને બનાવી શકું છું.’’

મિલાનમાં આશ્રય મળતા વિન્ચીએ સંત ફ્રાન્સિસ દેવળ માટે કામ કરેલું. મિલાનનો સમ્રાટ લ્યૂદોવિકો તેની પ્રતિભાથી આકર્ષાયેલો અને તેને ઉત્સવોનું આયોજન કરવાનું કામ સોંપેલું. તેણે ઈ.સ. ૧૪૯૫માં ફ્લોરેન્સમાં સિગ્નોરિયા મહેલમાં કામ કરેલું. તે પછી તેણે તેનું ચિત્ર ‘લાસ્ટ સપર’ શરૂ કરેલું. એ ચિત્ર જોઈ લૂઈ બારમો એટલો ખુશ થઈ ગયેલો કે એણે ચિત્ર ચિતરેલી આખે આખી ભીંત ઉખાડી લઈ જવાની ઈચ્છા કરેલી. પણ પછી ત્યાં નેપોલિયનના લશ્કરે ઘોડાર કરેલી. બીજા વિશ્વયુદ્ધમાં એ મઠ ઉપર બોમ્બ પણ પડેલા. સદ્દભાગ્યે એ ચિત્ર બચી ગયેલું. એ આજે પણ હયાત છે. આ ચિત્રનાં બારેય શિષ્યનાં મુખ અને ક્રાઈસ્ટની દૈવી પ્રતિમા ભૂલાય તેવા નથી.


ઈ.સ. ૧૫૦૩માં જગતશ્રેષ્ઠ ચિત્ર મોનાલિસાનો આરંભ થયેલો. એ ચિત્ર ફ્રાન્સિસ્કો દ ઝાનોબી દેલ ગીઓકોન્ડાની પત્ની મોનાલિસા ગેરાર્ડીની છે. વિન્ચીને આ ચિત્ર ચિતરતાં બાર વર્ષ લાગેલાં. એ ચિત્ર અધૂરૂ હતું. તેને ફાઈનલ ગ્લેઝ થયો નહોતો. એ ચિત્રને તે પોતાની સાથે ફ્રાન્સ લઈ ગયેલો. તે ચિત્રને ફ્રાન્સિસ પહેલાએ ૪૦૦૦ સુવર્ણ મુદ્રા આપી ખરીદેલું અને પેરિસના મહેલમાં રાખેલું. આંદ્રે માર્લોએ ચિત્રને જીવંત ચહેરાને મહામાનવે આપેલી અંજલિ ગણાવ્યું છે. તેના અન્ય ચિત્રોમાં ‘ધી એનનશીએશન’, ‘ધ વર્જિન ઓન રોક્સ’, ‘સેટ એન વીથ વર્જિન એન્ડ ચાઈલ્ડ’, ‘મેડોના ઓફ ધ કાર્નેશન’, ‘લેડી વીથ અરમાઈન’ અને ‘મેડોના ઓફ ધ ફ્લાવર’ ગણના પાત્ર છે. ‘મોનાલિસા’ને આજે પણ ફ્રાન્સના લુવ્ર સંગ્રહાલયમાં જોઈ લોકો મોંમાં આંગળાં નાંખી દે છે. લેડી વીથ અરમાઈન ચિત્ર લ્યૂદોવીકોની મિસ્ટ્રેસ સોક્રાંઝાનું છે. ધ વર્જિન એન્ડ રોક્સ આજે લંડનની નેશનલ ગેલેરીમાં સંગ્રહિત છે. વર્જિન એન્ડ ચાઈલ્ડ પણ લુવ્ર સંગ્રહાલયમાં છે.આ ચિત્રમાં ક્યાંય રેખા નથી. તેણે જગતની આઠ અજાયબી સમું ફ્રાન્સિસકો

કોર્જિયાનું શિલ્પ બનાવેલું.

જીવનનાં પાછલાં વર્ષોમાં એ રોમ, વેનિસ અને ફ્રાન્સ વચ્ચે કામની શોધમાં ભટકતો રહેલો. ઉંમર તેને સાથ આપતી ન હતી. તેનો ડાબો હાથ લકવાગ્રસ્ત થઈ ગયેલો. અંતે જગતનો આ મહાન ચિત્રકાર ૨, મે ઈ.સ. ૧૫૧૯માં એના કાર્યોનો પમરાટ જગત પર પાથરી કાયમ માટે કબરમાં પોઢી ગયેલો.

●





## (૧૫૯)

# સત્યજીત રાય

## (૨ મે, ઈ.સ. ૧૯૨૧)

કિશોરો માટેની વિજ્ઞાનકથાઓ અને રહસ્યમયકથાઓના પ્રસિદ્ધ સર્જક, કાવ્યમય અને કલાતત્વથી સભર ચિત્રોના જન્મદાતા, ચિત્રકાર તથા સંગીતકાર અને વિશ્વવિખ્યાત સત્યજીત રાયનો જન્મ બંગાળના સુપ્રસિદ્ધ સાહિત્યકાર સુકુમાર રાયને ત્યાં ૨ મે, ઈ.સ. ૧૯૨૧ના રોજ થયો હતો. પિતા અને દાદાના સાહિત્ય સંસ્કારો એમની રગરગમાં સમાયેલા હતા.

તેમનો શિક્ષણકાલ સામાન્ય રહેલો. ખાસ કોઈ પ્રતિભા નહીં. પણ બાળપણથી એમને સંગીતનો અને અંગ્રેજી ફિલ્મો જોવાનો વિશેષ શોખ હતો. ચૌદ વર્ષથી તેમનામાં સુષુપ્ત રીતે પડેલી પ્રતિભા સળવળી. ઈ.સ. ૧૯૩૬માં તેમની માતા સુપ્રભાદેવીએ તેમને ખર્ચાળ ગણાતી કોલકત્તાની પ્રેસિડન્સી કોલેજમાં દાખલ કર્યા. ઈ.સ. ૧૯૪૦માં આ જ કોલેજમાંથી વિજ્ઞાનના વિષયો સાથે તેઓ ગ્રેજ્યુએટ થયા પણ તોયે સંગીત પ્રત્યેનું તેમનું આકર્ષણ એવું ને એવું અકબંધ રહેલું.

ચિત્રકલામાં રૂચિ હોવાથી સ્નાતક થયા પછી તેઓ શાંતિનિકેતનમાં અઢી વર્ષ રહ્યા હતા અને નંદલાલ બસુ તથા વિનોદવિહારી મુખોપાધ્યાય પાસેથી ચિત્રકલાના પાઠ શીખ્યા હતા. ચલચિત્રની નિર્માણ કલામાં તેમને રસ પડયો. આ અંગેના પુસ્તકોનું તેમણે અધ્યયન શરૂ કર્યું. શાંતિનિકેતન તરફથી યોજાયેલા ભારતપ્રવાસને પરિણામે ભારતીય ઈતિહાસ અને કલાનો તેમને સૂક્ષ્મ પરિચય થયો.

માતાના માથા પરથી આર્થિક બોજ હળવો કરવાના આશયથી તેમણે

શાંતિનિકેતનમાંથી કોલકાતા પરત ફર્યા બાદ નોકરી શોધવા માંડી. છ મહિનાની રખડપટ્ટી બાદ તેમને જાહેરખબરો બનાવતી એક કીમર નામની અંગ્રેજ કંપનીમાં નોકરી મળી ગઈ.


ચલચિત્રોથી આકર્ષાયેલા તેમને બિમલ રોયની ફિલ્મ જોઈને પટકથા લખવાની પ્રેરણા મળી. તેમણે બંગાળીમાં 'પ્રિઝનર ઓફ ઝેન્ડા' ઉપરથી પટકથા લખી, બિમલ રોયને બતાવી. બિમલ રોયને તેમની પટકથામાં ખાસ રસ પડ્યો નહીં. છતાં નાસીપાસ થયા વગર તેમણે ટાગોરની 'ઘરે બાહિરે' પર સફળ પટકથા લખી. ઈ.સ. ૧૯૪૫માં 'પાથેર પાંચોલી' પુસ્તકની નવી આવૃત્તિને ચિત્રાંકિત કરવાનું કામ પ્રકાશકે સત્યજિતને સોંપ્યું. આ પુસ્તકનું ચિત્રાંકન કરતાં કરતાં તેમને આ જ કથા પરથી ચલચિત્ર બનાવવાની સ્ફૂરણા થઈ.

આર્થિક રીતે થોડા પગભર થતાં મામાનું ઘર છોડી તેમણે નવા ઘરમાં રહેવાનું શરૂ કર્યું. સામાજિક પરંપરાને ઓળંગી તેમણે તેમના મામાની દીકરી વિજયા સાથે લગ્ન પણ કરી લીધું. તેઓ પત્ની સાથે છ મહિના લંડન પણ જઈ આવેલા. સત્યજીત પાંથેર પાંચોલી ફિલ્મ બનાવવા કૃત નિશ્ચિયી હતા પણ પ્રશ્ન નડતો હતો નાણાકીય વ્યવસ્થાનો. એક સમય એવો કપરો આવેલો કે તેમને તેમની પત્નીનાં ઘરેણાં ગીરવે મૂકવા પડેલાં. છતાં એ જ પત્નીના પ્રયત્નથી બંગાળ સરકારે સત્યજીતને રૂપિયા બે લાખ આપી પાથેર પાંચોલી ખરીદી લીધી હતી. ઈ.સ. ૧૯૬૧માં એક અમેરિકી વિતરકે બંગાળ સરકારને ૫૦,૦૦૦ ડોલર આપેલા. પણ સરકારે તેમાંથી એક પાઈ પણ સત્યજીતને ચૂકવી નહોતી. છતાં પણ સત્યજીતને એનો રંજ થયો નહતો. એમણે તો ચિત્ર સર્જનથી અપાર સંતોષ માન્યો હતો. તે પછી તેમણે વિભૂતિભૂષણ બંધોપાધ્યાયની બે નવલકથાઓ 'પથેર પાંચોલી' અને 'અપરાજિતા' ઉપરથી 'પથેર પાંચોલી', 'અપરાજિતા' અને 'અપૂર સંસાર' નામની ત્રણ ફિલ્મોનું સર્જન કર્યું હતું. લંડનના કેન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં રજૂ થયેલી પથેર પાંચોલી ફિલ્મને સર્વાધિક માનવતાના સંવેદનાસભર ચિત્રનો



આંતરરાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત થયો હતો.

તેમણે તેમનાં ચિત્રોમાં તટસ્થભાવે પ્રકૃતિના મિજાજને તાદૃશ કર્યો છે અને માનવીય લાગણીઓને વાચા આપી છે. તેમના વ્યક્તિત્વમાં યુરોપની શક્તિ અને ભારતની શાંતિનો સમન્વય સધાયો છે. તેમણે જલસાઘર અને દેવી ચલચિત્રોનું નિર્માણ પણ કરેલું. તેમણે તેમની પોતાની પટકથા પરથી 'કાંચનજંઘા' નામનું પ્રથમ રંગીન ચલચિત્ર બનાવેલું. તેમાં સંગીત પણ તેમનું પોતાનું જ હતું. 'પોસ્ટ માસ્ટર', 'ચારૂલતા', 'મહાનગર', 'નાયક 'કાપુરૂષ-મહાપુરૂષ', 'પ્રતિદ્વંદી', 'શતરંજ કે ખિલાડી' વગેરે જાણીતાં ચિત્રોનું નિર્માણ કર્યું હતું. તેમના દ્વારા નિર્માણ પામેલાં ચલચિત્રોની સંખ્યા ૨૮ જેટલી છે. પાંચ દસ્તાવેજી ચિત્રો પણ તેમણે બનાવેલાં. તેમનાં બે ચિત્રો 'પથેર પાંચોલી' અને 'અપૂર સંસાર'ને રાષ્ટ્રપતિ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયા હતા. ભારત સરકાર દ્વારા તેમને ઈ.સ. ૧૯૫૮માં 'પદ્મશ્રી' અને ઈ.સ. ૧૯૬૫માં 'પદ્મભૂષણ'ના ખિતાબોથી સન્માનવામાં આવ્યા હતા. તેમણે અનેક આતંરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટીવલમાં પારિતોષિકો પ્રાપ્ત કર્યા છે. ૧૯૬૭માં તેમને 'મેગ્સેસે એવોર્ડ' અને ૧૯૯૨માં 'ભારતરત્ન' ના બહુમાનથી સન્માનવામાં આવ્યા હતા. આ જ વર્ષે એટલે કે ઈ.સ. ૧૯૯૨માં તેમને 'ઓસ્કાર એવોર્ડ' પણ મળ્યો હતો. આવા સમર્થ અને પ્રતિભાશાળી કલાકાર સત્યજીત રાય ઈ.સ. ૧૯૯૨માં અવસાન પામ્યા હતા.



(૧૫૭)

# વી. કે. કૃષ્ણમેનન

(૩ મે, ઈ.સ. ૧૮૯૬)

આજીવન દેશસેવાના ભેખધારી એવા ઉદ્દામ વિચારો ધરાવતા અને આખાબોલા સ્વભાવના વેંગાલિલ કૃષ્ણમેનનો જન્મ ૩ મે, ઈ.સ. ૧૮૯૬ના રોજ કાલિકટ મુકામે થયો હતો. તેમના પિતાનું નામ કામઠ કૃષ્ણકુરૂપ હતું. વ્યવસાયે તેઓ વકીલ હતા. તેમનાં વિદ્વાન માતા લક્ષ્મીકુટ્ટી સંગીતનાં સારા જાણકાર હતાં.

દેશમાં જ હાઈસ્કૂલ સુધીનું શિક્ષણ લઈ ઉચ્ચ અભ્યાસ માટે તેઓ ઈ.સ. ૧૯૨૪માં લંડન ગયેલા. ત્યાં તેમણે ટીચર્સ ડિપ્લોમા કરી હર્ટફર્ડશાયરની એક સ્કૂલમાં ઈતિહાસ વિષયનું અધ્યાપન કાર્ય કરેલું. એ સાથે તેમણે બી.એસ.સી., એમ.એસ.સી. તથા એમ.એ.ની પદવીઓ પ્રાપ્ત કરેલી. તેમણે કાયદાનો અભ્યાસ કરી મિડલ ટેમ્પલમાં વકીલાત પણ શરૂ કરેલી.

તેઓ દેશમાં હતા ત્યારે એની બેસેન્ટે ચલાવેલી હોમરૂલ પ્રવૃત્તિ અને થિયોસોફિકલ સોસાયટીના વિચારોથી ખૂબ પ્રભાવિત થયેલા. દેશમાં આઝાદીની ચળવળનાં ત્યારે પગરણ મંડાઈ ચૂક્યાં હતાં.દેશની પ્રજામાં સ્વતંત્રતા અંગેની સભાનતા અને દેશપ્રેમ જાગૃત કરવાના આશયથી તેમણે ઈ.સ. ૧૯૨૯માં ઈન્ડિયા લીગ નામની એક સંસ્થાની સ્થાપના કરેલી. અભ્યાસ કરવા તેઓ લંડન ગયા પછી ભારત પાછા ફરેલા નહીં. પચ્ચીસ વર્ષ જેટલો લાંબો સમય તેમણે લંડનમાં જ વીતાવેલો. લંડનના વસવાટ દરમ્યાન હેરલ્ડ લાસ્કીની રાજકીય વિચારધારાએ તેમના મન પર ગાઢ અસર કરેલી. લંડનના લાંબા વસવાટ દરમ્યાન અનેક લોકોના પરિચયમાં તેઓ આવેલા. તે સમયના જાણીતા વિદ્વાનો



અને રાજપુરૂષો સાથે તેમનો પરિચય અને દોસ્તી થયેલાં. સ્ટેફર્ડ ક્રિપ્સ, બર્ટ્રાન્ડ રસેલ, પીટર ફ્રિમેન, બેવન અને સોરન્સેન જેવા તેમના મિત્રો થયેલા. ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂ સાથે પણ તેમને મિત્રતા હતી.


ક્રાંતિકારી અને વિલક્ષણ વિચારધારાને વરેલા હોઈ તેઓ હંમેશા વિવાદોના વંટોળ વચ્ચે ઘૂમરાતા રહેલા. કદાચ તેથી જ પંડિત નહેરૂના અવસાન પછી ભારતના રાજકારણમાંથી તે એક બાજુ હડસેલાઈ ગયેલા. ધર્મમાં એમને શ્રદ્ધા નહતી. ધર્મનો અંચળો ઓઢી ફરતા સાધુપુરૂષો પ્રત્યે તેમને અણગમો હતો. તેઓ આજીવન અપરિણીત રહેલા. તેમના સ્વભાવને લઈ લોકોમાં એ અણગમતા થઈ ગયેલા. છતાં કદી એ બાબતની તેમણે ચિંતા કરેલી નહીં. તેઓ નિજાનંદમાં જ મસ્ત રહેલા. એમણે શાંતચિત્તે એમના સ્વભાવને પચાવી દીધેલો, પણ સમાજની ટીકા કે ઉપેક્ષાના ભયે સ્વભાવને બદલેલો નહીં. તેઓનું વ્યક્તિત્વ અંતર્મુખી હતું. પ્રતિષ્ઠાથી તેઓ દૂર રહેતા. તેઓ ખૂબ જ બુદ્ધિવાન હતા. વિદ્વાન હતા. ટવેન્ટીએથ સેન્ચુરી લાઈબ્રેરી નામની એક ગ્રંથમાળાનું તેમણે સંપાદન કરેલું. ઉપરાંત ટ્રોપિકલ બુક્સ નામની એક શ્રેણીનાં કેટલાંક મહત્વનાં પુસ્તકોનું પણ એમણે સંપાદન કર્યું હતું.

ભારતને આઝાદી આપવાની બાબતમાં કેબિનેટ મિશને જે દરખાસ્તો રજૂ કરેલી તેનો કોંગ્રેસે વિરોધ કર્યો ત્યારે તેમણે તે દરખાસ્તો સ્વીકારી લેવા કોંગ્રેસને જણાવેલું. લંડનથી જ્યારે તેઓ ભારત આવ્યા ત્યારે તેમની વિદ્વતાને ઓળખી ગયેલા વડાપ્રધાન જવાહરલાલજીએ તેમની નિમણૂંક યુરોપીય દેશોના એલચી તરીકે કરેલી. તેમને ભારતની કેન્દ્ર સરકારમાં સંરક્ષણ ખાતાના મંત્રી પણ બનાવવામાં આવેલા. તેઓ જ્યારે ભારતના સંરક્ષણ પ્રધાન હતા ત્યારે ઈ.સ. ૧૯૬૨માં ચીને ભારત પર આક્રમણ કરેલું. ચીન સાથેના યુદ્ધમાં ભારતની નાલેશીભરી હાર થયેલી. આ હાર માટે તેમને જવાબદાર ઠેરવતાં તેમણે સ્વમાનભેર હોદ્દા પરથી અને કેબિનેટમાંથી રાજીનામું ધરી દીધેલું.

કેબિનેટમાંથી નીકળી ગયા પછી તેમણે ભારતની સર્વોચ્ચ અદાલતમાં વકીલાત કરવાનું શરૂ કરેલું. કાશ્મીરના પ્રશ્ન અંગે તેઓ સતત ઝઝૂમતા રહેલા. કાશ્મીરના પ્રશ્ને ભારતનું દૃષ્ટિબિંદું સ્પષ્ટ કરવા સંયુક્ત રાષ્ટ્રોમાં તેમણે એકધાર્યું તાર્કિક અને બુદ્ધિગમ્ય વક્તવ્ય આપેલું. ચીન સામેના ભારતના મુદ્દાથી ભલે તેમની છબી ખરડાયેલી, છતાં તેમની દેશસેવાની નોંધ લીધા વિના ચાલે તેમ નથી. નહેરૂ સ્મારક ફંડ માટે ઈ.સ. ૧૯૭૩માં તેઓ લંડન ગયેલા ત્યારે તેમને હાર્ટ એટેક આવેલો. આખરે ઈ.સ. ૧૯૭૪માં તેઓ આ ફાની દુનિયા છોડી હંમેશ માટે વિદાય થઈ ગયેલા.

●





## (૧૫૮)
# સામ પિત્રોડા
## (૪ મે, ઈ.સ. ૧૯૪૨)

“ક્યાંય પહોંચવું નથી. બસ ચાલતા જ રહેવું છે. ક્યાં ઉતરો છો એ મહત્વનું નથી. કેટલી યાત્રા કરો છો એ જ જીવન છે.” આમ કહેનારા જીવનયાત્રી ટેલિકોમ ગુરૂ સામ પિત્રોડાનો જન્મ ઓરિસ્સાના નાના એવા તીતલીઘાટ ગામે ૪ મે, ઈ.સ. ૧૯૪૨ના રોજ થયેલો. પિતાનું નામ ગંગારામ અને માતાનું નામ શાંતા. બાપ-દાદાનો ધંધો મૂળ લુહારનો. તેમનું મૂળ વતન તો સુરેનદ્રનગર જિલ્લાનું કચ્છની સરહદે અડીને આવેલું ગામ ટિકર. તેમના દાદા કલ્યાણજીભાઈ ગરીબ હોઈ પરિવારનું ભરણપોષણ કરવા લુહારીકામ કરતા. તેમના પિતા ગંગારામ એક શેઠની સાથે પેટિયું રળવા ઓરિસ્સા આવેલા. ગંગારામને ત્યાં ત્રીજા દીકરા તરીકે જન્મેલા સત્યનારાયણ એ જ સામ પિત્રોડા.

તેઓ મોટાભાઈ માણેકભાઈ સાથે વલ્લભ વિદ્યાનગર ભણવા આવેલા. અહીં રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા સુમનભાઈ વૈદ્ય તેમને ગુરૂ તરીકે પ્રાપ્ત થયા. તેઓ તેમને પિતા, ગુરૂ અને શિક્ષક તરીકે સ્વીકારતા હતા. નવમા ધોરણ સુધી વિદ્યાનગરમાં અભ્યાસ કરીને તેઓ સત્ય, અહિંસા, શિસ્ત, સાદગી અને બલિદાન જેવાં મૂલ્યો શીખેલા. આજે ૭૧ વર્ષની ઉંમરે પણ આ મૂલ્યો તેમનામાં અકબંધ સચવાયેલાં છે. તેમણે ધોરણ ૧૦ અને ધોરણ ૧૧માનુ શિક્ષણ વડોદરાના કલાભવનની ટેક્નિકલ સ્કૂલમાંથી લીધું. મેટ્રીકની પરીક્ષામાં ૧૨૬ વિદ્યાર્થીઓમાંથી પાસ થેયલા ૬ વિદ્યાર્થીઓમાં એક તેઓ પણ હતા. રજાઓમાં તેઓ ઓરિસ્સા, માતા-પિતાની સાથે જતા.

અહીં વડોદરામાંથી જ તેમણે ભૌતિક શાસ્ત્રના વિષય સાથે બી.એસ.સી. કર્યું.

ચિત્રકલાનું જ્ઞાન સારૂ હોવાથી તેમને આર્કિટેક્ટ થવું હતું પણ તેમની એ મુરાદ બર આવી નહીં. અમેરિકાના તત્કાલિન પ્રમુખ કેનેડી ચંદ્ર પર ઉપગ્રહ મોકલવાના છે એવા સમાચાર વર્તમાનપત્રમાં વાંચ્યા પછી તેમને પણ અમેરિકા જવાની ઈચ્છા થઈ. તેઓ ભણતા-ભણતા બીજાને પણ ભણાવતા. એમને અમેરિકા જવા ત્રણ હજાર રૂપિયા સ્કોલરશીપ પણ મળેલી.

અમેરિકા જતા પહેલાં તે વખતના ડેપ્યુટી કમિશ્નર હરિભાઈ છાયાની પુત્રી અંજુના પ્રેમમાં પડ્યા. અંજુ સાથે લગ્ન કરવાનું નક્કી કરીને તેઓ મુંબઈથી જહાજ મારફતે અમેરિકા ગયા. નવી દુનિયાથી સાવ જ અજાણ તેઓ 'પૂછતાં પંડિત નીપજે' એ ન્યાયે પૂછતા ગયા અને જાણતા ગયા. અજ્ઞાનતા તેમના માટે મોટી મૂડી સાબિત થઈ. ભૌતિક શાસ્ત્રમાંથી પી.એચ.ડી. કર્યું હતું પણ અંજુને લગ્ન માટે કોલ આપી બેઠેલા હોઈ વધુ સમય અમેરિકામાં રહેવાય એમ નહોતું. તેથી નવ મહિનામાં થઈ શકે એવી ઈલેક્ટ્રોનિક એન્જિનિયરીંગમાં માસ્ટર્સ ડિગ્રી મેળવી લીધી હતી.

અભ્યાસ પૂરો થતાં નોકરી કરી. તે સમયે અમેરિકા અને વિયેતનામ વચ્ચે યુદ્ધ ચાલ્યું એટલે ડિફેન્સમાં તરત જ નોકરી મળી જાય તેમ હતું. પણ, ગાંધીવાદી આદર્શોને વરેલા સામને એ નોકરી કરવી અનુચિત લાગ્યું તેથી તેમણે ટીવીમાં ટ્યૂનર ડિઝાઈન કરવાની નોકરી સ્વીકારી. ત્યારે તેમને બધા 'સત્યમ' કહેતા. પણ તેમના પહેલા પગારના ચેકમાં ટૂંકાવીને તેમનું નામ 'સામ' લખવામાં આવેલું. આમ, સત્યનારાયણમાંથી સત્યમ થયેલા તેઓ આખરે 'સામ' તરીકે ઓળખાવવા લાગ્યા.

નોકરીની સાથે અભ્યાસ ચાલુ જ હતો. દસ વર્ષ 'જનરલ ટેલિફોન એન્ડ ઈલેક્ટ્રોનિક્સ' ના અભ્યાસ પછી તેઓ મુખ્ય સંશોધકોની ટીમમાં સામેલ થયા. પુરૂષાર્થથી તેમણે અનેક પેટન્ટો મેળવી. ટેલિ કોમ્યુનિકેશનમાં તેમના નામની હાક વાગવા લાગી. આ ક્ષેત્રમાં પિતામહ બની ગયા.



ઈ.સ. ૧૯૬૬માં તેઓ તેમની પ્રેયસી સાથે લગ્નગ્રંથિથી જોડાયા. છેલ્લાં ૪૮ વર્ષોથી બંને પક્ષના સ્વજનો સાથે તેઓ શિકાગોમાં વસવાટ કરે છે. તેમનો પુત્ર સિલિકોન વેલીમાં છે. દીકરી લોસ એન્જલમાં એમ.બી.એ. કરે છે. તેમણે અમેરિકામાં સ્વતંત્ર ધંધો શરૂ કર્યો છે. આજે તેઓ અમેરિકામાં રહીને ભારત માટે કામ કરી રહ્યા છે. નેશનલ નોલેજ કમિશનના ચેરમેન ડો. સામ પિત્રોડા નૂતનતમ ભારતની શિક્ષણ સુધારણા યાત્રાના પ્રહરી છે. તેઓ ૨૦૧૦થી '**Mitigating Hunger in India Global Foodbanking Network**'ના કામમાં ગૂંથાયેલા છે. મમતા બેનરજીના કોલકાતા રિફોર્મ અને ગ્લોબલ નોલેજ ઈનેસિયેટીવમાં તેઓ ગળાડૂબ થયા છે. તેઓ દુનિયાની સાત યુનિવર્સિટીઓની ડોક્ટરેટની માનદ ઉપાધિ ધરાવે છે.

●





## (૧૫૯)

# નેપોલિયન બોનાપાર્ટ

## (અવસાન : ૫ મે, ઈ.સ. ૧૮૨૧)

ફ્રાન્સના લશ્કરના સેનાપતિપદેથી ફ્રાન્સના સમ્રાટ બની જનાર નેપોલિયન બોનાપાર્ટનો જન્મ ૧૫, ઓગસ્ટ ઈ.સ. ૧૭૬૯ના રોજ કોર્સિકા ટાપુના અજાકાઓ ખાતે થયો હતો. તે તેના માતા-પિતા કાર્લો બોનાપાર્ટ અને લેટિઝીઆ રેમોલીનાં આઠ સંતાનોમાં બીજું સંતાન હતા. નેપોલિયના જન્મ પહેલાં કોર્સિકા ટાપુ ફ્રાન્સના આધિપત્ય નીચે હતો.

નેપોલિયને ફ્રાન્સની મૂળ ધરતી ઉપર જઈ ઓટનની શાળામાં પ્રવેશ મેળવી ફ્રેન્ચ ભાષામાં શીખવાની શરૂઆત કરેલી. પછી તેમણે બ્રીનેની મિલિટરી સ્કૂલમાં પ્રવેશ મેળવેલો. સોળ વર્ષની ઉંમરે તેઓ રોયલ સ્કોલરશિપ મેળવીને લેફટન્ટના પદ સુધી પહોંચેલા. એ પછી ટ્યૂબટોન બંદરેથી ઈંગ્લેન્ડના લશ્કરને પાછું હાંકી કાઢી અપ્રિતમ શૂરવીરતા બતાવેલી. તેમણે મેળવેલી આ અદભૂત સિદ્ધિને કારણે તેમની ૨૪ વર્ષની ઉંમરે બ્રિગેડિયર તરીકેની બઢતી મળેલી.

જુલાઈ, ઈ.સ. ૧૭૭૪માં ક્રાંતિકારી નેતા મેક્સિમિલન રોબેસ્કિયર અને તેના સાથીદારોની હકાલપટ્ટી થયા બાદ નેપોલિયનનો સિતારો ચમકવો શરૂ થયેલો. તેમના કૃત્યથી બે સપ્તાહ માટે તેમને પદભ્રષ્ટ કરી દેવાયેલા. પણ, પછી પુનઃ તેમને તેમના હોદ્દા પર પાછા બોલાવાયેલા. ઈટાલી સામેની લડતમાં તેમને ફ્રેન્ચ લશ્કરની સંપૂર્ણ કમાન સોંપવામાં આવેલી. ઈ.સ. ૧૭૭૬માં તેઓ કમાન્ડર ઈન ચીફ બની ગયેલા.

છવ્વીસ વર્ષની ઉંમરે નેપોલિયનનાં જોસેફાઈન ડી બોહર્નિસ સાથે લગ્ન થયેલાં. ત્યારે તેમની પત્નીની ઉંમર ૩૨ વર્ષની હતી. વળી, અગાઉ તેમનાં લગ્ન પણ



થઈ ચૂક્યા હતા. તેથી તેમના કુંટુંબજનોએ લગ્નનો વિરોધ કરેલો. નેપોલિયનને તેની પત્ની તરફથી કોઈ સંતાન પ્રાપ્ત થયું નહોતું.

તે ઘણી મહત્વાકાંક્ષી વ્યકિત હતા. તેમનું વ્યક્તિત્વ અને બુદ્ધિ પ્રતિભા આંખને આંજી દે એવાં હતાં. 'દુનિયામાં કોઈ જ વસ્તુ અશક્ય નથી' એ એમનું જીવનસૂત્ર હતું. ઈ.સ. ૧૭૯૬ના નવેમ્બર માસમાં આરકોબીના યુદ્ધમાં તેમણે ઓસ્ટ્રીયા પર વિજય મેળવ્યો હતો. રીવોલીના બીજીવારના યુદ્ધ પછી નેપોલિયને ઓસ્ટ્રિયાના પાટનગર વિયેના પર કબ્જો મેળવી લીધેલો. ઈ.સ. ૧૭૯૭માં તેમણે ''કેમ્પો ફોરમી''નો પ્રાંત કબ્જે કરી લીધેલો. તેમની આ અદભૂત સિદ્ધિઓને બિરદાવતાં માયટ ડે મેલિટોએ લખ્યું છે કે, ''યુવાન જનરલ નેપોલિયને અનપેક્ષિત વિજયોની હારમાળા સર્જીને ફ્રાન્સની અને ફ્રાન્સના સૈન્યની ભવ્યતાને ઊંચા આસને બિરાજમાન કરી છે.''

ઈ.સ. ૧૭૯૮માં તેમને ઈંગ્લેન્ડનો પ્રભાવ ઓછો કરવા માટે ઈજિપ્ત મોકલવામાં આવેલા. ઈ.સ. ૧૭૯૮માં તેમણે ઈજિપ્ત પર વિજય મેળવેલો. તેમના સમયમાં ઈજિપ્તમાં બાંધકામની શૈલીની શોધ થયેલી. ફ્રાન્સ પરત આવ્યા પછી અગ્રણી રાજનેતાઓના સહકારથી ફ્રાન્સની સરકારને પદભ્રષ્ટ કરી ૯ નવેમ્બર, ૧૭૯૯માં નેપોલિયન ફ્રાન્સના સર્વેસર્વા બની ગયા હતા.

તે કુશળ અને વિચક્ષણ રાજકીય તથા લશ્કરી નેતા હતા. તેઓ કુશાગ્ર બુદ્ધિ પ્રતિભા ધરાવતી દીર્ઘદૃષ્ટા વ્યકિત હતા. સામે આવેલી તકને ઝડપી લેવામાં તેઓ પાવરધા હતા.

ઓસ્ટ્રિયા અને ફ્રાન્સ વચ્ચે શાંતિ કરાર થયા પછી યુદ્ધ વિરામના સમયમાં તેમણે ફ્રાન્સને અર્થતંત્રને સદ્ધર બનાવવાના પ્રયત્નો કરેલા. રોમન કેથલિક ચર્ચ સાથે સંબંધો સુધારવાની બાબતને તેમણે પ્રાધાન્ય આપ્યું હતું. કેથલિક ધર્મનો તેમણે ફેલાવો કરવામાં સહાયતા કરી હતી.

મે, ઈ.સ. ૧૮૦૪માં નેપોલિયનને પોતાના ફ્રાન્સના સમ્રાટ તરીકે જાહેર

કરેલા. ૪ ડિસેમ્બર, ૧૮૦૪ના રોજ ફ્રાન્સના સમ્રાટ તરીકે તેમનો રાજ્યાભિષેક થયેલો. નેપોલિયન તે પછી ફ્રાન્સના રાજા તરીકે અને જોસેફાઈન ફ્રાન્સની મહારાણી તરીકે ઓળખાવવા લાગેલાં. તેમણે ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રીયા અને રશિયા સાથે યુદ્ધ છેડ્યું. એ બધા દેશોએ ભેગા થઈને નેપોલિયનનો સામનો કરવા બાથ ભીડેલી. પણ તેમને માટે એ મુશ્કેલ બની ગયુ હતું. તેઓ ઈટાલીના પરાક્રમ પછી ચક્રવતી સમ્રાટ થવાની મહત્વકાંક્ષા સેવવા લાગેલા. સત્તાના મદમાં ઉન્નત બનીને તેમણે રશિયાની ઝારશાહીને ઝૂકાવવા પ્રયત્નો કરેલો. નેપોલિયનના જીવનની એ ગંભીર ભૂલ હતી. ઈ.સ. ૧૮૦૭માં ફ્રિડલેન્ડની લડાઈમાં રશિયાને હાર આપી હતી. તેમણે ટસર એલેક્ઝાન્ડર પહેલાં સાથે મુલાકાત કરી ગઠબંધન કરેલું. એ પછી શિયાળાની ઋતુમાં તેઓ રજાઓ ગાળવા પોલેન્ડ ગયેલા. ત્યાં પોલેન્ડની મેરી વેબોસ્કા સાથેના સંબંધથી એક પુત્રના પિતા બન્યા હતા.

ઈ.સ. ૧૮૦૯માં નેપોલિયને પ્રથમ પત્ની જોસેફાઈનથી છૂટાછેડા લીધેલા. એ પછી ઈ.સ. ૧૮૦૯માં તેમણે ઓસ્ટ્રિયાની રાજકુમારી મેરી લુઈસ સાથે બીજું લગ્ન કરેલું અને એક પુત્રના પિતા બનેલા. તેમણે સ્પેન પર આક્રમણ કરી સ્પેનની પ્રજાનો વિરોધ વ્હોરી લીધેલો. ઈ.સ. ૧૮૧૪માં નેપોલિયન સામે લશ્કરમાં અને ફ્રાન્સની પ્રજામાં વિરોધનો વંટોળ શરૂ થયેલો. તેમને ફ્રાન્સના સમ્રાટપદેથી દૂર કરવામાં આવ્યા અને એલ્લા નામના નાના ટાપુના રાજા બનાવવામાં આવેલા. એ પછી તેમણે ફ્રાન્સમાં પાછા આવીને શાંતિસેના માટેના પ્રયત્નો તેજ કરેલા. પણ દુશ્મન દેશોને મનાવવાના તમામ પ્રયત્નો નિષ્ફળ નીવડેલા. આખરે તેમની ધરપકડ કરી એટલાન્ટિક ટાપુમાં આવેલા સેન્ડ હેલિના ટાપુ પર મોકલી દેવામાં આવેલા જ્યાં ૫, મે, ઈ.સ. ૧૮૨૧ના રોજ તેમણે કાયમ માટે આંખ મીંચી દીધેલી.





## (૧૬૦)

# રવીન્દ્રનાથ ટાગોર

## (૬ મે, ઈ.સ. ૧૮૬૧)

મહાન દાર્શનિક, વિચારક, શિક્ષણશાસ્ત્રી અને કવિ એવા રવીન્દ્રનાથ ટાગોરનો જન્મ ૬ મે, ઈ.સ. ૧૮૬૧ ના રોજ કોલકત્તાના એક સુખી પરિવારમાં થયો હતો. પોતાના ઘરમાં જ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી ઉચ્ચ અભ્યાસ માટે તેઓ ઈંગ્લેન્ડ ગયા હતા. ઉચ્ચ શિક્ષણ મેળવ્યા બાદ સ્વદેશ પાછા આવીને તેમણે ઈ.સ. ૧૯૦૧માં 'શાંતિનિકેતન' નામની સંસ્થાની સ્થાપન કરી હતી.

તેઓ મહાન દાર્શનિક હતા. તેમણે જાત અનુભવોને આધારે સત્યનો સાક્ષાત્કાર કરીને જગત અને જીવન એટલે શું તેને શબ્દોમાં રજૂ કરેલું. સત્ત, ચિત અને આનંદ એ જ ઈશ્વર એવું તેઓ માનતા. તેઓ કહેતા કે 'માનવી એ ઈશ્વરની અમૂલ્ય અભિવ્યકિત છે', એવો તેમનો સ્પષ્ટ મત હતો. 'પ્રકૃતિ એ પણ ઈશ્વરનું જ એક સ્વરૂપ છે' એવું માનનારા ટાગોર ઈચ્છતા હતા કે પ્રકૃતિનો અને માનવીનો સંબંધ અવિભક્ત બને. તેઓ કહેતા કે પ્રાકૃતિક સૌદર્ય માનવજીવનમાં સુંદરતા, પ્રસન્નતા, સમાનતા, રસિકતા અને ઉલ્લાસભરી દે છે.

ટાગોર પૂર્ણતઃ માનવતાવાદી હતા. માનવીને માનવતાના રૂપમાં ઈશ્વરની મદદ મળતી રહે છે. માનવી એ ઈશ્વરીય ગુણો ધરાવનાર દિવ્ય માનવ બનીને પૂર્ણત્વ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઈએ એવું જીવનલક્ષી દષ્ટિબિદું તેઓ ધરાવતા હતા. નૈતિકતાને તેઓ માનવજીવનનું મહત્વનું અંગ સમજતા હતા. નૈતિકતા દ્વારા જ મનુષ્ય ચૈતન્ય અને આનંદ પ્રાપ્ત કરી શકે છે એમ તેઓ દઢપૂર્વક માનતા.

તેઓ કવિ, સંગીતકાર અને કલાકાર હોવાની સાથે શિક્ષણશાસ્ત્રી પણ હતા.

તેમની 'શાંતિનિકેતન' સંસ્થા ભારતીય અને પ્રાશ્ચત્ય વિચારધારાઓનું સંગમતીર્થ બની રહી છે. તેઓ કુદરતી સૌદર્યના પૂજારી હતા. બાળકોને કુદરતને ખોળે બેસાડી પ્રત્યક્ષ અનુભવો પૂરા પાડવા અને તેમનો ભાવનાત્મક વિકાસ કરવો એ એમની શૈક્ષણિક વ્યાખ્યા હતી. રૂસોની જેમ તેઓ પાઠ્યપુસ્તકોને ગૌણ ગણતા હતા. તેઓ શિક્ષણમાં આર્થિક પ્રવૃતિને ઉપયોગી સમજતા. તેઓ કહેતા કે, 'બાળકનો સર્વાંગી વિકાસ સાધે તે જ સાચું શિક્ષણ.'

તેમના પિતા દેવેન્દ્રનાથ ઠાકુર બ્રહ્મોસમાજના આગેવાન હતા. તેમનું ઘર સરસ્વતીના ઉપાસકોથી સદા ઉભરાયેલું રહેતું હતું. કહો કે સરસ્વતી અને લક્ષ્મીનું સંગમતીર્થ હતું. પિતા સાથે કરેલી હિમાલય યાત્રાએ તેમને સૌદર્યના ઉપાસક બનાવેલા. સાત વર્ષની નાની ઉંમરે તેમણે એક કાવ્યનું સર્જન કરેલું. ઈંગ્લેન્ડથી ભારત પરત આવ્યા પછી તેમણે કવિતાની સાધના કરવા માંડેલી. તે પછી તેમણે કાવ્યો રચવા માંડેલા જે 'સાધના' અને 'બંગદર્શન' જેવાં સામાયિકોમાં પ્રસિદ્ધ થતાં રહેલાં.

બેલાપુરમાં તેમણે જ સ્થાપેલી 'શાંતિનિકેતન' સંસ્થા પછીથી વિશ્વભારતી વિશ્વવિદ્યાલયના નામે જાણીતી બની હતી. આજે પણ આ સંસ્થાની ખ્યાતિ વિશ્વભરમાં ફેલાયેલી છે અને આખા વિશ્વમાંથી ઘણા-બધા વિદ્યાર્થીઓ અભ્યાસાર્થે અહીં આવતા રહે છે. ઈ.સ. ૧૯૦૫માં લોર્ડ કર્ઝને બંગાળના ભાગલા પાડ્યા ત્યારે લોકોમાં ચેતના પ્રગટાવવા તેમણે રાષ્ટ્રગીતની રચના કરેલી. જે આજે પણ ભારતનું રાષ્ટ્રગીત બની રહ્યું છે. મહાત્મા ગાંધીજીએ તેમને 'ગુરૂદેવ' બનાવીને રાષ્ટ્રના પહેરેગીર તરીકે ઓળખાવેલા.

તેઓ વિશ્વબંધુત્વની ભાવનાને શિક્ષણનું પ્રબળ અંગ માનતા હતા. તેમણે તેમની સંસ્થામાં બાળકોના શિક્ષણ માટેના જુદા-જુદા પ્રયોગો કરેલા. તેમની 'શાંતિનિકેતન' સંસ્થામાં વેદો અને સંસ્કૃત ભાષાનું ગુરૂકુળની જેમ શિક્ષણ આપવામાં આવતું હતું. 'શાંતિનિકેતન' આતંરરાષ્ટ્રીય અને આંતરસાંસ્કૃતિક



સંબંધ સ્થાપિત કરનારી સેતુરૂપ સંસ્થા બની રહી છે. ટાગોરે શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષાને અનુમોદન આપ્યું હતું.

આજે પણ 'વિશ્વભારતી'ના સંચાલન હેઠળ પાઠભવન, શિક્ષાભવન, વિનયભવન. કલાભવન, સંગીતભવન અને સ્ત્રીનિકેતન જેવી સંસ્થાઓ કાર્યરત છે. તેઓ જડ અને પરંપરાગત શિક્ષણ પદ્ધતિનો વિરોધ કરતા હતા. બાળકને તેની રૂચિ અનુસાર, મુક્ત વાતાવરણમાં શિક્ષણ મળવું જોઈએ એમ તેઓ માનતા. નૈસર્ગિક વાતાવરણને તેઓ સૌથી મોટો શિક્ષક માનતા હતા. શિક્ષકની માત્ર માર્ગદર્શક તરીકેની ભૂમિકાના હિમાયતી હતા. ટાગોરે વિદ્યાર્થીને તપોવનમાં રહેતા સાધુ તરીકે ઓળખાવેલો. તેઓ આત્મસંયમ, સ્વાનુશાસન અને સ્વતંત્રતાને સાચુ શિસ્ત માનતા. સાહિત્ય, સંગીત અને કલાઓને શિક્ષણમાં સ્થાન આપનારા તેઓ પહેલા હતા. તેઓ પોતે પણ એક ઉત્તમ કલાકાર, સંગીતકાર, ચિત્રકાર, સાહિત્યકાર અને ચિંતક હતા. તેઓ અનેક માનદ્ ઉપાધિઓથી વિભૂષિત હતા. તેમના કાવ્યસંગ્રહ 'ગીતાંજિલ' માટે તેમને નોબલ પારિતોષિકથી સન્માનિત કરવામાં આવેલા. અનેક દેશોમાંથી વ્યાખ્યાનો માટે તેમને આમંત્રણો મળેલાં.

સાહિત્યકાર તરીકે તેમણે 'ગોરા', 'ઘરે બાહિરે' અને 'રાજર્ષિ' જેવી મહત્વની નવલકથાઓનું સર્જન કર્યુ હતું. તેમની કૃતિઓનો વિશ્વના અનેક દેશોમાં અનુવાદ થયો છે. ભારતની અનેક યુનિવર્સિટીઓએ તેમની રચનાઓનો પાઠ્યક્રમમાં સમાવેશ કર્યો છે. અંગ્રેજ સરકારે તેમને 'સર' નો ઈલકાબ આપેલો. તેમણે જલિયાંવાલાબાગના હત્યાકાંડના વિરોધમાં એ ઈલકાબ પરત કરી દીધેલો.

ભારત અને વિશ્વની આ મહાન વિભૂતિ ૭, ઓગસ્ટ ઈ.સ. ૧૯૪૧ના રોજ ચિરશાંતિમાં પોઢી ગઈ હતી. તેઓ આજે પણ વિશ્વમાં અમર થઈ ગયા છે.

●



## (૧૬૧)

# દુર્ગા ભાગવત

## (અવસાન : ૭ મે, ઈ.સ. ૨૦૦૨)

પ્રખર પાંડિત્ય અને નિઃસ્પૃહ વ્યકિતત્વના સંગમ સમાં સિદ્ધાંતનિષ્ઠ અને સત્વશીલ મરાઠી સાહિત્યકાર દુર્ગા ભાગવતનો જન્મ ૧૦ ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૧૦ના રોજ થયેલો. ૯૨ વર્ષની જૈફ વયે ૭ મે, ૨૦૦૨ના રોજ એમના જીવનની પૂર્ણાહૂતિ થઈ ગયેલી.

દુર્ગા ભાગવતની જ્ઞાન સાધના અપૂર્વ હતી. જાણે જીવતો જાગતો એન્સાયક્લોપીડિયા ! તેમની બહુશ્રુતતાનાં અનેક પાસાં હતા. એક સાહિત્યસર્જક હોવાની સાથે સાથે તેઓ ભાષાશાસ્ત્રી, સમાજશાસ્ત્રી, સંશોધક, પ્રાશ્ચર્યવિદ્યા પારંગત અને લોકસાહિત્યકાર પણ હતાં. મરાઠી, સંસ્કૃત, અંગ્રેજી, પાલી, ફ્રેન્ચ અને જર્મન ભાષાનાં સારા જ્ઞાતા હતાં. તેમનો જન્મ એક શિક્ષિત અને સુસંસ્કૃત પરિવારમાં થયેલો. તેમના પિતા ઉચ્ચ કોટિના રસાયણવિદ હતા તો દાદા રાજારામશાસ્ત્રીજી ભાગવતજીના મહાસમર્થ પંડિત હતા. તેમના નાનાં બહેન કમલાદેવી સોહની ભારતના સૌપ્રથમ મહિલા વિજ્ઞાની તરીકે જાણીતાં હતાં જેઓ બેંગાલુરૂ સ્થિત 'ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સીઝ'ના નિયામકપદે પણ રહી ચૂકેલાં.

ઈ.સ. ૧૯૨૭ના વર્ષે મેટ્રિકની પરીક્ષા પાસ કર્યા પછી તેઓ માત્ર સત્તર વર્ષની વયે ગાંધીજીના પ્રભાવથી આકર્ષાઈ આઝાદીના આંદોલનમાં કૂદી પડેલાં. પણ પછી પુનઃ અભ્યાસ શરૂ કરી ઈ.સ. ૧૯૩૨માં મુંબઈની સેંટ ઝેવિયર્સ કોલેજમાંથી અંગ્રેજી અને સંસ્કૃતના વિષયો સાથે તેમણે બી.એ.ની પરીક્ષા પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે પાસ કરેલી. આ સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ તેમને અનેક



પારિતોષિકો સાથે સ્કોલરશિપ પણ મળેલી. શંકરાચાર્યજીના બ્રહ્મસૂત્રનો અભ્યાસ કરતાં તેમના મનમાં કેટલાંક પ્રશ્નો ઊભા થયેલા. જેના નિરાકરણ માટે તેમણે પાલી ભાષામાં લખેલા બોદ્ધધર્મગ્રંથોનું ઊંડું અધ્યયન કરેલું. ઈ.સ. ૧૯૩૫માં તેઓ એમ.એ. થયેલાં. તે પછી ભારતના જાણીતા સમાજશાસ્ત્રી ગોવિંદસદાશિવ ધૂરીયેના માર્ગદર્શન હેઠળ સંશોધન કરી પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરેલી. તેમણે તેમના મહાનિબંધ માટે માહિતી એકઠી કરવા મધ્યભારતના આદિવાસી વિસ્તારોનો અધ્યયન પ્રવાસ ખેડેલો.

ત્રણ વર્ષના અથાક પ્રયાસો પછી તેમણે સંશોધન ગ્રંથ તૈયાર કરેલો, પણ પોતે તારવેલા નિષ્કર્ષોને અડગપણે વળગી રહેવાની વૃતિને પરિણામે માર્ગદર્શક સાથે મતમતાંતર થવાથી તેમને ડોક્ટરેટની પદવીથી વંચિત રહેવું પડેલું. સંશોધન પ્રવાસ દરમ્યાન તેમને ઘણા સંકટો સહન કરવાં પડેલાં. આદિવાસી વિસ્તારમાં એક વાર રાત્રિ રોકાણ દરમ્યાન તેમને સાપ પણ કરડેલો. તે પછી તેમણે તેમના જીવનમાં બે ટેક લીધેલા. એક આજીવન અપરિણીત રહેવાનો અને બીજો સાહિત્ય સર્જન કરવાનો. તેમની સાહિત્યસાધના ઈ.સ. ૧૯૩૫માં એક મરાઠી સામાયિક 'પખરણ'થી શરૂ થઈ જીવનભર ચાલુ રહેલી.


તેમના સાહિત્ય ઉપર ગાંધીજી, થોરો, ટોલ્સટોય અને મિલનો પ્રભાવ પડેલો છે. તેમણે 'સાહિત્ય સહકાર' નામના મરાઠી સામાયિકના તંત્રી તરીકે પણ જવાબદારી સંભાળેલી. તેમણે ૧૯૫૮થી '૬૦ના બે વર્ષ માટે પૂનાની વિશ્વવિખ્યાત 'ગોખલે ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈકોનોમિક એન્ડ પોલિટીકલ રીસર્ચ'ના સમાજસાસ્ત્ર વિભાગના વડાનું સ્થાન પણ શોભાવેલું.

લલિત નિબંધો, લોકસાહિત્ય, લોકકલા, અનુવાદ, સંપાદન અને જીવનચરિત્રનાં લગભગ ૬૦ પુસ્તકોનું વૈવિધ્યપૂર્ણ સાહિત્ય સર્જન તેમણે કરેલું. 'પેસ', 'વ્યાસપર્વ' અને 'ભાવમુદ્રા' જેવી તેમની કૃતિઓ સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત થઈ છે. 'ઋતુચક્ર' એ તેમનો માઈલ સ્ટોન સમો ગ્રંથ ગણાય છે. તેમણે

ડોક્ટર શ્રીધર વ્યંકટેશ કેતકરના એક મરાઠી ગ્રંથનો અંગ્રેજીમાં અનુવાદ પણ કરેલો છે. 'રવિન્દ્રનાથના લોકસાહિત્ય ગ્રંથનો અનુવાદ, 'બંગાળનાં ગીતો', 'થોરોનું જીવનચરિત્ર' અને 'વોલ્ડનના ગદ્યકાવ્ય'નો અનુવાદ તેમના સાહિત્ય સર્જનનાં ચરમશિખરો ગણાય છે. ઈન્દિરા ગાંધીએ જાહેર કરેલી કટોકટીના વિરૂદ્ધમાં તેમણે ઠેર-ઠેર આપેલાં પ્રવચનો 'મુક્તા' અને 'જનતેયા' સવાલમાં સંગ્રહાયાં છે. 'અર્લી બુદ્ધિસ્ટ જુરિસપ્રુડન્સ' અને 'ગોડ આદિવાસી લાઈફ' અંગ્રેજીમાં લખાયેલા તેમના જાણીતા ગ્રંથો છે. તેમને 'મહાનનદીચ્યા તિરાવર' (૧૯૭૫) નામની એક નવલકથાનું પણ સર્જન કર્યું છે. તેમને લલિતનિબંધના ક્ષેત્રમાં મરાઠી સાહિત્ય ક્ષેત્રે એક નવી દિશા દેખાડી છે. તેમણે આજીવન કોઈ એવોર્ડ નહીં સ્વીકારવાની પ્રતિજ્ઞા લીધી હતી. તેમના અવસાન પછી મરાઠી સાહિત્યનો જાણે એક યુગ સમેટાઈ ગયો.

●





## (૧૬૨)

# પન્નાલાલ પટેલ

## (૭ મે, ઈ.સ. ૧૯૧૯)

છપ્પનિયાં કાળનું જીવંત અને વાસ્તવિક શબ્દચિત્ર રજૂ કરતી 'માનવીની ભવાઈ' નવલકથાથી ગુજરાતી સાહિત્યમાં છવાઈ ગયેલા પન્નાલાલ નાનાલાલ પટેલનો જન્મ ગુજરાતની સરહદ પર આવેલા રાજસ્થાનના ડુંગરપુર રાજ્યના માંડલી નામના ગામમાં ૭ મે, ઈ.સ. ૧૯૧૯ના રોજ થયો હતો. તેમના પિતા કથાકાર અને ધાર્મિક વૃતિના હોઈ લોકો તેમને નાના ભગત કહીને બોલાવતા. તેમનું ઘર વિદ્યાના ધામ તરીકે જાણીતું હતું. તેમણે શાળા પ્રવેશ કરેલો પણ માત્ર ચાર ધોરણ સુધી જ ભણેલા. બાકી સ્વપ્રયત્ને શિક્ષણ મેળવેલું. નાની ઉંમરમાં જ પન્નાલાલે માતાપિતાની છત્રછાયા ગુમાવી દીધેલી. ગામની શાળા બંધ થઈ જતાં બીજે ગામ ભણવા જવાનું તેમનું ગજું નહતું.

આ સંજોગોમાં તેમના વચેટ ભાઈ કોદરભાઈના ગુરૂ અને મેઘરજના રામજીમંદિરના મહંત જયશંકરાનંદ માંડલીમાં પધારેલા. તેમણે મા-બાપ વગરના પન્નાલાના જીવનની તમામ જવાબદારી સ્વીકારેલી અને તેઓ તેમની સાથે તેમને મેઘરજ લઈ ગયેલા. પન્નાલાલ મેઘરજની શાળામાં ભણતા હતા ત્યારે એક દિવસ ઈડરના મહારાજ કુમારહિંમતસિંહજી મેઘરજ પધારેલા. તેમના સન્માનમાં ગોઠવાયેલા એક નાનકડા કાર્યક્રમમાં પન્નાલાલે સુમધુર કંઠે ગીતો ગાયેલાં. આથી ખુશ થયેલા રાજકુમારે પન્નાલાલને ઈડરમાં ભણવાની જોગવાઈ કરી આપેલી. ઈડરની બોર્ડિંગમાં તેમની મૈત્રી ઉંમાશંકરભાઈ સાથે થયેલી. ચોથા ધોરણમાં આવતાં આર્થિક તંગીને લીધે તેમણે અભ્યાસ છોડી દીધેલો. તેમનો અભ્યાસ અટક્યો પણ અનુભવોનું ભાથું સમૃદ્ધ બન્યું. વિકટ અને વિવિધ અનુભવોએ

તેમની સર્જકપ્રવૃતિને સંકોરી. સોળ વર્ષની ઉંમરે સાત વર્ષની વાલીબેન સાથે તેમના લગ્ન થયેલાં.

આજિવિકા રળવા પછી તેઓ અમદાવાદ આવેલા. અહીં તેમની નોકરીઓ બદલાતી રહેલી. દારૂની ભઠ્ઠી પર, શણના ગોદામ પર, પાણીની ટાંકી પર, ઘરખાતાના કારકુનની જગા પર અને અમદાવાદ ઈલેક્ટ્રીકસિટી કંપનીમાં ઓઈલમેનની જગા પર નોકરી કરી એમણે જાતજાતના અનુભવો મેળવેલા, જીવનના નક્કર અને વાસ્તવિક અનુભવોમાંથી તેઓ ઘણુંબધું શીખેલા. સુંદરમના શબ્દોમાં તેમની સાહિત્ય સર્જનની શક્તિ વાંચનની ગાંઠ પેઠે ફૂટી નીકળેલી.

તે સમય દરમ્યાન તેમની સાથે એક જ પાટલી પર બેસી ભણેલા અને મોટા ગજાના કવિ તરીકે પ્રતિષ્ઠિત થયેલા ઉમાશંકરભાઈ નવેમ્બર ૧૯૩૬માં અમદાવાદના સાહિત્ય પરિષદના અધિવેશનમાં મુંબઈથી અમદાવાદ આવેલા. પન્નાલાલ અહીં ઉમાશંકરને મળેલા. ત્યારે ત્યાં કવિ સુંદરમ પણ હાજર હતા. ઉમાશંકરે પન્નાલાલને લખવાની પ્રેરણા આપી. અમદાવાદમાં વસતા સુંદરમે તેમને માર્ગદર્શનનો સધિયારો દીધો. પન્નાલાલે પછી કવિતા લખવા માંડી. પણ તેમાં ફાવટ આવી નહીં. તે વખતે તેમને વાર્તાઓ વાંચવાનો શોખ. તેથી તેમણે વાર્તાઓ પર હાથ અજમાવવાનું નક્કી કર્યું. સુંદરમની સલાહથી વાર્તા લખવાનું એમણે શરૂ કર્યું. તેમણે તેમની પહેલી વાર્તા 'શેઠની શારદા' લખી સુંદરમને બતાવી. એ વાર્તા વાંચી સુંદરમ ખુશ થયેલા. એ વાર્તા મેઘાણીભાઈના 'ફૂલછાબ'માં પ્રસિદ્ધ થયેલી. ત્યારપછી તેમની બીજી વાર્તા 'સુઃખદુઃખનાં સાથી' પ્રતિષ્ઠિત સામાયિક પ્રસ્થાનમાં છપાયેલી. આમ પન્નાલાલ એક સફળ વાર્તાકાર બની ગયેલા.

ટૂંકી વાર્તાના સર્જન પછી તેમણે નવલકથાના સર્જન માટે કલમ ઉપાડેલી. 'મળેલા જીવ', 'ભીરૂ સાથી' અને 'યૌવન' જેવી નવલકથાઓ આપી ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકારોમાં એમણે જગા બનાવેલી. પણ એમને વિશેષ કિર્તિ



મળી એમની નવલકથા 'માનવીની ભવાઈથી.' 'સરસ્વતીચંદ્ર' અને 'ગુજરાતનો નાથ' પછીની એ મહાનવલ. તે પછી એમની કલમ અટકી નથી. તેઓ 'ભાગ્યાનાં ભેરૂ', 'ઘમ્મરવલોણું', 'ફકીરો', 'ના છૂટકે', 'નવું લોહી', 'પડઘા અને પડછાયા', તથા 'મનખાવતર', 'બે બહેનો' 'કરોળિયાનું જાળું', 'આંધી અષાઢની', 'વળી વતનમાં', 'મીણ માટીનાં માનવી', 'પ્રણયનાં જૂજવાં પોત', 'કંકુ', 'અજવાળી રાત અમાસની', 'અલ્લડ છોકરી', 'ગલાલ સંગ' અને 'એક અનોખી પ્રિત' જેવી નવલકથાઓ આપતા રહેલા.

ઉત્તરાવસ્થામાં 'પાર્થને કહો ચડાવે બાણ', 'રામે સીતેને માર્યા જો', 'કૃષ્ણજીવનકથા', 'શિવપાર્વતી', અને 'ભીષ્મની બાણ શૈય્યા' જેવી પૌરાણિક કથાઓનું સર્જન કરેલું. તેમના સમગ્ર સાહિત્યમાં જીવી અને કાનજીના પ્રેમી જીવનની કરૂણકથા 'મળેલા જીવ' છે. તો તેમની ઉત્તમ મહાનવલ 'માનવીની ભવાઈ' છે. 'માનવીની ભવાઈ' એમની સર્જનશીલતાનું ચરમબિંદુ છે. છપ્પનિયા દુકાળમાં જીવી અને રાજુ જેવા માનવીની કરૂણતા એમાં આલેખાઈ છે. પન્નાલાલ એક શ્રેષ્ઠ વાર્તાકાર પણ છે. એમણે પચ્ચીસ જેટલા વાર્તાસંગ્રહોનું સર્જન કર્યુ છે. 'સુઃખદુઃખનાં સાથી', 'વાત્રકને કાંઠે', 'સાચાં શમણાં', 'એળે નહીં તો બેળે', 'મગમાળા', 'જિંદગીના ખેલ', 'જમાદારનો બોકડો', 'રેવામા', 'પીઠીનું પડીકું' અને 'બિચારા પ્રસાદજી',માત્ર પન્નાલાલની જ નહીં પણ ગુજરાતની શ્રેષ્ઠવાર્તાઓ છે. તેમણે 'જમાઈરાજ જેવા' ત્રિઅંકી નાટકનું પણ સર્જન કર્યુ છે. 'ઢોલિયા સાગસીસમના', 'સપનાનો સાથી' અને 'અલ્લડ છોકરી' તેમના એકાંકી સંગ્રહો છે. 'વૈતરણીને કાંઠે' તેમનું સર્વોત્તમ એકાંકી છે.

'મળેલા જીવ', 'માનવીની ભવાઈ' અને 'કંકુ' નવલકથાઓ પરથી ફિલ્મો પણ બની ચૂકી છે. પન્નાલાલે તેમના સાહિત્ય દ્વારા વાસ્તવિક જીવનનું સાહજિક સાહિત્ય સર્જ્યું છે. એમની સાહિત્યસેવાને બિરદાવતો 'રણજીતરામ સુવર્ણચંદ્રક' ઈ.સ. ૧૯૫૦માં તેમને અર્પણ થયેલો. ૬ એપ્રિલ, ઈ.સ. ૧૯૮૯ના રોજ આ

કળાયેલ મોરલાનો કેકારવ કાયમને માટે સમી ગયેલો. તેમની વાર્તાઓની સૌથી મોટી લાક્ષણિકતા તેમની ભાષા છે. તેમની તળપદી બોલી વેધક બને છે. એમાં સંવેદનાની ઉત્કટતા સધાય છે. પન્નાલાલ ગ્રામજીવનની ચેતનાને ધબકતી રાખવામાં સફળ થયા છે.

●





## (૧૬૩)

# એન્તોયને લોરેન્ત લેવોયઝર

## (અવસાન : ૮ મે, ઈ.સ. ૧૭૯૪)

આધુનિક રસાયણશાસ્ત્રના પ્રણેતા એન્તોયને લોરેન્ત લેવોયઝરનો જન્મ ફ્રાન્સના પાટનગર પેરિસમાં એક સમૃદ્ધ વેપારી અને જમીનદારને ત્યાં ૨૬ ઓગસ્ટ, ૧૭૪૩માં થયો હતો. બચપણમાં જ એની માતાનું અવસાન થવાથી તેની પરવરીશ તેના પિતા અને વિધવા ફોઈએ કરી હતી. પિતાની ઈચ્છા તેને વકીલ બનાવવાની હતી. લેવોયઝરે કાયદાનો અભ્યાસ પણ કર્યો અને સનદ પણ મેળવી લીધી. પણ એનું આંતરજગત તો વિજ્ઞાનમાં જ રમમાણ હતું. આથી કોલેજમાં કાયદાના શિક્ષણ સાથે એ રસાયણશાસ્ત્રી પ્રાધ્યાપક બૂરદેલિયાનાં વ્યાખ્યાનો પણ સાંભળતો રહેતો.

તેની ઉંમર બાવીસ વર્ષની થઈ હતી ત્યારે સરકારી તંત્ર પેરિસના માર્ગો પર અજવાળું કરવા પ્રયત્નો કરતી હતી. તંત્ર દ્વારા અનેક ટેક્નિશિયનો અને વૈજ્ઞાનિકો પાસેથી યોજનાઓ મંગાવી હતી. આ યોજનાઓથી તંત્રને કશો સંતોષ થયો ન હતો. એવામાં લેવોયઝરે તેની એક યોજના રજૂ કરી. સરકારને એ યોજના ગમી ગઈ. પેરિસને આપેલી આ અદભૂત સેવા બદલ 'ફ્રેન્ચ એકેડમી ઓફ સાયન્સીઝ' તરફથી સુવર્ણચંદ્રક અર્પણ કરાયો હતો. તે પછીના બે વર્ષે જિપ્સમ અને પ્લાસ્ટર ઓફ પેરિસ વિષયક રાસાયણિક સંશોધનો માટે એકેડમીએ તેને પોતાનો સભ્ય બનાવી દીધેલો.

ફ્રાન્સના રાજવંશ તરફથી એની નિયુક્તિ 'મુખ્ય ટેક્સ કલેક્ટર' તરીકે થઈ

હતી. ત્યારે તેનો પરિચય કોઈકે મારિયા પાલ્જે સાથે કરાવી આપેલો જે પાછળથી લગ્નબંધનમાં પરિણમેલો. ત્યારે લેવોયઝરની ઉંમર અઠ્ઠાવીસ વર્ષની હતી. મારિયા લેટિન અને અંગ્રેજીની જાણકાર, શ્રેષ્ઠ અનુવાદક તથા કલાકાર હતી.

લેવોઝિયરે તેનો મહાનગ્રંથ 'ચીમિઆનાં સંસ્મરણો' જેલમાં જ પૂરો કરેલો. આ ગ્રંથને મારિયાએ સંપાદિત અને મુદ્રિત કર્યો હતો. લેવોયઝર વિચારી વિચારીને ડગ ભરનાર વૈજ્ઞાનિક હતો. તેની ગણના આધુનિક રસાયણશાસ્ત્રના પ્રણેતા અને પ્રવર્તક તરીકે કરવામાં આવે છે. એનાં પરીક્ષણોએ 'દ્રવ્યોના સંચય'નો મૂળ સિદ્ધાંત પ્રતિપાદિત કરી બતાવ્યો હતો.

તેણે શુદ્ધ ઓક્સિજનમાં હીરાને સળગાવીને કાર્બન-ડાય-ઓકસાઈડ ઉત્પન્ન કરી બતાવ્યો હતો. તેણે સાબિત કરી બતાવ્યું હતું કે, રાસાયણિક દૃષ્ટિએ હીરો અને કોલસો એક જ તત્વ છે અને બંને કાર્બન છે. તે કહેતો કે આપણે કોઈ વસ્તુના નાશ કે નિર્માણ કરી શકતા નથી. આ નિયમ અર્વાચીન રસાયણ સૂત્રોમાં દિશાન્તરણનો દ્યોતક છે.

માનવીના શરીરમાં 'દહન'ની ક્રિયા અવિરત ચાલતી રહે છે. એવું સાબિત કરનાર લેવોયઝર હતો. તેણે સાબિત કર્યું હતું કે, ''ખોરાકનાં ઘટકો અને ઓક્સિજન વચ્ચે સતત રાસાયણિક પ્રક્રિયા થતી રહે છે.'' પાણી હાઈડ્રોજન અને ઓક્સિજનનું બનેલું છે એવું સાબિત કરનાર પણ લેવોયઝર હતો.

બેન્જામિન ફ્રેન્કલિનની જેમ એની પ્રતિભા સર્વતોમુખી હતી. તેણે ફ્રાન્સની સેના માટે દારૂગોળો પણ બનાવેલો. તેને ખેતીવાડીમાં પણ અપાર રસ હતો. તેણે તેના લા બૂર્જેમાં આવેલા ફાર્મમાં એક કૃષિ પ્રયોગશાળા ઊભી કરી હતી. તેણે પ્રયોગો દ્વારા કૃષિલાયક અને ગોચરની જમીન જુદી તારવવાની પદ્ધતિની શોધ કરી હતી. તેણે કૃષિ પ્રયોગો દ્વારા ઘઉંનું ઉત્પાદન બમણું કરી બતાવ્યું હતું.

તેની રાજનીતિજ્ઞ તરીકેની કારકિર્દી ઉજ્જવળ હતી. ઓબિયન્સની પ્રાંતિય પરિષદમાં એ જનતાનો પ્રતિનિધિ હતો. ઈ.સ. ૧૭૮૯માં તેને ફ્રાન્સની બેન્કનો



પ્રેસિડન્ટ ચૂંટી કાઢવામાં આવેલો. ફ્રાન્સમાં તેણે અલગ પ્રકારની શિક્ષણ વ્યવસ્થાનું માળખું ઊભું કર્યું હતું. જે અમેરિકાની આધુનિક શિક્ષણવ્યવસ્થાને મળતું આવતું હતું.

તેની કમનસીબી તો એ હતી કે ફ્રાન્સના આતંકના એક નેતા પાલ મારાતનો એ દુશ્મન બની ગયો હતો. કારણ માત્ર એટલું જ કે તેણે મારાતના એક નિબંધને 'ફ્રેન્ચ એકેડમી ઓફ સાયન્સીઝ' માટે અસ્વીકૃત ઠરાવેલો. મારાતે લેવોયઝરને કેદ કરાવવામાં સફળતા મેળવી હતી. છેવટે ૮ મે, ૧૭૯૪ના દિવસે તેની હત્યા કરવામાં આવી હતી.

તેનું અવસાન થયું ત્યારે ફ્રાન્સની સરકારે વિશ્વ કક્ષાના અંતિમ સંસ્કારનું આયોજન કર્યું હતું. વિશ્વ આખાના વૈજ્ઞાનિકોએ એને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. લેવોયઝરને એક વૈજ્ઞાનિક તરીકે વિશ્વ આખું ચિરકાળ યાદ કરતું રહેશે.



## (૧૬૪)

# ફ્રીડિસ વોન શિલર

## (અવસાન : ૯ મે, ઈ.સ . ૧૮૦૫)

ભાવનાશીલ દર્શનશાસ્ત્રી, કવિ, નિબંધકાર, ઈતિહાસકાર, ભાષાંતરકાર અને સિદ્ધહસ્ત મહાન નાટ્યકાર ફ્રીડિષ વોન શિલરનો જન્મ જર્મનીના વુઈર્ટમ્બર્ગ પ્રાંતમાં નેકાર નદીના કિનારે આવેલા માબોખ નામે ગામમાં ૧૦ નવેમ્બર, ઈ.સ. ૧૭૫૯ના રોજ થયો હતો. વિલ્હેમ ટેલ નામનું નાટક સર્જીને એ વિશ્વભરમાં અમર થઈ ગયો.

એનો જન્મ અત્યંત હીન અને દરિદ્ર પરિવારમાં થયો હતો. તેના પિતા યોહાન કાસ્પાર ધંધે હજામ હતા. મા એલિઝાબેથ ડોરોથિયા કોડવાઈઝ એક ગરીબ વીશીવાળાની દીકરી હતી. શિલરનો પિતા વુઈર્ટમ્બર્ગના ઠાકોરની સેનામાં વૈદ્ય તરીકે નિમાયો હતો. તેથી પિતાની વારંવાર થતી બદલીને કારણે તેનું બાળપણ રખડપટ્ટીમાં જ પસાર થયું હતું. પણ તેના પિતાની લડવિગ્સબુર્ગમાં નિમણૂંક થયેલી અને અહીં તેમને લાંબા સમય સુધી રહેવું પડેલું. શિલરને માટે અભ્યાસના અનુકૂળ સંજોગો ઊભા થયા. નાનપણમાં એ પ્રભુભક્તિ તરફ એટલી હદે વળેલો કે ઘરનાં સૌએ, એ ધર્મોપદેશક થશે એમ માની લીધેલું.

આ દરમ્યાન વુઈર્ટમ્બર્ગના ઠાકોર કાર્લ ઓંઈગને પોતે સ્થાપેલી નવી સૈનિકશાળામાં શિલરની ભરતી કરવા એના પિતા પર દબાણ કર્યું. જેથી શિલરને સૈનિક શાળામાં દાખલ થવું પડેલું. હવે એને વૈદકનો અભ્યાસ કરવાનો વારો આવ્યો. સૈનિક શાળાના અભ્યાસકાળ દરમ્યાન શિલરે દરબારના કાવા દાવા અને પ્રંપચનીતિનું સૂક્ષ્મ અવલોકન કર્યું. અસહ્ય દમનનો ભોગ થઈ પડેલા શિલરનો અંતરાત્મા કકળી ઉઠ્યો. ચેતનાની ચિનગારીએ એના રોમમાં ક્રાન્તિની



નવી જ્વાલા જગાવી. વેદનાને સાથે લઈ જન્મેલો એ જીવનભર વેદના સાથે ઝઝૂમેલો. વેદનાએ એના અંતરને સ્પંદિત કર્યું. દરિદ્રતાએ એની લાગણીઓને સંકોરી, અને એની નજર સામે વિશાળ ભાવજગત દૃશ્યમાન થયું. વેદનાએ જ એને ક્રાંતિકારી સર્જક બનાવી દીધો. એના જન્મ સમયે ક્લોપસ્ટોક **(Klopstock)**, ઈમેન્યુઅલ કેન્ટ **(Immanael kant)**, લેસિંગ **(Lessing)** અને ગેટે **(Goethe)** જેવા સાહિત્યકારો જર્મન સાહિત્યકાળમાં પોતાના સ્થાનો નિશ્ચિત કરી ચૂક્યા હતા. ગેટે અને કેન્ટના ક્રાંતિકારી સાહિત્યે શિલરના મનોભાવોને નવો વળાંક આપ્યો. એટેઈગનની સૈનિકશાળાની પરાધીનતા જીરવવી એને વસમી થઈ પડી.

લાગણીના પ્રચંડપૂરે એની મનોસૃષ્ટિનાં વિચારબંધનો તોડી નાખ્યાં. એના સ્વભાવમાં અનેરી મસ્તીનો સંચાર થયો. એ સંચારમાંથી એક નવો આકાર ઊભો થયો અને તે ઈ.સ. ૧૭૮૦માં લખાયેલું તેનું પ્રથમ નાટક ‘ડી રોઈબર’

પછી એ ઠાકોર ઓઈગનની સૈનિક શાળામાંથી છૂટો થઈ સાવ મામૂલી પગારે સ્ટુઅર્ટ ગાર્ડની લશ્કરી ટુકડીમાં વૈદ્ય તરીકે જોડાયો, પણ ત્યાં એ ટકી શક્યો નહીં. ઠાકોરે એના લેખનકાર્ય પર પ્રતિબંધ ફરમાવ્યો. શિલરનો સ્વમાની આત્મા કકળી ઉઠ્યો. તે સ્ટુઅર્ટગાર્ડમાંથી નાસી છૂટ્યો અને તુરંગિયા પ્રાંતના બાઉઅરલાખ ગામે જઈ રહ્યો. આ દરમ્યાન તેણે **‘An thologie aut das jahr 1782’** નામનો કાવ્યસંગ્રહ પ્રગટ કર્યો.

હવે એક સફળ નાટ્યકાર તરીકે એની ખ્યાતિ સમગ્ર જર્મનીમાં પ્રસરી ચૂકી હતી. એની નાટ્યપ્રતિભાથી અંજાઈને માનહાઈમ નાટ્યશાળાના માલિક ડાલ્બર્ગે તેને પોતાની નાટ્યકંપની માટે નાટકો લખી આપવા નિમંત્રણ આપ્યું. ઈ.સ. ૧૭૮૩માં એ માનહાઈમ આવ્યો. અહીં એનું બીજું નાટક ‘ફિસ્કો’ **(Fiesco)** ભજવાયું. સોળમાં સૈકામાં જિતાઓમાં થયેલા બળવાને મૂર્ત કરતું શિલરનું એ પ્રથમ ઐતિહાસિક નાટક હતું. એ જ વર્ષે એનું ત્રીજું નાટક **‘Kabale and**

**Liebe'** - 'પ્રપંચ અને સ્નેહ' અહીં જ લખાયું ને ભજવાયું.

તે માનહાઈમમાંથી છૂટો થઈ કવિ થેઓડોરના પિતા કોઈર્નરની મદદથી ડ્રેસ્ડન ગયો. આ સમય દરમ્યાન તેણે **'Die Rheinische Thelia'** નામનું સામાયિક શરૂ કર્યું. સાથે સાથે તેણે તેનું પદ્યનાટક **'Don Karlos'** હપ્તે હપ્તે પ્રગટ કરવા માંડ્યું. ત્યારે તેની ઉંમર છવ્વીસ વર્ષની હતી.

ડ્રેસ્ડનમાં તેણે તત્વજ્ઞાનનો અભ્યાસ શરૂ કર્યો. એના જીવનનો એ પરિવર્તનકાળ હતો. તેણે **'Der Verbrecher aus verlorener Ehre'** નામે કથા પણ લખી. આ સમયે થયેલી ફ્રાન્સની રાજ્યક્રાંતિની તેના પર માર્મિક અસર થયેલી. અમેરિકન ક્રાન્તિ અને ત્રીસ વર્ષીય યુદ્ધની પ્રબળ અસરે તેને ઈતિહાસનો અભ્યાસ કરવા મજબૂર કર્યો. ફલતઃ ઈ.સ. ૧૭૮૮માં એનો ઈતિહાસ ગ્રંથ **'Geschichtedes Abfalla der Vereinigten vonder Spanischen Regieruny'** (નેધરલેન્ડનો વિદ્રોહ) નો પ્રથમ ભાગ પ્રગટ થયો. તેના આ ગ્રંથથી ગેટે પણ પ્રભાવિત થયેલો. તેની ભલામણથી ઈ.સ. ૧૭૮૯માં શિલર યેના વિશ્વવિદ્યાલયમાં ઈતિહાસના પ્રાધ્યાપક તરીકે નિમાયેલો.

પછી તે અભિજાત સાહિત્ય સર્જન તરફ વળેલો. તેને વૈરબુદ્ધિમાં કે હિંસાવૃત્તિમાં આસ્થા ન હતી. તેનું પ્રતિબિંબ તેના નાટક **'Maria Stuart'**માં પડ્યું છે. 'ડોન કાર્લોસ' નાટકની સફળતાથી આકર્ષાયેલા સાહિત્યપ્રેમી ઠાકોર કાર્લ આઉગુસ્ટે તેને વાઈઝરમાં વસવા આમંત્રણ આપ્યું. વાઈઝર જ્યારે અહીં વસવાટ કરવા આવ્યો ત્યારે વાઈઝરનો રાજદરબાર માર્ટિન વિલાન્ડ અને ગેટે જેવા સાહિત્યસ્વામીઓથી ઊજળો હતો. અહીં તેણે ઈ.સ. ૧૭૯૧થી ઈ.સ. ૧૭૯૩ દરમ્યાન 'ડી ગેશિષ્ટે ડેસડ્રાઈસિગિયારિગન ક્રિગેસ' (ત્રીસ વર્ષીય યુદ્ધનો ઈતિહાસ) ગ્રંથની રચના કરી.

અહીં તેણે ગ્રીક અને ભારતીય સાહિત્યનો અભ્યાસ કર્યો. સાથે ફ્રાન્સ અને લેટિન ભાષાનું પરિશીલન વધાર્યું. પરિણામે તે એક શ્રેષ્ઠ અનુવાદક તરીકે ઊભરી



આવ્યો. તેણે વિવિધ ભાષાઓના ઉત્તમ ગ્રંથોને જર્મન ભાષામાં ઉતાર્યા. 'ટ્રોજન વીમેન', 'આ એનાઈડ', 'મેકબેથ', 'ટુર્નાડોટ' તથા ફ્રેન્ચ નાટકોના ઉત્તમ અનુવાદો આપ્યા. કાલિદાસના 'શાકુંતલે' શિલર ઉપર એવાં કામણ કરેલાં કે ઈ.સ. ૧૭૯૫માં વિલ્હેમ હુમ્બોટ પરના એક પત્રમાં એણે લખેલું કે, ''સમસ્ત પ્રાચીન ગ્રીક સાહિત્યમાં સુંદર નારીત્વ અને સુંદર પ્રેમનું એકપણ એવું ચિત્ર ઉપલબ્ધ નથી જે શંકુતલાની સમકક્ષ ઊભું રહી શકે.''

વાઈઝરમાં ઈ.સ. ૧૭૯૦માં રૂડોલસ્ટાટના લેંગેફેલ્ટ કુંટુબની શાર્લોટે સાથે તેણે લગ્ન કરેલું. પણ એ લગ્ન તેને માટે જાણે અપશુકનિયાળ નીવડ્યું હોય તેમ બીજે જ વર્ષે એ ભયંકર રોગમાં સપડાયો, જે છેવટે તેનો જીવ લઈને જ ઝંપ્યો.

ગેટેની સાથે તેણે **'Zenien'** નામે ચારસો કાવ્યોની કાવ્યમાળા પ્રગટ કરેલી. ગેટે જેટલો મહાન કવિ ન હોવા છતાં શિલર નાટ્યકાર અને ગાતા-ગીતકાર તરીકે તેને આંબી જાય એવો હતો. તે એક આદર્શવાદી સર્જક હતો. તેનાં નાટકોએ જર્મન સાહિત્યમાં એક નવા યુગનું નિર્માણ કરેલું. )'વિલ્હેમ ટેલ' તેનું સીમાચિહ્ન રૂપ નાટક છે. આ નાટકની સાથે જ તેના જીવનનું નાટક પણ પૂરૂ થયેલું. જગત સાહિત્યના ચરણે આ નાટકની ભેટ ધર્યા પછી ૯ મે, ઈ.સ. ૧૮૦૫માના રોજ એ પાર્થિવ દુનિયાનો ત્યાગ કરીને પરલોકના પંથે પ્રયાણ કરી ગયેલો.

●



# (૧૬૫)
# કૈફી આઝમી
## (અવસાન : ૧૦ મે, ઈ.સ. ૨૦૦૨)

હિન્દી ફિલ્મ જગતના મશહૂર શાયર અને આજના જમાનાના 'ગાલિબ' એવા કૈફી આઝમીનો જન્મ ૧૯, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૧૯ના રોજ ઉત્તરપ્રદેશના આઝમગઢ જિલ્લાના મિજવા નામના ગામમાં થયો હતો. જમીનદારના આ પુત્રનું ખરૂં નામ તો અખ્તર હુસૈન રિઝવી હતું. અગિયાર વર્ષની નાની ઉંમરે અખ્તર હુસૈને લખેલી ગઝલને એ જમાનાની પ્રસિદ્ધ ગાયિકા બેગમ અખ્તરે ગાયેલી. કેવું અદભૂત આશ્ચર્ય ! તેમણે એક મુશાયરામાં કહેલું કે, ''મૈં ગુલામ હિન્દુસ્તાનમેં પૈદા હુઆ હું, આઝાદ ભારતમેં જીયા હું, ઔર સમાજવાદી ભારતમેં મરૂંગા.''

અભ્યાસકાળથી જ પ્રગતિવાદની કેડી પકડી લેનારા તેમણે '૪૨ની 'ભારત છોડો' ચળવળમાં ભાગ લઈ કોલેજનો ત્યાગ કરેલો. તેઓ ઓગણીસ વર્ષના હતા ત્યારે કમ્યુનિસ્ટ પાર્ટીના સભ્ય થઈ ગયેલા. ઈ.સ. ૧૯૪૩ના એક ટ્રેડ યુનિયનના કાર્યકર્તા તરીકે મુંબઈ આવેલા. અહીં આવ્યા પછી કમ્યુનિસ્ટ પાર્ટીના મુખપત્ર 'કોમીજંગ'નું સંપાદન સંભાળેલું. રંગભૂમિની કલાકાર સૌકત સાથે તેમણે નિકાહ પઢી લીધા હતા. ઉર્દુ ભાષા ઉપર સારૂં પ્રભુત્વ ધરાવતા તેમણે ઈ.સ. ૧૯૪૮થી ફિલ્મ જગતમાં ગીતકાર તરીકે પ્રવેશ કરેલો ફિલ્મ 'બુઝદિલ'થી. બસ પછી તો ગીતકાર તરીકે છવાઈ ગયેલા. તેમણે લખેલા ગીતોએ એક હવા ઊભી કરેલી. 'શમા', 'કાગઝ કે ફૂલ', 'હકીકત', 'પાકીઝા', 'સોલા ઔર શબનમ', 'અર્થ', 'અનુપમા', 'હંસતે જખ્મ', 'મંથન', 'હીર રાંઝા', 'શગુન', 'હિન્દુસ્તાં કી કસમ', 'નિહાલ', 'નસીબ', 'ફિર તેરી કહાની યાદ આયી' અને



'તમન્ના' જેવી ફિલ્મોનાં ચિરસ્મરણીય ગીતો-ગઝલો લખેલાં. તેમના કેટલાંક ગીતો તો આજેપણ આપણા હૈયા પર રાજ કરે છે.

તેઓ એક અચ્છા શાયર હતા. 'ઝંકાર', 'આવારા સજ દે', 'નયી ગુલિસ્તાં' અને 'રમા રાય' જેવા કાવ્યસંગ્રહો તેમણે આપ્યા છે. તેમની કવિતા-ગીતો અને ગઝલો જીવનની વાસ્તિવક સમસ્યાઓને વાચા આપે છે. તેઓ સંવેદનશીલ શાયર હતા. તેમણે તેમની શાયરીને વેદનાના રંગે રંગી છે. તેમની રચનાઓમાં તેમણે જીવનના ખરલમાં દર્દને ઘૂંટીને વેદનાને એવી નીચોવી છે જાણે...

તેમણે મુંબઈમાં આવ્યા પછી 'ઈન્ડિયા પીપલ્સ થિયેટર'- ઈપ્ટાની સ્થાપના કરેલી. તેમણે એવી જ એક બીજી સંસ્થા'પ્રોગ્રેસીવ રાઈટર્સ એસોસિયેશન'ની પણ સ્થાપના કરેલી. સામ્યવાદી વિચારસરણી ધરાવતા તેઓ બે વાર જેલમાં પણ જઈ આવેલા. તેમણે જીવનભર સાંપ્રદાયિકતાનો વિરોધ કરેલો. આથી તેમને કેટલાંક લોકોનો ખોફ પણ વહોરવો પડેલો. તેઓ એક સાચા રાષ્ટ્રભક્ત હતા. તેથી તેઓ લોકપ્રિય પણ હતા. તેમની કવિતા કે શાયરી ક્યારેય સાંપ્રદાયિકતાનો સ્પર્શ પામી નહતી. તેમણે તો ગાયું છે -

'કોઈ જાહેર કરી દે કે હું દરિયો છું
તો મારો દાવો છે કે નથી એકેય બુંદ મારૂં,
આજે હું જાતે લખું છું મારૂ ભવિષ્ય,
આ નસીબ ડરામણું નથી મારા માટે
વાંચી શકે છે તેઓ મારી હથેળીના લેખ
મારા અનામતની ગુપ્ત ભાષા તો
કુરાન અને ગીતાના ભાષ્ય જેવી છે
ઘેરાયેલી, પુરાયેલી તરંગિત રેખાઓ
સીતાની માફક નસીબની રાહ જુએ છે
ક્યારે ફરશો પાછા મારા મોંઘેરા રામ

નક્કી કરી શકતો નથી કશું હું '

કમ સે કમ રાવણે તો આ તરફની યાત્રા આદરી જ હશે.

તેમણે તેમને અપાયેલો 'પદ્મશ્રી' એવોર્ડ પાછો વાળેલો. તેમને ઈ.સ. ૧૯૭૫માં 'સોવિયેત લેન્ડ નહેરૂ એવોર્ડ'થી સન્માનાયા હતા. ઉપરાંત તેમણે 'યુવાભારતી એવોર્ડ', 'એશિયન રાઈટર્સ લોટ્સ એવોર્ડ', 'કેન્દ્રિય સાહિત્ય અકાદમી એવોર્ડ' પણ પ્રાપ્ત કરેલા.

મુંબઈના જુહૂ વિસ્તારમાં આવેલા તેમના નિવાસસ્થાન 'જાનકી કુટિર'માં જીવેલા તેમણે મુંબઈની જશલોક હોસ્પિટલમાં દમની બિમારીને કારણે ૧૦ મે, ૨૦૦૨ના રોજ દેહ મૂકી દીધેલો.

●





(૧૬૬)

# મૃણાલિની સારાભાઈ

## ( ૧૧ મે, ઈ.સ. ૧૯૨૮)

નૃત્યકલાને જ જીવન માનનારાં અને વિશ્વખ્યાતિ પ્રાપ્ત નૃત્યાંગના મૃણાલિનીનો જન્મ કેરળના વિખ્યાત એડવોકેટ સ્વામીનાથનના ઘરમાં ૧૧ મે, ૧૯૨૮ના રોજ થયો હતો. તેમની માતા સંસદ સભ્ય ઉપરાંત જાણીતાં સમાજસેવિકા હતાં. મૃણાલિની અગિયાર વર્ષના હતાં ત્યારે બિમાર પડેલાં. તેથી તેમને હવાફેર માટે તેમના પિતાએ તેમને પ્રાકૃતિક રમણીયતાથી ભરપૂર દેશ સ્વીટ્ઝરલેન્ડ મોકલેલાં. તેમની તબિયત સારી થઈ જતાં પશ્ચિમના 'બેલે' નૃત્ય તથા રશિયન નૃત્ય અને ગ્રીક નૃત્યની તાલીમ લીધી હતી. ભરતનાટ્યમના તો તેઓ પારંગત નૃત્યકાર હતાં. તેઓ ટાગોરના 'શાંતિનિકેતન'માં ત્રણ વર્ષ રહ્યાં હતાં. તેમણે નૃત્યુ ગુરૂ કુંજકુરૂપ્ પાસેથી કેરળના કથકલી નૃત્યની તાલીમ લીધી હતી.

આપણા પ્રસિદ્ધ વૈજ્ઞાનિક વિક્રમ સારાભાઈ બેંગ્લોરમાં 'ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સમાં' સી.વી. રામનના માર્ગદર્શન હેઠળ અભ્યાસ કરતા હતા ત્યારે મૃણાલિની સ્વામીનાથન નૃત્ય સાધના કરી રહ્યાં હતાં. ઠેકઠેકાણે એમના નૃત્યના કાર્યક્રમો યોજાતા વિક્રમભાઈને નૃત્યમાં અધિક રૂચિ હતી. તેઓ મૃણાલિનીના નૃત્ય કાર્યક્રમમાં અચૂક હાજરી આપતા હતા. વખત જતાં બંને વચ્ચે તારામૈત્રક રચાયું. બંને એકબીજા પ્રત્યે આકર્ષાયાં. બંનેના હૈયામાં એકબીજા માટે પ્રેમના અંકુર ફૂટ્યા. છેવટે તેઓ લગ્ન કરી પરસ્પરનાં જીવનસાથી બની ગયાં. બંન્નેએ ઈ.સ.૧૯૪૩માં લગ્ન કરી લીધાં હતાં.ઈ.સ. ૧૯૪૫માં વિક્રમભાઈ અભ્યાસર્થે કેમબ્રિજ ગયા ત્યારે પણ મૃણાલિની તેમની સાથે ગયેલાં.

વિક્રમભાઈને પી.એચ.ડી.ની ડિગ્રી મળ્યા બાદ બંને પરત આવેલાં.

વૈજ્ઞાનિક સંશોધને જીવનનું ઈષ્ટકાર્ય માનતા ડો. વિક્રમે અમદાવાદમાં PRL ની સ્થાપના કરી. મૃણાલિનીએ નૃત્યની સાધના આરંભી. પતિની પ્રેરણાથી તેમણે અમદાવાદમાં ઈ.સ. ૧૯૪૯માં 'દર્પણ' અકાદમી સ્થાપી. આજે ભારતના અનેક રાજ્યોમાંથી નૃત્યની તાલીમ લેવા લોકો અહીં આવે છે. મૃણાલિનીની નૃત્યકાર તરીકેની કારકિર્દીમાં ડૉ. વિક્રમનો બહુમૂલ્ય ફાળો છે. મૃણાલિનીબહેનના ફ્રાન્સના પાટનગર પેરિસમાં યોજાયેલા સૌથી પહેલાં નૃત્યના જાહેર કાર્યક્રમમાં સ્ટેજ મેનેજરની જવાબદારી ડૉ.વિક્રમે સંભાળી હતી.

મૃણાલિનીબહેનને પુત્ર કાર્તિકેય અને પુત્રી મલ્લિકા એમ બે સંતાનો છે. માતાના સંસ્કાર પામેલી મલ્લિકા પણ સારી નૃત્યકાર અન ફિલ્મ અભિનેત્રી છે. મૃણાલિનીબહેને નૃત્યકલાક્ષેત્રે તેમણે અનેક પારિતોષિકો મેળવેલાં છે. ઈ.સ. ૧૯૬૦માં મેક્સિકો ઓલિમ્પિકમાં સમૂહ નૃત્યનું નેતૃત્વ કરવા બદલ તેમને સુવર્ણચંદ્રક મળેલો છે. તેમની નૃત્યનાટિકાઓ અમેરિકાના સી.બી.એસ. ટેલિવિઝન પરથી પણ રજૂઆત પામી ચૂકી છે.

તેમણે દેશની સ્વતંત્રતાની ચળવળમાં પણ હિસ્સો લીધો હતો. તે વખતે અંગ્રેજ પોલીસની બંદૂકમાંથી છૂટેલી ગોળીથી તેમની જમણી આંખ પર ઈજા થઈ હતી. આજે પણ એ ઈજા ખોડ બની રહી જવા પામી છે. તેમની નૃત્યની સાધનાને તેમની ઉંમર અટકાવી શકી નથી. જૈફ વયે પણ તેઓએ નૃત્યની આરાધના કરવાનું છોડ્યું નથી. તેમણે નૃત્યના વિષય ઉપર અનેક ગ્રંથો રચ્યા છે. તેમની તાલીમ અને માર્ગદર્શન હેઠળ અનેક નૃત્યકારો તૈયાર થયેલા છે.





## (૧૬૭)

# ફ્લોરેન્સ નાઈટિંગેલ

## ( ૧૨ મે, ઈ.સ. ૧૮૨૦)

ક્રિમિયાના યુદ્ધની દેવી અને પરિચારિકા એવી ફ્લોરેન્સ નાઈટિંગેલનો જન્મ ઈંગ્લેન્ડમાં એક ગર્ભશ્રીમંત પરિવારમાં ૧૨, મે, ઈ.સ. ૧૮૨૦ના રોજ થયો હતો. જે જમાનામાં એક નર્સની કામગીરી સમાજની દૃષ્ટિએ અત્યંત નિમ્ન કક્ષાની ગણાતી હતી ત્યારે તેણે નર્સ બની દીનઃદુખિયાની સેવા કરવાનું નક્કી કર્યું હતું. રૂઢિચુસ્ત સમાજમાં નર્સનું કામ કરવાની પરવાનગી ન મળવા છતાં ચોરીછુપીથી નર્સિંગનું શિક્ષણ લઈ તેણે એક હોસ્પિટલમાં સુપ્રિટેન્ડન્ટનું પદ મેળવી લીધું. દોમ દોમ સાહ્યબી ધરાવતા પરિવારમાં એ જન્મેલી હોવા છતાં માનવસેવા માટે એ તડપતી હતી. એનું હૈયું કરૂણાથી છલકાયેલું હતું. દરેક માનવીમાં એને ઈશ્વરનાં દર્શન થતાં હતાં.

સમાજની નજરે ત્યારે ચારિત્ર્યહીન ગણાતા વ્યવસાયને એણે સ્વીકારી લીધો. પરિચારિકાની બદનામ દુનિયામાં વિશ્વાસપૂર્વક એણે પ્રવેશ કર્યો હતો. અનેક કામગીરી વચ્ચેથી સમય કાઢી તેણે શરીરશાસ્ત્ર અને આરોગ્ય શાસ્ત્રનો અભ્યાસ કરેલો. તેનો પરિવાર તેની આ તુચ્છ અને હલકટ કામગીરીથી નારાજ હતો. છતાં તેણે આ કામગીરીને જીવનધ્યેય બનાવી લીધી હતી.

જર્મનીમાં જઈ તેણે પરિચારિકાની તાલીમ લીધી. તેને પેરિસમાં હોસ્પિટલની મુલાકાત લેવાની પરવાનગી મળી ગયેલી. ત્યાંથી લંડન પાછી ફરી હાર્બે સ્ટ્રીટમાં આવેલ સજ્જન ઘરની બિમાર સ્ત્રીઓના આરોગ્યધામમાં બિમારોની દેખભાળ કરવાની કામગીરી તેણે સંભાળી. તેની અહીંની કામગીરીની ઈનામરૂપે ક્રિમિયાના યુદ્ધ મોરચે ઘવાયેલાઓની સેવા કરવા જનારા એક પરિચારિકાઓના જૂથની

નેતા તરીકે તેની પસંદગી થઈ.

ઈંગ્લેન્ડ અને રશિયા વચ્ચે ચાલતા ક્રિમિયન યુદ્ધમાં તે ઈ.સ. ૧૮૫૪માં ૩૮ નર્સોની ટુકડી લઈ યુદ્ધભૂમિ પર પહોંચી ગયેલી.બિમારોની સેવા પાછળ તે ૨૦-૨૨ કલાક ગાળતી. તેના પ્રેમભર્યા વ્યવહારથી સૈનિકો સાજા થઈ જતા. રાત્રે હાથમાં ફાનસ લઈ જાત તપાસ માટે બધે ફરી વળતી. આથી બધા સૈનિકો તેને લેડી વિથ ધ લેમ્પ તરીકે ઓળખતા.

તેના અહીં આવવાથી પવિત્ર વાતાવરણ ઊભું થયું. ઘણી બધી બાબતોમાં મોટું પરિવર્તન આવેલું. તે સૈનિકોનાં વસ્ત્રો ધોવાય તે બાબતની અને પથારીઓ ધોવાની સ્વયં કાળજી રાખતી. તેણે ત્યાં લોન્ડ્રી પણ શરૂ કરાવેલી. સર એલેક્ઝાન્ડર મૂરે તેની સેવાઓને બિરદાવી હતી. તેણે પાણી ગરમ કરવા માટે બંબા પણ મૂકાવેલા. સૈનિકોની પત્નીઓને તેણે કપડાં ધોવાના કામે લગાડી દીધી હતી. તેણે વધુ બિમાર સૌનિકો માટે યોગ્ય ખોરાક મળે તેની વ્યવસ્થા પણ ગોઠવી હતી. દવા અને બીજી ચીજો માટે ભંડારઘર બનાવ્યું હતું.

નીડર અને હિંમતવાન ફ્લોરેન્સે સરકારી અમલદારોની પરવાનગી વગર નવાં કપડાંની ગાંસડીઓ ખોલી સૈનિકોને નવાં કપડાં પહેરવા આપી દીધેલાં તેથી તેના પર સરકારી નિયમોનું ઉલ્લંઘન કરવાનો આરોપ મૂકવામાં આવેલો. છતાં તે ના તો ગભરાયેલી કે ના તો હિંમત હારેલી. તેણે પોતાની બદનામીની દરકાર કર્યા વગર ઘવાયેલા સૈનિકોની સેવા કરવાનું ચાલુ જ રાખેલું. આથી કેટલાક ઈર્ષ્યાળુ અમલદારોએ તેના કામમાં વિઘ્નો ઊભાં કરવાની કોશિશ કરેલી.

ઉપરાંત ઘેર પૈસા મોકલવા ઈચ્છતા સૈનિકોની સરળતા માટે તેણે એક ટપાલ કચેરી પણ શરૂ કરાવેલી. તેણે સારા ભોજન માટે 'ઈન્ફરમેન કાફે' શરૂ કરાવેલી. તેણે શરાબ પીતા સૈનિકોને શરાબ પણ છોડાવેલો. ઘવાયેલા સૈનિકોના મનોરંજન માટે તેણે રમતજગતનાં સાધનોની વ્યવસ્થા કરાવેલી. વળી, સૈનિકોની વાચનભૂખ સંતોષવા તેણે પુસ્તકાલય અને વાંચનખંડ પણ ઊભાં કરાવડાવેલાં.



આ બધું કરવા પાછળ ફ્લોરેન્સ નાઈટિંગેલનો મુખ્ય હેતુ પરિચારિકાના વ્યવસાયને શિસ્તબદ્ધ અને માનભર્યો ઉમદા વ્યવસાય બનાવવનો હતો. તે પરિચારિકાના વ્યવસાયમાં પ્રવિણ હતી. એક કુશળ વ્યવસ્થાપક હતી. નિરીક્ષક હતી. સફળ શિક્ષિકા હતી. તે પ્રેમ અને કરૂણાથી સેવા કરતી. ચેપી રોગના દર્દીઓની સેવા કરતાંય તે ખચકાતી નહીં કે દર્દીઓને આશ્વાસન આપી ધીરજ બંધાવતી. તે દર્દીનો સાથ છોડતી નહીં. દયાની સાક્ષાત દેવી રૂપે તે દર્દીઓની આસપાસ ઘૂમતી રહેતી.

ઈ.સ. ૧૮૫૬ના માર્ચ મહિનામાં પેરિસમાં યુદ્ધવિરામના સંધિખત ઉપર સહીસિક્કા થતાં દયાની સાક્ષાત્ દેવીને મળવા, સન્માનવા આખું ઈંગ્લેન્ડ અધીરૂં બની ગયું હતું. ઈંગ્લેન્ડની સરકારે માનપૂર્વક તેને ઈંગ્લેન્ડ તેડી લાવવા ખાસ વિમાનની વ્યવસ્થા કરેલી. પણ તેણે તેનો વિનમ્રતાપૂર્વક અસ્વીકાર કરેલો. તે તો કોઈનેય ખબર ના પડે એ રીતે એક સ્ટીમરમાં બેસીને પોતાને ઘેર પહોંચી ગયેલી. તેણે પોતાની માટે કોઈ સન્માન સમારંભ યોજવાની પણ ઘસીને ના પાડી દીધી હતી. તેનેમાટે લોર્ડ સ્ટેનલીએ કહેલું કે, ''ફ્લોરેન્સે સહુને માટે એક નવા પ્રકારના વ્યવસાયનાં દ્વારા ખોલી દીધાં છે. મહાન ઉપયોગિતાનું એક વર્તુળ એણે સર્જી દીધું છે. માનવતાની સેવાની અનોખી પ્રવૃતિની તે પ્રણેતા બની ગઈ છે.''

આ મહાન જનસેવિકા જ્યારે માંદગીના બિછાને પડી ત્યારે બ્રિટનની પ્રજાએ તેના સેવાકાર્યની કદરરૂપે તેના 'સાઉથ સ્ટ્રીટ'ના નિવાસસ્થાને એક થેલી અર્પણ કરેલી. તેમાંથી પરિચારિકાઓને તાલીમ આપવાની એક શાળા શરૂ કરવામાં આવેલી. તેમાંથી બહાર પડેલી પરિચારિકાઓએ ઈંગ્લેન્ડની ગરીબ હોસ્પિટલોને સુધારી નવસર્જનનો ચીલો ચાતર્યો હતો. ડૉ. થોમસની પરિચારિકા શાળાને સુશિક્ષિત, શિસ્તબદ્ધ, તાલીમ, કરૂણાસભર અને સજ્જન પરિચારિકાઓને નવા અવતારે અવતારી હતી. જે જગતની પ્રેરણામૂર્તિ બની ગયેલી.

આજે ફ્લોરેન્સની યાદ અપાવતું વિશાળ પૂતળું લંડનના સ્મારક સ્તંભ પર ઊભેલું છે. માનવતાની આ મહામૂર્તિએ ૧૩, ઓગસ્ટ, ૧૯૧૦ના રોજ સદાને માટે આંખો બંધ કરી લીધી હતી.

●





(૧૬૮)

## રમણલાલ વ. દેસાઈ

( ૧૨ મે, ઈ.સ. ૧૮૯૨)

ગાંધીયુગના લોકપ્રિય સામાજિક નવલકથાકાર, વાર્તાકાર, નાટ્યકાર અને વિવેચક એવા યુગમૂર્તિ સાહિત્યકાર રમણલાલ વસંતલાલ દેસાઈનો જન્મ નર્મદાકાંઠે વસેલા વડોદરા જિલ્લાના સિનોર ગામે વડનગરા નાગર કુંટુંબમાં થયો હતો. તેમનું મૂળ વતન તો કલોલ. સાહિત્યના સંસ્કાર તેમને પિતા તરફથી મળેલા.તેમના પિતા વડોદરામાં 'દેશભક્ત' નામનું અઠવાડિક ચલાવતા હતા. સાહિત્યની સાથે બાળપણથી જ તેઓ વ્યાયામ અને રમતગમતના શોખીન હતા. તેમના પિતાનું 'નૂતનવિલાસ' નામનું મુદ્રણાલય હતું. પિતા અજ્ઞેયવાદી હતા, પણ તેમનાં માતા ચુસ્ત વૈષ્ણવ જ હતાં.

વડોદરાની શાળામાં ભણતા હતા ત્યારે રમણલાલે 'વિદ્યાર્થીભૂષણ' નામના હસ્તલિખિત પત્રની જવાબદારી સંભાળેલી. તેઓ નાટકોના પણ એટલા જ શોખીન હતા. ઈ.સ. ૧૯૦૮માં તેમણે મેટ્રીક્યુલેશનની પરીક્ષા પાસ કરેલી. ઈ.સ. ૧૯૧૨માં કૈલાસવતી સાથે તેમનું લગ્ન થયું હતું. ઈ.સ. ૧૯૧૪માં બી.એ.ની પરીક્ષામાં વડોદરા કોલેજમાં સૌથી પ્રથમ આવવાથી તેઓને ફેલોશીપ પ્રાપ્ત થયેલી. ઈ.સ. ૧૯૧૬માં અંગ્રેજી અને ગુજરાતી સાહિત્યના વિષયો સાથે એમ.એ.ની પરીક્ષા પાસ કરીને તેઓ વડોદરા રાજ્યની હજૂર કચેરીમાં હેડ કલાર્કની જગા પર નોકરીમાં જોડાયેલા.

તેમણે વિયેના અને રશિયાનો પ્રવાસ કરેલો. ગાંધીજીના જીવનાદર્શો તથા રાષ્ટ્રીય ચળવળને બારીકાઈથી અભ્યાસ કરેલો. રાષ્ટ્રીય ચળવળમાં પ્રત્યક્ષ રીતે જોડાયેલા નહોતા, છતાં તેમણે તેમના સાહિત્ય દ્વારા નવી પેઢીના યુવાનોને

પ્રેરણા આપેલી. મહાત્માજીના ગ્રામોદ્ધારના વિચાર અને કાર્યને તેમણે તેમની નવલકથાઓના માધ્યમથી પ્રજા સુધી પહોંચતો કરેલો. એમની 'દિવ્યચક્ષુ' નવલકથા દ્વારા રાષ્ટ્રભક્તિને ઉજાગર કરી છે. તો 'ગ્રામલક્ષી' નામની ચાર ભાગના વિશાળ પટમાં વિસ્તરેલી નવલકથા ગાંધી યુગના ગ્રામાભિમુખ દૃષ્ટિકોણને મૂર્તિમંત કર્યો છે. વડોદરાના શિક્ષણ અને સાહિત્યપ્રિય મહારાજા સયાજીરાવ ગાયકવાડના અંગત સેક્રેટરીના હોદા સુધી પહોંચી ગયેલા ર.વ. દેસાઈએ ઈ.સ. ૧૯૧૭થી સાહિત્યજગતમાં પગ મૂકેલો. ઈ.સ. ૧૯૨૦માં તેમણે લખેલા નાટક 'સંયુક્તાથી' તેઓ નાટ્યકાર તરીકે ખૂબ પ્રસિદ્ધિ પામેલા. ગાયકવાડ સરકારે તેમનું 'રાજરત્ન' નો ખિતાબ આપી બહુમાન કરેલું.

તેમણે તેમના સાહિત્યમાં એક આખો યુગ ઝીલ્યો હતો. તેથી સમર્થ વિવેચક વિશ્વનાથ મગનલાલ ભટ્ટે તેમને 'યુગમૂર્તિ વાર્તાકાર' કહી બિરદાવેલા. તેઓ તેમની કથાઓ દ્વારા વીસમી સદીના ચોથા દશકામાં ગુજરાતી સાહિત્યમાં પૂરેપૂરા છવાઈ ગયા હતા. તેમની નવલકથાઓની અનેક આવૃતિઓ આજ સુધી પ્રગટ થઈ છે તે તેમની લોકપ્રિયતાને સાબિત કરે છે. 'દિવ્યચક્ષુ' અને 'ભારેલાં હૈયા' નવલકથાઓએ વાચકો પર ભારે કામણ કર્યા હતા. ઈ.સ. ૧૯૩૩થી ૧૯૩૭ના ગાળામાં ચાર ભાગમાં લખાયેલી 'ગ્રામલક્ષ્મી' નવલકથામાં ગ્રામ્યજીવન અને ગ્રામ્ય સેવાભાવનાનું નિરૂપણ થયેલું છે. તેઓ ગો.મા. ત્રિપાઠી પછીના પહેલાં ગણનાપાત્ર લેખક હતા કે જેમણે વિસ્તારપૂર્વક ગાંધી સંદેશને પૂરી પ્રમાણિકતાથી નવલકથામાં નિરૂપી બતાવ્યો છે. ઈશ્વર પેટલીકરે રમણલાલને અદૃષ્ટ પ્રેરણામૂર્તિ તરીકે સ્વીકારેલા.

તેમણે વડોદરામાં 'કલાકેન્દ્ર' નામની સંસ્થા સ્થાપી હતી. વડોદરાના મહાન આખ્યાન કવિ પ્રેમાનંદની સ્મૃતિમાં ચાલતી 'પ્રેમાનંદ સાહિત્યસભા' ના તેઓ વર્ષો સુધી પ્રમુખ રહેલા. પાંત્રીસ વર્ષની ભરયુવાનવયે પત્નીનું અવસાન થવા છતાં તેમણે બીજું લગ્ન કરેલું નહીં. તેમના સર્જનનો હેતુ કલા ખાતર કલા નહીં, પણ જીવન ખાતર કલા હતો. તેમણે લોકભોગ્ય નવલકથાઓનું સર્જન કરીને લોકોના હૃદયસિંહાસન પર સ્થાન જમાવેલું. તેમણે તેમના સાહિત્ય દ્વારા વ્યાયામ, પ્રવૃતિ, ગ્રામશિક્ષણ, ગ્રામોદ્ધાર, અહિંસા, દલિતોદ્ધાર, અસ્પૃશ્યતા નિવારણ , હિન્દુ-મુસ્લિમ ઐકેય, વર્ગભેદની નાબૂદી અને પતિતોદ્ધારા જેવા પ્રશ્નોની છણાવટ કરેલી છે. ગુલાબદાસ બ્રોકરે તેમના વિશે કહ્યું છે કે, '' રમણલાલ દેસાઈએ ગુજરાતની યુવાન પેઢીને તાજગીભર્યો પવિત્ર પ્રેમ આપ્યો. એમણે ગુજરાતને પ્રેમ કરતાં શીખવ્યું. નિર્દોષ પવિત્ર પ્રેમ. જે સમાજનું આલેખન કરવાનું તેમણે સ્વીકાર્યું એ સમાજ તત્કાલીન સમાજ ન હતો.'' એમની વાર્તાઓ જનસમાજને સ્પર્શે એવી હતી.



તેમણે લગભગ ૫૬ જેટલાં પુસ્તકો ગુજરાતી સાહિત્યને ચરણે ભેટ ધર્યાં છે. તેમણે જયંત, શિરીષ, કોકિલા, હૃદયનાથ, સ્નેહયજ્ઞ, દિવ્યચક્ષુ, પૂર્ણિમા, બંસરી, ગ્રામલક્ષ્મી ૧ થી ૪, પત્રલાલસા, ભારેલો અગ્નિ, ઠગ, ક્ષિતિજ, શોભના, હૃદયવિભૂતિ, છાયાનટ, પહાડનાં પુષ્પો ૧-૨, ઝંઝાવાત૧-૨, પ્રલય, કાલભોજ, સૌંદર્યજ્યોત, શૌર્યતર્પણ, બાલોજોહણ, સ્નેહસૃષ્ટિ, શચી પૌલોમી, ત્રિશંકુ, અને આંખના અંજન જેવી નવલકથાઓનું સર્જન કર્યું છે.

તેમના વાર્તાસંગ્રહોમાં ઝાકળ, પંકજ, રસબિંદુ, કાંચન અને ગેરૂ, દીવડી, ભાગ્યચક્ર, સતી અને સ્વર્ગ, ધબકતાં હૈયાં અને હીરાની ચમકનો સમાવેશ થાય છે. તેમણે સંયુક્તા, શંક્તિહૃદય અને અંજની જેવાં દીર્ઘ નાટકોના સર્જન સાથે પરી અને રાજકુમાર, તપ અને રૂપ, પુષ્પોની સૃષ્ટિમાં, ઉશ્કેરાયેલો આત્મા, કવિદર્શન, બૈજુ બાવરા અને વૈદેહી જેવા એકાંકી સંગ્રહો પણ આપ્યા છે. નિહારિકા અને શમણાં તેમના બે કાવ્યસંગ્રહો છે. મહારાણા પ્રતાપ, નાના ફડનવીસ, તેજચિત્રો અને માનવસૌરભ એમણે લખેલા ચરિત્રગ્રંથો છે. આ બહુમુખી વ્યક્તિત્વ ધરાવતું તેજસ્વી નક્ષત્ર ગુજરાતના સાહિત્યાકાશમાંથી બાસઠ વર્ષની ઉંમરે ૨૦ સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૫૪ના રોજ ખરી પડેલું.



## (૧૬૯)
# રાસીપુરમ કૃષ્ણાસ્વામી નારાયણ
## (અવસાન : ૧૩ મે, ઈ.સ. ૨૦૦૧)

તમે ટી.વી.ના ટચુકડા પડદા પર રજૂ થયેલી શ્રેણી માલગુડી ડેઈઝ રસપૂર્વક નિહાળી હશે. આ માલગુડી જેવા કાલ્પનિક સ્થળની આસપાસ અંગત પ્રસંગોની ગૂંથણી કરીને રસપ્રદ વાર્તાનું સર્જન કરનાર આર.કે. નારાયણનો જન્મ ૧૦ ઓક્ટોબર, ઈ.સ. ૧૯૦૬ના રોજ ચેન્નઈ ખાતે થયો હતો. અંગ્રેજી ભાષાના આ ભારતીય નવલકથા સર્જકે ચેન્નઈમાં જ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ લીધેલું. પછી મૈસુર વિશ્વવિદ્યાલયમાંથી તેઓ સ્નાતક થયેલા. સ્નાતક થયા પછી થોડો સમય તેમણે શિક્ષકનો વ્યવસાય સ્વીકારેલો. પણ પછી શિક્ષણનું ક્ષેત્ર છોડી તેમણે પત્રકારત્વના ક્ષેત્રમાં ઝંપલાવેલું.તેઓ 'જસ્ટિસ' નામના સમાચારપત્ર સાથે જોડાયેલા. સાથે સાથે 'ધ હિન્દુ' માં અંગ્રેજીમાં વાર્તાઓ લખવાનું તેમણે શરૂ કરેલું. આ સમયગાળામાં તેમણે તેમની પ્રથમ નવલકથા 'સ્વામી એન્ડ ફ્રેન્ડઝ'નું સર્જન કરેલું. પણ, અનેકવાર તેના માળખામાં ફેરફાર કરવા છતાંય તેનું પ્રકાશન થઈ શકેલું નહીં. આથી હારી-થાકીને તેમણે ગુસ્સામાં તે કથાની હસ્તપ્રત થેમ્સ નદીમાં ફેંકી દેવા ઈંગ્લેન્ડ મોકલી આપેલી. આ હસ્તપ્રત ઈંગ્લેન્ડમાં ગ્રેહામ ગ્રીન પાસે પહોંચેલી. તેઓ હસ્તપ્રત વાંચી પ્રભાવિત થઈ ઉઠેલા. અને એમની ભલામણથી ઈંગ્લેન્ડમાં પુસ્તકરૂપે એનું પ્રકાશન થયેલું.

ગ્રેહામ ગ્રીનને આર.કે. નારાયણમાં વાર્તાકાર ચેખોવની ઝાંખી થયેલી. એ નવલકથાના પ્રકાશન સાથે જ નારાયણનું નામ સિદ્ધહસ્ત નવલકથાકાર તરીકે



જાણીતું થઈ ગયેલું. ઈ.સ. ૧૯૩૫માં એ નવલકથાનું પ્રકાશન થયેલું. તે પછી તો તેમણે અંગ્રેજીમાં સોળ જેટલી નવલકથાઓનું સર્જન કરેલું. આ નવલકથાઓ છે, 'ધ ઈંગ્લીશ ટીચર' (૧૯૪૬), 'ધ ફિનાન્સયલ એક્સપર્ટ' (૧૯૫૨), 'વેઈટિંગ ફોર ધ મહાત્મા' (૧૯૫૫), 'ધ ગાઈડ' (૧૯૫૮), 'મેન ઈટર ઓફ માલગુડી' (૧૯૬૨), 'ધ વૅન્ડર ઓફ સ્વીટસ' (૧૯૬૭), અને 'ધ પેઈન્ટર ઓફ સાઈન્સ' (૧૯૮૦). તેમણે એમનાં સર્જનોમાં નદી, કમળ, સરોવર અને મંદિર જેવા પ્રતિકોનો બખૂબી ઉપયોગ કર્યો છે. એમના લેખન પર મહાત્મા ગાંધીની ખૂબ અસર પડેલી છે. એમની કૃતિઓ ઉપરથી હિન્દી અને અંગ્રેજીમાં ફિલ્મોનું નિર્માણ થયેલું છે. વિજય આનંદે બનાવેલી ફિલ્મ 'ગાઈડ'થી તમે અજાણ નહીં જ હો.

વાર્તાકાર તરીકે તેમની શૈલી જુદી જ ભાત ઉપસાવે છે. તેમને વિષયોની ખોટ ક્યારેય પડી ન હતી. 'ધ વ્હાઈટ ફ્લાવર' અને 'ધ સેવન્થ હાઉસ' જેવી તેમની વાર્તાઓમાં ધ ઈંગ્લીશ ટીચર જેવી નવલકથાનું વિષયવસ્તુ જુદા સ્વરૂપે રજૂ થયું છે. તેમની પ્રથમ નવલકથા 'સ્વામી એન્ડ ફ્રેન્ડઝ'નું પ્રતિબિંબ તેમની 'ડોડુ' અને 'ફાધર્સ હેલ્પ'વાર્તાઓમાં ઝીલાયેલું અનુભવાય છે. માલગુડીનો વાતોડિયો જણ ભારતીય ગ્રામ સમાજનનું પ્રતિનિધિત્વ કરે છે. તેઓ પ્રયોગશીલ નહીં પણ પારંપરિક ઢબના વાર્તાકાર હતા.

'માય ડેઝ' નામની એમણે એમની આત્મકથા પણ લખી છે. 'એ ડેટલેસ ડાયરી' એમની પ્રવાસકથા છે. 'નેક્સ્ટ સન્ડે' (૧૯૮૬), અને 'રિલક્ટન્ટ ગુરૂ' (૧૯૭૪), જેવા નિબંધસંગ્રહો પણ તેમના તરફથી મળેલા છે. 'વૉચ મેન ઑફ ધ લૅક'નામનું નાટક પણ તેમણે લખેલું છે.

કોમનવેલ્થના સાહિત્યકારોમાં તેઓ મોખરાનું સ્થાન ધરાવતા સાહિત્યકાર હતા. તેમણે લેખન સિવાય બીજો કોઈ વ્યવસાય સ્વીકારેલો નહીં. તેમને તેમની સાહિત્યસેવાની કદરરૂપે અનેક સન્માનો અને એવોર્ડો મળ્યા હતા. ભારત સરકારે

ઈ.સ. ૧૯૬૪માં પ્રતિષ્ઠિત 'પદ્મભૂષણ'નો ખિતાબ એનાયત કરવામાં આવ્યો હતો. એમણે કેટલાંક આંતરરાષ્ટ્રીય પુરસ્કારો પણ મેળવેલા. ભારત સરકારે એમને ઈ.સ. ૧૯૮૯માં રાજ્યસભામાં સભ્યપદે પણ નિયુક્ત કરેલા. એમની મોટાભાગની કૃતિઓનું અનેક ભારતીય ભાષાઓ અને વિદેશી ભાષાઓમાં રૂપાંતર થયું છે.

તેમનું જીવન અનેક સંઘર્ષોમાં પસાર થયેલું. જીવનમાં આર્થિક સંકડામણે એમને ચારેબાજુથી ઘેરી લીધેલા. તેમ છતાં એમના સર્જનોમાં ક્યાંય વેદનાનો બોજ પડ્યો હોય એમ લાગતું નથી. એમનું સર્જન હળવું ફૂલ જેવું છે. એમના બધાં પાત્રો ભારતીય સંસ્કૃતિના રંગે રંગાયેલાં છે. તેઓ સરળ અને રમૂજી સ્વભાવના હતા.

આવા મહાન અને પ્રતિષ્ઠિત સર્જક ૧૩ મે, ઈ.સ. ૨૦૦૧ ના રોજ આ ફાની દુનિયાનો ત્યાગ કરી અનંતની યાત્રાએ ચાલી નીકળેલા.

●







## (૧૭૦)

# મહેંદીનવાઝ જંગ

## ( ૧૪ મે, ઈ.સ. ૧૮૯૪)

પૂજ્ય શ્રી રવિશંકર મહારાજના આશીર્વાદ સાથે ૧ મે, ઈ.સ. ૧૯૬૦ના દિવસે મુંબઈ ઈલાકામાંથી અલગ ગુજરાત રાજ્યની સ્થાપના થઈ ત્યારે સૌપ્રથમ મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતાની સાથે નવરચિત ગુજરાત રાજ્યના સૌથી પહેલા રાજ્યપાલ થવાનું બહુમાન મેળવનાર પીઢ રાજનીતીજ્ઞ અને કુશળ વહીવટકર્તા મહેંદીનવાઝ જંગનો જન્મ આંધ્રપ્રદેશના હૈદરાબાદ મુકામે ૧૪ મે, ઈ.સ. ૧૮૯૪ના રોજ થયો હતો. ગુજરાતના રાજ્યપાલ તરીકે તેમણે ૩૧ જુલાઈ, ઈ.સ. ૧૯૬૫ સુધી સેવાઓ આપી હતી.

ઈ.સ. ૧૯૫૨થી ઈ.સ. ૧૯૬૦ દરમ્યાન આંધ્રપ્રદેશમાં પ્રધાનપદે રહી ચૂકેલા મહેંદી નવાઝ જંગ તેમના જીવનના છાસઠમા વર્ષે ગુજરાતના રાજ્યપાલપદે આરૂઢ થયા હતા. રાજ્યપાલપદે બિરાજતાં જ તેમણે ગુજરાતની પ્રજા સાથે પોતાની જાતને તાણાવાણાની જેમ ગૂંથી દીધી હતી. પરિણામે તેઓ ગુજરાતની પ્રજાનો સર્વાધિક પ્રેમ સંપાદન કરવામાં સફળ રહ્યા હતા. ગુજરાતની પ્રજા તેમને પ્રજા વત્સલ રાજકારણી તરીકે હરહંમેશ યાદ રહેશે.


ગુજરાત વિધાનસભાના માજી અધ્યક્ષ અને કચ્છના જાહેર જીવનના અગ્રણી કુંદનલાલ ધોળકિયાએ તેમના રાજકીય સંસ્મરણો આલેખતાં પુસ્તક 'સમયને સથવારે' માં મહેંદી નવાઝ જંગને 'સ્નેહનો મોરલો' અને 'અલ્લાહના ઓલિયા'કહીને બિરદાવ્યા છે. નવાબી રાજા નિઝામના હૈદરાબાદમાં જન્મેલા તેમના પોશાક અને પહેરવેશ, વાણી અને વર્તન, દિલ અને દિદાર નવાબી

વ્યક્તિત્વ ધરાવતા હતા. તેમની ઉર્દુ મિશ્રિત મીઠી ભાષા લોકહૃદયોને સ્પર્શી જતી હતી. તેમનું હૃદય અતિશય ઉદાર હતું. તેઓ અપાર કરુણાથી ભર્યાભર્યા હતા.

રાજ્યપાલપદે બિરાજેલા તે જ વર્ષે તેઓ ૨, જાન્યુઆરી, ૧૯૬૧ના દિવસે કચ્છની મુલાકાતે આવેલા અને આદિપુરથી માંડવી સુધીનો પ્રવાસ ખેડ્યો હતો. અમદાવાદમાં રેડક્રોસ સોસાયટી, કેન્સર હોસ્પિટલ, અંધજન મંડળ અને સમાજ સુરક્ષા પરિષદ જેવી અનેક સામાજિક સંસ્થાઓના નિર્માણ અને વિકાસમાં તેમનું અનન્ય પ્રદાન રહેલું છે.

ગુજરાતના રાજ્યપાલનું પદ પૂરાં સવા પાંચ વર્ષ સુધી તેમણે શોભાવ્યું હતું. ઈ.સ. ૧૯૬૫માં તેઓ ગુજરાતના રાજ્યપાલપદેથી નિવૃત્ત થયા હતા. તેમની શ્રેષ્ઠ રાજકીય કારકિર્દી અને બેનમૂન વહીવટી સેવાઓની કદર કરીને ભારત સરકારે તેઓ નિવૃત્ત થયા તે જ વર્ષે તેઓને 'પદ્મવિભૂષણ' નો ખિતાબ અર્પણ કરી વિભૂષિત કર્યા હતા. ગુજરાતના આ સૌ 'પ્રથમ નવાબી' રાજ્યપાલ ૨૯ જૂન, ઈ.સ. ૧૯૬૭ના રોજ ચિરનિદ્રામાં પોઢી ગયા હતા. અમદાવાદ શહેરના પાલડી વિસ્તારમાં આવેલો 'મહેંદી નવાઝ જંગ હૉલ' તેમની ચિરસ્મૃતિને વાગોળતો ઊભો છે.





## (૧૭૧)
# જગદ્ગુરૂ શંકરાચાર્ય
## ( ૧૫ મે, ઈ.સ. ૭૮૮)

ભારતમાં જ્યારે હિન્દુ ધર્મનો ક્ષય થઈ રહ્યો હતો ત્યારે ધર્મના પુનરૂત્થાન માટે ઝઝૂમનાર, ભારતીય સંસ્કૃતિના સાચા જ્યોતિર્ધર એવા વેદ-વેદાંતના પરમ જ્ઞાતા શંકરાચાર્યજીનો જન્મ દક્ષિણ ભારતના મલબાર પ્રાંતના કાબડી ગામે, પૂર્ણા નદીના કિનારે, નામ્બુદ્રીપાદ બ્રાહ્મણ કુળના શ્રી શિવગુરૂ અને માતા અંબાના ઘરમાં ૧૫ મે, ઈ.સ. ૭૮૮ એટલે કે વૈશાખ સુદ પાંચમના રોજ થયો હતો. દિવ્યતા અને પ્રાસાદિક જીવન લઈને અવતરેલા શંકરના ચૌલસંસ્કાર ત્રણ વર્ષની ઉંમરે થયેલા.

તેઓ બાળપણથી જ અલૌકિક અને દૈવી શક્તિ ધરાવતા હતા. બાળપણથી જ તેમણે પ્રાકૃત, માગધી અને સંસ્કૃત ભાષાઓનું તલસ્પર્શી જ્ઞાન મેળવી લીધું હતું. 'માધવીય શંકર વિજય' માં થયેલા ઉલ્લેખ પ્રમાણે તેમણે જન્મ પછીના પ્રથમ વર્ષે જ સંસ્કૃત મૂળાક્ષરો શીખી લીધા હતા. તેમણે તેમની આંતરપ્રજ્ઞાથી બીજે વર્ષે માતૃભાષા અને વાચનશક્તિ અને ત્રીજે વર્ષે કાવ્ય અને પુરાણોનું જ્ઞાન અર્જિત કરી લીધું બતું. સાત વર્ષની ઉંમરેનો તેઓ વેદ અને વેદાંગના પ્રકાંડ પંડિત તરીકે પંકાઈ ચૂક્યા હતા. તેમના ઉપનયન સંસ્કાર સંપન્ન થાય તે પહેલાં તેમના પિતાનું અવસાન થયેલું.

ચાર વર્ષની ઉંમરે તેઓએ વેદનો અભ્યાસ પૂર્ણ કરી દીધેલો. બાર વર્ષની વયે તેમણે સર્વશાસ્ત્રોમાં પારંગતતા પ્રાપ્ત કરી લીધી હતી. સોળમે વર્ષે બ્રહ્મસૂત્ર, શ્રીમદ્ ભગવદ્ ગીતા અને ઉપનિષદ- એ પ્રસ્થાનત્રયી પર ભાષ્યની રચના કરી હતી, જે શાંકરભાષ્ય તરીકે ઓળખાય છે. આઠમા વર્ષે તેમણે સંન્યાસી બનવાની

આંકાક્ષા સેવેલી. એક પ્રચલિત દંતકથા મુજબ પૂર્ણા નદીમાં નહાવા પડેલા શંકરનો પગ મગરે પકડી લીધેલો. ઘણા પ્રયત્નો કરવા છતાં મગરના મોંઢામાંથી પગ છૂટેલો નહીં. ત્યારે નદી કિનારે ઊભેલાં મા અંબા પાસે એમણે વચન માંગેલું કે જો તમે મને સંન્યાસી બનવાની રજા આપો તો કદાચ હું મોતના મુખમાંથી ઉગરી જાઉં. અને ચમત્કાર થયો હોય એમ મગરે શંકરનો પગ છોડી દીધેલો. આઠ વર્ષની કુમળી વયે તેમણે સંન્યાસ ધારણ કરેલો.

તેમનાં માતૃપ્રેમ અને માતૃભક્તિ અનન્ય હતાં. સંન્યાસીઓ માટે સાંસારિક સંબંધો અને સંસ્કારો વર્જ્ય હોવા છતાં લોકનિંદાની પરવા કર્યા સિવાય માતાના અંતિમ સંસ્કાર કરવા વતન કાલડી પરત ફર્યા હતા. તેમણે નર્મદા તટે આવેલી ઓમકાર માંધાતાની ગુફામાં નિવાસ અને સાધના કરતા ગોવિંદાચાર્ય નામે એક સંન્યાસી પાસેથી દીક્ષા ગ્રહણ કરી હતી. તં પછી તેમણે તેમનું અવતારકાર્ય પ્રભાવક રીતે શરૂ કર્યું હતું. તેમણે અદ્વૈતનો સિદ્ધાંત પ્રતિપાદિત કર્યો હતો. તેમનું જીવન અવિશ્રાંત કર્મયોગીનું જીવન હતું. તેમના જીવનમાં ભગવદ્‌ગીતાની બધી વાતો ચરિતાર્થ થયેલી દેખાય છે.

સોળ વર્ષની ઉંમરે પ્રસ્થાનત્રયી પર ભાષ્ય રચનાર શંકરાચાર્ય જ્ઞાન અને વૈદિક ધર્મનો ધ્વજ લઈને આખા ભારતમાં ઘૂમી વળેલા. પગપાળા ભારતભ્રમણ કરીને દેશને એકતાના સૂત્રમાં બાંધવા તેમણે દેશની ચારેય દિશામાં ધર્મપતાકાઓ લહેરાવી ચાર મઠોની સ્થાપના કરી હતી. તેમણે ઉત્તરમાં બદરીનાથ, દક્ષિણમાં શૃંગેરી, પશ્ચિમમાં દ્વારકા અને પૂર્વમાં જગન્નાથ પુરીમાં એમ ચાર મઠો સ્થાપેલા જે આજે પણ હિન્દુ ધર્મનું રક્ષણ કરતા રહ્યા છે.

શંકરાચાર્યના સમયે ભારત મુશ્કેલ સમયમાંથી પાસર થઈ રહ્યો હતો. વિવિધ મતમતાંમરો, અનેક દેવ-દેવતાઓની પૂજા, ધર્મની વાડાબંધી, મદ્યપાન, માંસાહાર, અંધશ્રદ્ધા જેવાં અનિષ્ટોમાં હિન્દુ ધર્મ અને સંસ્કૃતિ વિસારે પડતાં ગયેલાં. આ સમયે તેમણે એક પ્રબળ ધર્મસુધારક અને સમાજસુધારક તરીકેની



ભૂમિકા ભજવી હિન્દુ ધર્મનું રક્ષણ કર્યું હતું.

તેઓ અદ્વૈતના ઉપાસક હતા. તેમણે વિવિધ સંપ્રદાયો વચ્ચે એકના સાધવા પંચાયતનપૂજાની હિમાયત કરેલી. તેઓ પ્રખર તત્વજ્ઞાની ઉપરાંત કવિ પણ હતા. સંસ્કૃત ભાષામાં રચેલાં તેમના સ્તોત્રો એવાં તો મધુર છે કે માત્ર તેમનું ગાન કરવાથી અનાયાસ કંઠસ્થ થઈ જાય છે. 'શ્રી 'કૃષ્ણાષ્ટકમ', 'શ્રી ગોવિંદાષ્ટકમ', અને 'ઉમામહેશ્વર સ્તોત્રમ્' તેનાં ઉત્તમ ઉદાહરણો છે. વૈદિક આચાર અને વિચારમાં ભારે ક્રાંતિ સર્જી છે. તેમણે ભારતીય તત્વ વિચારને સંપ્રદાયની વાડાબંધીમાંથી મુક્ત કરી સર્વપક્ષી અને સર્વલક્ષી બનાવ્યાં. તેથી તેઓ જગદ્‌ગુરૂ કે યુગપુરૂષ તરીકે સ્વીકાર્ય બન્યા છે. તેથી જ વિશ્વના ચિંતકોએ ભારતીય તત્વજ્ઞાનને શંકરાચાર્યના તત્વજ્ઞાન તરીકે ઓળખાવ્યું છે. તત્વજ્ઞાનની જીવતી જાગતી પાઠશાળા સમા તેઓ પંઢરપુરના પાંડુરંગ ભગવાનનાં દર્શન કરી ગદ્‌ગદ્ બની ગયેલા.

સુનંદન તોટકાચાર્ય અને હસ્તામલક તેમના વિદ્વાન શિષ્યો હતા. તેમનાં ભાષ્યો ખૂબ જાણીતાં છે. ભારતીય તત્વજ્ઞાનને તેમણે તેમનાં ભાષ્યો દ્વારા રજૂ કર્યું છે. શંકરાચાર્યની વિચારધારા 'સત્યમ,શિવમ, સુન્દરમ્' અને 'સત્, ચિત્, આનંદ' ની છે. તેઓ આનંદ અને સૌંદર્યને ઈશ્વરનાં સ્વરૂપો માનતા હતાં. વિવેક 'ચૂડામણિ' તેમનો જાણીતો ગ્રંથ છે.

માત્ર ૩૨ વર્ષની ભરયુવાન વયે ઈ.સ. ૮૨૦માં મહાગિરિ હિમાલયના કેદારનાથ મુકામે ભગંદરની બિમારીને કારણે તેમણે દેહત્યાગ કર્યો હતો.



# (૧૭૨)
# અંબુભાઈ પુરાણી
## (૧૬ મે, ઈ.સ. ૧૮૯૪)

વ્યાયામવીર અને અખાડાના આરાધક અંબુભાઈ પુરાણીનો જન્મ ૧૬ મે, ઈ.સ. ૧૮૯૪ના રોજ એમના મોસાળ સુરતમાં થયો હતો. એમનું વતન તો ભરૂચ. એમના પિતાનું નામ બાલકૃષ્ણ અને માતાનું નામ જડાવબહેન હતું. તેઓ છોટુભાઈ પુરાણીના નાનાભાઈ થાય.

જેમ ઘણાખરા મહાપુરૂષોનાં જીવનમાં બને છે એમ અંબુભાઈએ નાનપણમાં જ માતાપિતાની છત્રછાયા ગુમાવી દીધેલી. ભરૂચમાં પ્રાથમિક શિક્ષણ લઈ માધ્યમિક શિક્ષણ લેવા તેઓ વડોદરા મોટાભાઈ છોટુભાઈ પુરાણીને ત્યાં રહેલા. ઈ.સ. ૧૯૧૦માં વડોદરાની સયાજી હાઈસ્કૂલમાંથી તેમણે મેટ્રિકની પરીક્ષા પાસ કરી હતી. વડોદરામાં ઈન્ટર આર્ટસ સુધીનો અભ્યાસ કરી તેઓ મુંબઈ ગયેલા. ત્યાં સેન્ટ ઝેવિયર્સ કોલેજમાંથી ભૌતિક અને રસાયણશાસ્ત્રના વિષયો સાથે બીજા વર્ગમાં બી.એસ.સી. થયેલા.

નાનપણથી જ તેઓ ધ્યાન અને ભક્તિ તરફ વળેલા. રોજ સવારે ત્રણ વાગ્યે નર્મદાજી જઈને એક હજાર ગાયત્રીમંત્ર કરતા. વડોદરામાં એમણે આત્મસાક્ષાત્કાર કરી ચૂકેલા શ્રી અરવિંદનાં દર્શન કર્યાં. એમનાં મન અને આત્મા શ્રી અરવિંદ તરફ ઢળેલાં. એટલે ઈ.સ. ૧૯૨૩માં પાંડિચેરી જઈને અરવિંદ અને માતાજીને ગુરૂ તરીકે સ્વીકારેલાં. તેઓ અરવિંદ આશ્રમના સાચા સાધક બની રહેલા. તેઓ કહેતા, ''હું અરવિંદનો છું અને અરવિંદ મારા છે. મારૂં જીવન શ્રી અરવિંદના જીવનમાં સમાઈ જાય છે.''

તેઓ વ્યાયામના સાધક હોવાથી તેમનું શરીર સુદૃઢ અને ચહેરો ચમકદાર



હતો. યુવાનીમાં તેમની વાંકડી મૂછો ડરામણી લાગતી. ગુજરાતમાં તેમની સૌથી મોટી કોઈ સેવા હોય તો તે વ્યાયામ પ્રવૃતિની છે. બાપુરાવ ફણલકર પાસેથી કુશ્તી શીખેલા. અંબુભાઈએ ગુજરાતમાં વ્યાયામ ક્ષેત્રે ક્રાંતિ સર્જી હતી. મદ્રાસમાં વાય.એમ.સી.એ. દ્વારા ચાલતી સ્કાઉટીંગ પ્રવૃતિનો પણ તેમણે અભ્યાસ કરેલો. તેમણે નડિયાદ, મહેમદાવાદ, અમદાવાદ, ભરૂચ એમ અનેક સ્થળોએ વ્યાયામ શાળાઓની સ્થાપના કરી હતી. તેઓ માનતા હતા કે, ''મને એમ લાગે છે કે વ્યાયામ ન થાય તે દિવસે પાપ કર્યું.''

તેઓ યુવા ગુજરાતના ભાગ્યવિધાતા હતા એમ કહેવામાં કશું ખોટું નથી. તેઓ ખરા અર્થમાં સ્વાતંત્ર્ય સેનાની હતા. એમના વિચારો ક્રાંતિકારી હતા. એક વીરને છાજે એવી દેશદાઝ અને સ્વદેશભક્તિ એમનામાં હતી. તેમણે શ્રી અરવિંદ પાસે ક્રાંતિ કરવા માટે આર્શીવાદ માગ્યા હતા. તેમની રાષ્ટ્રભાવના અતિશય ઉન્નત હતી.

તેઓ ઈ.સ. ૧૯૨૩-૨૪થી સાચા અર્થમાં આશ્રમવાસી બની ગયેલા. ઈ.સ. ૧૯૧૫માં અભ્યાસની સમાપ્તિ સાથે સૂરતના મહેતા નાથુરામ ઉમેદશંકરની દીકરી લીલાવતી સાથે તેમનાં લગ્ન થયેલાં. ઈ.સ. ૧૯૨૩માં જન્મેલી અનસૂયા તેમનું એકનું એક સંતાન. છતાં પુત્રની ખોટ કદી તેમને સાલી નથી. પૂર્ણયોગના પ્રકાશક અંબુભાઈની પત્ની એમની સાચી પ્રેરણામૂર્તિ બની રહેલી. પત્નીની સાથે રહી પાંડિચેરીમાં યોગસાધના કરી રહેલા તેમને કદી સંસારનાં મીઠાં સુખો અનુભવવાનો વિચાર સુદ્ધાં આવ્યો નથી. કામની આગળ નથી તો તેઓ હાર્યા કે નથી તો કામને વશ થયા.

ભય કે બીકને તો તેમણે ઓળખ્યાં જ ન હતાં. સાહસ અને શોર્યની એ અપ્રિતમ મૂર્તિ હતા. વિશ્વામિત્રી નદીના પુલના છેડે કાદવમાં ફસાયેલી ગાયને હિંમત કરી બહાર ખેંચી કાઢેલી. એકવાર કમ્યૂનિસ્ટોએ પાંડિચેરી આશ્રમ પર હુમલો કરવાનો પ્રયત્ન કરેલો ત્યારે તેઓ એકલા જ હાથમાં હોકીસ્ટીક લઈ ઊભા

રહેલા.

'આશા અમર છે અને કઈ લાખો નિરાશામાં એક અમર આશા છુપાઈ છે' એ એમનો જીવનમંત્ર હતો. તેમના પડછંદ શરીરમાંય એમનું હૃદય કોમળ જ હતું. તેઓ સ્વાશ્રયી પણ એટલા જ કદી એમણે મોટાઈને માણી નથી. એક સાધક હોવા છતાં તેઓ વ્યવહારને ખોઈ બેઠા ન હતા.

વિનોદપ્રિયતા એ એમના સ્વભાવનું આગવું લક્ષણ હતું. એક પત્રમાં તેમણે કુસુમબહેનના ફોટાના સંદર્ભમાં લખેલું, ''મારી શુભેચ્છા છે કે, તમે હજુ પણ વધો અને ઘરમાં ભાડે કે વગર ભાડે રહેતાં હો તેનાં બારણાંને પણ વધવાની તક આપો.'' આથી જ સુમિત્રાનંદન પંતજીએ એમને 'આનંદપુરૂષ' કહી બિરદાવ્યા હતા. ગીતાના કર્મયોગ અને અનાસકિતયોગથી તેમનું જીવન રસાયેલું હતું. તેઓ એક બૌદ્ધિક જાયન્ટ.... હતા. વિવિધ વિષયો પર તેમનું અદભૂત વર્ચસ્વ હતું. તેઓ હરતીફરતી જ્ઞાનશાળા જેવા હતા.ગુજરાતી, હિન્દી, મરાઠી, તમિળ, સંસ્કૃત અને કન્નડ જેવી ભારતીય ભાષાઓ તથા અંગ્રેજી, જર્મન અને ફ્રેન્ચ જેવી વિદેશી ભાષાઓના જ્ઞાતા હતા. તેમની સ્મરણશક્તિ તીવ્ર અને મર્મગામી હતી. વિષયની રજૂઆત કરવામાં તેઓ પાતાળકૂવા જેવા ઊંડા હતા. તેમની અવલોકન શક્તિ અપૂર્વ હતી.

એટલે જ અંબુભાઈનું કાર્યક્ષેત્ર વ્યાયામના સીમાડા વટાવીને સાહિત્ય, શિલ્પ, ચિત્ર, વકૃતત્વ અને વિવેચન જેવાં અનેક ક્ષેત્રોને આંબી ગયું છે. તીવ્ર સ્મરણશક્તિ અને અભ્યાસની ઉત્કટ કલ્પનાને લીધે તેઓ સાહિત્યકાર, ચિત્રકાર, પ્રખર વક્તા, મિમાંસક, ભાષ્યકાર તથા અનુવાદક બની ચૂક્યા હતાં. સાહિત્યનો વારસો તો કાકા ધીરજરામ પાસેથી નાનપણમાં જ મળેલો. ગુજરાતના બધા લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્ય સ્વામીઓને એમણે પચાવેલા. તેમણે વિદેશી સાહિત્યનો અભ્યાસ કરવામાં પારોઠનાં પગલાં ભરેલાં નહીં. 'ગીતાનિબંધો', 'જ્ઞાનયોગ', 'શ્રી અરવિંદ', 'તિલોત્તમા', 'પથિકની વાતો', 'સમિતપાણિ', 'પુરાણીના પત્રો',



'પથિકની સંસ્કારયાત્રાઓ', 'સાહિત્યની પાંખે', 'સ્વપ્ન ઘેલો' અને 'દર્પણના ટુકડા' એમનું મૌલિક સાહિત્ય સર્જન છે. તેઓ અનુવાદક તરીકે પણ સફળ રહ્યા હતા. આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદના પણ તેઓ ઊંડા અભ્યાસી હતા.

તેઓ ઉત્તમ કોટિના ચિત્રકાર હતા. ચીન અને ઈરાનની કલા વિશેનો તેમનો અભ્યાસ તલસ્પર્શી હતો. ભારતને ખૂણે ખૂણે ફરીને તેમણે ભારતીય સંસ્કૃતિનો પ્રચાર કરેલો. તેઓએ અનેક દેશોનો પ્રવાસ પણ ખેડેલો. ભારતીય સંસ્કૃતિ અને ગીતા દર્શન પર એમણે આપેલા વ્યાખ્યાનો ન ગણી શકાય એટલાં બધાં છે. તેમના પ્રત્યક્ષ પરિચયથી ડૉ. ફોસ્ટર, સી. લુઈસ, હર્બટ રીટ,સ્ટીફન સ્પેન્ડર, ગાર્ડીનર, નિકોલાઈ શેરમેન, ટોલ્સટૉય અને ડંકન જેવી વિભૂતિઓ પણ અંજાઈ ગયેલી. ક.મા.મુનશીના અધ્યક્ષપદે જ્યારે તેમની ષષ્ઠીપૂર્તિ ઊજવાયેલી ત્યારે તેમને રૂપિયા ૬૦,૦૦૦નો ચેક અર્પણ કરેલો જે એમણે શ્રી અરવિંદ અને માતાજીનાં ચરણોમાં અર્પણ કરી દીધેલો. ભક્તિ એ જ એમનું જીવન હતું.

આવા સમર્થ સાધક, ભક્ત, યોગી, તપસ્વી, તત્વજ્ઞ, ચિંતક, વિદ્યાવિશારદ, મિમાંસક, પથપ્રદર્શક, ભારતીય સંસ્કૃતિના ઉપાસક અને પ્રસારક, ભાષ્યકાર, સાહિત્યકાર અને વિવેચક ૧૧ ડિસેમ્બર, ૧૯૬૫ના રોજ હૃદયરોગના હુમલાને કારણે દિવ્યલોક તરફ ગમન કરી ગયા હતા.





## (૧૭૩)

# એડવર્ડ જેનર

## ( ૧૭ મે, ઈ.સ. ૧૭૪૯)

શીતળાના જીવલેણ રોગને મટાડવા માટેની રસીની નૂતન પદ્ધતિની શોધ કરનાર ડૉક્ટર એડવર્ડ જેનરનો જન્મ ઈંગ્લેન્ડના ગ્લોસ્ટરશાયર પરગણામાં એક પાદરીને ત્યાં ૧૭, મે, ઈ.સ. ૧૭૪૯ના રોજ થયો હતો. તેણે પ્રાથમિક શિક્ષણ વતનની શાળામાંથી મેળવ્યું હતું. બાળપણથી તેને પ્રાણીશાસ્ત્રમાં ખૂબ રસ પડતો. વળી, ચિકિત્સાવિજ્ઞાનનો અભ્યાસ પણ તેણે નાની ઉંમરથી જ શરૂ કરી દીધેલો. એ જમાનામાં સારા ડૉક્ટર પાસે રહી અનુભવ પ્રાપ્ત કરી ડૉક્ટર બની શકાતું હતું. જેનર એક વાઢકાપ કરનાર તબીબના મદદનીશ તરીકે જોડાયો હતો. એ તબીબનું નામ હતું ડેનિયલ લુડલો. એકવીસ વર્ષની ઉંમરે તે લંડનની સેન્ટ જ્યોર્જ હોસ્પિટલમાં પહોંચી તે જમાનાના મહાન સર્જન જોન હંટરની સાથે જોડાઈ ગયો.

જોન હંટર કોઈપણ રોગોનું પરીક્ષણ સૌપ્રથમ તેની જાત પર જ કરતો. તેથી તે અસાધ્ય બીમારીનો ભોગ બની ગયેલો. આ હંટર જેનરનો સાચો માર્ગદર્શક બની રહ્યો હતો. તેણે જ જેનરને તેના પરગણામાં પ્રેક્ટિસ કરવાની સલાહ આપી હતી. એ જમાનામાં લોકો દેશી ઉપચારો અપનાવતા હતા. લોકોમાં કેટલીક ભ્રામક માન્યતાઓ ઘર કરી ગયેલી હતી. આમાં એક માન્યતા એવી પણ પ્રચલિત હતી કે શીતળા જેવો જીવલેણ રોગ વ્યક્તિને એકવાર થઈ ગયા પછી ફરીવાર થતો નથી.

શીતળાનો રોગ સૌપ્રથમ ગાયોમાં થતો અને પછી તે માણસમાં સંક્રાન્ત થતો. પણ પ્રશ્ન એ થતો કે આ બીમારી ગાયને જ કેમ લાગુ પડતી. બીજા કોઈ પ્રાણીને



કેમ નહીં. જેનરે આવા ૨૭ રોગોનો પરીક્ષણ કરી તેના તારણો ગ્રંથ સ્વરૂપે પ્રગટ કર્યા હતા.

જેનર લંડનમાં હંટર પાસે તાલીમ લઈ રહ્યો હતો ત્યારે એમની પાસે એક ભરવાડણ આવી. ત્યારે શીતળાના રોગ વિશે હંટર અને જેનર વચ્ચે વાતચીત ચાલતી હતી. પેલી ભરવાડણે વચ્ચે ટાપશી પૂરતાં કહેલું કે, '' મને હવે શીતળાનો રોગ કદી થશે નહીં. કારણ કે મને એકવાર શીતળા નીકળી ચૂક્યા છે.'' ગાયને થતા શીતળાની અસર ગાયના આંચળ પર થાય છે. અને એ ગાયનું દૂધ જે પીવે છે તેને 'ગૌ શીતળા' થઈ જાય છે.

તેને તેનું અલગ દવાખાનું શરૂ કર્યા પછી પેલી ભરવાડણની વાત યાદ આવી ગઈ. ભરવાડણની વાતની ખાતરી કરવા તે પરગણાના વૃદ્ધ અનુભવી માણસોના અભિપ્રાયો લીધા. લોકોએ પણ ભરવાડણની વાતમાં સૂર પૂરાવેલો.

આ વાતનું પરીક્ષણ કરવા જેનરે નિશ્ચિય કર્યો. ત્યારે ગામની એક બીજી ભરવાડણને 'ગૌ શીતળા' થયેલા. જેનરે તેની આંગણી ઉપરના શીતળામાંથી થોડીક રસી ખેંચી અને ઈન્જેક્શન દ્વારા એક આઠ વર્ષના બાળક જેમ્સ કિટ્સના શરીરમાં દાખલ કરી દીધી. જેમ્સ કીટ્સ શીતળાના રોગનો ભોગ થઈ ગયો. સાત અઠવાડિયા પછી ઈન્જેક્શન દ્વારા ફરીવાર પેલા છોકરાના શરીરમાં દાખલ કરી. પણ જેમ્સને ફરીવાર શીતળા થયા નહીં.


આ રીતે જેનરે શીતળાની રસીની શોધ કરીને એ જીવલેણ રોગમાંથી આખા વિશ્વને ભયમુક્ત કરી દીધું. જેનરનું નામ વિશ્વભરમાં જાણીતું થઈ ગયેલું. હોલેન્ડ અને સ્વિટ્ઝરલેન્ડના ધર્માચાર્યોએ લોકોને શીતળાની રસી મૂકાવવા અપીલ કરી હતી. સોવિયેત રશિયાએ તો બળિયાની રસી મૂકાવનાર બાળકને મફત શિક્ષણ આપવાની જાહેરાત કરી હતી. જેનરે શોધેલી એ રસીનું નામ 'વેક્સી નોક' રાખવામાં આવ્યું હતું. બ્રિટીશ પાર્લામેન્ટે તો જેનરને અઢળક ધન આપી તેનું બહુમાન કર્યું હતું. ઓક્સફર્ડ યુનિવર્સિટીએ તેને માનદ પદવી એનાયત કરી

હતી. રશિયાના સમ્રાટ ઝારે તેને એક સોનાની વીંટી ભેટ આપી હતી. ફ્રાન્સના નેપોલિયને તેનાં વખાણ કર્યાં હતા.

આવા મહાન શોધક અને ચિકિત્સકનું ૨૬ જાન્યુઆરી, ૧૮૨૩ના રોજ ઈંગ્લેન્ડના બર્કલેમાં અવસાન થયું હતું.







## (૧૭૪)

# ઉમર ખય્યામ

## (૧૮ મે, ઈ.સ. ૧૦૪૮)

ભૌતિકશાસ્ત્ર, ખગોળવિજ્ઞાન અને જ્યોતિષશાસ્ત્રના પ્રકાંડ પંડિત એવા રુબાઈતોના રચિયતા ઉમર ખય્યામનો જન્મ ૧૮, મે, ઈ.સ. ૧૦૪૮ના રોજ ઈરાનના ખોરાસાન પ્રાંતના પાટનગર નૈશાપુરમાં થયો હતો. તેમનું પૂરુ નામ ઉંમર ઈબ્ન ઈબ્રાહીમ અબૂલ ફતેહ અલ ખય્યામ હતું. ઉમર નાનપણથી જ ઉદારવાદી હતા. તેઓએ ૩૦૦ રુબાઈઓ લખ્યાનું જાણવા મળે છે. તેઓ કવિ કરતાં ખગોળશાસ્ત્રી તરીકે વધુ ખ્યાતિ પામેલા. તેમના પિતાનો વ્યવસાય તંબુ બાંધવાનો હતો. આ ધંધો કરનાર માટે ફારસી ભાષામાં 'ખય્યામ' શબ્દ પ્રયોજાય છે. જેથી ઉંમરે 'ખય્યામ' તખલ્લુસ પસંદ કર્યું હતું.

ચૌદમી શતાબ્દિમાં ચંગીઝખાનના પૌત્ર હલાકના સૈનિકોએ નૈશાપુરને ધ્વસ્ત કરી નાંખેલું. ત્યારે અનેક કિંમતી ગ્રંથો સાથે ઉંમરની રુબાઈતોનો પણ નાશ થયો હોવાનું મનાય છે. ખય્યામની રુબાઈનો આજે જે ઉપલબ્ધ છે તે તેની નકલ પરથી અનુવાદિત થઈ હશે. ખય્યામની કલ્પના સમૃદ્ધિ અપાર હતી. તેઓ સ્વતંત્ર વિચારના માલિક હતા. તેથી દંભી સૂફીઓની તેઓ ટીકા કરતા હતા. આથી જ ખય્યામને 'મોજમઝામાં રાચનારા' કવિ તરીકે ઓળખવામાં આવે છે.

ખય્યામે જીવનના સિદ્ધાંતો અને દાર્શનિક દૃષ્ટિને ફારસી કવિતાના સૌથી સરળ સ્વરૂપ રુબાઈ દ્વારા રજૂ કર્યા હતા. દરેક રુબાઈત આજના મુક્તક જેવી ચાર પંક્તિની કાવ્યરચના છે. દરેક રુબાઈતને પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ અને વિચાર હોય છે. ખય્યામની મૂળ રુબાઈતોની મૂળ નકલ ઓગણીસમી સદીમાં ઈંગ્લેન્ડના એડવર્ડ ફિટ્ઝેરાલ્ડના હાથમાં આવી હતી. ઈતિહાસના અધ્યાપક એવા તેના

મિત્ર એડવર્ડ કોવલે એશિયાટિક સોસાયટીના ગ્રંથાલયમાંથી એ પ્રત મેળવી ઈંગ્લેન્ડ મોકલી આપી હતી. કિટ્ઝેરાલ્ડે તેનો અંગ્રેજી અનુવાદ કર્યો હતો. ઉંમરની આ રુબાઈતોનું ફારસી સંકલન 'રુબાઈયાતે મશહુરા' નામે ઓળખાતું હતું.

ઉમર ખય્યામ ઉસ્તાદ હતા. ઈમામ મુઆફિક મલેકશાહ અને હસન બેન સબાહ તેમના સાગિર્દો હતા. આ ત્રણેયનો અભ્યાસ એકીસાથે થયો હતો. કિટ્ઝઝેરાલ્ડે તેના જીવનકાળ દરમ્યાન ખય્યામની રુબાઈતોની ચાર આવૃતિઓ બહાર પાડી હતી. રુબાઈતોના અંગ્રેજી અનુવાદ દ્વારા ખય્યામની ખ્યાતિ યુરોપના ભદ્ર સમાજમાં ફેલાઈ ગઈ હતી. ઉંમર ખય્યામને વિશ્વસાહિત્યમાં પ્રસિદ્ધ કરવાનો યશ કિટ્ઝેરાલ્ડને ફાળે જાય છે. આ માણસે રુબાઈતોનું કાવ્યાત્મક રૂપાંતર કર્યું છે. પ્રકાશનનાં દસ વર્ષ પછી આ પુસ્તકનું વિવેચન પ્રથમવાર એલિયનનોર્ટને કરેલું. કિટેઝઝેરાલ્ડ ઈ.સ. ૧૮૮૩માં અવસાન પામ્યો તે પછી બે વર્ષે કવિ આલ્ફ્રેડ ટેનિસને રુબાઈતોનાં ભરપૂર વખાણ કર્યાં હતાં. પછી તો આ પુસ્તકની ઉપરાઉપરી આવૃતિઓ થતી રહી.

ખય્યામની એક અતિ પ્રખ્યાત રુબાઈત છે...

'' તુંગી મય-ઈ-લાલ ખ્વાહમ ઓ દિવાની,
સાદ-ઈ રમકી બાયદ ઓ નિસ્ફ-ઈ-નાની,
વાંગહ મન ઓ તૂ નિશસ્તા દર વિરાની,
ખ્વૂસ્તર બુવદ ઓ અઝ મામલાકત-ઈ-મુલ્તાની''

આ રુબાઈતનો અર્થ છે,......''એક લાલ મદિરાની પ્યાલી અને કવિતાનું એક પુસ્તક ઈચ્છું છું. શરીર અને આત્માને સાથે રાખવા માટે રોટીનો એક ટુકડો પૂરતો છે. પછી હું અને તું બેઠા હોઈએ આ વેરાનમાં. આ સ્થિતિ કોઈ સુલતાનની સલ્તનત કરતાં પણ વધારે આનંદદાયક હશે....''

કિટ્ઝઝેરાલ્ડ ઉપરાંત કવિ રોબર્ટ ગ્રેટ્ઝે પણ ખય્યામની રુબાઈતોનો અનુવાદ કર્યો છે. વિશ્વની અનેક ભાષામાં ખય્યામની રુબાઈતોના અનુવાદ થયા છે.



કહેવાય છે કે, ઉમર ખય્યામે સમરકંદના તેમના શિષ્ય ખ્વાજા નિઝામીને કહેલું કે, ''મારી કબર એવી જગાએ રાખજો કે જ્યાં ઉત્તરનો પવન એના પર ગુલાબની કળીઓ વરસાવે...... નૈશાપુરમાં એની કબર સિવાય બીજી કોઈ જ ઈમારત નથી.''

રુબાઈતોના ભારતીય ભાષામાં પણ અનુવાદો થયા છે. હરિવંશરાય બચ્ચનની 'મધુશાલા' ની પ્રેરણા ખય્યામની રુબાઈતો પરથી મળી હોવાનું મનાય છે. ગુજરાતીમાં પણ ચૌદ જેટલા અનુવાદો થયા છે. જાણીતા શાયર 'શૂન્ય' પાલનપુરીએ મૂળ ફારસીમાંથી ગુજરાતીમાં અનુવાદ કર્યો છે. શૂન્ય પાલનપુરીએ ૧૫૮ રુબાઈતોનો અનુવાદ કરેલો છે. આ અનુવાદ ઈ.સ. ૧૯૭૩માં પ્રગટ થયો હતો.

ખૈય્યામની રુબાઈતોની વિશેષતા એની ગહનતા છે. એમાં રજૂ થયેલા વિચારો ભારતીય તત્વજ્ઞાનને ખૂબ મળતા આવે છે. જુઓ એક નમૂનો.....

''તારું મન ચાહે તો નેપથ્યમાં જઈ સંતાય તું,
રંગમાં આવે તો જગના મંચ પર દેખાય તું.
તારી આ દર્શનની લીલા સ્પષ્ટ થાય છે દીવા સમી,
દશ્ય તું, અદશ્ય તું, દષ્ટિય તું દષ્ટાય તું....''

ખય્યામે કરેલી રુબાઈતોમાંથી કેટલીક જાણવા જેવી રુબાઈતો અહીં પ્રસ્તુત છે.........

''સૌ પ્રથમ તો હું ન આવત, આવતે તો જાત ના,
હોત મારા હાથમાં તો, આમ ધક્કા ખાત ના,''
''આ સકળ બ્રહ્માંડને સમજી લો એક ફાનસ વિરાટ,
પૃથ્વી એનો રમ્ય ગોળો, સૂર્ય એની દિવ્ય વાટ''
''કાળની વણઝાર ચાલ્યે જાય છે, ચાલી જશે
પ્રાણ થઈ જાશે પલાયન ખોળિયું ખાલી થશે''

“ભર કસુંબલ રંગની તુંયે બિલોરી જામમાં
જોતજોતામાં ઉડી જશે આ જીવનનું તુષાર”


“અંત જેનો ખાક છે એવા જીવનમાં ઓ ખુદા
આ બધો શણગાર........ આટલું શાને જતન...???”

“પંચતત્ત્વોનો ખુલાસો ધ્યાનથી સુણ બેખબર,
એક પચરંગી તમાશો છે, આ તારું જીવતર”

“નર્ક શું,..... વૈકુંઠ શું........ મનઘડત વાતો બધી,
એ નથી નજરો નજર, જોનારનાં કૈં સંસ્મરણ.”

રુબાઈતોના આ વિશ્વ પ્રસિદ્ધ રચનાકાર ઉમર ખય્યામનું અવસાન ૪ ડિસેમ્બર, ઈ.સ. ૧૯૩૧ના રોજ થયું હતું.





## (૧૭૫)

# બર્ટ્રાન્ડ રસેલ

## (૧૮ મે, ઈ.સ. ૧૮૭૨)

વિશ્વવિખ્યાત ફિલોસોફર, ચિંતક, વિવેકશીલ સમાજસુધારક, રાજકીય વિચારક, સત્વશીલ સાહિત્યકાર, જીવનસાધક, વિચાર સ્વાતંત્ર્યના પ્રખર પક્ષકાર અને માનવહિતના પ્રબળ લક્ષકાર એવા બર્ટ્રાન્ડ આર્થર વિલિયમ રસેલનો જન્મ ૧૮ મે, ઈ.સ. ૧૮૭૨ના રોજ ઈંગ્લેન્ડના મોન્મથ પરગણામાં ડેલેક મુકામે એક ઉમરાવ પરિવારમાં થયો હતો. તેમના પિતામહ જ્હોન રસેલ ક્રાંતિકારી વિચારોને વરેલા હતા. તેમના પિતાનું નામ લોર્ડ એમ્બર્લી હતું. તેઓ ખૂબ જ પરિશ્રમી અને તાત્વિક વિચારસરણી ધરાવતા હતા. મહાન વ્યક્તિઓના જીવનમાં મોટાભાગે જેવું બને છે તેવું રસેલના જીવનમાં પણ બનેલું. માત્ર પાંચ વર્ષની વયે જ તેમણે માતાની મમતા હંમેશ માટે ગુમાવેલી. નવ વર્ષના થતા સુધીમાં તો પિતા પણ પરલોક ભણી પ્રયાણ કરી ગયેલા. માતા-પિતા ગુમાવી બેઠેલા બાળક રસેલની પરવરિશ દાદા-દાદીએ કરેલી. તેમનાં દાદીમા નીડર અને જુસ્સાભર્યાં હતાં. જૂનવાણી સામાજિક પરંપરાઓ અને રૂઢિઓ પ્રત્યે ભારે નફરત ધરાવતાં. તેમની આ જીવનદૃષ્ટિની નાનપણથી જ બાળક રસેલ પર જબરદસ્ત અસર થયેલી.

તેમણે શરૂઆતનું શિક્ષણ ઘેર બેઠાં જ મેળવેલું. અઢારમે વર્ષે તેઓ કેમ્બ્રિજની ટ્રિનીટી કોલેજમાં દાખલ થયા હતા. નાનપણથી જ તેઓ સંદેહવાદી હતા. ગણિતના વિષયમાં ભારે રસ દાખવતા હતા. કોલેજમાં એમના સ્વભાવને અનુરૂપ વાતાવરણ મળી ગયું. ભણવામાં અતિ તેજસ્વી એવા રસેલ ગણિતમાં ઊંચી સિદ્ધિ સાથે રેંગલર થયેલા તો વળી તત્વજ્ઞાન વિષયમાં પ્રથમવર્ગ મેળવેલો.

ઈ.સ. ૧૯૦૦માં તેઓ લખવા માટે પ્રેરાયેલા. તેઓ ફ્રાન્સના મહાનગર પેરિસમાં ભરાયેલી આતંરરાષ્ટ્રીય તત્વજ્ઞાન પરિષદમાં ભાગ લેવા તત્કાલીન વિખ્યાત ગણિતજ્ઞ અને તત્વવેત્તા આલ્ફ્રેડ વ્હાઈટ હેટ સાથે ગયા હતા. આના ફળ સ્વરૂપે તેમણે તેમના સૌ પ્રથમ ગ્રંથ 'પ્રિન્સિપલ ઓફ મેથેમેટીક્સ' નામના ખ્યાતનામ ગ્રંથની રચના કરેલી. ૩૫ વર્ષની ઉંમરે ઈંગ્લેન્ડની ઉચ્ચ ગણાતી જ્ઞાન સંસ્થા 'રોયલ હુમન સોસાયટી'ના તેઓ ફેલો બન્યા હતા. આજ સમયમાં તેમણે મુક્ત વિચારસરણી ધરાવતા પુસ્તક 'લગ્ન અને નીતિની' તેમણે રચના કરી હતી. એ પુસ્તકે ત્યારે ઈંગ્લેન્ડના સમાજમાં ખૂબ ખળભળાટ મચાવ્યો હતો. તેમના આ ક્રાંતિકાંરી ગ્રંથનો અમેરિકાની ઘણી યુનિવર્સિટીઓએ બહિષ્કાર કર્યો હતો. સરકારે તેમનું અંગત પુસ્તકાલય જપ્ત કરી લીધેલું. પરિણામે કેટલાય અલભ્ય ગ્રંથો વેરવિખેર થઈ ગયેલા.

બીજા વિશ્વયુદ્ધમાં થયેલા અણુબોમ્બના વિનાશક ઉપયોગથી દ્રવિત થઈ ગયેલા તેમણે અણુઃ નિઃશસ્ત્રીકરણ સમિતિની સ્થાપના કરવામાં મૂલ્યવાન પ્રદાન કર્યું હતું. તેમણે વિનાશક અણુશાસ્ત્રોની વિરૂદ્ધ ઝુંબેશ ચલાવી હતી. તેમણે કરેલા યુદ્ધના વિરોધને કારણે તેમને કેદ કરી દેવામાં આવ્યા હતા. માનવીય મહત્તાની સાથે સાથે મર્યાદાઓને આવરી લેતું એમનું ચર્ચાસ્પદ વ્યક્તિત્વ વિચક્ષણ હતું. સમાજના સંદર્ભમાં માનવીની રાત દિવસ ચિંતા કરતા રહેતા તેમનું વ્યક્તિત્વ વિરલ હતું. એમણે તત્વજ્ઞાનના શુષ્ક પાઠ જ નહોતા કર્યા પણ તેને સમાજ અને માનવલક્ષી બનાવ્યું હતું.

તેઓ ગજબના હિંમતવાન હતા. તેમની સ્મૃતિશક્તિ અદભૂત હતી. નિઃશસ્ત્રીકરણના સમર્થનમાં તેમણે શરૂ કરેલી ઝુંબેશ અને વિશ્વશાંતિ માટે આદરેલા પ્રયત્નોને બિરદાવવા ઈ.સ. ૧૯૫૦માં 'નોબેલ પારિતોષિક'થી એમને નવાજવામાં આવ્યા હતા. ઈ.સ. ૧૯૫૭માં ભારત સરકારનું 'કલિંગ પારિતોષિક' પણ એમને એનાયત થયું હતું.



એમના વ્યકિતગત જીવનની વાત કરીએ તો તેઓ માનસિક રીતે સંતોષી કે સુખી ન હતા. ૯૭ વર્ષના લાંબા જીવનના રાહમાં તેમને ચાર વખત લગ્ન કરવાં પડેલા. છતાં તેમનું નૈતિક ચારિત્ર્યબળ એટલું તો ઊંચુ હતું કે તેઓ કદી હતાશ થયેલા નહીં. એમની વૃદ્ધાવસ્થામાં પણ એક યુવાનને શરમાવે એવી તાજગી અને તરવરાટ હતાં એમનામાં.

વિશ્વના આવા પ્રખર અને પરમ વિચારકે ૩, ફેબ્રુઆરી, ૧૯૭૦ના રોજ નિદ્રાવસ્થામાં જ અંતિમ સમાધિ લઈ લીધી હતી.





## (૧૭૬)

# નાનાસાહેબ પેશ્વા

## (૧૯ મે, ઈ.સ. ૧૮૨૪)

મહારાષ્ટ્રના સહાદ્રિ પર્વતના પ્રાકૃતિક અપાર સુંદરતા ધરાવતા માથેરાન નામના પર્વતની તળેટીમાં આવેલા વેણુ નામે નાના ગામમાં માધવદાસ અને ગંગાબાઈને ત્યાં ૧૯ મે, ઈ.સ. ૧૮૨૪ના રોજ નાનાસાહેબ પેશ્વાનો જન્મ થયો હતો. માધવરાવ ભટ્ટના આ પુત્રનું બાળપણનું નામ ગોવિંદ હતું.

બાજીરાવને પગલે પગલે ચાલી બીજાં સ્વમાની મરાઠી કુંટુંબોની જેમ માધવરાવ પૂના છોડી કાનપુરમાં રહેવા આવ્યા હતા. અપુત્ર બાજીરાવે માધવરાવ ભટ્ટના બે દીકરાઓને દત્તક લીધા હતા. મૃત્યુ પછી વારસદાર તરીકે કોને નીમવો એ બાબતે બાજીરાવે તૈયાર કરેલ ઉત્તરાધિકાર પત્ર મુજબ નાનાસાહેબ તેનાં રાજ્ય અને સંપત્તિનો માલિક થતો હતો.

નાનો ગોવિંદ ચતુર હતો. હોશિંયાર હતો. તેની ચતુરાઈથી તે બાજીરાવ તથા દરબારીઓનો લાડકો બની ગયો હતો. ૭ મી જૂન, ૧૮૨૭ના રોજ બાજીરાવે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ગોવિંદને દત્તક લીધો હતો. દત્તકવિધિ પછી તેનું નામ ધોન્ડુપંત પાડવામાં આવ્યું હતું. બાજીરાવે નાનાને પાંચ વર્ષની ઉંમરે જનોઈ સંસ્કાર આપ્યા હતા. વૃદ્ધાવસ્થાને ધ્યાનમાં રાખીને બાજીરાવે બાળપણમાં જ સાંગલી રાજવંશના રામચંદ્ર સખારામની દીકરી સુંદરીબાઈ સાથે નાનાનું લગ્ન કરાવી નાંખ્યું હતું. નાના સાહેબના શિક્ષણ માટે બાજીરાવે જુદા-જુદા વિષયોના નિષ્ણાત વિદ્વાનોને રોક્યા હતા. મરાઠી, હિન્દી, ઉર્દૂ તથા ફારસી ભાષાઓની સાથે રાજનીતિ, શસ્ત્રવિદ્યા, અશ્વવિદ્યા જેવા વિષયોનાં જ્ઞાન અને તાલીમ નાના



સાહેબને નાનપણથી જ આપવામાં આવેલાં. તે સમયે નાનાની સાથે મોરોપંતની દીકરી મણિકર્ણિકા (મનુ ઉર્ફે લક્ષ્મીબાઈ) તથા તાત્યા તોપે પણ અભ્યાસમાં રસ લેતાં હતાં. તેઓ બધાં બાળપણથી જ ગાઢ મિત્રો હતાં.

બાજીરાવના પરલોકવાસ પછી નાનાસાહેબે શ્રીમંત 'મહારાજા બિઠુર' ની પદવી ધારણ કરી હતી. ગર્વનર જનરલ લોર્ડ ડેલહાઉસીએ નાના સાહેબનું બાજીરાવના ઉત્તરાધિકારીપદને અમાન્ય ઠરાવી વાર્ષિક રૂપિયા આઠ લાખનું પેન્શન બંધ કરાવ્યું હતું. અંગ્રેજોની અન્યાયી નીતિનો વિરોધ કરવા બ્રહ્માવર્તાના નાનાસાહેબના મહેલમાં ક્રાંતિની યોજનાઓ ઘડવાની શરૂઆત થઈ. તેમણે હિન્દી સૈનિકો અને ગામડાની પ્રજામાં 'કમળ' અને 'ચપાતી' દ્વારા ઉગ્ર ક્રાંતિનો સંદેશો ફેલાવા માંડ્યો. ક્રાંતિનો સંદેશો દેશવ્યાપી બની ગયો.

બંગાળની ૧૯ નંબરની પલટન ક્રાંતિના રંગે રંગાઈ ચૂકી હતી. આ છાવણીના બ્રાહ્મણ સૈનિક મંગલ પાંડેએ સાર્જન્ટ હ્યુસનને ગોળીથી વીંધી નાખ્યો હતો. નાના સાહેબના નેતૃત્વ હેઠળ બિઠૂરમાં ક્રાંતિની યોજનાઓ ઘડવામાં આવતી. નાના સાહેબના ક્રાંતિકારી સાથીદારો તેમને મહેલમાં જ મળવા આવતા. ૪, જૂનની મધરાતે કાનપુરની છાવણીના સૈનિકોએ બંડ પોકાર્યું ત્યારે નાના સાહેબ નવાબજંગમાં હતા. બળવાખોર સૈનિક છાવણી છોડી નવાબજંગ ચાલ્યા ગયા હતા. હવે બળવાની નેતાગીરી નાના સાહેબે તેમના હાથમાં લઈ લીધી હતી. કાનપુરની પ્રજાએ નાનાનો પોતાના રાજા તરીકે સ્વીકાર કર્યો હતો.

૨૮, જૂન, ૧૮૫૭ના રોજ કાનપુર આઝાદ થયું. ૧ જુલાઈ, ૧૮૫૭ના દિવસે બ્રહ્માવર્તમાં નાન સાહેબનો રાજ્યભિષેક થયો હતો. એ પછી અગ્રેજોએ કાનપુર પર આક્રમણ કર્યું હતું. નાના સાહેબની હાર થઈ હતી. અંગ્રેજ મેજર હેવલોકની સેનાને વેરવિખેર કરી નાંખી હતી. કાનપુર ફરી અંગ્રેજોના હાથમાં જતાં નાનાને બ્રહ્માવર્ત છોડી નાસી છૂટવાનો વારો આવ્યો. અંગ્રેજ સરકારે નાનાને પકડવામાં મદદ કરનારને રૂપિયા પાંચ હજાર ઈનામ આપવાની જાહેરાત કરી

હતી. પાછળથી આ રકમ વધારીને એક લાખ કરવામાં આવી હતી. અંગ્રેજ સરકારે નાના સાહેબને આત્મસમર્પણ કરવા ખૂબ સમજાવેલા. પણ, 'સિંહ વળી ઘાસ ખાતો હશે ?'

નાના સાહેબ તેમના અંતિમ દિવસોમાં ગુજરાતના શિહોરમાં આવ્યા હતા. અને ગૌતમેશ્વર મંદિરની ગુફામાં દિવ્યાનંદ નામ ધારણ કરી સાધુવેશે રહ્યા હતા. તેમણે ૭૬ વર્ષની વયે અહીં જ દેહત્યાગ કર્યો હતો. એમનો અગ્નિ સંસ્કાર જે જગાએ કરવામાં આવેલો તે જગા આડે પણ હયાત છે. સત્ય ગમે તે હોય પણ એક હકીકત બાબત કોઈ જ શંકા નથી કે તેઓ ભારતની આઝાદી માટેની ક્રાંતિનો ઝળહળતો સૂર્ય હતા. તેઓ પરાક્રમી હતા. ઉદાર દેશભક્ત હતા. વળી, તેઓ પ્રેમાળ પ્રજાપ્રેમી હતા. તેમનું બલિદાન દેશભક્તિની પ્રેરણા જગાડતું રહેશે.

●







## (૧૭૭)

# સઆદત હસન મંટો

## (૧૯ મે, ઈ.સ. ૧૯૧૨)

અખંડ હિન્દુસ્તાનના વિભાજનની કારમી ઘટનાની આસપાસ રચાયેલી ઉર્દૂ સાહિત્યની સૌથી વધારે વાર્તાઓ આપનાર સઆદત હસન મંટોનો જન્મ લુધિયાણા જિલ્લાના શમરાલામાં ૧૯ મે, ઈ.સ. ૧૯૧૨ના રોજ થયો હતો. મંટોનું સર્જન ઉર્દૂ સાહિત્યનું ઉજ્જવળ સર્જન હતું. ભારતમાં જન્મેલા મંટોનું મોટાભાગનું સર્જન ભારતની ધરતી ઉપર જ થયું છે. ''હું હાલતું ચાલતું મુંબઈ છું.'' એવું કહેતા એમણે જીવનનાં ઉત્તમ વર્ષો ભારતમાં વીતાવ્યા હતાં. કૃષ્ણચંદરે એમને ઈકબાલ અને નહેરૂ જેવા કાશ્મીરી પંડિત કહીને બિરદાવ્યા છે.

ઈ.સ. ૧૯૩૪થી મંટોએ એમની સર્જનયાત્રાનો આરંભ કર્યો હતો. આ યાત્રા દરમ્યાન તેમણે બસ્સોથી વધારે વાર્તાઓ, સૌથી વધુ રેડિયો નાટકો, સિત્તેરથી વધારે લેખો અને પંદરેક ચરિત્રચિત્રણોનું સર્જન કરેલું છે. તેઓ ફિલ્મોની પટકથા અને સંવાદો લખનાર લેખક તરીકે પણ જાણીતા હતા. એક નવલકથા પણ તેમની કલમમાંથી અવતાર પામી ચૂકી છે. 'મિર્ઝા ગાલિબની' ફિલ્મકથા ત્યારે તેમણે લખી હતી જે ખૂબ લોકપ્રિય નીવડી હતી. 'કિચડ', 'બેગમ', 'ચલ ચલ રે નૌજવાન', 'અગોરા', અને 'આઠ દિન' જેવી ફિલ્મોની વાર્તાઓ પણ મંટોએ લખી હતી.

મંટોએ તેમના સાહિત્યિક જીવનના પ્રથમ તબક્કામાં ઈ.સ. ૧૯૩૪થી ઈ.સ. ૧૯૪૭ સુધી ૬૯ વાર્તાઓ લખી હતી. જેમાં 'નયા કાનૂન', 'ખુશિયા', 'હતક', 'ધુઆં', 'નારા', 'બ્લાઉઝ', 'ડરપોક', 'બૂ', 'કાલી સલવાર', 'બાબુ ગોપીનાથ',

'પાંચ દિવસ' અને 'સ્વરાજ માટે' જેવી ખ્યાતનામ વાર્તાઓનો સમાવેશ થાય છે. ઈ.સ. ૧૯૪૮થી ઈ.સ. ૧૯૫૫ સુધીના બીજા તબક્કામાં તેમણે ૧૬૨ વાર્તાઓનું સર્જન કર્યું હતું. જેમાં ૩૨ લઘુકથાઓનો પણ સમાવેશ થાય છે.

'નંગી આવાઝેં', 'શરીફન', 'ઠંઠા ગોશ્ત', 'ગોળી', 'લાયસન્સ', 'ખોલ દો', અને 'ખાલિદમિયાં' જેવી ગણનાપાત્ર વાર્તાઓનો સમાવેશ પણ આ બીજા તબક્કાની વાર્તાઓમાં થાય છે. વાર્તાઓ લખવામાં એમણે પાછું વળીને જોયું નથી. તેઓ કહેતા, ''તમે મને શબ્દ કે વાક્ય આપો અને હું તમને વાર્તા લખી આપું.''

તેમની કેટલીક વાર્તાઓ ઉપર પ્રતિબંધ મૂકાયેલો. એટલું જ નહીં, એ વાર્તાઓ છાપનાર છાપાઓની નકલો પણ જપ્ત થયેલી. કેટલીક વાર્તાઓ માટે તો મંટોને દંડ અને જેલની સજા પણ થયેલી. જિંદગી આખી તેમણે સંઘર્ષો અને યાતનાઓમાં વીતાવી હતી. હા એ વાત સાચી કે તેઓ તીખા સ્વભાવના હોવા છતાં સંવેદનશીલ અને સ્વમાનપ્રિય વ્યકિત હતા. '' એ કલાકાર હતો એટલે મરીને પણ જીવતો રહ્યો. એ કદી મરવાનો નથી.'' એમ અલી સરદાર જાફરીએ તેમના માટે લખેલા શબ્દો સાચા પડ્યા છે. તેમના અકાળ અવસાન પર કૃષ્ણચંદરે લખ્યું છે કે, ''દુઃખ મંટોના મોતનું નથી. મોત તો અફર છે. દુઃખ તો એ બધી વણલખાયેલી ઉત્તમ કૃતિઓનું છે જેને માત્ર મંટો જ લખી શકે એમ હતો. ઉર્દૂ સાહિત્યમાં સારામાં સારા સાહિત્યકારો જન્મયા છે પણ મંટો બીજીવાર નહીં જન્મે......''

મંટોની કલમ ચાબખાની જેમ વીંઝાઈ છે. તેથી એમની કલમને વખોડનારાઓનો તોટો નથી. પણ મંટોએ કદીયે એની પરવા કરી નથી. તેમણે લખ્યું છે કે, '' લોકો મને કાળી કલમવાળો કહે છે. પણ હું કાળા પાટિયા પર કાળા ચૉકથી નથી લખતો. હું સફેદ ચૉક વાપરું છું જેથી કાળા પાટિયાની કાળાશ વધુ સ્પષ્ટ જોઈ શકાય.'' ભારતના ભાગલાથી ઉત્પન્ન થયેલી વાસ્તવિકતા અને વેદનાને તેમણે વાચા આપી છે. તેથી તેમના સર્જનમાં બિભત્સતા, પીડા, ક્રોદ,



નફરત અને ઠેકડી જેવા લક્ષણો જોવા મળે છે. કેટલાંકને વિભાજન વખતની તેમની વાર્તાઓ માનવીય દસ્તાવેજ સમી પૂરવાર થઈ છે. આજે પણ તેમની વાર્તાઓ વાંચનારને તરોતાજા લાગ્યા વિના રહેશે નહીં.

'ટોલા ટેકસિંહ' સમગ્ર ભારતીય સાહિત્યમાં અજોડ બની છે. મંટોની સાહિત્ય કૃતિઓ આ પ્રમાણે છે.

(૧) 'આતિશપારે' - ૧૯૩૬ (૨) 'મંટો કે અફસાને' (૩) 'ધૂઆં' - ૧૯૪૧ (૪) 'અફસાને ઔર ડ્રામે' (૫) 'ચુગદ' (૬) 'બઝઝતે સંગ' (૭) 'સિયાહ હાશિએ' (૮) 'ખાલી બોતલેં, ખાલી ડિબ્બેં' (૯) 'ઠંઠા ગોશ્ત' (૧૦) 'નમરૂદ કી ખુદાઈ' (૧૧) 'બાદશાહત કા ખાત્મા' (૧૨) 'યઝીદ' (૧૩) 'સડક કે કિંનારે' (૧૪) 'સરકંડો કે પીછે' (૧૫) 'ફૂંદને' (૧૬) 'બૂર્કે' (૧૭) 'શિકારી ઔંરતે' (૧૮) 'બગૈર ઈજાજત' (૧૯) 'સુતી, માશા, તોલા' (૨૦) 'જનાઝેં' (૨૧) 'તીન ઔરતેં' (૨૨) 'કરવટ' (૨૩) 'મીના બાઝાર'

એ જ્યારે લખ્યા વગર રહી શકેલા નહીં ત્યારે લખ્યું હતું કે, જે નથી હેવાન કે નથી દેવતા એવા ઈશ્વરે સર્જેલા કુદરતી માણસને જ એમણે વિષય બનાવ્યો છે. જેમનાથી લોકો દૂર રહેવાનું પંસદ કરતા એવી વ્યક્તિઓને તેમણે પોતાનાં પાત્રો બનાવ્યાં છે. કડવા સત્ય પર તેઓ ગળપણનો લેપ લગાડ્યા વગર કહેવાનું સ્પષ્ટપણે નિર્ભયતાથી કહી જ દેતા. એમણે લખ્યું છે કે, '' મારાં લખાણ તમને કડવાં, તીખાં અને તૂરાં લાગે છે પણ જે મીઠાશ આજ દિન સુધી તમારી સામે પીરસાતી રહી એનાથી ઈન્સાનિયતને શો ફાયદો થયો ??? લીમડાનાં પાન ભલે કડવાં હોય પણ એ લોહી ચોક્કસ શુદ્ધ કરે છે.'' તેઓ ભારતમાં જેટલા જાણીતા છે એનો એક ટકોય પાકિસ્તાનમાં જાણીતા નથી.

સમાજની નિર્ભેળ વાસ્તવિકતાને શબ્દોના શિલ્પથી શણગારનાર એ નીડર વાર્તાકારનું ૧૮ જાન્યુઆરી, ઈ.સ. ૧૯૫૫ના રોજ પાકિસ્તાનમાં અવસાન થયું હતું.



## (૧૭૮)
# પી. ટી. ઉષા
## (૨૦ મે, ઈ.સ. ૧૯૬૪)

ભારતની ગોલ્ડન ગર્લ અને વિશ્વભરમાં એથ્લેટ તરીકે પ્રસિદ્ધ પામનાર પલ્લવુલ્લાખંડી થક્કે પરમબિલ ઉષાનો જન્મ કેરળના કાલિકટથી સાઈઠ કિલોમીટર દૂર આવેલા પાયોટી ગામના પૈથલ કુટુંબમાં ૨૦ મે, ઈ.સ. ૧૯૬૪ના રોજ થયો હતો. તેના પિતાનું નામ ઈ.પી.એમ. પૈથલ હતું. તેના જન્મ પછી ગામના જ એક પંડિતે તે આખા વિશ્વમાં પ્રસિદ્ધિ મેળવશે તેનું ભળિષ્યકથન કર્યું હતું. તેના પિતા તો નાના એવા એમના ગામમાં કપડાંનો ધંધો કરી મહામુસીબતમાં જીવનનો ગુજારો કરતા હતા.

પિતાની આર્થિક સ્થિતિ સારી નહીં. તેથી ઉષાનો જન્મ થતાં જ તેના લગ્નની ચિંતા પિતાને સતાવવા લાગેલી. બાળપણમાં એની શારીરિક તંદુરસ્તી સારી રહેતી ન હતી. વારંવાર તે માંદી પડતી હતી. તેનું શરીર પણ કમજોર હતું. તે ચાલતી ત્યારે તેને શ્વાસ ચઢી જતો. તે શરદીથી સતત પીડાતી રહેતી.

કાયમ બિમારીનો ભોગ બની રહેલી એ શરૂઆતમાં થોડી જક્કી સ્વભાવની થઈ ગયેલી. કોઈની સાથે હળવા મળવાનું એ પસંદ કરતી નહીં. એ એકલી જ સમય વીતાવતી. પરિવારના લોકોને એ સાવ શાંત સ્વભાવની જણાતી. એ નિશાળમાં પણ રિસેસના સમયમાં એક ખૂણામાં એકલી લપાઈને બેસી રહેતી.

શાળાના મેદાનમાં બાળકોને દોડતાં અને ધમાચચચકડી મચાવતાં જોઈ ઉષાના મનમાં જાતજાતના તર્કવિતર્કો થવા લાગ્યા. ધીમે ધીમે એનામાં આત્મવિશ્વાસ જન્મવા માંડ્યો ત્યારે તેની શાળાના વાર્ષિક રમતોત્સવમાં ભાગ લઈને ૧૦૦ મીટર દોડસ્પર્ધામાં તે વિજેતા બની હતી. પછી તો દોડવાની એને



આદત પડી ગયેલી. એ કાયમ દોડતી રહેતી. ચાલવા કરતાં દોડવામાં એને મઝા આવતી.

ઉષાના તેનાથી પંદર વર્ષ મોટા તેના મામાએ તેનું હીર પારખી તેને તાલીમ માટે મોકલવા ઈચ્છતા હતા. એટલામાં એમણે કેરળના રમતગમત ડિવિઝનની જાહેરખબર વાંચીને મામા શ્રીધરને ઉષાને અરજી કરવા જણાવ્યું. ઉષાનાં માતા પિતાને આ વાત પસંદ પડી નહીં. બાર વર્ષની ઉષાને ઘરથી દૂર એકલી મોકલવાની તેમની તૈયારી નહતી. વળી સમાજનો પણ એમને ડર હતો. છતાં બહેન-બનેવીની સામે પડીને શ્રીધરને તેમની ભાણી ઉષાને રમતગમતની તાલીમ માટે કેન્નાર મોકલી આપી.

કેન્નારની ગવર્મેન્ટ હાઈસ્કૂલમાં તેની સખત પ્રેક્ટિસ શરૂ થઈ. ઉષાને તાલીમ આપનાર કોચ નામ્બિયાર કડક અને શિસ્તના આગ્રહી હતા. સવારે સાડા પાંચ વાગ્યે ઉષાની પ્રેક્ટિસ શરૂ થતી. ઉષાનું હીર પારખી ગયેલા કોચ નામ્બિયારે ઉષાની પુત્રીની જેમ માવજત કરી તાલીમ આપેલી. ઉષાએ આટલી સખ્ત પ્રેક્ટિસ અંગે ક્યારેય ફરિયાદ કરેલી નહીં.

માત્ર તેર વર્ષની ઉંમરે ઉષાએ ગ્રામ્ય એથ્લેટિક સ્પર્ધામાં ૧૦૦મીટર અને ૨૦૦મીટરની મહિલાઓ માટેની દોડમાં સુવર્ણચંદ્રકો મેળવેલા. માત્ર દોડમાં જ નહીં,પણ લાંબા અને ઊંચા કૂદકાની સ્પર્ધા સાથે ૪ ટ ૪૦૦ મીટર રિલેદોડમાં પણ સુવર્ણચંદ્રકો મેળવ્યા હતા. જાન્યુઆરી, ૧૯૭૮માં ત્રિવેન્દ્રમ ખાતે યોજાયેલી નેશનલ લેવલની સ્પર્ધામાં ભાગ લઈ ૧૦૦મીટર દોડ માત્ર તેર જ સેકન્ડમાં પૂરી કરી નવો વિક્રમ સ્થાપી સુવર્ણચંદ્રક મેળવ્યો હતો. ઈ.સ. ૧૯૭૯માં નાગપુરમાં યોજાયેલી રાષ્ટ્રીયશાળા એથ્લેટીક સ્પર્ધામાં દસમા ધોરણમાં ભણતી ઉષાએ ચાર સુવર્ણચંદ્રકો મેળવેલા. ઈ.સ. ૧૯૮૨માં એશિયાઈ રમતોત્સવમાં ભાગ લઈ તેણે ૧૦૦ અને ૨૦૦મીટર દોડ સ્પર્ધામાં સુવર્ણપદક મેળવ્યા હતા.

બેંગ્લોરમાં એક નેશનલ કક્ષાની રિલે-દોડ સ્પર્ધામાં રેસ દરમ્યાન બેભાન


થઈ ઢળી પડેલી ઉષાને ત્યારે દિલ્હીની ‘ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ’માં દાખલ કરવી પડેલી. ડૉક્ટરોએ ત્યારે તેને દોડસ્પર્ધામાં ભાગ નહીં લેવાની ચેતવણી પણ ઉચ્ચારેલી. પણ તેણે ડૉક્ટરોની ચેતવણીને ગણાકાર્યા વગર સાજી થતાં પ્રેક્ટિસ શરૂ કરી દીધી હતી.

ઈ.સ. ૧૯૮૨માં ‘એશિયાડ’ માટે તે પસંદગી પામેલી. ‘એશિયાડ’ શરૂ થતાં અગાઉ તેને સખત મેલેરિયા થઈ ગયેલો. ડૉક્ટરોએ તેને ‘એશિયાડ’ માં ભાગ ન લેવા સમજાવ્યા છતાં એ એકની બે નહીં થયેલી. તે સ્પર્ધામાં ભાગ લઈને જ જંપી. પણ તેને ત્યારે ‘રજતચંદ્રકો’થી જ સંતોષ માનવો પડેલો.

પણ તે પછી તે કુવૈતમાં ઈ.સ. ૧૯૮૩માં યોજાયેલી એશિયાઈ ખેલકૂદ સ્પર્ધામાં દૃઢ મનોબળ સાથે ઉતરેલી. તેણે આ સ્પર્ધામાં ૪૦૦ મીટર દોડમાં સુવર્ણચંદ્રક જીતેલો અને તેના સંકલ્પાનુસાર તે સુવર્ણચંદ્રક તેણે ઈશ્વરને ચરણે ધરી દીધેલો.

સિઓલ એશિયાડમાં ઉષાને મળેલી સિદ્ધિ બદલ ભારત સરકારે ત્રણ લાખ રૂપિયા અને એક મકાન ઈનામમાં આપેલાં. વળી, દક્ષિણ રેલવેમાં નોકરી કરતી તેને પ્રમોશન પણ આપવામાં આવેલું. ઈ.સ. ૧૯૮૭માં કલકત્તામાં રમાયેલા સાફ રમતોમાં તે ચાર સુવર્ણચંદ્રક મેળવા ભાગ્યશાળી બની હતી. તેની દોડયાત્રા આટલેથી અટકી ન હતી. સિંગાપુર ખાતેની ‘એશિયન એથ્લેટિક ચેમ્પિયનશીપ’ માં ત્રણ ગોલ્ડમેડલ અને બે સિલ્વર મેડલ તેણે મેળવ્યા હતા. રમતની રાણી એવી ઉષા મલયાલમ ફિલ્મો જોવાની ભારે શોખીન છે. સારું સાહિત્ય વાંચવાની પણ તે રુચિ ધરાવે છે. હિન્દી ફિલ્મોમાં ગીતોની પણ એ ચાહક છે. ભારત સરકારે તેની સિદ્ધિઓની કદર કરીને ઈ.સ. ૧૯૮૬માં ‘પદ્મશ્રી’ અને ‘અર્જુન એવોર્ડ’થી સન્માનિત કરી છે. અમેરિકાની યુનાઈટેડ સ્ટેટસ સ્પોર્ટસ અકાદમીએ ઈ.સ. ૧૯૮૭માં ‘એશિયન એથ્લેટ - ૮૬’ નો ખિતાબ એનાયત કરેલો. હાલ તે લગ્ન કરીને તેના ગૃહજીવનમાં સ્થિર થઈ ગઈ છે.





## (૧૭૯)
# સુમિત્રાનંદન પંત
## (૨૦ મે, ઈ.સ. ૧૯૦૦)

‘‘એમને એ સઘળું મળ્યું જે આ દેશનો મોટામાં મોટો લેખક મેળવી શકે. સાહિત્યમાં એ એવી જગ્યાએ ઊભા હતા જ્યાં સૌથી પહેલી નજર એમના પર પડતી. એ રાગદ્વેષથી પર ન હતાકે નહોતા એમાં એવા ખરડાતા કે કશુંય દેખાય જ નહી. એનાથી પર થવું રચના માટે જરૂરી છે. એની એમને ખબર હતી. એક પરંપરાગત કુટુંબજીવન એમને સોંપડયું હતું પણ અડધું તૂટેલું, આગળ જતાં નિરંતર ખરતું-ખોરવતું. એ પોતે ડગલે ને પગલે પોતાને માટે એક કુટુંબ રચતા રહ્યા, પારકાંને પોતાનાં કરતા રહ્યા, છોડતાં રહ્યા, સ્વીકારતા રહ્યા. એમની શિશુવત સરળતા સ્ત્રીઓ માટે મોહક હતી જે આજીવન એમનામાં ટકી રહેલી. એમણે તો સર્જનને જ પોતાની સંગિની માનીને આટલું લાંબુ અવિવાહિત જીવન વીતાવ્યું. પિતૃત્વની ભૂખ પ્રબળ બનતાં છેવટનાં વર્ષોમાં એક દીકરીને દત્તક લીધી. ફૂલછોડ અને જાનવરો માટે એમને ભારે શોખ હતો. એમની સૌંદર્યોપાસના ઐશ્વર્યની ઉપાસના ન હતી, સાધારણના ધર્મની ઉપાસના હતી. કવિતામાં અને જીવનમાં તેઓ સૌંદર્યવાદી હતા, ઈશ્વરવાદી હતા, અધ્યાત્મવાદી હતા. જનવાદી હતા, માનવતાવાદી હતા. એ સઘળું એક સાથે હતા, કદાચ એટલા માટે કે એ મૂળભૂત રીતે કવિ હતા અને કવિતાવાદી હતા એમની સિદ્ધિઓ અને મર્યાદાઓ બન્ને વંદનીય છે.’’ (દિનમાન, જાન્યુ. ૧૯૭૮)

કવિ સુમિત્રાનંદન પંતને અંજલિ આપતાં હિન્દી કવિ સર્વેશ્વર દયાલ સકસેનાએ ઉચ્ચારેલા ઉપરના શબ્દોને પૂર્ણતઃ ચરિતાર્થ કરનાર અને હિન્દી ભાષાના અનન્ય

વિકાસમાં અપૂર્વ યોગદાન આપનાર કવિ પંતનો જન્મ ૨૦, મે, ઈ.સ. ૧૯૦૦ના રોજ ઉત્તર પ્રદેશના અલ્મોડા જિલ્લાના કૌસાની ગામમાં થયો હતો. તેમના જન્મના છ કલાક પછી તેમની માતાનું અવસાન થયું હતું. ધાર્મિક શ્રદ્ધાથી પ્રેરાઈને તેમના પિતાએ તેમનું નામ ગોસાઈ દત્ત રાખેલું. દસ વર્ષની ઉંમર થતાં તેમણે તેમનું નામ સુમિત્રાનંદન ધારણ કરેલું.

અઢાર વર્ષની ઉંમરે તેઓ બનારસ ગયેલા. પછીના જ વર્ષે રવીન્દ્રનાથ ટાગોરને જોયા પછી બંગાળી સાહિત્યનો અભ્યાસ કરવાની તેમનામાં જિજ્ઞાસ જાગી. ઈ.સ. ૧૯૨૦માં અલ્હાબાદની મ્યોર સેન્ટ્રલ કોલેજમાં દાખલ થયેલા. ઈ.સ. ૧૯૨૧માં અસહકારની ચળવળને લઈ તેમણે કોલેજ છોડી દીધી. ઈ.સ. ૧૯૨૯માં તેમના પિતાજીનું અવસાન થયેલું.

જીવનમાં ઉપરાઉપરી આવી પડેલી આઘાત-પ્રત્યાઘાતોની અસર તેમના કાવ્ય સર્જન પર પડી છે. તેઓ બાળપણથી જ ભાવુક અને સંવેદનશીલ હતા. નિસર્ગના સૌંદર્યને તેમણે તેમના કાવ્યોમાં સુપેરે ઝીલ્યું છે. તેમના જીવન અને સર્જન ઉપર કાર્સ માર્કસ, ગાંધીજી, ટાગોર અને મહર્ષિ અરવિંદનો વિશેષ પ્રભાવ પડેલો જણાય છે. આ મહાનુભાવો વિશે પણ તેમણે અનેક કાવ્યોનું સર્જન કર્યું છે. તેમણે રવીન્દ્રનાથ ટાગોર વિશે તેમણે અનેક કાવ્યોનું સર્જન કર્યું છે. તેમણે રવીન્દ્રનાથ ટાગોર વિશે 'કવીન્દ્ર રવીન્દ્ર કે પ્રતિ' નામના ૨૦૦પંક્તિના સુદીર્ઘ કાવ્યની રચના કરેલી છે. તેમણે સ્વીકાર્યું છે કે, તેમનું આગવું કોઈ દર્શન નથી.


ઈ.સ. ૧૯૨૬માં પ્રગટ થયેલો તેમનો 'પલ્લવ' કાવ્યસંગ્રહ હિન્દી કવિતાના ઈતિહાસમાં માઈલસ્ટોન સમો પૂરવાર થયો છે. તેમની કલમ સાઠ વર્ષો સુધી અવિરતપણે ચાલતી રહી હતી. છાયાવાદ અને પ્રગતિવાદના તેઓ પ્રણેતા હતા. ઈ.સ. ૧૯૫૯માં અકાદમી દ્વારા પુરસ્કૃત થયેલો કાવ્યસંગ્રહ 'કલા ઔર બૂઢા ચાંદ' અછાંદસ કવિતાના નોંધપાત્ર પ્રયોગો છે, અને તાજગીપૂર્ણ કલ્પનો દ્વારા ભાવાભિવ્યક્તિ કરે છે. તેમની સંવેદનામાં સૌંદર્યપ્રેમ, ખાસ કરીને પ્રકૃતિપ્રેમનું




પ્રાધાન્ય રહ્યું છે. તેઓ સમાજ અને સભ્યતાને એક આદર્શ ભૂમિકાએ પ્રતિષ્ઠિત થયેલાં જોવા ઈચ્છતા હતા.

આ કવિએ હિન્દી કવિતાને ભાષાની ભેટ આપવાની સાથે સાથે કેટલાક છંદો અનન્ય રીતે સિદ્ધ કરી આપ્યા છે. તેમની ખ્યાતિ ખાસ કરીને કવિ તરીકેની છે. છતાં અન્ય ક્ષેત્રોમાં તેમણે કરેલું ખેડાણ નોંધપાત્ર રહ્યું છે. તેમની 'હાર' નામની એક નવલકથા ઈ.સ. ૧૯૬૦માં પ્રગટ થઈ હતી. તેમણે ત્રણ નાટકો, એક પદ્ય નાટક, ત્રણ નિબંધ સંગ્રહો અને એક સંસ્મરણની પણ રચના કરેલી છે.

હિન્દી સાહિત્યની ઉત્કૃષ્ટ સેવા બદલ તેમને દ્વિવેદી ચંદ્રક, સાહિત્ય અકાદમીનો પુરસ્કાર અને ભારતીય જ્ઞાનપીઠનું પારિતોષિક એનાયત કરવામાં આવ્યાં હતાં. ભારત સરકારે તેમને 'પદ્મભૂષણ'ના ખિતાબથી સન્માન્યા હતા. અનેક યુનિવર્સિટીઓએ તેમને માનદ ડી. લિટની પદવીઓ આપી તેમનું બહુમાન કર્યું હતું.





## (૧૮૦)

# ઈ. એ. એસ પ્રસન્ના

## (૨૧ મે, ઈ.સ. ૧૯૪૦)

એક જમાનામાં ક્રિકેટના ક્ષેત્રમાં ભારતીય સ્પિન બોલિંગની ધાક હતી. ભારતમાં ફાસ્ટ બોલરોની ઉણપ વર્તાતી હતી. ત્યારે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સ્પિન બોલરો ભારતની આબરૂ બચાવતા. ભારતના પ્રખ્યાત સ્પિન બોલરોમાં બિશસિંઘ બેદી, ભગવત ચંદ્ર શેખર અને પ્રસન્ન ખૂબ જાણીતા હતા. પ્રસન્નાનનું પૂરું નામ એરાપલ્લી અનંતરાવ શ્રીનિવાસન હતું. પ્રસન્નાનો જન્મ મૈસૂરમાં ૨૧ મે, ઈ.સ. ૧૯૪૦ ના રોજ થયો હતો.

તેઓ શરીરે સ્થૂળ બાંધાના, મધ્યમ કદના ખેલાડી હતી. સ્વભાવે શાંત, વિન્રમ અને ઓછાબોલા. સ્વતંત્ર અને સ્વમાની મિજાજના પણ ખરા. ખપ સિવાય ભાગ્યે જ તેઓ કોઈની સાથે બોલતા. ક્રિકેટર તરીકે તેમણે ક્યારેય કોઈની પાસેથી તાલીમ મેળવેલી નહીં. એ જમાનામાં ક્રિકેટમાં અત્યાધુનિક રક્ષણાત્મક સાધનોનો ઉપયોગ થતો નહીં. ઈલેક્ટ્રોનિક ઉપકરણો અને આધુનિક ટેકનિકનો પણ અભાવ હતો. આજના જેવી કોઈ કોચિંગ કે તાલીમની સુવિધા પણ નહતી. ત્યારે તેઓએ ક્રિકેટની રમત પર સ્વપ્રયત્ને પ્રભુત્વ મેળવેલું.

લગભગ એકવીસ વર્ષની ઉંમરે ભારત તરફથી તેમણે આંતર રાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કરલો. ઈ.સ. ૧૯૬૧-૬૨માં તેઓ ભારત વતી ઈંગ્લેન્ડ અને વેસ્ટ ઈન્ડિઝ સામે એક મેચ રમેલા. એ જમાનામાં ભારત સિવાયના ક્રિકેટ રમતા દેશોની બોલિંગના આધારસ્તંભો તેમના ફાસ્ટ બોલરો હતા. ઝંઝાવતી ફાસ્ટ બોલરો સામે હાથમાં બેટ લઈ પીચ પર ઊભા રહેવું એ લોઢાના ચણા ચાવવા જેવું કપરૂં કામ હતું. ત્યારે પણ તેમણે બેટ્સમેન તરીકે કૌવત બતાવેલું.



એ જ અરસામાં એમના પિતાનું અવસાન થયેલું. કુંટુંબની જવાબદારીનો ભાર એમના માથે આવ્યો. વળી, એમનો અભ્યાસ પણ ત્યારે ચાલુ હતો. તેથી તેમને ક્રિકેટથી દૂર રહેવું પડેલું. તેમણે ક્રિકેટથી મોં ફેરવી લઈ ઈલેક્ટ્રોનિક્સનો અભ્યાસ પૂર્ણ કરવામાં ધ્યાન આપેલું. ઈલેક્ટ્રોનિક્સમાં ડિગ્રી હાંસલ કરી લીધા પછી ક્રિકેટની રમતામાં તેઓ ફરીવાર સક્રિય થયેલા. ઈ.સ. ૧૯૬૬-૬૭માં વેસ્ટ ઈન્ડિઝની ક્રિકેટ ટીમ ભારતના પ્રવાસે આવેલી. આ ટીમ સામે રમવા દક્ષિણ ઝોનની ટીમમાં તેમનો સમાવેશ કરવામાં આવેલો. કર્ણાટકના બેંગલોરમાં રમાયેલી મેચમાં દક્ષિણ ઝોન તરફથી રમતાં તેમણે વેસ્ટ ઈન્ડિઝ સામે પ્રથમ ઈનિંગમાં ૮૭ રન આપી આઠ વિકેટો ઝડપી તરખાટ મચાવેલો. તેમની આ ઝળહળતી સફળતાથી રાજી થયેલા પસંદગીકારોએ તેમને ચેન્નાઈ ખાતેની છેલ્લી ટેસ્ટમાં સમાવેલા. તેમની કાતીલ સ્પીન બોલિંગ સામે સોબર્સ જેવા દિગ્ગજ બેટ્સમેન પણ મૂંઝવણ અનુભવતા હતા.

ઈ.સ. ૧૯૬૭માં ભારતીય ક્રિકેટ ટીમે ઈંગ્લેન્ડનો પ્રવાસ ખેડેલો. આ ટીમમાં પ્રસન્નાની પસંદગી થયેલી. આ પ્રવાસમાં તેમણે નેત્રદીપક દેખાવ કરીને ભારતીય ટીમમાં પોતાનું સ્થાન નિશ્ચિત બનાવી દીધું હતું, ઈ.સ. ૧૯૬૭-૬૮માં ભારતીય ક્રિકેટ ટીમે ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડનો પ્રવાસ ખેડેલો. આ ટીમના આધારભૂત બોલર ભગવત ચંદ્રશેખર ઈજાગ્રસ્ત થઈ જતાં તેમનું રમવું અનિષ્ચિત હતું. આ પરિસ્થિતમાં ભારતીય ટીમના કપ્તાન મનસૂર અલી ખાન પટૌડીએ પ્રસન્ના પર પૂરપૂરો વિશ્વાસ મૂકેલો. પ્રસન્નાએ ટીમના નિયમિત બોલર તરીકે તે પછીના અઢાર માસના ગાળામાં સોળ ટેસ્ટ મેચો રમીને ૯૬ વિકેટે ખેરવી હતી. માત્ર ૨૦ ટેસ્ટ મેચો રમીને ૧૦૦ વિકેટો ઝડપનારા તેઓ એકમાત્ર ભારતીય બોલર હતા. તેમની રમત પ્રત્યેની એકાગ્રતા જોઈ ઓસ્ટ્રેલિયાના ક્રિકેટ વિવેચકે તેમને ઉચ્ચ કોટિના સ્પીનર તરીકે બિરદાવેલા.

તે પછી ભારતીય ટીમમાં સ્પીનર વેંકટરાઘવનનો પ્રવેશ થયેલો. તે પછી બે

માંથી કોને રમાડવા એ દ્વિધા છેક ૧૯૭૮ સુધી ટીમ મેનેજમેન્ટને મૂંઝવતી રહેલી. તેમની બોલિંગમાં તેઓ લાઈન-લેન્થમાં વારંવાર પરિવર્તન કરી બેટધરને મૂંઝવી દેતા. તેઓ ગમે તેવી પીચ ઉપર બોલિંગ કરવામાં સફળ થતા. તેમનાં મનોબળ અને જુસ્સો ગજબનાં હતાં. તેઓ માત્ર બોલિંગમાં જ નહીં, જરૂર પડ્યે બોટિંગમાં પણ કૌવત બતાવતા. તેમણે ટેસ્ટ મેચમાં સદી પણ ફટકારી છે. સ્પીન બોલર તરીકે તેમને ભારતીય ક્રિકેટ જગત પેઢીઓ સુધી યાદ કરતું રહેશે.







## (૧૮૧)

# જગુભાઈ શાહ

## (૨૨ મે, ઈ.સ. ૨૦૦૧)

જન્મે જૈન હોવા છતાં, જૈન તરીકે પોતાની જાતને નહીં ઓળખાવનારા એક ઉચ્ચ કોટિના કલાકાર જગુભાઈ શાહનો જન્મ ગિરનારના ખોળે ખેલતા નાના સા ટિંબડી ગામે પિતા ભીમજીભાઈ અને માતા લાધીબાઈના ઘેર. શાળાના દફતરે નોંધાયા પ્રમાણે ૧૬, જુલાઈ, ઈ.સ. ૧૯૧૬ના રોજ થયો હતો. બાળપણમાં જ અનાથ બની ગયેલા તેમનો અને તેમના ભાઈ બહેનોનો ઉછેર માંગરોળમાં રહેતા તેમનાં માસીને ત્યાં થયેલો. પણ માસી કેટલા દહાડા બધાને સાચવી શકે. તેથી તેમને અભ્યાસને નામે જૈન છાત્રાલયમાં મૂકી દેવામાં આવેલા. તેમના એક ભાઈ હતા ભગુભાઈ. નસીબજોગે તેમનાં માસીને ત્યાં આવેલા એક પૈસાપાત્ર અને ઉદાર સ્વભાવના પરગજુ મૂળજી ડુંગરશીની આંખમાં જગુ-ભગુની બંધુ બેલડી વસી ગયેલી. તેમણે આ બે ભાઈઓના ભાવિને ધ્યાનમાં રાખી તેમને તેમની સાથે મુંબઈ લઈ જવાનો નિર્ણય કર્યો. અને તે તેમને મુંબઈ લઈ ગયેલા. તેમણે પોતાના લોહીના છોકરાંની જેમ અદકેરા હેતથી બેઉનું જતન કરેલું.

તેમણે પછી આ બે ભાઈઓને પરેલ વિસ્તારની ‘લેડી નોર્થ કોટ ઓર્કનેજ’ સંસ્થામાં દાખલ કરી દીધેલા. આ સંસ્થાના સુપ્રિન્ટેન્ડન્ટ હતા જન્મશંકર બૂચ. આ જન્મશંકર મહાશંકર બૂચ એટલે કવિ લલિતજી. અનાથાશ્રમનાં બાળકોને મધુર અને ભાવવહીલયમાં તેઓ મઝાની બાળકવિતાઓ ગવડાવતા. જગુભાઈ પર પહેલેથી જ લલિતજીની સાદગીની ભારે અસર થયેલી. અહીં તેમને ઘણા અટપટા અને વિચિત્ર અનુભવો થયેલા. એક છોકરાએ તેમને તેમના હાથની

હથેળી પર ચપ્પુ મારેલું. તો એકવાર પરેલની ચોપાટી પર દરિયામાં નહાવા પડેલા તેમને તેમના એક મિત્રે ડૂબતાં બચાવેલા. તેઓ આ સંસ્થામાં નવમાં ધોરણ સુધી ભણેલા.

આ સંજોગોમાં તેમનો પરિચય દુર્ગાશંકર પંડ્યા નામના એક લાગણીશીલ ચિત્રકાર સાથે થયો. દુર્ગાશંકરની ચિત્રકલા જોઈને એમને રસ પડવા માંડ્યો.દુર્ગાશંકરે સગાભાઈ જેવા હેતથી જગુભાઈને ચિત્રકલા શીખવવા માંડી. ધીમે-ધીમે જગુભાઈનો ચિત્રકલાનો વિકાસ થતો ગયો અને ઉત્તરોત્તર સિદ્ધિનાં શિખરો સર કરતા ગયા. તેમના ગુરૂ દુર્ગાશંકર કલાજગતમાં 'કલાબ્ધિ' નામે જાણીતા થયેલા.

કલાબ્ધિના સહવાસ, માર્ગદર્શન અને તાલીમથી જગુભાઈમાં રહેલો એક કલાકાર મહોરી ઊઠ્યો. જગુભાઈએ તેમનું વ્યક્તિત્વ એક શિલ્પાકૃતિની જેમ કંડારેલું. સાદગી, સ્વાશ્રય, સ્વાવલંબન અને કરકસર એમના વ્યક્તિત્વનાં વિશિષ્ટ પાસાં હતાં. તેઓ માત્ર કામ જેટલું જ બોલતા. સામાનું દિલ જીતવામાં તો તેઓ પાવરધા. કલા-સાધના એમની જીવન સાધના બની ગયેલી. રાષ્ટ્રપ્રેમ અને પ્રકૃતિ પ્રેમ એમના સર્જનના મુખ્ય વિષયો હતા. રાષ્ટ્રીય આંદોલનને જીવંત કરતા ચિત્ર સર્જનો એમની કલાનું આગવું પાસું હતું. તેમનાં ચિત્રો ભારત ઉપરાંત લંડન અને કેનેડા જેવા દેશોનાં સંગ્રહાયેલાં આજે પણ જોવા મળે છે.

''આ વિશ્વ હરિની લીલા છે.'' એવું માનનારા જશુભાઈ દેશવાસી, ગ્રામવાસી અને વિદ્યાર્થીને તેમના આરાધ્ય દેવ માનતા. આચાર-વિચારની શુદ્ધિ સાથે તેઓ આરોગ્ય પ્રત્યે પૂરેપૂરા સભાન હતા. શ્રીમદ ભગવદ ગીતા તેમનો અતિપ્રિય ગ્રંથ હતો. કલાના સૌંદર્યને માણવા દેશ આખો તેઓ ખૂંદી વળેલા. અજંતા-ઈલોરાના પ્રવાસ દરમ્યાન ચિત્રોથી ભરેલી એક આખી પેટી અમદાવાદના રેલવે સ્ટેશનેથી ગુમ થઈ ગયેલી ત્યારે તેમણે ભારે વેદના અનુભવેલી.


જીવનની ઉતરતી અવસ્થાએ આંખનું ઓપરેશન, ઢીંચણનો દુઃખાવો, હાથનું



હાડકું ભાગી જવું વગેરે શારીરિક પીડાઓથી તેઓ પીડાયેલા. જાણીતા ચિત્રકારો સોમલાલ શાહ અને ખોડીદાસ પરમાર સાથે તેમનો નિકટનો સંબંધ. 'ભાવનગરની ઘરશાળા' માં પણ તેમણે ચિત્રશિક્ષક તરીકે સેવાઓ આપેલી. તેમણે ઘણા ઉત્તમ ચિત્રકારો તૈયાર કરવા જીવનને હોડમાં મૂકી દીધેલું. તેમણે અમદાવાદના રાષ્ટ્રપ્રેમી અને કલાપ્રેમી કુંટુંબના મોભી એવા જમનાદાસ કિનારીવાલાની પુત્રી અને પોતાની શિષ્યા વનલીલાબહેન સાથે લગ્ન કરેલું. તેમના માર્ગદર્શન હેઠળ ચિત્રકલાના ક્ષેત્રમાં અનેક કલાકારો તૈયાર થઈ કલાની સુવાસ પ્રસરાવી રહ્યા છે.

ઈ.સ. ૧૯૬૨-૬૩માં રાષ્ટ્રપતિ ડૉ. ઝાકીરહુસૈને તેમનાં વ્યકિતગત ચિત્રપ્રદર્શનનું ઉદ્‌ઘાટન દિલ્હીમાં કરેલું. બંને પતિ-પત્ની પૂરાં દેશભક્ત હતાં. ઈ.સ. ૧૯૬૫માં મોરારજીભાઈ દેસાઈએ બહેનોને સુવર્ણ દાન કરવા હાકલ કરેલી ત્યારે વનલીલાબહેને તેમની સોનાની બંગડીઓ દાનમાં દઈ દીધેલી. જે બદલ નાણાંખાતાએ લેખિત આભાર પણ માનેલો. જગુભાઈનાં પત્ની વનલીલાબહેનનું કેન્સરની બીમારીને કારણે ઈ.સ. ૧૯૭૯માં અવસાન થતાં તેઓ વ્યથિત થઈ ગયેલા. વનલીલાની ખોટ જગુભાઈને જીવનભર સાલેલી.

અંતે જગુભાઈનો જીવનદીપ ૨૨ મે, ઈ.સ. ૨૦૦૧ના રોજ અમેરિકાની ધરતી પર બુઝાઈ ગયેલો.



## (૧૮૨)

# રાલ્ફ વાલ્ડો એમર્સન

## (૨૩ મે, ઈ.સ. ૧૮૦૩)

અર્વાચીન યુગના આર્ષદૃષ્ટા અને ઋષિ સમાન પ્રખર ચિંતક રાલ્ફ વાલ્ડો એમર્સનનો જન્મ અમેરિકાના મેસેચ્યુસેટ્સ રાજ્યમાં કોન્કોર્ડ નામના ટાઉનમાં  ૨૩, મે, ઈ.સ. ૧૮૦૩ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ વિલિયમ હતું. તેઓ ખ્રિસ્તી ધર્મના ધર્મોપદશેક હતા. આર્થિક રીતે તે સાવ કંગાળ હતા. તેમના પાંચ પુત્રોમાં રાલ્ફ બીજા નંબરનું સંતાન હતા. તેમના પિતાનું અવસાન થયું ત્યારે તેમની ઉંમર માત્ર આઠ વર્ષની હતી. તેમની મા બોર્ડિંગ હાઉસ ચલાવી પરાણે પરાણે તેના પરિવારનું પોષણ કરતી હતી. પરિવારે ભીષણ ગરીબાઈમાં દિવસો વીતાવ્યા હતા.

એમર્સન અઢાર વર્ષની ઉંમરે હાર્વર્ડ યુનિવર્સિટીની બોસ્ટન ડીવીનીટી કોલેજમાંથી સ્નાતક થયેલા. સ્નાતક થયા પછી માતાને આર્તિક રીતે મદદરૂપ થવા તેમણે ચર્ચમાં નોકરી સ્વીકારી લીધેલી. નાની ઉંમરથી વાંચવાના ભારે શોખીન એવા એમર્સન શેક્સપિયર, મોન્તેસ્ક, સ્પીનોઝાનાં પુસ્તકો રસપૂર્વક વાંચતા. તેમના પિતા અને બે ભાઈઓ ત્યારે અસાધ્ય ગણાતા એવા ક્ષય રોગનો ભોગ બની મૃત્યુ પામેલા. તેથી તેમને પણ ક્ષયનું નામ સાંભળતા ડર લાગતો. એમર્સન દેખાવે સૌંદર્યવાન હતા. તેમની વાણી મીઠી અને પ્રિયકર હતી. તેમના અવાજમાં ગજબની મોહિની હતી. એમર્સન પણ ક્ષય રોગમાં જકડાયેલા અને સતત બાર વર્ષ સુધી અડગ મનોબળથી તેની સામે ઝઝૂમેલા. શરૂઆતથી જ તેમણે લેખન અને કાવ્યસર્જન પર કલમ ચલાવેલી. તે પછી ઈ.સ. ૧૮૨૯માં તેમની નિમણૂંક ધર્મોપદેશક તરીકે થયેલી.



ખ્રિસ્તી ધર્મ અને બાઈબલના ઊંડા અભ્યાસી એમર્સનનું ચિંતન મૌલિક હતું. તેમનો ઉપદેશ ઈસુ ખ્રિસ્તના ગિરિપ્રવચનોની સમકક્ષ હતાં. નિરાશા અને હતાશાના અંધકાર વચ્ચે અટવાતા માનવીમાં તેઓ તેમના ઉપદેશથી નવો પ્રાણ પૂરતા. તેમનો ઉપદેશ સાંભળનાર પર વશીકરણ જેવી અસર ઉપજાવતો હતો. લોકોને તેમની વાણીમાં ભરપૂર વિશ્વાસ બેસતો. લોકો તેમને દૈવી ફિરસ્તો માનતા. તેઓ માવનવધર્મને જ મહત્વ આપતા. જૂથબંધી તે સાંપ્રદાયિક સંકુચિતતાથી તેઓ સદા દૂર રહેતા હતા. ધર્મ કરતાં માનવીનું ઊંચું મૂલ્ય આંકતા આ ચિંતકને તેમના બિનસાંપ્રદાયિક મનોવલણને લીધે જ ધર્મોપદેશકનું પદ છોડવું પડેલું. રૂઢિચુસ્ત ખ્રિસ્તી સમુદાયે અને અંધશ્રદ્ધાળુઓએ તેમનો ઉગ્ર વિરોધ કરેલો. કેટલાકે તો તેમને ધર્મદ્રોહના ગુનાસર આકરામાં આકરી સજા કરવાની પણ હિમાયત કરેલી.

ધર્મોપદેશકના પદનો ત્યાગ કર્યા પછી તે આત્મચિંતનમાં રત રહેવા લાગેલા. દરમ્યાનમાં તેમની પત્નીનું અવસાન થયેલું. પત્નીના અવસાન  પછી એમર્સને યુરોપની યાત્રા આરંભેલી. આ યાત્રા દરમ્યાન વિખ્યાત કવિઓ કોલરિજ અને થોમસ કાર્લાઈસ સાથે તેમનો પરિચય થયેલો, જે પરિચય પછીથી મિત્રતામાં પરિણમેલો. તેમ છતાં દુઃખની વાત તો એ બનેલી કે કોઈએ એમર્સનમાં રસ લીધેલો નહીં, કે નહીં તો તેમની વાતો કોઈએ કાને ધરેલી, પરિણામે નિરાશ થઈ તે પોતાના દેશમાં પરત ફરેલા.

યુરોપથી પરત આવી તેમણે વતનમાં સાહિત્યિક વર્તુળ દ્વારા ડાયલ....... નામનું એક સામાયિક શરૂ કરેલું. આ સામાયિકમાં તેમણે રાજકારણ અને તત્કાલીન સમાજવ્યવસ્થા પર લેખો લખવાનું શરૂ કરેલું. અહીં તેઓ આમ જનતા વચ્ચે જઈ માનવતાનો દિવ્ય સંદેશ સંભળાવતા. લોકોને તેમની વાતો સાંભળવામાં રસ પડતો. કેટલાંક ધર્મચુસ્ત વિરોધીઓના વિરોધ વચ્ચે ઘણા બધા સામાન્ય માણસો તેમની વાણી સાંભળવા એકઠા થતા. હવે તેઓ આર્થિક રીતે ઠીક ઠીક પગભર થયા હતા. તેમણે મકાન પણ ખરીદી લીધું હતું અને બીજાં લગ્ન પણ

કરી લીધાં હતાં. તેમણે લખેલા સાહિત્યમાં તેમના નિબંધોનું સ્થાન અને મૂલ્ય સર્વોચ્ચ છે. જગતના સર્વશ્રેષ્ઠ સાહિત્યમાં એમર્સનના નિબંધોની પણ ગણના થાય છે.

નેચર..., એસેજ, એસેજ સેકંડ ઓફ સિરિજ અને પોએમ્સ એમના મહત્વના ગ્રંથો છે. રિપ્રેઝન્ટેટીવ મેન, જર્નલ્સ, લેટર્સ, વગેરેમાં પણ તેમના કેટલાંક નિબંધો સંકલિત થયેલા જોવા મળે છે. તેમણે અનેક દેશોની સમાજવ્યવસ્થા અને સંસ્કૃતિનું ઊંડું અધ્યયન કર્યું હતું. તેથી તેમનાં દૃષ્ટિ અને ચિંતન આધ્યાત્મિક સ્પર્શવાળાં અને સમન્વયકારી બન્યાં હતાં. તેમને હિન્દુ ધર્મ પર પણ ભારે આસ્થા હતી. હિન્દુ ધર્મના પ્રાચીન ગ્રંથો અને દર્શનનો પણ તેમને ગહન અભ્યાસ કરેલો. અને હિન્દુ વિચારધારાને જગત સમક્ષ રજૂ કરેલી. તેઓ ટૂંકાં વાક્યોમાં તેમના વિચારો માર્મિક રીતે રજૂ કરતા હતા. વિશ્વના તત્વચિંતકોમાં એમર્સનું સ્થાન પણ અતિ મહત્વનું છે.

અમેરિકાના આંતરવિગ્રહ દરમ્યાન એમની વિરોચિત વાણીએ લોકોનો જુસ્સો ટકાવી રાખવામાં મહત્વની ભૂમિકા ભજવેલી. તેમને અબ્રાહમ લિંકન પ્રત્યે વિશેષ અનુરાગ હતો. લિંકન પણ એમર્સનને માનથી જોતા હતા. તેમણે એમર્સનને અમેરિકાના પયગંબર તરીકે ઓળખાવેલા.

વિધિની વક્રતા તો જુઓ. સતત માનવતાનો સંદેશો આપનાર આ મહાન ચિંતકનું ઈ.સ. ૧૮૭૨માં આખો આખું મકાન આગની જ્વાળાઓમાં બળીને રાખ થઈ ગયું હતું. વિશ્વનો આ મહાન ચિંતક ઈ.સ. ૧૮૮૨માં આ ફાની દુનિયા છોડી અનંતની યાત્રાએ ચાલ્યો ગયો હતો.

●





## (૧૮૩)

# ગુરુ હનુમાન

## (અવસાન : ૨૪ મે, ઈ.સ. ૧૯૯૯)

ભારતીય મલ્લવિદ્યાને દુનિયાભરમાં ઓળખાવનાર ગુરૂ હનુમાનનો જન્મ ૧૫ માર્ચ, ઈ.સ. ૧૯૦૧ના રોજ રાજસ્થાનના ચિડાવા જિલ્લાના ઝંઝૂનમાં થયો હતો. તેમનું જન્મનું નામ વિજયપાલ હતું. તેમના પિતાનું નામ બાલારામ અને માતાનું નામ રાજવંત હતું. તેમની ઉંમર માત્ર અઢાર મહિનાની હતી. ત્યારે જ તેમના માતપિતાનું અવસાન થયેલું. અનાથ બનેલા તેમનો ઉછેર પન્નાલાલ કૌશિક નામની વ્યકિતએ કરેલો.

ઈ.સ. ૧૯૦૯માં તેઓને પન્નાલાલે દિલ્હીની પ્રાથમિક શાળામાં પ્રવેશ અપાવેલો. જન્મથી દુર્બળ એવા તેઓ મંડેલિયા રોડને અડીને આવેલા બગીચામાં જઈ ત્યાંના અખાડામાં મલ્લવિદ્યાનું રિહર્સ જોતા. તેમને પણ કુસ્તી શીખવાનું મન થયેલું. આ અખાડામાં જ રિસાલસિંહ નામના પહેલવાને તેમને કુસ્તીના પાઠ પઢાવેલા. આ પછી વિજપાલે પ્રેમનગરની પ્રાથમિક શાળામાં ચાર ધોરણ સુધીનું શિક્ષણ લીધેલું.

તેમણે કુસ્તીવિદ્યા શીખવાની શરૂઆત ઈ.સ. ૧૯૨૬થી કરેલી. એકવાર તેઓ ફરવા નીકળેલા ત્યારે એક ઘોડાગાડીવાળો એક સ્ત્રીની છેડતી કરી રહ્યો હતો. ગુરુહનુમાને તે સ્ત્રીને પેલા લંપટ માણસની ચુંગાલમાંથી બચાવેલી. આ ઘટના જાણીતા ઉદ્યોગપતિ જુગલકિશોર બિરલાએ નજરોનજર જોયેલી. તે પછીથી બિરલાએ તેમણે શરૂ કરેલી દિલ્હીની 'બિરલા વ્યાયામશાળા' ગુરૂ હનુમાનને સોંપી દીધેલી. તે પછી બિરલા ગ્રુપે તેમને ટીટાઘર પાસે નવો અખાડો બનાવી આપેલો. ક્રાંતિકારી ચંદ્રશેખર છ મહિના ગુરૂ હનુમાનના અખાડામાં

ગુપ્ત વેશે રહ્યા હતા.

ઈ.સ. ૧૯૪૦માં ગુરુહનુમાને અખાડાને ગુરૂકુળ બનાવ્યું હતું. બિરલા ગ્રૂપ આ અખાડા પાછળ પ્રતિ વર્ષ એક લાખ રૂપિયા ખર્ચ કરતું હતું. ગુરૂ હનુમાન રોજ સવારે પાંચ વાગે ઊઠી જઈ કસરત કરતા હતા. સવારે તેઓ તેમના શિષ્યાને પણ કસરત કરાવતા. સાંજના ત્રણથી આઠ સુધી તેઓ પહેલવાનોને આકરી તાલીમ અપતા. આમ છતાં તેઓ સંપૂર્ણ શાકાહારી હતા. ભોજનમાં ૪૦થી ૫૦ રોટલીઓ અને ૫-૬ લીટર દૂધ તથા ફળફળાદિ લેતા. તેઓ અપરીણિત હતા. બીડી કે સિગારેટનો તો તેઓ સ્પર્શ શુદ્ધાં કરતા નહીં. તેઓ શિસ્તના આગ્રહી હતા.

તેમની તાલીમ રંગ લાવતી. તેમણે તૈયાર કરેલા શિષ્યો એશિયન રમતો, એશિયન ચેમ્પિયનશીપ, કોમવેલ્થ ગેમ, અને આંતરરાષ્ટ્રીય કુસ્તી સ્પર્ધાઓમાં અનેક સુવર્ણચંદ્રકો જીતી ચૂક્યા છે. તેમના ત્રણ શિષ્યો 'પદ્મશ્રી એવોર્ડ' અને દસ શિષ્યો 'અર્જુનએવોર્ડ' મેળવી ચૂક્યા છે. અખાડામાં ધર્મના ભેદભાવ વગર સૌ કોઈને પ્રવેશ મળતો હતો. તેઓ પૂરેપૂરી પરંપરાગત ભારતીય ઢબે તાલીમ આપતા હતા. તેમના અનેક શિષ્યો 'ભારત કેસરી', 'કૈસર એ હિંદ', 'પદ્મ શ્રી', 'મહાન ભારત કેસરી' વગેરે જેવા ખિતાબ મેળવી ચૂક્યા છે.


તેમના અખાડામાં તૈયાર થયેલા કુસ્તીબાજોમાં સતપાલ, સુદેશકુમાર, અશોકકુમાર, સજ્જનસિંહ, સુદેશકુમાર, જગદીશ, નંદલાલ, છોટા ભીમ, રંધાવા. જયપ્રકાશ, ચરણસિંહ વગેરેનો સમાવેશ થતો હતો. જેમણે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. ગુરુજી રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પેટ્રન હતા. તેમને મળેલ સન્માનો અને ખિતાબોની યાદી ઘણી લાંબી છે. ઈ.સ. ૧૯૬૦માં ગૃહમંત્રીલયે તેમને 'રાષ્ટ્રગુરુ'તરીકે નવાજ્યા હતા. રાજસ્થાન સરકારે ૧૯૮૨માં તેમને 'રાજસ્થાનશ્રી'નો ખિતાબ આપેલો. ઈ.સ. ૧૯૮૩માં તેઓને 'પદ્મશ્રી' નું સન્માન મળેલું. બિહારના મુખ્યમંત્રીએ ૧૯૮૯માં તેમને 'ભીષ્મ



પિતામહ'નો ખિતાબ આપેલો. આજ વર્ષે ભારતના રાષ્ટ્રપતિએ 'દ્રોણાચાર્ય' એવોર્ડથી તેમનું સન્માન કરેલું. અમેરિકાએ તેમને 'કુસ્તી દેવતા'નો એવોર્ડ આપેલો. ઈ.સ. ૧૯૯૦માં ફ્રાન્સની સરકાર તરફથી 'ડિપ્લોમા ઓફ ધ ઓનર'નો ખિતાબ મેળવનાર તેઓ પ્રથમ ભારતીય હતા. ૧૯૯૧માં જાપાન સરકારે તેમને 'લોર્ડ બુદ્ધ એવોર્ડ' અર્પણ કરેલો. ઈંગ્લેન્ડની સરકારે એ જ વર્ષે તેમને અમર શહીદ ઉદ્મસિંહ એવોર્ડથી નવાજ્યા હતા.

કુસ્તીના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત બેતાજ બાદશાહ ગુરુ હનુમાન ૨૪ મે, ૧૯૯૯ના રોજ નવ્વાણુ વર્ષની વયે દિલ્હી નજીક રિડાનીમાં સડક દુર્ઘટનાને કારણે અવસાન પામ્યા હતા.





## (૧૮૪)

# મજરૂહ સુલતાનપુરી

## (અવસાન : ૨૫ મે, ઈ.સ. ૨૦૦૦)

મજરૂહ સુલ્તાનપુરી, હિન્દી ફિલ્મ જગતના પ્રસિદ્ધ ગીતકાર. તેમની ફિલ્મ ગીતકાર તરીકેની લાંબી કારકિર્દી દરમ્યાન ૨૫૦૦થી વધુ ફિલ્મીગીતો આપીને ૪૦૦થી વધુ ફિલ્મોને સંગીતના સૂર-શબ્દોથી મઢનાર લોકહૈયે વસેલા વિખ્યાત ગીતકાર. ફેંફસાની તીવ્ર બિમારીને કારણે ૨૫ મે, ઈ.સ. ૨૦૦૦ના રોજ જન્નતનશીન થયેલા. દાદાસાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત થયેલા આ શાયર તેમનાં કર્ણપ્રિય ગીતો દ્વારા આજેય આપણી વચ્ચે જીવતા હોય એવો અહેસાસ થયા વગર રહેતો નથી.

ફિલ્મ 'શાહજહાં' નાં રળિયામણાં ગીતો દ્વારા ફિલ્મજગતની દુનિયાને ઊંબરે પગ મૂકનાર આ ગીતકારે જીવના અતિંમ શ્વાસ સુધી ગીત-સંગીતનો સાથે નહીં છોડેલો. ઈ.સ. ૧૯૪૫માં તેમણે લખેલ 'શાહજહાં' ફિલ્મ માટેની ગઝલ 'ગમ દિયે મુસ્તકિલ કિતના નાજુક હૈ દિલ, યે ન જાને હાયે હાયે યે જાલિમ જમાના' કે જેને સાયગલે કંઠ આપેલો. તે આજે પણ અમર થઈ ગઈ છે. આ જ ફિલ્મનું આવું બીજું યાદગાર ગીત 'જબ દિલ હી તૂટ ગયા હમ જી કે કયા કરેંગે' આજે પણ તેના ગીતકાર અને ગાયકનું સ્મરણ તાજું કરાવી જાય છે. ઉપરાંત તેમના 'મેલા' અને 'અંદાજ' જેવી ફિલ્મોનાં ગીતો આજે પણ હિન્દી ફિલ્મ સંગીતમાં ટોચ ઉપર બિરાજેલાં છે.

'શાહજહાં' પછી ઈ.સ. ૧૯૪૬માં રજૂ થયેલી ફિલ્મ 'કિસ્મત' માં મજરૂહના ગીત 'મન ડોલ રહા હૈ', 'કાંટો સે છેડતે હૈ મેરે જિગર કે છાલે', 'ફૂંક દો ભગવાન આકે અપની જહાં કો ફૂંક દો', 'રહા હૈ દૂર હર આસરા', 'હાં જરા મુખડે સે



ઘૂંઘટ હટા દે', 'સાગરમેં ઉડી દો મૌજે મૌજો પે ચલી એક નૈયા' આજે પણ એટલાં જ તરોતાજા બની રહ્યાં છે.

ઉપરાંત ભૂલ જા અભ દિલ વો બાતે (નામક), હમ આજ કહીં દિલ ખો બૈઠે, ડર ના મહોબ્બત કર લે, ઝૂમ ઝૂમ કે નાચો આજ, ઉઠાયે જા ગમ કે સીતમ, નજર કા વાર થા નજરિયા, જવાની બાર બાર નહીં આયે જેવાં તેમનાં ગીતો આજે પણ ચિરસ્મરણીય બની રહ્યાં છે.

તેઓ માત્ર ચોવીસ વર્ષની ઉંમરે મુંબઈ એકલા આવેલા. શાહજહાંથી ફિલ્મી ગીતકાર તરીકેની કારકિર્દીનો આરંભ કરનાર આ શાયરે ગીત, ગઝલ, ભજન, કવ્વાલી, કોમેડી અને બાળગીતોની રચનામાં આગવું સ્થાન જમાવેલું. આ શાયર ખરા અર્થમાં ફિલ્મી શાયરોનો 'શાહજહાં' થયેલો. 'હાલ કૈસા હૈ જનાબ કા', 'એક લડકી ભોલી ભાલી સી', 'છોડ દો આંચલ જમાના કયા કહેગા', 'કાલી ઘટા છાયે મોરા જીયા ધબરાયે', 'બાબુજી જરા ધીરે ચલના' જેવાં ગીતો તેમનું કાયમી સંભારણું બની ગયાં છે.

તેમણે તેમની પચાસ વર્ષથી પણ વધુ પ્રલંબ કારકિર્દીમાં લગભગ બધા જ સંગીતકારો સાથે કામ કર્યું હતું. દિલીપકુમાર અને મીનાકુમારી પર ફિલ્માવાયેલું તેમનું ફૂટપાથ ફિલ્મનું ગીત 'શામ એ ગમ કી કસમ' આજ સુધી જીવંત અને કર્ણપ્રિય બની રહ્યું છે.

નૌશાદ, ખૈયામ, ચિત્રગુપ્ત, આર.ડી.બર્મન, રાજેશ રોશન, ઓ.પી. નૈય્યર, લક્ષ્મીકાંત પ્યારેલાલથી લઈ આજના એ.આર. રહેમાન જેવા ટોચના સંગીતકારો સાથે આ શાયરે કામ કર્યું હતું. તેઓ માર્કસવાદી વિચારધારાને વરેલા હતા. તેમણે લખેલ પંક્તિઓ.........

" માર સાથી,
જાને ના પાયે....
જાને ના પાયે....

કોમનવેલ્થ કા દાસ હૈ નહેરૂ
ઔર તબાહી લાને ન પાયે...''

બદલ તેમને જેલના સળિયા પાછળ ધકેલી દેવાયેલા. સ્વ. મોરારજી દેસાઈએ તેમને માફી માગવાની શરતે છોડી દેવાની તૈયારી બતાવેલી પણ તેઓ માફી માગવા તૈયાર થયેલા નહીં. પરિણામે તેમને લગભગ અઢાર મહિના મુંબઈની આર્થર જેલમાં બંધ કરી દેવામાં આવેલા.

●







## (૧૮૫)

# હરકિસન મહેતા

## (૨૫ મે, ઈ.સ. ૧૯૨૮)

ગુજરાતનો કોઈ સાહિત્ય રસિક જન હરકિસન મહેતાના નામથી અજાણ્યો હોય એવું ભાગ્યે જ બને... આધુનિક પેઢીના વાચકોમાં નંબર વનનું સ્થાન પામી ચૂકેલા હરકિસન મહેતાનો જન્મ સૌરાષ્ટ્ર પંથકના મહુવામાં ૨૫ મે, ઈ.સ. ૧૯૨૮ ના રોજ થયેલો. ડૉક્ટર બની સમાજસેવા કરવાના સ્વપ્નો આંખમાં આંજી બેઠેલા હરકિસનભાઈ વજુ કોટકની પ્રેરણાથી લેખક અને પત્રકાર બની ગયા. તેમની આંતરશક્તિઓને પિછાણી વજુ કોટક તેમને મુંબઈ લઈ ગયેલા અને એમનાં સામાયિકો 'ચિત્રલેખા' બીજ અને જી ના સંપાદનકાર્યમાં જોડી દીધેલા. બસ, ત્યારથી આજદિન સુધી તેમણે પાછું વળીને જોયું નથી.

હરીન્દ્ર દવેએ હરકિસન મહેતા વિશે લખ્યું છે કે, ''હરકિસન મહેતા એ આધુનિક નવલકથા ક્ષેત્રે માત્ર નામ નથી, એક ઘટના છે. નવલકથાની પ્રજાપ્રિયતા સાથે તેની રમણીયતાનાં સ્થાનોની માવજત એ એમની વિશેષતા છે.'' હરકિસન મહેતા એક જાગરૂક તંત્રી છે. પોતાના પત્રને લોકપ્રિય બનાવી વધુને વધુ લોકો સુધી શી રીતે પહોંચાડી શકાય તેવી આંતરસૂઝ એમનામાં વિકસેલી હતી. 'અમર અલી ઠગના પીળા રૂમાલની ગાંઠ' જેવી સત્યઘટના પરથી નવલકથા લેખનની શરૂઆત કરાનારા તેઓ ગુજરાતના લોકપ્રિય નવલકથાકાર છે. એમની ખાસિયત એ હતી કે, નવલકથા લખવા માટે એ જે વિષયવસ્તુ પસંદ કરતા તે વિષયવસ્તુની ઝીણામાં ઝીણી બાબતોની વૈજ્ઞાનિક ઢબે તેઓ માહિતી એકઠી કરતા. વાંચનારને જાણે લાગે કે એ વિષયવસ્તુનો પોતે જાણે એક હિસ્સો ના હોય ???

'ચમ્બલ તારો અજંપો', 'પાપ પ્રશ્ચાતાપ', 'તરસ્યો સંગમ', 'જોગસંજોગ', 'પ્રવાહ પલટાયો', 'સંસારી સાધુ', 'માણસ નામે ગુનેગાર', 'સંભવ-અસંભવ', 'ભેદભરમ' અને 'દેવદાનવ' નવલકથાઓ પહેલાં હપ્તે હપ્તે પ્રગટ થયેલી. એમની તમામ નવલકથાઓએ વાચકો પર એવા કામણ કર્યાં હતાં કે, હપ્તો વાંચ્યા પછી તેઓ આતુરતાથી આવનારા હપ્તાની રાહ જોઈ રહેતા. તેઓ પ્રજાની નાડ પારખી ગયેલા વાર્તાકાર છે. પ્રવાહ પલટાયો અને જોગ-સંજોગ નવલકથાઓ ઉપરથી ફિલ્મો પણ બની ચૂકી છે. તેમની નવલકથાઓ એટલી સશક્ત છે કે કેટલીક નવલકથાઓ ભારતની અન્ય ભાષાઓમાં અવતાર પામી છે. તેમની મોટાભાગની નવલકથાઓ 'ચિત્રલેખા' અને વર્તમાનપત્રોમાં ધારાવાહી સ્વરૂપે રજૂ થઈ છે. અત્યાર સુધીમાં તેમની વીસ કરતાં વધુ નવલકથાઓ પ્રકાશન પામી ચૂકી છે. તેમની લગભગ બધી જ નવલકથાઓની એક કરતા વધારે આવૃતિઓ થઈ છે જે તેમની લોકપ્રિયતા સૂચવે છે. તેમની નવલકથાઓ પરથી ફિલ્મો ઉપરાંત નાટકો અને ટી.વી. સિરીયલો પણ બની ચૂકી છે.

ઈ.સ. ૧૯૮૧માં સ્ટોકહોમમાં યોજાયેલી વિશ્વક્રાઈમ રાઈટર્સ કોન્ફરન્સમાં ભારતના એકમાત્ર પ્રતિનિધિ તરીકે તેઓ હાજર રહ્યા હતા. સ્વીડનની આ યાત્રાના સંસ્મરણો આલેખતું 'સ્વીડન : સોનાનું પિંજર' નામે એક પુસ્તક પણ લખેલું છે. તેમણે મુંબઈમાં પત્રકારત્વની કોલેજ ઊભી કરવા હરકિસન મહેતા ફાઉન્ડેશન તરફથી વિલેપાર્લે કેળવણી મંડળને સવા બે લાખ રૂપિયાનું દાન આપ્યું છે. તેઓ વિશ્વપ્રવાસી તરીકે જાણીતા થયેલા છે.

●





## (૧૮૬)

# એલેક્ઝાન્ડર પુશ્કિન

## (૨૬ મે, ઈ.સ. ૧૭૯૯)

વિશ્વના અપ્રતિમ મુક્તિખોજના કવિ અને રશિયન પ્રજાના આત્મા સમાન મહાકવિ એલ્કઝાન્ડર સર્જિયોવિચ પુશ્કિનનો જન્મ ૨૬ મે, ઈ.સ ૧૭૯૯ના રોજ રશિયાના પાટનગર મોસ્કોમાં થયો હતો. ઈંગ્લેન્ડના સાહિત્યમાં જે સ્થાન વિલિયમ શેક્સપિયરનું છે અને ભારતીય સાહિત્ય જે સ્થાન મહાકવિ કાલિદાસનું છે તેવું જ સ્થાન રશિયન સાહિત્યમાં પુશ્કિનનું છે. તેઓ વતનપ્રેમના કવિ છે. તેઓ મહાત્મા ટોલ્સ્ટોય જેવું અને જેટલું જ મહત્વ રશિયન સાહિત્યમાં ધરાવે છે. ટોલ્સટોય રશિયાની આંતરમનોવેદનાના કવિ છે. તેઓ જન્મભૂમિ પ્રત્યેના વિરલ પ્રેમ અને આસ્થાનાં કાવ્યો સર્જનારા સર્જોક માટે દીવદાંડીરૂપ છે.

ઝાર જેવી અન્યાયી સરમુખત્યાર સત્તા સામે બંડ પોકરતાં પણ તેઓ ખચકાયા ન હતા. જુઓ તેમની વિદ્રોહીકવિતાની થોડી પંક્તિઓ -

" ઊઠો ઊઠો હે રશિયાના દેવદૂત,
પોતાના શરીરને ઢાંકો શરમજનક પોષાકથી
ગલફાંસીનો ફંદો નાંખો કંઠ ફરતો અને જાઓ
એ જુલ્મી હત્યારાની સન્મુખે"

પુશ્કિને તેની કવિતાઓ દ્વારા ક્રાંતિની આલબેલ પોકારી હતી. તેઓ વતનને સમર્પિત થયેલા ઝિંદાદિલ કવિ હતા. તેમના શબ્દોમાંથી રશિયન પ્રજાની વેદનામુક્તિ માટેનો પોકાર સંભળાય છે. તેથી તેઓ રશિયાની પ્રજાના હૈયાના આસન ઉપર બિરાજમાન થયેલા છે. આધુનિક રશિયાના ઘડતરમાં પુશ્કિનનો

ફાળો મહત્વનો છે.

માત્ર અઢાર વર્ષની ઉંમરે અંતરાત્માના અવાજને પામી ચૂકેલા પુશ્કિને તેમના આંતરમનને કાગળ ઉપર શબ્દસ્થ કરવાનું શરૂ કરી દીધું હતું. ત્યારે તેઓ રશિયાના વિદેશ ખાતામાં નોકરીએ જોડાયેલા હતા. આ જ ઉંમરે તેમણે 'રૂસલાઆલી ઉદમીલા'ની સર્જનપ્રક્રિયા હાથ ધરેલી.

રશિયાના સાહિત્ય જગતમાં હવે એક કવિ તરીકેની તેમની ઓળખ થઈ ચૂકી હતી. ઝારશાહીની યાતનાઓથી પીડાતી રશિયન પ્રજા પ્રત્યેની માનવીય લાગણીથી પ્રેરાઈને તેમણે 'સ્વાતંત્ર્યનું ગીત' ની રચના કરીને તેની અસંખ્ય નકલો પીટસબર્ગમાં વહેંચી હતી.પ્રજાની ઝાર શાસન વિરૂદ્ધ ઉશ્કેરણી કરવાના આરોપસર તેને કિશીનેફ ખાતે દેશવટો દઈ દેવામાં આવેલો. છતાં તેઓ નહોતા ડર્યા કે નહોતા ડગ્યા. પછી વતનપરસ્તીનો લાવા બમણા વેગથી તેમના અંતરતમમાંથી બહાર આવ્યો. તેમણે 'કોકેસરનો કેદી' અને 'બકશીસરાઈનું ઝરણું' નામની બે કૃતિઓનું સર્જન કર્યું.

તેમની ઝાર વિરોધી પ્રવૃતિઓ દેશનિકાલ દરમ્યાન બળવત્તર બનીને ચાલતી જ રહેલી. આ સંજોગોમાં તેણે લખેલા નાસ્તિક વિચારોને સમર્થન આપતો તેનો એક પત્ર સરકારના હાથમાં આવી ગયેલો. આથી તેમને મિકાઈલોસ્કોમ નામની એકાંત જગામાં નજરકેદમાં રાખવામાં આવેલા. આ એકાંતવાસ દરમ્યના તેમના ચિંતનને નવી દિશા મળી. તેમાં અદભૂત નિખાર આવ્યો અહીં તેમણે જૂની રશિયન કવિતાઓનું સૂક્ષ્મતાથી અધ્યયન કર્યું. તેમના આ અભ્યાસમાંથી ઈ.સ. ૧૮૨૫માં એક કરુણાંત નાટકનો જન્મ થયો. એ નાટકનું નામ હતું, 'બોરિસ ગોજુનોફ.'

આ જ વર્ષે ડેકાબ્રિસ્ટના બળવા સ્વરૂપે રશિયાની ઝારશાહી સામે બંડ પોકારવામાં આવેલું. એલેક્ઝાન્ડર પહેલા પછી નિકોલસ રશિયાની ગાદી ઉપર આરૂઢ થયો. તેણે પુશ્કિનને માફી આપી પુનઃ તેન વિદેશ કચેરીમાં નોકરી આપી. ઈ.સ ૧૮૩૧માં તેમણે નાતાલિયા કારોફ સાથે લગ્ન કતરી લીધેલાં.



લગ્ન પછી તેઓ ફરીવાર કોકેસસના પ્રવાસે ગયા હતા. તે પ્રવાસ દરમ્યાન તેમણે જે જોયેલું, જાણેલું અને અનુભવેલું તેનું બયાન કરતી રચના 'એઝરૂમાની સફર'નું સર્જન કર્યું. પણ તેમની યશસ્વી અને કીર્તદા રચના તો 'યુજિન ઓનેજિન' ઈ.સ. ૧૮૩૨માં પ્રગટ થઈ હતી. જેને સૌથી વધારે લોકપ્રિયતા પ્રાપ્ત થઈ હતી. તેમની આ કૃતિ વિશ્વસાહિત્યની શિરમોર રચનાઓમાં સ્થાન પામી ચૂકી છે. તેમની 'યુજિનઓનેજિન' કવિતા ક્ષેત્રની 'કેપ્ટનની કુંવરી' અને વાર્તાક્ષેત્રની 'કાળીનીરાણી' શ્રેષ્ઠ રચનાઓ ગણાય છે.

રશિયાના આ મહાન સર્જકનું લેનિનગ્રાડનાપાદરમાં યુદ્ધ લડતાંલડતાં માત્ર આડત્રીસ વર્ષની ભરયુવાન વયે ૮, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૩૭ના રોજ મૃત્યુ નીપજ્યું હતું.



## (૧૮૭)
# મહાદેવી વર્મા
## (૨૬ મે, ઈ.સ. ૧૯૦૭)

''શૂન્ય મેરા જન્મ થા, અવસાન હૈ મુઝકો સબેરા,
પ્રાણ આકુલ કે લિયે સંગી મિલા કેવલ અંધેરા.''

વેદનાની દેવી અને આધુનિક મીરાં એવાં મહાદેવી વર્માનો જન્મ ધર્મનિષ્ઠ અને દાર્શનિક પ્રકૃતિના પિતાના ઘરમાં માતા હેમરાની દેવીના પેટે ફરુખાબાદમાં ૨૬ મે, ઈ.સ. ૧૯૦૭ના રોજ થયો હતો. માતા-પિતાના સંસ્કારોની ઘેરી છાપ મહાદેવી પર બાળપણથી જ પડેલી. કવિતા અને વેદના એમના જીવનની પૃષ્ઠભૂમિમાંથી જ જન્મેલાં. એમનો યોગ્ય ઉંમરે વિવાહ થઈને તૂટી ગયેલો. આ વસમા આઘાત પછી કોઈની પણ મદદ વગર તેમણે પોતાના પગ પર ઊભા રહેવાનો નિશ્ચય કર્યો. એમણે અવસાદ ભૂલી શિક્ષણમાં મન પરોવ્યું અને એમ.એ. ની પરીક્ષા પાસ કરી દીધેલી. એ અગાઉ બી.એ. થયા પછી તેઓ પ્રયાગ મહિલા વિદ્યાપીઠનાં અધ્યાપિકા અને આચાર્ય થયેલાં. કડવા, મીઠા અનુભવોના સમન્વયથી તેમના જીવનનું ઘડતર થતું રહેલું.

'વેદનાભાવ' એમના જીવનનું મુખ્ય લક્ષણ છે. એમની બધી જ રચનાઓમાં કેન્દ્રસ્થાને વેદના રહેલી છે. બીજા શબ્દોમાં કહીએ તો વેદના મહાદેવીનો પર્યા બની ગઈ છે. મિલનકા નામ મત લૌં, મેં બિરહમે ચિંરહું. એમ કહેનાર મહાદેવની વેદનામાં ત્રણ રૂપ હતાં. નિજીવેદના, વિશ્વવેદના અને ચિંરંતન વેદના. સામાજિકતા અને કરૂણા એમના વ્યક્તિત્વના બીજાં પ્રાધના લક્ષણો હતાં. તેઓ ઉત્તમ રાષ્ટ્ર સેવિકા પણ ખરાં જ. ઈ.સ. ૧૯૪૨ની ચળવળમાં જે લોકોની ધરપકડ થઈ હતી. તેમના પરિવાર માટે તેમણે તે લોકો મુક્ત ન થાય ત્યાં સુધી



ભોજન અને વસ્ત્રો પહોંચાડવાની વ્યવસ્થા કરેલી.

'નિહાર', 'રશ્મિ', નીરજા, સાન્ધ્યગીત, દીપશિખા, બંગદર્શન. સપ્તવર્ણા અને હિમાલય એમના જાણીતા કાવ્યસંગ્રહો છે. તેમનો સૌપ્રથમ કાવ્યસંગ્રહ છે 'નિકાહ.' 'રશ્મિ' એમનો બીજો કાવ્યસંગ્રહ. તેમનો કાવ્યસંગ્રહ 'છાયાવાદ'ની અસર પામેલો છે. નીરજા કાવ્યસંગ્રહ મહાદેવી વર્માનો ખૂબ પ્રસિદ્ધ પામેલો કાવ્યસંગ્રહ છે. આ કાવ્યસંગ્હના બધાં કાવ્યો અનુભૂતિ અને ચિંતથી રસાયેલાં છે. સાન્ધ્યગીત કાવ્યસંગ્રહમાં કવિયિત્રીની ભક્તિનો માર્ગ અને ગતિ વધુ સ્થિર અને નિશ્ચિત થયેલાં જણાય છે. દીપશિખાનો ૪૧ ગીતોમાં મહાદેવના ચિંતનની પ્રૌઢતા અનુભવાય છે. રહસ્યવાદની બધી પેઢીઓનાં બધાં સોપાનો પૂર્ણરૂપે એમાં સામાઈ ગયાં છે.

બંગાળમાં પડેલાં ભીષણ દુષ્કાળ (ઈ.સ. ૧૯૪૧-૪૨) વખતે જ્યારે હજારો માનવીઓ, પ્રાણીઓ અને જીવજંતુઓ ભૂખથી મરી રહ્યાં હતાં. ત્યારે આ કરૂણાની મૂર્તિએ રાષ્ટ્રસેવાથી પ્રેરાઈ જુદા-જુદા કવિઓએ તે સંદર્ભે રચેલી કવિતાઓ એકત્રિત કરી જાતે પ્રકાશિત કરાવેલી. એમાં એમની પણ અનેક કવિતાઓ છે. આ સંગ્રહ એ જ બંગદર્શન.

તેમના સાહિત્યને સન્માનવા ભારત સરકારે ઈ.સ. ૧૯૫૬માં 'પદ્મભૂષણ' અને ઈ.સ. ૧૯૮૮માં 'પદ્મવિભૂષણ'ના ખિતાબો અર્પણ કર્યા હતા. ઈ.સ. ૧૯૭૯માં તેમને સાહિત્ય અકાદમીની ફેલોશીપ પ્રાપ્ત થઈ હતી. ઈ.સ. ૧૯૮૨માં તેમના 'યામ' કાવ્યસંગ્રહને જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. ઉજ્જૈનની વિક્રમ યુનિવર્સિટીએ તેમને 'ડી.લિટ્‌ની'ની માનદ પદવી આપી બહુમાન કર્યું હતું. ઉપરાંત તેમણે ઘણાં અન્ય સન્માનો પણ મેળવ્યાં હતાં.

મહાદેવી વર્માએ કાવ્યની જેમ ગદ્ય સાહિત્યમાં પણ મહત્વનું પ્રદાન કરેલું છે. 'અતિત કે ચલચિત્ર', 'સ્મૃતિ કી રેખાયેં' તથા 'પથ કે સાથી' તેમના ઉત્કૃષ્ટ સ્મરણ ગ્રંથો છે. ઉપરાંત તેમણે ઘણા બધા લલિત નિબંધોનું પણ સર્જન

કરેલું છે.

આ મહાન સાહિત્યકાર અને કરૂણામૂર્તિએ ૧૧, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૮૭ના રોજ સાહિત્યજગત અને આ નશ્વર દુનિયામાંથી અંતિમ વિદાય લઈ લીધેલી.

●





## (૧૮૮)

# ઈસાડોરા ડંકન

## ( ૨૭ મે, ઈ.સ. ૧૮૭૮)

પોતાની અદભૂત નૃત્યકલાથી લાખો ચાહકોને ઘેલું લગાડનાર અમેરિકાની બળવાખેર નૃત્યાંગના ઈસાડોરા ડંકનનો જન્મ દરિયા કિનારાની રેતમાં રમતા નગર સાન્ફ્રાન્સિસ્કોમાં ૨૭ મે, ઈ.સ. ૧૮૭૮ના રોજ થયો હતો. તેની માતાને તેના પિતાએ ચાર સંતાનો સાથે ત્યજી દીધેલી. આથી ચારેય સંતાનો બાળપણથી જ બળવાખોર બનેલાં. ગરીબીએ એમને ઘેરી લીધેલાં. ખાવા-પીવાં માટે વલખાં મારવાં પડતાં. રખડતી-રઝળતી જિંદગીમાં ઈસાડોરાને નૃત્ય પ્રત્યેના પાગલપણને જોઈ બેલે નૃત્યની તાલીમશાળામાં દાખલ કરેલી.તેની ઉંમર ૧૭ વર્ષની હતી ત્યારે તેની મા તેને લઈ શિકાગો લઈ આવેલી. અહીં શિકાગોમાં ઈસાડોરાએ સ્પ્રિંગ ડાન્સ વિકસાવ્યો. તેની મા એ ત્રેવડ ના હોવા છતાં દીકરીના નૃત્યનો જાહેર કાર્યક્રમ ગોઠવ્યો. આ કાર્યક્રમથી ઈસાડોરાની એક નૃત્યાંગના તરીકે નોંધ લેવાતી થયેલ.

યુવાની ફૂટતાં જ એક પરણેલા પૉલિશ ચિત્રકાર પ્રત્યે તેને પ્રેમ થયેલો. પણ માતાના લગ્નજીવન પરથી બોધપાઠ લઈ તેણે લગ્ન કરવાનું ટાળેલું. પછી શિકાગોથી ન્યૂયોર્ક જઈ ઓગસ્ટિન ડાલી નામના એક પ્રોડ્યૂસરને તે મળેલી. તેણે ઓગસ્ટિનને કહેલું, ''હું વોલ્ટ વિટમેનની વારસદાર છું. મારૂં શોધેલું નૃત્ય અમેરિકાના આત્માને અજવાળશે.'' ઓગસ્ટિન ડાલીએ ઈસાડોરાને શેક્સપિયરના 'મિડસમર નાઈટ્સ' માં એક પરીનો રોલ આપેલો. પરીની ધાતુની બનાવેલી પાંખો એને પસંદ ના પડી. એણે કામ છોડી દીધું.પુત્રીની નાની એવી કમાણીથી તેની માતાએ સ્ટુડીઓ લીધો. બાકીના કુટુંબને પણ સાથે બોલાવી

લીધું. આખો પરિવાર કામ કરવા લાગ્યો. ઈસાડોરાએ નૃત્યમાં ટ્યૂશન કરવાનું શરૂ કર્યું. તેની મા પિયાનોવાદક હતી. તેણે પિયાનો શીખવવાનો વર્ગ શરૂ કર્યો. તેનો ભાઈ રેમંડ એક છાપાના પ્રકાશક તે ત્યાં કામે લાગ્યો. બહેન ઈલિઝાબેથ ઈસાડોરાને નૃત્યમાં મદદ કરતી થઈ. પછી તેમણે એક મકાન ભાડે લીધું. ઈસાડોરાની ઉંમર ત્યારે વીસ વર્ષની હતી. પછી આખો પરિવાર ૧૫૦ ડોલરની મૂડી સાથે ઈંગ્લેન્ડ ઉપડી ગયેલો.

લંડનમાં ઈસાડોરા નવરાશની પળોમાં બ્રિટીશ મ્યૂઝિયમની મુલાકાતે જતી. ગ્રીક ગેલેરી જોયા પછી તેને ગ્રીક સંસ્કૃતિમાં રસ પડવા લાગ્યો. તે પેરિસ ગઈ. તેણે ગ્રીક શૈલીના નૃત્ય-સંગીતની તાલીમ લીધી. તે રંગમંચ પર ખુલ્લા પગે નાચતી. નૃત્યને તે કલા નહીં, પણ જૈવિક ક્રિયા માનતી હતી. નૃત્ય તેને મન ભાવનાગત ઉત્તેજનાનો પ્રતિભાવ હતો. તેને ચાહકો મળતા ગયા. તેણે ગ્રીક શૈલીની પરંપરાગત કલાને પુનર્જિવીત કરી તેની નૃત્યકલાથી પ્રભાવિત થયેલા શિલ્પકાર રોંદાએ લખેલુ કે, ઈસાડોરાએ શિલ્પ અને ભાવો સહજ સાધ્ય કર્યા છે. જીવન અને નૃત્ય એકાકાર કર્યા છે.

એ વિદ્રોહી નૃત્યાંગના હતી. પેરિસથી તેનો પરિવાર બર્લિન, બુડાપેસ્ટ અને વિયેના ગયેલો. બુડાપેસ્ટમાં ઈસાડોરાએ જાણે નવા નૃત્યની શોધ કરેલી. તે સ્ટ્રોસની 'બ્લ્યૂડેન્યૂલ' રચના પર નાચી અને બુડાપેસ્ટને જાણે પાગલ કરી દીધું. અહીં સાક્ષાત કામદેવના અવતાર સમો એક હંગેરિયન યુવાન તેને સાચા પ્રેમીના સ્વરૂપે મળી ગયો હતો. પણ તે પહેલાં કારકિર્દીને મહત્વ આપતો, પ્રેમને પછી. ભગ્ન હૈયાવાળી ઈસાડોરા હંગેરી છોડી જર્મની ચાલી ગયેલી. ત્યાંથી મ્યૂનિચ ગયેલી. ત્યાં સુધી એણે એવી તો લોકચાહન મેળવી લીધેલી કે તે જે બગીમાં બેસતી તે બગીને ઘોડાને બદલે તેના ચાહક શિષ્યો ખેંચતા. તેણે બર્લિનમાં ઓપેરા હાઉસમાં નૃત્ય કરીને લોકોને ઘેલા કરી મૂકેલા.

છવ્વીસ વર્ષની વયે તે પહેલી વાર ગ્રીસ ગયેલી. ગ્રીસ એટલે તો આખા યુરોપની



સંસ્કૃતિનું હૃદય. તે પાર્થેનોના સ્તંભો વચ્ચે નાચી. પાર્થેનોના જોયા પછી પણ તેણે અહીં એક મંદિરનું નિર્માણ કરવાનો સંકલ્પ કર્યો. પણ તેનું સ્વપ્ન અધુરૂં રહેલું. તે વિયેના ચાલી ગઈ. અહીં તે લેખક હેન્રીખના પ્રેમમાં પડેલી. પણ હેન્રીખનો પ્રેમ માત્ર મૈત્રીપૂર્ણ અને આધ્યાત્મિક જ હતો. તે પછી રશિયા ચાલી ગયેલી. અહીં શોપાંની રચના પર નૃત્ય કર્યું. અહીં તે પ્રેમભંગ થઈ પાછી બર્લિન ચાલી ગયેલી. તેની ઉંમર સત્તાવીસ વર્ષની થયેલી. પ્રેમમાં પડવું તેને માટે સ્વાભાવિક થઈ ગયેલું. તે પ્રખ્યાત અભિનેત્રી એલેન ટેરિનાના પુત્ર ગોર્ડનના પ્રેમમાં પડી. બંને પ્રેમમાં એકાકાર થઈ ગયેલાં. ગોર્ડન ક્રેગ સાથેનો તેનો સંબંધ લાંબો ચાલેલો નહીં. કારકિર્દીની બાબતે બંન્ને ઝઘડ્યાં અને છૂટાં પડ્યાં. પ્રેમભંગ થયેલી ઈસાડોરા શાંતિ અને પ્રસૂતિ માટે હોલેન્ડ ચાલી ગયેલી.

પ્રેમ વગર જીવી ન સકતી અને પ્રેમીને જીરવી ન શકતી ઈસાડોરા ફરી રશિયા ગયેલી અને 'મોમેન્ટ મ્યૂઝિક' રજૂ કર્યું. તે અમેરિકા ગઈ. પણ ત્યાં તેના નૃત્ય પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો અને તે ફ્રાન્સમાં ચાલી ગયેલી. ત્યારે તે બત્રીસની થયેલી. અહીં તે પેરિસના ધનકુબેરના પરિચયમાં આવેલી. પરિચયમાંથી પ્રેમ પ્રગટ્યો. ફરી તેને માટે 'સુખનો સૂરજ ઉગ્યો જાણે' તે વૈભવી જહાજમાં ફરવા લાગી. શાહી જહાજ પર સંગીતના જલસાઓ ગોઠવાતા. ઈ.સ. ૧૯૧૧માં તેઓ ન્યૂયોર્ક આવેલાં. નૃત્યની વિજયી યાત્રા અધૂરી રહી. ઈસાડોરા પાછી ફ્રાંસ ચાલી ગઈ. ભૂમધ્ય સમુદ્રના કિનારે તેણે પુત્ર પેટ્રિકને જન્મ આપ્યો તેના પ્રેમી લોગેનગ્રીને લગ્નનો પ્રસ્તાવ મૂકેલો પણ ઈસાડોરાએ તેનો અસ્વીકાર કરેલો.

૩૫ મા વરસે ફરી લોગેનગ્રીન સાથે તે જોડાયેલી. આ સમયે સીન નદીમાં ગાડી ખાબકવાથી તેનાં બાળકો ડૂબીને મૃત્યુ પામેલાં. તે પાગલ જેવી થઈ ગયેલી. તેના જીવનમાં અનેક મોટી હસ્તીઓ આવેલી ને ચાલી ગયેલી. ઈ.સ. ૧૯૨૧માં રશિયન સરકારના આમંત્રણથી તે ત્યાં ગઈ અને નૃત્યશાળાની સ્થાપના કરી. પછીના વર્ષે તેણે તેના સિદ્ધાંતો નેવે મૂકીને સર્ગેઈ એસેનીન સાથે લગ્ન કરેલું.

એસેનીન ૨૭ વર્ષનો ધૂની કવિ હતો. ઈસાડોરાના નૃત્યની તે મજાક ઉડાવતો. ઈસાડોરા તેને સમજાવવાનો પ્રયત્ન કરતી તો તેને મારી નાંખવાની ધમકી આપતો. તે તેના આ પાગલ પતિને ઈંગ્લેન્ડ લઈ ગઈ. અહીં સર્ગેઈએ પોતાના લોહીથી કવિતા લખી આત્મહત્યા કરી લીધેલી.

ઈ.સ. ૧૯૨૭માં ઈસાડોરાએ તેની ઓગણપચાસ વર્ષની ઉંમરે પેરિસમાં એક ભવ્યાતીભવ્ય નૃત્યનો કાર્યક્રમ રજૂ કરેલો. લોકોનું અભિવાદન ઝીલવા રસ્તા ઉપર નારીમુક્તિના ધ્વજ જેવો જેનો સ્કાર્ફ ફરકાવતી હતી. ૧૪ સપ્ટેમ્બરે તે ઓટો પર સવારીએ નીકળેલી. તેનો સ્કાર્ફ પૈડાના આરામાં ફસાઈ ગયો. તેનું ગળું ટૂંપાયું અને સ્કાર્ફ ફાંસીનો ગાળિયો બની ગયો. તે તે જ ક્ષણે મૃત્યુ પામી. જે જમાનામાં સ્ત્રીઓ ઘરની બહાર પગ પણ નહોતી મૂકતી તે જમાનામાં આ વિદ્રોહી નૃત્યાંગનાએ યુરોપ-અમેરિકાને દીવાનાં બનાવી દીધેલાં. તે નારીમુક્તિના પ્રતિક જેવું જીવન જીવી અમર થઈ ગઈ.

●





## (૧૮૯)

# વિનાયક સાવરકર

## ( ૨૮ મે, ઈ.સ. ૧૮૮૩)

છત્રપતિ શિવાજી મહારાજનો જન્મ જે ભૂમિમાં થયેલો તે મહારાષ્ટ્રની ભૂમિ એટલે વીરભૂમિ. એમાંય ચિત્તપાવત શાખાના બ્રાહ્મણોની તો વાત જ ના પૂછો ! આ બ્રાહ્મણ કુળે દેશભક્તો આપવામાં પાછી પાની કરી નથી. ન્યાયમૂર્તિ રાનડે, ગોપાલકૃષ્ણ ગોખલે, શ્રી પરાંજપે, શ્રી કેળકર, તિલક મહારાજ અને વિષ્ણુ ચિપલૂણકર આ ધરતીનાં નવરત્નો છે.

આ મહારાષ્ટ્રની ધરતીમાં નાસિક પાસેના ભગુર ગામમાં ૨૮ મે, ૧૮૮૩ના રોજ પિતા દામોદર અને મતા રાધાદેવીના ઘરમાં વીર દેશભક્ત વિનાયક સાવરકરનો જન્મ થયો હતો.

ભગુરની પ્રાથમિક શાળામાંથી શિક્ષણની શરૂઆત કરી હાઈસ્કૂલના શિક્ષણ માટે તેઓ નાસિકની શિવાજી હાઈસ્કૂલમાં જોડાયા. ભણવામાં ખૂબ હોશિંયાર. બાળપણથી જ તેમના પર શિવાજી અને રાણા પ્રતાપની ભારે અસર થયેલી. શાળાના પુસ્તકાલયમાંથી ઈતિહાસનાં પુસ્તકો મેળવી તેઓ રસપૂર્વક વાંચતા. તેમની ઉંમર સોળ વર્ષની થઈ ત્યાં સુધીમાં તેઓ માતાપિતાની છત્ર છાયા ગુમાવી ચૂકેલા.

પૂનામાં પ્લેગ ફેલાયો ત્યારે અંગ્રેજ સરકારે કોઈ પગલાં ભર્યાં નહીં હોવાથી હજારો લોકો મોતના મુખમાં હોમાઈ ગયેલાં. આ જ સમયે પૂનામાં સરકારે મહારાણી વિક્ટોરિયા હીરક મહોત્સવ ઊજવવાનું નક્કી કર્યું. આ ઊજવણીમાં ભાગ લેનારા જુલ્મી અંગ્રેજ અધિકારીઓ રેન્ડ અને આયર્સ્ટ પણ હતા. આ ઘટનાથી દેશભક્ત યુવાનોનું લોહી તપી ઉઠયું.

પરિણામ શું આવ્યું ? દામોદર અને લાલકૃષ્ણ નામના બે ચાફેકરભાઈઓએ પેલા બેઉ જુલ્મી અધિકારીઓને ગોળીઓથી વીંધી નાખ્યા. ગોરી સરકારે ચાકેરભાઈઓને ફાંસીએ લટકાવી દીધા. તિલકે એ બે ભાઈઓને શ્રદ્ધાંજલિ આપતો લેખ 'કેસરી'માં લખ્યો. આ લેખ વાંચીને વિનાયકે પ્રતિજ્ઞા લીધી કે,

લોહીના અંતિમ બુંદ સુધી હું મારા દેશની આઝાદી માટે લડતો રહીશ. હું દેશને આઝાદી અપાવીને જ ઝંપીશ.

ક્રાંતિના આ દેવદૂતે તેની પ્રતિજ્ઞા પૂર્ણ કરવાના પ્રથમ પ્રયત્નરૂપે ગુપ્ત 'ક્રાંતિકારી મંડળ' ની સ્થાપના કરી. ઈ.સ. ૧૯૦૧માં મેટ્રીકની પરીક્ષા પાસ કરી વિનાયક ઉચ્ચ અભ્યાસ માટે પૂનાની ફગ્યૂર્સન કોલેજમાં દાખલ થયા. તેઓ અહીં પણ રાષ્ટ્રીય પ્રવૃતિઓમાં અગ્રેસર રહ્યા. અહીં પણ તેમણે ગુપ્ત 'ક્રાંતિ મંડળ'ની રચના કરેલી. તેમના આ મંડળમાં રાનડે. ગોખલે, કાકાસાહેબ તથા કે. પરાંજપે પણ જોડાયેલા. આ મંડળ પાછળથી 'અભિનવ ભારતી' નામે જાણીતું થયેલું. તેમની આવી પ્રવૃતિ બદલ તેમને ફગ્યૂર્સન કોલેજમાંથી હાંકી કાઢવામાં આવેલા. તે પછી ડેક્કન કોલેજમાંથી તેમણે બી.એ. કર્યું. એલ.એલ.બી.ના અભ્યાસ માટે તેઓ વિલ્સન કોલેજમાં દાખલ થયેલા. પછી વધુ અભ્યાસ માટે તેઓ ઈંગ્લેન્ડ ગયા. ત્યાં શ્યામજી કૃષ્ણવર્માના 'ઈન્ડિયા હાઉસ'ના તેઓ સભ્ય થયેલા.

તેમણે ૧૮૫૭ની 'સ્વાતંત્ર્યક્રાંતિ' અને 'શીખોનો ઈતિહાસ' નામે બે ઐતિહાસિક ગ્રંથોની રચના કરી. આ ગ્રંથો દ્વારા તેમણે ઈતિહાસનું પુનર્મૂલ્યાંકન કર્યું. ઈન્ડિયા હાઉસમાં તેમને ક્રાંતિકારી યુવાન મદનલાલ ધીંગારાનો ભેટો થયો. વિનાયક તેનાથી પ્રભાવિત થઈ ગયેલા. પછી તો ઈંગ્લેન્ડનું વાતાવરણ ક્રાંતિમય બની ગયું. અંગ્રેજ સરકારની આંખ ઉઘાડવા ઠેર ઠેર બોમ્બ નંખાવા લાગ્યા. મદનલાલ ધીંગારાને કર્નલ વાયલીની હત્યા બદલ ફાંસી થઈ. સાવરકરે લંડન છોડ્યું. તેઓ પેરિસમાં ચાલ્યા ગયા. અહીં તેઓએ મેડમ કામા અને સરદારસિંહ રાણા સાથે મળીને ક્રાંતિકારી પ્રવૃતિ ચાલુ રાખી. આ સમયે તેમના ભાઈની



ધરપકડનું વોરંટ નીકળ્યું. તેમણે લંડન પાછા ફરવા નક્કી કર્યું. પણ ૧૩ માર્ચ, ૧૯૧૦ના રોજ ગાડીના ડબ્બામાંથી જ તેમને પકડી લેવામાં આવેલા. તેમને પકડી લેવામાં આવ્યા ત્યારે તેમણે કહેલું,

''ક્રાંતિને વળી બંધનો કેવાં ? ક્રાંતિને ગોળીએ વીંધી શકાતી નથી કે નથી તો ફાંસીના ગાળિયામાં લટકાવી શકાતી. હું એવી ક્રાંતિનો અગ્રદૂત છું. હું સાવરકર એટલે જ ક્રાંતિ.''

એમને બ્રિકસ્ટન જેલમાં રાખવામાં આવ્યા. છેવટે એમના પર ભારતમાં જ ખટલો ચલાવવાનું નક્કી થતાં ૧ જુલાઈ, ૧૯૧૦માં ભારત લાવવામાં આવી રહ્યા હતા. જિબ્રાલ્ટરની સામુદ્રિધુનિ પસાર કર્યા બાદ એ 'મારિયા' સ્ટીમરના એન્જિનમાં ગરબડ ઊભી થતાં માર્સેલ્સ બંદરે લાંગરવામાં આવી. લાગ જોઈ ત્યારે સાવરકર દરિયામાં કૂદી પડ્યા. અંગ્રેજ પોલિસ અધિકારી પાર્કરે પાણીમાં ગોળીઓ છોડી, પણ તેની એકેય ગોળી સાવરકરને વીંધી શકેલી નહીં. તેઓ બંદરની દીવાલ ઠેકી ભાગવા જતાં પકડાઈ ગયા. સ્ટીમર પર લાવી એમને મુશ્કેટાટ બાંધી દેવામાં આવ્યા. છેવટે સ્ટીમર મુંબઈ બંદરે આવી પહોંચી.

સરકારે રચેલી ખાસ ટ્રીબ્યુનલમાં ખટલો ચાલ્યો. ૨૪ ડિસેમ્બર, ઈ.સ. ૧૯૧૦ના રોજ ટ્રીબ્યુનલે ચૂકાદો આપેલો, આરોપી સાવરકરને જન્મટીપની સજા ફરમાવવામાં આવે છે. અને એની તમામ મિલકત જપ્ત કરવાનો કોર્ટ આદેશ આપે છે.

તેમને આંદામાન નિકોબારની સેલ્યુલર જેલમાં બંધ કરી દેવામાં આવેલા. એ દિવસ હતો ૪ જુલાઈ, ૧૯૧૦.

દસ વર્ષના કારમા જેલવાસ પછી સાવરકર અને તેમના ભાઈને સેલ્યલુર જેલમાંથી મુકત કરી રત્નાગિરિના કારાવાસમાં રાખવામાં આવેલા. કેટલીક શરતો સાથે તેમને ૮ જાન્યુઆરી, ૧૯૨૪ના રોજ મુક્ત કરવામાં આવેલા. પછી તેઓ સામાજિક ઉત્કર્ષની પ્રવૃતિઓ તરફ વળેલા. ૧૦ મે, ૧૯૩૭માં ક્રાંતિવીર વિનાયક

નજરકેદમાંથી સંપૂર્ણપણે મુક્ત કરવામાં આવેલા. ભારતની આઝાદી બાદ ૨૬ ફેબ્રુઆરી, ૧૯૬૬ના રોજ આ મહાન ક્રાંતિકારી ૮૩ વર્ષની ઉંમરે ફાની દુનિયા છોડી પંચમહાભૂતોમાં મળી ગયો. સલામ છે ક્રાંતિવીર સાવરકરને....

●







## (૧૯૦)

# રામવિલાસ શર્મા

## (અવસાન : ૨૯ મે, ઈ.સ. ૨૦૦૦)

હિન્દી ભાષાના સાહિત્યકાર અને માર્કસવાદી સમીક્ષક ઉપરાંત ભારતીય સંસ્કૃતિ અને સાહિત્યના ખ્યાતનામ વિદ્વાન રામવિલાસ શર્માનો જન્મ ઉત્તરપ્રદેશના ઉન્નાવ નામના ગામે ૧૦ ઓક્ટોબર ઈ.સ. ૧૯૧૨ના રોજ થયો હતો. ઈ.સ. ૧૯૩૪માં લખનૌ વિશ્વવિદ્યાલયમાંથી અંગ્રેજી વિષય સાથે તેમણે એમ.એ.ની પદવી મેળવેલી. એ જ વર્ષે ચાંદ નામના સામયિકમાં નિરાલા વિશે લેખ લખીને તે તેમણે તેમની લેખન કારકિર્દીનો આરંભ કરેલો. તેઓ લખનૌ યુનિવર્સિટીમાંથી પી.એચ.ડી. પણ થયેલા.

તેઓ હિન્દીના જાણીતા કવિ નિરાલાના સાથીદાર ગણાતા અને ઈ.સ. ૧૯૩૪માં તેમના સહવાસી પણ બનેલા. ઈ.સ. ૧૯૩૮થી ૧૯૪૩ સુધી એમ પાંચ વર્ષ લખનૌ વિશ્વવિદ્યાલયમાંથી અંગ્રેજીના અધ્યાપકપદે રહ્યા પછી તેઓ ઈ.સ. ૧૯૭૧ સુધી આગ્રાની બલવંત રાજપૂત કોલેજમાં અંગ્રેજીના હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ રહેલા.

ડૉ. શર્માએ સાહિત્ય સર્જનની શરૂઆત કવિતાથી કરેલી. તેમનાં કાવ્યોએ ‘તારસપ્તક’ માં સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તે પછી ગદ્ય સાહિત્ય ક્ષેત્રે તેમણે ‘નિરાલા કી સાહિત્ય સાધના’ થી પ્રારંભ કર્યો તે સતત ૬૦ થી વધુ વર્ષો સુધી ચાલતો રહેલો. તેમના સર્જન પર માર્કસવાદી, ગાંધીવાદી, વેદોપનિષદ, ભારતીય સંસ્કૃતિ અને પશ્ચિમી સંસ્કૃતિનો સવિશેષ પ્રભાવ પડેલો છે. ડો. શર્મા આજીવન માર્કસવાદી રહેલા અને એ વિચારસરણી મુજબ જીવેલા. તેમણે અનેક પુરસ્કારો પ્રાપ્ત કરેલા છતાં પુરસ્કારરૂપે મળેલી બધી રકમ સાક્ષરતા અભિયાનમાં, હિન્દી સાહિત્ય

સેવામાં કે પુસ્તકાલયોને મદદરૂપ થવામાં ખર્ચી નાંખેલી. તેઓ આચાર્ય રામચંદ્ર શુક્લ અને ડૉ. હજારીપ્રસાદ દ્વિવેદી જેવા જ સમર્થ હોવા છતાં તેમનું સર્જન તો મૌલિક જ રહેલું.

તેમણે સર્જેલા સાહિત્યમાં 'પ્રેમચંદ ઔર ઉનકા યુગ', 'નિરાલા', 'ભારતેન્દુ હરિશ્ચંદ્ર', 'પ્રગતિ ઔર પરંપરા', 'ભાષા', 'સાહિત્ય ઔર સંસ્કૃતિ', 'ભાષા ઔર સમય', 'ભારત કે પ્રાચીન ભાષા પરિવાર ઔર હિન્દી', 'ભારત મેં અંગ્રેજી રાજ ઔર માર્કસવાદ', 'પશ્ચિમની એશિયા ઔર ઋગ્વેદ', 'ભારતીય સંસ્કૃતિ ઔર હિન્દી પ્રવેશ' તથા 'અપની ધરતી, અપને લોગ' જેવી સમીક્ષાત્મક કૃતિઓનો સમાવેશ થાય છે.

તેમની સાહિત્ય સેવાની કદરરૂપે તેમણે અનેક પુરસ્કારો મેળવેલા. જેમાં 'સાહિત્ય અકાદમી પુરસ્કાર', 'સલાકા સન્માન', 'ભારત-ભારતી સન્માન', 'વ્યાસ પુરસ્કાર' અને અગિયાર લાખની માતબર રકમ દ્વારા કરવામાં આવેલા 'શતાબ્દિ સન્માન' નો સમાવેશ થાય છે.

તેઓ તેમના વ્યક્તિત્વ અને સાહિત્ય પ્રદાનને કારણે ખરા અર્થમાં હિન્દી સાહિત્યક્ષેત્રે યુગપુરૂષ હતા. તેમને અંજલિ આપતાં જાણીતા માર્કસવાદી સમીક્ષક ડો. નામવરસિંહે કહેલું કે, ''ડો. શર્મા પંડિત રાહુલ સાંકૃત્યાનની જેમ જ્ઞાનના વિશ્વકોશ હતા. તેઓ હિન્દી સ્વાભિમાનના પ્રતિક હતા. હિન્દી, સાહિત્ય, ભાષા વિજ્ઞાન, ઈતિહાસ અને વૈશ્વિક રાજનીતિ પરત્વે તેમણે ઉત્કટ અને પ્રકટ ચિંતન કરેલું. તેઓ માર્કસવાદી હોવા છતાં ગાંધી વિચારોને તેમણે તેમનાં લખાણો દ્વારા સ્વીકારેલાં.''

હિન્દી સાહિત્યના આ શતાબ્દિ ચિંતક અને સમીક્ષક ૮૮ વર્ષની ઉંમરે લાંબી માંદગી બાદ ૨૯ મે, ઈ.સ. ૨૦૦૦ના રોજ અવસાન પામેલા. તેમને અંજલિ આપતાં શરદબાબુની આત્મકથા લખનાર વિષ્ણુ પ્રભાકરે કહેલું કે, '' હિન્દી સાહિત્યમાં ડૉ શર્મા જેવો સાધક હવે મળવો મુશ્કેલ છે.''





## (૧૯૧)
# સુરેશ જોષી
## (૩૦ મે, ઈ.સ. ૧૯૨૧)

આધુનિક ગુજરાતી સાહિત્યના પ્રણેતા, પ્રાધ્યાપક, બહુશ્રુત વિદ્વાન સર્જક અને વિવેચક એવા ડો. સુરેશ જોષીનો જન્મ બારડોલી તાલુકાના વાલોડ ગામે ૩૦ મે, ઈ.સ. ૧૯૨૧ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ હરિપ્રસાદ હતું. સોનગઢમાં તેમનું બાળપણ પસાર થયેલું. સોનગઢ એટલે પ્રાકૃતિક રમણીયતાનો પ્રદેશ તેથી પ્રાકૃતિક સુંદરતાને બાળપણથી જ સુરેશભાઈએ આકંઠ પીધેલી.

ઈ.સ. ૧૯૪૩માં મુંબઈની એલફિન્સ્ટન કોલેજમાંથી ગુજરાતીના વિષય સાથે તેમણે બી.એ. અને ૧૯૪૫માં એમ.એ.ની પદવીઓ મેળવેલી. તે પછી તેમણે અખંડ ભારતના કરાંચની ડી.જે. સિંઘ કોલેજમાં અધ્યાપકનું પદ સ્વીકારી તેમની કારકિર્દીની શરૂઆત કરેલી. તે પછી ઈ.સ. ૧૯૪૭માં તેઓ વલ્લભવિદ્યાનગરની કોલેજમાં જોડાયેલા. ઈ.સ. ૧૯૫૧માં વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાંથી તેઓ સેવાનિવૃત થયેલા.

તેઓ કવિ હતા. નવલિકાકાર હતા. નવલકથાકાર હતા. વિવેચક હતા. સંપાદક હતા. અનુવાદક હતા. નિબંધકાર હતા. સાહિત્યનાં બધાં જ સ્વરૂપો ઉપર તેમણે કલમ ચલાવેલી. ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાના તેઓ આવિષ્કરતા હતા. ગુજરાતી ટૂંકી વાર્તાઓમાં તેમણે નવો ચીલો ચાતરી બતાવ્યો છે. સાહિત્ય વિવેચનના ક્ષેત્રમાં બધી ભારતીય ભાષાઓમાં આધુનિકીકરણ તેમણે દાખલ કર્યું છે. ગુજરાતી સાહિત્યમાં અઢળક નામના મેળવતાં એમને અનેક સંઘર્ષોનો સામનો કરવો પડેલો. ગુજરાતી સાહિત્ય પરિષદમાં ઉમાશંકરભાઈના જૂથનું

વર્ચસ્વ હતું. ત્યારે આ ચીલાચાલુ સાહિત્યિક પરંપરા સામે બંડ પોકરાનાર સુરેશ જોષીને ઉમાશંકરના જૂથ સાથે કદી બનેલું નહી. જેથી સુરેશભાઈને કોઈ ચંદ્રકો મળેલા નહીં. વડોદરા યુનિવર્સિટીમાં વીસ વર્ષ લેકચર્ર રહ્યા પછી પણ તેઓ રીડરની જગા પર નિમાયેલા નહીં. રીડરની જગા પર નડિયાદ કોલેજના પ્રાધ્યાપાક રણજિત અનામીની નિમણૂંક થયેલી.

પણ પછી સુરેસ જોષીની વાર્તાઓનો અનેક ભાષાઓમાં અનુવાદ થયો. તેમના વિવેચનના સિદ્ધાંતો અંગ્રેજીમાં પ્રગટ થયા. સાહિત્યકાર અને વિવેચક તરીકે દેશભરમાં એમની અમાપ કીર્તિ વધી ગઈ. તેથી કોઈ બહાનું કામ ન લાગતાં છેવટે એમ.એસ. યુનિવર્સિટીએ તેમને રીડર બનાવેલા. અને નિવૃત્તિ પહેલાંના આખરી બે વર્ષ માટે પ્રોફેસર બનાવેલા.

તેમણે ઈ.સ. ૧૯૫૬માં પ્રગટ કરેલો કાવ્યસંગ્રહ ‘ઉપજાતિ’ રદ કરી ઈ.સ. ૧૯૬૧માં ‘પ્રત્યંચા’કાવ્યસંગ્રહ પ્રગટ કરેલો. આ સંગ્રહના પ્રકાશનથી આધુનિકતાનો આરંભ થયો. એ પછી ઈ.સ. ૧૯૭૩માં ‘ઈતરા’ અને ઈ.સ. ૧૯૮૦માં ‘તથાપિ’કાવ્યસંગ્રહો પ્રગટ થયેલા. પછી આધુનિક કવિતાનો નવો પિંડ બંધાયો. તેમણે પ્રતિકો, કલ્પનો અને પુરાકલ્પનોનો મહિમાં વધાર્યો. પ્રકૃતિ, પ્રેમ અને આધુનિક જીવનની અસ્તિત્વવાદી અછાંદસ કવિતાધારા વહાવનાર તેઓ પહેલા કવિ બનેલા. ‘કવિનું વસિયતનામું’, ‘એક ભૂલા પડેલા રોમેન્ટિક કવિનું દુઃસ્વપ્ન’, ‘સમુદ્રદર્શન’, ‘દુમ્મસ’ અને ‘થાક’ જેવી નવી ઢબની કવિતાઓ કરી તેમણે આધુનિકતાનો ચીલો ચાતર્યો. આવાં કાવ્યો દ્વારા તેમણે કવિતાની નવી વિભાવના આપી છે.

કવિતાની જેમ ટૂંકી વાર્તાને પણ આધુનિક રૂપ આપવામાં તેઓ સફળ રહ્યા છે. તેમણે ટૂંકી વાર્તાને ‘નિજાંનદની લીલા’કહી ઘટનાતત્વના લોપ અને તિરોધાનને આવકાર્યા છે. તેમના વાર્તાસંગ્રહો ‘ગૃહપ્રવેશ’ (૧૯૫૭), ‘બીજી થોડીક’ (૧૯૫૮), ‘અપિચ‘ (૧૯૬૭), ‘ન તત્ર સૂર્યો ભાતિ’ (૧૯૬૭)અને ‘એકદા નૈમિષારણ્યે’, ‘એબ્સર્ડિટી અને ફેન્ટસી’ના ચેતતા પ્રવાહને પ્રતિષ્ઠિત કરી છે. તેમના વાર્તાવૈભવમાં ‘જન્મોત્સવ’, ‘નળદમયંતી’, ‘ગૃહપ્રવેશ’ અને ‘પરાક્રમકાંડ’ કલાની દૃષ્ટિએ વિશિષ્ટ ભાત પાડતી વાર્તાઓ છે. તેઓ વાર્તાને કવિતાની કોટિએ લઈ જનારા ઉત્તમ વાર્તાકાર હતા.



ઈ.સ. ૧૯૬૫માં આપેલો ‘જનાન્તિકે’, લિલિતનિબંધ સંગ્રહ તેમને ઉચ્ચ કોટિના નિબંધકાર તરીકે સ્થાપે છે. તેમના ‘ઈદમ સર્વમ’, ‘અહોબત કિમ આશ્ચર્યમ’ અને ‘ઈતિ મે મતિ’ નિબંધસંગ્રહો ઉત્તમ કોટિના પુરવાર થયા છે. ‘ભાવયામિ’ એમના નિબંધનો પ્રતિનિધિ સંગ્રહ છે. એમના નિબંધોમાં સંવેદનશીલતા, કલ્પના વૈભવ, ચિંતન, ભાષા સામર્થ્ય અને કાવ્યમયતા જેવાં તત્વો અભરે ભરેલાં છે.

‘છિન્નપત્ર’(૧૯૬૫), ‘મરણોત્તાર’ (૧૯૭૩), ‘કથાચક્ર’ અને ‘વિદુલા’(૧૯૮૪) જેવી લઘુનવલોનું સર્જન કરીને તેમણે લઘુનવલના નૂતન સ્વરૂપની સ્થાપના કરી છે. તેઓ એક સીમાસ્તંભરૂપ વિવેચક હતા. ‘કિંચિત’, ‘ગુજરાતી કવિતાનો આસ્વાદ’, ‘કાવ્યચર્ચા’, ‘શ્રુણવન્તુ’, ‘અરણ્યરૂદન’, ‘ચિંતયામિ મનસા’ અને ‘અષ્ટમોધ્યાય’ જેવા વિવેચન સંગ્રહો દ્વારા એક સમર્થ વિવેચક તરીકેનો પરચો આપી દીધો છે. તેમણે ‘જાનન્તિ મે કિમપિ’, ‘નવોન્મેષ’, ‘નરહરિની જ્ઞાનગીતા’, ‘ગુજરાતી સર્જનાત્મક ગધ : એક સંકલન’, અને ‘વસ્તાનં પદો’ જેવા સંશોધન-સંપાદનના ગ્રંથો આપ્યા છે. ‘વાણી’, ‘મનિષા અને ક્ષિતિજ’ સામયિકો દ્વારા આધુનિક સાહિત્યની આબોહવાનું સર્જન કર્યું છે.

તેઓ યુગપ્રવર્તક સાહિત્યકાર હતા. એમની સાહિત્ય સેવાની કદરરૂપે એમને ‘નર્મદ સુવર્ણચંદ્રક’ અને ‘રણજિતરામ સુવર્ણચંદ્રક’ અર્પણ કરવામાં આવેલા. આજીવન દમની વ્યાધિથી પીડાતા રહેલા આ મૂર્ધન્ય સાહિત્યકાર ૬ સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૮૬ના રોજ હૃદયરોગના તીવ્ર હુમલાને લઈ દેહાવસાન પામ્યા હતા.

●



## (૧૯૨)

# પીંગળશી ગઢવી

## (અવસાન : ૩૧ મે, ઈ.સ. ૧૯૯૮)

નિરક્ષર મેઘાણંદ ખેંગાર જેવા ઝળહળતા સમર્થ વાર્તાકાર પિતાને ત્યાં પાંચમા પુત્ર તરીકે પીંગળશીભાઈનો જન્મ થયેલો. મેર અને ચારણોનું નાનું એવું ગામ છત્રાવા એમની જન્મ ભોમકા. પિતાજી તરફથી ચારણી સાહિત્યનો વારસો એમને મળેલો. કવિતાની કૂંપળો એમના કાળજાની ફળદ્રૂપ માટીમાં બાળપણથી જ ફૂટલે.ી કવિતાના શબ્દો એમનો હોઠો પર રમવા માંડેલા. સોરઠના દોઠ પ્રદેશ પ્રત્યે એમને માયા બંદાયેલી. તેમની કવિતા આત્માનંદી હતી. રાજદરબારે એ આદર પામેલી. લોકગીતો એમના કંઠેથી અનર્ગળ વહ્યા કરતાં.

લોકસાહિત્ય સાથે એમનો પારંપરિક નાતો હતો. લોકગીતોના સાગરને પાર કરવાની નેમ સાથે એમણે કલમ ચલાવેલી. પણ આજિવિકાનો પ્રશ્ન એમની આસપાસ અટવાતો. પેટિયું રળવા સત્તાવીસ વર્ષની ઉંમરે તેમણે મહારાણા મિલમાંમેળવેલી. પણ ઝાઝો મેળળ જામેલો નહીં. પછી બગરામાં દુકાન કરી. સ્વરાજમાં કંટ્રોલ આવતાં દુકાનબંધ કરવી પડેલી. આખરે, જૂનાગઢ નજીક પળાસવામાં ખેતીકામમાં જોતરાયા. તેમણે ગામને ચોરે બેસીને ‘ખેડૂત બાવની’ ની રચના કરી.

ગાંધીજીની હત્યાના સમાચાર જાણી એ ધરતીપુત્ર હલબલી ગયેલા. પાઘડી છોડી તેમણે ગાંધી ટોપી ધારણ કરેલી. તેમણે મહાત્માને શોકાંજલિ આપતી કવિતા રચેલી અને પોતાના કંઠે ગાયેલી. જયમલ્લ પરમાર અને હતુભાઈ અદાણીની લોકસાહિત્ય માટે કંઈક કરી છૂટવાની ભાવનાંથી જૂનાગઢમાં શરૂ કરેલ



‘લોકવિદ્યાલય’ના આચાર્યપદે પિંગળશીભાઈ ઈ.સ. ૧૯૬૬ સુધી રહેલા. તેમણે પોરબંદરના ચારણી સાહિત્યના વિદ્રાન કવિ યશકર્ણજી રત્નુ પાસેથી પીંગળના પાઠ શીખવાનું શરૂ કરેલું. અહીં નોકરી કરતાં કરતાં પીંગળશઈભાઈએ ‘દર્શન’ અને સોરઠ સરવાણીની રચના કરેલી.

ચારણી સાહિત્ય, કાવ્ય અને પીંગળનો તેઓ ઘેઘૂર વડલો હતા. તેમણે તેમની કવિતાઓ ડાયરાના માધ્ય મદ્વારા લોકહૃદયો સુધી પહોંચાડેલી. તેમની કથશૈલી ધસમસતી સરિતા સમાન હતી.

જયમલ્લ પરમારે એમને વિશે લખ્યું છે, “ એમનાં ગીત અને છંદ ડોલન શૈલીનાં ચે. વાણી વિરહાકની છે. ઉપાલંભ અને કટાક્ષ પરિસ્થિતિનું ચિત્રલેખન કરતાં તેઓ ધારદાર અને વિધક બને છે. સોરઠી સંસ્કૃતિના તેઓ પરમ ઉપાસક હતા. રાષ્ટ્રની વિવિધતામાં એકતાનો તેઓ સંદેશ આપતા. તેમનું વ્યક્તિત્વ બેધડક અને નીડર હતું.’’

મુંબઈ સમાચારે એમની પ્રશસ્તિ કરતાં લખ્યું હતું, ‘‘તેઓ જ્યારે ડાયરામાં બોલવા ઊભા થતા ત્યારે એક પ્રકારની ગંભીરતા છવાઈ જતી. તેમનો દુહો હૃદયની આરપાર નીકળી જાય એવો મર્મસ્પર્શી નીવડતો.’’ તેઓ ગ્રામ્યજીવના લોકકવિ હતા. એમના લોકસાહિત્યથી ડાયરો શોભી ઉઠતો. નવયુગના આ લોકસાહિત્યકારે દરિયાપારની ભારતીય વસ્તી ઉપર પણ ગજબનું કામણ કરેલું છે. કવિ દુલાભાયા કાગે તેમને છીપમાંના મોતી કહીને વધાવેલા. એમણે સૌરાષ્ટ્રના સામાયિકોમાં એમની કલમોન કસબ દેખાડ્યો છે. સંત શ્રી મૌરારીબાપુએ પણ પીંગળશીભાઈ પાસેથી લોકસાહિત્યની તાલીમ લીધી હતી.

ઈ.સ. ૧૯૪૧માં તેમનો ‘પિંગલ કાવ્ય’ સંગ્રહ બહાર પડ્યો હતો. માત્ર અઢાર જ દિવસમાં શ્રીમદ ભાગવત ગીતાના ૭૦૦ દોહાઓ -દોહાઓને હિંદીમાં ઉતારવાનું તેમનું કામ સાહિત્યક્ષેત્રે સૌથી મોટું પ્રદાન ચે. કાગબાપુએ તેમના આ કાર્યને ખરા હૃદયથી બિરદાવ્યું હતું. એ ઉપરાંત સોરઠ સરવાણી, સરહદનો

સંગ્રામ, નશામુક્તિનાં કાવ્યો, વેણુનાદ, આરાદ, નિજાનંદ, કાવ્યદારા, શિક્ષાપત્રી અને છંદદર્શન જેવું કાવ્યક્ષેત્રનું પ્રદાન ધ્યાનપાત્ર ચે. તેમણે ચારણી સાહિત્યનાં દસ જેટલાં વિવેચનો પણ લખેલાં ચે. એમણે લખેલી વાર્તાઓ હૃદયગંમ બની છે.

તેમની કવિતા ગંગાનાં નીર જેવી પવિત્ર છે. તાજગીતથી ભરીભરી છે. તેમનું આત્મબળ એમના લોહીમાંથી કવિતામાં ઊતર્યું છે. તેમણે દંભ, પાખંડ, અંધશ્રદ્ધા અને કુરિવાજો પર ભારે પ્રહાર કર્યા છે. તેમની કવિતા આડંબર રહિત ચે.જીવનની સૂક્ષ્માતી સૂક્ષ્મ ઘટનાઓને તેમણે વાસ્તિવકતાની એરણ પર ચકાસી છે.

ચારણી સાહિત્નો આ અડીખમ સ્તંભ ૩૧ મે, ૧૯૯૮નો રોજ તૂટી પડ્યો હતો.

●





જૂન (૧૯૩)

# દાન્તે આલીગીએરી

## ( ૧ જૂન, ઈ.સ. ૧૨૬૫)

વિશ્વના અમર કાવ્ય 'ડિવાઈન કોમેડી' ના સર્જક મહાકવિ દાન્તે આલીગીએરીનો જન્મ ઈટાલીના ફ્લોરેન્સ નગરમાં ૧ જૂન, ઈ.સ. ૧૨૬૫માં દુરાંતે કુંટુંબમાં થયો હતો. ટૂંકાવીને નામ રાખવાની આ પરિવારની પરંપરા હોઈ તેમણે તેમનું નામ ટૂંકાવીને 'દાન્તે' રાખ્યું હતું. બાર વર્ષની ઉંમર થતાં એમનાં મા અને બાપ તેમણે ગુમાવી દીધાં હતાં. અનાથ બનેલા તેમનો ઉછેર તે પછી તેમની સાવકી માના હાથે થયો હતો. દાન્તેને તેમની એ સાવકી મા પ્રત્યે જરા પણ લાગણી ન હતી.

તેમનું જીવન બે બાબતોમાં સક્રિય રહ્યું હતું. એક તો તેમના નગરનું રાજકારણ અને બીજું સાહિત્ય સર્જન. રાજકારણમાં તેઓ ઘણા ઊંડા ઉતરેલા હતા. તેમની સ્પષ્ટ બોલવાની ટેવને લઈ ફ્લારેન્સમાંથી તેમને હાંકી કાઢવામાં આવેલા. આથી તેમણે તેમનું જીવન ફ્લોરેન્સની બહાર જ વીતાવેલું.

દાન્તેનું સાહિત્ય સર્જન તેમના જીવનની એક અવિભાજ્ય ઘટના સાથે જોડાયેલું છે. તેઓ જ્યારે માત્ર નવ વર્ષની કુમળી વયના હતા ત્યારે તેમની નજર ફ્લોરેન્સના એક ધનાઢ્ય વેપારીની દીકરી બિઆટ્રિસ પોર્ટીનારી ઉપર પડેલી અને તેના પ્રેમમાં પડી ગયેલા. આ ઘટના તેમના જીવનની એકમાત્ર સૌથી મોટી અને મહત્વની બની રહેલી. જોકે, ત્યાર પછી તેમની ઉંમર અઢાર વર્ષની થતાં સુધી તેઓ બિઆટ્રિસ સાથે બોલ્યા શુદ્ધાં ન હતા. તેઓ જીવનભર તેમના આ અમર પ્રેમને કાવ્યમાં ઉતારવા ઝઝૂમતા રહેલા. તેમણે તેમના મહાકાવ્ય 'ડિવાઈન કોમેડી'માં મહત્વના પાત્રમાં પ્રિયતમા બિઆટ્રિસને ઉતારી છે.

રાજકારણમાં દાન્તે ભલે સફળ નહીં થયેલા, પણ 'ડિવાઈન કોમેડી' મહાકાવ્યની રચના કરીને તેઓ સાહિત્યજગતમાં ખૂબ જ સફળ થઈ રહેલા. સફળ સાહિત્યકાર તરીકે તેમનો કીર્તિધ્વજ સદાકાળ ફરકતો જ રહેશે. તેમની પ્રેયસી ૧૯૨૦માં અવસાન પામી હતી. દાન્તે તેને જીવનભર ભૂલી શક્યા નહોતા. તેઓ આદર્શવાદી વ્યકિત હતા. વિરહની વેદના તેમને માટે વજ્રઘાત સમી બની રહેલી. તેમનું જીવન સાવ એકાંકી અને અસાર બની ગયેલું. આખરે તેમના મિત્રોની સમજાવટ અને હઠાગ્રહને લીધે તેમણે જેમ્મા નામની સ્ત્રી સાથે લગ્ન કરેલાં. જેમ્મા લાગણીશૂન્ય સ્વભાવની હોઈ તેમનું લગ્નજીવન જાણે ખરાબે ચઢી ગયું હતું. તેમણે આજીવન માનસિક પરિતાપ વેઠ્યો હતો.

એક રાજકીય કલહમાં પક્ષપાત કરવાના આરોપસર ઈ.સ. ૧૩૦૨માં તેમને ઈટાલીમાંથી દેશવટો દેવાયો હતો. માતૃભૂમિ માટે અપાર સ્નેહ ધરાવતા દાન્તેએ સજા અસહ્ય નીવડેલી. પરિણામે તેમનું જીવન રઝળપાટવાળું બની ગયું હતું. ત્યારે તેઓ કવિ તરીકે સારી નામના મેળવી ચૂકેલા. તેઓ રાવેન્નામાં ઠરીઠામ થયા હતા. અહીં રહી તેમણે વિદ્યાર્થીઓને ટ્યૂશન આપવાનું શરૂ કરેલું. તેમના વિખ્યાત મહાકાવ્ય 'ડિવાઈન કોમેડી' ના સર્જનનું મંગલાચરણ અહીંથી જ થયેલું.

દાન્તેનું આ મહાકાવ્ય ઈટાલીની લોકબોલીમાં લખાયું છે. એમના આ કાવ્ય સર્જન સાથે ઈટાલીયન ભાષાની પણ શરૂઆત થઈ હતી. આથી તેને ઈટાલીયન ભાષાનો જનક પણ કહે છે.


તેના કાવ્યમાં વિશ્વચેતના અવતરેલી અનુભવી શકાય છે. 'ડિવાઈન કોમેડી' એ માનવ સમાજની ઉર્ધ્વયાત્રાનું અમર કાવ્ય બન્યું છે. તેમાં નર્કલોક, શોધનલોક અને સ્વર્ગલોકનાં અદભૂત વર્ણનો છે. માનવજાતિની અંતિમ મુક્તિની ખોજ એ કાવ્યનો ગૂઢ સંકેત છે.

આ મહાકાવ્ય સો સર્ગોમાં વ્યાપ્ત છે. આમ તો આ કાવ્યનો પાયો ખ્રિસ્તી ધર્મ આધારિત છે. 'અંધકારમાં જીવતો માનવી પાપ કરી પ્રભુથી દૂર થતો જાય છે



અને પ્રભુ સાક્ષાત્કારથી વંચિત રહી જાય છે....' એ આ કાવ્યનો કેન્દ્રવર્તી વિચાર છે.

મેલેરિયાની બિમારીને લઈ ૧૪ સપ્ટેમ્બર, ૧૩૨૧માં આ યુગકવિનું અવસાન થયું હતું.



## (૧૯૪)

# ડૉ. ચિમનલાલ ત્રિવેદી

## (૨ જૂન, ઈ.સ. ૧૯૨૯)

વિવેચન, સંપાદન અને પિંગળ જેવાં ક્ષેત્રોના પ્રખર અભ્યાસુ અને સર્જક પ્રા. ચિમનલાલ ત્રિવેદીનો જન્મ ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના સમી તાલુકાના નાના એવા ગામ મુજપુરમાં ૨ જૂન ઈ.સ. ૧૯૨૯ના રોજ થયેલો. ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દી ધરાવતા તેઓ ઈ.સ. ૧૯૫૦માં ગુજરાતી અને સંસ્કૃત વિષયો સાથે મુંબઈ યુનિવર્સિટીમાંથી પ્રથમ વર્ગ સાથે બી.એ. થયેલા અને 'શ્રી કેશવ હર્ષદ ધ્રુવ પારિતોષિક' મેળવેલું. ઈ.સ. ૧૯૫૨માં ગુજરાત યુનિવર્સિટીમાંથી એમ.એ. પણ પ્રથમ વર્ગ સાથે થયેલા અને કવિ દલપતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરેલો. ઈ.સ. ૧૯૬૧માં 'કવિ નાકર એક અધ્યન' નામનો શોધનિબંધ રજૂ કરી તેમણે મુંબઈ યુનિવર્સિટીની પી.એચ.ડી.ની પદવી મેળવેલી.

એલ.ડી. આર્ટસ કોલેજમાં અધ્યાપક તરીકે ઈ.સ. ૧૯૫૦માં જોડાઈને તેમણે તેમની કારકિર્દીની શરૂઆત કરેલી. તે પછી તેઓ મુંબઈની એલ્ફિસ્ટન્સ કોલેજ અને અમદાવાદની સેંટ ઝેવિયર્સ કોલેજમાં અધ્યાપક તરીકે જોડાયેલા. ૩૯ વર્ષ અધ્યાપક તરીકે ફરજ બજાવ્યા બાદ તેઓ ઈ.સ. ૧૯૮૯માં નિવૃત થયેલા. તેઓ શરૂઆતથી જ વિવિધ પ્રવૃતિઓમાં સક્રિય રહેલા. 'ગુજરાતીનો અધ્યાપક સંઘ' માં લાગલગાટ બાર વર્ષ સુધી તેઓ તંત્રીપદે રહેલા. તેઓ આ સંઘના પ્રમુખ પણ રહી ચૂકેલા. ગુજરાત શાળા પાઠ્યપુસ્તક મંડળમાં લેખન, સંપાદન અને વિષય માર્ગદર્શક તરીકે તેમણે કામગીરી બજાવેલી.

એક અધ્યાપક તરીકે તેમણે સંપાદન અને વિવેચનના ક્ષેત્રમાં વિશેષ કામ કરેલું છે. 'ભાવલોક' (૧૯૭૬), 'ભાવમુદ્રા' (૧૯૮૧), 'ભાવરેખ',



'ભાવબિંબ' (૧૯૯૦) તેમના વિવેચનના ઉત્કૃષ્ટ ગ્રંથો છે. તેઓ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના અભ્યાસુ અને સંશોધક તરીકે વિશેષ ખ્યાતિ પામેલા છે. તેથી જ 'ગુજરાતી સાહિત્ય પરિષદ' ના ૩૭માં અધિવેશનમાં વિવેચન વિભાગના પ્રમુખપદે વરણી થયેલી.

'પિંગલદર્શન', છંદ વિશેનું શાસ્ત્રીય જ્ઞાન આપતું તેમનું મહત્વનું પુસ્તક છે. ગુજરાતીમાં 'છંદોરચના' નામનો તેમનો દીર્ઘ અભ્યાસલેખ ઉલ્લેખનીય છે. તેમણે સંપાદક તરીકે પણ ખૂબ ખ્યાતિ પ્રાપ્ત કરી છે. કૃતિલક્ષી, સ્વરૂપલક્ષી, આસ્વાદલક્ષી કે કર્તાલક્ષી ગમે તે સ્વરૂપના સંપાદન કામમાં તેમની સારી હથોટી છે. 'સુદામાચરિત' (૧૯૬૩), 'કુંવરબાઈનું મામેરૂં' (૧૯૬૪), 'અભિમન્યુ આખ્યાન' (૧૯૬૪) અને 'ઓખાહરણ' (૧૯૮૪) તથા 'વિરાટપવ' જેવાં તેમનાં સંપાદનો આગવી ભાત ઉપજાવે છે. 'વીરવિજયકૃત શુભવેલી' નું સંપાદન તેમનું સ્વતંત્ર સંપાદન છે. તેમણે 'પરિવર્તનના પંથે'માં સ્વામી સચ્ચિદાનંદજી અને 'જીવનઘડતરમાં' ફાધર વાલેસના લેખોનું સુંદર સંપાદન કરેલું છે. 'દલપતરામ કાવ્ય (૧-૩)' માં દલપતરામની કવિતાઓના મૂળ પાઠ મેળવી કરેલું તેમનું સંપાદન તેમની ઉચ્ચ કોટિના સંપાદક તરીકેની તેમની પ્રતિભાને ઊજાગર કરે છે. 'મધ્યકાલિન ગુજરાતી સાહિત્ય' (૧૯૯૮), 'આપણા ખંડકાવ્યો' (૧૯૫૬), 'મધ્યકાલિન ગુજરાતી પદ્યસંચય' (૧૯૯૮) તથા ગુજરાતી નિંબધના ચિંતનાત્મક આત્મચરિત્રાત્મક અને જીવન ચરિત્રાત્મક એવા સંચયો તેમને ઉચ્ચ કોટિના સંપાદકને આસને બેસાડે છે. તેમના અગાધ જ્ઞાન અને કર્તવ્યનિષ્ઠાને લઈ તેઓ 'પાઠક દંપતિ ટ્રસ્ટ', 'સ્વામી સચ્ચિદાનંદ સેવા સમાજ ટ્રસ્ટ', 'અજિત ભગત મેમોરિયલ ટ્રસ્ટ' અને 'મહાકવિ ન્હાનાલાલ ટ્રસ્ટ'માં ટ્રસ્ટી તરીકે પસંદગી પામ્યા છે. ઈ.સ. ૧૯૯૬નો 'શ્રી ધનજી કાનજી સુવર્ણચંદ્રક' મેળવીને તેમણે ગુજરાતી સાહિત્યનું ગૌરવ વધાર્યું છે.

(૧૯૫)

# મુનિ જિનવિજયજી

## (અવસાન : ૪ જૂન, ઈ.સ. ૧૯૭૬)

અમદાવાદ, મુંબઈ, શાંતિનિકેતન અને જોધપુર એવાં ચાર પુરાતત્વ કેન્દ્રોના સ્થાપક, મૌલિક અને મહર્ઘ પુસ્તકોના સંશોધક, સંપાદક અને અનુવાદક એવા ધર્માચારી અને લોકશિક્ષણકાર મુનિશ્રી જિનવિજયજીનો જન્મ રાજસ્થાનના રૂપાહેલી નામના એક નાવકડા ગામમાં પરમારવંશી ઘરાનામાં ઈ.સ. ૧૮૮૮ના જાન્યુઆરી માસની પહેલી તારીખે થયો હતો. તેમનું ખરૂં નામા કિસનસિંહ હતપં. તેમના ગામના સદી વટાવી ચૂકેલા એક જૈન યતિએ બાળકની મુખાત્કૃતિ જોઈ તેમના પિતા પાસે તેમની માગણી કરેલીય યતિની માગણીને વશ થઈ તેમના પિતાએ તેમને યતિની સેવામાં મૂકેલા. આ જૈન સાધુએ તેમને દીક્ષા આપેલી. દીક્ષા ગ્રહણ કર્યા પછી જ્ઞાનપ્રાપ્તિની પ્રબળ જિજ્ઞાસાથી પ્રેરાઈને તેમણે જૈન ગ્રંથોનો અભ્યાસ શરૂ કર્યો. કોઈક અગમ્ય દિવ્યશકતિના પ્રતાપે મોટાભાગના જૈન ગ્રંથો તેમને કંઠસ્થ થઈ ગયેલા.

પણ જ્ઞાનપ્રાપ્તિથી તેમને આત્મિક સંતોષ થયેલો નહીં. તેમને કશાકનો અભાવ વરતાતો રહેલો. છેવટે પરમજ્ઞાનની શોધમાં તેઓ સંન્યાસીનો ભેખ ઉતારી દઈ ત્યાંથી નાસી છૂટેલા. તેઓ ફરતા ફરતા અમદાવાદ આવેલા. અમદાવાદના વિદ્યાધામોમાં એમને સ્થાન મળેલું નહીં. પાસે હવે નાણાંય ખૂટી ગયેલા. પણજ્ઞાન મેળવવાની તલભ એવી ને એવી અખંડ રહેલી. છેવટે એ રાજસ્થાન પરત ફરેલાં. ત્યાં તેમણે પાલી ગામે પહોંચી સુંદરવિજયજી નામના સાધુ પાસેથી તેમણે દીક્ષા ગ્રહણ કરેલી. તેમણે જિનવિજયજી એવું નામ ધારણ કર્યું. પણ ણહીં એમની જ્ઞાનપિપાસા તૃપ્ત થયેલી નહીં. તેમણે જૈન પ્રવર્તક કાંતવિયજીનું શરણ શોધ્યું.



તેમને વિદ્યાભ્યાસની અહીં સારી અને પૂરતી સુવિધા પ્રાપ્ત થયેલી.

પ્રાકૃત અને સંસ્કૃત સાહિત્યનો તેમણે ગહન અભ્યસા કર્યો. મોટાભાગનું સાહિત્ય સ્વપ્રયતન્ અને સ્વાધ્યાથી તેમણે આત્મસાત કરી લીધું. શાળાના ઔપચારિક શિક્ષણ કે કોલેજની ઉચ્ચ પદવીઓ મેળવ્યા સિવાય પણ ઉચ્ચતમ જ્ઞાન અને સિદ્ધિ પામી શકાય છે એ બાબતની ખાતરી કરવી હોય તો મુનિશ્રી જિનવિજયજી તરફ નજર કરવી પડે.

તેઓ એક પરિવ્રાજક તરીકે જૈન યતિઓ સાથે મુંબઈ આવેલા. મુંબઈથી પગપાળા તેઓ પૂના ગયેલા. ત્યાં તેમણે ભાંડારકર ઈન્સ્ટીટયૂટનો હસ્તલિખિત પુસ્તકોનો ગ્રંથાકાર તપાસી લીધેલો. જૈન અને જૈનેતર લેખક તરીકે અને સંશોધક તરીકેની તેમની કીર્તિની સુવાસ હવે ચોમેર પ્રસરી ચૂકી હતી. તેમણે પૂના ઓરિએન્ટલ ઈનેસ્ટિટ્યૂટનો તથા ક.મા. મુનશી સ્થાપિત ભારતીય વિદ્યાભવનને હજારો પુસ્તકો મેળવી આપેલાં. તમણે અનેક પુસ્તકોનું સંશોધન અને સંપાદન કરી ભાવિ પેઢી માટે સમૃદ્ધ સામગ્રી પૂરી પાડેલી.

આ ઈતનમાર્ગી ઋષિએ પરંપરાગત જૈન સાધુવેશ અને આચારનો ત્યાગ કરી દેશકાળને અનુરૂપ આદર્શ સાધુજીવન સ્વીકારેલું. એમની વિદ્વતા, સંશોધનવૃતિ અને શિક્ષણસાધનાની પ્રભાવિત તયેલા મહાત્મા ગાંધીજીએ તેમને ગુજરાત વિદ્યાપીઠમાં પુરાતત્વમંજિરની સ્થાપના કરવા આમંત્રિત કરેલા. તેઓએ સંસ્કૃત, પાકૃત અપભ્રંશ, જૂની ગુજરાતી અને મારવાડી જેવી ભાષાઓ ઉપર સ્વપ્રયત્નો કાબુ મેળવેલો. તેઓ હિન્દી અને મરાઠી ભાષાઓ પણ સારી રીતે લખી-વાંચી શકતા. તેમણે પચીસેક જેટલા ગ્રંથોનું વિદ્વવતાપૂર્ણ સંપાદન કરેલું છે. તેમણે લખેલા સવાસો જેટલાં ગ્રંથો તથા રાજસ્થાની અને સિંધી ગ્રંથમાળામાં સવાસોથી વધુ ગ્રંથો પ્રસિદ્ધ થયા છે. તેઓ પાછળથી ખપ પૂરતી અંગ્રેજી ભાષા પણ શીખેલા.

તેમણે સંપાદિત કરેલા મહત્વના ગ્રંથો આ પ્રમાણે છે. વિજ્ઞપ્તિત્રિવેણી

(૧૯૧૬), શત્રુંજયતીર્થોદ્ધારક પ્રબંધ (૧૯૧૭), પ્રાચીન જૈન લેખ સંગ્રહ ભાગ ૧ અને ૨ (૧૯૧૭-૧૯૨૧), કુમારપાલ પ્રતિબોધ (૧૯૨૦), કૃપારસકોશ (૧૯૨૦), દ્રૌપદી સ્વયંવર (૧૯૨૦), પ્રાકૃત કથાસંગ્રહ (૧૯૨૨), પાલિ પાઠાવલિ (૧૯૨૨), જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્યસંગ્રહ (૧૯૨૬), પ્રાચીન ગુજરાતી ગદ્યસંદર્ભ (૧૯૩૦), પ્રબંધ ચિંતામણિ (૧૯૩૩), વિવિધતીર્થકલ્પ (૧૩૯૪), પ્રબંદકોશ (૧૯૩૫), પુરાતન પ્રબંધ સંગ્રહ (૧૯૩૬), પ્રભાવક ચરિત (૧૯૪૦), સંદેશ રાસક (૧૯૪૫), ઉક્તિ રત્નાકર (૧૯૫૭), રાજ સિદ્ધાંત (૧૯૫૯), કર્ણામૃતપ્રભા (૧૯૬૩), બાલશિક્ષા (૧૯૬૮), જૈન ઈતિહાસની ઝલક (૧૯૬૬), ગૌરબાદલચરિત્ર (૧૯૬૮) અને હમ્મીર મહાકાવ્ય (૧૯૬૮).

તેમની જૈન સાહિત્ય સેવા બદલ ઈ.સ. ૧૯૪૪માં તેમને જૈન સાહિત્ય સુવરિણચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો. ભારત સરકારે ઈ.સ. ૧૯૬૩માં તેમને 'પદ્મશ્રી' નો ખિતાભ આપી બહુમાન કર્યું હતું.

આવા બહુશ્રુત વિદ્રાન ૩ જૂન ઈ.સ. ૧૯૭૬ના રોજ ફેફસાંના કેન્સરની બિમારીને કારમે દેવલોક પામ્યા હતા.

●



## (૧૯૬)

# કંચનપ્રસાદ છાયા

## (અવસાન : ૪ જૂન, ઈ.સ. ૧૯૯૮)

શિયાળે સોરઠ ભલો અને ઉનાળે ગુજરાત,
ચોમાસે વાગડ ભલો, ઓલ્યો કચ્છડો બારેમાસ.

બારેમાસ પ્રાકૃતિક સૌંદર્યથી ઓપતા કચ્છની ધીંગી દરા એઓની ભાતીગળ લોકસંસ્કૃતિ અને લોકકલા માટે જાણીતી છે. આ કચ્છની ધરતીમાં વ્યવસાયે વકીલ પણ ઈતિહાસ, સાહિત્ય, લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિના જાણતલ માનવરત્ન કંચનપ્રસાદ છાયાનો જન્મ નવેમ્બર, ઈ.સ. ૧૯૦૮માં ભૂજમાં થયો હતો. તેમના પિતા રાજસ્થાનના શિરોહીમાં રાજ્યના ઉચ્ચ અમલદાર પદે હતા. નાનપણથી જ તેમને ઈતિહાસ અને પુરાતત્વમાં ખૂબ જ રૂચિ હતી. તેઓ બાલ્યકાળમાં જ ઈતિહાસ પ્રેમી ગૌરીશંકર ઓઝા સાથે શિરોહીના ડુંગરા, શિલાલેખો અને પાળિયા જોવા નીકળી પડતા.

ભૂજમાં પ્રાથમિક શાળાનું શિક્ષણ લઈ ઈ.સ. ૧૯૨૪માં તેઓ અમદાવાદની સિચી હાઈસ્કૂલમાં દાખલ થયેલા. ઈ.સ. ૧૯૦૩માં ઈતિહાસ મુખ્ય વિષય સાથે તેઓએ બી.એ.ની પરીક્ષા પાસ કરેલી. તે પછી વધુ અભ્યાસ માટે તેમને પૂના જવું પડેલું. પૂનામાં એક વર્ષ અભ્યાસ કરીને તેઓ પછા અમદાવાદ આવી કાયદાની કોલેજમાં દાખલ થયેલા. ઈ.સ. ૧૯૩૨માં એળ.એલ.બી. ની પદવી મેળવી તેમણે ઈ.સ ૧૯૩૫ સુધી અમદાવાદમાં જ વકીલાત કરેલી.

ઈ.સ. ૧૯૩૫માં તેઓ અમદાવાદ છોડી વતન ભૂજમાં આવ્યા અને વકીલાતનો વ્યવસાય શરૂ કર્યો. ઈ.સ. ૧૯૪૮થી ઈ.સ. ૧૯૭૧ સુધી તેમણે સરકારી વકીલ તરીકે ફરજ બજાવેલી.

ઈતિહાસ અને સંશોધન તેમના મુખ્ય શોખના વિષયો હતા. પણ તે ઉપરાંત તેમને કાવ્યો રચવાનો પણ શોખ હતો. તે સમયનાં દેશી રાજ્યોના જુલમો સામે એમણે પોતાનાં કાવ્યોમાં અવાજ ઉઠાવેલો. કચ્છમાં એક વખતે ભીષણ દુકાળ પડ્યો હતો. પ્રજાના આપદાઓનો કોઈ પાર ન હતો. એ સમયે કચ્છના રાવ શ્રી ખેંગારજી લંડનાં હતા. આ પરિસ્થિતિ કંચનપ્રસાદથી સહન ન તતાં તેમણે 'અનામી' ના નામે એક કાવ્ય રચેલું. જે કચ્છમાં ખૂબ જાણીતું બન્યું હતું. આ કાવ્યનું મુખડું આ પ્રમાણે હતું.

''તારા દેશમાં રાજ દુકાળ પડે, ભૂખી ગાવડી રોજ ધણેથી મરે,
ત્યારે હાય રે હાય, કચ્છાધિપતિ તેને લંડનની મોજ કેમ ગમે.....''

તેમના જીવનનો મોટો ભાગ કચ્છના ઈતિહાસ અને પુરાતત્વના સંશોધન ક્ષેત્રે રહેલો ચે. તેમણે કરેલાં ઐતિહાસિક સંશોધનોના નીચોડ રૂપે દૈનિક 'કચ્છમિત્ર' ની રવિવારની પૂર્તિમાં 'અતીતની અટારીએ' નામની કોલમમાં આ લેખો પ્રસિદ્ધ થતા રહ્યા હતા. ઈ.સ. ૧૮૮૦થી ૧૯૪૮ સુધી 'સૌરાષ્ટ્ર-કચ્છઈતિહાસ પરિષદની' સ્થાપના કરી તેના પ્રથમ પ્રમુખ બન્યા હતા. ઈ.સ. ૧૯૭૩માં ગુજરાત ઈતિહાસ પરિષદનું અધિવેશન તથા ઈ.સ. ૧૯૮૬માં સૌરાષ્ટ્ર-કચ્છ ઈતિહાસ પરિષદનું અધિવેશન કચ્છમાં તેમની નિશ્રામાં યોજાયાં હતા.

પ્રસિદ્ધિથી હંમેશા દૂર રહેનારા કંચનપ્રસાદ છાયા વાચનને જ જ્ઞાનનું શ્રેષ્ઠ માધ્યમ માનતા હતા. તેઓ જીવનને એક મહાશાળારૂપે ઓળખાવતા હતા. ગુજરાત ઈતિહાસ પરિષદના વજીલ સભ્ય, સૌરાષ્ચટ્ર-કચ્છ ઈતિહાસ પરિષદના સ્થાપક સભ્ય તથા ભૂતપૂર્વ પ્રમુખ અને કચ્છ ઈતિહાસ પરિષદના સ્થાપક પ્રમુખ એવા શ્રી કંચનપ્રસાદ છાય ૯૦ વર્ષની જૈફ ઉંમરે વડોદરા મુકામે ૪ જૂન, ઈ.સ. ૧૯૯૮ના રોજ અવસાન પામ્યા હતા. તેમના અવસાનથી કચ્છ અને ગુજરાતે એક મૂક સેવક અને વિરલ પ્રતિભા ગુમાવી છે.

●





## (૧૯૭)

# રોય ટોમસન

## (૫ જૂન, ઈ.સ. ૧૮૯૪)

શ્રીમતી ઈન્દિરા ગાંધીના મંત્ર 'આરામ હરામ હૈ' ને આત્મસાત કરનાર, કર્મ એજ ધર્મ નો પ્રબળ શ્રદ્ધા ધરાવનાર, 'કર્મ એ જ ભક્તિ' એવા ભગવદ ગીતાના પરમ જ્ઞાનને શ્વસી જનાર, ઓછું બોલનાર અને વધારેમાં વધારે કામ કરનાર, સ્પષ્ટ છતાં પ્રિય કહેનાર, વાળંદ પિતા અને હોટલ ચલાવતી માતોન પુત્ર રોય હર્બટ ટોમસન ૫ જૂન, ઈ.સ. ૧૮૯૪માં જન્મયો હતો.

હતાશ અને નિરાશ માણસોને પ્રેરણા આવતું તેનું જીવન સમગ્ર જગત માટે પયગંબરપી સંદેશ સમાન હતું. કહે છે ને કે પુરૂષાર્થની અજોડ મિશાલ હતો. બાળપણથી જ કંઈક કરી બતાવવાની ઉગ્ર તમન્ના. કરોડો પતિ બનવાનાં એ સ્વપ્નો સેવવા લાગેલો. અને એ સ્વપ્રનોને સાકાર કરવા નવી નવી તરકીહો અપનાવતો રહેલો. આશા અને નિરાશાની વચ્ચે વર્ષો સુધી અટવાતો રહેલો એ. પણ લક્ષ્ય ચૂકે એ બીજાં.......... એનો મસૂબો અડગ હતો. જિંદગીનાં અમૂલ્ય ચાલીસ વર્ષો ખર્ચાઈ જવા છતાં સફળતાથી એ દૂર રહેલો.

આમ તો જેના પૂરવ્જો લૂંટારા અને ધાડપાડુઓ હતા એવા કુળમાં એનો જન્મ થયેલો. માતા પિતાની આર્થિક સ્થિતિ સાવ સામાન્ય કક્ષાની. તેની માતાએ પોતાની કાકી પાસેથી ઉધાર મકાન ખરીદેલું. મકાનના હપ્તા ભરવામાં પણ માને ફાંફાં પડતાં હતા. તે તેની માને આર્થિક રીતે મદદરૂપ થવા કોલસાની ખાણમાં કાળી મજૂરી કરતો. તેની માતાની કાકીનો કારોબાર મોટો હતો. તે તેમના કારોબારમાં મદદ કરવા લાગ્યો. માતાની કાકી ટોમસસનના કામથી ખુશ હતી. તેણે તેના કારોબારનું સઘળું કામ ટોમસને સોંપી દીધું. તેના પર પૂરો વિશ્વાસ પણ મૂક્યો.

દરમ્યાનમાં ટોમસનને ત્રીસ વર્ષની ઉંમરે એડના ઈરવિંગ નામની છોકરી સાથે લગ્ન કરી લીધેલાં. ટોમસને તેની માતાની કાકીએ તેમના ધંધામાં બ્રાન્ચ મેનેજર તરીકે નિયુક્ત કરેલો. તેની નવયુવાન પત્ની અને તેનો ભાઈ કાર્લ ટોમસનને તેના કામમાં મદદ કરવા લાગેલાં.

ધીમે ધીમે ટોમસન બે પાંદડે થયો. હૈયામાં હામ તો ભરપૂર હતી જ. તેમાં ભાઈ અને પત્નીનો સથવારો સાંપડ્યો. બંન્ને ભાઈઓએ ભેગા મળીને મોટરકારના સ્પેરપાર્ટસ વેચવાનો ધંધો શરૂ કરેલો. ધંધામાં સારી સફળતા મળેલી. પણ આટલી સફળતાતી ટોમસનને સંતોષ થયેલો નહીં. તેને તો આકાશને આંબવું હતું. તેણે તેનો એ ધંધો ભાઈ કાર્લને સોંપી દીધેલો. અને તેણે તેના નામે એક 'સર્વિસ સપ્લાઈઝ લિમિટેડ' નામની નવી કંપની શરૂ કરેલી.

તેણે રેડિયો સપ્લાયથી ધંધાની શરૂઆત કરેલી. પણ તેને તેના ધંધામાં સફળતા મળવામાં અડચણો ઉભી થતી લાગી. બનેલું એવું કે તે જે વિસ્તારમાં રેડિયો સપ્લાય કરતો હતો તે વિસ્તારમાં રેજિયો પ્રસારણ બરાબર સંબળાતું ન હતું. તેની અસર તેના ધંધા પર પડવા લાગેલી. તેથી તેણે અથાગ પ્રયત્નો કરી, અનેક સંઘર્ષો સામે ઝઝૂમી પોતાનું સ્વતંત્ર રેડિયો પ્રસારણ સ્ટેશન ઊભું કરવાની પરવાનગી સત્તાધીશો પાસેથી મેળવી લીધેલી. તેણે ઊભા કરેલા નવા રેડિયો પ્રસારણ સ્ટેશનથી પ્રસારણ સ્પષ્ટ રીતે સંભળાવા લાગ્યું અને તે સાથે જ તેનું નામ ગાજતું થઈ ગયેલું.

તેના માથેથી આર્તિક સંકટના વાદળો વિખરાઈ ગયાં. તેનામાં નવાં જોશ અને ઝનૂન પ્રગટ્યાં તેણે એક આખેઆખું મુદ્રણાલય ખરીદી લીધું. અને દૈનિક વર્તમાનપત્ર શરૂ કર્યું. તે એટલું બધું કમાયો કે તેણે ઈંગ્લેડના સ્ટેફડ ખાતે ધંધાના વિકાસ માટે એક ભવન્ય અને આલીશાન ટોમસન બિલ્ડીંગ ઊભું કરી દીધું. તેણે ક્રમશઃ અમેરિકાનાં બધાં જ અખબારો ખરીદી લીધેલાં. પછી ઈંગ્લેન્ડ અને સ્કોટલેન્ડમાંથી પ્રસિદ્ધ થતાં અખબારો પણ ખરીદી લીધેલાં. તે અખબારી જગતનો





બેતાજ બાદશાહ થઈ ગયેલો. તેણે અતિશય વિખ્યાત એવું 'ધ ટાઈમ્સ' અખબાર પણ ખરીદી લીધેલું. ઈ.સ. ૧૯૬૪માં એકલા બ્રિટનમાં જ તેનું ટર્ન ઓવર પાંચ કરોડને વટાવી ગયેલું. તેની યશસ્વી કામગીરીને લઈને તે વર્ષે તેને 'બેરન' પદ મળેલું. તે પછી તે 'લોર્ડ ટોમસન ઓફ ફલીટ ઓપ નોર્થ બ્રિજ ઈન ધ સીટી ઓફ એડિનબરો' તરીકે ઓળખાવેલો. તેને તેના જીવનકાળ દરમ્યાન અનેક માન અકરામો અને ખિતાબો મળેલા.

તેના સાહસિક જીવનની કારકિર્દીમાં તે વિશ્વના વિવિધ દેશોમાં ૧૮૩ દૈનિકો, ૧૩૮ મેગેઝીનો. ૭ પુસ્તક પ્રકાશન સંસ્થાઓ, ૧૦ પ્રદર્શન કંપનીઓ, ૩ પ્રવાસ એજન્સીઓ, ૧૯ મુદ્રણ કંપનીઓ, ૧૫ વીમા કંપનીઓ, ૧૧ હોટલો, ૧૪ બોઈંગ વિમાનો, ૧૦ ટ્રેકિંગ કંપનીઓ, ૭ રેડિયો સ્ટેશનો, ૧૬ ટી.વી. કેન્દ્રો ને ૩ બ્લોક બનાવતી કંપનીઓનું વિશાળ સામ્રાજ્ય ઊભું કરી શકેલો. '' જો માનવીમાં ધીરજ, સાહસવૃતિ અને પ્રામાણિક પુરૂષાર્થની લગન હોય તો તે શુ શું ન કરી શકે.'' એનું જીવતું જાગતું ઉદાહરણ બની ગયે ટોમસનું જીવન યુવાનો માટે પ્રેરણાદાયી બની ગયેલું.

આ સંદેશ જગતના હોનહાર મહારથીએ એની જીવનલીલા ૮૨ વર્ષનું દીર્ઘ આયુષ્ય ભોગવી ૫ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૭૬ના રોજ સંકેલી લીધેલી.

●





## (૧૯૮)
# કાર્લ ગુસ્તાવજુંગ
## (અવસાન : ૬ જૂન, ઈ.સ. ૧૯૬૧)

ઝૂરિચના એક સામાન્ય પાદરીના પુત્ર અને મહાન મોનરોગચિકિત્સર કાર્લ ગુસ્તાવ જુંગનો જન્મ કોન્સ્ટન્સ સરોવરના કિનારા પર વસેલા કેરાવિલના એક નાના ગામમાં ૨૬ જુલાઈ, ઈ.સ. ૧૮૭૫ના રોજ થયેલો. તે એક અત્યંત ગરીબ ઘરનો હતો. પહેરવા પૂરતાં વસ્ત્રો પણ નસીબ થતાં ન હતાં. તે જોડાં પણ ફાટેલાં તૂટેલાં પહેરતો. તેના પિતાએ ભણવા માટે તેને શાળાએ બેસાડ્યો ત્યારે બીજા સુખી સંપન્ન પરિવારના સહાધ્યાઓને જોઈને સતત લઘુતાગ્રંથીથી પીડાતો રહેતો. સાથે બણતા બીજા વિદ્યાર્થીઓ તેની ગરીબાઈની મજાક ઉડાડતા હતા. તેથી તેને શાળાએ જવાનું ગમતું ન હતું.

તેની ઉંમર બાર વર્ષની હતી. ત્યારે એક દિવસ શેરીમાં તેના સમવયસ્કો સાથે રમતાં એક છોકરાંએ એને જોરદાર ધક્કો મારેલોય દક્કો વાગવાથી જમીન પર પછડાયેલાં તેના માથામાં પત્થર વાગેલો. એને ત્યાર પછી વારંવાર ચક્કર આવતા રહેતાં. ઘા તો રુઝાઈ ગયેલો પણ વાંરવાર ચક્કર આવવાની બિમારી ચાલુ રહેલી. કેટલીક વાર તો એ બેભાન પણ થઈ જતો. તેના પિતાએ ડોક્ટરોની સલાહ લીધી. ડોક્ટરોને પણ તેના રોગની કશી સમજ પડતી નહીં. ડોક્ટરોને જુંગની બિમારી અસાધ્ય જણાયેલી. તેની આ બિમારીને લઈ તેને શાળામાંથી રુખસદ આપવામાં આવેલી. તેના પિતાની ચિંતા દિવસે દિવસે વધી રહી હતી. તેમણે દીકરાની બાબતમાં મિત્રોની પણ સલાહ લીધેલી. એક દિવસ જુંગે તેના પિતાને તેમના મિત્ર સાથે વાત કરતાં કાનોકાન સાંભળેલું કે, '' આ છોકરાના દવાદારૂ પાછળ તો હું સાવ ખુવાર અને પાયમાલ થઈ ગયો છું. ઈશ્વર જાણે



તેની શી સ્થિતિ થશે.'' જુંગ પિતાની આ વાત સાંભળી સ્તબ્ધ થઈ ગયેલો. તેને પહેલી વાર ખબર પડી કે તેના પરિવારની આર્થિક કંગાલિયતનું કારણ તે પોતે જ છે. તેણે બીજા દિવસથી પોતાના સારવાર કરાવવાની પિતાને સ્પષ્ટ ના પાડી દીધેલી. પણ પછી શું કરવું ? સારવાર વિના દુઃખી થવું. તેણે તે જ દિવસથી બિમારીનો સામનો કરવા મનને મક્કમ બનાવી લીધેલું. જાણે પોતાને કોઈ જાતની બિમારી નથી એવી માનસિક દઢતા કેળવી તેણે પુનઃ શાળાએ જવાનું શરૂ કરી ધીધેલું. મક્કમ મન સાથે તે જિંદગી સામે ઝઝૂમવા લાગ્યો. અને તમે માનશો. તે પછી તેની માનસિક બિમારી સાવ જ દૂર થઈ ગયેલી. ફરી તેને ચક્કર આવેલાં નહીં. બસ, પછી તો એને માણસના વર્તનામાં રસ ઉત્પનન થવા લાગેલો. પોતાના જ્ઞાનતંતુઓની નબળાઈ વિશે તેને પ્રથમવાર ભાન થયેલું. તેને તયું કે મનની મક્કમતાથી ગમે તેવા રોગ ઉપર કાબૂ મેળવી શકાય છે.


તે હવે ચિકિત્સાશાસ્ત્રમાં રુચિ દાખવવા લાગ્યો. તેની વીસ વર્ષની ઉંમર થઈ હતી ત્યારે તે યુનિવર્સિટી ઓફ બોસ્લેમાં વૈદકશાસ્ત્રનો અભ્યાસ કરવા દાખલ થયેલો. વૈદકનો અભ્યાસ કરતાં કરતાં તેને મનોચિકિત્સામાં રસ પડવા લાગેલો. તેણે માનસિક રોગોનો સારવારને જીવન ધ્યેય બનાવી લીધેલું. તેની કાબેલિયતને કારણે ઈ.સ. ૧૯૦૦માં તેની નિમણૂંક ઝૂરિયની બર્ગોઝૂલી આઈકિયા ટ્રીક હોસ્પિટલના સ્ટાફ ફિઝિશ્યન તરીકે તયેલી. તે હોસ્પિટલમાં આવતા માનસિક રોગોના રોગીઓનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરવા લાગેલો. તે દર્દીઓ સાથે વાતચીત કરીને તેમની સ્મૃતિશિકત તપાસી તેમની માનસિક સમસ્યાઓ વિશે માહિતી મેળવતો.

તેને હવે વિયેનાના મનોરોગ ચિકિત્સક સિગ્મંડ ફ્રોઈડનાં લખાણોનો અભ્યાસ કરવામાં રસ પડવા લાગ્.ો. તે તેમને રૂબરૂ જઈને પણ મળેલો. કેટલાંક સિદ્ધાંતોમાં તે ફ્રોઈડના સિદ્ધાંતોથી જુદો પડતો. જુંગ મનોવેગો અને વિચાર પ્રક્રિયાને મહત્વ આપતાં જુંગ અને ફ્રોઈડ વચ્ચે દોસ્તી બંદાયેલી. બાળપણમાં મનોરોગથી

પીડાતા જુંગે 'સાયકોલોજી એન્ડ અનકોન્શ્યસ' નામનું પુસ્તક પણ લખેલું. તેને પોતાનું બાળપણ અને પિતાના શબ્દો સદાય યાદ આવતા. તેથી ગામડાના ગરીબ લોકોની તેણે સારવાર કરાવવી શરૂ કરેલી. મનોરોગીઓનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવા તે તેમની સાથે મહિનાઓ સુધી વાતો કર્યા કરતો. મનોરોગીઓના સુષુપ્ત મનમાં શુ શું પડેલું છે તે જાણવા જુંગ પ્રયત્ન કરતો. માણસને આવતાં સ્વપ્નો ઉપરથી તે તેના વર્તનનો અભ્યાસ કરી નવાં નવાં અર્થઘટનો તારવતો રહેતો. માનવીની ઉંમર વધવાની સાથે તેનો માનસિક વિકાસ પણ વધવા લાગે છે તેવું તેનું માનવું હતું. તે ઈશ્વરમાં માનતો ન હોવા છતાં, ઈશ્વરને જાણતો હતો.

જીવનની આથમતી સંધ્યાએ ટૂંકી બિમારી બાદ છયાસી વર્ષની દીર્ઘ જિંદગી જીવી ૬ જૂન, ઈ.સ. ૧૯૬૧ના રોજ તે મોતને ભેટયો હતો. તેનાં મનોવિજ્ઞાન અને મનોચિકિત્સા અંગેના પુસ્તકો આજે પણ લોકોને નવી પ્રેરણા પૂરી પાડતાં રહ્યાં છે.

●







## (૧૯૯)

# મહારાણા પ્રતાપ

## (૭ જૂન, ઈ.સ. ૧૫૩૯)

ભારતના મોગલ સામ્રાજ્યના મહાન બાદશાહ અકબરના શાસનનો સૂર્ય સોળે કળાએ તપતો હતો ત્યારે હિન્દુ ધર્મનું રક્ષણ કરવા માટે બે નરવીપોએ પોતાના જાનની બાજી લગાવી દીધી હતી. આ બે નરવીરોમાં એક હતા છત્રપતિ શિવાજી અને બીજા હતા મેવાડના મહારાણા પ્રતાપ. મહારાણા પ્રતાપનો જન્મ મેવાડના સિસોજિયા વંશના ઉદયસિંને ત્યાં ૭ જૂન ઈ.સ. ૧૫૩૯ના રોજ થયો હતો. ઉયસિંહ ચિતોડના રાજા હતા. અકબરે ચિતોડ પર આક્રમણ કરતાં તે ચિતોડ ચોડીને નાસી છૂટ્યા હતા. અને અરવલ્લીની ગિરિમાળામાં છુપાઈ ગયા હતા. પછી તેમણે ઉદયપુર શહેર વસાવી તેને રાજધાની બનાવ્યું હતું. ઉદયસિંહના અવસાન પછી ઉદયપુરની ગાદી પર તેમનો પુત્ર પ્રતાપ આવ્યો હતો. ગાંદીએ બેસતાં જ પ્રતાપે પ્રતિજ્ઞા કરી હતી કે, '' આખું મેવાડા જ્યાં સુધી હું જીતી લઈશ નહીં ત્યાં સુધી ચિતોડને મેવાડની રાજધાની બનાવીશ નહીં. વળી હું ઘાસની પથારી પર જ સૂઈ જઈશ અને પતસળામાં જ ભોજન કરીશ.'' પ્રતાપે આ પ્રતિજ્ઞા જિંદગીભર પાળેલી.

પ્રતાપ નાનપણથી જ મજબૂત અને તાકાતવર શરીર ધરાવતા હતા. તેમની સંકલ્પશક્તિ અને ઈચ્છાશક્તિ પ્રબળ હતાં.વીરતામાં એમનો જોટો જડે એમ નહતો. સહનશીલતા અને ધીરજની તેઓ જીવતી જાગતી મૂર્તિ હતા. જયપુરના રાજા જયસિંહ, જોધપુર નરેશ અને બિકાનેર નરેશ વગેરે જેવા હિન્દુ રાજાઓ દિલ્હીના મોગલ સમ્રાટ અકબર સાથે મૈત્રીસંબંદ બાંધી શરણાગતિ સ્વીકારી લીધી હતી. કેવળ રાજ્યસત્તાના મોહમં તેમણે તેમની બહેન-દીકરીઓને અકબર

સાથે પરણાવી દઈ રાજપૂત કૂળને કલંક લગાડ્યું હતું. ત્યારે માહારણા પ્રતાપે હિન્દુ ધર્મ અને ક્ષત્રિયવટનું રક્ષણ કરવા અડગ નિર્ધાર કર્યો હતો. પ્રતાપે અકબરની શરણાગતિ સ્વીકારવાનું હરગીઝ કબૂલ કરેલું નહીં. માતૃભૂમિના રક્ષણ માટે પ્રતાપે તન, મન અને ધન અર્પણ કરી દીધાં હતાં.

રાણા પ્રતાપની સ્વાધીનતા એકબરની આંખમાં કણાની જેમ ખૂંચવા લાગી હતી. કોઈપણ ભોગે અકબર પ્રતાપને મહાન કરવા ઈચ્છતો હતો. મોગલોએ પ્રતાપ પર આક્રમણ કરવાનું નક્કી કરી લીધું. અકબરના પુત્ર સલીમ અને સેનાપતિ જયસિંહની આગેવાની હેઠળ મોગલસેના હલ્દીઘાટીના મેદાનમાં ઘેરો ઘાલી ઊભી રહી ગઈ. મોગલ સેના ચિતોડના પહાડ પર જઈ શકે તેમ ન હતી.

ઈ.સ. ૧૫૭૬નું એ વર્ષ હતું. હલ્દીઘાટીના મેદનામાં એકબર અને પ્રતાપની સેનાઓ વચ્ચે ધમાસાણ યુદ્ધ થયું. પ્રતાપની સેનામાં માત્ર બાવીસ હજાર સિસોદિયા શૂરવીરો હતા. સલીમ હાથ ઉપર અંબાડીમાં બેસ લડતો હતો. પ્રતાપ એમના પ્રિય ઘોડા ચેતક ઉપર સવાર હતા. પ્રતાપે ચેતકને ઈશારો કરતાં તેઆગળના બે પગ ઊંચા કરી હાથી ઉપર ટેકવી ઉભો થઈ ગયો. પ્રતાપે ભાલાનો એવો જોરદાર ઘા કર્યો કે અંબાડીના ચૂરેચૂરા થઈ ગયેલા. સલીમ સ્હેજમાં બચી ગયેલોય ત્યાર પછી આખી મોગલ સેના પ્રતાપ પર તૂટી પડેલી.


પ્રતાપનો જીવ જોખમમાંપડેલો જોઈ એક વફાદાર સાથીએ પ્રતાપના માથેથી મુકુટ લઈ પહેરી લીધો અને મેદાન છોડી ભાગવા લાગ્યો. મોગલ સૈન્ય તેને પ્રતાપ માની પાછળ પડ્યું. આ તકનો લાભ લઈ ઘાયલ પ્રતાપ ચૈતક ઉપર સવાર થઈ અરવલ્લીના ડુંગરામાં ભાગી ગયો. પાછળથી એની પત્ની અને હાળકો પણ જીવ બચાવવાત્યાં આવી ગયાં. દુઃખના દિવસો શરૂ થયા. ખાવા-પીવાના વાંધા પડવા શરૂ થયા. રાજમહેલમાં રહેનારાંને જંગલમં રહેવાના દિવસો આવી ગયા. કંદમૂળને છુંદીને તેનો રોલો બનાવીને પ્રતાપની પત્ની બાળકોને ખવડાવતી, એકાર આવો હોટલોોને રાજકુમારીના હાથમાંથી જંગલી વિલાહડો ઝૂંટવી ગયેલો.



રાજકુમારી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગેલી. પ્રતાપથી દીકરીનું દુઃખ જોયું ગયું નહીં. એનું હૈયું મીણની જેમ ઓગળી ગયું. પ્રતાપે માતૃભૂમિને છોડીને સિંધ તરફ ભાગી જવાનો નિર્ણય કરેલો. આ વાતની જાણ ચિતોડના શ્રૈષ્ઠી ભામાશાને થઈ. તે પોતાની પાસેનું સઘળું ધન લઈને અરવલ્લીના ડુંગરામાં પ્રતાપની પાસે આવી પહોંચ્યો. તેણે ધન પ્રતાપના ચરણોમાં સમર્પિત કરતાં કહ્યું. 'મહારાણ્ય' માભોમની સ્વાધીનતા આગળ આ ધન કોઈ વિસાતનું નથી. '' આપ જ માભોમને સ્વતંત્રતા બક્ષી શકો એમ છો. આ ધન મારું નહીં, ચિતોડનું છે.''

ભામાશાએ આપેલું ધન બાર વર્ષ સુધી ચાલે એટલું હતું. પ્રતાપે એ ધન વડે ફરી સૈન્ય ઊભું કર્યું. પ્રતાપે એ સૈન્ય વડે મેવાડને ફરી આઝાદ કરાવેલું. આવા વીર, ટેકીલા, માતૃભક્ત અને ન્યાયપ્રિય ભારતના સપૂત મહારાણા પ્રતાપ અઠ્ઠાવન વર્ષની ઉંમરે ૧૯ નવેમ્બર, ઈ.સ. ૧૫૯૭ના રજો વીરગતિને પામ્યા હતા.

●





## (૨૦૦)

# જયભિખ્ખુ

## (૮ જૂન, ઈ.સ. ૧૯૦૮)

જાણીતા સર્જક અને રમત-ગમત વિવેચક શ્રી કુમારપાળ દેસાઈન સર્જક પિતા બાલાભાઈ દેસાઈ 'જયભિખ્ખુ' નો જન્મ રાજકોટ જિલ્લાના વીછિંયા ગામે વીસા શ્રીમાળી જૈન કુંટુંબમાં પિતા વીરચંદભાઈ અને માતા પારવ્તીબેનના ઘરમાં ૮ જૂન ઈ.સ. ૧૯૦૮ના રોજ થયો હતો. તેમણે ટૂંકી વાર્તા, નાટક, નવલકથા, અને ચરિત્રો ઉપરાંત બાળ સાહિત્યનું પણ સર્જન કરેલું છે. તેઓનું નામ પત્રકારત્વ અને કટારલેખન ક્ષએત્રે પણ ઘણું જાણીતું હતું. તેમણે જૈનધર્મના ગુરુકુળોમાંથી શિક્ષણ મેળવેલું. જંગલોની વચ્ચે ઘૂમતા રહેવાથી તેમની સૌંદર્ય દૃષ્ટિ વિકસેલી. જેની અસર તેમના સર્જન પર થયેલી. તેમણે જે સાહિત્યનું સર્જન કર્યું તેમાં જૈન ધાર્મિક સાહિત્ય અને ઐતિહાસિક સાહિત્યનો સમાવેશ થાય છે.

જૈન ધર્મને મૂળમાં રાખી તેની આસપાસ વસ્તુગૂંથણી કરીને નવલકથાનું સર્જન કરનાર તેઓ પહેલાં સર્જક હતા. આમ છતાં તેમના સર્જનમાં ક્યાંય રસભંગ થતો જોવા મળતો નથી. ભગવાન 'ઋષભ દેવ', 'ચક્રવતી ભરતદેવ', 'નરકેસરી યા નરકેશ્વરી', 'સંસાર સેતુ', 'કામ વિજેતા સ્થૂલિભદ્ર', 'પ્રેમનું મંદિર', 'લોખંડી આખના ફૂલ', 'શત્રુ કે અજાત શત્રુ', 'ભરત બાહુબલિ' તથા 'પ્રેમાવતાર' જેવી ઐતિહાસિક અને પૈરાણિક વિષયવસ્તુ પર આધારિત નવલકથાઓનું સર્જન કર્યું છે. જૈન ધર્મ આધારિત તેમની નવલકથાઓ સર્વમાન્ય બની છે. તેમની શૈલી સંસ્કૃત મંડિત હોવા છતાં રસભર બની રહી છે. તેમાં મૌલિકતા અને કુદરતી ચેતના ભરીભરી દેખાય છે.



તેમણે જે ત્રણ ચાર ઐતિહાસિક નવલકથાઓ લખી છે તેમાં પ્રેમભક્તિ કવિ 'જયદેવ' ખૂબ જ પ્રશંસા પામેલી છે. જયદેવ અને પદ્માના પ્રેમનું નિરૂપણ તેમની સર્જક તરીકેની સૂઝબૂઝનાં દર્શન કરાવે છે. બાળકોના પણ તેઓ પ્રિય લેખક રહેલા. તેમણે કિશોરોને ઉન્નત જીવન જીવવાની પ્રેરણા આપતા 'જવાંમર્દ શ્રેણી' ની સાહસકથાઓનું સર્જન કરીને ખૂબ ઉપયોગી સેવા કરી છે. તેમણે વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તેવી વિદ્યાર્થી 'વાચનમાળા' શ્રેણીમાં ઘણી પુસ્તિકાઓ લખી શિક્ષક તરીકેનું કાર્ય કર્યું છે.

તેમણે વિપુલ માત્રામાં નવલિકાઓનું પણ સર્જન કર્યું છે. 'માદરે વતન', 'કંચન અને કામિની', 'પ્રેમપંથ પાવકની જ્વાળા', 'અંગના', 'યાદવાસ્થળી', 'પારકા ઘરની લક્ષ્મી', 'મનઝરૂખો', 'કન્યાદાન', 'કાજળ અને અરીસો', તથા 'શૂલી પર સેજ હમારી' જેવા વાર્તાસંગ્રહો પણ આપ્યા છે. તેમની 'દીપકશ્રૈણી' અને 'રત્નશ્રૈણી' પ્રૌઢો માટેના ઉત્તમ સાહિત્માં સ્થાન પામી ચૂકી છે. 'ગીતગોવિંદનો ગાયક' અને 'રસિયો વાલમ' જેવાં રેડિયો નાટકો ખૂબ જ વખણાયેલાં છે. તેઓ જૈન હોઈ ભગવાન મહાવીરનું 'નિર્ગંથ ભગવાન' નામનું સુંદર ચરિત્ર પણ લખેલું છે.

તેમણે વરસોડાના પ્રાથમિક શાળામાંથી પ્રાથમિક શિક્ષણ મેળવેલું. પચી તેમણે અમદાવાદામાં થોડો સમય અભ્યાસ કરેલો. પણ પછી તેઓ જૈન ધર્મના 'આગમ' તથા 'ન્યાયશાસ્ત્રી'ના અભ્યાસ માટે ગ્વાલિયરના વિજાપુર પાસે સ્થિત વીર તત્વ પ્રકાશ મંડળ સંચાલિત એક સંસ્થામાં દાખલ થયેલા. તેમણે ત્યાં રહી કાવ્યશાસ્ત્ર અને દર્શશાસ્ત્રમાં પારંગતતા મેળવેલી. અહીં અભ્યાસ કરીને તેમણે 'તર્કભૂષણ' અને 'ન્યાયતીર્થ' ની પદવીઓ પ્રાપ્ત કરેલી.

નર્મદની જેમ કલમને સહારે જીવન જીવવાનો તેમનો દૃઢ સંકલ્પ કરેલો. તેમણે બાપ-દાદાની મિલકતમાંથી એક પાઈ પણ લીધેલી નહીં. તેમનું કુંટુંબ ધાર્મિક સંસ્કારો વાળું હોઈ તેમનું જીવન સંસ્કારિતાથી મંડિત થયેલું હતું. તેમણે

સર્જેલું સાહિત્ય વિપુલ છે. લગભગ ૩૦૦ જેટલાં પુસ્તકો તેમણે લખ્યાં છે. ગુજરાત સમાચારમાં 'ઈંટ અને ઈમારત' નામે કોલમ તેમણે વર્ષો સુધી લખેલી. તેમના અવસાન પછી આજે તે કોલમ તેમના સાહિત્યકાર પુત્ર કુમારપાળ દેસાઈ ચલાવી રહ્યા છે. તેઓ મૂલ્યનિષ્ઠ સાહિત્યના સર્જક હતા.

આવા પ્રખર સાહિત્યકાર ૨૪ ડિસેમ્બર, ઈ.સ. ૧૯૬૯ના રોજ અવસાન પામેલા. તેમની સ્મૃતિમાં તેમના પુત્ર દ્વારા આજે 'જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ' અમદાવાદમાં કાર્યરત છે.







## (૨૦૧)
# કિરણ બેદી
## (૯, જૂન, ઇ.સ. ૧૯૪૭)

આપણાં દેશમાં ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન છેડનારા સામાજિક કાર્યકર અણ્ણા હજારેની ટીમનાં એક સદસ્યા, ભારતની સ્ત્રીઓનો પ્રેરણાસ્ત્રોત અને સાહસની અનન્ય મૂર્તિ સમાં કિરણ બેદીનો જન્મ ૯, જૂન, ઈ.સ. ૧૯૪૭ ના રોજ પંજાબ રાજ્યના અમૃતસર શહેરમાં એક શિખ પરિવારમાં થયો હતો.

કોન્વેન્ટમાંથી પ્રાથમિક શિક્ષણ મેળવ્યા પછી સરકારી મહિલા કૉલેજમાં ઉચ્ચાભ્યાસ માટે તેઓ દાખલ થયેલાં અને અહીં જ તેમણે સ્નાતકની ઉપાધિ મેળવેલી. ભણવામાં અતિશય તેજસ્વી અને તીવ્ર યાદશક્તિ ધરાવતાં તેમણે પંજાબ વિશ્વવિદ્યાલયમાંથી પોલિટિકલ સાંયસના વિષય સાથે એમ.એ.ની પદવી મેળવી હતી. એમ.એ. ની પરીક્ષામાં તેઓ પંજાબ વિશ્વવિદ્યાલયમાં પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા હતાં. તેઓ ભણવાની સાથે સાહિત્ય અને રમતગમતમાં ખૂબ જ રુચિ દાખવતા હતાં. એ ક્ષેત્રોમાં તેમણે અદ્‌ભુત સિદ્ધિઓ મેળવેલી છે.

ઈ.સ. ૧૯૭૨ માં શ્રીમતી કિરણ બેદીએ ભારતીય પોલીસ સેવાની આઈ.પી.એસ. ની પરીક્ષા પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે પાસ કરી હતી. આમ તે દેશનાં સૌ પ્રથમ મહિલા આઈ.પી.એસ. બનેલાં. તેમની નિમણૂંક જિલ્લા પોલીસ વડા તરીકે થઈ હતી.

તેઓ ટેનિસનાં ઉત્કૃષ્ટ ખેલાડી તરીકે પ્રશંસા પામ્યાં છે. તેઓ અખિલ ભારતીય યુનિવર્સિટી ટેનિસ ટાઈટલ, એશિયનલોન ટેનિસ, ઑલ ઈન્ડિયા હાર્ડકોર્ટ ટેનિસ, નેશનલ વિમેન્સ લોન ટેનિસ તથા ઑલ ઈન્ડિયા ઈન્ટર સ્ટેટ વિમેન્સ લોન

ટેનિસમાં વિજયી બન્યા છે. ભારત-શ્રીલંકા વચ્ચેની ટેનિસ સ્પર્ધામાં ભારત વતી મેદાનમાં ઉતરીને બે વખત ટાઇટલ જીતવામાં સફળતા મેળવી ચૂક્યા છે. તેમણે ટેનિસ ક્ષેત્રે અસંખ્ય પુરસ્કારો પ્રાપ્ત કરેલા છે.

સમાજસેવા અને સમાજકલ્યાણના ઉચ્ચ આદર્શોને તેઓ વરેલાં એક પોલીસ અધિકારી હોવા છતાં તેઓ સ્ત્રીસહજ લાગણીશીલ સ્વભાવ ધરાવે છે. તેઓને કુટુંબના સભ્યો સાથે રહેવાનું, વાતો કરવાનું અને સહભોજન લેવાનું ખૂબ ગમે છે. ટી.વી. ના માધ્યમ દ્વારા તેમણે તેમના બુદ્ધિચાતુર્યથી અનેક લોકોનાં જીવન બરબાદ થતાં અટકાવ્યાં છે. તેઓ કોઈના દબાણ નીચે કામ કરવામાં માનતા નથી. પરગજુપણું તેમના જીવનની મોટી મૂડી છે.


ઈ.સ. ૧૯૭૫ નું વર્ષ વિશ્વભરમાં જ્યારે 'આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ' તરીકે ઊજવાયેલું ત્યારે દિલ્હીમાં પ્રાજાસત્તાક દિવસની પરેડનું નેતૃત્વ કિરણ બેદીએ કર્યું હતું.


દેશના ગમે તે સ્થળે તેમને સોંપાયેલી ફરજ દરમ્યાન એક સક્ષમ અધિકારી તરીકે તેઓ સફળ પુરવાર થયાં છે. તેમની સેવાની કદર રૂપે સરકારે તેમને ડેપ્યુટી કમિશ્નર ઑફ પોલીસના હોદ્દા પર સ્થાપિત કર્યા છે. ઈ.સ. ૧૯૮૨ માં દિલ્હીમાં યોજવામાં આવેલ એશિયાડ રમતોત્સવ વખતે દિલ્હીની ટ્રાફિક વ્યવસ્થા જાળવવામાં તેમણે પ્રશસ્ય કામગીરી બજાવી હતી. નિયમોની અવહેલના કરનાર સામે આકરાં પગલાં લેતાં પણ તેઓ અચકાયાં ન હતાં. તેમનાં સાહસ અને હિંમતને લઈને મુશ્કેલમાં મુશ્કેલ વિસ્તારોમાં તેમણે કુનેહપૂર્વક કામગીરી બજાવવામાં સફળતા મેળવી હતી. તેથી જ આજે શ્રીમતી ઈન્દિરા ગાંધી પછી સફળ મહિલા તરીકે તેમનું નામ ગાજતું થયું છે. ઈ.સ. ૧૯૮૦ માં તેમને જવાહરલાલ નહેરૂ રાષ્ટ્રીય એકતા પુરસ્કાર પ્રદાન કરવામાં આવ્યો હતો. એ જ વર્ષે તેઓને 'વુમન ઑફ ધ ઈયર' ના ખિતાબથી સન્માનવામાં આવ્યાં હતાં.

તેઓ સ્વચ્છ અને પ્રામાણિક પોલીસ અધિકારી તરીકે ઊભરી આવ્યાં છે.



પોલીસ ખાતામાં ચાલતા ભ્રષ્ટાચારથી તેઓ ચિંતિત છે. કેફી દ્રવ્યોની હેરાફેરી અને અસામાજિક પ્રવૃત્તિઓ ડામવામાં તેમણે અસાધારણ સફળતા મેળવી છે. તેમણે આત્મવિશ્વાસ સાથે કહ્યું છે કે, 'જ્યાં જ્યાં મેં ફરજ બજાવી છે ત્યાં ત્યાં ભ્રષ્ટાચારને ચાલવા દીધો નથી. મારી ઉપરની કે મારા હાથ નીચેના કર્મચારીઓ ઉપરની ફરિયાદોની હું તટસ્થપણે તપાસ કરાવું છું.'





## (૨૦૨)
# ભોગીભાઇ ગાંધી
## (અવસાન : ૧૦, જૂન, ઇ.સ. ૨૦૦૧)

૨૦ મી સદીના બે વિશ્વોત્તમ મહામાનવો મહાત્મા ગાંધી અને કાર્લ માકર્સના સંસ્કારોથી સંસ્કારાયેલા સ્વાતંત્ર્ય સેનાની ભોગીભાઇ ગાંધીનો જન્મ ૨૬, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૧૧ ના રોજ થયો હતો. ગાંધીજીના આંદોલનથી તેઓ ખાસ્સા પ્રભાવિત થયેલા. ઓગણીસ વર્ષની ઉંમરે ઈ.સ. ૧૯૩૦માં ગુજરાત વિદ્યાપીઠમાં એ સ્નાતક થયેલા. કાકા સાહેબ કાલેલકર અને આચાર્ય કૃપાલાનીજી જેવા અધ્યાપકઓએ એમનું જીવન ઘડતર કરેલું. કૃષ્ણદીવાની મીરાં પર પી.એચ.ડી. તરીકેની કામગીરી કરતાં કરતાં બારડોલીની લડતમાં ‘અરૂણ’ ટુકડીના સભ્ય તરીકે પણ તેમની કામગીરી યશસ્વી રહેલી. ગાંધીજી સરદાર વલ્લભભાઇ પટેલને ‘સરદાર’ કહી બિરદાવે અને ભોગીભાઇ વલ્લભભાઇના ઉદ્ગારો વિશે અહિંસાની બાબતમાં વળતો સવાલ કરે એવું પણ બનેલું.

સ્વતંત્રતાની લડતની એક સૈનિક તરીકે ભોગીભાઇએ જેલવાસ પણ વેઠેલો. તેઓ સામ્યવાદી વિચારો ધરાવતા હતા. રાહુલ સાંકૃત્યાયન, કુમારમંગલમ્ અને કૈફી આઝમી સાથેના કૉમ્યુન દિવસોમાં કે પછી ‘નવી દુનિયા’ કાર્યાલયમાં અગર તો ઇ.સ. ૧૯૭૫ ની જયપ્રકાશ નારાયણ સાથેની બિહારયાત્રામાં એમનો જીવનમંત્ર એક જ રહેલો ‘કંઇ ગુમાવવું નહીં.’

તેઓ સ્વાતંત્ર્ય સેનાની હોવાની સાથે સાથે કવિનું સંવાદનશીલ હૈયું ધરાવતા હતા. ઇ.સ. ૧૯૪૩-૪૪ માં તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ ‘સાધના’ પ્રગટ થયેલો. કવિશ્રી ઉમાશંકર જોશીએ એની પ્રસ્તાવના લખેલી. ભોગીલાલ અને ઉમાશંકર



એક જ જિલ્લાનાં ફરજંદ. પ્રસ્તાવના દ્વારા ઉમાશંકરે એમનાં કવન અને કથનને ઉજાગર કરેલાં. એમના એ કાવ્યસંગ્રહના ત્રણ મુખ્ય વિષયો હતા પ્રણય, ઝંખના અને સાધના. ઉમાશંકરભાઇએ પ્રસ્તાવનામાં લખ્યું છે કે, ‘અહીં વસ્તુતઃ એક સમગ્ર અભિગમ રહેલો છે. નરદમ નિજી જણાતા પ્રણયમાંથી વ્યાપક જીવનની ઝંખના પોતે જ વ્યક્તિની મર્યાદા વટાવી સમષ્ટિની વિરાટતાને આલિંગે ત્યારે તે સાધનનું રૂપ ધારણ કરે અને આ પ્રક્રિયામાં બેડીઓ તૂટતી ચાલે.’

ઈ.સ. ૧૯૫૬ માં સામ્યવાદી પાર્ટીનો ત્યાગ કર્યો. શું સાચું અને શું ખોટું એને સમજવાની અને સ્વીકારવાની ગડમથલમાં જ્યારે કશુંય સત્ય સામે ના આવ્યું ત્યારે આખરે જીવ ગાંધીજીમાં કરેલો. ઈ.સ. ૧૯૫૮ થી શરૂ થયેલા ‘વિશ્વમાનવ’ નો પહેલો દશકો તેમની અને નવગુજરાતની વિચાર મથામણનો તથા તે સમયનાં સર્જક વહેણોનો સારો આલેખ આપનારો લેખાશે.

તેઓ અનેક પુસ્તકોના સર્જક હતા. શરદબાબુની ખૂબ જ લોકપ્રિય નવલકથા ‘દેવદાસ’ નો બંગાળીમાંથી ગુજરાતીમાં સૌથી પહેલો અનુવાદ ભોગીભાઇએ કરેલો. રશિયન સાહિત્યનો ગુજરાતને પરિચય કરાવવામાં તેમનો બહુમૂલ્ય ફાળો રહેલો છે. ઓલ્ઝેનિત્સિન, મેક્સિમ ગોર્કી, મહાત્મા ટોલસ્ટોય અને પાસ્તરનાકની કૃતિઓ એમણે ગુજરાતીમાં ઉતારેલી. એમણે બે લેખસંગ્રહો ‘મિતાક્ષર’ અને ‘પાર્થેય’ ગુજરાતી સાહિત્યને ચરણે ભેટ ધર્યો છે. એ બે લેખસંગ્રહો એમના જીવન કાર્ય અને સમાજલક્ષી સ્વાધ્યાય સાધનાનાં અમૃતફળો છે. એક સંગ્રહમાં સાંસ્કૃતિક અને સાહિત્યિક લેખોનો સમાવેશ થાયો છે. તો બીજા સંગ્રહમાં ગાંધીવિચારધારાના અનુસંધાને લખાયેલા લેખો સમાવ્યા છે. નિરંજન ભગતે તો તેમને ‘વિશ્વતોમુખી કલ્પના અને સંવેદનાના સર્જક’ કહ્યા છે. ગાંધીજીની ફિલસૂફીને ફંફોસતાં લોકશાહી મૂલ્યોની અને જયપ્રકાશના ‘સર્વોદય’ વિચારધારાની જડ એમને હાથ લાગેલી. તે પછી તેઓ ગુજરાતમાં જનતા મોરચાની રચનામાં સક્રિય રહેલા.

જ્ઞાન ગંગોત્રી ગ્રંથશ્રેણીના એમણે સંપાદિત કરેલા પ્રથમ સત્તાવીસ ગ્રંથોના સંપાદનની કામગીરી તેમણે લાંબો સમય કરેલી. સુંદરમે પણ તેમની આ શક્તિને મુક્ત મને વખાણેલી.

૧૦, જૂન, ઈ.સ. ૨૦૦૧ ના રોજ વડોદરા મુકામે તેમનો દેહવિલય થયેલો.

●





(૨૦૩)

# જૉન કોન્સ્ટેબલ

**(૧૧, જૂન, ઇ.સ. ૧૭૭૬)**

વિશ્વના મહાન ચિત્રકારોમાં જેની ગણના થાય છે. તેવા ચિત્રકાર જૉન કોન્સ્ટેબલનો જન્મ ઇંગ્લેન્ડના પૂર્વ બર્ઘોલ્ટ વિસ્તારના સ્ટોર નદીના કાંઠે આવેલા ગામ સફોકના સમૃદ્ધ વેપારી અને વિંડ મિલના માલિક ગોલ્ડિંગના ઘરમાં ૧૧, જૂન, ઈ.સ. ૧૭૭૬ માં થયો હતો. જૉનનું બાળપણ સ્ટોર નદીની રેતમાં વીતેલું. પ્રાથમિક શિક્ષણ માટે તેના પિતાએ તેને લેવનહેમનની નિવાસી શાળામાં દાખલ કરેલો. પણ ભણવામાં ખાસ જામેલું નહીં તેથી તેને તેના પિતાએ નિવાસી શાળામાંથી ઊઠાડી લઈ લહેમની સ્કૂલમાં મૂકેલો પણ. પુસ્તકિયા જ્ઞાનમાં રુચિ નહીં દાખવનાર જૉનનું ચિત્ત અહીં પણ ભણવામાં ચોંટેલું નહીં. જૉનના પિતાને કલા સાથે કશો સંબંધ નહીં. તેમને દીકરો બે પૈસા રળતો થાય એમાં જ રસ. એટલે તેમણે દીકરાને મિલના કામમાં જોતરી દીધેલો. જૉન મિલના કામથી ત્રાસી ગયેલો. એવામાં એનો પરિચય ચિત્રકલા પાછળ પાગલ બનેલા જ્યોર્જ બ્યૂમો સાથે થયો. બ્યૂમોને ઘેર તેણે ક્લોંદ લોરેનની ઉત્કૃષ્ટ ચિત્રકૃતિઓ જોઈ. બસ, પછી તો તેણે ચિત્રકાર બનવાનો દૃઢ મનસૂબો કરી લીધો. પછી તો ચિત્રકલામાં અભિરુચિ ધરાવતા જૉનને તેના પિતાએ ચિત્રકલાના શિક્ષણ માટે લંડન મોકલી આપેલો. લંડન જઈ તેમણે એન્ટિકવીટી સ્મિથના માર્ગદર્શન હેઠળ ચિત્રકલા શીખવી શરૂ કરેલી. તે તેત્રીસ વર્ષનો થયો ત્યાં સુધીમાં ચિત્રકલા પર એણે પ્રભુત્વ મેળવી લીધેલું. તેણે ભૂમિચિત્રો ચિતરવા પર તેનું ધ્યાન કેન્દ્રિત કર્યું. તેને તેનું વતન ખૂબ વહાલું હતું. તેથી પિતાના નિવાસ પાસે જ એક મઢૂલી બનાવી એણે ચિત્રસાધના શરૂ કરેલી. આ અરસામાં તે મેરિયાને

ચાહવા લાગેલો. પણ મેરિયાના પરિવારની મંજૂરી નહીં મળવાના કારણે લગ્ન સાત વર્ષ એને રાહ જોવી પડેલી પછી તેણે બ્લુમ્સબરીમાં એક મકાન ખરીદેલું. અહીં તેને ત્યાં એક પુત્રનો જન્મ થયેલો. પુત્રને જન્મ આપ્યા પછી ટી.બી. ને કારણે તેની પત્નીનું અવસાન થયેલું. ઈંગ્લેન્ડના ભૂમિચિત્રકારોમાં જૉન સર્વશ્રેષ્ઠ ગણાય છે. તેણે ચિતરેલાં નાટ્યાત્મક દરિયાઇ ચિત્રો ખૂબ વેચાતાં. તે રૉયલ એકેડેમીનો સભ્ય પણ બનેલો. તેનાં સફૉક, હેમ્પસ્ટેડ અને સેલિસબરીનાં ચિત્રો ખૂબ જાણીતાં બન્યાં છે. તેણે 'બોટબિલ્ડીંગ' ચિત્ર આકાશ નીચે બેસીને ચિતરેલું.

એનાં તૈલરેખાંકનો એટલાં જ જાણીતા હતાં. એ રેખાંકનો ચિતરવા પીંછીને બદલે એ છરીનાં ઉપયોગ કરતો. પૃથ્વી ઉપર વેરાયેલી પ્રકૃતિનાં વિવિધ સ્વરૂપોને એણે કેનવાસ પર જીવતાં કર્યા છે. **'The Missing Rider'** તેનું વિશાળ કદનું તૈલચિત્ર છે. **'Luminous Green'** ચિત્રમાં ઉનાળાના આકરા તડકામાં એક છોકરો ઘોડાને નાવથી છોડતો દર્શાવ્યો છે. **'The Hay Wain'** જૉનનું જગવિખ્યાત ચિત્ર છે. તેની ઝૂંપડી પાસેથી પસાર થતાં ખાલી વેગનોને નિહાળી રહેલા કૂતરાનું ચિત્ર દોરતાં તેને પાંચ મહિના લાગેલા. સૂર્ય ચિત્રની બહાર હોવા છતાં તેની હાજરી જોનારને વરતાયા વિના રહેતી નથી. ખેતરો પર વાદળો છાંયડાની જાજમો બિછવતાં હોય એવો ભાસ થાય છે. આ ચિત્ર જોયા પછી મુગ્ધ થઈ ગયેલા ફ્રાન્સના રાજાએ જૉનને સુવર્ણચંદ્રક અર્પણ કરેલો. દેવળના બિશપના આગ્રહને વશ થઈ તેણે **'Salisbury Cathedral'** નામનું ચિત્ર તૈયાર કરેલું. આ ચિત્રમાં બિશપ એમની પત્ની સાથે દેવળના દરવાજા પાસે ઊભા રહી દેવળની આસપાસ ઘૂમરાતાં વાદળોને જોતા હોય એવું ચિત્રણ કરવામાં આવ્યું છે. ઈ.સ. ૧૮૨૯ માં જૉન કોન્સ્ટેબલ 'રૉયલ ઍકેડેમી' માં પૂર્ણ સમયના ઍકેડેમિશિયન તરીકે નિમાયો હતો. તે તેના વતન કરતાં ખાડી પારના દેશોનાં વધારે પ્રસિદ્ધ પામેલો. આ મશહૂર કલાકાર ૩૧, માર્ચ, ઈ.સ. ૧૮૩૭ માં ૬૧ વર્ષની વયે સદાને માટે માટીમાં મળી ગયેલો.





## (૨૦૪)

# પ્રહલાદ કેશવ અત્રે

## (અવસાન : ૧૨, જૂન, ઇ.સ. ૧૯૬૯)

મરાઠી સાહિત્યના પ્રખર નાટ્યકાર અને કવિ પ્રહલાદ કેશવ અત્રે એટલે કે આચાર્ય પી.કે.અત્રેનો જન્મ મહારાષ્ટ્રના પૂણે જિલ્લાના કોઢા ગામે ૧૨, ઑગષ્ટ, ઈ.સ. ૧૮૯૮ માં થયો હતો. તેમના પૂર્વજો શૂરવીર અને પરાક્રમી હતા. છત્રપતિ શિવાજી મહારાજના સમયમાં તેમના પૂર્વજોએ ઘણાં પરાક્રમો કરેલાં. આથી તેમનું કુળ મહારાષ્ટ્રમાં ખૂબ જાણીતું થયું હતું. સાસવડ નામના ગામમાંથી પ્રાથમિક શિક્ષણની શરૂઆત કર્યા પછી તેઓ ઉચ્ચાભ્યાસ માટે પૂણેની ખ્યાતનામ ફર્ગ્યુસન કૉલેજમાં દાખલ થયેલા. અહીંથી જ તેમણે ઈ.સ. ૧૯૧૯ માં બી.એ. ની ડિગ્રી પ્રાપ્ત કરેલી. ઈ.સ. ૧૯૨૮ માં તેઓએ તે સમયની બી.ટી. ની તાલીમી ઉપાધિ મેળવેલી. ઉપરાંત તેમણે લંડનનો 'ટીચર્સ ડિપ્લોમા' પણ મેળવેલો. શિક્ષણની તાલીમી પદવી મેળવ્યા બાદ તેમણે શિક્ષણના વ્યવસાયમાં ઝંપલાવેલું અને અઢાર વર્ષ શિક્ષકની નોકરી કરેલી.

નવું સર્જન કરવાના તેઓ નાનપણથી જ શોખીન. તેમનો સ્વભાવ પણ મોજીલો. પોતે હસતા નહીં, પણ બીજાંને ખડખડાટ હસાવતા. શિક્ષક તરીકે નોકરી કરતાં કરતાં કવિતાઓ કરતા, નાટકો લખતા અને હાસ્યપ્રધાન તેમજ વ્યંગ્યાત્મક લેખો લખતા. તેમને સાહિત્યમાં અભિરુચિ હોઇ 'નવયુગ' નામના એક સામાહિકનું સંપાદનકાર્ય પણ કરેલું. પૂણે છોડી ઈ.સ. ૧૯૪૦ માં માયાનગરી મુંબઈ આવેલા અને 'મરાઠા' નામના દૈનિકની શરૂઆત કરેલી.

તેઓ સાહિત્યની સાથે કલાના પણ પૂજારી હતા. ચિત્રોદ્યોગ પ્રત્યે નાનપણથી જ વિશેષ આકર્ષણ રહેલું. મુંબઈમાં એ માટે અનુકૂળ વાતાવરણ મળ્યું.

ઈ.સ.૧૯૪૯ માં તેમણે ‘નવયુગ ચિત્રપટ કંપની’ ની સ્થાપના કરેલી. તે પછી તેઓએ ‘અત્રે પિક્ચર્સ’ ની સ્થાપના કરેલી. આ સંસ્થાઓનાં બેનર હેઠળ ફિલ્મનિર્માણ ક્ષેત્રે તેમણે ઝંપલાવેલું. તેમણે બનાવેલી ઘણી મરાઠી ફિલ્મો સફળ અને લોકપ્રિય નીવડેલી. ‘શ્યામ ચી આઈ’ તેમજ ‘મહાત્મા ફૂલે’ જેવી ફિલ્મોએ તો રાષ્ટ્રપતિ એવોર્ડસ પણ પ્રાપ્ત કરેલા.

તેમના સાહિત્યનું પ્રધાન લક્ષણ વ્યંગ હતું. વ્યક્તિને હસાડતાં તેનાં દુર્લક્ષણો તેને જણાવી દેતા. તેમની રચનાઓ સામાજિક અને રાજકીય કટાક્ષોથી સભર રહેતી. ‘ગીતગંગા’ અને ‘ઝેંડીંચી ફૂલે’ વ્યંગપ્રધાન અને હાસ્યરસિક હોવાથી લોકોમાં ખૂબ આંદર પામેલી. ‘ઝેંડૂંચી ફૂલે’ કાવ્યસંગ્રહનાં કાવ્યો એવાં તો લોકપ્રિય નીવડેલાં કે તેની ઉપરા ઉપરી આઠ આવૃત્તિઓ પ્રગટ થયેલી. તેઓ રાજકારણમાં પણ ઊંડો રસ દાખવતા હતા.

નાટક એમના લોહીમાં રસાયેલું હતુ. તેમણે નાટ્યશાસ્ત્ર અને વિશ્વની વિવિધ ભાષાઓમાં લખયેલાં લોકપ્રિય નાટકોનો ગહન અભ્યાસ કરેલો. તેથી તેમણે લખેલાં નાટકો બહુધા કલાપૂર્ણ બન્યાં છે. તેઓ મૂળે શિક્ષક હોવાથી પ્રારંભમાં તેમણે કિશોરવયનાં બાળકો માટેની નાટ્યકૃતિઓનું સર્જન કરેલું. રંગભૂમિ માટે પૂર્ણ સ્વરૂપનાં દીર્ઘ નાટકો પણ તેમણે લખ્યાં છે. નાટ્યસર્જન પર તેમની સારી હથોટી હતી. ‘વીરવચન’, ‘ગુરુદક્ષિણા’, અને ‘પ્રહલાદ’ જેવાં તેમનાં નાટકો ખૂબ જ લોકપ્રિય નીવડ્યાં હતાં. તેમના રંગભૂમિ પર સફળ નીવડેલાં નાટકોમાં ‘સાષ્ટાંગ નમસ્કાર’, ‘મી ઊભા આહે’, ‘ઉઘાચા સંસાર’, ‘ભ્રામાચા ભોપળા’, ‘પાણિગ્રહણ’, ‘લગ્નાચી બેડી’, ‘પ્રીતિસંગમ’, ‘મોરુચી મૌસી’, ‘બ્રહ્મચારી’ અને ‘ડો.લાગૂ’ નો સમાવેશ થાય છે.

તેમનાં નાટકોમાં તેઓ કૌટુંબિક સમસ્યાઓને વણી લેતા હતા. તેથી પ્રક્ષકોને, નાટકો પોતાના જીવનનો હિસ્સો હોય એવો અનુભવ થતો. તેમણે મરાઠી રંગભૂમિને જીવંત રાખવામાં બહુમૂલ્ય ફાળો આપેલો.



તેઓ સફળ પત્રકાર પણ હતા. તેમનાં લખાણો વિવિધ રંગે રંગાયેલા હતાં. વિષયવૈવિધ્ય પણ ખરું જ. પત્રકાર તરીકે તેમણે લખેલા લેખો ‘મી કસા ઝાલો’, ‘અત્રે ઉવાચ’, ‘બત્તારી આણિ ઈતર કથા’ તથા ‘સિંહ ગર્જના’ જેવા ગ્રંથોમાં ગ્રંથસ્થ થયા છે.

આ બહુરંગી વ્યક્તિત્વ ૧૨, જૂન, ઈ.સ. ૧૯૬૯ ના રોજ દેહાવસાન પામી ગયું હતા.



## (૨૦૫)

# યાસુનારી કાવાબાના

## (૧૩ જૂન, ઈ.સ. ૧૮૯૯)

ચાર વર્ષની ઉંમર થતાં સુધીમાં જ માતા અને પિતાની છત્ર-છાયા ગુમાવી દેનાર નોબેલ પારિતોષિક વિજેતા સાહિત્યકાર યાસુનારી કાવાબાતનો જન્મ ૧૩ જૂન, ૧૮૯૯ના રોજ જાપાનના એક મોટા શહેર ઓસાકામાં થયો હતો. બાળપણમાં મા-બાપ ગુમાવી બેઠેલા તેને તેનાં દાદા-દાદીએ ઉછેરીને મોટો કર્યો હતો.

તેની ઉંમર પંદર વર્ષની થતાં સુધીમાં તો તેનાં પાલક અંધ દાદા-દાદીપણ પરલોકગમન કરી ગયા હતાં. સાહિત્ય પ્રત્યે ખૂબ જ રૂચિ દાખવનાર યાસુનારીએ નાની ઉંમરમાં જ નવલકથાકાર બનવાનો મનસૂબો સેવેલો. શરૂઆતમાં તેમણે નિબંધો લખવા માંડ્યા, પછી લેખન પર હથોટી બેસી જતાં વાર્તાઓ લખવાનું શરૂ કર્યું. તેમના નિબંધો અને વાર્તાઓ ત્યારનાં જાપાની સામાયિકોમાં પ્રસિદ્ધ થવા લાગેલાં.

ઈ.સ. ૧૯૨૦માં તેઓ ટોકિયો ઈમ્પીરિયલ યુનિવર્સિટીના અંગ્રેજી સાહિત્ય વિભાગમાં પ્રવેશેલા. ૧૯૨૪માં તેમણે સ્નાતકની પદવી મેળવેલી. દરમ્યાન તેમણે એક સાહિત્યિક સામયિક પણ શરૂ કર્યું હતું. સ્નાતકની ઉપાધિ મેળવી લીધા પછી 'બુંગે-જદઈ' નામનું સામયિક ચલાવવામાં તેઓ વ્યસ્ત રહેલા.

નાની ઉંમરમાં તેમણે અનુભવેલાં અનાથતા અને નિરાધારતાં તેમના સર્જનમાં પ્રતિબિંબિત થયેલાં જણાય છે. તેમણે તેમની પ્રથમ નવલકથા 'યુ કીગુની' બાર વર્ષોના સમયગાળા દરમ્યાન હપ્તે હપ્તે લખી હતી. જે અંગ્રેજીભાષામાં 'ધ સ્નો કન્ટ્રી' નામે અનુદિત થઈ છે. જીવન અને કલાની દષ્ટિથી નિરખનાર નાયક અને પર્વતાળ વિસ્તારમાં રહેતી એક સ્ત્રીના પ્રેમસંબંધનું એમાં આલેખન થયું છે.



જેનું અંગ્રેજી ભાષામાં 'ધ મોલ' શીર્ષક હેઠળ ભાષાંતર થયું છે. તેવી તેમની બીજી નવલકથા 'હો કુરો નો નિસ્કી' ઈ.સ ૧૯૪૪માં પ્રકાશિત થઈ હતી. તે પછી તેમણે 'સેમ્બાઝૂરૂ' નામની નવલકથા લખી હતી, જેનું પ્રકાશન ઈ.સ. ૧૯૫૫માં થયું હતું. જેનો અનુવાદ અંગ્રેજી ભાષામાં 'થાઉઝન્ડ ક્રેન્સ' નામે થયો છે. તેના સાહિત્યસર્જનને બિરદાવવા ઈ.સ. ૧૯૫૯માં તેમને જર્મનીમાં 'ગેટે ચંદ્રક' અર્પણ કરવામાં આવ્યો હતો.

કાવાબાના એક ઉત્તમ નવલકથાકારની સાથે સાથે એક સારા વિવેચર પણ હતા. તેમણે એનકે નવોદિત લેખકોની રચનાઓને તેમના સામાયિકમાં પ્રકાશિત કરી તેમને પ્રોત્સાહિત કર્યા હતા. તેમની બધી જ કૃતિઓ યુરોપની અનેક ભાષાઓમાં રૂપાંતરિત થઈ છે. આથી જ તેમને ઈ.સ. ૧૯૬૮માં સાહિત્યનું નોબેલ પારિતોષિક આપવામાં આવ્યું હતું.

જાપાની સાહિત્યના તેઓ અગ્રગણ્ય વાર્તાકાર હતા. જાપાની સાહિત્ય કાવાબાતાની અસરથી પ્રભાવિત થયેલું છે. શાળાજીવનથી આરંભાયેલી તેમની સર્જનાત્મક પ્રવૃતિ પર દસમા સૈકાની જાપાનની બે જાણીતી કૃતિઓ 'જેન્જી મોનોગાતરી' અને 'માકુરાનો ઓશી' ની પ્રગાઢ અસર થયેલી જોઈ શકાય છે.

તેમની ઈ.સ. ૧૯૬૦માં પ્રકાશિત થયેલી નવલકથા 'સ્લીપીંગ બ્યૂટી' જાપાની સાહિત્યમાં સીમાચિહ્નરૂપ અને યુગપ્રવર્તક બની રહી છે. તેમની વિખૂટી પડી ગયેલી બે જોડિયા બહેનોની વાર્તા 'ક્યોયે' જાપાની સાહિત્યની શિરમોર રચના સાબિત થઈ છે.

એમની આવી ઉત્તમોત્તમ સાહિત્ય કૃતિઓની રચના બદલ સ્વીડીશ સાહિત્ય અકાદમીએ એમને નોબેલ પારિતોષિક માટે યોગ્ય ગણ્યા હતા. આ અકાદમીએ તેમને નોબેલ પારિતોષિક આપી સન્માનવાનું જાહેર કર્યા પછી તેમણે વિન્રમતાથી કહેલું કે, ''આ પારિતોષિક મને મળશે એવું મેં ધારેલું જ નહીં. હું માનું છું કે,

એનો યશ પ્રથમ તો જાપાનની પરંપરાને અને વિદેશી અનુવાદકોની મહેનતને ફાળે જાય છે.'' જાપાનની સરકારે એમને 'ઓર્ડર ઓફ કલ્ચર'નો ખિતાબ આપી સન્માનેલા. ફ્રાન્સની સરકારે પણ તેમનું બહુમાન કરેલું. અફસોસ તો એ વાતનો છે કે જાપાની સાહિત્યના આ પરંપરાવાદી અને માનવતાવાદી સાહિત્યસ્વામીએ ૭૩ વર્ષની ઉંમરે આપઘાત કરી તેમનું જીવન ટૂંકાવી દીધું હતું.

●





## (૨૦૬)

# સ્ટેફી ગ્રાફ

## (૧૪ જૂન, ઈ.સ. ૧૯૬૯)

'વિશ્વ ટેનિસની મહારાણી' નું બિરૂદ પ્રાપ્ત કરનાર ફોરહેન્ડ સ્ટ્રોકની મલિકા સ્ટેફી ગ્રાફનો જન્મ જર્મનીના બ્રુહ શહેરમાં ટેનિસની રમતના ખૂબ જ શોખીન એવાં માતા-પિતા હેઈડી અને પીટરને ઘેર ૧૪ જૂન, ઈ.સ. ૧૯૬૯ના રોજ થયો હતો. બાળપણથી જ સ્ટેફી દેખાવે અતિશય સુંદર હતી.

મહિલા ટેનિસ ક્ષેત્રે એકહથ્થુ આણ જમાવી દેનાર અમેરિકાની માર્ટિના નવરાતિલોવા પાસેથી ટેનિસનો પ્રથમ ક્રમ આંચકી લેનારી સ્ટેફી ગ્રાફને ટેનિસની તાલીમ એના વીમાનું કામકાજ કરતા પિતા પીટર ગ્રાફ પાસેથી મળી હતી. ટેનિસની આબોહવામાં જ નાનકડી સ્ટેફીનો ઉછેર થયેલો. સ્ટેફીના પિતાએ ટેનિસમાં રસ ધરાવતાં યુવા-યુવતીઓને તાલીમ આપવા એક ટેનિસ ક્લબ ઊભી કરેલી. આ કલબમાં ત્રણ વર્ષની ઉંમરથી સ્ટેફીનું ટેનિસના ખેલાડી તરીકેના ઘડતરનું કામ આરંભાયું હતું.

પાંચ વર્ષની ઉંમરની સ્ટેફીને તેના પિતાએ ટેનિસના નિયમાનુસારના કોર્ટ ઉપર રમાડવાનું શરૂ કરેલું. સ્ટેફી ગ્રાફને વિશ્વની મહાનતમા ખેલાડી બનાવવામાં સૌથી મોટો ફાળો એના પિતાનો છે. તેમણે સ્ટેફીને તાલીમ આપવા પોતાનો વ્યવસાય ત્યજી દીધેલો. ભણવામાં અતિશય તેજસ્વી ગણાતી સ્ટેફીએ ટેનિસને પોતાની જાત સમર્પી દેવા અભ્યાસ પણ છોડી દીધેલો. ટેનિસની તાલીમ માટે કાશી ગણાતા ફ્લોરિડામાં આવેલ ગ્લેનેગલ્સ કલબમાંથી પણ તેણે ટેનિસની તાલીમ મેળવી હતી. ઈ.સ. ૧૯૮૨થી એક ધંધાદારી ખેલાડી તરીકે ટેનિસની

સ્પર્ધાઓમાં ભાગ લેવાનું તેણે શરૂ કરેલું.

માત્ર ૧૬ વર્ષની ઉંમરે તેણે પશ્ચિમ જર્મનીના વેસ્ટરલિન ખાતે રમાયેલી મહિલાઓ માટેની જર્મન ઓપન સ્પર્ધામાં માર્ટિના નવરાતિલોવાને ૬-૨,૬-૩થી હાર આપી હતી. આ વિજય પછી ટેનિસ જગતમાં તેનું નામ ખૂબ જ જાણીતું થઈ ગયેલું. ઈ.સ. ૧૯૮૭ના વર્ષમાં તેની કીર્તિને ચાર ચાંદ લાગી ગયા. આ વર્ષે રમાયેલી સ્પર્ધાઓમાં તેણે ઝળહળતા વિજયો પ્રાપ્ત કર્યા હતા. આ વર્ષે તે ટેનિસ જગતમાં છવાઈ ગઈ હતી. ૩૦ વર્ષની ઉંમર ધરાવતી અને ૧૯૮૨ અને ૧૯૮૪નો ફ્રેન્ચ ખિતાબ જીતેલી માર્ટિના નવરાતિલોવાનું ત્રીજી વખત ફ્રેન્ચ ઓપનનો ખિતાબ જીતવાનું સ્વપ્ન સ્ટેફીના હાથે ભાગીને ભૂક્કો થઈ ગયું હતું. એ મેચમાં સ્ટેફીએ માર્ટીનાને ૬-૪,૪-૬,૮-૬થી કરારી હાર આપીને ટાઈટલ જીતી લીધું હતું. એ મુકાબલો બે કલાકથી વધુ સમય ચાલેલો. ત્યારે સ્ટેફી ફ્રેન્ચ ઓપન ટાઈટલ જીતનાર સૌથી નાની વયની મહિલા ખેલાડી હતી. આ વિજય મેળવવા બદલ તેને ૧,૮૦,૦૦૦ ડોલરનું ઈનામ મળ્યું હતું. તે એક ખેલદિલ ખેલાડી હતી. હરીફ ખેલાડી પ્રત્યે જરા પણ દ્વેષભાવ રાખતી નહીં. ફ્રેન્ચ ઓપન ટાઈલ જીત્યા પછી તેણે કહેલું કે, ''હું જીતી તેનો મને આનંદ જરૂર છે. પણ થોડું દુઃખય છે માર્ટિના વિશે. એણે અત્યંત નિર્ણાયક ઘડીએ જો એક ભૂલ દોહરાવી ના હોત તો એ જરૂર જીતી જાત.''

ઈ.સ. ૧૯૮૭માં સ્ટેફી માર્ટિના સામે જ વિમ્બલ્ડન અને અમેરિકી ઓપનની ફાઈનલ મેચોમાં હારી ગઈ હતી. તે દૃઢ મનોબળ ધરાવતી ખેલાડી છે. તેની સ્ફૂર્તિ અને ચપળતા અદભૂત છે. લગભગ છ ફૂટની ઊંચાઈ પણ તેની રમતમાં મદદરૂપ પૂરવાર થઈ છે. તેના ગ્રાઉન્ડ સ્ટ્રોકે ગજબના શક્તિશાળી હોય છે. તેના ફોર હેન્ડ સ્ટ્રોકે તો ટેનિસના મહારથીઓ અને વિવેચકોને મોંમાં આંગળા નાંખતા કરી દીધા છે. 'મહિલા ટેનિસ જગતમાં વર્ષો સુધી જેનું નામ ગાજતું રહેલું છે એવી ખેલાડી ક્રિસ એવર્ટને તેના ફોરહેન્ડ સ્ટ્રોકને બિરદાવતાં કહ્યું છે



કે, ''કોઈપણ મહિલા ટેનિસ ખેલાડી કરતાં સ્ટેફીના ફોરહેન્ડ સ્ટ્રોક'' ખૂબ જ ચઢિયાતા છે.' સ્ટેફીએ ક્રિસ એવર્ટનને પાંચેય મેચોમાં આસાનીથી હાર આપેલી. તેણે બે લાખ ડોલરની અમેરિકન મહિલા હાર્ડ કોર્ટ ચેમ્પિયનશીપ પણ જીતી લીધી છે. તેણે ૮૦ ટકા મતો મેળવીને 'શ્રેષ્ઠ સ્પોર્ટસ વુમન' નો ખિતાબ પણ જીતી લીધેલો.

ફ્રેન્ચ ઓપન ટેનિસ ટુર્નામેન્ટ, વિમ્બલ્ડન ટેનિસ ટુર્નામેન્ટ, ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ટુર્નામેન્ટ અને અમેરિકી ઓપન ટેનિસ ટુર્નામેન્ટ જેવી વિશ્વની ચાર ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટમાં ભાગ લઈને તે વિશ્વના પંદર ગ્રાન્ડસ્લેમ જીતવા ભાગ્યશાળી બની છે. આ ઉપરાંત તેણે ૭૦ ટેનિસ ટાઈટલો પણ જીતી લીધાં છે.

ઈ.સ. ૧૯૮૭માં તેણે મહિલા ખેલાડીઓમાં વિશ્વમાં પ્રથમ ક્રમ મેળવી એક વિક્રમ સ્થાપેલો અને ૧૮૬ અઠવાડિયા સુધી તેને જાળવી રાખેલો. સ્ટેફીની પ્રસિદ્ધિથી આકર્ષાઈ ઘણી મોટી કંપનીઓ તેને જાહેરાતમાં ચમકાવવા તગડી રકમની ઓફર કરે છે. સ્ટેફીના પિતા તેના કોચ અને માર્ગદર્શક છે. તેઓ સ્ટેફીના હિસાબ-કિતાબનું કામ પણ સંભાળે છે. સ્ટેફીનો આત્મવિશ્વાસ વધારવામાં એના પિતાનો ઘણો મહત્વનો ફાળો છે.



## (૨૦૭)

# ઠાકોરભાઈ દેસાઈ

## (અવસાન : ૧૫ જૂન, ઈ.સ. ૧૯૭૧)

ગાંધીજીના રચનાત્મક કાર્યોના પ્રખર હિમાયતી, રમૂજી અને ટીંખળી સ્વભાવના અલગારી જીવ ઠાકોરભાઈ દેસાઈનો જન્મ સુરત જિલ્લાના વેગામ નામના ગામડામાં સરકારી કર્મચારી મણિભાઈ અને માતા કાશીબેનના ઘરમાં ૧૩ ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૦૩ના રોજ થયેલો. ખાદીનું ધોતિયું, ખાદીનો ઝભ્ભો અને માથે ખાદીની ટોપી એવો રાજપુરૂષને શોભતો એમનો પહેરવેશ. તેમનો ઉછેર જીવાભગતની છત્રછાયમાં થયેલો, એટલે તેમનું જીવન સંસ્કારિતાથી રસાયેલું. તેમના પૂર્વજો મૂળે નવસારી પાસેના એક ગામના. તેમના પિતા મોરારજીભાઈ દેસાઈ સાથે ભણેલા.

મણિભાઈનું અવસાન અન્નનળીના કેન્સરને લીધે થયેલું. ઠાકોરભાઈનાં માતા કુંટુંબવત્સલ અને માયાળુ હતાં. તેઓ આચાર-વિચારે ચુસ્ત સનાતની. વેગામમાં પ્રાથમિક શિક્ષણ પૂરૂ કરી તેઓ હાઈસ્કૂલના અભ્યાસ માટે ભરૂચની શાળામાં દાખલ થયેલા. ઈ.સ. ૧૯૧૯માં તેમણે મેટ્રીકની પરીક્ષા પાસ કરેલી. તે પછી ઉચ્ચાભ્યાસ માટે તેઓ અમદાવાદની જાણીતી 'ગુજરાત કોલેજ'માં દાખલ થયેલા. ઈન્ટરમાં હતા ત્યારે તેમણે ગાંધીજીની અસહકારની હાકલના પગલે કોલેજ છોડી દીધેલી અને ગુજરાત વિદ્યાપીઠમાં દાખલ થયેલા. અંગ્રેજી અને સંસ્કૃતના વિષયો સાથે તેમણે ગુજરાત વિદ્યાપીઠમાંથી ભાષા વિશારદની પદવી મેળવેલી.

આ પછી તેઓ કાકાસાહેબ કાલેલકર સાથે બે વર્ષે સત્યાગ્રહ આશ્રમમાં રહેલા. ઈ.સ. ૧૯૩૨માં તેમણે બે વર્ષ જેલવાસ પણ ભોગવેલો. ત્રીસ વર્ષની ઉંમરે



તેમણે ગણદેવી તાલુકાના ગડત ગામના દયાળજીભાઈ લલ્લુભાઈ મહેતાની દીકરી સુભદ્રાબેન સાથે અત્યંત સાદગીથી લગ્ન કરેલું. તેમનાં પત્નીને પણ રાષ્ટ્રીય રંગ ચઢેલો. તેઓ પણ ગાંધી વિચારધારાને વરેલાં. પરિણામે ઠાકોરભાઈને તો સોનામાં સુગંધ ભળ્યા જેવું થયેલું.

બહારથી કઠોર દેખાતા ઠાકોરભાઈનું હૈયું માખણના પિંડશું નરમ હતું. ખૂબ જ વ્યસ્ત જીવનચર્ચાની વચ્ચે તેઓ તેમનાં ત્રણ સંતાનોને રોજ બે કલાક ભણાવતા. તેમનાં સંતાનો રોજ રેટિંયો કાંતે એના આગ્રહી. બાળકોને તેમણે પરિશ્રમનાપાઠ પાકા ભણાવેલા. તેઓ બાપુજીના અહિંસાવ્રતને વરેલા હતા. તેઓ બાળપણથી જ નીડર અને સાહસી સ્વભાવના. નર્મદાના પુલ ઉપરથી બે કાંઠે વહેતા પાણીમાં એ નીડરતાથી ઝંપલાવતા. તેમનું જીવન ગરીબીમાં વીતવા છતાં તેઓ સ્વમાનભેર જીવેલા. પ્રમાણિકતા અને સચ્ચાઈ એમના જીવનનાં વિશિષ્ટ લક્ષણો હતાં. એક પતિ તરીકે તેઓ સફળ થયેલા.

ચા અને બીડીના એ ભારે ટેવવાળા.વાંચવાના પણ તેઓ ઘણા રસિયા. ઈ.સ. ૧૯૫૨થી ઈ.સ. ૧૯૭૧સુધી તેઓ અમદાવાદમાં કોંગ્રેસના સક્રિય અને નિષ્ઠાવાન કાર્યકર તરીકે પ્રવૃત્ત રહેતા. નવજીવન પ્રેસમાં તેમણે અનુવાદક અને પ્રૂફ રીડર તરીકે કામગીરી બજાવેલી. તે પછી તેઓએ નવસારી જઈ કોંગ્રેસના પૂરા સમયના કાર્યકર તરીકે પ્રવૃત રહેલા. તેઓ મોરારજીભાઈ દેસાઈને પોતાના ગરૂ માનતા હતા. તેમની આજ્ઞાથી જ ગુજરાત પ્રદેશ કોંગ્રેસમાં તેઓ સક્રિય રહેલા. મોરારજીભાઈએ તેમને 'વીર સેનાની અને સેવક' તરીકે બિરદાવેલા.

ઈ.સ. ૧૯૫૨માં તેઓ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મંત્રીપદે આરૂઢ થયેલા. ઈ.સ. ૧૯૫૬માં સર્વાનુમતે પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ તરીકે વરાયેલા. ઈ.સ. ૧૯૫૮માં દ્વિભાષી મુંબઈ રાજ્યની કોંગ્રેસ સમિતિના તેઓ પહેલા અને છેલ્લા પ્રમુખ બનેલા. દ્વિભાષા મુંબઈ રાજયમાંથી અલગ થયેલા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના તેઓ સર્વનુમતે પ્રમુખ ચૂંટાયેલા. ઈ.સ. ૧૯૬૨માં યોજાયેલી ગુજરાત

વિધાનસભાની ચૂંટણી તેઓ ગણદેવીની બેઠક પરથી લડી પરાજિત થયેલા. પુનઃ ૧૯૬૭માં એ જ બેઠક પરથી વિધાનસભાની ચૂંટણીમાં તેઓ વિજયી થયેલા. તેઓ સ્વ. શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈના મંત્રીમંડળમાં પાંચ વર્ષ સુધી પંચાયત, ખેતીવાડી અને સહકાર ખાતાના મંત્રીપદે રહેલા.

સ્નાતક થયા પછી વિદ્યાપીઠમાં તેઓ અધ્યાપકપદે પણ રહી ચૂકેલા. તેમનો સમાવેશ વિદ્યાપીઠના નિયામક મંડળમાં પણ થયેલો. તેઓ ગુજરાત વિદ્યાપીઠના કુલપતિપદે પણ નીમાયેલા. તેમણે એ પદ ઈ.સ. ૧૯૭૫ સુધી નિભાવેલું. તેઓ કર્મઠ રાષ્ટ્રભક્ત હતા. લોકશક્તિ ઊભી કરવા તેમણે ભગીરથ પુરૂષાર્થ કરેલો. મીઠાના સત્યાગ્રહ વખતે જલાલપોર તાલુકામાંથી ૧૦૦૦ સૈનિકોની ભરતી કરવાના કાર્યમાં તેમણે સક્રિય ભૂમિકા ભજવેલી. તે માટે તેમણે છ મહિના જેલ પણ વેઠેલી. તે પછી આઝાદીના જંગમાં કૂદી પડતાં અંગ્રેજ સરકારે સવા બે વર્ષની જેલની સજા પણ ફરમાવી તેમને વિસાપુર જેલમાં મોકલી આપેલા. યુવાનોને રચનાત્મક કાર્યો તરફ વાળવા તેમણે 'યુવા વિકાસ ટ્રસ્ટ'ની સ્થાપના કરેલી. યુવા ક્ષેત્રે ઠાકોરભાઈનું આ વિશિષ્ટ પ્રદાન હતું.

તેઓ સારા અનુવાદક હતા. 'ગીતા પ્રવચનો' અને 'સ્થિતપ્રજ્ઞ દર્શન' ના તેમના અનુવાદો જાણીતા છે. જાણીતા સાહિત્યકાર યશોધર મહેતાએ તેમને 'કોઈપણ જાતના અહંગ્રંથિ વગરના ઉત્તમ પુરૂષ' તરીકે ઓળખાવેલા. ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત સર્જકોની બધી કૃતિઓ તેમણે વાંચી નાંખેલી. ઘરમાં નાનકડું પુસ્તકાલય પણ ઊભું કરેલું. આવા નિષ્ઠાવાન દેશભક્ત વ્યક્તિત્વનો ૧૫ જૂન ઈ.સ. ૧૯૭૧ના રોજ અંત આવેલો. તેમનું જીવન યુવાઓને પેઢીઓ સુધી પ્રેરણા પૂરી પાડતું રહેશે.





## (૨૦૮)

# કવિ કાન્ત

## (અવસાન : ૧૬ જૂન, ઈ.સ. ૧૯૨૩)

પ્રણય અને વેદનાનો વારસો ધરાવતા મણિશંકર રત્નજી ભટ્ટ, ''કાન્ત'' નો જન્મ સૌરાષ્ટ્રના લાઠી નજીક આવેલા ચાવંડ ગામે પ્રશ્નોરા નાગર પરિવારમાં ૨૦ નવેમ્બર, ઈ.સ. ૧૮૬૭ના રોજ થયો હતો. નાનપણમાં પિતાનું સુખ તેઓ ગુમાવી બેઠેલા. તેમનાં પ્રથમ પત્ની નર્મદા પણ ઈ.સ. ૧૮૯૦માં અવસાન પામેલાં. જીવનની કરૂણાર્દ્ર વિષમતા તેમણે ત્યારથી જ હૃદયગત કરેલી. તેમણે પ્રાથમિક શિક્ષણ માંગરોળમાંથી અને માધ્યમિક શિક્ષણ રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાંથી લીધેલું. અહીંથી જ તેમણે ઈ.સ. ૧૮૮૪માં મેટ્રિક્યુલેશનની પરીક્ષા પાસ કરેલી. પ્રભાશંકર પટ્ટણી અને હરિલાલ ભટ્ટ તેમના સહાધ્યાયીઓ હતા. મહાત્મા ગાંધી તેમનાથી એક ધોરણ પાછળ હતા.

ઈ.સ. ૧૮૮૮માં મુંબઈની એલ્ફિસ્ટન્ટ કોલેજમાંથી તેઓ તર્ક શાસ્ત્ર અને તત્વજ્ઞાનના વિષયો સાથે બી.એ. થયેલા. તેમની વાક્પટુતા વિદ્યાર્થીકાળથી જ પ્રભાવક હતી. કોલેજના આચાર્ય વર્ડ્ઝવર્થના તેઓ પ્રિયપાત્ર વિદ્યાર્થી હતા. તેઓ સારા સંગીતકાર પણ હતા. બ.ક.ઠાકોર, નાનાલોલ, રમણભાઈ નીલકંઠ અને ત્રિભુવનદાસ ગજ્જર સાથે તેઓ મિત્રતા ધરાવતા હતા. કલાપી સાથે પણ તેમને સારા સંબંધો હતા. કાન્તે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરેલો. ત્યારે કલાપીએ જ તેમને આશ્વાસન આપેલું.

શરૂઆતમાં કાન્તે સુરતમાં શિક્ષકની નોકરી કરેલી. તે પછી ઈ.સ. ૧૮૯૦થી વડોદરાની 'કલાભવન' સંસ્થામાં વાઈસ પ્રિન્સીપાલ થયેલા. આ જ સંસ્થાની ટ્રેનિંગ સ્કૂલમાં તેઓ આચાર્ય પણ બનેલા. ઈ.સ. ૧૮૯૮માં તેઓ ભાવનગરના

શિક્ષણ વિભાગમાં અધિકારી તરીકે નિમાયેલા. પણ ખ્રિસ્તી ધર્મ સ્વીકારવાને કારણે તેમને એ નોકરી છોડવી પડેલી. પછીથી પુનઃ હિન્દુ ધર્મમાં પાછા ફરતાં ભાવનગરના નરેશે તેમને બોલાવી અનુવાદ કરવાનું કામ સોંપેલું. ભાવનગર નરેશની નોકરી તેમણે જીવ્યા ત્યાં સુધી કરેલી.

મણિલાલના સુદર્શન માસિકમાં પ્રગટ થયેલી 'ફકીરીહાલ' અને 'અશ્રુસ્નાન'થી કાન્તનો સાહિત્યપ્રવેશ થયેલો. તેથી કાન્ત મણિલાલને તેમના ગુરૂ માનતા હતા. કાન્તની કલાદૃષ્ટિ બાળપણથી વિકાસ પામી હતી. કાવ્યસર્જને તેમણે કસબ તરીકે સ્વીકારેલું. તેમની કવિતા આંતરવેદનાથી ભરીભરી છે. તેમની પ્રથમ પત્નીના અવસાનને લઈ જન્મેલી વેદનાએ એમને ઉત્તમ કાવ્યો લખવા પ્રેર્યા હતા.

ધર્માંતર કર્યા પછી તેમની પરિસ્થિતિ વિષમ બની હતી. મિત્રો શત્રુ થઈ ગયા હતા. સમાજે તેમને તિરસ્કૃત કર્યા હતા. ચારેબાજુથી તેમના પર ફિટકાર વરસેલો. છતાં ખ્રિસ્તી ધર્મ પર તેઓ અપાર આસ્થા ધરાવતા થઈ ગયેલા. કોઈના સમજાવ્યા નહીં સમજેલા કવી કાન્તને તેમનાં ફોઈની દીકરીનાં આંસુઓએ ઓગાળી નાંખેલા. છેવટે ઈ.સ. ૧૯૦૨માં મુંબઈના જયકૃષ્ણવ્યાસે તેમને પ્રાયશ્ચિત કરાવી હિન્દુ ધર્મમાં પુનઃપ્રવેશ કરાવેલો.

કાન્ત ઉર્મિ કવિ હતા. તેમનાં અનેક કાવ્યો આનાં પ્રમાણરૂપ છે. તેમની 'સાગર અને શશી' સર્વાંગસુંદર ઉર્મિ કાવ્ય રચના છે. તેમ છતાં કાન્તને મબલખ કીર્તિ અપાવી છે, તેમના ખંડકાવ્યો એ. 'મૃગતૃષ્ણા', 'રમા'. 'અતિજ્ઞાન', 'વસંતવિજય', 'ચક્રવાકમિથુન' અને 'દેવયાની' એમનાં જાણીતાં ખંડકાવ્યો છે. સુરેશ જોષીએ કાન્ત વિશે લખ્યું છે કે, '' રોમેન્ટિક કવિઓની વેદના કાન્તમાં છે, પણ એનું નિયંત્રણ કરે છે પ્રશિષ્ટ રચનારીતિ.'' કાન્ત માત્ર એક આપણા કલાકાર કવિ છે. તેમની સમગ્ર કાવ્યવૃર્તિ એકમાત્ર કાવ્યસંગ્રહ 'પૂર્વલાપ' માં પ્રગટ થઈ છે. તેઓ ખંડકાવ્યાના આદ્યસર્જક હતા. તેમનું 'વસંતવિજય' ખંડકાવ્ય ગુજરાતી કવિતા સાહિત્યનું એક ઉત્તમ અને અજોડ ખંડકાવ્ય છે. એમ કહી



શકાય કે, ખંડકાવ્યો કાન્તનું ગુજરાતી સાહિત્યને વિશિષ્ટ અર્પણ છે.

એ સિવાય 'રોમન સ્વરાજય'(૧૯૨૪), 'ગુરૂ ગોવિંદસિંહ' (૧૯૨૪), અને 'દુઃખી સંસાર' જેવા નાટકોનું સર્જન કરેલું. તેમણે એરિસ્ટોટલકૃત 'નીતિશાસ્ત્ર' અને 'ગીતાંજલિ' ના અનુવાદો પણ કર્યા છે. ઉપરાંત 'શિક્ષણનો ઈતિહાસ' તથા 'લિંકનનું ચરિત્ર' નામનાં પુસ્તકો પણ તેમણે લખ્યાં છે. જીવનની અંતરગૂઢ ઘનાવસ્થાને જીવનમાં જ ભંડારી દઈ જીવી ગયેલા આ ખંડકાવ્યોના પિતા કાન્તનું ૧૬ જૂન, ઈ.સ. ૧૯૨૩ના રોજ રાવલપિંડીથી લાહોર જતાં ટ્રેઈનમાં જ અવસાન થયું હતું.





## (૨૦૯)

# વિનસ વિલિયમ્સ

## (૧૭ જૂન, ઈ.સ. ૧૯૮૦)

વિશ્વવિખ્યાત ટેનિસ સ્ટાર સરેના વિલિયમ્સની મોટી બહેન વિનસ એબોની સ્ટાર વિલિયમ્સનો જન્મ ૧૭ જૂન, ઈ.સ. ૧૯૮૦ના રોજ રિચાર્ડ વિલિયમ્સને ત્યાં થયો હતો. જ્યારે વિનસની ઉંમર દસ વર્ષની હતી ત્યારે તેના પિતા દીકરીઓને ભાવિ કારકિર્દીના ઘડતર માટે કેલિફોર્નિયાના લીનવૂડમાંથી સ્થળાંતર કરી વેસ્ટ પામ બીચમાં આવી વસ્યા હતા. તેમણે તેમની દીકરીઓ વિનસ અને સરેનાને 'રીક મેસ્સી' નામની ટેનિસ અકાદમીમાં વિશેષ કોચિંગ માટે દાખલ કરી હતી. વિનસની અગિયાર વર્ષની ઉંમરે તેના પિતા રિચાર્ડે તેને તે શિક્ષણમાં ધ્યાન આપી શકે તે હેતુથી નેશનલ જુનિયર ટેનિસ ટુર્નામેન્ટોમાં મોકકલાવનું બંધ કરી દીધું હતું. આ સમયગાળામાં અમેરિકાના ટેનિસ એસોસિયેશન દ્વારા યોજાયેલી ૧૨ વર્ષથી નીચેની ઉંમરના દક્ષિણ કેલિફોર્નિયાના ખેલાડીઓ માટેની સ્પર્ધામાં વિનસે નંબર ૧ નું સ્થાન મેળવી લીધું હતું. એ પછી ઈ.સ. ૧૯૯૫માં તેના પિતાએ તેને 'મેસ્સી અકાદમી'માંથી ઉઠાવી લઈ ઘેર પોતાની દેખરેખહેઠળ કોચિંગ આપવાનું શરૂ કર્યું હતું.

વિનસે તેની ખેલાડી તરીકેની કારકિર્દીનો પ્રારંભ ૩૧, ઓક્ટોબર, ઈ.સ. ૧૯૯૪થી કર્યો હતો. તેની આ કારકિર્દીની શરૂઆત તેણે 'બેન્ક ઓફ ધ વેસ્ટ ક્લાસિક' દ્વારા ઓકલેન્ડમાં યોજાયેલી ટુર્નામેન્ટમાં એરાન્કા સાંચેઝ સામે રમીને કરી હતી. ઈ.સ. ૧૯૯૫માં તે લોસ એન્જલસ અને ટોરેન્ટોમાં રમાયેલી ટુર્નામેન્ટમાં રમી હતી. આ ટુર્નામેન્ટમાં તેણે વિશ્વમાં અઢારમો ક્રમાંક ધરાવતી એમી ફ્રેઝિયર અને મેગ્ડાલેના મેલીવાનો સામનો કર્યો હતો. ઈ.સ. ૧૯૯૬માં



તેણે પાંચ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. આ દરમ્યાન વિશ્વની પ્રથમ નબરની ખેલાડી સ્ટેફી ગ્રાફ સાથે પણ તે મેદાનમાં ઉતરી હતી.

ઈ.સ. ૨૦૦૭માં તેણે તેની ફેશન ડિઝાઈનરની ડિગ્રી મેળવી હતી. તેણે ઈન્ડિયાના યુનિવર્સિટીમાંથી બિઝનેસ શાખાની સ્નાતકની પદવી ઈ.સ. ૨૦૧૧માં પ્રાપ્ત કરી હતી. તેની ઈચ્છા એમ.બી.એ.ની ડિગ્રી હાંસલ કરવાની છે. તેની રમત દરમ્યાન મેદાન પર તેનો બોયફ્રેન્ડ ગોલ્ફરહેન્ક ક્યૂહને સતત હાજર રહી તેને પ્રેરણા આપતો રહે છે. તેણે સીડની ઓલિમ્પિકમાં સિંગલ્સ અને ડબલ્સમાં સુવર્ણચંદ્રક જીત્યો હતો. તે તેની કારકિર્દીમાં ૪૪ સિંગલ્સ ટાઈટલ જીતનારી તેની બહેન સરેના વિલિયમ્સ પછીની બીજા નંબરની ખેલાડી છે. સરેના વિલિયમ્સ અને મારીયા શારાપોવા પછી તે ગ્રાન્ડ સ્લેમ ચાર વખત જીતનારી એકમાત્ર ખેલાડી છે. વિનસ વિલિયમ્સ તેની બહેન સરેના વિલિયમ્સ સામે પણ રમી ચૂકી છે. ઈ.સ. ૧૯૯૮થી અત્યાર સુધી તે ૨૪ મેચોમાં તેની નાની બહેનની પ્રતિસ્પર્ધી તરીકે રમી ચૂકી છે. ગ્રાન્ડ સ્લેમ ટાઈટલની આઠ ફાઈનલ મેચોમાં તે સરેના સામે રમી છે જેમાં છ વખત સરેનાએ તેને હાર આપી છે. વિનસે ઈ.સ. ૨૦૦૦માં સીડની ઓલિમ્પિકમાં ડબલ અને સિંગલ્સમાં ઈ.સ. ૨૦૦૮માં બેજિંગ ઓલમ્પિકમાં ડબલ્સમાં અને ઈ.સ. ૨૦૧૨માં લંડનમાં જબલ્સમાં ગોલ્ડ મેડલ મેળવવામાં સફળતા મેળવી છે. ઈ.સ. ૨૦૦૧માં વિમ્બલડન અને યુ.એસ. ઓપન ચેમ્પિયનશીપમાં માર્ટિના નવરાતિલોવા અને સ્ટેફી ગ્રાફ પછી તે ત્રીજા નંબરની બંન્ને ટાઈટલ જીતનારી મહિલા છે. ઈ.સ. ૧૯૭૫થી શરૂ થયેલા ટેનિસ ખેલાડીઓ માટેના કોમ્પ્યૂટર રેન્કમાં તે વિશ્વમાં પ્રથમ નંબરે રહી હતી. આ ક્રમ તેણે ૨૦૦૨માં મેળવ્યો હતો. ઈ.સ. ૨૦૦૯માં વિશ્વ વિજેતા ક્રમાંક ૧ ની ખેલાડી ડીનારા સાફિકાને વિનસે ૬-૧ અને ૬-૦થી સીધા સેટમાં હાર આપી હતી. ટેનિસની આ મહાન ખેલાડીનું ભાવિ જીવન ઉજ્જ્વળ અને યશસ્વી બને તેવી આપણે સૌ શુભેચ્છા પાઠવીએ.



## (૨૧૦)

# પરમાનંદ કાપડિયા

## (૧૮ જૂન, ઈ.સ. ૧૮૯૭)

કર્મયોગી, સત્યશોધક, તટસ્થ વિવેચક, પ્રબુદ્ધ આત્મા, પ્રવાસ પ્રેમી, સાચા જૈન તથા નિર્દંશ નીડર સુધારક તરીકે જેમને બિરદાવવામાં આવ્યા છે તેવા સામાજિક ક્રાંતિકાર પરમાનંદ કાપડિયાનો જન્મ ૧૮ જૂન, ઈ.સ. ૧૮૯૭ના રોજ સૌરાષ્ટ્રના રાણપુર ગામમાં તેમના મોસાળમાં થયો હતો. તેમના પિતાનું નામ કુંવરજી આણંદજી કાપડિયા હતું. તેમનું વતન ભાવનગર.

પરમાનંદભાઈનો ઉછેર બાળપણથી જ ધર્માનુરાગી અને શિક્ષણમય વાતાવરણમાં થયેલો. ભાવનગરમાં મેટ્રિક સુધીનો અભ્યાસ પૂરો કર્યા પછી મુંબઈની એલ્ફિસ્ટંટ અને સેન્ટ ઝેવિયર્સ કોલેજમાંથી તેઓ સ્નાતક અને એલ.એલ.બી. થયેલા. મુંબઈના અભ્યાસકાળ દરમ્યાન તેમને તેમના પિતરાઈ ભાઈ સોલિસિટર ગિરધરલાલ કાપડિયાને ત્યાં રહેવાનું થયેલું. અહીં એમની જ્ઞાનપિપાસા તૃપ્ત થયેલી. તેમની સામાજિક પ્રવૃતિઓનાં બીજ પણ અહીં વવાયેલાં. તેઓ જન્મથી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન હતા. એમને એની જૂનવાણી પરંપરાઓ કઠતી. એમણે એ પરંપરાઓનો વિરોધ પણ કરેલો. એમના પિતાજીના તંત્રીપદે ચાલતા 'જૈન ધર્મપ્રકાશ' માસિકમાં તેમણે અઢાર હપ્તાની 'આધુનિક જૈનોનું કલાવિહીન ધાર્મિક જીવન' નામની એક લેખમાળા ઈ.સ. ૧૯૧૦માં લખી હતી. વકીલાતનું ભણ્યા હોવા છતાં એ વ્યવસાયમાં એમનો જીવ ચોંટેલો નહીં. તેઓ જરીના વેપારમાં જોડાયેલા. એમાં પણ ફાવ્યું નહીં. છેવટે એમણે ઝવેરાતનો સ્વતંત્ર ધંધો શરૂ કરેલો.



વઢવાણના પ્રતિષ્ઠિત શેઠ ત્રિભુવન લાલચંદ માથકિયાની પુત્રી વિજ્યાબહેન સાથે તેમનું લગ્ન થયેલું. સ્ત્રી સ્વાતંત્ર્ય અને સ્ત્રી સંસ્કાર પ્રત્યે એમની ભાવના ઉદાત્ત હતી. એમને સંતાનમાં સાત દીકરીઓ હતી. દીકરો એકપણ ન હતો. છતાં એ બાબતનો એમને કોઈ વસવસો ન હતો. તેમની બધી જ દીકરીઓએ ખૂબ ખૂબ પ્રગતિ કરેલી છે.

પરમાનંદભાઈનું વ્યક્તિત્વ નિર્દંશ નીડરતાથી રસાયેલું હતું. સત્ય માટે તેઓ દુશ્મનાવટ પણ વહોરી લેતા. એમણે ચાર્લ્સ મેકેનું 'હાવર્ડ'કાવ્ય વાંચેલું. એ કાવ્યની વિચારધારાએ એમને પ્રેરણા પૂરી પાડેલી. એ કાવ્યની એમના પર એવી અસર થયેલી કે અન્યાય, અધર્મ, અસત્ય અને દંભ જેવાં અનિષ્ટોનો પ્રતિકાર કરવો એ એમનો જીવનધર્મ બની ગયેલો. એ કાવ્ય આત્મસાત કર્યા પછી, 'પ્રતિકારશૂન્ય સાધુતા કેવળ નિર્માલ્યતાની નિશાની છે.' એ સત્યને એમણે એમના જીવનમંત્ર તરીકે અપનાવ્યું.

એમણે ઈ.સ. ૧૯૨૮માં 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'ની સ્થાપના કરેલી. આ સંસ્થા દ્વારા તેમણે સામાજિક ક્રાંતિ કરેલી. એમણે બાલદીક્ષા સામે આંદોલન છેડેલું. જેના પરિણામે વડોદરા રાજ્યે બાળદીક્ષા વિરોધી એક કાયદો પણ પસાર કરેલો. અમદાવાદમાં ભરાયેલી 'જૈન યુવક પરિષદ'ના પ્રમુખપદે તેમને આમંત્રણ આપવામાં આવેલું. તેઓ તેમના સુધારાવાદી વિચારો મુંબઈથી પ્રસિદ્ધ થતા 'પ્રબુદ્ધ જૈન' દ્વારા વહેતા મૂકતા. તેમણે મૂર્તિપૂજા અને આંગી આભૂષણ ચઢાવવાની પ્રથાનો પૂરજોર વિરોધ કરેલો. તેઓ મંદિર નિર્માણના પણ વિરોધી હતી. ઝવેરચંદ મેઘાણીએ તેમની આ સામાજિક ક્રાંતિને બિરદાવેલી. તેમણે એકપણ જાહેરખબર છાપ્યા વગર એકધાર્યા બત્રીસ વર્ષ 'પ્રબુદ્ધ જૈન' સામાયિક ચલાવેલું.

ઈ.સ. ૧૯૩૨થી તેમણે 'પર્યુષણ વ્યાખ્યાન માળા' આરંભેલી. આ વ્યાખ્યાનમાળા એમની વિશિષ્ઠ સિદ્ધિ હતી. તેમણે શરૂ કરેલી જૈન યુવક સંઘની

વ્યાખ્યાનમાળા આજે પણ અવિરત ચાલતી રહી છે. તેમનો રાષ્ટ્રપ્રેમ પણ જાણીતો હતો. બે વાર તો તેઓ જેલમાં ગયેલા. તેઓ ગાંધીવાદી આદર્શોને સંપૂર્ણપણે વરેલા હતા. કિશોરલાલ મશરૂવાળા, સ્વામી આનંદ, કાકા કાલેલકર અને ગાંધીજી જેવી વિભૂતિઓ એમના ઘનિષ્ઠ મિત્રો હતા.

એમની દીકરી મધુરીબહેનના લગ્ન માટે પસંદ કરેલો મુરતિયો ગોળ બહારનો હોઈ જ્ઞાતિએ એમનો વિરોધ કરેલો ત્યારે એમણે જરાય ખચકાયા વગર જ્ઞાતિમાંથી રાજીનામું આપી દીધેલું.

તેમની જીવનયાત્રાની સાથે જ તેમની લેખનયાત્રા પણ ચાલેલી. તેમની ભાષા સુઘડ અને સુયોગ્ય હતી. ઈ.સ. ૧૯૫૪માં એમનો લેખસંગ્રહ 'સત્યમ્ શિવમ્ સુન્દરમ્' પ્રગટ થયેલો. મુંબઈના જૈન યુવક સંઘે તેમની સ્મૃતિમાં સંઘના નવા સભાગૃહને 'શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ' નામ આપેલું છે. 'લાયન્સ ક્લબ ઓફ રાજકોટ વેસ્ટ' તરફથી તેમનું સન્માન કરવામાં આવેલું ત્યારે તેમને 'દેશના સાંસ્કૃતિક ઘડતરના મહત્વના વિચારક' તરીકે બિરદાવવામાં આવ્યા હતા. ઈ.સ. ૧૯૭૦ની આખરમાં તેમણે 'પ્રબુદ્ધ જીવન' સામાયિકમાં 'આજની જીવન સંધ્યામાં ભાદ્રપદની સંધ્યામાં રંગરોશનીનો અભાવ કેમ જણાય છે?' નામની પત્રમાળા પ્રગટ કરી હતી. આ વિષય પર એમણે સ્વામી આનંદ, હરભાઈ ત્રિવેદી, કાકા કાલેલકર, શંકરલાલ બેન્કર વગેરે પાસેથી મંતવ્યો મંગાવ્યાં હતાં.

આવા, જનતાના હૃદયસિંહાસન પર બિરાજી ચૂકેલા અનન્ય સામાજિક ક્રાંતિકાર પરમાનંદભાઈ ૧૭ એપ્રિલ, ઈ.સ. ૧૯૭૧ના રોજ અનંતની યાત્રાએ ચાલ્યા ગયેલા.

●





## (૨૧૧)

# બ્લેઈઝ પાસ્કલ

## (૧૯ જૂન, ઈ.સ. ૧૬૨૩)

માત્ર ઓગણચાળીસ વર્ષની ઉંમરે આ દુનિયાને હંમેશને માટે અલવિદા કરી ગયેલા બ્લેઈઝ પાસ્કલનો જન્મ ફ્રાન્સના ક્લોમોટ નગરમાં ૧૯ જૂન, ઈ.સ. ૧૬૨૩ના રોજ થયો હતો. તે ત્રણ વરસનો હતો ત્યારે તેની માતાનું અવસાન થયેલું. તેના પિતા એશિને પાસ્કલ વ્યવસાયે એક શિક્ષક હતા. તે ગણિતશાસ્ત્રમાં અદ્‌ભૂત જ્ઞાન ધરાવતા હતા. નાનપણથી જ પુત્રને તેમણે આગવી પદ્ધતિથી ગણિતના પાઠ ભણાવેલા. બ્લેઈઝે શરૂઆતમાં લેટિન ભાષાનું શિક્ષણ લીધું હતું. પછી એ ગ્રીક ભાષા શીખ્યો. સોળ વર્ષની ઉંમરે તેના પિતાએ તેને ભૂમિતિનો પરિચય કરાવ્યો. તેણે સ્વતંત્ર રીતે યુકલિડની ભૂમિતિમાંથી ઘણા નવા સિદ્ધાંતો શોધ્યા હતા.

સોળ વર્ષની નાની ઉંમરે ગાણિતિક સાબિતિઓ આપતો '**conies**' નિબંધ લખ્યો હતો. તે 'કેલ્ક્યુલેટિંગ મશીન'ની શોધથી વિશ્વભરમાં જાણીતો બની ગયો હતો.

પ્રવાહીની કોઈપણ જગામાં હવાનું દબાણ દાખલ થવા પ્રયાસ કરે છે. એટલે કે બંધ વાસણમાં રહેલું પ્રવાહી પર હવાનું દબાણ થતાં વાસણમાંનું પ્રવાહી સંપ્રેષિત થઈ કન્ટેઈનરની આખી સપાટી ઉપર ૯૦° ના ખૂણાથી પ્રસારિત થાય છે. પાસ્કલની આ શોધને 'પાસ્કલનો સિદ્ધાંત' કહે છે. ઈ.સ. ૧૬૪૮થી ઈ.સ. ૧૬૫૪નો સમય તેની શોધોનો સુવર્ણકાળ હતો. આ પછી તે ધર્મ તરફ વળેલો. એના પિતા અવસાન પામ્યા હતા અને તેની બહેન જેક્વેલીન સાધ્વી બની ગઈ હતી. હવે એ બ્રહ્મવિજ્ઞાન અને દર્શનશાસ્ત્ર તરફ વળેલો. પાસ્કલના અવસાન

પછી મોન્ટેગ્નીની વગથી જ્યારે તેનાં બે પુસ્તકો 'Pensees' અને 'Letters' પ્રકાશિત થયાં ત્યારે જ જગતને તેના સમૃદ્ધ કાર્યનો પરિચય થયેલો.


૨૩ નવેમ્બર, ઈ.સ. ૧૬૫૪માં તેને ધાર્મિક અનુભવ થયો હતો. તેણે તે અનુભવ તરત જ ચર્મપત્ર પર લખી દઈ, પહેરવાનાં વસ્ત્રોમાં સીવી દીધેલો. આ અનુભવ પછી તેનું જીવન સાવ બદલાઈ ગયું હતું. હવે તો ધર્મચિંતન અને ધાર્મિક સમસ્યાઓનો ઉકેલ એ જ એનું કાર્યક્ષેત્ર બની ગયું હતું. તેણે લખેલા દાર્શનિક નિબંધો પાછળથી 'Esprit de Geometrie' નામના ગ્રંથમાં પ્રકાશિત થયા હતા.

પાસ્કલ વૈજ્ઞાનિક હતો, ગણિતશાસ્ત્રી હતો કે દાર્શનિક હતો તે તો આજેય એક કોયડા સમાન છે. વિજ્ઞાન, ગણિત અને ધર્મ વચ્ચે સમન્વય સાધવા એ મથતો રહ્યો હતો. જોકે, ઈતિહાસ એની ગણના એક મહાન વૈજ્ઞાનિક તરીકે કરે છે. આજનું કમ્પ્યૂટર, એરપ્લેન, એલ્ટિમીટર્સ, હાઈડ્રોલિક પ્રયુક્તિઓ અને ભૂમિતિ, આંકડાશાસ્ત્ર તથા કલનશાસ્ત્ર આ માણસની જ દેન છે એમાં કોઈ શંકા નથી.

સંભવિતતાના સિદ્ધાંતનો ખ્યાલ આપી જનાર આ પ્રખર દાર્શનિક વૈજ્ઞાનિક ૧૯ ઓગસ્ટ, ૧૬૬૨માં ફ્રાન્સના પેરિસ ખાતે અવસાન પામ્યો હતો.

●





## (૨૧૨)

# સલીમ અલી

## (અવસાન : ૨૦ જૂન, ઈ.સ. ૧૮૮૭)

ભારતના વિખ્યાત પક્ષીવિદ, લેખક અને શિક્ષક સલીમ મોઈજુદીન અબ્દુલ અલીનો જન્મ ઈ.સ. ૧૮૯૬માં મુંબઈના શ્રીમંત પરિવારમાં થયો હતો. દસ ભાઈ-બહેનોમાં તેઓ સૌથી નાના હતા. બાળપણમાં જ તેમના માતા-પિતાનું અવસાન થયેલું. માબાપ વગરના તેમનો ઉછેર તેમના કાકા અમીરૂદીન તૈયબજીએ કરેલો. તેમના કાકા વિવિધરંગી જીવન ધરાવતા હતા. તેઓ એક કુશળ ખેલાડી હતા. સલીમ અલીને તેમણે બાળપણથી જ કેળવવાનું શરૂ કરેલું.

નાનપણથી જ પોતાની આસપાસ દેખાતાં નાના મોટાં પક્ષીઓ પ્રત્યે આકર્ષણ હતું. પક્ષીઓ જોવામાં અને તેમના વર્તન વિશે જાણવામાં તેમને ખૂબ જ રસ પડતો. પક્ષીઓની બારીકમાં બારીક હરકતો તેઓ ધ્યાનપૂર્વક નિહાળતા રહેતા અને તેમનો અભ્યાસ કરી પક્ષીઓની ખાસિયતો તારવતા રહેતા. એમ કરતાં કરતાં પક્ષીઓનો અભ્યાસ કરવાની ધૂન સવાર થઈ ગયેલી.

નાની ઉંમરમાં તેમને તેમના કાકાએ એક એરગન લઈ આપેલી. આ એરગન વડે તેમણે એક રંગીન ચકલીને પાડી દીધેલી. આ ચકલીના ગળા નીચે પીળા રંગનો પટ્ટો હતો. તેમને એ પીળા પટ્ટાવાળી ચકલી જોઈ કુતૂહલ થયેલું. તેમણે કાકા પાસેથી એ ચકલી વિશે વિગતવાર માહિતી મેળવેલી. બસ, પછી તો તેઓની પક્ષીઓ વિશે જાણવાની જિજ્ઞાસા તેજ બનેલી. તેમણે મરેલી ચકલીને 'બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી' સમક્ષ રજૂ કરેલી અને તેનો વિગતવાર પરિચય મેળવેલો. પછી તો તેઓ એ સંસ્થાના પરિચયમાં સતત રહેવા લાગ્યા. અને એ

સંસ્થામાં સંગૃહિત મસાલો ભરેલાં મૃત પક્ષીઓ વિશે માહિતી મેળવવા લાગ્યા.

પછી તો તેઓ 'બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી' નો પર્યાય બની ગયેલા. જાણે તેઓ એ સંસ્થા માટે જ જન્મયા ના હોય ! નેવું વર્ષની જિંદગીમાંથી તેમણે એંસી વર્ષો આ સંસ્થા સાથે જ વીતાવેલાં.

જે સમયે પક્ષીવિજ્ઞાનનો અભ્યાસ કરવામાં કોઈ ઝાઝો રસ ધરાવતું ન હતું અને પક્ષીઓને માત્ર શોખનાં માધ્યમ ગણવામાં આવતાં હતાં, ત્યારે સલીમઅલીએ પક્ષીઓ વિશે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી વિચારવાનું શરૂ કરેલું.તેઓ ભારતના દરેક રાજયોમાં ગયેલા અને તે વિસ્તારનાં પક્ષીઓનો તેમણે અભ્યાસ કરેલાં. અંગ્રેજી ભાષામાં લખાયેલાં પક્ષીવિષયક પુસ્તકોનો તેમણે અભ્યાસ કરવો શરૂ કરેલો. તેઓ ભારતના વિવિધ વિસ્તારોનાં અવનવાં પક્ષીઓ અંગે વૈજ્ઞાનિક માહિતી જેમ જેમ મેળવતા ગયા તેમ તેમ તે અંગેના લેખો તેમણે લખવા શરૂ કરેલા.

'ભારતમાં પક્ષીઓ' નામનું અંગ્રેજીમાં તેમણે લખેલું પુસ્તક વાંચી પંડિત જવાહરલાલ નહેરૂ એટલા તો ખુશ થઈ ગયેલા કે તેમણે તે પુસ્તક પુત્રી ઈન્દિરાને જન્મદિવસની ભેટ સ્વરૂપે આપેલું. ઈન્દિરા આ પુસ્તક વાંચ્યા પછી પક્ષીઓ પ્રત્યે રસ લેવા લાગેલાં.

મેટ્રીક્યુલેશનની પરીક્ષા પાસ કર્યા પછી તેઓ ઉચ્ચ શિક્ષણ માટે કોલેજમાં પ્રવેશેલા. પણ રખડવામાં અને પક્ષીઓ વિશે માહિતી એકઠી કરવામાં સતત રચ્યા-પચ્યા રહેનાર તેમનું મન કોલેજના શિક્ષણમાં પરોવાયેલું નહીં. તેથી કોલેજ છોડી દઈ તેઓ ભાઈના ઈમારતી લાકડાના ધંધામાં કામ કરવા માટે બર્મા ચાલ્યા ગયેલા અને ત્યાં દસ વર્ષ વીતાવેલાં. પણ ત્યાં તેઓ ધ્યાન આપી શકેલાં નહીં.રાત-દિવસ તેમની નજર સામે જુદાં-જુદાં પક્ષીઓ તરવરતાં રહેતાં. આથી ઈમારતી લાકડાંના ધંધામાં ભારે નુકસાન થયેલું. તેથી છેવટે તેઓ પત્ની તેહમીના સાતે ભારત પાછા ફરેલા.

પણ ત્યાં સુધીમાં તો તેમણે પક્ષીવિજ્ઞાનમાં નિપુણતા મેળવી લીધી હતી.



પક્ષીવિજ્ઞાન સંબંધી તેમના અગાધ જ્ઞાન અને અભ્યાસને લઈ તેમની નિમણૂંક મુંબઈના 'પ્રિન્સ ઓફ વેલ્સ મ્યૂઝિયમ'માં ગાઈડ-લેક્ચરર તરીકે થયેલી. પણ તેઓ પશ્ચિમ જર્મનીની બર્લિન યુનિવર્સિટીમાં પક્ષીઓ અને વન્ય જીવોના અભ્યાસ માટે જોડાતાં એ નોકરી પડતી મૂકેલી. જીવનના આ કપરા કાળમાં ઈંગ્લેન્ડમાંથી શિક્ષણ પ્રાપ્ત કરેલ તેમના શ્રીમંત પરિવારમાં પત્નીએ તેમને હૂંફ અને પ્રેમ પૂરાં પાડેલાં.

ઈ.સ. ૧૯૩૦ પછી 'બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી'ના નેજા હેઠળ સોસાયટીના ખર્ચે તેમણે ભારતભ્રમણ કરીને દેશનાં વિવિધ પક્ષીઓનો સંપૂર્ણ વૈજ્ઞાનિક અભ્યાસ કરી તે અંગેના લેખો સોસાયટીના મુખપત્રમાં રજૂ કરેલાં. આ લેખોએ તેમને ભારતના પ્રથમ પંક્તિના પક્ષીવિદ તરીકેની ખ્યાતિ અપાવેલી. ઈ.સ. ૧૯૩૯માં તેમના પત્નીનું અવસાન થતાં તેઓ એકાંકી જીવન ગાળવા લાગેલા.

એક પક્ષીવિદ તરીકે તેમણે અનેક ઈલકાબો, ખિતાબો અને પુરસ્કારો મેળવ્યા હતા. ભારત સરકારે તેમને 'પદ્મવિભૂષણ' નો ખિતાબ આપી નવાજેલા. તેમને દેશ-પરદેશની અનેક યુનિવર્સિટીઓએ માનદ ડોક્ટરેટની પદવીઓ એનાયત કરેલી. ભારતના રાષ્ટ્રપતિએ તેમની રાજ્યસભાના સભ્ય તરીકે પણ નિયુક્તિ કરેલી. ભારત સરકારે તેમની નિમણૂંક 'રાષ્ટ્રીય અધ્યાપક' તરીકે કરેલી.

દેશ-વિદેશમાં પક્ષીવિદ તરીકે ખ્યાતિપ્રાપ્ત સલીમ અલી કેન્સરની બિમારીને કારણે ૨૦ જૂન, ઈ.સ. ૧૯૮૭ના રોજ જન્નતનશીન થયા હતા.

●



## (૨૧૩)

# ઝયાં પૉલ સાર્ત્ર

## (૨૧, જૂન, ઇ.સ. ૧૯૦૫)

જીવનભર અપરિણિત રહેલા વિશ્વના મહાન દાર્શનિક ઝયાં પૉલ સાર્ત્રનો જન્મ ફ્રાન્સના પાટનગર પેરિસમાં એક નૌકા અધિકારીને ઘેર ૨૧, જૂન, ઈ.સ. ૧૯૦૫ ના રોજ થયો હતો. કોઈપણ પરંપરામાં નહીં માનનારા આ ચિંતકે તેમનું જીવન મિત્ર સમાન લેખિકા સિમોનની હૂંફમાં વીતાવ્યું હતું. લગ્ન કરવું , બાળકોને જન્મ આપવો અને વંશની વૃદ્ધિ કરવી-જેવી સામાજિક પરંપરાના તેઓ સખત વિરોધી હતા.

નવ વર્ષની ઉંમરે તેમણે તેમના પિતાને ગુમાવી દીધેલા. પિતા વગરના આ બાળકને વિખ્યાત ભાષાશિક્ષક કાર્બશ્વાઈત્ઝરે સાચવી લીધેલા. બીજા વિશ્વયુદ્ધની ભીષણતાની તેમના પર ઘેરી અસર થઇ હતી.

સાર્ત્ર તત્વજ્ઞાની સાહિત્યકાર હતા. ફ્રાન્સના અર્વાચીન ચિંતક અને અસ્તિત્વવાદના પુરસ્કર્તાસાહિત્યકાર તરીકે જગતભરમાં તેમની નામના પ્રસરી ચૂકી છે. ઈશ્વરના અસ્તિત્વને નકારનાર તેઓ જણાવે છે કે ‘માણસ જે કરે છે અથવા કશુંય નથી કરતો એ માટે એ પોતે જ જવાબદાર છે. ભાગ્ય જેવી કોઇ વસ્તુ જગતમાં નથી. પ્રામાણિકતા અને જવાબદારીના સ્વીકારથી માનવી પોતાનું જીવન ઘડી શકે છે. પસંદગીની સ્વતંત્રતા છે. તેથી પૂરેપૂરી જવાબદારી પણ પસંદગીકારની એકલાની જ છે.’ તેઓ આગળ જણાવે છે કે, ‘કુટુંબ અને સમાજજીવનનો પ્રભાવ માનવી ઉપર થયા વગર રહેતો નથી પણ એ સંજોગો વચ્ચે માનવી કેવી રીતે જીવે છે એનો આધાર એની પોતાની પસંદગી પર છે. નિર્ણય લેવાની આ સ્વતંત્રતા હકીકત છે છતાં માણસ તેની અવગણના કરીને,



ખોટી દાનત રાખીને જવાબદારીમાંથી છટકી જવા મથે છે.સ્વતંત્રતા માનવીને પોતાના જીવન માટે ખૂબ જ જવાબદાર લેખે છે. કારણ કે એની પસંદગી અને કાર્યો ઉપરથી એનું મૂલ્યાંકન થાય છે.’

વાસ્તવાદ અને આદર્શવાદનો સુભગ સમન્વય સાધીને સાર્ત્રે તત્વજ્ઞાનની નૂતન ધારા વિકસાવી હતી. સોરેન કિર્કગાર્ડની વિચારસરણીનો પ્રચાર પ્રસાર કરવામાં સાર્ત્રનો ફાળો ઉલ્લેખનીય છે. માનવી અને આ વિશ્વના અસ્તિત્વને એક અકસ્માત માત્ર માનનાર સાર્ત્રે અંધકારમય જગતને તત્વજ્ઞાનના નૂતન પ્રકાશથી અજવાળ્યું છે. તેમણે લખેલા એક પુસ્તક ‘ક્રિટીક ઑફ ડાયલેટિક રિઝન’ માં અસ્તિત્વવાદ સંબંધી વિચારો રજૂ થયેલા છે.

‘એન્તોઈન શેક્વેતીની ડાયરી’ નામની તેમની ઈ.સ. ૧૯૩૮ માં પ્રસિદ્ધ થયેલી નવલકથા તત્વજ્ઞાનથી છલોછલ ભરેલી છે. ઈ.સ. ૧૯૪૨ માં પ્રગટ થયેલા તેમના નાટક ‘માખીઓ’ એ તે જમાનામાં હાહાકાર મચાવી દીધેલો. ‘બિઈંગ એન્ડ નથિંગનેસ’ તત્વજ્ઞાન પરનું તેમનું મહત્વનું પુસ્તક છે. આ પુસ્તકની પ્રસિદ્ધિ પછી જ આખી દુનિયામાં સાર્ત્ર અસ્તિત્વવાદના પ્રણેતા તરીકે છવાઈ ગયા હતા.

‘મેન વિધાઉટ રોડોઝ’, ‘નો એક્ઝિટ’, ‘ધ ફ્લાઈઝ’, ‘એક્ઝિસ્ટેન્શિઅબિઝમ એન્ડ હ્યુમનિઝમ’ જેવી તેમની કલાકૃતિઓ ચિંતનથી સભર ભરેલી છે. તેમણે લખેલા તત્વજ્ઞાનના ચર્ચાત્મક નિબંધો અશ્લીલ હોવાના આક્ષેપો થયા છે. તેઓ તેમના સર્જન દ્વારા માનવજાતને સંદેશો આપે છે કે, ‘માણસ જ્યાં સુધી પોતાની જવાબદારી સમજપૂર્વક નિભાવે છે ત્યાં સુધી તેના હાથમાં ગૌરવ અને મુક્તિ રહે છે.’ તેનું સઘળું ચિંતન ઈશ્વરના અસ્તિત્વનો છેદ ઉડાડીને માનવીનાં ગૌરવ અને સ્વતંત્રતાને મૂર્ત કરે છે.

ફ્રાન્સ તત્કાલીન પ્રમુખ ચાર્લ્સ દ ગોલના મિત્ર અને અસ્તિત્વવાદના આ આદિપુરુષ સાર્ત્ર ઈ.સ. ૧૯૮૦ માં અવસાન પામ્યા હતા.



## (૨૧૪)

# બેનઝીર ભુત્તો

## (૨૧, જૂન, ઇ.સ. ૧૯૫૩)

ઊજળોવાન અને નેતરની સોટી જેવી લગભગ પાંચ ફૂટ અને આઠ ઇંચની ઊંચાઇ ધરાવતાં પાકિસ્તાનનાં ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. બેનઝીર ભુત્તોનો જન્મ પિતા ઝુલ્ફીકાર અલી ભુત્તોની બીજી પત્ની નસરત ભુત્તોની કૂખે ૨૧, જૂન, ઇ.સ. ૧૯૫૩ ના રોજ કરાંચીમાં થયો હતો. ઝુલ્ફીકાર અલીની બેનઝીર નામની નાની બહેન મૃત્યુ પામ્યા પછી તેની સ્મૃતિ કાયમ રાખવા તેમણે નવજાત દીકરીનું નામ બેનઝીર પાડ્યું હતું. ઘરમાં બધાં તેને 'પિંકી' કહીને બોલાવતાં હતાં.

ચોકલેટનાં શોખીન બેનઝીરે અમેરીકાની હાવર્ડ યુનિવર્સિટીમાંથી બી.એ.ની ડિગ્રી મેળવેલી છે. નાનપણમાં તેઓ એટલો બધો ક્ષોભ અને સંકોચ અનુભવતાં હતાં કે કોઇની સાથે તેઓ વાત પણ કરી શકતાં ન હતાં. પણ ઇ.સ. ૧૯૭૧ માં જ્યારે ભારત-પાકિસ્તાન વચ્ચે જંગ છેડાયો ત્યારે અમેરીકાથી કૉલેજમાં જીવનનું સૌ પ્રથમ ભાષણ રાજકારણ પર આપેલું. તે જ દિવસથી જાહેરમાં તેઓ બોલતાં થયેલાં.

જનરલ ઝિયાના અવસાન પછી પાકિસ્તાનમાં બેનઝીરની લોકપ્રિયતા આકાશને આંબવા લાગેલી. કરાંચી ખાતે આવેલું તેમનું મકાન રાજકીય પ્રવૃત્તિઓથી ધમધમવા લાગેલું. એમની લોકપ્રિયતા તો એટલી હદે વધી ગયેલી કે ત્યારે સિંધ સરકારને તેમના રક્ષણ માટે સુરક્ષાની ચુસ્ત વ્યવસ્થા ગોઠવવી પડેલી. તેમના ઘર પર પણ ચોવીસ કલાકનો હથિયારધારી સૈનિકોનો પહેરો ગોઠવી દેવામાં આવેલો.



રાજકારણના પાઠ તેઓ તેમના પિતા જનરલ ઝુલ્ફીકાર અલી ભુત્તો પાસેથી શીખેલાં. મોરનાં ઇંડાને ચિતરવાનાં ના હોય ! જનરલ ઝિયાના અવસાન પછી રાતોરાત તેઓ પાકિસ્તાનમાં લોકપ્રિય નેતા તરીકે ઊભરી આવેલાં. આમ તો એમની લોકપ્રિયતા પહેલેથી જ ખરી. એટલે તો તે વખતના પાકિસ્તાનના સરમુખ્યત્યાર જનરલ ઝિયા બેનઝીરથી સતત ફફડતા રહેતા હતા. જીવન સાથે સતત સંઘર્ષ કરી તેમણે પ્રજાપ્રિયતા પ્રાપ્ત કરી હતી.

બેનઝીરને કુદરતે અદ્દ્ભુત સંદરતા આપી હતી. સ્વર્ગની અપ્સરા જેવું રૂપ ધરાવતાં બેનઝીર તેમના પિતા સાથે એકવાર ભારત આવેલાં ત્યારે આપણા ફિલ્મ સર્જક આઇ.એસ. જોહરે તેમને તેમની ફિલ્મમાં અભિનેત્રી તરીકે કામ કરવાની ઓફર કરેલી. જો કે બેનઝીરે વિનમ્રતા અને આભાર સાથે એ ઓફરનો અસ્વીકાર કરેલો.

હાવર્ડ યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા પછી તેમણે અમેરીકાની ઓક્સફર્ડ યુનિવર્સિટીમાંથી અનુસ્નાતકની પદવી પણ પ્રાપ્ત કરી હતી. એમના પિતા ઝુલ્ફીકાર અલી ભુત્તાને જનરલ ઝીયાએ ઇ.સ. ૧૯૭૯ માં ફાંસીએ લટકાવી દીધા તે પછી બેનઝીર અને તેમની મા નસરત ભુત્તોની માર્શલ લૉ હેઠળ ધરપકડ કરવામાં આવેલી. પિતાના કમોતનો એ વસમો આઘાત બેનઝીર જીરવી શકેલાં નહીં. જનરલ ઝિયાએ તેમને પિતાની અંતિમ વિધિમાં ભાગ લેવાની પરવાનગી પણ નહીં આપેલી.

ત્યારથી જ ઝિયાની આ નિર્દયતા અને નિષ્ઠુરતા સામે જંગે ચઢવાની અને પિતાના મોતનો બદલો લેવાની તેમણે મનમાં ગાંઠ વાળી લીધી હતી. જેલમાંથી મુક્ત થતાંની સાથે જ તેમણે આ દિશામાં ગતિવિધિ તેજ બનાવી દીધી હતી. તેમની વધતી જતી લોકપ્રિયતા અને વિરોધી પ્રવૃત્તિઓથી ફફડી ઊઠેલા જનરલ ઝિયાએ તેમને પાકિસ્તાનના પંજાબમાં પ્રવેશવા ઉપર પ્રતિબંધ મૂકી દીધેલો. જનરલ ઝિયાએ ફરીવાર તેમને તેમની માતા સાથે પકડી લઇ, રીઢા ગુનેગારોને

જ્યાં રાખવામાં આવતા હતા તેવી સૌથી નિમ્ન સ્તરની જેલમાં પૂરી દીધેલાં. આ જેલમાં એમની એલી ત્રાસદાયક પરિસ્થિતિનો સામનો કરવો પડેલો કે બંન્ને મા-દીકરી ગંભીર રીતે બિમાર પડી ગયેલાં.

નવ મહિનાના સતત ત્રાસ પછી બેનઝીરને લારખાના તેમને ઘેર લઈ જવામાં આવેલાં. આ ઘરને પણ જેલમાં ફેરવી દેવામાં આવેલું. ન સહન કરી શકાય એવો અતિશય ત્રાસ સહન કરવા છતાં તેઓ જરાપણ ઝૂક્યાં ન હતાં. તેમણે જનરલ ઝિયાની પરવાનગી મળતાં ઈ.સ. ૧૯૮૪ ની શરૂઆતમાં જેલમાંથી મુક્ત થઈ સારવાર માટે ઈંગ્લેન્ડ ગયેલાં. બે વર્ષ બાદ તેઓ ફરી પાકિસ્તાન પાછાં આવ્યાં ત્યારે પાકિસ્તાનની પ્રજાએ ઉમળકાભેર તેમનું ભવ્ય સ્વાગત કરેલું. પ્રજા તેમને તેમના ભાવિ વડાપ્રધાન તરીકે જોવા લાગી.

પાકિસ્તાનમાં વાયુવેગે વધતી જતી બેનઝીરની લોકપ્રિયતાથી ધૂંઆંપૂઆં થઈ ગયેલા જનરલ ઝિયાએ ઈ.સ. ૧૯૮૬ માં ફરીવાર તેમને નજરકેદ કરી દીધેલાં. તેમની અટકાયતના વિરોધમાં પાકિસ્તાનમાં જબરદસ્ત દેખાવો થયેલા. હિંસક તોફાનો પણ ફાટી નીકળેલાં. જાહેર મિલકતોને આગ પણ લગાડાયેલી. મોટાં શહેરોમાં હિંસક તોફાનો પણ ફાટી નીકળેલાં. લોકવિરોધ સામે જનરલ ઝિયાને ઝૂકી જવું પડેલું. તેમણે બેનઝીરને નજરકેદમાંથી મુક્ત કરી દીધેલાં. ત્યારે બેનઝીરની ઉંમર તેત્રીસ વર્ષની હતી. વળી તેઓ કુંવારાં પણ હતાં. પણ છેવટે માતાના આગ્રહને વશ થઈ કરાંચીના જમીનદાર અને વેપારી એવા આસિફઅલી ઝરદારી સાથે તેઓ લગ્નના બંધનમાં બંધાઈ ગયેલાં.

ઈ.સ. ૧૯૮૮ માં જનરલ ઝિયા વિમાની અકસ્માતમાં રહસ્યમય સંજોગોમાં મૃત્યુ પામ્યા પછી પાકિસ્તાનની 'પિપલ્સ પાર્ટી' ના કાર્યકર્તાઓએ આનંદ મનાવેલો. લોકોએ મનથી તેમને તેમના વડાપ્રધાન તરીકે પૂર્ણતઃ સ્વીકારી લીધેલાં. અંગ્રેજી પત્રકારોએ જેમને 'પોલાદી પતંગિયું' કહી બિરદાવેલાં એ બેનઝીર માટે પાકના વડાપ્રધાન બનવાનો માર્ગ મોકળો થયો હતો. છેવટે એમનું સ્વપ્ન સાકાર



થયું. તેઓ ઈસ્લામિક રાષ્ટ્રનાં સૌથી પ્રથમ મહિલા વડાપ્રધાન બન્યાં. ઈ.સ. ૧૯૮૮ થી ૧૯૯૦ અને ઈ.સ. ૧૯૯૩ થી ઈ.સ. ૧૯૯૬ સુધી તેઓ પાકના વડાપ્રધાન પદે આરૂઢ હતાં.

●



## (૨૧૫)

# મેકિયાવેલી

## ( ૨૨ જૂન, ઈ.સ. ૧૫૨૭)

વિશ્વમાં હિટલર, મુસોલિની અને નેપોલિયન બોનાપાર્ટ જેવા કેટલાંય મુત્સદી અને ધાક જમાવતા માણસો પેદા થયા છે. તેમના નામમાત્રથી ભલભલાના ગાત્રો ધ્રુજવા માંડે છે. રાજનીતિની વિશિષ્ટ વિચારધારાને વરેલો અને તેના 'અલ પ્રિન્સપી' નામના પુસ્તકથી તરકટી અને કૂટનીતિજ્ઞ તરીકે જાણીતો જાણીતો થયેલો મેકિયાવેલી આવો જ એક બદનામ રાજનીતિજ્ઞ હતો. તેનું પુરૂં નામ નિકોલાઈ દી બર્નાર્દો મેકિયાવલી હતું. તેનો જન્મ એક ગર્ભ શ્રીમંત કબીલામાં ૩ મે, ઈ.સ. ૧૪૬૯ના રોજ ફ્લારેન્સમાં થયો હતો. ફ્લારેન્ટાઈનના સત્તાધારી મેડિસીનીને દેશનિકાલ કર્યા પછી તેણે ચાર વર્ષ બાદ ફ્લોરેન્ટાઈન પ્રજાસત્તાકમાં ગૃહખાતાનો હવાલો સંભાળવાની સાથે સાથે યુદ્ધખાતાની જવાબદારી પણ સંભાળી હતી. એ ઉપરાંત તેની દૂરંદેશિતાને ધ્યાનમાં લઈ ચૌદ વર્ષ સુધી જુદા-જુદા દેશોમાં એલચી તરીકેની મહત્વની ભૂમિકા પણ અદા કરી હતી. તેણે જૂથવાદનો ભોગ બનેલાં અને અંદર અંદર એકબીજા સાથે લડતાં ઝઘડતાં રાજ્યોમાં સંધિવિગ્રાહક તરીકે ઘણા બધા યુરોપીયન દેશોની રાજકીય સફર કરી હતી. રાજકીય સંજોગો બદલાયા. ઈ.સ. ૧૫૧૨માં મેડિસીનીએ તેના હાથમાંથી ધઝીનવાઈ ગયેલી સત્તા પુનઃ કબ્જે કરી. પ્રજાસત્તાકની પુનઃસ્થાપના કરવાના મેકિયાવેલીને દેશદ્રોહના ગુના સબબ પકડી લેવામાં આવ્યો. તેના પર કોર્ટમાં કામ ચાલ્યું. તેને જેલમાં ધકેલી દેવામાં આવ્યો. કેટલાંક સમય પછી તેને મુક્ત કરવામાં આવેલો. પણ પછી તેને ફ્લોરેન્સમાંથી તડીપાર કરી દૂર કેશિયાનો નામના એક ગામડામાં રહેવા માટે મોકલી દેવામાં



આવેલો. આ ગામમાં વસવાટ દરમ્યાન તેણે તેના જીવનના અનુભવોના આધારે 'પ્રિન્સ' અને 'ડિસ્કોર્સિઝ' નામના ગ્રંથોનું સર્જન કર્યું હતું. ઈટાલીના આ કૂટનીતિને વરેલા રાજનીતિજ્ઞે તેના 'પ્રિન્સ' નામના ગ્રંથમાં ઈટાલિયન ભાષામાં જુસ્સાદાર શૈલીમાં શાસનકર્તાએ તેની સત્તા સ્થિર કરી ટકાવી રાખવા શું કરવું જોઈએ એનું માર્ગદર્શન આપ્યું હતું. એણે એના વિચારો દ્વારા રાજનીતિમાં ક્રાંતિ સર્જી હતી. એરિસ્ટોટલ નામના જાણીતા ચિંતકે તેના ગ્રંથ 'પોલિટિક્સ'માં રાજનીતિના જે માર્ગદર્શક સિદ્ધાંતો રજૂ કર્યા છે. તેવા વિચારો રજૂ કરનાર મેકિયાવેલી બીજો કૂટનીતિજ્ઞ હતો. તેણે તેના ગ્રંથમાં અફર વ્યવસ્થા ધરાવતા સમાજના આદર્શોની કલ્પનાને નકારી કાઢી છે. તેણે જણાવ્યું છે કે, ''રાજકારણમાં છેવટનું પરિણામ જ એનાં સાધનોને ન્યાય આપે છે. લોકોની બધી જ ઈચ્છા સંતોષી તેમને વશ કરી લેવા જોઈએ અથવા તો તેમને સંપૂર્ણ પણે દબાવી દેવા જોઈએ. કારણ લોકો મોટી બાબતોનો બદલો લઈ શકે છે પણ નાની બાબતોનો બદલો લઈ શકતા નથી. જે શાસકને પોતાની સત્તા કે વર્ચસ્વ જાળવી રાખવાં હોય તેને જરૂર પડ્યે ખોટું કામ કરતાં પણ આવડવું જોઈએ'' તે વધુમાં જણાવે છે કે, ''પ્રિન્સમાં બધા જ ગુણો હોય એટલે કે તેને સર્વગુણસંપન્ન હોય એ જરૂરી નથી. પણ એમનામાં જે ગુણો ના હોય તે ગુણો પણ તેનામાં છે એવું લોકોને લાગવું જોઈએ.'' આવી અનેક બાબતો અને સૂત્રોની ચર્ચા તેના ગ્રંથમાં છે. મેકિયાવેલી માનતો હતો કે, રાજ્ય એ જ સર્વોપરિતા છે. રાજ્યથી ઉપર કોઈ જ નથી. કોઈ પણ ભોગે રાજ્યનું રક્ષણ કરવું જોઈએ પછી ભલે તેમ કરતાં ન્યાય, નીતિ અને સદાચરણને ગૌણ રાખવાં પડે. તેનો બીજો ગ્રંથ 'ડિસ્કોર્સિઝ' પ્રજાસત્તાક રાજ્ય કેવું હોવું જોઈએ એની ચર્ચા કરે છે. તેણે કેટલુંક હાસ્યરસિક સર્જન પણ કરેલું છે. તેણે લખેલું, 'લા મેન્ડ્રેગોલા' નાટક ઈટાલિયન ભાષાનું સર્વોત્તમ હાસ્યરસિક નાટક માનવામાં આવે છે. ઈટાલીના આ કૂટનીતિજ્ઞ મેકયાવેલી ૨૨ જૂન, ઈ..સ. ૧૫૨૭ના રોજ અવસાન પામ્યો હતો.



## (૨૧૬)

# પ્રબોધ પંડિત

## ( ૨૩ જૂન, ઈ.સ. ૧૯૨૩)

ભાષાવિજ્ઞાનમાં પારંગત અને સંપાદન ક્ષેત્રે જાણીતા એવા ડૉ. પ્રબોધ પંડિતનો જન્મ ભાવનગર જિલ્લાના વળા નામના ગામે ૨૩ જૂન, ઈ.સ. ૧૯૨૩ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ પંડિત બેચરદાસ હતું. પ્રાથમિક શિક્ષણ વતનમાં લીધા પછી અમદાવાદમાંથી તેમણે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. ભણવામાં નાનપણથી જ તેઓ તેજસ્વી હતા. ભાષા અને વ્યાકરણ તેમના રસનાં ક્ષેત્રો હતાં. એમ.એ.ની પદવી પ્રાપ્ત કર્યા પછી જૈન સાહિત્યાચાર્ય અને સંપાદક મુનિશ્રી જિનવિજયજીની પ્રેરણાથી ડૉ. રાલ્ફના માર્ગદર્શન નીચે લંડનમાં ફક્ત બે વર્ષના ટૂંકા ગાળામાં જૈનાચાર્ય તરૂણ પ્રભાસુરિની 'સડાવશ્યક બાલવબોધ વૃત્તક' ગ્રંથ ઉપર તેમણે મહાનિબંધ લખીને પી.એચ.ડી. ની પદવી પ્રાપ્ત કરી હતી. ઈ.સ. ૧૯૫૦માં તેઓ ભારત પાછા આવ્યા હતા.

ભારત પરત ફર્યા બાદ શરૂઆતમાં તેમણે અમદાવાદની એલ.ડી. આર્ટસ કોલેજમાં સંસ્કૃતના વ્યાખ્યાતા તરીકે સેવાઓ બજાવેલી. તે પછી ગુજરાત યુનિવર્સિટીના ભાષાભવનમાં તેઓ જોડાઈ ગયા હતા. આ સ્થાન પર ઈ.સ. ૧૯૬૬ સુધી તેઓ કાર્યરત રહેલા. તે પછી જીવનપર્યંત તેમણે દિલ્હી વિશ્વવિદ્યાલયમાં ભાષાશાસ્ત્રી તરીકે સેવાઓ આપી હતી. તેમની વિદતા દેશ પરદેશમાં ખૂબ વખણાયેલી હતી. ભાષાશાસ્ત્રમાં એમની નિપુણતા એવી તો અગાધ હતી કે વિશ્વના કેટલાક આંગણીના વેઢે ગણાય એટલા નામી ભાષાશાસ્ત્રીઓમાં એમની ગણના થતી હતી. તેમની વિદ્વતાનો લાભ લેવા માટે વિશ્વના અનેક દેશોની યુનિવર્સિટીઓ વ્યાખ્યાનો માટે તેમને નિમંત્રણ આપતી.



"આજે ભાષાશાસ્ત્રમાં અતિ અર્વાચીન વલણ છે સોશ્યો લિંગ્વિસ્ટિક્સ સામાજિક ભાષાશાસ્ત્રનું જે લગભગ ઈ.સ. ૧૯૬૫ પછી ફૂલ્યું ફાલ્યું છે. પરંતુ ડૉ પંડિતે ભાષાષાસ્ત્રના આ પાસ ઉપર ૧૯૬૩થી જ સંશોધનો શરૂ કરી દીધાં હતાં. એટલે ભાષા અને સમાજ વચ્ચેના અવિનાભાવિ સંબંધની વિચારણાને, સોશ્યોલિંગ્વસ્ટિક્સની શાખા શરૂ થઈ એ પહેલાં જ આગળ ધપાવવા એમણે આપેલો ફાળઓ મહત્વનો છે.. '' (ઉર્મિ દેસાઈ)

મુંબઈ યુનિવર્સિટીમાં તેમણે ઈ.સ. ૧૯૭૩માં ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળા અંતર્ગત આપેલાં વ્યાખ્યાનો નોંધપાત્ર બની રહ્યાં છે. ઈ.સ. ૧૯૫૫માં તેમની વિદ્વતાને ધ્યાનમાં લઈને અમેરિકાની યેલ યુનિવર્સિટીએ તેમને સિનિયર ફેલો તરીકે પસંદ કર્યા હતા. ઈ.સ. ૧૯૭૩માં તેમની ભાષાશાસ્ત્રીય સેવાઓના ઉપલક્ષ્યમાં તેમને 'રણજિતરામ ચંદ્રક' અર્પણ કરવામાં આવ્યો હતો.

ગુજરાતી ભાષાનું ધ્વનિસ્વરૂપ અને ધ્વનિપરિવર્તન (૧૯૬૬), ભાષા વિજ્ઞાનના અર્વાચીન અભિગમો (૧૯૭૩) અને વ્યાકરણ- અર્થ અને આકાર (૧૯૭૮) ગુજરાતી ભાષામાં લખાયેલાં તેમનાં ઉલ્લેખનીય પુસ્તકો છે. પ્રાકૃત ભાષા નામનું તેમનું એક પુસ્તક ૧૯૫૪માં પ્રકાશિત થયું હતું. અંગ્રેજીભાષામાં ભાષાશાસ્ત્ર વિષયક તેમના પુસ્તકોમાં **'Phonemics and morphic frequences of the gujarati language' (1965), 'Language in plural society' 1976 yLku ' A Grammatical sketch Gujarati' (1976)** નો સમાવેશ થાય છે.

ભાષાશાસ્ત્રના આ પ્રકાંડ પંડિત ૨૯ નવેમ્બર, ઈ.સ. ૧૯૭૫ના રોજ અવસાન પામ્યા હતા.



## (૨૧૭)

# સંત કબીર

## (૨૩, જૂન, ઇ.સ. ૧૩૯૮)

સ્વભાવે નીડર, સ્પષ્ટ વક્તા, પોતાના સિદ્ધાંતોને દૃઢ પણે વળગી રહેનારા, નિરાભિમાની અને સર્વધર્મ પ્રત્યે સમભાવ રાખનારા સૂફી સંત કબીરનો જન્મ ૨૩, જૂન, ઈ.સ. ૧૩૯૮ ના રોજ વિખ્યાત તીર્થધામ કાશીમાં થયો હતો. જન્મે તેઓ બ્રાહ્મણ હતા. એક વિધવા બ્રાહ્મણ માતાએ તેમને જન્મ આપ્યા પછી સમાજમાં નિંદા થવાના ડરથી તેમને કાશી નજીક આવેલા લહરતાલા નામના તળાવની પાળ પર ત્યજી દીધેલા. તેમને નીરુ અને નીમા નામના એક નિઃસંતાન દંપતીએ પ્રભુની પ્રસાદી માની સ્વીકારી લીધેલા અને તેમને ઉછેરીને મોટા કરેલા. તેમનાં આ પાલક માતા-પિતા વણકર જ્ઞાતિનાં હતાં. તેથી કબીર વણકર તરીકે ઓળખાયેલા. એક મત મુજબ કબીર દિવ્ય જ્યોતિ સ્વરૂપે આકાશમાંથી ધરતી ઉપર ઉતરેલા અને બાળકનું સ્વરૂપ ધારણ કરી લીધેલું.

વણકરનો વ્યવસાય કરતાં કરતાં તેઓ ભક્તિમાર્ગ તરફ વળેલા. તેઓ નિરક્ષર હોવા છતાં આત્મજ્ઞાની હતા. રામાનંદજીને તેમણે ગુરુ તરીકે સ્વીકાર્યા હતા. સદા સર્વદા પ્રભુભક્તિમાં લીન રહેતા કબીરજી અંતે શ્રેષ્ઠ સંતત્વને પામેલા. તેઓ આક્રમક બળવાખોર હતા. સાચા ને સાચું અને ખોટાને ખોટું કહેતાં તેઓ કોઈની શરમ રાખતા નહીં. સંત હોવાની સાથે સાથે તેમની ગણના એક મહાન સમાજ સુધારક તરીકે પણ થતી. પોતાનાં ભજનો અને દોહા દ્વારા તેમણે માનવોત્થાન અને સમાજસેવાનું મહાન કાર્ય કર્યું છે.

પરમ જ્ઞાની એવા સંત કબીરે કોઈ જાતિ કે ધર્મને મહત્વ આપ્યું ન હતું. માનવજીવનમાં જ્ઞાતિ, કુળ કે ધર્મ અથવા સંપ્રદાયને મહત્વ આપવાને બદલે



તેમણે પ્રભુમિલનના તલસાટને વધુ મહત્વ આપેલું. તેઓ અંધશ્રદ્ધાના ભારે વિરોધી હતા. ત્યારે લોકોમાં એક માન્યતા એવી હતી કે કાશીમાં માણસનું મૃત્યુ થાય તો તેને વૈકુંઠ એટલે કે સ્વર્ગની પ્રાપ્તિ થાય. પણ જો કાશીની નજીકમાં આવેલ મગહરમાં મૃત્યુ થાય તો મરનારની અધોગતિ થાય અર્થાત મરનારને નર્કની પ્રાપ્તિ થાય. કબીરે આ અંધશ્રદ્ધાના નિર્મૂલન માટે એકસો વીસ વર્ષ મગહરમાં વીતાવેલાં.

કેટલાંક વિદ્વાનો કબીરના ગુરુ સૂફી સંત શેખ તકી હતા એવું પણ માને છે. કબીરનું સાહિત્ય હિન્દુ અને ઈસ્લામ ધર્મના સમન્વય રૂપ છે. તેમની રચનાઓમાં સૂફી મત, અદ્વૈત મત, નાથ સંપ્રદાય વગેરેના તત્વજ્ઞાનની વ્યાપક અસર દેખાય છે. તેઓ રામ અને રહીમને એક જ માનતા. તે સમયે સામાજિક એકતા ટકાવી રાખવામાં કબીરજીની વિચારધારાએ મહત્વની ભૂમિકા ભજવી હતી. તેઓ સામાજિક એકતાના પ્રતીક હતા. પ્રાણીમાત્ર પ્રત્યે દયાનો સંદેશ તેમણે વહેતો કર્યો હતો. તેમનાં ભજનો અને દોહાઓને તેમના પટ્ટશિષ્ય ધર્મતસે લિખિત સ્વરૂપમાં સંગ્રહિત કરી પ્રજા સમક્ષ મૂક્યાં હતાં.

તેમનો એક એક દોહો એક એક અણમોલ રત્ન જેવો કિમતી છે. એમના પ્રત્યેક દોહામાં જ્ઞાનનો મહાસાગર ભરેલો છે. જેમ કે-

"સાંઈ ઈતના દિજિયે, જામે કુટુમ સમાઈ
મૈં ભી ભૂખા ના રહું, સાધુ ભૂખા ન જાઈ.

જો મુઝકો ઈતના મિલે, ઔર ક્યું માગું મૈં,
તૂં જો મેરે સાથ હૈ, ફિકર કાહે કરું મૈં ?

ગોધન, ગજધન, અશ્વધન, સબૈરત્ન ધન ખાણુ
જબ આવે સંતોષધન, સબ હૈ ધૂરિ સમાન.

કબીરનાં ભજનો ‘કબીરવાણી’ માં સંગ્રહાયેલાં છે. તેમની રચનાઓ આજે પણ લોકહૈયે અને લોકજીભે વસેલી છે. તેમનાં ભજનોનો સંગ્રહ ‘બીજક’ નામે જાણીતો છે. ઈ.સ. ૧૫૧૮ માં કબીરે મગહરમાં પ્રાણત્યાગ કરીને લોકોની સ્વર્ગ અને નર્ક વિશેની અંધશ્રદ્ધાનું ખંડન કરેલું. તેમના અવસાન બાદ હિંદુઓ તેમના પાર્થિવ દેહના અગ્નિસંસ્કાર કરવા માગતા હતા, જ્યારે નવાબ બીજલખાન અને તેના સાથીઓ તેમના મૃતદેહને દફનાવવા ઈચ્છતા હતા. તે સમયે કેટલાકની નજર કફનમાંથી ઢંકાયેલા તેમના મૃતદેહ પર પડી. કફન હઠાવી લેતાં જોયું તો કબીરજીના મૃતદેહની જગાએ ફૂલોનો ઢગલો હતો.

સંત કબીર માત્ર હિન્દી સાહિત્યના જ નહીં, પણ ભારતીય સાહિત્યના મહાન કવિ તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે. તેઓ ખરેખર દેવદૂત હતા.

●





## (૨૧૮)

# પંડિત ઓમકારનાથ

## ( ૨૪ જૂન, ઈ.સ. ૧૮૮૭)

ઉત્તમ કોટિના સાહિત્યકાર, વક્તા, શાસ્ત્રકાર અને સર્જક એવા ભારતીય સંગીતના સૂર્ય સમાન પંડિત ઓમકારનાથ ઠાકુરનો જન્મ ગુજરાતના જહાજ નામના ગામે ૨૪ જૂન,ઈ.સ. ૧૮૮૭ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ ગૌરીશંકર ઠાકુર હતું. તેમનું બાળપણ કઠિન પરિસ્થિતિમાં ભરૂચ જિલ્લામાં નર્મદા કિનારે પસાર થયું હતું. સંગીતમાં નાનપણથી જ તેમને ઘણો રસ હતો. નાની ઉંમરે સંગીતમાર્તંડ વિષ્ણુ દિગંબર પાસેથી સંગીતની તાલીમ મેળવવાનો અવસર તેમને પ્રાપ્ત થયો. તાલીમ માટે તેઓ મુંબઈ ગયા. સંગીત જેની રગરગમાં વહેતું હતું એવા ઓમકારનાથે સંગીતમાં નિપૂણતા મેળવી લીધી હતી. તેમની સંગીત સાધનાથી ચકિત થઈ ગયેલા તેમના ગુરૂ વિષ્ણુદિગંબરે માત્ર વીસ વર્ષની ઉંમરે તેમને લાહોરના ગાંધર્વ મહાવિદ્યાલયના આચાર્યપદે નિયુક્ત કરી દીધેલા.

તેમણે ગ્વાલિયર ઘરાણાની ગાયકીમાં મૌલિક તત્ત્વોનો સમાવેશ કરીને હૃદમંગમ એવી નૂતન ગાયકીની રચના કરી હતી. શાસ્ત્રીય સંગીતના રાજાધિરાજ એવા ઓમકારનાથ ભાવવાહી રીતે ભજનો ગાતા ત્યારે સાંભળનારા સૌ મંત્રમુગ્ધ થઈ જતા. કરૂણ રસના તેઓ સ્વામી હતા. એમનો કંઠ એવો ગગનભેદી અને બુલંદ હતો કે સાંભળનાર સૌ સરળતાથી તેમને આત્મસાત કરી શક્તા. એ ગાતા ત્યારે રોમ રોમમાંથી જાણે સંગીતની સરવાણીઓ ફૂટી નીકળતી. તેઓ ભજનો લલકારતા ત્યારે વાતાવરણમાં અધ્યાત્મની આભા છલકાઈ ઉઠતી. આલાપ ઘૂંટવામાં તેઓ મીંડને પ્રાધાન્ય આપતા. ભજનના અક્ષરો અને શબ્દો ઉપર ભાર

મૂકીને ગાયકીને નાવીન્ય બક્ષવામાં તેમનો જોટો જડે એમ નહતો.

હદ્દુખાં હસનખાનું પુરાણું અને મશહૂર ગાયકીનું ઘરાણું પંડિતજીનું પ્રિય ઘરાણું હતું. ખ્યાલ એમની માનીતી ગાયકી હતી. લાંબા સમય સુધી એક જ રાગને ઘૂંટીને અવનવી રીતે ગાવામાં તેઓ માહેર હતા. દિલીપકુમાર રોય પંડિતજીની ગાયકીથી એટલા તો પ્રભાવિત થયેલા કે, તેમણે પંડિતજી પાસે સંગીત શીખવાની ઈચ્છા વ્યક્ત કરેલી.

તેઓ ખાસ ભણેલા ન હોવા છતાં હિન્દી, અંગ્રેજી, નેપાળી, ઉર્દુ, સંસ્કૃત અને બંગાળી ભાષાઓના જાણકાર હતા. બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલયમાં સ્થાપાયેલી 'સંગીત કલાભારતી'ના તેઓ પ્રથમ અધિષ્ઠાતા હતા. ભારત સરકાર તરફથી 'પદ્મશ્રી'નો ખિતાબ મેળવનાર તેઓ પ્રથમ સંગીતકાર હતા. ઉપરાંત તેમને સંગીત 'માર્તંડ', 'સંગીત પ્રભાકર' અને 'સંગીત મહોપાધ્યાય' જેવા સન્માનોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સંગીત-નાટક-અકાદમી તરફથી પ્રેસિડન્સ એવોર્ડ પણ તેમણે મેળવેલો. ગુજરાતી સાહિત્યસભાએ તેમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' આપી તેમનું બહુમાન કર્યું હતું.

પંડિતજીએ 'પ્રણયરંગ' ના ઉપનામથી 'પ્રણવરંજની', 'પ્રણવેન્દ્ર મધ્યમ' તથા 'પ્રણવકુંવર' જેવા નવા રાગો તથા છપ્પન બંદિશોની રચના કરી છે. વળી તેમને સંગીત પરના પ્રણવભારતી નામના પુસ્તકના કેટલાક ભાગ પણ પ્રગટ કરેલા છે.

તેમની બે કેસેટો, ત્રણ એલ.પી. તથા એક ઈ.પી. રેકર્ડસ બહાર પડી ચૂકી છે. ભારતના સંગીત સમ્રાટ ઓમકારનાથ ઠાકુર ૨૯ ડિસેમ્બર, ઈ.સ. ૧૯૬૭ના રોજ ભારતીય સંગીતને આખરી સલામ કરી ગયા હતા.

●





## (૨૧૯)

# જ્યોર્જ ઑરવેલ

## (અવસાન : ૨૫, જૂન, ઇ.સ. ૧૯૦૩)

યુરોપના દેશોમાં જ્યારે વાણી સ્વાતંત્ર્ય, વિચાર સ્વાતંત્ર્ય અને વ્યક્તિ સ્વાતંત્ર્યને ગળે ટૂંપો દેવાયો હતો તથા હિટલર, મુસોલોની અને ફ્રેન્કો જેવા સરમુખત્યારોની તાકાત વધતી જતી હતી તેવા સંજોગોમાં કટાક્ષમય, રાજકીય તથા વિચારપ્રેરક નવલકથા '૧૯૮૪' નું સર્જન કરનાર જ્યોર્જ ઑરવેલનો જન્મ બંગાળામાં આવેલા મોતીહારી ગામમાં ૨૫, જૂન, ઈ.સ. ૧૯૦૩ ના રોજ થયો હતો. એમનું મૂળ નામ ઍરિક આર્થર બ્લેર હતું. તેમના પિતા ત્યારે ભારતીય કસ્ટમ વિભાગમાં અમલદાર હતા. શિક્ષણ લેવા તેઓ ઈંગ્લેન્ડ ગયેલા. ત્યાં એમના જેવા ગરીબ વિદ્યાર્થીઓ પ્રત્યેના વર્તાવને જોઈ એમનું હૈયું વલોવાઈ ગયું હતું. તેથી ઈંગ્લેન્ડ છોડી તેઓ બર્મા આવેલા અને એક સામાન્ય પોલીસમેનની નોકરી સ્વીકારેલી. પાંચ વર્ષ બર્મામાં રહ્યા પછી તેઓ પેરિસ ગયેલા. પછી લેખનને વ્યવસાય તરીકે અપનાવી તેઓ ઈંગ્લેન્ડ રહેલા. લંડન અને પેરિસમાં રસોડામાં નોકર તરીકે એમણે કામ કરેલું. આવું નિમ્નકક્ષાનું કામ કરતાં તેમના અંતરમનમાં ઊઠેલી સંવેદનાનો ચિતાર 'ડાઉન એન્ડ આઉટ ઈન લંડન એન્ડ પેરિસ' માં જોવા મળે છે.

એ પછી પત્રકારત્વના વ્યવસાયમાં ઝંપલાવી સરમુખત્યારશાહી વિરોધી લેખો લખવા માંડેલા. પણ ત્યારે એમના લખાણની કોઈ નોંધ લેવાયેલી નહીં. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન તેમણે ઍરવોર્ડન તરીકે સેવા આપેલી. સ્પેનમાં તેમણે રાજકીય દ્રોહનો અનુભવ કરેલો. રશિયા અને જર્મનીની બર્બરતાથી વાજ આવી ગયેલા ઑરવેલે પ્રજાનું ધ્યાન આ ભયાનકતા તરફ દોરવા ઈ.સ. ૧૯૪૫ માં ''એનિમલ

ફાર્મ લખી. અને તે પછી જાણીતી નવલકથા '૧૯૮૪' નું સર્જન કરેલું. તેમનાં અનેક લખાણો તેમની દૂરદર્શિતા, દેશદાઝ, કટાક્ષવૃત્તિ અને માનવતા પ્રગટ કરે છે. તેમણે તેમનાં લખાણો દ્વારા અનેક નવા શબ્દો પ્રયોજીને અંગ્રેજી ભાષાને સમૃદ્ધ કરી છે. '૧૯૮૪' નવલકથામાં વ્યક્તિસ્વાતંત્ર્યના હ્રાસની કથા આલેખાઈ છે. આ નવલકથા પ્રજાને મનોવૈજ્ઞાનિક પ્રચારથી ચેતતા રહેવા પ્રેરે છે. 'ધ એનિમલ ફાર્મ' દ્વારા રશિયામાં સ્થાપિત થયેલ સરમુખત્યારશાહી અને સ્તાલિનના અમાનુષી વર્તન પર વેધક કટાક્ષ કર્યો છે. આ પ્રાણીકથામાં પ્રાણીઓ ખેડૂત જોન્સના જંગાલિયત ભર્યા દમન વિરુદ્ધ બળવો કરી પોતાના રાજ્યની સ્થાપના કરે છે. નેપોલીઅન નામનું એક ડુક્કર ધીમે ધીમે સત્તા મેળવી સ્થાપે છે. પહેલાં જાહેર થયેલા સિદ્ધાંતો બદલાય છે. જોન્સના સમયમાં જે સ્થિતિ હતી તે પુનઃ સ્થાપિત થાય છે. જેમ સ્તાલિને ટ્રોસ્કીને દેશનિકાલ કરેલો તેમ અહીં 'નેપોલિઅન' સ્નોબોલને કરે છે. અને ભલો, ભોળો, પરિશ્રમી તથા મિત્રતાભર્યો બૉક્સર તેનમા છેલ્લા દિવસો કતલખાનામાં ગુજારે છે. આ બૉક્સર સામાન્ય નિર્દોષ વ્યક્તિનું પ્રતીક છે. ઑરવેલ અદ્‌ભુત નૈતિક હિંમતવાળો સર્જક હતો. ઈ.સ. ૧૯૩૬ માં લગ્ન કરી તેણે એક જરીપુરાણી ઝૂંપડીમાં જીવન જીવવાનું શરૂ કરેલું. ઈ.સ. ૧૯૩૭ માં તેની રચના 'રોડ ટુ વીગન પીઅર' પ્રસિદ્ધ થયેલી. તે પછી સ્પેનિશ સિવિલ વૉરના તાણાવાણા ગૂંથતી તેની કૃતિ 'હૉમેજ ટુ કૅટેલોનિયા' પ્રગટ થયેલી. વિવેચકોએ તેની ભારોભાર પ્રસંશા કરેલી. ઈ.સ. ૧૯૪૫ માં તે બી.બી.સી. માં જોડાયેલો. તેણે 'ટ્રિબ્યુન' નું તંત્રીપદ પણ સંભાળેલું.

તેની નવલકથા 'એનિમલ ફાર્મ' ની આજ સુધી લાખ્ખો નકલોનું વેચાણ થઈ ચૂક્યું છે. તેનો ગુજરાતીમાં પણ 'પશુરાજ્ય' શીર્ષક હેઠળ અનુવાદ થયો છે. તેનું જીવન ભારે સંઘર્ષોમાં વીતેલું. આ સમર્થ સાહિત્યકાર ક્ષયની બિમારીને કારણે ૨૩, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૫૦ ના રોજ આ પૃથ્વી ઉપરથી હંમેશ માટે વિદાય થઈ ગયેલો.

●





## (૨૨૦)

# પર્લ બક

## (૨૬, જૂન, ઇ.સ. ૧૮૯૨)

પર્લ કમ્ફર્ટ સાયડેનસ્ટ્રિકરનો જન્મ અમેરીકાના પશ્ચિમ વર્જિનીઆમાં હિલ્સબરો નગરમાં ૨૬, જૂન, ઈ.સ. ૧૮૯૨ ના રોજ થયો હતો. ખ્રિસ્તી ધર્મ પ્રચારક માતા-પિતાનું આ સંતાનનું બાળપણ ચિનહયાંગમાં પસાર થયું હતું. આથી ચીની ભાષા બોલતાં સારી રીતે શીખી ગયેલ. રેડાલ્ફ મૅકોન કૉલેજમાંથી તેમણે ઈ.સ. ૧૯૧૪ માં સ્નાતકની પદવી પ્રાપ્ત કરી હતી. ઈ.સ. ૧૯૦૦ માં ચીનમાં થયેલા બૉક્સર વિપ્લવને કારણે તેમના કુટુંબને શાંઘાઈ ભાગી જવું પડેલું.

અમેરીકામાં સ્નાતકની પદવી લીધા પછી તેઓ ચીનમાં પાછાં ફરેલાં. ત્રણ વર્ષ બાદ અમેરીકન મિશનરી જ્હૉન લૉસિંગ બક સાથે તેમણે લગ્ન કર્યું હતું. લગ્નજીવનમાં તેમણે અપાર યાતનાઓ સહન કરી હતી. તેમના પતિ એલબક કૃષિવિજ્ઞાનના અધ્યાપક હતા. પર્લબકનું બાળપણ ચીનમાં પસાર થયું હતું. આથી ચીનની સંસ્કૃતિ અને સમાજજીવનના અનેક અનુભવો તેમને થયા હતા. આ બધા અનુભવોએ તેમના સંવેદનશીલ આત્માને ઢંઢોળી તેમને સર્જન તરફ વાળ્યાં. આમ તેમણે તે અનુભવોને 'ગુડ અર્થ' નવલકથામાં ઉતાર્યા. તેમની આ નવલકથાને ઈ.સ. ૧૯૩૧માં પુલિટ્ઝર પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. આ નવલકથા એટલી તો લોકપ્રિય નીવડેલી કે વિશ્વની અનેક ભાષાઓમાં તે અનુદીત થઈ હતી. અને તેના પરથી અનેક નાટકો તથા ચિત્રપટો તૈયાર થયાં હતાં.

ઈ.સ. ૧૯૨૭ માં ચીની ક્રાંતિકારી દળોએ નાનકિંગ ઉપર આક્રમણ કરી વિદેશીઓને રંજાડવા માંડ્યા ત્યારે તેમની એક ચીની મહિલામિત્રએ તેમને પોતાના

ઘરમાં આશરો આપી બચાવી લીધેલાં. ત્યાર બાદ તેઓ ચીન છોડી જાપાન ભાગી ગયેલાં અને ત્યાં નિર્વાસિત તરીકે રહેલાં.

જે.વૉલ્શ નામની વ્યક્તિ સાથે તેમનું બીજું લગ્ન થયું હોવા છતાં પણ વિશ્વમાં તેઓ પર્લ બક તરીકે જ જાણીતાં થયાં. તેઓ તેમના બીજા પતિ અને આઠ સંતનોમાં સૌથી મોટી દીકરી કેરોલ જન્મથી જ મંદબુદ્ધિની હતી. એ પુત્રીની સારવાર માટે પૈસાની જરૂર ઊભી થતાં તેમણે એક પ્રકાશન સંસ્થા સાથે કેટલીક નવલકથાઓ લખી આપવાનો કરાર કરેલો.

તેમણે તે પછી અપાર અનુકંપા અને કરુણાથી પ્રેરાઇ મંદબુદ્ધિનાં બાળકોની સેવા કરવાનો દૃઢ નિશ્ચય કર્યો. આ નિશ્ચયના પરિપાક રૂપે ઇ.સ. ૧૯૪૯ માં 'સ્વાગત-ગૃહ' ની રચના થઇ. આ એક એવી સંસ્થા હતી કે જે અમેરીકન સૈનિકો દ્વારા એશિયન સ્ત્રીઓની કૂખે જન્મેલાં બાળકોને દત્તક લઇ તેમની સારસંભાળ રાખતી. તેમણે પર્લ એસ.બક નામની એક સંસ્થા પણ સ્થાપી હતી.

પાછળથી પર્લ બક પેન્સિલવેનિયામાં અધ્યાપક બનેલાં. તેઓ એમેરીકાના 'સાહિત્ય કલા કેન્દ્ર' નાં તથા હાર્વર્ડ વિશ્વવિદ્યાલયનાં સભ્ય પણ હતાં. તેમણે 'કમ માય બિલવેડ', 'હિડન ફ્લાવર', 'ગોડ્સ મેન', 'ધ પ્રાઉલ હાર્ટ', 'ઈસ્ટ વિંડ-વેસ્ટ વિંડ', 'ધ મધર', 'કિનફોક', 'ફાર એન્ડ નિઅર', 'ધ પ્રોમિસ', 'ડ્રેગન સીડ', 'ટુડે એન્ડ ફોર એવર', 'અધર ગોડ્સ', 'ધ પેટ્રિએટ', 'એ હાઉસ ઑફ ડિવાઈડેડ', 'ધ ફર્સ્ટ વાઈફ', 'સન્સ', 'ફાઈટીંગ એંજલ', 'એક્ઝાઈલ' અને 'ગુડ અર્થ' જેવી પ્રખ્યાત નવલકથાઓનું સર્જન કર્યું છે.


એમના અપાર સાહિત્યમાં તેમની આત્મકથા 'માય સેવરલ વર્લ્ડસ' અને 'ગુડ અર્થ' સવિશેષ પ્રચલિત છે. 'ગુડ અર્થ' ચીની ગ્રામજીવનના વાસ્તવિક ચિતારને રજૂ કરતી અવી નવલકથા છે કે એમાં થયેલા ચિત્રણ અને વર્ણન જેવું ચિત્રણ અને વર્ણન ભાગ્યેજ બીજે કોઇ ઠેકાણે જોવા મળે !

જીવનનાં અંત સુધી ચીનમાં શ્રદ્ધા ધરાવતાં પર્લ બકને તેમની સાહિત્યસેવા



બદલ ઇ.સ. ૧૯૩૮ માં નોબેલ પારિતોષિકથી સન્માનવામાં આવ્યાં હતાં. જીવનના અંત સુધી તેમણે કલમને હાથમાંથી હેઠે મૂકી ન હતી. 'ધ ગુડ અર્થ' ના અનુસંધાનમાં 'ધ રેડ અર્થ' નવલકથા લખતાં લખતાં ૬, માર્ચ, ઇ.સ. ૧૯૭૩ ના રોજ ૮૦ વર્ષની જૈફ ઉંમરે વરમોન્ટ ખાતે તેમનું અવસાન થયું હતું.

●





## (૨૨૧)

# હેલન કેલર

## (૨૭, જૂન, ઇ.સ. ૧૮૮૦)

જન્મ પછી થોડા જ સમયમાં અંધ અને બધિર બનેલી કોઇ બાળકી એટલી બધી તેજસ્વી હોય કે તે અનેક ભાષાઓ શીખે, કૉલેજ અને યુનિર્સિટીનું શિક્ષણ મેળવે, પુસ્તકો લખે, પ્રવચનો કરે અને સમાજસેવા કરે એને ચમત્કાર નહીં તો બીજું શું કહી શકાય ?આવી એક બાળકીનું નામ હતું હેલન કેલર. તેનો જન્મ ૨૭, જૂન, ૧૮૮૦ ના દિવસે અમેરીકાના આલાબામા રાજયના ટસ્કુમ્બિયા નામના ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ આર્થર કેલર અને માતાનું નામ કેઇથ એડમ્સ હતું. તે તેમના પિતાની બીજીવારની પત્નીનું સંતાન હતાં. તેમની માતા એ જ તેમનું નામ હેલન પાડ્યું હતું.

ઓગણીસ મહિનાની ઉંમરે હેલનને બિમારી આવી. તાવને લીધે તેના મગજ પર ગંભીર અસર થઇ. પરિણામ એ આવ્યું કે તેની જોવાની અને સાંભળવાની શક્તિ ચાલી ગઇ. તે જેમ જેમ મોટી થતી ગઇ તેમ તેમ તેણે સાંકેતિક ભાષાનો ઉપયોગ કરવાનું શીખી લીધું. થોડાં વર્ષો પછી માએ તેની બહેન મિલ્ડ્રેડને જન્મ આપ્યો. એ સાથે જ જાણે માનો પ્રેમ એની પાસેથી લૂંટાઇ ગયો હોય એવી લાગણી એને થઇ આવી.

મોટી થતાં એની માએ હેલનને 'પર્કીન્સ' નામે સંસ્થામાં ભણવા મૂકી. આ સંસ્થામાં હેલનને સેલિવન નામની શિક્ષિકા ભણાવતી હતી. સેલિવને હેલનના ભાવજગતને ઢંઢોળ્યું. તેણે હેલનને ભાષા શીખવવાની શરૂઆત કરી. કંઇ કેટલાય શબ્દો હેલન શીખી ગઇ. હેલન ચતુર હતી, ચાલાક હતી, ઉત્સાહી હતી, જિજ્ઞાસુ હતી. તે પર્કિન્સનાં અંધ બાળકો સાથે હળીમળી ગઇ હતી.



હેલને જાણ્યું કે નોર્વેની એક અંધ અને બધિર છોકરી સરસ બોલતાં શીખી ગઇ છે. તેણે પણ બોલતાં શીખવાની હઠ લીધી. દસ વર્ષની ઉંમરે તેણે બોલતાં શીખવાની શરૂઆત કરી. ધીમે ધીમે એ બોલતાં શીખી ગઇ. હેલનની બુદ્ધિપ્રતિભા અને સ્મરણશક્તિ અદ્‌ભુત હતાં. પર્કિન્સમાં એ સૌની લાડકી બની ગયેલી. તે વખતે 'સેન્ટ નિકોલસ' નામના મેગેઝીનમાં હેલન વિશે લેખ છપાયેલો. બાળપણમાં જ તે ઘણી જાણીતી થઇ ગયેલી. તે બ્રેઇલ સ્લેટના સહારે લખતાં પણ શીખી ગયેલી. હેલને નાનપણમાં જ 'ઓટમ લીવ્ઝ' નામની વાર્તા લખી નાખી હતી. જે તેણે પર્કિન્સના નિયામક એનેગ્નોસને જન્મદિવસની ભેટ તરીકે અર્પણ કરી હતી. તેના પર એ વાર્તાની ચોરીનો આરોપ મૂકાયો ત્યારે તે ખૂબ રડેલી અને હવે પછી કદી નહીં લખવાની પ્રતિજ્ઞા કરેલી. પણ સાહિત્યકાર માર્ક ટ્વેન અને વૈજ્ઞાનિક ગ્રેહામ બેલની સમજાવટ પછી તેણે તે પ્રતિજ્ઞા તોડી.

'યૂથ ક્મ્પેનિયન' માસિકમાં છપાયેલો હેલનનો લેખ 'માય સ્ટોરી' ખૂબ વખણાયો હતો. તે બોલતી પણ તેના ઉચ્ચારો અસ્પષ્ટ હતા. તેની મા અને તેની શિક્ષિકા વિના બીજું કોઇ ભાગ્યે જ સમજી શકતું. હેલનને હવે કૉલેજનું શિક્ષણ મેળવવાની ઇચ્છા થઇ. આ અરસામાં જ તેના પિતાનું અવસાન થયું. હેલન દુઃખી તો થઇ પણ એ સ્વૈરવિહારી હતી. એનાં સ્વપ્નો અને આદર્શો ઊંચા હતાં. તે હાર્વર્ડ વિશ્વવિદ્યાલયની રેડક્લિફમાં પ્રવેશવા ઇચ્છતી હતી. એ તેનું સ્વપ્ન પૂર્ણ કરવા કેમ્બ્રિજમાં દાખલ થઇ.

તેણે તેનું પુસ્તક 'સ્ટોરી ઑફ માય લાઇફ' લખ્યું અને વિવેચકોમાં ખૂબ વખણાયું. આ પુસ્તકના પ્રકાશનથી થયેલી આર્થિક કમાણીમાંથી તેણે રેન્ડહેમમાં એક જૂનું ફાર્મ પણ ખરીદી લીધું. ચાર વર્ષ પછી તે રિડક્લિફમાંથી સ્નાતક થઇ. હવે તેણે અંધજનોની સેવા કરવા વિચાર્યું. હેલને તેના બીજા પુસ્તક 'માય ફ્યુચર એઝ આઇ સી ઇટ' માં તેના જીવનના ઉદ્દેશોની ચર્ચા કરી છે. હવે તેણે અંધજનો માટેની રચનાત્મક પ્રવૃત્તિઓની શરૂઆત પણ કરી. હેલને તેના ત્રીજા પુસ્તક 'ધ

વર્લ્ડ આઈ લિવ ઈન' તેણે અંધ માનવીના મનો જગતની પારદર્શક વાતો કરી છે. હવે હેલનની લોકપ્રિયતા વધવા લાગી હતી.

હેલને તેના ચોથા પુસ્તક 'આઉટ ઑફ ધ ડાર્ક' લખ્યું. જેમાં તેણે સામાજિક સમસ્યાઓ અને પોતાના સામાજિક વિચારોની છણાવટ કરી છે. હેલને શરૂઆતથી જ ધાર્મિક ચિંતન કરેલું. બિશપ બ્રૂક અને સ્વીડન બોર્ગ તેના પ્રેરણાસ્ત્રોત હતા. દયા અને કરુણા એના લોહીના કણકણમાં રસાયેલી હતી. તે વિશ્વબંધુત્વના આદર્શને વરેલી હતી.

આર્થિક તંગી દૂર કરવા તે પ્રવચનો આપવા અમેરીકા ગઈ. તેના અમેરીકાના પ્રવાસ દરમ્યાન માતા કેઈથનું અવસાન થયું. પછી હેલન 'ધ અમેરીકન ફાઉન્ડેશન ફોર ધ બ્લાઈન્ડ' નામની સંસ્થાની કારોબારી સાથે જોડાઈ. અંધજનોની સેવા માટે ફાળો ઉઘરાવવામાં હેલનને સંકોચ થતો. ઉદ્યોગપતિ ફોર્ડે હેલનને સારી મદદ કરેલી. તેણે લગભગ ૧૮ મહિનામાં દસ લાખ ડોલર એકઠા કર્યા હતા. આ સાથે તેની લેખનપ્રવૃત્તિ ચાલુ જ રાખી હતી. ૧૯૨૭ માં તેનું પુસ્તક 'માય રિલિજિયન' પ્રસિદ્ધ થયું હતું. ૧૯૨૯ માં 'મીડ સ્ટ્રીમ' પ્રગટ થયું.

હેલને જીવનના ઉત્તરાર્ધમાં અંધજનોના પ્રશિક્ષણ માટેની વ્યવસ્થા ઊભી કરી. અનેક જાતના ઉદ્યોગો દાખલ કર્યા. તેણે સાંકેતિક ભાષા વિકસાવી અને પ્રશિક્ષિત શિક્ષકો તૈયાર કરવાનું પણ શરૂ કર્યું. તેણે પ્રવચનો માટે જાપાનનો પ્રવાસ પણ કરેલો. બીજા વિશ્વયુદ્ધ વખતે તેણે લશ્કરી ઈસ્પિતાલોમાં જઈ અનેક ઘવાયેલા સૈનિકોની સેવા કરી હતી.

આવી જગતવંદ્ય વિરલ વિભૂતિ હેલન કેલર ૧ લી જૂન, ઈ.સ. ૧૯૬૮ ના દિવસે અવસાન પામી. આપણા દેશના વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ ભારતમાં ભવ્ય સ્વાગત કર્યું હતું.

●





## (૨૨૨)

# પીટર પોલ રુબેન્સ

## (૨૮, જૂન, ઇ.સ. ૧૫૭૭)

વિશ્વના મહાન ચિત્રકારોમાંના મૂળ નેધરલેન્ડના એન્ટવર્પ નગરના વતની પીટર પોલ રુબેન્સનો જન્મ જર્મનીના વેસ્ટેફલિયા પરગણાના સિગન નગરમાં વકીલ પિતા જૉન રુબેન્સ અને મા મારિયા રુબેન્સના ઘરમાં ૨૮, જૂન, ઈ.સ. ૧૫૭૭ ના રોજ છઠ્ઠા બાળક તરીકે થયો હતો. તેને તેનાં અન્ય ભાઈ બહેનોની જેમ સારું શિક્ષણ મળેલું. રુબેન્સ દસ વર્ષનો હતો ત્યારે પિતાનું અવસાન થવાથી માતા તેમનાં સંતાનો સાથે વતનમાં રહેવા આવી ગયેલી. તેની ઉંમર તેર વર્ષની થઈ ત્યારે તેની બહેનનાં લગ્ન લેવાયેલાં. લગ્નના ખર્ચને પહોંચી વળવા અભ્યાસ છોડી દઈ લેલેઈંગની કાઉન્ટેસને ત્યાં નોકર તરીકે એણે કામ શરૂ કરેલું. આ ઓછી આવકવાળી નોકરી કરવી એને ગમતી ન હતી. છતાં અહીં એને એટલો ફાયદો જરૂર થયો કે દરબારી રીતરસમોથી તે પરિચિત થઈ ગયેલો.

છેવટે એણે નોકરી છોડી. એની ઈચ્છા તો ચિત્રકાર થવાની હતી. ચિત્રકલાના જ્ઞાન અને તાલીમ મેળવવા એ ચિત્રકાર ટોબિયસ પાસે પહોંચી ગયો. પણ એને ત્યાં એ ઝાઝું ટકેલો નહીં. એણે ઓટો વાન વીન અને આદમ વાન નૂર્ટ પાસેથી ચિત્રકલાની તાલીમ મેળવેલી. ચિત્રકલાની તાલીમ મેળવ્યા પછી એ એન્ટવર્પની કલામંડળીમાં માસ્ટર તરીકે નિમણૂંક પામેલો.

બાવીસ વર્ષની ઉંમરે ઈટાલી જઈ માન્ટુઆના ડ્યૂકને ત્યાં નોકરીમાં જોડાઈ ગયેલો. કલાના શોખીન ડ્યૂક પાસે કલાના ઉત્તમ નમૂનાઓનો મોટો સંગ્રહ હતો. તેને આ સંગ્રહમાની કેટલીક બેનમૂન કૃતિઓની આકૃતિઓ તૈયાર કરવાનું કામ

સોંપાયેલું. તેણે રોમ અને ફલોરેન્સની કળાવિષયક મુલાકાતો પણ લીધેલી. રુબેન્સ માન્ટુઆમાં હતો ત્યારે તેને જેરૂસલેમના સાંતાક્રોસ દેવળની વેદિ માટે ત્રણ ચિત્રાકૃતિઓ તૈયાર કરવાનું કામ મળેલું. તેણે બીબીઢાળ કામથી કંટાળી આખરે ડ્યૂકની નોકરી છોડી દીધેલી અને ઇ.સ. ૧૬૦૭ માં એ ઇટાલીના રોમ નગરમાં ચાલ્યો ગયેલો. એવામાં માની માંદગીના સમાચાર મળતાં એ એન્ટવર્પ જવા ચાલી નીકળેલો. પણ એ ઘેર પહોંચે તે પહેલાં મા સ્વર્ગે સીધાવી ગયેલી. એ પછી નેધરલેન્ડના ડ્યૂકે એને રોમ પાછો ન જવા દેતાં પોતાને ત્યાં નોકરીમાં રાખી લીધેલો.

રુબેન્સની ચિત્રકાર તરીકેની ખ્યાતિ આખા યુરોપમાં ફેલાઇ ગઇ હતી. તેની કલાકૃતિઓ **'The Raising a Cross'** અને **'The Descent from the Cross'** જગવિખ્યાત બુની ચૂકી હતી. તેની એ બંને કલાકૃતિઓ ઇટાલીઅન શૈલીની હતી. ડ્યૂકના અવસાન બાદ રુબેન્સ રાણી ઇન્ફન્ટા ઝાબેલાનો પરમ વિશ્વાસુ દરબારી બની ગયો હતો. આ અરસામાં ઘણાં નવાં નિર્માણ પામતાં દેવળોનું કામ એને મળેલું. એન્ટવર્પમાં જેસ્યુઇટ દેવળને શણગારવા ૩૯ ચિત્રો તૈયાર કરવાનું કામ રાણી ઇજાબેલાએ તેને સોંપેલું. આ ભગીરથ કાર્ય તેણે માત્ર નવ મહિનામાં જ પાર પાડેલું. દેવળની રચનાની રૂપરેખા તૈયાર કરવામાં રુબેન્સે ઘણો મોટો ભજવેલો. પણ દુઃખની વાત તો એ બનેલી કે દેવળમાં આગ ફાટી નીકળતાં એનાં બધાં ચિત્રો બળી ગયેલાં.


ફ્રાન્સન રાજા હેન્રી ચોથાએ આ કલાકાર પાસે ૧૨ ટેપેસ્ટ્રી અને ૨૫ મોટાં ચિત્રો તૈયાર કરાવેલાં. ઇ.સ. ૧૬૨૯ માં ઇંગ્લેન્ડ જઇ તેણે રાજા ચાર્લ્સ પહેલાના બેન્કવેટ હોલને શણગારવા માટે ૯ ચિત્રો દોરેલાં. રુબેન્સની કલા જોઇ ચાર્લ્સ પહેલો તેના પર ફિદા થઇ ગયેલો. તેણે રુબેન્સના કામની કદર રૂપે 'સર' ના ઇલકાબથી તેને નવાજેલો. રાણી ઇઝાબેલાના દૂત તરીકે એણે સ્પેનની ફરી મુલાકાત લઇ રાજા ફિલિપ માટે ૧૨૦ ચિત્રો તૈયાર કરેલાં.



રુબેન્સે ઇ.સ. ૧૬૦૯ માં ઇઝાબેલા બ્રાન્ટ સાથે લગ્ન કર્યું હતું. પણ તે ઇ.સ. ૧૬૨૬ માં અવસાન પામેલી. તે પછી ઇ.સ. ૧૬૩૦ માં ત્રેપન વર્ષની ઉંમરે તેણે હેલેના નામની સ્ત્રી સાથે ફરી લગ્ન કરેલું. રુબેન્સ પોતે ખૂબ જ દેખાવડો હતો. એનું કૌટુંબિક જીવન સુખ અને સમૃદ્ધિથી હર્યુંભર્યું હતું. તે એક પ્રતિભાશાળી કલાકાર હતો. પિસારોને બાદ કરતાં બીજા કોઇ ચિત્રકારે એના જેટલી ચિત્રાકૃતિઓ બનાવી નથી. તે માતૃભાષા ફલેમિશ ઉપરાંત ઇટાલીઅન, ફ્રેન્ચ, સ્પેનિસ અને લેટિન ભાષાઓનો જાણકાર હતો.

તેણે સ્ત્રીનાં મનમોહક નગ્ન ચિત્રો ચીતર્યાં છે. કેનવાસ કરતાં પેનલ પર ચીતરવાનું એને વધુ પસંદ હતું. એનાં ચિત્રો ગતિનો આભાસ ઊભો કરતાં. એની જગવિખ્યાત કલાકૃતિ **'The three Gracec'** એણે એની એકસઠ વર્ષની ઉંમરે તૈયાર કરેલી. ફ્રાન્સના દાલાક્રોવા તથા રેન્વાર જેવા ચિત્રકારો એનાથી પ્રભાવિત થયા હતા.

એક સારો ચિત્રકાર હોવાની સાથે રુબેન્સ કુશળ રાજનિતિજ્ઞ પણ હતો. ૬૨ વર્ષની ઉંમરે આ મહાન અને પ્રતિભાશાળી ચિત્રકાર ૩૦, મે, ઇ.સ. ૧૬૪૦ ના રોજ જગતને હંમેશ માટે અલવિદા કરી ગયેલો.





## (૨૨૩)

# ચંદ્રિકા કુમારતુંગા

## (૨૯, જૂન, ઇ.સ. ૧૯૪૫)

ભારતની દક્ષિણે મનારના અખાતની પેલે પાર હિંદી મહાસાગરમાં આવેલા ૬૫,૬૧૦ ચોરસ કિલોમિટરનું ક્ષેત્રફળ ધરાવતા ટાપુ દેશ શ્રીલંકાના ભૂતપૂર્વ વડાપ્રધાનો સોલોમાન બંડારનાયકે અને શ્રીમતી સિરિમાવો બંડારનાયકેની વડાપ્રધાન પુત્રી ચંદ્રિકા કુમારતુંગાનો જન્મ માતા-પિતાના બીજા સંતાન રૂપે ૨૯, જૂન, ઈ.સ. ૧૯૪૫ ના રોજ થયો હતો. એટલે ચંદ્રિકા કુમારતુંગાને રાજકારણના પાઠ ગળથૂંથીમાંથી જ શીખવા મળેલા. તેઓએ પોતાના વતનમાંથી જ શાળા કક્ષાનું શિક્ષણ લીધેલું. કૉલેજ કક્ષાનો અભ્યાસ કરવા માટે તેઓ ફ્રાન્સ ગયાં હતાં. તે પછી તેઓ ઈ.સ. ૧૯૭૦ માં શ્રીલંકા પાછાં ફર્યા હતાં. તે સમયે શ્રીલંકાના પ્રમુખ પદે એમનાં માતા સિરિમાવો બંડારનાયકે બિરાજતાં હતાં.

તેમના પિતાજી સોલોમન બંડારનાયકે ઈ.સ. ૧૯૫૬ થી ત્રણ વર્ષના સમયગાળા સુધી વડાપ્રધાન પદે રહી ચૂક્યા હતા. એક બૌદ્ધ સાધુએ તેમની હત્યા કરી દીધી હતી. તેમના પિતાની હત્યા થઇ ત્યારે ચંદ્રિકાની ઉંમર ચૌદ વર્ષની હતી. આટલી કાચી ઉંમરે તેમણે પિતાની છત્રછાયા ગુમાવી દીધી હતી. ફ્રાન્સથી સ્નાતકની ઉપાધિ લઈ દેશમાં પરત આવી તેમણે માતાના પગલે પગલે રાજકારણમાં અને સમાજસેવામાં રસ લેવો શરૂ કર્યો હતો. તેમણે સરકારી ખેતીક્ષેત્રે ઘણું મહત્વનું પ્રદાન કરેલું.

તેઓ કેટલાક સમય માટે ભારત આવી નવી દિલ્હીની જવાહરલાલ નહેરુ વિશ્વવિદ્યાલયમાં માનદ્ લેક્ચરર તરીકે પણ સેવા આપતાં હતાં. પત્રકારત્વમાં



પણ તેમને રસ હતો. તેથી તેમણે તેમના દેશમાં એક જાણીતા અખબારનું સંચાલન કરવાની જવાબદારી પણ નિભાવેલી.

તેઓ ઉંમરલાયક થતાં તેમની માતાએ તેમના વિવાહ નક્કી કરી દીધેલા પણ તેઓ ભાવિ પતિ સાથે લગ્નના બંધનમાં બંધાય તે પહેલાં જ એ સગાઈ પર વિધિની વક્ર દ્રષ્ટિ પડવાથી તેમના થનાર પતિનું કાર અકસ્માતમાં અવસાન થયેલું. આ આઘાતમાંથી બહાર આવ્યા પછી ઈ.સ. ૧૯૭૮ માં તેત્રીસ વર્ષની ઉંમરે તે સમયના શ્રીલંકાના લોકપ્રિય ફિલ્મ અભિનેતા વિજયકુમારતુંગા સાથે પ્રભુતામાં પગલાં માંડ્યાં હતાં.

તેઓ ભારતના તામિલ ભાષાના ફિલ્મ નિર્માતા અને અભિનેતા અને પાછળથી તામિલનાડુના મુખ્યમંત્રી બનેલા એમ.જી. રામચંદ્રથી ખૂબ પ્રભાવિત થયાં હતાં. તેઓ અમે.જી. રામચંદ્રના આશીર્વાદ લેવા શ્રીલંકાથી પતિ સાથે ભારત આવ્યા હતાં. એમ.જી. રામચંદ્રન પણ પાકા રાજકારણી હતા. ચંદ્રિકાએ તેમની પાસેથી રાજકારણની દીક્ષા લીધેલી. તે પછી પોતાના દેશમાં જઈ તેમણે 'શ્રીલંકા મહાજન' પક્ષની સ્થાપના કરેલી. તેમના પક્ષની લોકપ્રિયતા વધતાં પછીથી તેમણે 'યુનાઇટેડ સોસિઆલિસ્ટ એલાયન્સ' ની સ્થાપના કરેલી.

તેમના દસ વર્ષના પ્રસન્ન દામ્પત્યજીવન બાદ ઈ.સ. ૧૯૮૮ માં તેમના પતિની હત્યા થતાં ૪૩ વર્ષની ભર યુવાન વયે તેમને વૈધવ્ય વેઠવાનો વારો આવેલો. પતિના અવસાનથી તેઓ ખૂબ જ વ્યથિત થઇ ગયાં હતાં. છેવટે તેમણે ઈંગ્લેન્ડ જવાનું યોગ્ય સમજેલું. અને તેઓ લંડન ચાલ્યાં ગયેલાં. પતિના અવસાનથી જન્મેલા આઘાતના વજ્રાઘાતમાંથી બહાર આવ્યા પછી ઈ.સ. ૧૯૯૦ માં તેઓ શ્રીલંકા પાછાં ફર્યા હતાં. પાછાં ફરીને તેમણે રાજકારણમાં સક્રિય બનીને 'બહુજન નિઘાસ' નામના પક્ષની સ્થાપના કરી હતી. સાથે સાથે તેઓ તેમની માતાએ સ્થાપેલી 'શ્રીલંકા ફ્રીડમ પાર્ટી' ની જવાબદારી પણ સંભાળવા લાગેલાં. તે પછી તેમની માતાએ તેમનું હીર પારખીને તેમને રાજકીય વારસદાર તરીકે આગળ કરેલાં.

ઈ.સ. ૧૯૯૩ માં તેઓ શ્રીલંકાની પશ્ચિમ પ્રાંત પરિષદની ચૂંટણીમાં જીત મેળવીને શ્રીલંકાનાં પ્રથમ સ્ત્રી મુખ્યમંત્રી બનેલાં.

તે જ વર્ષે હાથ ધરાયેલી શ્રીલંકાની સંસદીય ચૂંટણીમાં તેમણે તેમની વ્યક્તિગત પ્રતિભાથી પ્રચારકાર્યમાં ઝંપલાવેલું. તેમના વ્યક્તિત્વનો ત્યારે એવો જાદુ ચાલેલો કે તેમના ‘પીપલ્સ એલાયન્સ’ ને ૨૨૫ બેઠકોમાંથી ૧૦૫ બેઠકો પર જીત મળેલી. તેમણે ખૂટતી બેઠકો માટે વિરોધપક્ષો સાથે સમજૂતી કરેલી અને એ રીતે સંસદમાં બહુમતી પ્રાપ્ત કરી વર્ષોથી શ્રીલંકામાં શાસન ચલાવતી ‘યુનાઈટેડ નેશનલ પાર્ટી’ ને પરાસ્ત કરી તેઓ પક્ષના નેતા અને વડાપ્રધાન બનેલાં. તેમણે તેમનાં વયોવૃદ્ધ માતાને તેમના મંત્રીમંડળમાં સામેલ કર્યા હતાં.

જેમનાં માતા-પિતા કોઈ દેશના વડાપ્રધાનપદે રહી ચૂક્યાં હોય એવાં ચંદ્રિકા કુમારતુંગે વિશ્વના પ્રથમ મહિલા વડાપ્રધાન છે. તેઓ સાથે વિદેશની પાંચ ભાષાઓ ઉપર તેમનું પ્રભુત્વ છે. તેમને સંતાનોમાં એક પુત્રી અને એક પુત્ર છે.

●



## (૨૨૪)

# ઝેસ્લો મિલોઝ

## (૩૦, જૂન, ઇ.સ. ૧૯૧૧)

જેમનાં કાવ્યોની એકેએક પંક્તિ પોલેન્ડની સાહિત્ય પરંપરાને આભારી છે તેવા સંસ્કૃતિ અને સંસ્કારિતાના કવિ ઝેસ્લો મિલોઝનો જન્મ પોલેન્ડના લિથુઆનિઆમાં ૩૦, જૂન, ઈ.સ. ૧૯૧૧ ના રોજ એંન્જિનિયર પિતાને ત્યાં થયો હતો. તે સમયે લિથુઆનિઆ પર રશિયાના ઝારનું શાસન હતું. આને કારણે જર્મનીએ લિથુઆનિઆ પર આક્રમણ કર્યું ત્યારે મિલોઝના પિતાને લશ્કરમાં ભરતી થઈ યુદ્ધ મોરચે લડવા જવું પડેલું.

શાળાના અભ્યાસકાળ દરમ્યાન કવિતા સર્જનનું જેને ઘેલું લાગ્યું હતું. તેવા મિલોઝે ઈ.સ. ૧૯૩૦ ના દાયકામાં કવિતા ક્ષેત્રે નવા પ્રવાહનો આરંભ કરેલો. બીજા વિશ્વયુદ્ધ સમયે તેમણે પોલિશ-પ્રતિકારમાં ભાગ લીધો હતો. તેઓ પોલિશ ડિપ્લોમેટિક સર્વિસના સભ્ય પણ હતા. ઈ.સ. ૧૯૬૦ માં તેઓ અમેરીકા ગયા હતા. દસ વર્ષ બાદ તેમણે અમેરીકાનું નાગરિકત્વ સ્વીકારી લીધું હતું. તેઓ સત્તર વર્ષ સુધી બર્કલેની કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં સ્લાવિક સાહિત્ય અને ભાષાઓના પ્રાધ્યાપક તરીકે કામગીરી બજાવી હતી.

મિલોઝ વીસમી સદીના ખૂબ જ પ્રતિભાસંપન્ન કવિ છે. એમાં કોઈ બેમત નથી. તેમની કવિતામાં મોટે ભાગે ધારદાર વ્યંગ્ય, કટુતા અને અપરાધ ભાવની વેધકતા સાથે અપ્રતિમ સૌંદર્યની અભિવ્યક્તિ જોવા મળે છે.

તેમની ૨૧ વર્ષની ઉંમર તેમનો સૌ પ્રથમ કાવ્યસંગ્રહ ‘‘ પોએમ ઑફ ફ્રોઝન ટાઈમ ’’ પ્રગટ થયો હતો. આ કાવ્યસંગ્રહ પ્રકાશિત થતાં જ સૌનું ધ્યાન આ યુવાન કવિ તરફ ખેંચાયું હતું. તેમની કવિતામાં તેમની સમાજવાદી વિચારસરણની

છાયા પડેલી સ્પષ્ટ જોઈ શકાય છે. ઈ.સ. ૧૯૫૩ માં પ્રગટ થયેલો તેમનો નિબંધ સંગ્રહ '' ધ કેપ્ટિવ માઈન્ડ '' ખૂબ જ પ્રસિદ્ધ પામ્યો હતો.

સાહિત્યને વરેલા મિલોઝે બિલના વિશ્વવિદ્યાલયમાંથી કાયદાની ડિગ્રી મેળવી હતી. આ પછી તેઓ સાહિત્યના અભ્યાસ માટે પેરિસ ચાલ્યા ગયા હતા. તેમણે નાઝીઓનો પૂરજોશમાં વિરોધ કરેલો. તેમનો કાવ્યસંગ્રહ ''રેસ્ક્યૂ'' સામ્યવાદી પોલેન્ડમાં પ્રગટ થયેલો. બીજા વિશ્વયુદ્ધ બાદ મિલોઝને પોલેન્ડના અમેરીકન રાજદૂતવાસમાં કામગીરી બજાવવાની તક સોંપડી હતી. તેઓ પોલેન્ડ સાથેના સંબંધોનો ત્યાગ કરી ફ્રાન્સમાં જઈ વસ્યા હતા. અહીં દસેક વર્ષનો સમય પસાર કરી તેઓ અમેરીકા જઈ વસ્યા હતા. 'નેટિવ રેલ્મ', 'પ્રાઈવેટ ઓ બ્લિગેશન', 'ધ ઈસ્સા વેલી' અને 'બૈલ્સ ઈન ધ વિન્ટર' તેમના જાણીતા કાવ્યસંગ્રહ છે.

તેમણે 'ચાઈલ્ડ ઑફ યૂરપ' નામનું આઠ ખંડનું કાવ્ય અંતરના ઊંડાણમાંથી પ્રગટેલી વેદના સાથે લખેલું છે. આ કવિતા વિશ્વયુદ્ધોની કરુણતમ વિભીષિકાના ઓથારમાં લખાઈ હોય એમ લાગ્યા વગર રહેતું નથી. કરુણતાની સાથે સાથે તેમણે માનવીના હૃદયમાંથી ફૂટતી કોમળ લાગણીઓ અને માનવપ્રેમ તથા પ્રકૃતિનાં હૃદયંગમ ચિત્રો આલેખ્યાં છે.

ઈ.સ. ૧૯૭૮ માં કવિ મિલોઝને સાહિત્યનો ન્યૂસ્ટાઈડ ઈન્ટર નેશનલ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. તે પછી ઈ.સ. ૧૯૮૦ માં વિશ્વનો શ્રેષ્ઠ નોબેલ પુરસ્કાર મેળવવા તેઓ ભાગ્યશાળી બનેલા. મોટા ભાગના વિવેચકોએ ચિંતનપ્રધાન કવિ તરીકે બિરદાવ્યા છે. તેઓ તેમના જમાનાના ઉત્તમ કવિ હતા.





## (૨૨૫)

# કલ્પના ચાવલા

## (૧, જુલાઈ, ઈ.સ. ૧૯૬૧)

અંતરિક્ષ યાન 'કોલંબિયા', એસ.ટી.એસ. ૧૦૭માં અંતરિક્ષ યાત્રાએ ગયેલી સાહસિક વૈજ્ઞાનિક કલ્પના ચાવલાનો જન્મ હરિયાણાના કરનાલ નામના ગામમાં ૧, જુલાઈ, ઈ.સ. ૧૯૬૧ના રોજ થયો હતો. એનો પરિવાર દેશના ભાગલા પડ્યા ત્યારે પાકિસ્તાનમાંથી ભારત આવીને કરનાલમાં વસ્યો હતો. તેના પિતા બનારસીલાલ હાલ અમેરિકામાં વસવાટ કરે છે. તેની માતાનું નામ સંયોગિતાદેવી હતું. તેનું મૂળ વતન તો લાહોર પાસે આવેલું ગામ શેખપુર. કલ્પનાને દીપા અને સુનિતા નામની બે બહેનો અને સંજય નામનો ભાઈ હતો. એ બધામાં કલ્પના સૌથી નાની.

બાળપણથી આકાશને અવલોકવામાં એને રસ પડતો. આકાશદર્શનના શોખમાંથી એનામાં જિજ્ઞાસા જાગેલી. તેને ઘણીવાર આકાશમાં ઊડવાનું મન થઈ આવતું. તે પોતાની જાતને આકશગંગાની નાગરિક માનતી. પછી તેણે ભણવામાં જ મન પરોવેલું. તેણે ટાગોર બાલનિકેતન સંસ્થામાંથી પ્રાથમિક શિક્ષણ લીધેલું. ત્યાં જ માધ્યમિક શિક્ષણ પૂરૂ કરીને તે ઉચ્ચ અભ્યાસ માટે કરનાલની દયાલસિંઘ કોલેજમાં દાખલ થયેલી. તે પછી પંજાબ એન્જિનિયરીંગનો અભ્યાસ શરૂ કરેલો. એ સમયે આ અભ્યાસક્રમમાં જોડાનાર એ સૌ પ્રથમ વિદ્યાર્થિની હતી.

એ સંસ્થામાં અભ્યાસ પૂરો કર્યા પછી કલ્પના ખાસ અભ્યાસ માટે અમેરિકા ગયેલી. ત્યાં જઈ તેણે ટેક્સાસ યુનિવર્સિટીમાં એડમિશન લીધેલું. એ કોલેજમાંથી તેણે અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરેલી. કે પછી ઈ.સ. ૧૯૮૮માં કોલારાડો

યુનિવર્સિટીમાંથી તેણે પી.એચ.ડી.ની પદવી હાંસલ કરેલી. તેનું સ્વપ્ન 'એવરેસ્ટ મેથેડ્સ ઈન કોર્પોરેશન'માં જોડાવવાનું હતું. પછી તેણે સંશોધનમાં રસ કેળવવા માંડેલો. રાતદિવસ સંશોધનમાં રચીરપી રહેનાર તેણે 'એરડાયનામિકસ' ના ક્ષેત્રમાં નવી ટેકનિક શોધી કાઢેલી.

પણ તેના અંતરની પૃષ્ઠભૂમિ પર તો આકાશની ઊડતી પરી બનવાનું ચિત્ર અંકિત થયેલું હતું. એ દરમ્યાન તેણે ઝયાં પિયરે હેરિસ સાથે લગ્ન્ કરી લઈ અમેરિકાનું નાગરિકત્વ સ્વીકારી લીધેલું. એક દિવસ તેની નજર 'નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન' (નાસા)ની અંતરિક્ષયાત્રીઓની જાહેરાત પર પડી. એનો માંહ્યલો નાચી ઉઠ્યો. તેણે તે માટે અરજી કરી અને ઈ.સ. ૧૯૯૨માં સફળ થયેલા ૧૯ ઉમેદવારોમાં તેની પસંદગી થઈ ગયેલી.

કલ્પનાએ તેના સાન ફ્રાન્સિસકોના નિવાસ દરમ્યાન પાયલટ તરીકેનું લાયસન્સ મેળવી લીધેલું. નાસામાં પસંદગી થયા પછી તેને તાલીમ લેવા જવાનું થયું. તાલીમ માટે તે જોનસન અંતરિક્ષ કેન્દ્રમાં જોડાયેલી. આ તાલીમ ખૂબ જ આકરી અને જોખમોથી ભરેલી હતી. તાલીમ પૂરી થઈ જતા પહેલાં મિશનને હાથ ધરવામાં આવેલું. યાનનો સ્પાર્ટન સેટેલાઈટ નિષ્ફળ ગયો. પરિણામ એ આવ્યું કે કલ્પનાની ક્ષમતા અંગે અનેક સવાલો ઊભા થયા. એના પર ભૂલનો આરોપ મૂક્યો. નાસાના નિયમ મુજબ ભૂલની માફી મળી શકતી નથી. પણ, એ ભૂલ સાવ સાધારણ અને નાની હોવાથી તથા કલ્પના ખૂબ જ ઉચ્ચકોટિની અંતરિક્ષયાત્રી હોવાને કારણે નાસાએ તેની ભૂલ માફ કરેલી. છેવટે તેને ઈ.સ. ૨૦૦૦ની સાલમાં એસટીએસ-૧૦૭ અંતરિક્ષના ઉડ્ડયન માટે પસંદ કરવામાં આવેલી.

૨૦૦૩ની એના જીવનની બીજી યાત્રાએ એ ઉડેલી ત્યારે તેને ખબર પણ નહીં હોય કે જે અંતરિક્ષયાત્રા માટે તે અતિશય વ્યગ્ર અને બેચેન બની ગઈ હતી તે તેના જીવનની આખરી યાત્રા બની રહેશે. કોલંબિયા યાને ઉડાન ભર્યા પછી



૧૬ દિવસ પછી એને ધરતી પર પાછા ઉતરવાનું હતું. પણ દુઃખની વાત તો એ બની કે યાન ધરતી પર ઉતરે તે પહેલાં જ અવકાશમાં બળીને ખાખ થઈ ગયેલું. તેના મૃત્યુ પામેલા સાત અવકાશયાત્રીઓમાં એક કલ્પના ચાવલા પણ હતી. એ ભલે ટૂંકી જિંદગી પછી અવસાન પામી પણ તેનું મોત એળે ગયું નથી. તે દેશ અને દુનિયામાં યુવાન-યુવતીઓ માટે પ્રેરણામૂર્તિ બની રહી છે. તે મરીને સંદેશો મૂકતી ગઈ છે કે, 'તમે એવું જીવન જીવી જાઓ કે આખું જગત તમારા તરફ જોતું થઈ જાય.' તે તો મરીને પણ દેશ અને દુનિયાના ઈતિહાસમાં અમર બની ગઈ ચે. આ કરૂણ ઘટના ૧૬, જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ બની હતી. તેના અવસાન બાદ કોંગ્રેશનલ સ્પેસ મેડલ ઓફ ઓનર, નાસા સ્પેસ ફ્લાઈટ મેડલ અને નાસા ડિસ્ટિંગ્વિસ સર્વિસ મેડલ જેવાં મરણોત્તર સન્માનો એનાયત થયેલાં.

●



## (૨૨૬)

# વિસ્લાવા શિચોસીકા

## ( ૨ જુલાઈ, ઈ.સ. ૧૯૨૩)

ગ્યૂઈથે પુરસ્કાર, હાર્ડર પુરસ્કાર, પોલિશ પેન ક્લબ પુરસ્કાર અને ઈ.સ. ૧૯૯૬માં નોબેલ પુરસ્કાર પ્રાપ્ત કરનાર પોલેન્ડની પ્રથમ પંક્તિની કવિયત્રી વિસ્લાવા શિચોસીકાનો જન્મ ૨ જુલાઈ, ઈ.સ. ૧૯૨૩ના રોજ પશ્ચિમી પોલેન્ડના કાર્નિક નામના સ્થળે થયો હતો. માનવજીવનના સત્યને પામવા સદાય મથામણ કરતી રહેલી તેણે જેગોલિયન વિશ્વિદ્યાલયમાંથી પોલિશ સાહિત્ય અને સમાજશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. તે પછી ક્રેકોના સાહિત્યિક મેગેઝીન 'જિસ્સી લિપ્રેટી'ના કાવ્ય વિભાગની સંપાદિકા બની હતી.

વિસ્લાવા વાસ્તવદર્શી કવિયત્રી છે. તેની કવિતા રોજબરોજના વિવિધરંગી અનુભવોથી રસાયેલી છે. કવિતા દ્વારા વાસ્તિવિક અનુભવોને મૂર્તરૂપ આપવું તેનું કવિકર્મ રહ્યું છે. માનવજીવનમાં ધર્મ-અધર્મ, નીતિ-અનીતિ, સત્ય-અસત્ય જેવી ઉદભવતી વિડંબનાઓને તેણે તેનાં કાવ્યો દ્વારા વાચા આપી છે. તેની કવિતાની લાક્ષણિકતા છે વ્યંગ. 'એન ઓપિનિયન ઓન ધ ક્વેશ્ચયન ઓફ પોર્નોગ્રાફી'માં તેમની વ્યંજના સભર કવિતા જોવા મળે છે.

ઈ.સ. ૧૯૫૨થી ૧૯૯૬ સુધીના ચુંમાળીસ વર્ષના સમયગાળામાં આ કવિયત્રીના સોળેક કાવ્યસંગ્રહો પ્રકાશિત થઈ ચૂક્યા છે. મૌલિક કાવ્યસર્જનની સાથે સાથે તેણે ફ્રેન્ચ કવિતાના અનેક અનુવાદો પણ કરેલા છે. તેની પોતાની ઘણી બધી કવિતાઓ અંગ્રેજી, હિબ્રૂ, હંગેરિયન, સ્વીડિશ, રોમન, બલ્ગેરિયન, ચેક, સ્લોયાક અને ડેનિસ જેવી અનેક ભાષાઓમાં અનુદિત થઈ છે.

વિસ્લોવાન સર્જનનો ખરો નિખાર તો ઈ.સ. ૧૯૮૬માં પ્રકાશિત થયેલા




તેના કાવ્યસંગ્રહ 'પીપલ ઓન ધ બ્રિજ'માં જોવા મળે છે. આ તેનો મહત્વનો કાવ્યસંગ્રહ ગણાય છે. આ સંગ્રહની કવિતાઓએ જ વિસ્લાવાને સાહિત્ય જગતનો વિખ્યાત 'નોબેલ પુરસ્કાર' અપાવ્યો હોય એવું જણાય છે. આ કાવ્યસંગ્રહમાં માનવજીવનના સુખ-અસુખના દ્વંદ્વને વ્યક્ત કરતાં બાવીસ કાવ્યો સંગ્રહવમાં આવ્યાં છે. આ સંગ્રહનું એકએક કાવ્ય પહેલ પાડેલાં હીરા જેવું કિંમતી છે.

વિસ્લોવાની કાવ્યસૃષ્ટિ વીસમી સદીની યુરોપિયન કવિતાનો અવાજ બનીને સામે આવે છે. હા, એ વાત સ્વીકારવી જ પડશે કે વિસ્લાવા પોલીશ કવિયત્રી નથી. તેનો કાવ્યફલક વિશ્વની સમગ્ર ચેતનાને પોતાનામાં ભરી દે છે. આ અર્થમાં તેની કવિતા પ્રાદેશિક મટીને વૈશ્વિક બની જાય ચે. તેની આ વૈશ્વિક કવિતાઓનું મૂલ્ય અમૂલ્ય છે.

સ્વિડીશ અકાદમીએ પુરસ્કાર વખતે કહેલું કે, '' વિસ્લાવા શિચોસીકાનાં કાવ્યો તેની વિલક્ષણ શૈલીને લીધે અન્ય ભાષાઓમાં ઉતારવાં અઘરૂં કામ છે.'' તેમ છતાં આજે વિશ્વની અનેક ભાષાઓમાં તે અનુવાદ પામ્યાં છે. નોબેલ પુરસ્કાર માટે તેના નામની જાહેરાત થઈ ત્યારે પ્રતિભાવરૂપે તેણએ કહેલું કે ''હું ચકિત છું, સ્તબ્ધ છું, અને ભયભીત પણ. ભયભીત એટલા માટે કે મને હવે કોઈ સામાન્ય જિંદગી જીવવા દેશે નહીં.''

'ધેટ્સ વાય વી આર અલાઈવ', 'ક્વેશ્ચનિંગ વન સેલ્ફ', 'કોલિંગ આઉટ ટુ યેતિ', 'સોલ', 'એ હંડ્રેડ આઈઝ', 'પીપલ ઓન ધ બ્રિજ', 'સાઉન્ડ ફીલિંગ્સ થોટ્સ', 'ઓન ડેથ વિધાઉટ એક્ઝાઝરેશન', 'ધ થ્રી ઓડેસ્ટ વર્લ્ડર્સ', 'પોસિબિલિટીઝ' અને 'ધ જોય ઓફ રાઈટિંગ' તેમાં વિશ્વવિખ્યાત સર્જનો છે. આજે આ કવિયત્રી માત્ર પોલેન્ડની જ નહીં, સમગ્ર જગતની સુપ્રસિદ્ધ કવિયત્રી બની ચૂકી છે.



## (૨૨૭)

# હરમાન હેસ

## (૨ જુલાઈ, ઈ.સ. ૧૮૭૭)

ભારતીય સંસ્કૃતિ અને સાહિત્ય પ્રત્યે પારાવાર પ્રેમ દાખવનાર પ્રસિદ્ધ જર્મન સાહિત્યકાર હરમાન હેસનો જન્મ ઈસ્ટોનિયાના બાલ્ટિક જર્મન પિતાને ત્યાં ૨ જુલાઈ, ઈ.સ. ૧૮૭૭ના રોજ થયો હતો. તેમની માતાનું નામ મેરી ઈસનબર્ગ હતું જેઓ ભારતમાં જન્મેલાં હતાં. તેથી હરમાન હેસના સાહિત્ય પર ભારતીય સંસ્કૃતિની પ્રબળ અસર થયેલી જોવા મળે છે. તેમની માતાને સંગીત અને સાહિત્ય પ્રત્યે અધિક રૂચિ હતી. તેઓ કાવ્ય સર્જન પણ કરતાં. સાહિત્યના સંસ્કાર હેસને માતા પાસેથી ગળથૂથીમાંથી જ મળેલા. તેઓ સદાય પ્રકૃતિના ખોળે ખેલવામાં વ્યસ્ત રહેતા હતાં. આથી એમની દૃષ્ટિ અને ભાવજગત સૌદર્યમય બન્યાં હતાં.

નાની ઉંમરમાં જ એમણે સર્જક થવાનો સંકલ્પ કરેલો. બાલ્યવસ્થામાં તેમણે એક પુસ્તકના વેપારીને ત્યાં અને ઘડિયાળીને ત્યાં નોકરી કરી હતી. તેઓ જર્મન હોવા છતાં રમણીય દેશ સ્વીટ્ઝરલેન્ડમાં આવી વસેલા. ભારતીય રહસ્યવાદમાં તેમને ખૂબ જ રસ અને આસ્થા હતાં.

ઈ.સ. ૧૯૧૧માં હરમાન ભારત આવ્યા હતા ત્યારે તેમની ઉંમર ૩૪ વર્ષની હતી. ભારત યાત્રા વિશેના તેમના અનુભવો તેમણે ફ્રોમ ઈન્ડિયા.... નામના પુસ્તકમાં વર્ણવ્યા છે. ભારતના પ્રવાસ પછી જ, ભારતીય પરિવેશને સ્પર્શતી નવલકથા સિદ્ધાર્થ ....નું ઈ.સ. ૧૯૨૩માં સર્જન કર્યું હતું. આ નવલકથામાં ભારતીય સમાજની જીવનશૈલી અને ભારતીય તત્વજ્ઞાન ઉજાગર થયાં છે. આ નવલકથા ઉપરથી ભારતીય કલાકારોને લઈ કોનરેડ રૂકસે એક ફિલ્મનું નિર્માણ



પણ કર્યું હતું. કોઈ એમ માનવાની ભૂલ ન કરે કે તેમની નવલકથા સિદ્ધાર્થ.... ભગવાન ગૌતમ બુદ્ધના જીવન પર લખાયેલી હશે. વાસ્તવમાં એ સિદ્ધાર્થ અને ગોવિંદ નામના બે મિત્રોની કથા છે. આ નવલકથાને લીધે ભારતમાં તેઓ અધિક જાણીતા થયેલા છે. એમના સાહિત્યમાંથી ભારતીયતાની સુગંધ સદા પ્રસરી રહેલી અનુભવાય છે.

તેમણે લખેલી ડેમીયન (૧૯૧૯)...., સ્ટેપન વૂલ્ફ...(૧૯૨૭), ધ જર્ની ટુ ધ ઈસ્ટ... (૧૯૩૨), અને મેજિસ્ટર બૂડી..... (૧૯૪૩), નવલકથાઓ પણ સૌનું ધ્યાન ખેંચે છે. એમના આવા સત્વશીલ સાહિત્ય સર્જનની કદરરૂપે તેમને સ્વીડિશ સાહિત્ય અકાદમીએ ઈ.સ. ૧૯૪૬માં નોબેલ પારિતોષિક અર્પણ કર્યું હતું. ઈ.સ. ૧૯૩૦માં તેમની કૃતિ નાર ઝિસ એન્ડ ગોલ્ડમંડ..... પ્રસિદ્ધ થયા પછી તેમને ખૂબ ખ્યાતિ પ્રાપ્ત થઈ હતી.

તેમણે તેમની ૮૫ વર્ષની લાંબી જિંદગીમાં દસ નવલકથાઓ, સાતેક કાવ્યસંગ્રહો, અનેક વિવેચનલેખો, નવલિકાઓ અને નિંબધોનું સર્જન કર્યું હતું. તેમને તેમની નવલકથા ધ ગ્લાસ બીડ ગેઈમ....બદલ નોબલ પ્રાઈઝ મળ્યું હતું.

જીવનના ઉતરાર્ધમાં હેસ એકાંતપ્રિય થઈ ગયા હતા. લોકોને મળવાનું તેઓ ટાળતા. તેમણે તેમના બગીચાના પ્રવેશદ્વાર પર કૃપા કરી મુલાકાતો નહીં.... એવું બોર્ડ મુકાવ્યું હતું. તેઓ જીવનના સત્યની શોધમાં નીકળેલા એક સાધક સર્જક હતા. તેમનું સઘળું સર્જન મનૌવૈજ્ઞાનિક અને આધ્યાત્મિક અભિગમથી રસાયેલું છે.

તેઓએ પોતાની મરજીથી સ્વીટ્ઝરલેન્ડમાં વસવાનું પંસદ કર્યું હોઈ તથા નાઝીઓ પ્રત્યે અણગમો પ્રદર્શિત કર્યો હોઈ જર્મન વિવેચકોએ હેસની ટીકા કરવામાં પાછી પાની કરી નહોતી.

તેની નવલકથા સિદ્ધાર્થ.... ની વાણી બાઈબલ, ત્રિપિટક કે શ્રીમદ

ભગવદગીતા જેટલી સરળ અને સહજ છે. હેસ તેમના સાહિત્ય દ્વારા આખા જગતને ચાહે છે, પ્રેમ કરે છે. આથી જ યુદ્ધ પ્રત્યે ભારે ધૃણા ધરાવતા તેમણે જર્મન લશ્કરવાદનો વિરોધ કરેલો.

જીવનના અંત સુધી તેઓ સાહિત્યસર્જન કરતા રહેલા વીસમી સદીના એક પ્રબુદ્ધ સર્જક એવા હરમાન હેસ ૯ ઓગસ્ટ ઈ.સ. ૧૯૬૨ના રોજ મૃત્યુની ગોદમાં સમાઈ ગયા હતા. તેઓ ભલે હયાત નથી, પણ તેમનું સાહિત્ય આ જગતને સદીઓ સુધી પ્રેરણા આપતું રહેશે.





## (૨૨૮)

# હંસાબેન મહેતા

## (૩, જુલાઇ, ઇ.સ. ૧૮૯૭)

ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી ડૉ.જીવરાજ મહેતાનાં ધર્મપત્ની અને પ્રથમ ગુજરાતી નવલકથા 'કરણઘેલો' ના સર્જક નંદશંકર તુળજાશંકર મહેતાના વડોદરા રાજ્યના દીવાન એવા પુત્ર મનુભાઈનાં દીકરી હંસાબહેન મહેતાનો જન્મ સુરતના વડનગરા નાગર બ્રાહ્મણ પરિવારમાં ૩, જુલાઈ, ઈ.સ. ૧૮૯૭ ના રોજ થયો હતો.

આજથી ૧૧૦-૧૧૫ વર્ષ પહેલાંના રૂઢિચુસ્ત ગુજરાતી સમાજ સામે સંઘર્ષ કરીને તેમણે તેમની બુદ્ધિપ્રતિભાથી સમાજનાં બંધનો તોડી નાખીને એક આદર્શ અને પ્રગતિશીલ સન્નારીનું જ્વલંત ઉદાહરણ પૂરું પાડેલું. તેઓ બહુમુખી પ્રતિભા ધરાવતાં સંસ્કારી સન્નારી હતાં. ગાંધીયુગનાં સ્ત્રીલેખિકા, કેળવણીકાર, પત્રકાર, સ્વાતંત્ર્ય સેનાની અને આદર્શ આગેવાન હતાં.

ઈ.સ. ૧૯૧૩ માં જ્યારે સ્ત્રીને ભણાવવી એ પાપ માનવામાં આવતું ત્યારે મેટ્રિકની પરીક્ષા પાસ કરવાની સિદ્ધિ બદલ તેમને 'ચેટફિલ્ડ પ્રાઈઝ' અને 'નારાયણ પરમાણંદ પુરસ્કાર' પ્રાપ્ત થયા હતા. મેટ્રિકની પરીક્ષા પાસ કરીને તેમણે મુંબઈ યુનિવર્સિટીમાંથી બી.એ. ની પરીક્ષા પાસ કરી હતી. કૉલેજના અભ્યાસકાળ દરમ્યાન તેમણે જાહેરજીવનની શરૂઆત કરી દીધેલી. તેમણે કૉલેજમાં 'વિદ્યાર્થી સમાજ' ની સ્થાપના કરેલી.

અહીંથી જ તેઓ સાહિત્યના રંગે રંગાયા હતા. તેમને અંગ્રેજી અને સંસ્કૃત સાહિત્ય વાંચવાનો ઘણો શોખ હતો. લેખનનો નાદ પણ એમને અહીંથી જ લાગેલો. તત્વજ્ઞાનના વિષય સાથે બી.એ. કર્યા પછી તેઓ પત્રકારત્વના અભ્યાસાર્થે ઇ.સ.

૧૯૧૯ માં લંડન ગયેલાં. આ ઘટના તેમને સોનામાં સુગંધ ભળ્યા જેવી સાબિત થઈ. લંડનમાં તે સમયનાં પ્રસિદ્ધ કવયિત્રી સરોજિની નાયડુ સાથે તેમનો પરિચય થયો. આ પરિચયના પરિણામ સ્વરૂપ હંસાબહેને સરોજિની નાયડુ સાથે ઈ.સ. ૧૯૨૦ની સાલમાં જિનીવામાં ભરાયેલ ઈન્ટરનેશનલ વિમેન્સ કોન્ફરન્સમાં ભારતના પ્રતિનિધિ તરીકે હાજરી આપી હતી.

ઈ.સ. ૧૯૨૪ માં તે સમયના વડોદરાના મેડિકલ ઓફિસર વાણિક જ્ઞાતિના યુવાન ડૉ. જીવરાજ મહેતા સાથે તેમણે લગ્ન કર્યું હતું. તેમના આ આંતરજ્ઞાતીય લગ્ને ત્યારના સમાજમાં ભારે હોબાળો મચાવેલો. તેમના પતિની મુંબઈની કિંગ એડવર્ડ મેમોરિયલ હોસ્પિટલના ચિફમેડિકલ ઓફિસર અને ડીન તરીકે પસંદગી થતાં હંસાબહેન વડોદરા છોડી મુંબઈ ગયેલાં.

મુંબઈના રાજકારણમાં સક્રિય બની તેઓ મુંબઈ મ્યુનિસિપાલિટીની સ્કૂલ્સ કમિટિનાં સભ્ય તરીકે ચૂંટાઈ આવેલાં. ઈ.સ. ૧૯૩૧ માં તેઓ મુંબઈ યુનિવર્સિટીનાં ફૅલો બનેલાં. તેમની કાર્યદક્ષતા અને કાર્યપદ્ધતિથી આકર્ષાયેલાં લેડી તાતાએ 'આંતરરાષ્ટ્રીય મહિલા પરિષદ' ની ભારત ખાતેની શાખા 'ધ નેશનલ કાઉન્સિલ ઑફ વિમેન ઈન ઈન્ડિયા' ના મંત્રી પદે કામ કરવા આગ્રહ કરેલો.ॅ

આઝાદીની ચળવળના ભાગ રૂપે મહાત્મા ગાંધીએ ઈ.સ. ૧૯૩૦ માં 'દાંડીયાત્રા' કાઢેલી ત્યારે હંસાબહેને પણ એ યાત્રામાં ભાગ લીધેલો. પછી ગાંધીજીએ તેમને તાડી અને કાપડના પિકેટિંગના કામની આગેવાની સોંપી હતી. ઈ.સ. ૧૯૪૦-૪૧ માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લેવા બદલ તેમને પાંચ માસની સજા થઈ હતી.

ઈ.સ. ૧૯૪૬ માં તેઓ 'ભારતીય મહિલા યુનિવર્સિટી' નાં પ્રથમ મહિલા ઉપ-કુલપતિ બનેલાં. તેમણે ઈ.સ. ૧૯૪૯ માં વડોદરા યુનિવર્સિટીના ઉપકુલપતિપદનો કાર્યભાર પણ સંભાળેલો. તેમની પ્રતિભાને લઈ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ તેમણે ઉલ્લેખનીય સેવાઓ આપી હતી. ઈ.સ. ૧૯૪૭ માં તેમની




નિમણૂંક 'યુનો' ના માનવહક કમિશનના સભ્ય તરીકે સેવાઓ આપી હતી.

લેખનકલા તો તેમને વારસામાં મળેલી. તેમણે વીસેક પુસ્તકોનું લેખનકાર્ય કરેલું છે. જેમાનાં ૧૬ ગુજરાતીમાં અને ૪ અંગ્રેજીમાં છે. તેમનાં પુસ્તકોમાં શેક્સપિયરનાં અંગ્રેજી નાટકોનો ગુજરાતીમાં કરેલો અનુવાદ પણ સામેલ છે. તેમણે 'પુષ્પ' નામે બાળસામાયિક તંત્રી તરીકેની કામગીરી પણ બજાવેલી.

તેમની મહિલા ક્ષેત્રે અને શિક્ષણ ક્ષેત્રે આપેલી સેવાઓની કદર કરીને ભારત સરકારે ઈ.સ. ૧૯૫૯ માં 'પદ્મભૂષણ' ખિતાબ આપી તેમનું સન્માન કર્યું હતું. ૧૯૫૮ માં અલ્હાબાદની અને ઈ.સ. ૧૯૫૯ માં વડોદરાની યુનિવર્સિટીઓએ તેમને માનદ્ ડી લિટ્‌ની પદવીઓ એનાયત કરી હતી. ગુજરાતની આ મહાન સન્નારી ૪, એપ્રિલ, ૧૯૯૫ ના રોજ અવસાન પામ્યાં હતાં.

●





## (૨૨૯)

# વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

## (૪, જુલાઇ, ઇ.સ. ૧૮૯૯)

ગરવા ગુજરાતી, સંન્નિષ્ઠ સારસ્વત અને મૂર્ધન્ય વિવેચક વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનો જન્મ ઉમરેઠની બાજ ખેડાવાળ જ્ઞાતિમાં, પિતા રણછોડલાલ અને માતા જેઠીબાઈના ઘરમાં એકના એક સંતાન તરીકે ૪, જુલાઈ, ઈ.સ. ૧૮૯૯ ના રોજ થયો હતો. નાનપણથી સાવ સૂકલકડી દેહધારી તેઓ વારંવાર બિમાર પડી જતા. પ્લેગ અને ટાઈફોડની બિમારીમાંથી તેઓ માંડ માંડ ઉગરી ગયેલા. તેમના પિતાજીની રેવન્યૂ ખાતામાં નોકરી હોઈ તેમની વારંવાર બદલી થતી . પરિણામે તેમણે પ્રાથમિક શિક્ષણ ઠાસરા અને બોરસદમાંથી લીધેલું. માધ્યમિક શિક્ષણ તેમણે નડિયાદ અને કપડવંજની માધ્યમિક શાળાઓમાંથી મેળવેલું. નાનપણથી જ ભણવામાં તેજસ્વી એવા એમને પ્રેમાનંદનું 'નવાખ્યાન' આખું કંઠસ્થ થઈ ગયેલું. તેઓ વિદ્યાર્થીકાળથી જ વિદ્યાવ્યસંગી રહેલા. ભણતા હતા ત્યારે રાજકારણ અને સાહિત્યના વિષયોની ચર્ચા માટે તેમણે 'સાત ભાઈઓનું મંડળ' નામે એક સભાની રચના કરેલી.

મેટ્રિકની પરીક્ષા ઉચ્ચ કક્ષામાં પાસ કરવા બદલ તેમને 'ભાઉસાહેબ દેસાઈ સ્કૉલરશીપ' મળેલી. ઉચ્ચ અભ્યાસ માટે તેઓ અમદાવાદની જાણીતી 'ગુજરાત કૉલેજ' માં દાખલ થયેલા. અભ્યાસકાળથી જ તેઓ લખતા થયેલા. તેમણે અભ્યાસની સાથોસાથ ગુજરાતી, અંગ્રેજી અને સંસ્કૃત સાહિત્યનું ગહન અધ્યયન કરેલું. ત્યારે તેમનો પરિચય અધ્યાપક આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સાથે થયેલો. ધ્રુવ સાહેબનો તેમન સાહિત્યિક ઘડતરમાં અનન્ય ફાળો રહેલો. માત્ર ૧૯ વર્ષની ઉંમરે ધ્રુવ સાહેબના અધ્યક્ષ પદે યોજાએલ એક સભામાં તેમણે 'સરસ્વતીચંદ્ર' નવલકથા ઉપર અંગ્રેજીમાં વકતવ્ય આપીને તેમની વિવેચક તરીકેની ક્ષમતાનો પરિચય આપી દીધેલો.



ઈ.સ. ૧૯૨૦ માં તેમણે સંસ્કૃત અને અંગ્રેજી વિષયો લઈને પ્રથમ વર્ગ સાથે બી.એ.ની પરીક્ષા પાસ કરેલી. તે સાથે જ 'ગુજરાત કૉલેજ' માં તેઓ ફેલો તરીકે નિમાયેલા. ઈ.સ. ૧૯૨૧ માં સુરતની એમ.ટી.બી. કૉલેજમાં તેમની નિમણૂંક ગુજરાતી, સંસ્કૃત અને અંગ્રેજીના અધ્યાપક તરીકે થયેલી. ઈ.સ. ૧૯૨૩ માં તેમણે એમ.એ. ની ઉપાધિ મેળવેલી. એમ.એ. ની પદવી પ્રાપ્ત કર્યા પછી તેઓ એમ.એ. ના અને પી.એચ.ડી. ના વિદ્યાર્થીઓના ગુજરાતી વિષયના અધ્યાપક બનેલા.

ઈ.સ. ૧૯૧૫ માં તારામતીબહેન સાથે તેમનું લગ્ન થયેલું. તેમનાથી જે સંતાનો થયેલાં તે મૃત્યુ પામેલાં. ઈ.સ. ૧૯૩૩ માં પત્ની પણ મૃત્યુ પામેલી. આથી વિષ્ણુપ્રસાદને વસમો આઘાત લાગેલો. ઈ.સ. ૧૯૩૪ માં ભારે હૈયે તેમણે શાંતાગૌરી સાથે બીજું લગ્ન કરેલું. શાંતાગૌરીથી વસંતિકા નામની એક દીકરી એમને ત્યાં અવતરેલી. તેઓ 'નર્મદ સાહિત્ય સભા' ના પ્રમુખપદે રહેલા.

એમના સાહિત્ય સર્જનની શરૂઆત ઈ.સ. ૧૯૨૪ માં 'ભાવનાસૃષ્ટિ'થી થયેલી. પછી એમની કલમે વિરામ લીધો નથી. તેમણે વિવેચન અને નિબંધ એવાં બે સાહિત્યસ્વરૂપો પર એમની કલમ ચલાવી છે. એમની કલમમાંથી જે કૃતિઓ અવતરી એમાં વિવેચનના (૧૯૩૯), પરિશીલન (૧૯૪૯), અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય (૧૯૫૦), ઉપાયન (૧૯૬૧), ગોવર્ધન રામઃ ચિંતક અને સર્જક (૧૯૬૩) અને સાહિત્ય સંસ્પર્શ (૧૯૭૯) જેવા વિવેચન ગ્રંથોનો સમાવેશ થાય છે. તો ભાવના સૃષ્ટિ (૧૯૨૪), દ્રુમર્પણ (૧૯૮૨), આશ્ચર્યવત્ (૧૯૮૭) અને ઉત્પેક્ષા (૧૯૮૯) એમના નિબંધ સંગ્રહો છે. તેમણે અંગ્રેજીમાં 'આફટરનૂન બિયોન્ડ ધ રીવર વાત્રક' અને 'હિમ' જેવાં અંગ્રેજી કાવ્યોની રચના પણ કરેલી.

તેમના 'અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય' પુસ્તકમાં મુંબઇ યુનિવર્સિટીના ઉપક્રમે યોજાએલી ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં આપેલાં વ્યાખ્યાનો સંગ્રહાયાં છે. તેમને 'નર્મદ ચંદ્રક' એનાયત કરવામાં આવેલો. તેમની ષષ્ઠીપૂર્તિની ઉજવણીના ઉપલક્ષ્યમાં રસાયેલ 'ઉપાયન' ગ્રંથને 'દિલ્હીની સાહિત્ય અકાદમી' નો પુરસ્કાર પ્રાપ્ત થયેલો. તેમના ગ્રંથ 'દ્રુમર્પણ' ને ભારતીય વિદ્યાભવન, મુંબઇએ 'રાજાજી પુરસ્કાર' થી નવાજેલો. વર્ષો સુધી કેન્દ્ર સરકારની સાહિત્ય અકાદમીમાં તેઓ સભ્ય રહેલા. તેઓ સાસ્વત હોવાની સાથે પ્રખર જીવંત વિચારક પણ હતા. કાકા સાહેબે તેમને 'સાહિત્યના પહેરેગીર' કહ્યા હતા. તેમની વિવેચકવૃત્તિને બિરદાવવા ઇ.સ. ૧૯૯૦ માં ગુજરાત સરકારનો રૂપિયા એક લાખનો 'નરસિંહ મહેતા એવોર્ડ' અને ઇ.સ. ૧૯૯૧ માં પણ રૂપિયા એક લાખનો 'ગૌરવ પુરસ્કાર' આપવામાં આવેલો. તેમને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ ડી.લિટ્ ની માનદ્ ઉપાધિ આપી તેમનું બહુમાન કરેલું. ગો.મા.ત્રિપાઠીએ સાચા અર્થમાં એમને મનીષિ કહ્યા છે.

જીવનની ઢળતી સંધ્યાએ પત્ની શાંતાબહેનના અને જમાઇ નિકુંજભાઇના અવસાનથી તેઓ ફરી તૂટી ગયા હતા. તે પછી તેઓ એટલા તો પાંગળા બની ગયેલા તે તેમનાથી હાલી ચાલી શકાતું પણ ન હતું. આખરે પંડિતયુગના આ છેલ્લા પ્રતિનિધિએ ૧૦, નવેમ્બર, ઇ.સ. ૧૯૯૧ ના રોજ એમણે દેહ મૂકી દીધેલો.

●



## (૨૩૦)

# ટોમસ સ્ટૅમ્ફર્ડ રૅફલ્સ

## (૫, જુલાઇ, ઇ.સ. ૧૭૮૧)

આંતરરાષ્ટ્રીય ફ્રી ટ્રેડ ઝોન તરીકે જાણીતા થયેલા નાના એવા સિંગાપોરના આદ્યસ્થાપક ટોમ્સ સ્ટૅમ્ફર્ડ રૅફલ્સનો જન્મ વેસ્ટ ઇન્ડિઝના ટાપુ જમૈકાથી દૂર દરિયાલાલને ખોળે ૫, જુલાઇ, ઇ.સ. ૧૭૮૧ ના રોજ થયો હતો. તેણે ઇ.સ. ૧૮૧૮ માં જોહોરના સુલતાન પાસેથી મેળવેલા, ચારે બાજુ સમુદ્રથી ઘેરાયેલા માછીમારોના એક ગામડાને ધમધમતું બંદર અને એક અતિવિકસિત વેપારી સંસ્થાન બનાવીને વિશ્વના નકશામાં તેજસ્વી નક્ષત્રની જેમ ચમકતું બનાવી દીધેલું. મૂળ ઇંગ્લેન્ડનો ટોમસ સ્ટૅમ્ફર્ડ ૧૪ વર્ષની ઉંમરે ઇંગ્લેન્ડમાં સ્થપાયેલી વેપારી પેઢી 'ઇસ્ટ ઇન્ડિયા કંપની' ની કેન્દ્રિય કચેરીમાં એક સામાન્ય કારકૂન તરીકે નોકરીમાં જોડાયેલો. અગિયાર વર્ષ કંપનીમાં કામ કર્યા પછી લગભગ પચીસ વર્ષની તેની ઉંમરે તે ઇસ્ટ ઇન્ડિયા કંપનીના કર્મચારી તરીકે તે કંપનીના એક સંસ્થાન પિનાંગ પર આવેલો. તેને જુદી જુદી ભાષાઓ શીખવાની લગની લાગેલી. તેથી નાની વયથી જ ફ્રેન્ચ ભાષા પર તેણે પ્રભુત્વ મેળવી લીધેલું. પિનાંગ સંસ્થાન પર આવ્યા પછી તેણે ત્યાંની ભાષા પણ શીખી લીધી હતી.

પિનાંગનું હવામાન તેને માફક આવેલું નહીં. તે અવાર નવાર બિમારીમાં સપડાયેલો રહેતો. છેવટે શારીરિક સ્વાસ્થ્યને કારણે તેને પિનાંગ છોડવું પડેલું. કંપનીએ તેને પિનાંગથી હટાવી મલાક્કા મોકલેલો. તેની કાબેલિયત જોઇને કંપનીએ તેને ઇન્ડોનેશિયાના મરી મસાલા તરીકે જાણીતા જાવા ટાપુનો ગવર્નર નીમી દીધેલો. તેણે તેની વિચક્ષણ રાજકીય સૂઝથી જાવા ટાપુ પર બ્રિટિશ સત્તા

સ્થાપી દીધેલી. ત્યાંની પ્રજાના બ્રિટિશ શાશન પ્રત્યેના અસંતોષને દબાવી દેવા અને બ્રિટિશ શાશનમાં વિશ્વાસ જન્માવવા માટે તેણે ત્યાંના સમાજજીવનને સુખી અને સુદ્રઢ બનાવવા અનેક વિકાસલક્ષી યોજનાઓ અમલમાં મૂકેલી. તે સમયે જાવા ટાપુ હૉલેન્ડની ડચ પ્રજાના આધિપત્ય નીચે હતો. છેવટે એક સમજૂતી અનુસાર જ્યારે જાવા સંસ્થાન તેના મૂળ માલિક ડચ લોકોને પાછું સોંપી દેવાનું નક્કી થયેલું ત્યારે કંપનીએ તેને પાછો ઇંગ્લેન્ડ બોલાવી લીધેલો. તેની રાજકીય સેવાઓને બિરદાવી ઈ.સ. ૧૮૧૬ માં તેને ઇંગ્લેન્ડના શાશન તરફથી 'નાઈટહૂડ' નો ઈલકાબ આપવામાં આવેલો. નિવૃત્તિના બે વર્ષના સમયગાળામાં તેણે ઈંગ્લેન્ડમાં રહીને ઈસ્ટ ઈંડિઝ ટાપુ દેશોનાં ઈતિહાસ, ભૂગોળ, સમાજજીવન, અર્થવ્યવસ્થા, સંસ્કૃતિ અને પુરાતત્વનું ઊંડું અધ્યયન કરેલું.

ફરીથી ઈ.સ. ૧૮૮૧ માં તે રાજકીય ક્ષેત્રે સક્રિય બનેલો. તે બેન્કૂલનના ગવર્નર તરીકે પૂર્વમાં પોતાનું આધિપત્ય સ્થાપવા રાજકીય રીતે પ્રવૃત્ત બન્યા હતા. ત્યારે સિંગાપોર સાવ ઉજ્જડ અને કંગાળ ટાપુ હતો. ડચ પ્રજાને મહાત કરવાના એક માત્ર હેતુથી કંપનીની વાતને ગણકાર્યા સિવાય કંપનીના નિર્ણયની ધરાર અવગણના કરીને સ્ટૅમ્ફર્ડે જોહોરના સુલતાન પાસેથી સિંગાપોરનો ટાપુ ખરીદી લીધેલો. પૂર્વ અને પશ્ચિમના દેશોને જોડતી કડી રૂપ આ ટાપુનું મહત્વ કદાચ કંપનીને તે સમયે નહીં સમજાયુ હોય. પણ વર્તમાન સમયમાં સિંગાપોરનું દરિયાઇ ભૌગોલિક મહત્વ જોતાં એમ લાગ્યા વિના રહેતું નથી કે સિંગાપોરની ખરીદીમાં સ્ટૅમેફર્ડે ખૂબ જ દૂરંદેશી વાપરી હતી. આજે સિંગાપોર જે રીતે વિકસી શક્યું છે તેનો સઘળો યશ સ્ટૅમ્ફર્ડને ફાળે જાય છે.

તમે જાણતા હશો કે સિંગાપોર ભૌગોલિક રીતે વિષુવવૃત્તની ખૂબ જ નજીક છે. ભેજવાળી અને રોગિષ્ઠ આબોહવા તેને માફક આવેલી નહીં. સિંગાપોરને વિકસાવવા અને આર્થિક રીતે સમૃદ્ધ બનાવવા રાત-દિવસ એક કરીને તેણે જે પ્રબળ પુરુષાર્થ કરેલો તેની અસર તેની તંદુરસ્તી પર થયા વગર રહેલી નહીં.




તેનું શરીર ક્ષીણ થઈ ગયેલું. તેનાં ચાર બાળકો આ વાતાવરણને લઇ મૃત્યુ પામેલાં. છેવટે તે મન સાથે સમાધાન કરીને ઇંગ્લેન્ડ તરફ પાછો ફરી રહ્યો હતો ત્યારે રસ્તામાં તેના જહાજમાં આગ લાગતાં તેનાં લખાણો અને અભ્યાસ સામગ્રી બળીને રાખ થઈ ગયેલાં. સદ્‌ભાગ્યે તે બચી ગયેલાં સદ્‌ભાગ્યે તે બચી ગયેલો. પણ જીવનથીય વહાલાં તેના લખાણો અને અલભ્ય સંગ્રહ બળી જતાં તે ભારે આઘાત પામેલો. એ આઘાતમાંથી ફરી તે બહાર આવી શકેલો નહીં. અંતે ૫, જુલાઇ, ઈ.સ. ૧૮૨૬ ના રોજ તેનું પ્રાણપંખેરું ઊડી ગયેલું.

તેણે તેના સ્વપ્રને સાકાર કરવા ઈંગ્લેન્ડમાં 'ઝૂઓલોજિકલ સોસાયટી' ની સ્થાપના કરેલી. વળી એ જમાનામાં સ્થપાયેલી એકમાત્ર સંસ્થા 'બાઈબલ સોસાયટી' નું પ્રમુખપદ પણ તેણે સંભાળેલું. આમ, સામાજિક ક્ષેત્રે પણ તેણે નોંધપાત્ર સેવાઓ પ્રદાન કરેલી.

સ્ટૅમ્ફર્ડના વિચારો અને વર્તન આગવાં અને નીજી હતાં. ક્યારેક કંપની સાથે ભારે વાદવિવાદમાં એને ઉતરવું પડતું. કંપની જ્યારે રૂઢિચુસ્ત પરંપરાઓમાંથી બહાર નીકળી શકી ન હતી ત્યારે સ્ટેમ્ફર્ડ પ્રગતિવાદી અને નૂતનવિચારધારાને અપનાવી બેઠેલા હતા. તેથી ક્યારેક ઈસ્ટ ઈન્ડિયા કંપનીની નજરે તેઓ 'સ્વચ્છંદી' જણાતા.

ઈસ્ટ ઈન્ડિયા કંપનીની દીર્ઘકાલીન સેવાઓ પછી જ્યારે તેઓ નિવૃત્ત થયેલા ત્યારે કંપનીએ તેમની કદર કરવાને બદલે તેમની સાહસિક પ્રવૃત્તિઓ પાછળ થયેલા વધારાના ખર્ચનો હિસાબ માંડીને ૨૭,૦૦૦ પાઉન્ડનું લેણું કાઢેલું.

આ સાહસિક સંશોધક, ભાષાશાસ્ત્રી, ગુલામીની પ્રથાના વિરોધી અને પૂર્વના દેશો અંગે ઊંડું જ્ઞાન ધરાવનાર સિંગાપોરના સ્થાપક અને શિલ્પીને પેઢીઓ સુધી વિશ્વ અને ઇંગ્લેન્ડ સ્મર્યા કરશે.



## (૨૩૧)

# મુનિશ્રી ભાનુવિજયજી

## (૬, જુલાઇ, ઇ.સ. ૧૯૩૧)

પૂનાના મધ્યવર્ગીય જૈન કુટુંબમાં માતા-પિતા ચંપાબેહન અને ગુલાબચંદને ઘેર તા.૬, જુલાઇ, ઇ.સ. ૧૯૩૧ ના રોજ ભાનુવિજયજીનો જન્મ થયેલો. તેમને બધાં 'ભિખ્ખુ' કહીને બોલાવતા હતાં. ભણવાની ઉંમર થતાં તેમને પૂનાની 'નૂતન મરાઠી હાઇસ્કૂલ' માં દાખલ કરવામાં આવ્યા હતા. ભિખ્ખુને ધાર્મિક સંસ્કારો માતા પાસેથી નાનપણમાં જ મળેલા. તેમણે ૧૨ વર્ષની ઉંમરે મા-બાપની સાથે જૈન ધર્મની દીક્ષા લીધી હતી. દીક્ષા લઇ સંસારનો ત્યાગ કર્યા પછી 'ભિખ્ખુ' નું નામ 'ભાનુ' રાખવામાં આવ્યું.

ભાનુવિજયજીએ જૈન આગમો, વ્યાકરણ, તર્કશાસ્ત્ર, દર્શનશાસ્ત્રો, વેદાંત, મિમાંસા, સાંખ્ય, તત્વકૌમુદી, ગૌતમસૂત્ર, બ્રહ્મસૂત્રો, સિદ્ધાંત મુક્તાવલિ વગેરે ગ્રંથોનો સઘન અભ્યાસ કર્યો હતો. પાંચ વર્ષ સુધી ગુરુ પ્રભાવવિજય સૂરિજીની નિશ્રામાં વિદ્વાન આચાર્યો અને પંડિતો પાસેથી શિક્ષણ લીધા બાદ માત્ર સત્તર વર્ષની ઉંમરે તેમણે મુંલુંડમાં મોટી જાહેરસભા સમક્ષ સૌ પ્રથમ પ્રવચન આપ્યું હતું. શ્રોતાઓમાં તેમની વાહવાહ થઇ. બસ, ત્યારથી તેઓ બાલમુનિના નામે જાણીતા થયા. ત્યાર પછી તેઓ એ ધર્મયાત્રા કરી ઠેકઠેકાણે પ્રવચનો આપ્યાં. સર્વત્ર બાલમુનિનો જયજયકાર થવા લાગ્યો.

ઇ.સ. ૧૯૬૫ માં પાલનપુરમાં ચાતુર્માસ ગાળી વિહાર કરતા કરતા તેઓ તેમના ગુરુ સાથે પાટણ પધાર્યા હતા. આ દરમ્યાન તેમની કીર્તિ ચોતરફ ફેલાઇ ચૂકી હતી. હવે તેઓ તેમના જ્ઞાનને વિશાળ માનવ સમુદાયના કલ્યાણ માટે વાપરવાનું નક્કી કરી બેઠા. તેઓ પાટણ છોડી સાગોડિયા આવ્યા અને અહીં



તેમણે પ્રથમ બુનિયાદી તાલીમ શાળા શરૂ કરી. તેમણે તેમના અહીં સ્થાપેલા આશ્રમનું નામ 'સર્વમંગલમ્' આશ્રમ રાખ્યું હતું.

સાગોડિયા ગ્રામ પંચાયતની ત્યાંના જ વતની હેમચંદભાઇ પટેલે આપેલી ૬૮ એકર જમીન એક પટ્ટે હોવા છતાં અતિશય ક્ષારવાળી હતી. મુનિશ્રીએ આ જમીન સુધારવા માટેના પ્રયત્નો અને પ્રયોગો શરૂ કર્યા. અહીં મુનિશ્રીએ બાળકોને સંસ્કાર સાથે શ્રમપ્રધાન શિક્ષણ આપવાની શરૂઆત કરી.

ઇ.સ. ૧૯૬૮ માં મહારાજશ્રીએ પાટણમાં 'સર્વમંગલમ્ પરિવાર' આશ્રમની સ્થાપના કરી તેમણે જ્ઞાનયજ્ઞની શરૂઆત કરી. જે આજે પણ ચાલું છે. જ્ઞાનયજ્ઞની સાથો સાથ તેઓ સ્વાધ્યાય વર્ગો પણ ચલાવે છે. મુનિશ્રીનાં ધાર્મિક પ્રવચનોનું સંકલન કરી આશ્રમ દ્વારા ૧૫ પુસ્તકો પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.

છેલ્લાં થોડાં વર્ષોમાં મહારાજશ્રીએ ચાતુર્માસ નિમિત્તે કબીરવાણી, શ્રીમદ્ વલ્લભાચાર્યના ષોડશ ગ્રંથો, સંત નાભાજી કૃત ભક્તમાળ, મીરાંની વાણી જેવા ગહન વિષયો ઉપર જ્ઞાન. કર્મ અને ભક્તિના ત્રિવેણી સંગમ સમાં પ્રવચનો આપ્યાં છે. ધર્મના પ્રચાર, પ્રસાર અને અધ્યયન હેતુથી હાલ અહીં 'ભારતીય તત્વજ્ઞાન કેન્દ્ર' નામની સંસ્થા સાકાર થઇ રહી છે.

મુનિશ્રીની સેવાભાવના બેજોડ છે. ઇ.સ. ૧૯૭૫ માં અનરાધાર વરસાદને કારણે પાટણ જિલ્લાનું રુગનાથપુરા ગામ આખે આખું ધ્વસ્ત થઇ ગયું હતું ત્યારે માત્ર એક જ વર્ષમાં તેઓએ અસરગ્રસ્તોને નવાં મકાનો બાંધી આપ્યાં હતાં. મહારાજશ્રીના આશ્રમ તરફથી દુષ્કાળના સમયમાં અનાજ, કપડાં તથા વાસણો જેવી સામગ્રી પીડિતોને પૂરા પાડવામાં આવે છે. તેઓ 'વિદ્યાર્થી સહાય યોજના', 'વિધવા સહાય યોજના', 'મંદબુદ્ધિ અપંગ તાલીમ કેન્દ્ર' જેવી યોજનાઓ દ્વારા અવિરત સેવા કાર્યો કરતા રહે છે. એ માટે આશ્રમને માતબર દાન મળેલું છે.

તેઓશ્રીની જનસેવા અને સમાજસેવાની પ્રવૃત્તિઓની કદર રૂપે 'મહેસાણા આર્ટ એન્ડ કલ્ચર સોસાયટી' તરફથી તા. ૨૮-૧૨-૧૯૯૧ ના રોજ દૂધસાગર

ડેરીમાં ભવ્ય મેળાવડાનું આયોજન કરીને તેમને 'આનર્ત એવોર્ડ' અર્પણ કરવામાં આવ્યો હતો. મહારાજશ્રીનું જીવન પારદર્શક છે. કર્મયોગ અને સેવાયોગ તેમના જીવનના આદર્શો છે. તેઓ પ્રાણીમાત્ર પ્રત્યે મૈત્રી, પ્રેમ અને કરુણતાવાળા છે. સ્વભાવે તેઓ સરળ અને સહજ છે. તેઓમાં બાળક જેવી નિર્દોષતા છે. તેમનું હાસ્ય તાજા ખીલેલા સુગંધિત પુષ્પ જેવું છે.

●





## (૨૩૨)

# અનિલ બિશ્વાસ

## (૭, જુલાઇ, ઇ.સ. ૧૯૧૪)

ફિલ્મ સંગીતની આખે આખી શૈલીમાં પરિવર્તન આવી જવાથી અને સંગીતમાં મધુરતાનું સ્થાન ઘોંઘાટે લઇ લીધું હોવાથી ગૂંગળામણ અનુભવતા સંગીતકાર અનિલ બિશ્વાસે ઇ.સ. ૧૯૬૫ માં મુંબઇની ફિલ્મી દુનિયાને રામ રામ કરી દીધેલા. સંગીતમાં મધુરતાના ઉપાસક એવા આ સત્વશીલ સંગીતકારનો જન્મ આજના બાંગ્લાદેશમાં બારિસાલ ખાતે ૭, જુલાઇ, ઇ.સ. ૧૯૧૪ ના રોજ થયો હતો. તેઓ સારા તબલાવાદક હોવા ઉપરાંત બાળપણથી નાટકોમાં અભિનય આપવાના છંદે ચઢેલા. દેશપ્રેમના રંગે રંગાયેલા તેમણે રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લઇ ચારેક વાર જેલ પણ ભોગવેલી. સંગીત પાછળ તેઓ એવા તો દીવાના થઇ ગયા હતા કે હાજી નજરુમ ઇસ્લામની કેટલીક રચનાઓ એમણે સ્વરબદ્ધ કરી હતી. મોગાફોન રેકર્ડ કંપનીએ એમણે સ્વરબદ્ધ કરેલાં ગીતોની રેકર્ડસ રૂપે બહાર પાડેલી. એમણે કલકત્તા થિયેટર કંપનીમાં અભિનય કરવાની સાથે સંગીત પણ આપ્યું હતું.

પણ એટલાથી સંતોષ નહીં પામેલા તેઓ નસીબ અજમાવવા ઇ.સ. ૧૯૩૪ માં વીસ વર્ષની ઉંમરે માયાનગરી મુંબઇ આવેલા. મુંબઇ આવીને તેઓ રામદરિયાની 'ઇસ્ટર્ન આર્ટ સિન્ડીકેટ' નામની સંસ્થામાં જોડાઇ ગયેલા. તેમણે સ્વતંત્ર સંગીતકાર તરીકે ઇ.સ. ૧૯૩૫ માં 'ધરમની દેવી' નામની ફિલ્મમાં સંગીત આપેલું. હા, એ વાત ખરી છે કે એ અગાઉ તેમણે 'ભારત કી બેટી' નામની ફિલ્મના એક ગીતની ધૂન બનાવેલી. એમના પોતાના જણાવ્યા પ્રમાણે ઇ.સ. ૧૯૩૭ માં ફિલ્મ 'જાગીરદાર' દ્વારા સંગીતકાર તરીકે તેમણે લોકપ્રિયતા

મેળવેલી. એ ફિલ્મના દિગ્દર્શક હતા મહેબૂબ. આજ મહેબૂબ દિગ્દર્શિત ફિલ્મ 'હમ, તુમ ઔર વો' માં અનિલદાએ સંગીત આપેલું. તે પછી તેમણે 'એક હી રાસ્તા' ના સંગીતોને સંગીતબદ્ધ કર્યાં હતાં.

તે પછી મેહબૂબે 'સાગર ફિલ્મ' છોડી દીધેલી. તેઓ 'નેશનલ સ્ટુડિયો' સાથે જોડાયેલા. અહીં તેમણે 'ઔરત,', 'રોટી' અને 'બહેન' એ ત્રણ ફિલ્મોના સંગીતનું કામ અનિલદાને સોંપેલું. બસ, પછી તો અનિલદા અને મહેબૂબની જોડી જામી ગયેલી. પણ પછી 'નેશન સ્ટુડિઓ' બંધ થઈ ગયેલી. તે પછી અનિલ, મહેબૂબ, મહેરીશ અને ચીમન કાંત ગાંધીની ટીમે સાથે જ રહેવાનું નક્કી કરી લીધેલું. દરમ્યાન અનિલદાને દેવકીરાણીની રૂપિયા ૨૫૦૦ ની ઓફર મળી. આ ઓફર સ્વીકારી લેવાની લાલચ તેઓ રોકી શકેલા નહીં. આ વાતની જાણ મહેબૂબને થતાં તેમના અનિલદા સાથેના સંબંધમાં તિરાડ પડી ગયેલી.

આ ઘટના પછી સંગીતકાર નૌશાદ મહેબૂબને તેમની સાથે લઈ ગયેલા. 'અનમોલ ઘડી' અને 'અંદાઝ' જેવી ફિલ્મોમાં નૌશાદે એવું સંગીત આપ્યું કે પછી મહેબૂબને બીજા કોઈ સંગીતકારનો આશરો શોધવાની જરૂર પડેલી નહીં. અનિલદાએ સાહીર લુધિયાનવી, પ્રેમધવન અને બીજા ગીતકારો પાસે ગીતો લખાવેલાં. તલત મહેમૂદ અનિલદાના સૌથી વધુ ગમતા પાર્શ્વગાયક હતા. તલત મહેમૂદ પાસે ગવડાવેલાં ચૌદેય ગીતો ભારે લોકચાહના પામેલાં. તલત મહેમૂદને તેમણે ગાયેલા ફિલ્મ 'આરઝુ' ના ગીત 'એ દિલ મુજે ઐસી જગહ લે ચલ' થી ભારે લોકપ્રિયતા પ્રાપ્ત થયેલી.

ગાયક મુકેશની કારકિર્દી ઘડવામાં અનિલદાએ મુખ્ય ભાગ ભજવેલો. 'નિર્દોષ' નામની ફિલ્મમાં મુકેશે સૌથી પહેલું ગાયેલું. વિનમ્ર અને વિવેકશીલ સ્વભાવના અનિલદા એમના કાર્ય પ્રત્યે સંપૂર્ણ સજાગ હતા. મુંબઈના ચિત્રપટ ઉદ્યોગમાં પાર્શ્વગાયનની પદ્ધત્તિ દાખલ કરવાનો યશ અનિલદા ખાટી જાય છે. ઈ.સ. ૧૯૩૭ માં હિરેન બોઝની ફિલ્મ 'મહાગીત' માં અનિલદાએ સૌ પ્રથમ



પાર્શ્વગાન પદ્ધત્તિ અજમાવી હતી.

'જલતી નિશાની', 'માન', 'લાડલી', 'કિસ્મત', 'બડી બહુ' વગેરે ફિલ્મો સંગીતની દષ્ટિએ એમની યાદગાર ફિલ્મો હતી. 'તરાના', 'નાઝ' અને 'અનોખા પ્યાર' પણ તેમની નોંધપાત્ર ફિલ્મો કહી શકાય. અનિલદાએ સંગીતકાર તરીકે ૮૬ ફિલ્મોમને તેમના સંગીતથી મઢી છે. ઈ.સ. ૧૯૬૫ માં બનેલી 'છોટી છોટી બાતેં' સંગીતકાર તરીકેની એમની છેલ્લી ફિલ્મ હતી.

તે પછી તેઓ મુંબઈ છોડીને દિલ્હી આવેલા. દિલ્હીમાં આવ્યા પછી આકાશવાણી માટે તેમણે કેટલીક સંગીત રચનાઓ તૈયાર કરેલી. દૂરદર્શન ઉપરથી પ્રસારિત થયેલી 'હમલોગ' સીરિઅલમાં પણ એમણે જ સંગીત આપેલું. આજે તો અનિલદા હયાત નથી. ૩૧, મે, ૨૦૦૩ ના રોજ તેઓ નવી દિલ્હીની માટીમાં મળી ગયેલા. છતાં એમનાં ગીત-સંગીતથી તેઓ કાયમ માટે આપણાં દિલોદિમાગમાં અમર રહેશે.

●



## (૨૩૩)

# મારીઓ પુઝો

## (અવસાન : ૮, જુલાઇ, ઇ.સ. ૧૯૯૯)

જાસૂસી કથાલેખનમાં જાણીતાં અર્લ સ્ટેનલી ગાર્ડનર અને અગાથા ક્રિસ્ટીની જેમ જ વીસમી સદીના ઉત્તરાર્ધમાં ઇટાલીયન કુળના કથાલેખક, કે જેઓ એમની નવલકથાઓ દ્વારા ખાસ તો અમેરીકામાં ખૂબ જ લોકપ્રિયતાને વરેલા, તેમનું ૮, જુલાઇ, ઇ.સ. ૧૯૯૯ ના રોજ હૃદયરોગના તીવ્ર હુમલાને કારણે ૭૮ વર્ષની વયે અવસાન થયેલું. તેમનો જન્મ ઇ.સ. ૧૯૨૧ માં અમેરીકામાં થયેલો.

એક સમય એવો હતો કે કેટલાક અભણ માણસો આજીવિકા મેળવવાના આશયથી ઇટાલી છોડી અમેરીકા જઇને વસેલા. આવા સ્થળાંતરિત થયેલા લોકોમાં પુઝોનાં મા-બાપનો પણ સમાવેશ થયો હતો. તેમનાં મા-બાપ ન્યૂયોર્કમાં જઇ વસેલાં. તેથી પુઝોનો જન્મ પણ અમેરીકાના ન્યૂયોર્કમાં થયેલો. તેઓ વ્યવસાયે સૈનિક હતા. બીજા વિશ્વયુદ્ધ વખતે તેમણે અમેરીકન ફોજમાં સેવા બજાવેલી. લશ્કરી સેવામાંથી નિવૃત્ત થયા પછી તેમને પોતાના જીવનના અનુભવોને આધારે સર્જન કરવાની ઇચ્છા જાગેલી. શરૂઆતમાં તેમણે અંગ્રેજી સામાયિકોમાં લેખો લખવા માંડેલા. પણ એથી એમને પોતાને સંતોષ થયો નહીં. લેખક તરીકે તેમને સારું નામ કમાવવાની ઇચ્છા હતી. તેથી તેમણે તેમની કલમને નવલકથાના લેખન તરફ વાળી. એમના આંતરમનમાં અઢળક વાસ્તવિક અનુભવો ધરબાઇને પડ્યા હતા. એમણે લખેલી પ્રથમ નવલકથા 'ધ ડાર્ક એરેના' ઇ.સ. ૧૯૫૫ માં પ્રકાશિત થઇ હતી. અમેરીકાના વાચકોએ એને વધાવી લીધેલી. એ નવલકથા ખૂબ જ લોકપ્રિય નીવડેલી.



પ્રથમ નવલકથાની લોકપ્રિયતા પછી તેમણે આત્મકથનાત્મક અંશોથી છલોછલ ભરેલી બીજી નવલકથા લખી. એ નવલકથા ઇટાલી છોડી દઇને, અમેરીકામાં આવી વસેલાં કુટુંબોના અનુભવો અને લાગણીઓને આધારે લખાયેલી હતી. એ નવલકથા હતી- 'ધ ફોર્ટ્યુનિસ્ટ પિલગ્રિમ.' આ નવલકથા પ્રકાશિત થતાં જ અમેરીકાના જાણીતા વર્તમાનપત્ર 'ધ ન્યૂયોર્ક ટાઇમ્સે' એને લઘુ ક્લાસિક નવલ તરીકે મૂલવેલી. તેમ છતાં વાચકો તરફથી તેને જોઇએ તેવો પ્રતિસાદ સાંપડેલો નહીં. તેની ત્યારે માત્ર પાંચ હજાર નકલો જ વેચાયેલી. એ થોડા નિરાશ જરૂર થયેલા. પણ તેમને તો એક સાહિત્યકાર તરીકે પ્રતિષ્ઠિત થવું હતું. એ નિરાશ થયા નહીં, કે હિંમત હાર્યા નહીં. બમણા આત્મવિશ્વાસ સાથે તેમણે લખેલી નવલકથા 'ધ ગોડફાધર' ઇ.સ. ૧૯૬૯ માં પ્રગટ થઇ. એ કૃતિમાં કૉર્લઅન કુટુંબ, કે જે ઇટાલીથી ભાગીને અમેરીકા આવી વસ્યું હતું. અને અમેરીકાની ગુનાઇત દુનિયામાં ખૂંપી ગયું હતું. તેની કથા આલેખવામાં આવેલી. આ કથાએ પુઝોને ખ્યાતનામ લેખકની હરોળમાં બેસાડી દીધેલા. એ નવલકથા એટલી તો લોકપ્રિય અને ખ્યાતનામ બનેલી કે અમેરીકામાં તેના તરફથી ચલચિત્ર બનેલું. જેણે બે ઑસ્કાર એવોર્ડ પ્રાપ્ત કરેલા. આખી દુનિયામાં થઇ એ નવલકથાની એકવીસ મિલિયન નકલો વેચાઇ ગયેલી.

ઇ.સ. ૧૯૮૪ માં પુઝોની નવલકથા 'ધ સિસિલિઅન' પ્રકાશિત થઇ હતી. એ નવલકથા પણ ખાસી લોકપ્રિય થયેલી. તે પછી જુગારખાનાનો તાદૃશ્ય અનુભવ કરાવતી તેમની નવલકથા 'ફૂલ્સ ડાઇ' નું પ્રકાશન થયેલું. તેમની ઇ.સ. ૧૯૯૬ માં ભાવિ સંદર્ભમાં રાજકીય વાતાવરણનો લક્ષ્યવેધ કરતી નવલકથા 'ધ લાસ્ટ ડૉન' નું પ્રકાશન થયેલું. આ નવલકથાનું વિષય વસ્તુ માફિયા જગતને સ્પર્શે છે. આ નવલકથાએ પણ વેચાણનો રેકર્ડ નંધાવેલો. તેમણે 'ઑમેર્તા' નામની છેલ્લી નવલકથા લખી હતી. તેમની નવલકથાઓએ વીસમી સદીના ઉત્તરાર્ધમાં ભારે આકર્ષણ જમાવેલું.



(૨૩૪)

# ગુરુદત્ત

## (૯, જુલાઇ, ઇ.સ. ૧૯૨૫)

ફિલ્મ નિર્માણ ક્ષેત્રના દિગ્ગજ અને કસાયેલા કલાકાર ગુરુદત્ત પદુકોણનો જન્મ કર્ણાટકના બેંગ્લોરમાં ૯, જુલાઇ, ઇ.સ. ૧૯૨૫ ના રોજ થયો હતો. બાળપણમાં તેમણે થોડોક સમય ગુજરાતમાં વીતાવ્યો હતો. બાળપણથી જ તેમને ફિલ્મનું ઘેલું લાગેલું એમના પિતાનું નામ શિવશંકર અને માતાનું નામ વાસંતી હતું. નૃત્ય પ્રત્યેનું એમનું આકર્ષણ ગજબનું હતું. બાળપણમાં ઘરમાં એકલા એકલા નાચતા રહેતા.

ઇ.સ. ૧૯૪૧ માં મેટ્રિક્યુલેશનની પરીક્ષા પાસ કરીને અલ્મોડાની ઉદયશંકર આર્ટ એકેડેમીમાં નૃત્યનું શિક્ષણ મેળવેલું. તાલીમ પૂરી થયા બાદ પૂણેની ‘પ્રભાત ફિલ્મ કંપની’ માં સિનેમા નિર્માણની તાલીમ લેવા જોડાયેલા. આ કંપનીમાં જાણીતા નિર્માતા-દિગ્દર્શક દેવ આનંદ સાથે તેઓ પરિચયમાં આવેલા. આ પરિચય આગળ જતાં ઘનિષ્ઠ મૈત્રીમાં પરિણમેલો.

એ સમયે કલાના ક્ષેત્રમાં બંગાળની નામના હતી. ફિલ્મનિર્માણ અને દિગ્દર્શન તથા સંગીતના ક્ષેત્રોમાં ઘણા બંગાળી બાબુઓ એ સફળતાનાં શિખરો સર કરી નામના મેળવેલી. ગુરુદત્તે કેટલાંક વર્ષો ત્યારે કોલકાતામાં વીતાવેલાં. તેમણે બંગાળી યુવતી ગીતા રૉય સાથે લગ્ન કરી લીધેલું. આથી ઘણા લોકો તેમને બંગાળી માનવાની ભૂલ કરતા. પ્રખ્યાત નૃત્યકાર ઉદયશંકર પાસેથી નૃત્યની તાલીમ લીધા પછી તેમણે ઘણી ફિલ્મોમાં નૃત્યદિગ્દર્શક તરીકે કામ કરેલું. નૃત્ય નિર્દેશક તરીકે તેમણે ‘પ્રભાત’ કંપનીમાં ત્રણ વર્ષ જવાબદારી નિભાવેલી.

તેમણે ફિલ્મ દિગ્દર્શક તરીકે ઝંપલાવતાં તે જમાનાના અનુભવી દિગ્દર્શકો



અમીય ચક્રવર્તી, વિશ્રામ બેડેકર, સપન મુખર્જી, એ.બેનરજી જેવા સાથે સહાયક દિગ્દર્શક તરીકે કામ કરેલું. અને એ રીતે તેઓ દિગ્દર્શન કલાના પાઠ શીખેલા. ફિલ્મ ક્ષેત્રે નૃત્ય દિગ્દર્શકમાંથી ફિલ્મ દિગ્દર્શક બનનારા તેઓ કદાચ પહેલી વ્યક્તિ હતા. એ જ રીતે સ્વતંત્ર ફિલ્મ નિર્માણ ક્ષેત્રે ઝંપલાવનાર પણ તેઓ વિરલ વ્યક્તિ હતા.

ખરા અર્થમાં તેઓ કલાકાર હતા. ‘કલા ખાતર કલા નહીં, પણ જીવન ખાતર કલા’ એ ફિલ્મ નિર્માણનો એમનો પ્રમુખ ઉદ્દેશ હતો. તેમણે બનાવેલી પ્રથમ ફિલ્મ ‘બાઝી’ માં એમણે કલ્પના અને મૌલિક્તાના એવા રંગો પૂરેલા કે એ ફિલ્મ ખરા અર્થમાં કલાકૃતિ બની રહેલી. પ્રથમ ફિલ્મથી જ ફિલ્મજગતમાં તેઓ છવાઇ ગયેલા. એ ફિલ્મમાં સફળ અને જીવંત અભિનય આપનાર નાયક-નાયિકા દેવ આનંદ અને ગીતા બાલીનો અભિનય એટલો જ વખણાયેલો. તે પછી તેમણે ‘બાઝ’, ‘આરપાર’, ‘પ્યાસા’, ‘કાગઝ કે ફૂલ’ અને ‘ભરોસા’ જેવી સફળ ફિલ્મો દિગ્દર્શિત કરેલી. તેમની ફિલ્મોને હજુ આજે પણ લોકો ભૂલ્યા નથી. કેટલીક ફિલ્મોમાં તો તેમણે નાયકની મુખ્ય ભૂમિકાઓ નિભાવેલી. ‘કાગઝ કે ફૂલ’ અને ‘પ્યાસા’ કલા અને નિર્માણની દૃષ્ટિએ સૌથી સફળ ફિલ્મો હતી. તેમની ફિલ્મ ‘પ્યાસા’ તો ત્યારે લોકહૈયામાં જડાઇ ગયેલી.


તેઓ ભણેલા ખૂબ ઓછું. માત્ર મેટ્રિક સુધીનો જ એમનો અભ્યાસ પણ કલાસૂઝ અને કલ્પનાશીલતા ગજબનાં . ‘ચૌદ્હવી કા ચાંદ’ અને ‘સાહિબ, બીબી ઔર ગુલામ’ એનાં જવલંત ઉદાહરણો છે. તેઓ હૃદયથી કલાને વરેલા હતા. તેમનું વાચન વિશાળ હતું. અને તેમની નિરીક્ષણ શક્તિ અદ્ભુત હતી. તેઓ ફિલ્મનું સર્જન કરતા ત્યારે જાણે કોઇ ઉત્તમોત્તમ કાવ્યનું સર્જન કરતા હોય તેવી તેની માવજત કરતા. તેમની તમામ ફિલ્મોમાં ‘સંવેદના’ પ્રધાન લક્ષણ હતું. તેમની દિગ્દર્શન કલા પછીના કેટલાય દિગ્દર્શકો માટે પ્રેરણા રૂપ બની રહેલી.

સ્વભાવે તેઓ ઓછા બોલા અને અંતર્મુખી હતા. કહે છે કે જીવનભર કોઈક અગમ્ય વેદનાને એમણે હૈયામાં ભંડારી રાખેલી. તેઓ મનની વાત મનમાં જ રાખતા. સંવેદનશીલ હૃદય ધરાવતો એ કલાકાર આજીવન પ્રેમ માટે તલસતો રહેલો. અને ઈચ્છિત પ્રેમ પામી નહીં શકતાં જીવનભર ઉદાસ અને ગમગીન રહેલો. પરિણામ એ આવેલું કે ભગ્નહૈયાવાળા તેમણે અંતર્મુખી સ્વભાવને લઈ, વેદના જીરવવી વસમી લાગતાં ૧૦, ઑક્ટોબર, ઈ.સ. ૧૯૬૪ ના રોજ એમણે એમના ફ્લેટમાં જીવનને સંકેલી લીધેલું. ગુરુદત્તની શોધ એવી આંધ્રની તેલુગુભાષી અભિનેત્રી વહીદા રહેમાને તેમના મૃત્યુ પછી કહેલું કે, 'ગુરુદત્તને મૃત્યુ હંમેશા પ્યારું હતું. તેઓ વારંવાર મૃત્યુની જ વાતો કરતા હતા.'

●







## (૨૩૫)

# કરમશી મકવાણા

## (અવસાન : ૧૦, જુલાઇ, ઇ.સ. ૧૯૯૭)

એક સાચા ખેડૂત, ગ્રામસેવક અને સમાજસેવક, સંસ્કારકેન્દ્રના શિક્ષક તથા લોકકેળવણીકાર કરમશીભાઈ મકવાણાનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના અડાળા નામના ગામે ૭, ઑક્ટોબર, ઈ.સ. ૧૯૨૮ ના રોજ થયો હતો. ગુજરાતમાં પંચાયતી રાજની શરૂઆત થઈ ત્યારથી એટલે કે ઈ.સ. ૧૯૬૨ થી ઈ.સ. ૧૯૯૭ ના સમયગાળા દરમ્યાન તાલુકા પંચાયત પ્રમુખ, જિલ્લા પંચાયત સભ્ય, ગુજરાત વિધાનસભામાં ધારાસભ્ય અને ગુજરાત રાજ્યના નશાબંધી અને વનવિભાગવના મંત્રી તરીકે એમ અનેક વિવિધ સેવાઓ આપેલી.

લોકભારતી ગ્રામવિદ્યાપીઠ દ્વારા પ્રકાશિત થયેલી પુસ્તિકા શ્રેણીમાંની પુસ્તિકાઃ૬ અને ૭ 'વનરાનું હું તો ભાઈયું ફૂલડું' ના લેખક કરમશીભાઈ મકવાણા નિખલાસપણે આલેખે છે કે-

'પાંચાળની કોળી કોમનું ઓઢણું ઓછું. એવા એક કબીલામાં મારો ઉછેર થયો છે. અમારા પૂર્વજો ચોર હતા, રંજાડી હતા, માંસાહારી હતા. મેં પણ નાનપણમાં માંસાહાર કરેલો, બીડી પીધેલી, મારા મારી કરેલી. તેર-ચૌદ વર્ષની ઉંમર સુધી મને દાતણ કરવાનુંય ભાન ન હતું, પણ દુકાળના ધક્કાએ, શહેરના સહવાસો અને પિતાની અધૂરી રહેલી અબળખાએ મને એકડા બગડા ઘૂંટતો કર્યો.'(પૃ.૩-૪)

આવા કરમશીભાઈને દર્શકે 'કર્મસિંહ' અને પ્ર.બુચે 'કર્મશ્રી' કહી વધાવેલા. ગ્રામદક્ષિણા મૂર્તિ લોકશાળાએ તેમનામાં નવો પ્રાણ ફૂંકેલો. જ્યાં એમની

શક્તિઓને ગતિ મળેલી અને બુલંદીઓને આંબવાના કોડ જાગેલા. અહીં ચાર વર્ષ સુધી અભ્યાસ કરીને 'વિનીત' થઈ વધુ અભ્યાસ કરવા તેઓ અમદાવાદની ગુજરાત વિદ્યાપીઠમાં દાખલ થયેલા. પણ નબળી આર્થિક સ્થિતિ અને પરિવારમાં તેઓ સૌથી મોટા હોઈ તેઓ પૂરો અભ્યાસ કરી શકેલા નહીં. તેમણે વેઠેલી ગરીબી અને યાતનાઓની યાદી ઘણી લાંબી છે. એમણે છાણવાસીદાં કરેલાં, શહેરની ગલીઓમાં લારીઓ તાણેલી, સ્ટેશન ઉપર મજૂરી કરેલી, શહેરની શેરીઓમાં દૂધ વેચેલું, સસ્તા અનાજની દુકનાનું સડેલું અનાજ ખાઈને નોકરી કરેલી, જિનમાં કાળી મજૂરી પણ કરેલી, આમ પરિશ્રમના વરવા પાઠ નાનપણથી જ તેઓ શીખેલા.

કરમશીભાઈના પૂર્વજોએ જે ધજાળા ગામમાં ધાડ પાડેલી એ જ ધજાળા ગામે આવી તેમણે લોકશિક્ષણની ધૂણી દાખવેલી. તેમણે અહીં શરૂ કરેલું સંસ્કાર કેન્દ્રે કાળક્રમે ગ્રામશાળા અને લોકશાળા સુધીની સફર પૂરી કરેલી. આજે તો સાયલા, સુદામડા, ભીમોરા, ધાંગધ્રા, ફુલગ્રામ, ચોરવીરા, નાવા, ડોળિયા અને મોરથલાને સમાવતો પાંચલનો પંથક ૩૦૦૦ વિદ્યાર્થીઓને શિક્ષાદાન આપી રહ્યો છે. આ વિસ્તાર આજે તો કરમશીભાઈના પુરુષાર્થનું પ્રતીક બની ગયો છે.

એમની કર્મઠતા જોઈ ઘનશ્યામ ઓઝાએ એમને રાજનિતી તરફ વાળેલા. તેઓ ઈ.સ. ૧૯૬૩ માં સાયલા તાલુકાની પ્રમુખપદની ચૂંટણીમાં વિજયી થયેલા. ગુજરાત સરકારના નાની સિંચાઈ ખાતાના મંત્રી તરીકે ઈ.સ. ૧૯૯૦ માં હવાલો સંભાળી તેમણે ગુજરાત પ્રદેશને હરિયાળો બનાવવા નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરેલો. તેઓ કદી લોભ કે લાલચને વશ થયેલા નહીં. સત્તા સામે કદી ઝૂકેલા નહીં. સ્વચ્છતાના તેઓ ભારે આગ્રહી હતા. જાતે સાફ-સફાઈ કરતાં તેમને લેશમાત્ર સંકોચ થતો નહીં. આવા નિષ્ઠાવાન રાજકારણી અને લોકસેવક ૧૦, જુલાઈ, ઈ.સ. ૧૯૯૭ ના રોજ આલોક છોડી પરલોકના પંથે પ્રયાણ કરી ગયેલા.

●





## (૨૩૬)

# ઝુમ્પા લાહિરી

## (૧૧, જુલાઇ, ઇ.સ. ૧૯૬૭)

અમેરીકાની વીસ સર્વશ્રેષ્ઠ લેખિકાઓમાં જેની ગણના થાય છે એ, અમેરીકાના મેનહટન વિસ્તારમાં ખૂબ જ લોકપ્રિયતા પામી ચૂકેલી ઝુમ્પા લાહિરીનો જન્મ ૧૧, જુલાઈ, ઈ.સ. ૧૯૬૭ ના રોજ થયો હતો. મૂળ બંગાળી માતા-પિતાની આ પુત્રીનો ઉછેર ર્‌હોડ આઈલેન્ડમાં થયેલો. તેના પિતા ગ્રંથપાલ અને માતા શિક્ષિકા હતાં. તેણે બોસ્ટન યુનિવર્સિટીમાંથી અંગ્રેજી વિષય સાથે એમ.એ. ની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. ઉપરાંત 'સર્જનાત્મક લખાણ' અને 'કમ્પેરેટિવ લિટરેચર એન્ડ ધ આર્ટસ' માં પણ એમ.એ. ની પદવીઓ મેળવી હતી. તે પછી 'રેનેસા' એટલે કે 'નવજાગૃતિ' વિષયમાં ડૉક્ટરેટની પદવી પણ મેળવી હતી.

તે અનુસ્નાતક કક્ષાનો અભ્યાસ કરતી હતી ત્યારે 'ધ ઈન્ટરપ્રિટર ઑવ મેલડિઝ : સ્ટોરીઝ ફ્રોમ બોસ્ટન' નામનો નવ વાર્તાઓનો વાર્તાસંગ્રહ પ્રકાશિત કરાવેલો. તેના આ પ્રથમ વાર્તાસંગ્રહે જાણીતું 'પુલિત્ઝર પારિતોષિક' પ્રાપ્ત થયું હતું. ઝુમ્પાની વાર્તાઓમાં કેન્દ્ર સ્થાને રહ્યું છે 'લગ્ન.' લગ્નની વિવિધ સમસ્યાઓ એની વાર્તાઓમાં વણાઈ છે. 'ધિસ બ્લેસેડ હાઉસ' વાર્તામાં તાજું પરણેલું યુગલ ભાડાના ઘરમાં રહેવા આવે છે. એ ઘરમાં જૂના જમાનાનું ત્રીસ પાઉન્ડ વજનનું પિત્તળનું જિસસ ક્રાઈસ્ટનું બસ્ટ અને 'સેંટ ફ્રાન્સિસ ઑવ્ એસ્સિસી' નું થ્રી ડાઈમેન્શનલ પોસ્ટકાર્ડ છે. એમાં ભીંતચિત્રો પણ છે. આ બધું જોઈ નવપરણિત યુગલ નિરાંત અનુભવે છે.

'ધ થર્ડ એન્ડ ફાઈનલ કોન્ટિનેન્ટ' માં એક ભારતીય કામચલાઉ ધોરણે

એકસો ત્રણ વર્ષની એક વયોવૃદ્ધ અમેરીકન ડોસી સાથે રહેવા આવે છે. આ ડોસી વિક્ટોરિયન સંસ્કૃતિની પેદાશ છે. કેટલાક મહિના બાદ ઈમિગ્રન્ટની પત્ની કલકત્તાથી એમેરીકા રહેવા આવે છે. આ સંજોગોમાં પેલી અમેરીકન વૃદ્ધા ભારતમાં ગોઠવાયેલા લગ્નનો ખાલીપો પૂરી દે છે. લાહિરીનાં બધાં પાત્રો એમના સૂક્ષ્મ નિરીક્ષણમાંથી જન્મ્યાં છે. લાહિરીના માતા-પિતા તો કલકત્તા-ભારતને જ પોતાનું ઘર માને છે. 'વ્હેન મિસ્ટર પિરઝાદ કેમ ટુ ડાઈન' વાર્તા લેખિકાના સ્વાનુભાવ ઉપરથી રચાઈ છે. 'ધ થર્ડ એન્ડ ફાઈનલ કોન્ટિનેન્ટ' એક વ્યક્તિના દ્રષ્ટિબિંદુને ધ્યાનમાં રાખી પહેલા પુરુષ એકવચનમાં લખવાની હતી. લેખિકાના પિતાના ભૂતકાળની એ વાત એમણે નવલિકાના સ્વરૂપમાં કલાત્મક રીતે ઢાળી છે. તે તેની સર્જક તરીકેની બેનમૂન ઉપલબ્ધિ છે.

લાહિરી પોતે અમેરીકામાં ઊછરેલું બીજી પેઢીનું ફરજંદ છે. અમેરીકાનો તેને અમેરીકન અને ભારતીયો તેને ભારતીય માને છે. તેમનાં માતા-પિતા ચાલીસ વર્ષથી અમેરીકામાં વસતાં હોવા છતાં પણ ભારતને જ પોતાનું વતન માને છે. ભારતની ગંદકી અને ગરીબાઈની લાહિરીને જરા પણ ચીડ નથી. ભારત તેને માટે સદા જીવતું જાગતું પ્રેરણાદાયી જીવન છે. તેણે અમેરીકા જઈ વસેલાં ભારતીય મા-બાપોને ત્યાં જન્મેલા સંતાનોની બીજી પેઢીની મૂંઝવણોને પોતાની વાર્તાઓ દ્વારા વાચા આપવાનો પ્રયાસ કર્યો છે.

●





## (૨૩૭)

# પાબ્લો નેરુદા

## (૧૨, જુલાઇ, ઇ.સ. ૧૯૦૪)

" મેં તેને ગુમાવી છે એમ માનવાને આત્મા નથી તૈયાર.
પહોંચી જવું હોય તેની કને એમ ફંફોસી રહે છે,
મારી દૃષ્ટિ તેને જ.
મારું હૃદય વલખે છે તેને જોવા અને તે તો નથી સંગાથ "

..............................................................

" જો કે મારા માટે સહન કરવા આ છેલ્લું દર્દ હશે,
અને તેના વિશે લખવા આ છેલ્લી પંક્તિઓ હશે "

ઉપર જેવી અમર પ્રેમ કવિતાઓના રચયિતા અમેરીકી કવિ પાબ્લો નેરુદાનો જન્મ દક્ષિણ અમેરીકાના દેશ ચીલીમાં ૧૨, જુલાઈ, ઈ.સ. ૧૯૦૪ ના રોજ માતા રોઝાની કૂખે થયેલો. તેમના પિતા રેલવે કર્મચારી હતા. તેમનું ખરું નામ તો હતું નેફતાલી રિકાર્ડો રેયેસ બાસોઆલ્ટો. પણ એક ચેક લેખક જાન નેરુદાના નામ પરથી તેમણે તેમનું તખલ્લુસ 'પાબ્લો નેરુદા' પસંદ કરેલું.

તેમની ત્રણ વર્ષની ઉંમરે માતા રોઝા અવસાન પામ્યા પછી તેમના પિતાએ બીજું લગ્ન કરેલું. તેથી તેમનો ઉછેર સાવકી માને હાથે થયેલો. તેમણે તેમનું શિક્ષણ પ્રકૃતિની રમણીય ગોદમાં વસેલા તેમના ગામ ટેમુકોમાં જ લીધેલું.

બાળપણથી જ કવિતાસર્જનમાં સવિશેષ રુચિ ધરાવનાર તેઓએ કાવ્યસર્જન સાથે રમત માંડેલી. તેમનાં કાવ્યો ત્યારે ટેમુકોના દૈનિક અખબારમાં પ્રસિદ્ધ થતાં. સોળ વર્ષની ઉંમર થતાં વધુ અભ્યાસાર્થે તેઓ સાન્તયાગો ગયેલા. ૨૦

વર્ષની ઉંમરે ઈ.સ. ૧૯૨૪ માં પાબ્લોનો પ્રથમ કાવ્યસંગ્રહ 'વીસ પ્રેમકાવ્યો અને પ્રચંડ ગીત' પ્રકાશિત થયો હતો. આ સંગ્રહની પ્રસિદ્ધિ પછી તેમનું નામ આશાસ્પદ યુવાન તરીકે પ્રકાશમાં આવ્યું હતું.

ઈ.સ. ૧૯૨૭ માં ચીલીની સરકારે તેમને સરકારી પ્રતિનિધિ તરીકે યુરોપના દેશોના પ્રવાસે મોકલવાનું નક્કી કરતા તેમનો દેશ છોડવો પડેલો. છ વર્ષ સુધી જુદા જુદા દેશોનો પ્રવાસ કર્યા પછી ઈ.સ. ૧૯૩૩ માં તેઓ સ્વદેશ પાછા ફર્યા હતાં. એ પછી બીજે જ વર્ષે તેમના દેશની સરકારે તેમની નિમણૂંક સ્પેનના એલચી તરીકે કરેલી. આ નિમણૂંક તેમને માટે લાભદાયી નીવડેલી. સ્પેનના પાટનગર માડ્રિડમાં તેઓ સ્પેશના તત્કાલીન કવિઓના પરિચયમાં આવેલા. કવિમિત્રોના આગ્રહને વશ થઈ તેમણે અહીં 'કવિતાનો લીલો ઘોડો' નામના સામાયિકના સંપાદનની જવાબદારી વહન કરેલી. ઈ.સ. ૧૯૩૫ માં જ અહીં તેમના બે કાવ્યસંગ્રહો 'રેસિદેન્સિયાસ' નામે પ્રગટ થયેલા.

સ્પેનમાં આંતરવિગ્રહ ફાટી નીકળતાં સલામતીના કારણોસર તેમને તેમની સરકારે પાછા બોલાવી લીધેલા. ત્યાર પછી સરકારે તેમની નિમણૂંક મેક્સિકોમાં ચીલી સરકારના કોન્સલ તરીકે કરેલી.


ઈ.સ. ૧૯૪૩ માં સાન્તયાગો પાછા ફર્યા પછી સક્રિય રાજકારણમાં ઝંપલાવેલું. ધારાસભામાં ચૂંટાઈ આવ્યા પછી તેઓ ચીલીના સામ્યવાદી પક્ષમાં જોડાઈ ગયેલા. એ પછી તેમના કાવ્યસંગ્રહ 'રેસિદેન્સિયા' નો ત્રીજો ભાગ ઈ.સ. ૧૯૪૭ માં પ્રગટ થયેલો. ઈ.સ. ૧૯૪૯ માં ચીલીનો સામ્યવાદી પક્ષ ગેરબંધારણીય જાહેર થતાં જ તેમને ધારાસભામાંથી હાંકી કાઢવામાં આવેલા. તેઓ ગુપ્તવેશે ચીલી છોડીને મેક્સિકોમાં જઈ સ્થિર થયેલા. અહીં તેમણે 'કેન્ટો જનરલ' કાવ્યની રચના કરેલી. ઈ.સ. ૧૯૫૩ માં તેઓ ચીલી પરત આવી નેગ્રા ટાપુ ઉપર રહેવા લાગ્યા. અહીં તેમની સર્જન પ્રવૃત્તિએ વેગ પકડ્યો હતો. ત્રણ વર્ષમાં જ તેમનાં 'એલિમેન્ટલ ઓડ્સ' નાં કાવ્યો ત્રણ ભાગમાં પ્રગટ થયેલાં.




ઈ.સ. ૧૯૫૮ અને ઈ.સ. ૧૯૫૯ માં તેમની 'બુક ઓફ વેગારીઝ' અને 'પ્રવાસો અને ગૃહાગમન' જેવી રચનાઓ પ્રગટ થયેલી. તેમને 'સ્તાલિન પારિતોષિક' થી નવાજવામાં આવેલા. તેમનો કાવ્યસંગ્રહ 'લા બાર્કારોલા' તેમની સર્વશ્રેષ્ઠ કૃતિ માનવામાં આવે છે. ઈ.સ. ૧૯૭૧ માં તેમને સાહિત્ય માટેનું સર્વોચ્ચ નોબેલ પારિતોષિક અર્પણ કરવામાં આવ્યું હતું.

પાબ્લોની કવિતાના કેન્દ્રમાં છે 'પ્રેમ.' પ્રેમનાં સ્પંદનોને સહજતાથી તેમણે તેમનાં કાવ્યોમાં ઝીલ્યાં છે. તેઓએ સ્ત્રીને પ્રકૃતિની ઉત્તમોત્તમ રચના તરીકે સ્વીકારી છે. પ્રેમને સંકુચિત સંદર્ભમાં નહીં પણ વૈશ્વિક સંદર્ભમાં તેમણે આકાર્યો છે. કવિની પ્રિયતમા વિશ્વની સ્વામિની છે. આજે પણ તેમનાં કાવ્યો ચીલીના ઘરઘરમાં જીવંત છે. તેઓ પ્રેમ અને પ્રજ્ઞા તથા સદ્ભાવ અને સ્નેહના સમર્થ કવિ હતા. તેમની કવિતા કલ્પનસમૃદ્ધિથી અવિર્ભૂત થયેલી છે. તેઓ વિપુલતાના મર્મી કવિ હતા. તેમણે પ્રેમની આનંદસમાધિનો અનુભવ આત્મસાત્ કર્યો હતો. આવા, પ્રેમના વિરાટ અને જીવતા જાગતા આ કવિએ ૬૯ વર્ષની વયે ઈ.સ. ૧૯૭૩ માં પૃથ્વીના પાટલેથી વિદાય લીધી હતી.

●





## (૨૩૮)

# સાને ગુરુજી

**(અવસાન : ૧૩, જુલાઇ, ઇ.સ. ૧૯૫૦)**

જેમનાં વિચારો અને કાર્યોથી સમગ્ર મહારાષ્ટ્રનું જીવન પ્રભાવક રીતે સમૃદ્ધ થયું છે તેવી મહાન વિભૂતિઓની પંક્તિમાં ઊભા રહી શકે તેવા વિનમ્ર, કોમળ, વત્સલહૃદયવાળા અને સમર્પણવૃત્તિ ધરાવતા સાને ગુરુજીનો જન્મ કોંકણ પ્રદેશના રત્નાગિરિ જિલ્લાના પાલગઢ ગામે ૨૪, ડિસેમ્બર, ૧૮૯૯ ના રોજ થયો હતો. એમનું જન્મનું નામ પાંડુરંગ હતું. પિતાનું નામ સદાશિવ અને માતાનું નામ યશોદા હતું.

પાંડુરંગનું હુલામણું નામ હતું પંઢરી. બાળપણમાં એમને ‘રામ’ નામનો જ એક મિત્ર મળી ગયો. જેની સાથે તેમણે આજીવન મિત્રતા નિભાવેલી. પછી તેઓ જન્મભૂમિથી દૂર અમળનેરની શાળામાં શિક્ષક તરીકે જોડાયા. અહીં તેમણે ‘છાત્રાલય દૈનિક’ નામનું હસ્તલિખિત સામાયિક શરૂ કરેલું. જેમાં તેમણે ‘મારા કોંકાણની સ્મૃતિ’ નામનો લેખ લખેલો.

માએ એમનામાં સંસ્કારોનું સીંચન બાળપણથી જ કરેલું. મનને સદાય નિર્મળ રાખવાનું, ગરીબીમાં પણ સ્વમાનનો ત્યાગ નહીં કરવાનું અને જાતમહેનત વગર મળતા ધનને હાથ નહીં લગાડવાનું માએ એમને શીખવેલું. બળપણથી તેઓ ધર્મ અને ઈશ્વરમાં અપાર આસ્થા ધરાવતા હતા. અનેક પૌરાણિક કથાઓ એમની જીભના ટેરવે હતી.

ઇ.સ. ૧૯૧૨ માં દાપોલની સુપ્રસિદ્ધ ‘મિશન હાઇસ્કૂલ’ માં તેમને દાખલ કરવામાં આવેલા. અહીં એમનું સારું ઘડતર થયું. ‘ઇતિહાસ વાચનના લાભ’ પર સ્કૂલમાં એમણે સૌ પ્રથમ જાહેર વ્યાખ્યાન આપ્યું હતું. પૂનાની ‘મિત્રમંડળ’



સંસ્થામાં પણ તેમણે પ્રવચન આપેલું. આમ નાની ઉંમરથી જ વકતૃત્વ અને સર્જકતાના અંકુર એમનામાં ફૂટેલા.

નાનપણમાં માની સૂચનાથી તેમણે એકલ માંદી અને અશક્ત મહારણને લાકડાંની ભારી ચઢાવેલી. એ સામે રૂઢિચુસ્ત બ્રાહ્મણોએ હોબાળો મચાવેલો. આ અનુભવને લઇ તેઓ મોટા થયા ત્યારે પ્રખર દલિતોદ્ધારક બની ગયા. તેઓ માનતા હતા કે નિરપેક્ષ સમાજ સેવા અને માનવસેવા કરનાર જ ખરો માનવ છે.

દાપોલીમાં પાંચમાં ધોરણ સુધીનો અભ્યાસ પૂરો કર્યા પછીથી તેઓ પૂનાની ‘નૂતન મરાઠી વિદ્યાલય’ માં છઠ્ઠા ધોરણમાં દાખલ થયેલા. પિતાની આર્થિક સ્થિતિ સારી નહીં હોવાથી ભણવામાં અનેક મુશ્કેલીઓ એમને નડેલી. ૨, નવેમ્બર, ઈ.સ. ૧૯૧૭ ના રોજ એમની વહાલસોયી મા પ્રભુને પ્યારી થઇ ગયેલી. માના મૃત્યુના સમાચાર જાણી તેમણે કહેલા શબ્દો વાગોળવા જેવા છે, જેના પરથી ખ્યાલ આવશે કે એમના જીવનમાં માનું શું સ્થાન હતું. એમણે કહેલું : “મારા જીવનની આશા ચાલી ગઇ, પ્રકાશ ચાલ્યો ગયો, હવે જીવનમાં અંધકાર છવાઇ ગયો છે. મારા તમામ મનોરથો ધૂળ ભેગા થઇ ગયા છે. માને સુખી કરવાનું સ્વપ્ન અતૃપ્ત જ રહ્યું. મારી તો એ શાશ્વત યાતના બની રહી.

રાષ્ટ્રસેવાને માનું તર્પણ માનતા સાને ગુરુજીએ ઇ.સ. ૧૯૩૩ માં જેલમાં ‘શ્યામચી આઇ’ પુસ્તક લખેલું. એ પુસ્તકમાં તેમણે પોતાની માને યાદ કરી લખ્યું છે કે, “મારી માને હું સુખી કરવા માગતો હતો. મારી માને સુખી કરવી એટલે લાખો કરોડો માતાઓને સુખી કરવી.”

ઈ.સ. ૧૯૧૮ માં મેટ્રિકની પરીક્ષા પાસ કરી તેઓ પૂનાની ‘સરપશુરામ ભાઉ કૉલેજ’ માં ઉચ્ચ અભ્યાસ માટે દાખલ થયેલા. એક દિવસ સાંજના સમયે મુંબઇની ચોપાટી પર મહાત્મા ગાંધીજીને એમણે પ્રથમવાર જોયા. એમના આ પ્રથમ દર્શને જ તેઓ ગાંધીજીના પરમ અનુરાગી બની ગયેલા. અભ્યાસ સિવાયનાં

પુસ્તકો વાંચવામાં એમને ખૂબ રસ. અરવિંદ અને કાર્લાઈલનું સાહિત્ય તેમને અધિક પ્રિય હતું. રવીન્દ્રનાથના 'ગીતાંજલિ' ના અંગ્રેજી ગદ્યથી તેઓ ખૂબ પ્રભાવિત થયેલા. એમની કૉલેજના પ્રાધ્યાપક પોતદારે એમની અર્ધવાર્ષિક પરીક્ષાની ઉત્તરવહી જોઈ ભાખેલું કે, 'આ છોકરો ભવિષ્યમાં મોટો લેખક થશે.' સાહિત્ય સર્જનની શરૂઆત પણ તેમણે અહીંથી જ કરેલી.

સ્નાતક થયા પછી ગુરુજી અમળનેરની તત્વજ્ઞાન વિદ્યાપીઠમાં દાખલ થયા. અહીં દાખલ થવા પાછળ એમનાં મનમાં અનેક હકારાત્મક કલ્પનાઓ સાકાર થઈ હતી. પણ પછી એ સુંદર કલ્પનાઓ પત્તાનાં મહેલની જેમ તૂટી પડેલી. અહીં વધુ સમય રહેવું એને પાપ સમજતા.

ઈ.સ. ૧૯૨૪ માં તેઓ 'ખાનદેશ એજ્યુકેશન સોસાયટી' સંચાલિત હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયેલા. ઈ.સ. ૧૯૩૦ ની સવિનય કાનૂનભંગની ચળવળના પગલે તેમણે સ્કૂલનો ત્યાગ કરેલો અને આશ્રમવાસી બની ગયેલા. રાષ્ટ્રભવન સૈનિક ફૈઝપુરની સભામાં તેમણે સૌ પ્રથમ જાહેર પ્રવચન કરેલું. તેમનાં ભાષણોએ શ્રોતાઓના મન જીતી લીધેલાં. તેમની સત્યાગ્રહ ભંડોળ માટેની અપીલના પ્રત્યુત્તરમાં પૈસા અને સોનાનાં ઘરેણાંનો જાણે વરસાદ વરસતો. અમળનેરની સભામાં તેમણે વિદેશી વસ્તુઓની અપીલના સંદર્ભમાં તેમની ધરપકડ થયેલી. તેમને પંદર માસની સખત કેદની સજા પણ થયેલી. ઈ.સ. ૧૯૩૧ માં જેલમાંથી મુક્ત થયા બાદ તેમણે ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને અંગ્રેજ સરકારે આપેલી ફાંસનો વિરોધ કરવા અમળનેરમાં એક પ્રચંડ જનસભાને સંબોધી હતી. પરિણામે તેમને નાસિકની જેલમાં મોકલી આપવામાં આવેલા.

જેલમાં એમનું લેખનકાર્ય વિકસતું રહેલું. ઈ.સ. ૧૯૪૩ માં ટૉલસ્ટૉયના પુસ્તક 'વૉટ ઈઝ આર્ટ' પુસ્તકનો તેમણે કરેલો અનુવાદ પ્રગટ થયેલો. તેમના 'પત્રી' કાવ્યસંગ્રહને મહારાષ્ટ્રને એમની સાચી ઓળખ કરાવી. ઈ.સ. ૧૯૩૭ માં એમનું મહત્વનું પુસ્તક 'ભારતીય સંસ્કૃતિ' પ્રગટ થયું. તેમણે ડૉ.રાધાકૃષ્ણન્‌ના



પુસ્તક 'કાલી ઓર ધ ફ યુચર ઑફ સિવિલિઝેશન' નો અનુવાદ મરાઠીમાં 'સંસ્કૃતિએ ભવિતવ્ય' નામે પ્રસિદ્ધ કરેલો. 'સંધ્યા' અને 'ગૌડ શેવટ' નામની તેમની મૌલિક નવલકથાઓ ઈ.સ. ૧૯૪૬ માં પ્રગટ થયેલી.

સુવિખ્યાત મરાઠી લેખિકા દુર્ગાતાઈ ભાગવતે એમના વિશે લખ્યું છે કે, 'ગુરુજીની શક્તિ એટલે નિતાંત સારાપણું. અર્પણભાવ એમનો સ્થાયી ભાવ હતો. શ્રી કૃષ્ણની બંસરીનું લાલિત્ય ગુરુજીની પ્રત્યેક વૃત્તિ-કૃત્તિમાં અવતર્યું હતું. જો મારામાં કૃત્રિમતા જણાય તો હું પ્રાણત્યાગ કરીશ' એ એમનો જીવનમંત્ર હતો.

આવા એક વિરલ સેવક, વિરલ સાહિત્ય સર્જક, વિરલ ક્રાંતિકારી, વિરલ ભારતીય, વિરલ સમાજશાસ્ત્રી અને વિરલ મહામાનવ ૧૩, જુલાઈ, ઈ.સ. ૧૯૫૦ માં કાળની ગોદમાં સમાઈ ગયા.

●



## (૨૩૯)

# મધુસૂદન પારેખ

## (૧૪, જુલાઇ, ઇ.સ. ૧૯૨૩)

'પ્રિયદર્શી' તખલ્લુસથી જાણીતા થયેલા અને ઇ.સ. ૧૯૬૦ થી 'ગુજરાત સમાચાર' દૈનિકમાં 'હું, શાણી અને શકરાભાઇ' કોલમ વડે ગુજરાત વાસીઓને અવિરત હસાવી રહેલા પ્રતિષ્ઠિત હાસ્યલેખક ડૉ.મધુસૂદન પારેખનો જન્મ ૧૪, જુલાઇ, ઇ.સ. ૧૯૨૩ ના રોજ અમદાવાદ મુકામે પિતા હીરાલાલ પારેખ અને માતા જડાવબેહનના ઘરમાં થયો હતો. ઇતિહાસ અને અર્થશાસ્ત્રના વિષયો સાથે બી.એ. કરીને તેઓ ઇ.સ. ૧૯૫૮ માં 'ગુજરાતી નવલકથા સાહિત્ય' પર મહાનિબંધ લખીને પીએચડી થયેલા. આમ તો એમનું વતન સુરત.

આજીવન શિક્ષણના વ્યવસાયી તેઓએ અમદાવાદની ખાડિયા વિસ્તારની 'ભારતી વિદ્યાલય' માં નવ વર્ષ શિક્ષક તરીકે કામ કર્યા પછી રામાનંદ કૉલેજ એટલે કે આજની એચ.કે.આર્ટસ કૉલેજમાં ગુજરાતીના વ્યાખ્યાતા તરીકે સેવા આપવાનું શરૂ કરેલું. ઇ.સ. ૧૯૮૩ માં તેઓ નિવૃત્ત થઇ ગયેલા. તેઓ 'ગુજરાત સમાચાર' અને અન્ય પત્રોમાં કટારો લખતા રહ્યા છે. ઇ.સ. ૧૯૬૧ થી તેઓએ પ્રસિદ્ધ માસિક 'બુદ્ધિપ્રકાશ'નું સંપાદન કાર્ય સંભાળેલું. ઇ.સ. ૧૯૭૪ થી 'ગુજરાત સાહિત્યસભા, અમદાવાદના મંત્રીપદના સેવાકાર્યમાં તેઓ જોડાયેલા. 'કુમાર' સામાયિકમાં પ્રકાશિત થતી રહેલી. 'અંગ્રેજી સાહિત્યનું આચમન' શ્રેણી ખૂબ જાણીતી બનેલી. આ લેખમાળા માટે ઇ.સ. ૧૯૭૨ માં તેમને 'કુમાર' ચંદ્રક મેળવેલો. ગુજરાત સમાચારમાં પ્રગટ થતી એમની કોલમ 'હું, શાણી અને શકરાભાઇ' માટે તેમણે 'પ્રિયદર્શી' તખલ્લુસ ધારણ કરેલું. હળવી શૈલીમાં



સામાજિક વિચિત્રતાઓ ઉપર વ્યંગ્ય કરવામાં તેઓ પાવરધા છે. તેમણે તેમના સાહિત્ય દ્વારા માનવજીવનની વિકૃતિઓને હળવાશથી રજૂ કરી છે.

'ફૂલછાબ' માં તેમણે 'કીમિયાગર' ઉપનામથી 'હસ્યા તો ફસ્યા' કોલમ લગભગ ત્રણ વર્ષ સુધી લખેલી. હાસ્યલેખનના આ સમ્રાટ સર્જકની અત્યાર સુધીમાં ત્રીસેક કૃતિઓ પ્રગટ થઇ ચૂકી છે. નિર્દંભ અને નિર્દંશ હાસ્ય પીરસનાર એમના વિશે જાણીતા વિવેચક યશવંત શુકલએ લખ્યું છે કે, 'પ્રિયદર્શીનો વિનોદ તીક્ષ્ણ ઘા કરતો નથી.... મરક મરક હસી લેવાય એવો એમનો વિનોદ હોય છે.' વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ લખ્યું છે કે, 'શ્રી પારેખ ટીકા કરે છે, હસે છે પણ ઊંચે આસને બેસી તિરસ્કાર કરતા નથી.' તેઓ સવિશેષ હાસ્યલેખક હોવા છતાં તેમણે નાટ્યક્ષેત્રે અને બાલસાહિત્ય ક્ષેત્રે ઉલ્લેખનીય પ્રદાન કરેલું છે. તેમના નિબંધો ક્યારેય સુરુચિ ભંગ કરતા નથી. હાસ્ય ક્ષેત્રે કરેલા તેમના વિપુલ સર્જનમાં 'હું, શાણી અને શકરાભાઇ'(૧૯૬૫), 'સૂડી-સોપરી'(૧૯૬૭), 'રવિવારની સવાર'(૧૯૭૧), 'હું, રાધા અને રાયજી'(૧૯૭૪), 'આપણે બધાં'(૧૯૭૫), 'અવળાં ચશ્માં'(૧૯૭૬), 'વિનોદાયન'(૧૯૮૨), 'પેથાભાઇ પુરાણ'(૧૯૮૫), 'હાસ્ય કુસુમ'(૧૯૮૮), 'આંખનું કાજળ ગાલે ઘસ્યું'(૧૯૯૧), 'હાસ્ય પચીસી'(૧૯૯૧), 'હાસ્ય દેવાય નમઃ'(૧૯૯૨), 'પ્રિયદર્શીનો મધુવિનોદ'(૧૯૯૩), 'લાફિંગ સન્ડે'(૧૯૯૫), 'જરાક હસતું મોં'(૧૯૯૬) અને 'સ્મિત લહરી'(૧૯૯૭) નો સમાવેશ થાય છે. તેમની ગણના જાણીતા બાલસાહિત્યકાર તરીકે પણ થાય છે. બાલસાહિત્ય ક્ષેત્રે તેમણે કરેલા બહુમૂલ્ય પ્રદાનમાં 'શામળ ભટ્ટની વાર્તાઓ'(૧૯૬૬), 'વૈતાલપચીસી'(૧૯૬૭), 'મૂરખરાજ'(૧૯૭૩), 'બુધિયાનાં પરાક્રમો ૧ થી ૭'(૧૯૭૩), 'માખણલાલ'(૧૯૭૬), 'બીરબલ ૧ થી ૪'(૧૯૭૮), 'વિનોદ ચાતુરી કથામાળા ૧થી ૫'(૧૯૭૮), 'બત્રીસ પૂતળીની વાર્તા ૧ થી ૩'(૧૯૮૧), 'એક હતો બુધિયો ૧ થી ૫'(૧૯૯૦), 'સાહસિક

સુંદરલાલ'(૧૯૯૧), 'બુધાકાકા'(૧૯૯૧), 'અલીબાબા'(૧૯૯૨), 'મિયાં અકડું'(૧૯૯૨), 'હિંમતે મર્દા'(૧૯૯૪), 'મધુર મધુર વાતો'(૧૯૯૬), 'રામ કરે રખવાળાં'(૧૯૯૬), 'ગધેસિંહ અને દોઢડાહ્યો'(૧૯૯૭) તથા 'વરુણનું સોનેરી સ્વપ્ન'(૧૯૯૮) જેવી રચનાઓનો સમાવેશ થાય છે. શાળા-કૉલેજમાં ભજવી શકાય એવાં એકાંકીનો સંગ્રહ 'નાટ્યકુસુમો'(૧૯૬૨) માં આપેલો. તે પછી તેમણે બીજા બે એકાંકી સંગ્રહો 'પ્રિયદર્શીનાં પ્રહસનો' અને 'ફૂલફટાક નાટકો' આપીને રંગભૂમિની ઉમદા સેવા કરી છે. તેમણે લખેલ 'શેક્સપિયરની નાટ્યકથાઓ' સારો લોકદાર પામેલી. એ જ રીતે તેમણે સંસ્કૃત સાહિત્યની નાટ્યકૃતિઓને ગુજરાતીમાં ઉતારી અપણા પ્રાચીન સાહિત્યની અદ્‌ભુત સેવા કરી છે. તેઓ એક સારા વિવેચક અને સંપાદક તરીકે પણ પંકાયેલા છે. 'આવિર્ભાવ', 'દલપતરામ અને સ્વામીનારાયણ' તથા 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ' તેમના જાણીતા વિવેચન સંગ્રહો છે. 'અમેરીકન આધુનિક સમાજ', 'હેન્રીજેમ્સની વાર્તાઓ', 'આધુનિક ભારતમાં સમાજ પરિવર્તન' જેવા અનુવાદ ગ્રંથો તેમણે આપ્યાં છે.

●





## (૨૪૦)
# બાલગંધર્વ
## (અવસાન : ૧૫, જુલાઇ, ઇ.સ. ૧૯૬૭)

ગુજરાતી રંગભૂમિના સમર્થ નટ જયશંકર સુંદરીની જેમ મરાઠી રંગભૂમિ પર સ્ત્રીપાત્રોને જીવંત કરનાર સર્વોત્તમ નટ હતા બાલગંધર્વ. તેમનું ખરું નામ નારાયણરાવ હતું. તેમના પિતાનું નામ શ્રીપાદરાવ રાજહંસ અને માતાનું નામ અન્નપૂર્ણા. મહારાષ્ટ્રના સાતારા જિલ્લાના નાગઠાણે ગામમાં કુલકર્ણી બ્રાહ્મણ કુટુંબમાં બાલગંધર્વનો જન્મ થયેલો. તેમના જન્મ અગાઉ કુલકર્ણી 'રાજહંસ' તરીકે જાણીતા હતા.

નારાયણરાવ સંગીતના ભારે શોખીન હતા. તેમના મામા વાસુદેવરાવ 'નાટ્યકલા પ્રવર્તક મંડળી' ના સ્થાપકોમાંના એક હતા. આમ બાળપણથી જ નારાયણને સંગીત અને નાટકના સંસ્કારો વારસામાં મળેલા. સંગીત અને નાટકોનો ચસકો લાગવાથી તેઓ ઝાઝું ભણેલા નહીં. છ ધોરણ સુધીનો નામનો જ અભ્યાસ.

મહેબૂબખાં નામના એક ગાયક પાસેથી સંગીતની તાલીમ પામેલ નારાયણરાવની ગાયકી મધુર અને કર્ણપ્રિય હતી. નારાયણરાવની ઉંમર માંડ દસ વર્ષની હશે ત્યારે લોકમાન્ય ટિળકે તેમને ગાતાં સંભળેલા. તેમની ગાયનકલાથી પ્રભાવિત થયેલા ટિળકના મુખમાંથી શબ્દપુષ્પો સરી પડેલાં- 'આ બાલગંધર્વ બહુ સરસ ગાય છે.' બસ, ત્યારથી તેઓ બાલગંધર્વ તરીકે જાણીતા થયા.

કોલ્હાપુરના મહારાજા શાહુજીની સહાનુભૂતિથી વિપિત્તિના દિવસોમાં તેમને ત્યાંની 'કિર્લોસ્કર નાટક મંડળી' માં રહેવાની જગા મળી ગઇ. આ કંપનીમાં ૧૭ વર્ષની ઉંમરે તેમણે સ્ત્રીની ભૂમિકા ભજવી હતી. આ ક્ષણથી તેમની

નાટ્યકલાકાર તરીકેની યાત્રાનો શુભારંભ થયો. સ્ત્રીપાત્ર ભજવવાનો જરાય અનુભવ ન હતો ત્યારે કિર્લોસ્કર કંપનીમાં તેમને પડકારરૂપ શકુંતલાની ભૂમિકા સોંપવામાં આવી. આ કંપનીના નાટ્યશિક્ષક દેવલમાસ્તર પાસેથી તાલીમ મેળવી સફળતાથી શકુંતલાની ભૂમિકા ભજવી પ્રેક્ષકોની ભરપૂર ચાહના મેળવી.

અભિનય ક્ષેત્રે સર્વોચ્ચતાનાં શિખરો સર કરવાની તેમને તમન્ના જાગી. પણ થોડા વખતમાં જ દેવલમાસ્તર કિર્લોસ્કરમંડળીમાંથી છૂટા થવાને પરિણામે તેમની આશાઓને ઠેસ પહેંચી. પછી તેમણે વસંતસેના, સરોજિની અને નંદિની વગેરે ભૂમિકાઓ ભજવી અને એમાં એટલી જ સફળતા મેળવી.

૧૯૦૫ માં તેઓ કિર્લોસ્કર મંડળીને પચીસ વર્ષ પૂરાં થતાં હોઈ રૌપ્ય મહોત્સવ ઉજવવાનું નક્કી થયેલું. પણ મામાની આડોડાઈથી બાલગંધર્વને મંડળી છોડી ઘેર જવું પડેલું. મામાએ તાકીદ કરતાં કહ્યું હતું કે - 'ખબરદાર ! ફરી નાટક મંડળીમાં પગ મૂક્યો છે તો !'

આ ઘટના પછી મંડળીના સંચાલક શંકરરાવ મામાની પાસે જઈ, તેમને સમજાવી બાલગંધર્વને માંડ માંડ પાછા લઈ આવ્યા. પછી તો તેઓ કિર્લોસ્કર મંડળીનો પર્યાય બની ગયા. ત્યારે તેમની ઉંમર ૧૯ વર્ષની હતી. પગાર મહિને ૧૦૦ રૂપિયા મળતો. ઈ.સ. ૧૯૦૭ માં બાલગંધર્વને શ્યામરંગની લક્ષ્મીબાઈ નામની કન્યા સાથે તેમનું લગ્ન કરાવી દેવામાં આવ્યું.

માન-અપમાન નાટકના પ્રથમ પ્રયોગ વખતે તેમની દીકરીના અવસાનના સમાચાર મળવા છતાં તેઓ વિચલિત થયા ન હતા. અને તેમણે પ્રેક્ષકો ઝૂમી ઊઠે એવું પાત્ર ભજવ્યું હતું. મંડળીના છત્રીસ વર્ષના માલિક અને અગ્રણ્ય નટ એવા નાનાસાહેબ જોગળેકરનું અવસાન થતાં તેઓ કિર્લોસ્કર નાટક મંડળીના માલિક બન્યા હતા.

પણ બન્યું એવું કે કંપનીના એક બીજા ભાગીદાર અને માલિકની વર્તણૂંકથી મંડળીના કલાકારો નારાજ થઈ ગયા. પરિણામે મંડળીમાંથી બે સારા કલાકારો



છૂટા થઈ ગયા. આથી બાલગંધર્વે પણ મંડળીમાંથી છૂટા થઈ 'ગંધર્વ નાટક મંડળી' નામની સ્વતંત્ર નાટક મંડળી ઊભી કરી.

વડોદરાના કલારસિક શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડે 'બાલગંધર્વ' નાટક મંડળીને રાજ્યાશ્રય આપેલો. જોતજોતામાં એમની નાટક કંપનીએ જબરજસ્ત લોકચાહના પ્રાપ્ત કરી. મોહકરૂપ, બાલસહજ ચહેરાના હાવભાવ, મધુર કંઠ, ઉચ્ચતં અભિનયક્ષમતા અને હૃદયસ્પર્શી ગાયકી એમના કલાકાર તરીકેના વ્યક્તિત્વનાં મુખ્ય લક્ષણો હતાં.

તેમનું જીવન સાદું અને સરળ હતું. કોઈ વ્યસન નહીં. છતાં તેઓ આવક કરતાં ખર્ચ વધારે કરતા. કરકસર કરવાનું એમના લોહીમાં જ ન હતું. તેમનો સ્વભાવ પણ સહજ. કોઈના પ્રત્યે માલિકીપણાની ભાવના નહીં. તેઓ બીજા કલાકારોની સાથે બેસીને જ જમતા.

એમના કંઠે ગવાયેલાં ગીતો એવાં તો લોકપ્રિય થયેલાં કે સામાન્ય લોકો એ ગીતો ગણગણતા રહેતા. તેમના જમાનાની સ્ત્રીઓ બાલગંધર્વની વેશભૂષા, કેશભૂષા અને ઘરેણાંનું અનુકરણ કરતી હતી. એમના નામનો ઉપયોગ કેટલીક કંપનીઓએ બ્રાન્ડ નેઈમ તરીકે કરવા માંડ્યો હતો.

મરાઠી નાટ્યલેખક રામગણેશ ગડકરીએ લખેલા 'એક ચ પ્યાલા' નાટકે તત્કાલીન સમાજમાં ખળભળાટ મચાવી મૂકેલો. એ નાટકની નાયિકા સિંધુનું પાત્ર બાલગંધર્વ ભજવતા. આ નાટકમાંનું સિંધુનું પાત્ર આજેય રંગભૂમિના ચાહકો યાદ કરે છે. તેમના અભિનયવાળા નાટક 'સંશય કલ્લોલે' આખા મુંબઈમાં ધૂમ મચાવી હતી. બાલગંધર્વે ૩૬ નાટકોમાં મોટે ભાગે સ્ત્રીની ભૂમિકાઓ ભજવી હતી. લોકો તેમના અવાજ પાછળ પાગલ થઈ જતા.

એમનું જીવન સંયમી હતું. તેઓ માનતા હતા કે એક કલાકારનું જીવન નિષ્કલંક હોવું જોઈએ. સ્વભાવે તેઓ ગંભીર હોવા છતાં મિલનસાર હતા. કોઈની નિંદા કરવી એને તેઓ પાપ માનતા.

તેમનું ઉત્તર જીવન વ્યથિત રહેલું. ત્રણ સંતાનોનું બાળવયે અવસાન થતાં તેઓ દુ:ખી રહેતા હતા. દીકરીનાં લગ્નને લઈ વધી ગયેલું દેવું એમના મનને અસ્થિર બનાવતું હતું. ઉંમર વધતી જતી હતી. હવે તેમના જીવન પરથી તેમનો વિશ્વાસ ઊઠી ગયો. કલા પ્રત્યેથી ધ્યાન હટી ગયું. નાટકના પ્રયોગો બંધ થઈ ગયા. તેમને ગંધર્વ નાયક મંડળી બંધ કરવી પડી.

પાછળનાં વર્ષોમાં તેમના જીવન પર ગૌહરબાઈ કર્ણાટકીની હકૂમત છવાયેલી રહી. તેમના ગૌહરબાઈ સાથેના સંબંધો અંગે લોકો જાતજાતના તર્ક-વિતર્કો કરવા લાગ્યા. ઈ.સ. ૧૯૪૦ માં તેમની પત્ની મૃત્યુ પામી અને ૧૯૫૦ માં માતાનું અવસાન થયું. માતાના મૃત્યુના બીજે જ વર્ષે તેમણે ગૌહરબાઈ સાથે રજિસ્ટર્ડ લગ્ન કરેલાં.

એમને પગમાં કંઈક એવો રોગ થયો કે ઊભા રહેવાનું મુશ્કેલ બની ગયું. તેમણે રંગભૂમિને વિદાય આપી. બાલગંધર્વનું અંતિમ જીવન અપંગાવસ્થામાં પસાર થયું. એમને પક્ષાઘાતનો હુમલો થયો. શરીર ક્ષીણ થઈ ગયું. આખરે એમણે પૂણેમાં ૧૫ મી જુલાઈ, ૧૯૬૭ ના રોજ પાર્થિવ દેહ છોડી દીધો. રંગમંચનો એક ઉત્તમોત્તમ કલાકાર સદાને માટે માટીમાં ભળી ગયો. તેમને અંજલિ આપતાં તે વખતના મહારાષ્ટ્રનાં રાજ્યપાલ વિજયાલક્ષ્મી પંડિતે કહ્યું હતું - ‘બાલગંધર્વ જેવી મહાન વ્યક્તિએ વિશ્વના સાંસ્કૃતિક જીવનમાં આપણા દેશનું નામ ઉજજવળ કર્યું છે. એ આપણા દેશનું ગૌરવ છે.’

●





## (૨૪૧)

# અરુણા અસફઅલી

## (૧૬, જુલાઇ, ઇ.સ. ૧૯૦૯)

ભારતની આઝાદીનાં પ્રખર હિમાયતી ભારતરત્ન અરુણા અસફઅલીનો જન્મ પંજાબના કાલકા નામના ગામમાં બંગાળી બ્રહ્મોસમાજી પરિવારમાં ૧૬, જુલાઈ, ઈ.સ. ૧૯૦૯ ના રોજ થયો હતો. કિશોરવયથી જ તેઓ રાષ્ટ્રીય આંદોલનના ખ્યાતનામ નેતા અસફઅલીના સંપર્કમાં આવેલાં. ત્યારે તેઓ કૉલેજમાં અભ્યાસ કરતાં હતાં. અને ઉંમર હતી માત્ર ૧૮ વર્ષ, છતાં રાષ્ટ્રીય ચેતનાના પારસનો સ્પર્શ પામ્યા પછી તેમણે કૉલેજ છોડી આઝાદીની લડતમાં ઝંપલાવેલું.

અસફઅલીના પરિચયમાં આવ્યા પછી નિકટતા વધી. પોતે બંગાળી બ્રાહ્મણ હોવા છતાં વિધર્મી અને ઉંમરમાં વીસ વર્ષ મોટા એવા કોંગ્રેસી નેતા અસફઅલી સાથે લગ્નથી જોડાઈ ગયેલાં. ગાંધીજીના આદર્શો અને વ્યક્તિત્વથી અંજાઈ ગયેલાં તેમણે પછી તો દેશ માટે માથું મૂકી દીધું. ૨૧ વર્ષની ઉંમરે સ્વાતંત્ર્યની લડતમાં સક્રિય ભાગ લેવા બદલ તેમની ધરપકડ થયેલી અને એક વર્ષની કેદની સજા થયેલી. ફરી ઈ.સ. ૧૯૩૨ માં ફરી તેમની ધરપકડ થયેલી અને છ મહિનાની સખ્ત કેદની સજા થયેલી. ઈ.સ. ૧૯૪૧ માં ગાંધીજીએ વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ કરેલો. વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લેવા બદલ ફરી તેમને એક વર્ષ માટે જેલની સલાખોં પાછળ ધકેલી દેવામાં આવેલાં. પણ સોનાની કસોટી તો અગ્નિમાં તપ્યા પછી જ થાય એમ વારંવાર જેલવાસથી તેઓ લોખંડી મનોબળ ધરાવતાં થઈ ગયેલાં.

આઝાદીના આંદોલનમાં અરુણા અસફઅલીનું નામ સદાય અગ્રસ્થાને રહેલું.

ઈ.સ. ૧૯૪૨ માં નવમી ઑગષ્ટે મહાત્માજીની 'ક્વીટ ઈન્ડિઆ' ના શ્રી ગણેશ થયા ત્યારે મુંબઈના ગોવાલિયા ટેન્ક મેદાનમાં તેમના હાથે જ ત્રિરંગો ફરકાવાયેલો. આમ એક ક્રાન્તિકન્યાએ ત્રિરંગો લહેરાવી અંગ્રેજ શાસનને હચમચાવી નાખેલું. એ પછી અંગ્રેજોના હાથે પકડાઈ જવાના ભયે તેઓ ભૂગર્ભમાં ચાલ્યાં ગયેલાં અને ક્રાંતિકારી પ્રવૃત્તિઓ બમણા જોશથી ચલાવેલી. એ પછી તેઓ આખા ભારતમાં જાણીતાં થઈ ગયેલાં.

તેમણે રામમનોહર લોહિયા સાથે મળીને 'ઈન્કિલાબ' નામનું પત્ર પ્રકાશિત કરેલું. તેમણે વર્ષો સુધી અંગ્રેજ પોલીસની આંખોમાં ધૂળ નાખેલી. જીવનના વિચિત્ર સંઘર્ષમાં તેમની તબિયત લથડેલી પણ તેઓ હિંમત હારેલાં નહીં. છેવટે અંગ્રેજ સરકારે ૨૬, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૪૬ માં તેમની સામેનાં બધાં વૉરંટો રદ કર્યાં ત્યારે તેઓ ભૂગર્ભમાંથી બહાર આવેલા.

ઈ.સ. ૧૯૪૭ માં દેશ સ્વાતંત્ર્ય થયા પછી તેમને દિલ્હી કૉંગ્રેસ સમિતિના અધ્યક્ષા બનાવાયેલાં. મેક્સિકોમાં ભરાયેલા યુનેસ્કોના અધિવેશનમાં હાજરી આપવા ભારતના પ્રતિનિધિ તરીકે તેમની પસંદગી થઈ હતી. આ વર્ષે જ તેઓ સમાજવાદી પક્ષમાં જોડાઈ ગયેલાં. તેઓ સમાજવાદી સમાજરચનાનું નિરીક્ષણ કરી જાત અનુભવ મેળવવા સોવિયેત રશિયા પણ જઈ આવેલાં. ત્યાંથી પાછાં આવી તેમણે 'ઈન્ડો-સોવિયેત કલ્ચરલ સોસાયટી' ની સ્થાપના કરી હતી.


દિલ્હી મહાનગર પાલિકાનાં પ્રથમ મહિલા મેયર બનવાનો યશ તેમને ફાળે જાય છે. ફરીથી મેયરપદે ચૂંટાવા છતાં અમલદાર શાહી અને મલિન કાયદાથી હતાશ થઈ એમણે એ પદનો ત્યાગ કરેલો. તેમને રાજકારણમાં નહીં, પણ દેશની પ્રગતિમાં રસ હતો. આથી દેશમાં વેરવિખેર થઈ ગયેલાં પ્રગતિશીલ બળોને એક મંચ પર સંગઠિત કરવા તેમણે 'લિંક' નામના સાપ્તાહિકનું પ્રકાશ હાથ ધર્યું હતું. તેઓ તેમને મળતાં ઈનામો અને પુરસ્કારો પણ દેશ માટે ખર્ચી નાખતાં. તેમણે ભારતીય મહિલાઓના રાષ્ટ્રીય મહિલામંડળના અધ્યક્ષા પદે પણ



કામગીરી બજાવી હતી.

તેમણે દેશ માટે પ્રામણિકપણે સંન્નિષ્ઠ સેવાઓ બજાવેલી. વિશ્વશાંતિના ઉમદા પ્રયત્નો માટે તેમને 'લેનિન શાંતિ પુરસ્કાર' અને 'સોવિયેત લેન્ડ નહેરુ પારિતોષિક' અર્પણ કરાયાં હતાં. ઈ.સ. ૧૯૮૬ માં તેમને 'ઈન્દિરા ગાંધી એવોર્ડ' પ્રદાન થયેલો. ઈ.સ. ૧૯૯૧ માં આંતરરાષ્ટ્રીય સદ્‌ભાવ માટેનો 'જવાહરલાલ નહેરુ એવોર્ડ' તેમને અપાયો હતો. ભારત સરકારે ઈ.સ. ૧૯૯૨ માં તેમને 'પદ્મવિભૂષણ' ના ખિતાબથી સન્માન્યા હતાં. તેમને 'નેશનલ સિટિજન્સ એવોર્ડ-૯૪' મધર ટેરેસાને શુભ હસ્તે અર્પણ કરાયો હતો.

ભારતના રાષ્ટ્રપતિ ડૉ.શંકરદયાળ શર્માએ તા. ૨૪-૭-૯૭ ના રોજ અરુણા અસફઅલીને દેશના સર્વોચ્ચ સન્માન સમો 'ભારતરત્ન' નો મરણોત્તર એવોર્ડ આપી તેમની સેવાઓને બિરદાવી હતી. ભારતના આ મોંઘા સ્ત્રી રત્નનો ૮૮ વર્ષની ઉંમરે દિલ્હીની રામમનોહર લોહિયા હૉસ્પિટલ ખાતે ૨૯, જુલાઈ, ૧૯૯૬ ના રોજ બપોરે ૩-૪૫ કલાકે દેહવિલય થઈ ગયો હતો.



## (૨૪૨)

# ડૉ. દિગીશ મહેતા

## (૧૭, જુલાઇ, ઇ.સ. ૧૯૩૪)

લલિતનિબંધ, એકાંકી અને વિવેચનલેખક તરીકે ઓછું લખીને પણ ગુજરાતી સાહિત્ય જગતમાં આગવી છાપ ઊભી કરનારા અંગ્રેજી ભાષાના અધ્યાપક હોવા છતાં ગુજરાતીમાં લખતાં ડૉ. દિગીશ મહેતાનો જન્મ ઉત્તર ગુજરાતની સંસ્કાર નગરી પાટણમાં ૧૭, જુલાઈ, ઈ.સ. ૧૯૩૪ ના રોજ થયો હતો. ઓછું બોલનારા, અતડા સ્વભાવના અને શરમાળ પ્રકૃતિના લાગતા તેમને બીજાની સાથે બહુ ભળવાનું ઓછું ફાવે. કદાચ એમનો સ્વભાવ કે વર્તન અંદરથી એવાં ના હોય ! કેવળ અભ્યાસ અને સર્જન સાથે જ સંબંધ રાખતા તેમને કદાચ બીજાની સાથે સંબંધ બાંધવાનું ના પણ ગમતું હોય. તેઓ આજે પણ પૂરેપૂરા ઉત્તર ગુજરાતી છે.

ગુજરાત યુનિવર્સિટીમાંથી ટી.એસ.એલિયેટની કવિતા પર પી.એચ.ડી. થયેલા તેઓ આ જ યુનિવર્સિટીમાં રીડર અને પ્રોફેસર થયેલા. અંગ્રેજીમાં શિક્ષણ પામેલા અને અંગ્રેજીના અધ્યાપક થયેલા. તેઓએ ગુજરાતી સાહિત્યની આંગળી ઝાલી ચાલવાનું શરૂ કરેલું. 'આપણો ઘડીક સંગ'(૧૯૬૨) માં એક પ્રયોગશીલ નવલ સ્વરૂપે પ્રગટ થયેલી. ત્યાર પછી ઘણાં વર્ષો બાદ 'શત્રુઘ્નની પહેલી સફર' જેવી બીજી નવલકથા એમની પાસેથી મળેલી.

ઈ.સ. ૧૯૭૦ માં 'દૂરના એ સૂર' નામનો લલિત નિબંધોનો સંગ્રહ અનેક ભાત ઉપસાવે છે. માનવમનની અનેક આંતરવ્યથાકથાઓ નવા સંદર્ભો સાથે એમાં ઊઘાડી થઈ છે. તેમના 'શેરી' નિબંધ સંગ્રહને ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી 'ઉપેન્દ્ર પંડ્યા પારિતોષિક' મળ્યું હતું. તેમની 'ઈંગ્લિશ ! ઈંગ્લિશ !'




કૃતિને 'ગુજરાતી સાહિત્ય પરિષદ' તરફથી ૧૯૯૯ નું 'શ્રી કાકા કાલેલકર પારિતોષિક' પ્રાપ્ત થયું છે.

ઈ.સ. ૧૯૭૫ માં હર્ષ દેસાઈની સાથે મળીને લખેલો 'પાશ્ચાત્ય નવલકથા' તેમનો નવલકથા ઉપરનો વિવેચન ગ્રંથ છે. ઈ.સ. ૧૯૭૬ માં પ્રસિદ્ધ થયેલ 'પરિધિ' તેમનો વિવેચન સંગ્રહ છે. આ ગ્રંથના લેખો તટસ્થ અને બારીક અધ્યયનાંતે લખાયા હોય એમ લાગ્યા વગર રહેતું નથી. તેમણે 'શ્રીમદ્ રાજચંદ્ર' પર અંગ્રેજીમાં સંક્ષિપ્ત જીવનચરિત્ર પણ લખેલું છે.

તેમણે કરેલા કેટલાક અનુવાદો રોચક શૈલીમાં કર્યા છે. તેમણે કવિ શેલીના 'ડિફેન્સ ઑફ પોએટ્રી' નો અનુવાદ 'કવિતાનું બચાવનામું' એવા મથાળા નીચે કર્યો છે. યુજેન ઈયોનેસ્કોના 'ધ ચેર્સ' નો અનુવાદ 'ખુરશીઓ' શીર્ષકથી કરેલો છે. અનુવાદ માટે તેમણે પુરસ્કાર પણ પ્રાપ્ત કરેલ છે. તેઓ 'ગુજરાત સાહિત્ય અકાદમી', 'નેશનલ બુક ટ્રસ્ટ' તથા બ્રિટિશ કાઉન્સિલ જેવી અનેક સંસ્થાઓની સાહિત્ય માટેની વિવિધ યોજનાઓની જવાબદારીઓ અદા કરી રહેલ છે.

જેમ તેઓ ઓછા બોલા છે તેમ ઓછું લખનારા પણ છે. પણ જેટલું લખ્યું છે તેટલું સમૃદ્ધ અને રસભોગ્ય લખ્યું છે. તેમની સાહિત્યક્ષેત્રની સેવાઓને બિરદાવવા ઈ.સ. ૧૯૯૭ માં તેમને 'ધનજી કાનજી સુવર્ણચંદ્રક' થી સન્માનવામાં આવ્યા છે.



## (૨૪૩)

# નેલ્સન મંડેલા

## (૧૮, જુલાઇ, ઇ.સ. ૧૯૧૮)

બ્રિટિશ શાસન સામે સમાન નાગરિક અધિકારો માટે આજીવન ઝઝૂમનાર, દક્ષિણ આફ્રિકાના 'ગાંધી' તરીકે જાણીતા થયેલા નેલ્સન મંડેલાનો જન્મ ૧૮, જુલાઈ, ઈ.સ. ૧૯૧૮ માં થયો હતો.

સ્નાતક કક્ષાનું શિક્ષણ લીધા બાદ નેલ્સન મંડેલા જ્હોનિસબર્ગ ગયા હતા. અહીં તેઓ પ્રખર ક્રાંતિકારી વૉલ્ટ સિસુલીના સંપર્કમાં આવ્યા. તેમની સલાહથી મંડેલાએ કાયદાશાસ્ત્રનો અભ્યાસ શરૂ કર્યો. તેઓ એક રાજવી કુટુંબમાં જન્મ્યા હતા. વિદ્યાર્થી અવસ્થાએથી જ તેઓ રાજકારણમાં રસ લેતા થયેલા. ફોર્ટ હેર યુનિવર્સિટીનો અભ્યાસ પૂરો કરી લીધા પછીથી તેમણે જ્હોનિસબર્ગની ખાણોમાં કામ કરવું શરૂ કરેલું. પછી તેમણે વકીલાતમો વ્યવસાય શરૂ કર્યો હતો. તેમણે ઑલિવર ટૅમ્બો સાથે ભાગીદારીમાં વકીલની ઓફિસ શરૂ કરી હતી. ઈ.સ. ૧૯૪૪ માં તેઓ 'આફ્રિકન નેશનલ કોંગ્રેસ' માં જોડાયા હતા. ઈ.સ. ૧૯૫૨ માં કાનૂનભંગ કરી ૮૦૦૦ ના લોકસમૂહને નેતૃત્વ પૂરું પાડવા બદલ તેમને દેશ નિકાલની સજા થઇ હતી. તેમણે દક્ષિણ આફ્રિકાની આઝાદી માટે લોકપરિષદ બોલાવી સ્વાતંત્ર્ય માટેનો ઢંઢેરો જાહેર કર્યો હતો. આ ઢંઢેરા દ્વારા તેમણે પ્રજાની માલિકીના રાજ્યની માલ-મિલકત- સ્વાતંત્ર્ય અને શાંતિ જેવા જન્મસિદ્ધ અધિકારો, લોકરાજ વગેરેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. ઈ.સ. ૧૯૪૪ માં તેઓ વૉલ્ટર સિસૂલુની બહેન એવલિન સાથે લગ્નના બંધને બંધાયા હતા. આ લગ્ન જીવન ઈ.સ. ૧૯૫૬ માં ખંડિત થયેલું જેથી ઈ.સ. ૧૯૫૮ માં તેમણે વિની સાથે બીજું લગ્ન કર્યું હતું.



ઈ.સ. ૧૯૬૨ માં તેમણે આફ્રિકા અને યુરોપનો પ્રવાસ ખેડ્યો હતો. પ્રવાસેથી પાછા ફર્યા બાદ તેમની ધરકપડ કરવામાં આવી હતી. રિવોનિયાના બે વર્ષ ચાલેલા ખટલા બાદ એમને જનમટીપની સજા કરવામાં આવી હતી. આમ છતાં તેમણે લોકશાહી શાસન અંગેની આશા છોડી ન હતી. તેમણે તો કહ્યું હતું : ''બધા લોકો હળીમળીને શાંતિથી રહે ને સમાન હક તથા તક ભોગવે એવા સ્વતંત્ર લોકશાસન માટે હું જીવીશ, અને એને સાકાર કરીશ, જરૂર પડ્યે આ આદર્શ માટે લડતાં લડતાં મરવાની પણ મારી તૈયારી છે.'' ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૯૦માં ડિકલેર્કે મંડેલાને ૨૭ વર્ષના જેલવાસ પછી મુક્ત કર્યા અને આફ્રિકન નેશનલ કોંગ્રેસ ઉપરનો પ્રતિબંધ પાછો ખેંચી લીધો. આ પછી 'સૂર્યાસ્તની શરતો' રૂપે પાંચ વર્ષ માટેની વચગાળાની સરકાર સ્થપાઈ. નવું બંધારણ ઘડાય અને ઈ.સ. ૧૯૯૪ માં 'દરેક વ્યક્તિને મત' ના સિદ્ધાંત પર ચૂંટણી યોજાય એ મુદ્દાઓ ઉપર સમાધાન સધાયું.

કેપટાઉન નજીક આવેલી વિક્ટર વર્સટર જેલમાંથી જ્યારે તેમને મુક્ત કરવામાં આવેલા ત્યારે જેલના દરવાજે ૨૦૦૦ લોકો ઊભા હતા. પણ કેપટાઉનના સીટી હૉલની બહાર ૫૦,૦૦૦ ની જનમેદની ઊભરાઈ હતી. નેલ્સન મંડેલાએ પોતાની મુક્તિ માટે પ્રચાર અને પ્રયાસ કરનાર સૌનો હૃદયની ખરી ભાવનાથી લાગણીસભર શબ્દોમાં આભાર માન્યો હતો અને પ્રમુખ એફ.ડબલ્યુ.ડી. ક્લાર્કની પ્રશંસા કરી હતી. દક્ષિણ આફ્રિકાના પ્રમુખ ફ્રેડરીક ડી. ક્લાર્ક અને આફ્રિકન કોંગ્રેસના પ્રમુખ નેલ્સન મંડેલા બંનેને રંગભેદનો શાંતિપૂર્ણ રીતે અંત લાવવાની કામગીરી કરવા બદલ સંયુક્ત પણે 'નોબેલ શાંતિ પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યો હતો.

ઈ.સ. ૧૯૯૪ માં નેલ્સન મંડેલા દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપ્રમુખ બન્યા. તે પહેલાં ૨૭ વર્ષના જેલવાસ બાદ છૂટ્યા પછી તરત જ નાદુરસ્ત તબિયત હોવા છતાં તેઓ ભારત આવેલા. ગાંધીજીને તેમણે તેમના પ્રેરણા ગુરુ તરીકે સ્વીકાર્યા

હતા. ઈ.સ. ૧૯૯૫ ની ૨૬ મી જાન્યુઆરીની પરેડમાં હાજર રહેલા દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપ્રમુખને તમારામાંથી ઘણાંએ તેમને ટી.વી. પર નિહાળ્યા હશે !

અમેરીકાના વિખ્યાત નાટ્યકાર આર્થર મિલરને થયું હતું કે ૨૭ વર્ષ જેલમાં રહેલો માણસ છૂટ્યા પછી કેવો દેખાતો હશે ? આવી જિજ્ઞાસાને લઈ તેઓ મંડેલાને મળવા ગયેલા. મુલાકાત દરમ્યાન મંડેલાએ મિલરને કહેલું : “ ગોરાઓમાંથી અમને સૌથી પહેલાં જો કોઈને ટેકો મળ્યો હોય તો તે કમ્યુનિસ્ટોનો” પણ મંડેલા કદી કમ્યુનિસ્ટ પાર્ટીમાં જોડાયા ન હતા. મંડેલા માનતા હતા કે, વ્યક્તિત્વ અને ચારિત્ર્યમાં દરેક વ્યક્તિ અજોડ હોય છે, એ માર્ક્સ અથવા બીજા કોઈએ નચાવેલ પૂતળી નથી. મિલર મંડેલાની વિનમ્રતા જોઈ દંગ રહી ગયેલા મિલરે લખ્યું છે : “ મેં એમનામાં જે શાંતિ અને આશાવાદ જોયાં તે બીજે ક્યાંય જોવા મળ્યા ન હતાં.”

જે માણસ પોતાને કેદ કરી રાખનાર પ્રત્યે પ્રેમ દર્શાવે, ગોરાઓની રંગભેદની નીતિ સામે બંડ જગાડે, પણ એનું પ્રતિપાદન કરનાર પ્રજા માટે ધિક્કાર, વેર અને દ્વેશથી જોજનો દૂર રહે, એ માણસ પાસેથી દુનિયાને ઘણું જાણવા-શીખવાનું મળે એમાં બેમત નથી. આવી, વિશ્વની વિભૂતિઓમાંની એક એવા મંડેલાને ‘ભારતરત્ન’ એવોર્ડ આપી ભારતે પણ સન્માન્યા છે.

●





## (૨૪૪)

# મધુ રાય

## (૧૯ જુલાઈ, ઈ.સ. ૧૯૪૨)

નવલિકા, નવલકથા, એકાંકી અને દીર્ઘનાટક જેવા વિવિધ સાહિત્યપ્રકારો પર પરંપરા ત્યાગીને પ્રયોગશીલ એવા આધુનિક સાહિત્યના સર્જક મધુસૂદન વલ્લભદાસ ઠાકર, ‘મધુરાય’નો જન્મ ૧૯ જુલાઈ, ઈ.સ. ૧૯૪૨ના રોજ જામખંભાળિયાના ગૂગળી બ્રાહ્મણ પરિવારના શિક્ષક પિતાને ત્યાં થયો હતો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ તેમણે દ્વારકામાં લીધું હતું. અમેરિકા અને કોલકત્તાના વસવાટને કારણે બંગાળી જેવા લાગતા એમણે પોતાના નામના આગળના બે અક્ષરો સાથે ‘રાય’ જોડીને ‘મધુરાય’ તખ્ખુલસથી લખવાનું શરૂ કર્યું. તેઓ મૌલિક પ્રયોગશીલ સર્જક અને સૂક્ષ્મતાના કસબી કલાકાર છે. કોલકત્તા યુનિવર્સિટીમાંથી તેમણે બી.એ.ની પદવી મેળવી છે. પ્રારંભના દિવસોમાં આજીવિકા માટે તેમણે ટ્યૂશનો કરેલાં. તે પછી તેઓ ત્યાંની એક એન્જિનિયરીંગ કંપનીમાં જોડાયેલા.

શિવકુમાર જોશી અને ચંદ્રકાન્ત બક્ષીના સંપર્કમાં આવતાં તેમને સાહિત્યનો રસ લાગેલો. પરિણામે સાહિત્યનાં વિવિધ સ્વરૂપો પર તેમણે કલમ ચલાવવી શરૂ કરેલી. નાની ઉંમરથી જ તેમણે આર્થિક અસલામતી અનુભવેલી. ઈ.સ. ૧૯૬૭માં તેઓએ કોલકત્તા છોડી દીધેલું અને પહોંચી ગયા લોસ એન્જલસ. આ દરમ્યાન, નાટકો લખી નાટ્યકાર તરીકે તેઓ જાણીતા થઈ ગયેલા. ચંદ્રકાન્ત બક્ષીએ તેમના વિશે લખ્યું છે કે, “અમારો મધુ ગુજરાતી નાટકમાં અશ્વમેધ યજ્ઞ કરીને નીકળી ગયો હતો”

ઈ.સ. ૧૯૬૪માં ‘બાંશી નામની એક છોકરી’ નામના નવલિકાના પ્રયોગશીલ

સંગ્રહથી તેમણે ટૂંકી વાર્તા ક્ષેત્રે પ્રવેશ કર્યો. આજે આધુનિક વાર્તાકારોમાં તેઓ મહત્વનું સ્થાન ધરાવે છે. તેમણે બાવીસ વર્ષની વયે ‘હુગલીનાં મેલાં નીર’ નામે પ્રથમ વાર્તા લખી હતી. જેને ‘ચિત્રલેખા’ની વાર્તા હરિફાઈમાં પ્રથમ ઈનામ પ્રાપ્ત થયું હતું. વાર્તામાં ઘટનાની ઘનતા ઉપસાવીને વેદના-સંવેદનાનું કથન વિવિધ રીતથી કરવામાં મધુ રાય કુશળ કસબી સિદ્ધ સાબિત થયા છે. એમના સર્જન પર ફ્રોઈડનો પ્રભાવ જોવા મળે છે. તો વિજાતીય આકર્ષણ એમની વાર્તાઓની વાસ્તવિકતા છે. ‘રૂપકથા’ એક ડગલું આગળ ચાલે છે. તેમાં ઘટનાનું વધારેમાં વધારે વિગલન થતું જોવા મળે છે. ‘હાર્મોનિકા’ નવા પ્રકાર સાથે જોડાય છે. કૌતુકથી વાંચવાનું શરૂ કરો તો ફરી ફરી વાંચવાનું મન થાય તેવી શૈલી છે.

એમની વાર્તાઓ મધ્યમવર્ગના બૌદ્ધિક પાત્રોને રજૂ કરે છે. આ ઉપરાંત ‘એક સોમવાર’, ‘રચુમ્બ્બન’, અને ‘પાનકોર નાકે જઈ’ એમની ઉલ્લેખનીય વાર્તાઓ છે.


‘કામિની’ અને ‘ચહેરા’ એમની બે નવલકથાઓ છે. ‘કલ્પતરૂં’ નામની વિદેશમાં લખાયેલી કમ્પ્યૂટર નવલકથા છે. ‘કોઈ એક ફૂલનું નામ બોલો તો’ નાટક ઉપરથી ‘કામિની’ નવલકથાની રચના થઈ છે. આ નવલકથા ઘટનાપ્રધાન છે. આ નવલકથામાં મધુરાયે નવીન તકનિકનો વિનિયોગ કરીને આગવા સર્જકત્વને છતું કર્યું છે. મધુરાય સૌથી વધુ સફળતા પામ્યા છે નાટ્યક્ષેત્રે. સૌથી પ્રથમ ‘ઝેરવું’ એકાંકીને તેમણે રચના કરી અને પછી ક્રમશઃ તેઓ આધુનિક ઢબની નાટ્યકૃતિઓ રચતા ગયા. ‘કાગડા?’ ‘કાગડા?’ ‘માણસો?’, ‘આપણું તો એવું’ અને અશ્વત્થામા એમની અતિ સફળ એકાંકીઓ છે.

‘કોઈ એક ફૂલનું નામ બોલો તો’ અને ‘કુમારની અગાસી’ જેવી દીર્ઘ નાટ્યકૃતિઓમાં પણ મધુરાયની પ્રયોગશીલ સર્જક કૃતિ પ્રગટ થઈ રહી છે. ‘કુમારની અગાસી’ અને ‘આપણે કલબમાં મળ્યા હતાં’ એ નાટકો પણ અભિનેય છે. ‘સંતુરંગીલી’ અને ‘ખેલંદો’ જેવાં તેમના નાટકો અનુદિત છે. તેઓ આધુનિક



નાટ્યસર્જકોમાં નોખું અને મહત્વનું સ્થાન ધરાવે છે. પ્રસિદ્ધ નાટ્યકાર બર્નાડ શોની નાટ્યકૃતિ ‘પિગ્મેલિયન’ ઉપરથી લખેલું ‘સંતુ રંગીલી’ નાટક રંગભૂમિ ઉપર અદભૂત સફળતા પામ્યું તે મધુરાયની નાટ્યકાર તરીકેની સિદ્ધિનો વધુ એક પુરાવો છે. આધુનિકોમાં તે અતિસફળ અને તેજસ્વી સર્જક છે. ગુજરાતી નાટ્યક્ષેત્રે તેઓ હંમેશ માટે યાદ રહેશે. તેમને તેમના સર્જનની કદરરૂપે ‘રણજિતરામ સુવર્ણચંદ્રક’ મળે એ શું આનંદની વાત નથી....

●



# (૨૪૫)
# મીરાંબહેન
## (અવસાન : ૨૦, જુલાઇ, ઇ.સ. ૧૯૮૨)

ભારતના મહાપુરુષ મહાત્માગાંધીના વિચારો અને વ્યક્તિત્વ એવાં હતાં કે અધ્યાત્મિક સંતત્વ નહીં ધરાવતા હોવા છતાં વિશ્વની અનેક વ્યક્તિઓ તેમના તરફ આકર્ષાયેલી. આવી વ્યક્તિઓમાંની એક હતી લંડનમાં જન્મ ધારણ કરનારી મેડેલીન સ્લેડ. જન્મે અંગ્રેજ હોવા છતાં સંપૂર્ણ ભારતીય બનીને 'મીરાંબહેન' નામ ધારણ કરીને તેઓ મહાત્માજીને ચરણે બેસી ગયેલાં.

ગાંધીજીના પ્રિય અનુયાયીઓમાંનાં એક મીરાંબહેન મેડેલીન સ્લેડનો જન્મ બ્રિટિશ નૌકાદળના એડમિરલ પિતાને ઘેર થયો હતો. સુખનો કોઇ પાર ન હતો. ઇંગ્લેન્ડના નામાંકિત પરિવારની દીકરી હોવા છતાં તેમને કોઇ છૂપો અસંતોષ કોચવી રહ્યો હતો. માત્ર પાંચ વર્ષની કહેવાતી અણસમજુ અવસ્થાથી જ તેમના હૃદય પર અજંપાનો ઓળો ફરી વળેલો. તેમને જગત અશાંત અને અપૂર્ણ લાગતું. તેમને કોઇક અજ્ઞાત તત્વ જાણે સાદ પાડીને બોલાવતું હતું. તેઓ દિવસે દિવસે જગતથી દૂર જતાં હતાં. એકલતા અનુભવતા હતાં.

પંદર વર્ષની ઉંમરે પિયાનો શીખતાં મેડેલીનનો માર્ગ જર્મન સંગીતકાર બિથોવનની એક તરજ માત્રથી પ્રકાશમાન થઇ જાય છે. બાહ્ય દ્રષ્ટિએ સામાન્ય જીવન જીવતાં એમના અંતરમાં વેદનાનું વલોણું ઉત્પાત મચાવે છે. આ મનોમંથન કાળમાં જ બ્રિટિશ સરકાર એમના પિતાની બદલી કમાન્ડર ઇન ચીફ તરીકે હિન્દુસ્તાનમાં કરે છે. તેઓ પિતાની સાથે ભારત આવે છે. તેમની યુવાન અવસ્થાએ સ્ત્રીસહજ વૃત્તિઓનો શિકાર નહીં બનવા છતાં તેઓ જાણે અજાણે



સ્કૉટીશ સંગીતકાર લેમન્ડ પ્રત્યે આકર્ષાયેલાં. તેમના આકર્ષણનું કેન્દ્ર એવી બીજી વ્યક્તિ હતા પ્રસિદ્ધ સ્વાતંત્ર સેનાની પૃથ્વીસિંહ આઝાદ.

મેડેલીનના જીવનમાં ત્રણ તબક્કા આવેલા. તેઓ રોમાં રોલાં પાસે જવા પ્રેરાયેલા. રોમાં રોલાંએ તેમને મહાત્મા ગાંધી તરફ આંગળી ચીંધેલી. તેઓ ભારત આવ્યા અને ગાંધીજીના સાન્નિધ્યમાં ચોત્રીસ વર્ષ વીતાવ્યાં. અંતે તેમણે બિથોવનની જન્મભૂમિ વિયેનામાં શાંતિનો અનુભવ કરેલો. તેમના આ ત્રણ ગુરુઓના સંપર્કથી તેઓ ઉત્તમ શિષ્યા બની રહેલાં તેમ છતાં મહાત્મા ગાંધી તેમનું કાયમી સંભારણું અને આશ્રયસ્થાન બની રહેલા.

અઠ્ઠાવીસ વર્ષના મંથનકાળ પછી તેત્રીસમા વર્ષે કૃષ્ણની રાધાની જેમ એમણે મોહનનાં ચરણોમાં જીવન સમર્પિત કરી દીધેલું. તેઓ ગાંધીજીના આશ્રમમાં 'મીરાં' બનીને રહેલાં. ઇ.સ. ૧૯૨૫ ના નવેમ્બરમાં ભારત આવેલાં તેઓને ગાંધીજીએ દીકરીની જેમ વધાવેલાં. મેડેલીનને 'મીરાં' એવું નામ ગાંધીજીએ જ આપેલું. ત્યારથી માંડી તેઓ ગાંધીજીના જીવનની અંતિમ ક્ષણ સુધી તેમનો પડછાયો બનીને રહેલાં. ગાંધીજીની દરેક પ્રવૃત્તિ અને કાર્યક્રમમાં એઓ સાથે ને સાથે જ રહેતાં. તેમણે એવી વિરકિતની ભાવના કેળવેલી કે પિતા મૃત્યુ પામ્યા ત્યારે પણ તેમને વતન યાદ આવેલું નહીં. ગોળમેજી પરિષદ વખતે બાપુ સાથે તેઓ લંડન ગયેલાં ત્યારે પણ તેમની બાળપણની સખી તેમની પાસેથી પસાર થઇ હોવા છતાં તેની તરફ નજર સુદ્ધાં નહીં નાખેલી. ગાંધીજીએ કહેલું, ''મીરાંની શ્રદ્ધા મહાદેવની શ્રદ્ધા કરતાં ચઢિયાતી છે. મીરાં માણસમાં એકેય મર્યાદા જોતી નથી. કોઇ એક જીવતા મનુષ્યમાં કોઇ દોષ નથી એવું જોવાની શક્તિ હોય તો તે ઇશ્વરી બક્ષિસ જ કહેવાય.''

રોમાં રોલાંએ મીરાંને ગાંધીજીનો પરિચય આપતાં 'બીજા જીસીસ' તરીકે ઓળખાવેલા. મીરાં બહેનને આ વાતની પૂરેપૂરી ખાતરી થઇ ગયેલી. દેશની આઝાદી પછી મીરાં એ ઉત્તરપ્રદેશનાં અનેક ગામડામાં ફરીને ગાંધીજીના


વિચારોનો પ્રચાર પ્રસાર કરેલો. તેમને બાપુના ગ્રામોદ્ધારના કાર્યમાં પૂરેપૂરી શ્રદ્ધા હતી. તેથી જ તેમણે ઉત્તરભારતમાં ‘પશુલોક’ નામે આશ્રમ સ્થાપેલો. તેમનો પશુપ્રેમ અદ્‌ભુત હતો. તદન સાદગીપૂર્ણ જીવન જીવીને તેમણે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

સ્વરાજપ્રાપ્તિ પછી એનો ઉપયોગ જે રીતે થતો હતો તે જોઈ એમનું હૃદય વ્યથીત થઈ ગયેલું. ગાંધીજીએ જે સ્વરાજની કલ્પના કરેલી તેનાથી તદન વિકૃત ચિત્ર ઊભું થયેલું જોઈ તેમનાથી જીરવાયેલું નહીં. પરિણામે ઈ.સ. ૧૯૫૬ માં તેઓ ભારત છોડી યુરોપ ચાલ્યાં ગયેલાં અને વિયેના પાસે આશ્રમ સ્થાપી ગાંધીઆશ્રમ જેવી પ્રવૃત્તિઓમાં જીવન પસાર કરવા લાગેલાં. મહાત્માજી સાથે વર્ષો સુધી રહ્યા છતાં એમની એષણા અધૂરી જ રહેલી. સેવાની તેમની ઈચ્છા સંતોષાયેલી પણ અધ્યાત્મનો અંતર્નાદ તો એમને પુનઃ બિથોવન ભણી જ તાણી ગયેલો.

તેમણે નિખાલસપણે કબૂલ્યું હતું કે ‘‘બાપુને ક્યારેક મારાથી પૂરતો સંતોષ થયેલો નહીં, કારણ કે મારામાં દબાયેલું કોઈક એવું તત્વ હતું જેનાથી મારું મન વ્યગ્ર રહેતું હતું.’’ તેથી જ બિથોવન સાથેના મિલનને તેમણે આત્મસાક્ષાત્કારની ક્ષણ તરીકે અનુભવેલું. વિયેનામાં ગયા પછી તેમની તબિયત નાદુરસ્ત થયેલી. ઈ.સ. ૧૯૮૨ માં ભારત સરકારે તેમને ‘પદ્મવિભૂષણ’ના ખિતાબથી સન્માનેલાં. ઈ.સ. ૧૯૮૨ ની ૨૦ મી જુલાઈએ વિયેના પાસે ક્રેન્કિંગ નામના સ્થળે તેમણે દેહ મૂકી દીધેલો.

●





## (૨૪૬)

# અર્નેસ્ટ હેમિંગ્વે

## (૨૧, જુલાઇ, ઇ.સ. ૧૮૯૯)

જેમણે માત્ર માધ્યમિક કક્ષાનું જ શિક્ષણ મેળવ્યું હતું તેવા કૉલેજ શિક્ષણથી વંચિત રહેલા અને જનસમાજ માટે પ્રેરણારૂપ સાહિત્યના સર્જક અર્નેસ્ટ હેમિંગ્વેનો જન્મ અમેરીકાના ઈલિનોય પરગણાના ડૉક્ટર પિતાને ત્યાં ૨૧, જુલાઈ, ઈ.સ. ૧૮૯૯ ના રોજ થયો હતો. રખડપટ્ટીના શોખીન અને અલગારી જીવને ભણવામાં રસ ના પડે એટલે વારંવાર સ્કૂલમાંથી પલાયન થઈ જવાની એમને આદત પડી ગયેલી. વગર ભણતરે ગણતર ધરાવનાર, સૂક્ષ્મ નિરિક્ષણ શક્તિના સ્વામી અને સંવેદનાથી હર્યુંભર્યું હૈયું ધરાવનાર હેમિંગ્વે તેમના મનોમંથનમાંથી જન્મેલા વિચારો અને મનોભાવોને કલમથી કાગળ ઉપર કંડારવાનું શરૂ કર્યું. તેમણે ‘ડૉક્ટર એન્ડ હીઝ વાઈફ’ નામની સૌ પ્રથમ વાર્તા ચૌદ વર્ષની ઉંમરે લખેલી.

નાનપણથી જ કંઈક કરી બતાવવાના ધ્યેયને તેઓ વરેલા હતા. પ્રથમ વાર્તાથી તેમને ઘણું પ્રોત્સાહન મળેલું. જીવનની દિશા નક્કી કરવા ઘણાં ઉધામા મારેલા. ખેલાડી તરીકે પણ નસીબ અજમાવેલું. ‘સ્ટાર’ અખબારના ખબરપત્રી તરીકે પણ કામગીરી સંભાળેલી. પ્રથમ વિશ્વયુદ્ધના સમયમાં લશ્કરમાં જોડાવાના પ્રયત્નો પણ કરી જોયેલા. આ બધા પ્રયત્નોમાં ખાસ સફળતા મળેલી નહીં. છેવટે લેખનની દિશાને તેમણે અંતિમ દિશા બનાવી લેખનમાં ભાગ્ય અજમાવવાનું નક્કી કરી લીધું. પછી તેઓએ જીવનને પૂર્ણપણે લેખનને સમર્પી દીધું.

તેમણે તેમનું મહત્વનું સર્જન પેરીસમાં રહીને કર્યું હતું. ઈ.સ. ૧૯૨૩ માં તેમનાં રેખાચિત્રોનો સંગ્રહ ‘થ્રી સ્ટોરીઝ એન્ડ પોએમ્સ’ પ્રસિદ્ધ થયો. તે પછી

બીજે જ વર્ષે ઇ.સ. ૧૯૨૪ માં ‘ઇન અવર ટાઇમ’નુ પ્રકાશન થયું. જગતભરમાં એક સાહિત્ય સર્જક તરીકે તેમનું નામ ગાજતું કરી દેનાર તેમની ધૂમ વેચાયેલી એક અતિપ્રસિદ્ધ નવલકથા ‘ધ સન ઓલ્સો રાઇઝીઝ’ ની શૈલી ઉપર લોકો ઓળઘોળ થઇ ગયા હતા. એમની શૈલી અને કલ્પનો પાણીદાર મોતી જેવા હતાં. આટલી મહત્વની સિદ્ધિ માત્ર ૨૭ વર્ષની ઉંમરે તેમણે હાંસલ કરી હતી.

લેખનમાંથી અઢળક કમાણી કરી લેનાર રંગીન મિજાજ ધરાવતા હેમિંગ્વે એક પછી એક એમ ચાર વખત લગ્ન કર્યાં હતાં. ઇ.સ. ૧૯૪૬ માં છેલ્લે તેમણે મેરી વેલ્શ સાથે લગ્ન કર્યું હતું. ઇ.સ. ૧૯૨૭ માં તેમનો એક નવલિકા સંગ્રહ ‘મેન વીધાઉટ વિમેન’ પ્રગટ થયો હતો. જો કે તેમની પ્રથમ નવલકથા ‘ધ ટૉરેન્સ ઓફ સ્પ્રિંગ’ ઇ.સ. ૧૯૨૬ માં તેમની સત્તાવીસ વર્ષની ઉંમરે પ્રગટ થયેલી.

જીવનમાં અનેક કડવા-મીઠા ઘૂંટડા ગળી ગયેલ આ માણસ અનેક વિપરીત સંજોગોમાંથી હેમખેમ બહાર આવેલો. એકવાર તો વિમાન અકસ્માતમાંથી પણ ઉગરી ગયેલ. છાપાંએ તો તેમના મોતના સમાચાર પણ જાહેર કરી દીધેલા.

એ મોટા ગજાના સર્જક હતા. તેમનું સર્જન હૈયાને સ્પર્શી જાય તેવું વાસ્તવિક અને મર્મઘાતક છે. નિરાડંબર શૈલીમાં, એ જે જોતા તે જ તેવા જ સ્વરૂપે શબ્દોમાં રજૂ કરતા. તેમના સંવાદો ચોટદાર છે. વિચારોમાં ગહનતા છે. પ્રસંગોમાં પારદર્શિતા છે. તેથી જ તેમનું પ્રત્યેક સર્જન સમૃદ્ધિવાન અને રોમાંચક બન્યું છે. એમણે વિકસાવેલી આગવી શૈલી એમના સર્જનની વિશિષ્ટતા છે.


‘ધ ઓલ્ડમેન એન્ડ સી’ નામે ઇ.સ. ૧૯૫૨ માં પ્રગટ થયેલી તેમની વિખ્યાત નવલકથાને ઇ.સ. ૧૯૫૩ માં પુલિત્ઝર પારિતોષિકથી સન્માનવામાં આવી હતી. તો ઇ.સ. ૧૯૫૪ માં આ જ નવલકથાને નોબેલ પારિતોષિક એનાયત કરવામાં આવ્યું હતું. એક વૃદ્ધ છતાં સાહસિક માછીમારની આસપાસ ગૂંથાયેલી આ નવલકથા હેમિંગ્વેની સૌથી શ્રેષ્ઠ રચના ગણાય છે.

પ્રાણીઓ પાળવાનો અને શિકાર કરવાનો શોખ ધરાવનાર શબ્દોનો સ્વામી



૨, જુલાઇ, ઇ.સ. ૧૯૬૧ ના રોજ પોતાના ઘરમાં જ બંદૂકની નાળ મોંમાં મૂકી સ્ટ્રીગર દબાવી કમોતે મૃત્યુને વર્યો હતો.





## (૨૪૭)

# આનંદ બક્ષી

## (૨૧, જુલાઇ, ઇ.સ. ૧૯૩૦)

એક સફળ ગીતકાર તરીકે ચાર હજાર ગીતોનો મબલખ ફાલ આપનાર અને સંવાદાત્મક ગીતોના બેતાજ બાદશાહ કવિ આનંદ બક્ષીનો જન્મ આજના પાકિસ્તાનના રાવલપિંડી શહેરમાં ૨૧, જુલાઈ, ઈ.સ. ૧૯૩૦ ના રોજ થયો હતો. ભાગલા પછી તેમનો પરિવાર પાકિસ્તાન છોડી ભારતમાં આવીને વસેલો. તેમના પિતા એક બેંન્ક મેનેજર હતા અને દાદા હતા સુપ્રિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ.

તેઓ માત્ર ચાર વર્ષના હતા ત્યારે તેમની માતાનું અવસાન થયેલું. તેમની માતાના અવસાન પછી તેમના પિતાએ બીજું લગ્ન કરેલું. આનંદ બક્ષીને બાળપણથી જ ગીતો ગણગણવાનો શોખ. તેમના પિતા અને દાદાના આગ્રહને વશ થઈ તેમને લશ્કરમાં જોડાવું પડેલું. લશ્કરમાં પણ ગીતો ગાઈને તેઓ સૈનિકોનું મનોરંજન કરતા રહેતા. લશ્કરમાં કમને જોડાઈ ગયેલા એમને કામમાં કોઈ રસ પડતો નહીં, એવામાં એમને મોઢેથી ગીતો સાંભળ્યા પછી એક સૈનિક મિત્રે એમને ફિલ્મ લાઇનમાં નસીબ અજમાવી જોવાની સલાહ આપેલી. મિત્રની વાત એમને ગળે ઉતરી ગયેલી. ત્રણ વરસની લશ્કરી નોકરી છોડી ભાગ્યને ભરોસે એમણે મુંબઇની વાટ પકડેલી. મુંબઈમાં આવીને એક ગેસ્ટ હાઉસમાં તેમણે ધામા નાખ્યા. આ સમય હતો ઈ.સ. ૧૯૫૪ નો. કામ શોધવા અને નસીબ અજમાવવા તેમણે ઠેકઠેકાણે ભટકવા માંડયું. ત્રણ ત્રણ વરસ સમય સાથે સંઘર્ષમાં ઉતરેલા તેમને કેટલાય દિવસ તો ભૂખ્યા પડી રહેવું પડેલું. પાસે હતા એટલા પૈસા તો ખર્ચાઇ ગયેલા. સમય એવો આવેલો કે ગેસ્ટ હાઉસનું બીલ નહીં ભરવાથી ગેસ્ટ હાઉસના



માલિકે તેમનો સામાન પણ જપ્ત કરી લીધેલો. જિંદગીની રઝળપાટથી કંટાળીને તેમણે મુંબઈથી ભાગી છૂટવા તેમણે નિર્ણય કરી લીધેલો.

ત્યાંજ એક ચિતરમલ નામના સિંધી મિત્રએ તેમનો હાથ ઝાલ્યો. તેમને આર્થિક મદદ પણ કરી. તેઓ મુંબઈમાં ટકી ગયા. દરદરની ઠોકરો ખાધા પછી તેમની તપસ્યા ફળી. ભગવાનદાદા નામની એક વ્યક્તિએ તેમને તેમની ફિલ્મ 'ભલા આદમી' માટે માત્ર એક જ ગીત લખવાનું તેમને કામ સોંપ્યું. તેમણે જે પ્રથમ ગીત લખ્યું તે હતું -

'ધરતી તેરે લિયે, તું હી ધરતી કે લિયે,
ધરતી કે લાલ, ના કર ઈતના મલાલ.
તું નહીં હૈ કંગાલ,
તેરી દૌલત હૈ તેરે હૌંસલે.'

ચિતરમલે આનંદ બક્ષીને પોતાને ઘેર આશરો આપેલો. પછી ઈ.સ. ૧૯૬૨ માં એક એવા માણસે તેમને ઉપર ઊઠાવ્યા કે તેઓ ન્યાલ થઈ ગયા. એ માણસ હતા રાજકપૂર. રાજકપૂરે તેમને રાતોરાત તેજસ્વી તારલો બનાવી દીધેલા. સુભાષ ઘાઈ ફિલ્મ 'કર્મા' નું નિર્માણ કરી રહ્યા હતા ત્યારે આતંકવાદ વિરોધી ગીતની માગણી આનંદ બક્ષી પાસે તેમણે કરેલી. માત્ર પાંચ જ મિનિટમાં તેમણે ગીત રચી દીધેલું, તે ગીત હતું -

'હર કરમ અપના કરેંગે, અય વતન તેરે લિયે,
દિલ દિયા હૈ, જાન ભી દેંગે, અય વતન તેરે લિયે...'

તેઓ સારા ગાયક પણ હતા. લાલજી સાથે તેમણે 'મૌત કી ગુડિયા' માં એક ગીત પણ ગાયેલું. પદ્યમાં સંવાદ રચવાની કળા તેમને હસ્તગત થઈ ગયેલી.


'મિલન', 'અંજાના', 'આનમિલો સજના', 'નસીબ', 'એક દુજે કે લિયે' વગેરે ફિલ્મોમાં તેમણે યાદગાર ગીતો આપ્યાં છે. 'અચ્છા, તો હમ ચલતે હૈ...', 'મુબારક હો સબકો, સમા યે સુહાના...', 'જિંદગી કી સફરમેં જો ગુજર જાતે

હૈ...', 'પરદેશિયોંસે ના અખિયાં મિલાના...' જેવાં ગીતો તો આજેય આપણા કાનમાં ગુંજ્યા કરે છે.

આવા મહાન ગીતકારે એપ્રિલ, ૨૦૦૨ માં ૭૨ વર્ષની ઉંમરે આપણી વચ્ચેથી વિદાય લઈ લીધેલી.

●





## (૨૪૮)
# ઉમાશંકર જોશી
## (૨૧, જુલાઇ, ઇ.સ. ૧૯૧૧)

શીલભદ્ર સાહિત્યકાર અને સાક્ષરયુગના ફરજંદ એવા વીસમી સદીના સમર્થ સર્જક ઉમાશંકર જોશીનો જન્મ ઈ.સ. ૧૯૧૧ ની ૨૧ મી જુલાઈના રોજ ઉત્તર ગુજરાત ઈડર તાલુકાના નાના એવા ગામ બામણામાં થયો હતો. વીસમી સદીની ગુજરાતી કવિતાને સંસ્કારવામાં અને સમૃદ્ધ કરવામાં એમણે નોંધપાત્ર ફાળો આપ્યો છે. જ્ઞાતિએ તેઓ ત્રિવેદી મેવાડા હતા. તેમના પિતાનું નામ જેઠાલાલ જોશી હતું. માતાનું નામ નવલબેહન હતું. સાત ભાઈઓ અને બે બહેનોના પરિવારમાં તેઓ ત્રીજું સંતાન હતા. પ્રાકૃતિક સૌંદર્યમાં ઉછરેલા ઉમાશંકરના કાવ્ય સર્જનમાં સૌંદર્યત્વ પોષવામાં આજુબાજુના નિસર્ગે ઘણો મોટો ફાળો આપ્યો છે.

વતનની પ્રાથમિક શાળામાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યા બાદ આગળના અભ્યાસ માટે ઈડર જઈ છાત્રાલયમાં રહ્યા હતા. તેઓ અહીં સમર્થ નવલકથા સર્જક પન્નાલાલ પટેલના સહાધ્યાયી હતા. મેટ્રિકના ભણતર માટે અમદાવાદ જઈ પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલમાં દાખલ થયા હતા. ભણવામાં નાનપણથી જ અતિ તેજસ્વી. મેટ્રિકની પરીક્ષામાં તેઓ મુંબઈ યુનિવર્સિટીમાં ત્રીજા નંબરે અને અમદાવાદ કેન્દ્રમાં પ્રથમ નંબરે પાસ થયા હતા.

અમદાવાદ તેમને માટે એક શિક્ષણતીર્થ અને સંસ્કારતીર્થ હતું. તેઓ ઈ.સ. ૧૯૨૮ માં ઉચ્ચ શિક્ષણ માટે 'ગુજરાત કૉલેજ' માં દાખલ થયા હતા. તેઓ રાષ્ટ્રીય રંગે રંગાયા હતા. ૧૯૩૦ માં તેઓ રાષ્ટ્રીય ચળવળમાં જોડાયા હતા. ઈ.સ. ૧૯૩૬ માં મુંબઈની એલ્ફિસ્ટન કૉવેજમાંથી અર્થશાસ્ત્ર અને ઈતિહાસના

વિષયો સાથે બી.એ. થયા હતા. ઈ.સ. ૧૯૩૮ માં ગુજરાતી અને સંસ્કૃત સાથે વાર્તાઓ લખતા.

એમ.એ. ના પરિણામ પછી સિડનહામ કૉલેજમાં ગુજરાતીના વ્યખ્યાતા તરીકે તેમની નિમણૂંક થઈ હતી. તે પછી તેઓ આનંદશંકર ધ્રુવના નિમંત્રણથી 'ગુજરાત વિદ્યાસભા' સંશોધન વિભાગમાં અદ્યાપક તરીકે જોડાયા હતા. તેઓ આ પદે સાત વર્ષ કાર્યરત રહેલા. આ સમયગાળા દરમ્યાન તેમના તરફથી આપણને સર્જન, સંપાદન, સંશોધનનાં અનેક પુસ્તકો મળ્યાં છે.

તેમણે તેમની જીવનયાત્રા દરમ્યાન ઉત્તમ ગ્રંથોનો મબલખ ફાલ આપણને આપ્યો છે. તેમણે તેમની કલમ વાર્તા, કાવ્ય, એકાંકી, વિવેચન, સંશોધન, નવલકથા, સંપાદન જેવાં અનેક ક્ષેત્રોમાં ચાલી છે. આમ છતાં તેઓ કાવ્ય સર્જન ક્ષેત્રે ખૂબ ખીલ્યા છે.

ઈ.સ. ૧૯૩૬ માં તેમના પ્રગટ થયેલા 'સાપના ભારા' એકાંકી સંગ્રહે તેમને સમર્થ એકાંકીકાર તરીકે અને ઈ.સ. ૧૯૩૭ માં પ્રગટ થયેલા 'શ્રાવણી મેળો' વાર્તા સંગ્રહે સમર્થ નવલિકાકાર તરીકે પ્રસ્થાપિત કર્યા હતા.

ગુજરાત વિદ્યાસભાની સેવા દરમ્યાન તેમણે 'ત્રણ અર્ધું બે' વાર્તા સંગ્રહ, 'અખો-એક અધ્યયન', 'પુરાણોમાં ગુજરાત', 'નિશીથ', 'પ્રાચીના', 'પારકાં જણ્યાં' જેવી સમર્થ કૃતિઓ આપી હતી. તે પછીથી વાર્તાસંગ્રહ 'આતિથ્ય'(૧૯૪૬), વાર્તાસંગ્રહ 'અંતરાય'(૧૯૪૭), વિવેચનસંગ્રહ 'સમસંવેદન'(૧૯૪૮), 'ઉત્તરરામચરિત' અનુવાદ (૧૯૫૦) તથા એકાંકીસંગ્રહ 'શહીદ'(૧૯૫૧) તેમણે ગુજરાતી સાહિત્યને ચરણે ધર્યાં.

તેઓ દિલ્હીની સાહિત્ય અકાદમીના પ્રારંભથી તેની સામાન્ય સભા તથા કારોબારીના ઈ.સ. ૧૯૭૨ સુધી સભ્ય હતા. તેમણે ગુજરાત યુનિવર્સિટીના ભાષાભવનના અધ્યક્ષ અને અધ્યાપક તરીકે કામગીરી બજાવી હતી. તેઓ ઈ.સ. ૧૯૬૬ થી ઈ.સ. ૧૯૭૨ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટીની કુલપતિપદે પણ



રહી ચૂકેલા. ઈ.સ. ૧૯૭૦ થી ૭૬ સુધી રાજ્યસભામાં સભ્યપદ શોભાવ્યું હતું. આ ઉપરાંત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય શિક્ષણ, કલા અને સંસ્કૃતિ વિષયક પ્રવૃત્તિઓ કરતી અનેક સંસ્થાઓ સાથે જોડાયેલ રહ્યા હતા.

તેમણે તેમના જીવનકાળ દરમ્યાન બ્રિટન, ચીન, ફ્રાન્સ, જર્મની, ઈટાલી, રશિયા, અમેરીકા, ઈજિપ્ત જેવા દેશોનો પ્રવાસ ખેડ્યો હતો. અને તે પ્રવાસના પ્રવાસગ્રંથો પણ લખેલાં. તેઓ એક સફળ કેળવણીકાર હતા.

તેઓ અનેક સન્માનોથી સન્માનિત થયા હતા. ૧૯૩૯ માં 'ગંગોત્રી' કાવ્યસંગ્રહ માટે રણજિત સુવર્ણચંદ્રક, 'પ્રાચીના' માટે 'મહિડા પારિતોષિક' (૧૯૪૪), 'પ્રાચીના' માટે 'નર્મદ સુવર્ણચંદ્રક', ૧૯૬૩ થી ૬૫ ના ગાળાની શ્રેષ્ઠ સાહિત્યકૃતિ તરીકે 'મહાપ્રસ્થાન' ને ઉમાસ્નેહરશ્મિ પારિતોષિક, 'અભિજ્ઞા' કાવ્યસંગ્રહને ન્હાનાલાલ પારિતોષિક, 'નિશીથ' માટે ભારતીય જ્ઞાનપીઠ એવોર્ડ (૧૯૬૭), વિશ્વગુર્જરી પુરસ્કાર (૧૯૮૧) વગેરે પુરસ્કારોથી સન્માનવામાં આવ્યા હતાં. તેમને બેંગલૂરું, જોધપુર, સૌરાષ્ટ્ર, સરદાર પટેલ તથા જબલપુર યુનિવર્સિટીઓએ ડિ.લિટ્ ની માનદ્ ઉપાધિઓ આપી હતી.

ઉમાશંકરનું પદ્ય જેટલું તાજગીભર્યું છે, તેટલું જ ગદ્ય પણ તાજગીભર્યું છે. તેમના કાવ્યસર્જનના કાવ્યસંગ્રહો- વિશ્વશાંતિ (૧૯૩૧), ગંગોત્રી (૧૯૩૪), નિશીથ (૧૯૩૯), પ્રાચીના (૧૯૪૪), આતિથ્ય (૧૯૪૬), વસંતવર્ષા (૧૯૫૪), મહાપ્રસ્થાન (૧૯૬૫), અભિજ્ઞા (૧૯૬૭), ધારાવસ્ત્ર (૧૯૮૧) અને સપ્તપદી (૧૯૮૧) બહુસ્વીકૃત બનેલા છે.

તેઓ ઊર્મિકવિતાના એક બહુશ્રુત કવિ છે. તેમનાં મુક્તકો પહેલ પાડેલા હીરા જેવાં છે. તેમનું મુક્તક -


'મળી મને નિષ્ફળતા અનેક,
તેથી થયો સફળ કૈંક હું જિંદગીમાં'

ખૂબ જ લોકપ્રિય થયેલું છે. 'સપ્તપદી' તેમના કાવ્યાકાશનું તેજસ્વી નક્ષત્ર છે.

વિશ્વતોમુખી સંવાદિતાના સાધક સારસ્વત તરીકે, માનવીય અને વૈશ્વિક સ્નેહશાંતિના સ્વપ્ન દ્દષ્ટા અને સત્વનિષ્ઠ પરંપરા સર્જક તરીકે ઉમાશંકરનું નામ આખા વિશ્વમાં જાણીતું છે. માનવતાના મંત્રદૃષ્ટા એવા શ્રી ઉમાશંકર જોશી ૧૯, ડિસેમ્બર, ઈ.સ. ૧૯૮૮ ના રોજ સવારે ૮-૧૫ વાગે મુંબઈની તાતા મેમોરિયલ હૉસ્પિટલ, મુંબઈમાં અવસાન પામ્યા હતા.

●





## (૨૪૯)
# પં. દલસુખ માલવણિયા
## (૨૨, જુલાઇ, ઇ.સ. ૧૯૧૦)

ભારતના સુપ્રસિદ્ધ તત્વવેત્તા, વિરલ વિદ્યાપુરુષ, પ્રખરપંડિત, સંશોધક અને સંપાદક એવા બહુમુખી પ્રતિભાના સ્વામી દલસુખભાઈ માલવાણિયાનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના લાલજી બાપુના ધામ સાયલામાં ૨૨, જુલાઈ, ઈ.સ. ૧૯૧૦ ના રોજ થયો હતો. બાળપણમાં જ તેમણે પિતાનું સુખ ગુમાવી દીધેલું. તેમનો જન્મ ભાવસાર જ્ઞાતિમાં થયેલો. તેમના ઉછેરની જવાબદારી મા પાર્વતીબહેને વહન કરેલી.

સુરેન્દ્રનગરના અનાથઆશ્રમે દલસુખભાઈ અને એમના ત્રણ ભાઈઓને આશ્રય આપેલો. સાત વર્ષ આશ્રમમાં રહી તેઓ અંગ્રેજી પાંચમાં ધોરણ સુધી ભણેલા. તેઓ સ્થાનક વાસી જૈન હોવાથી તેમણે તે પછી જયપુર, બિકાનેર, બ્યાવર વગેરે જૈન ગુરુકુળોમાં રહી 'જૈનવિશારદ' અને 'ન્યાયતીર્થ' જેવી પદવીઓ પ્રાપ્ત કરેલી. તે પછી તેમણે પં. બેચરદાસ દોશી પાસે રહીને સંસ્કૃત તથા પ્રાકૃત વ્યાકરણશાસ્ત્ર અને જુદા જુદા ધર્મોનું ઊંડું અધ્યયન કરેલું. ઈ.સ. ૧૯૩૨ માં તેમણે 'શાંતિનિકેતન' ની વાટ પકડેલી. ત્યાં તેમણે મહામહોપાધ્યાય વિદ્યુશેખર પાસે પાલી અને બૌદ્ધદર્શનનો અભ્યાસ કર્યો. અહીં તેઓ જૈન મુનિ શ્રી જિનવિજયજીના પરિચયમાં આવેલા. તેમની પાસે રહી તેમણે જૈન આગમોનો વિગતે અભ્યાસ કરેલો.

પં. દલસુખભાઈએ ઈ.સ. ૧૯૩૪ માં 'શાંતિનિકેતન' છોડી દીધેલું. તે પછી મુંબઈ આવી સ્થાનકવાસી જૈનોના મુખપત્ર 'જૈનપ્રકાશ' સાથે જોડાઈ ગયેલા. ઈ.સ. ૧૯૩૮ માં તેઓ 'બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલય' માં 'જૈનચેર' ના

પ્રાધ્યાપક તરીકે નિમાયેલા. તે પછી ઈ.સ. ૧૯૫૯ થી ઈ.સ. ૧૯૭૬ સુધી અમદાવાદની 'લાલભાઈ દલપતભાઈ સંસ્કૃતિ વિદ્યામંદિર' ના નિયામક તરીકેનો કાર્યભાર તેમણે વહન કરેલો. ત્યાં સત્તર વર્ષ નિષ્ઠાપૂર્વક કામ કરી સંસ્થાની કીર્તિ વિદેશો સુધી ફેલાવેલી. ઈ.સ. ૧૯૭૬ વયમર્યાદાને લઈ નિવૃત્ત થયા પછી પણ એ સંસ્થાના સલાહકાર તરીકે તેમણે સેવાઓ આપેલી.

તેઓ પ્રખર અભ્યાસુ હતા. તેમના સંન્નિષ્ઠ વિદ્યાવ્યાસંગને લઈને બનારસ, મુંબઈ, દિલ્હી, ઈન્દોર અને ઉજ્જૈન વિશ્વવિદ્યાલયોમાં તેમણે પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓના માર્ગદર્શક તરીકે સેવાઓ આપેલી. ટોરેન્ટો, બર્લિન અને પેરિસની યુનિવર્સિટીઓમાં મુલાકાતી અધ્યાપક તરીકે તેમણે આપેલી સેવાઓ જાણીતી છે.

દલસુખભાઈનાં લગ્ન ઈ.સ. ૧૯૩૨ માં ધ્રાંગધ્રાનાં મથુરાગૌરી સાથે થયાં હતાં. ઈ.સ. ૧૯૬૫ માં તેમનાં પત્ની સ્વર્ગે સીધાવેલાં. તેના એક વર્ષ બાદ 'આગમ યુગકા જૈન દર્શન' પુસ્તક પ્રસિદ્ધ થયેલું. એ પુસ્તક પત્નીને અર્પણ કરતાં લખેલું : '' પ્રિય પત્ની મથુરા ગૌરીકો, જિન્હોને લિયા કુછ નહીં, દિયા હી દિયા હૈ.'' જૈન દર્શનશાસ્ત્રમાં તેમણે કરેલું પ્રદાન ધ્યાનાકર્ષક છે. તેમણે અંગ્રેજી, હિન્દી અને ગુજરાતીમાં સર્જન કર્યું છે. 'ભગવાન મહાવીર' (૧૯૪૭), 'આત્મમિમાંસા' (૧૯૫૩), 'જૈન ધર્મચિંતન' (૧૯૬૫), 'પ્રભુ શ્રી મહાવીર સ્વામીનો જીવન સંદેશ' (૧૯૭૨) અને 'પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજી' (૧૯૭૭) એમના પ્રસિદ્ધ ગ્રંથો છે.

તેમણે સંપાદન ક્ષેત્રમાં પણ વિશિષ્ટ કાર્ય કરી ખૂબ જ કીમતી ગ્રંથોની ભેટ ધરી છે. તેમનાં સંપાદિત ગ્રંથોમાં 'ન્યાયાવતાર કાર્તિકવૃત્તિ જૈન ગ્રંથમાળા' (૧૯૪૯), 'પ્રમાણવાર્તિક' (૧૯૫૯), 'પ્રમાણમિમાંસા' (૧૯૩૯), 'જ્ઞાનબિંદુ' અને 'તર્કભાષા' (૧૯૪૯) વગેરે ઉલ્લેખનીય છે.

ભારત સરકારે આ વિદ્યાનિષ્ઠ પુરુષની સેવાઓને ઈ.સ. ૧૯૯૨ માં



'પદ્મભૂષણ' ખિતાબ એનાયત કરી બિરદાવી હતી. જૈન ધર્મ પરત્વેની તેમની વિદ્વતા વિદેશોમાં પણ પ્રસરેલી. આ મહાન પંડિત સમા વિદ્યપુરુષે ૨૮, ફેબ્રુઆરી, ઈ.સ. ૨૦૦૦ ના રોજ આપણી વચ્ચેથી વિદાય લઈ લીધી હતી.

●





## (૨૫૦)
# હિમેશ રેશમિયા
## (૨૩, જુલાઇ, ઇ.સ. ૧૯૭૩)

સ્વભાવે અને જન્મે અસલ ગુજરાતી એવા સંગીતકાર અને ગાયક હિમેશ રેશમિયાનો જન્મ સૌરાષ્ટ્રમાં ભાવનગર મુકામે ૨૩, જુલાઇ, ઇ.સ. ૧૯૭૩ ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ વિપીનભાઇ રેશમિયા અને માતાનું નામ મધુબહેન છે. તેમના પિતા મ્યુઝિક ડાયરેક્ટર હોઇ સંગીતના સંસ્કાર હિમેશને વારસામાં જ મળેલા છે. હિમેશે મુંબઇની હિલ ગ્રેન્જ હાઇસ્કૂલમાંથી અભ્યાસ કર્યો છે. આ સમયે તેમને પ્રશાંત ચઢ્ઢા નામની વ્યક્તિ સાથે દોસ્તી બંધાઇ હતી, જે આજ સુધી ટકી રહી છે. એ મિત્રએ જ હિમેશના તમામ પ્રાઇવેટ સંગીત આલ્બમોનું નિર્માણ કર્યું છે. હિમેશને તમે હંમેશા માથે ટોપી મૂકેલ અદામાં જ જોતા હશો. તેનો આ લુક પણ મિત્ર પ્રશાંતને આભારી છે.

પિતા સંગીતકાર હોઇ તેમની ઇચ્છા દીકરાઓને સારા સંગીતકાર તરીકે જોવાની હતી. તેમનો મોટો ભાઇ અગિયાર વર્ષનું આયુષ્ય ભોગવી અવસાન પામેલો. પિતાને તેનો વસમો આઘાત લાગેલો. પિતાએ સેવેલું સ્વપ્નનું સાકાર કરી બતાવવા માટે હિમેશે સંગીતકાર બનવાનો દૃઢ નિશ્ચય કર્યો. તેમના પિતા વિપીનભાઇ સંગીતકાર ઉપરાંત દિગ્દર્શક પણ હતા. તેમણે ઇ.સ. ૧૯૮૮ માં ''ઇન્સાફ કા જંગ નામની ફિલ્મનું દિગ્દર્શન પણ કરેલું. બાળપણથી જ હિમેશને ચિત્રજગત સાથે સારો ઘરોબો હતો.

હિમેશ સારા ગાયક અને સંગીતકાર તો છે જ, પણ તેઓ એક સારા અભિનેતા પણ છે. હીરો તરીકે હિમેશે 'આપકા સુરુર' જેવી હિટ ફિલ્મ પણ આપી છે. પણ તે પછી તેણે હીરો તરીકે કોઇ સફળતા મેળવી નથી. ફિલ્મ જગતમાં એવી



પણ હવા ઊઠેલી કે તે નાકમાંથી ગાય છે. પણ તે પછી ઉપરા ઉપરી સુપરહીટ આલ્બમો આપી તેમણે ટીક્કાકારોની બોલતી બંધ કરી દીધેલી. આજે હિમેશ ભારતીય ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં છવાઇ ગયો છે. વિદેશોમાં પણ તેમણે એટલી જ લોકપ્રિયતા હાંસલ કરી છે. પાંચ મહિના સુધી 'ખિલાડી ૭૮૬' નું સંગીત ટોપ પર રહેવાનું શ્રેય હિમેશ રેશમિયાને ફાળે જાય છે. આવો ચમત્કાર તેમણે અનેક ફિલ્મોમાં કરી બતાવ્યો છે. 'બી' ગ્રેડની ફિલ્મોને માત્ર પોતાના સંગીતના જાદુથી 'એ' ગ્રેડ જેવી સફળતા અપાવનાર 'ધ મેન વીથ કેપ' ની સંગીત કલા સાંભળનારને વશ કરી મૂકે એવી અદ્ભુત છે.

હિમેશને ગાયક અને સંગીતકાર તરીકે સફળતા અપાવવામાં જાણીતા અભિનેતા સલમાન ખાનનો ઘણો મોટો ફાળો છે. સલમાનખાને હિમેશને સૌ પ્રથમવાર 'પ્યાર કિયા તો ડરના ક્યા' ફિલ્મમાં સંગીત આપવાની તક પૂરી પાડી હતી. એમાં એ સફળ થયેલાં. ત્યાર પછી હિમેશે સલમાનખાન સાથે 'હેલો બ્રધર', 'દુલ્હન હમ લે જાએંગે' અને 'તેરે નામ' જેવી ફિલ્મોમાં હિટ ગીતો આપ્યાં છે.

સંગીતકાર તરીકે અદ્ભુત સફળતા મેળવ્યા પછી હિમેશે એક ગાયક તરીકેની પ્રતિભા વિકસાવવાનો પ્રયોગ અમલમાં મૂક્યો. નસીબે તેમને યારી આપી. અને દેશમાં જવલંત સફળતા પ્રાપ્ત કરનાર 'આપકા સુરુર' આલ્બમ આપ્યું. આ સફળતા પછી 'આશિક બનાયા આપને' ફિલ્મ બોનસ પોઇન્ટ રૂપ સાબિત થઇ છે. એ ગીતે દેશ અને દુનિયાને ડોલાવી દીધી છે. આજે પણ તમને દરેક સ્થળે એ ગીત ગુંજતું અવશ્ય સંભળાશે.

એકવીસ વર્ષની ઉંમરે તેમણે કોમલ સાથે લગ્ન કરેલું. કોમલથી તેમને 'સવ્ય' નામનું પુત્રરત્ન પ્રાપ્ત થયેલું છે. હિમેશે કલાકાર નિર્માતા તરીકે 'દમાદમ' અને 'ખિલાડી ૭૮૬' ની વાર્તાઓ પણ લખી છે. હાલ તેઓ તેમનું અંગ્રેજી આલ્બમ **'@ Da Edge'** તૈયાર કરવામાં વ્યસ્ત છે. આ આલ્બમનાં પંદરે પંદર ગીતો અંગ્રેજીમાં છે. બોલીવૂડમાં એચ.આર. ના હુલમણા નામે ઓળખતા હિમેશ

રેશમિયાએ દેશ અને દુનિયામાં ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. 'વેમ્બી અરેના' નામનો લંડનમાં સંગીતનો કાર્યક્રમ કરનાર હિમેશ પહેલા ભારતીય સંગીતકાર છે. તેમણે 'અમરપ્રેમ' અને 'અંદાઝ' જેવી ટી.વી. સિરિયલોનું પણ નિર્માણ કર્યું છે. ઈ.સ. ૨૦૦૬ માં 'બેસ્ટ પ્લે બેક સિંગર' નો એવોર્ડ પણ તેમણે મેળવ્યો હતો. આવા સંગીતકાર પાસેથી આવનારા દિવસોમાં ભારત ઘણી આશાઓ રાખી રહ્યું છે.

●





## (૨૫૧)

# ઉત્તમકુમાર ચટ્ટોપાધ્યાય

## (અવસાન : ૨૪, જુલાઇ, ઇ.સ. ૧૯૮૦)

બંગાળની ધરતી એટલે સાહિત્ય અને કલાની ધરતી. બંગાળની ભૂમિમાં જેટલા સાહિત્ય સર્જકો, કલાકારો અને ક્રાંતિકારીઓ પેદા થયા છે એટલા બીજા કોઇ રાજ્યમાં ભાગ્યે જ પેદા થયા હશે. રવીન્દ્રનાથ ટાગોર, શરદબાબુ અને સુભાષચંદ્ર બોઝ એનાં ઉત્તમ ઉદાહરણો છે. આવાં તો કેટકેટલાં નામો ગણાવવાં ? આ બંગાળની ધરતીના ખોળે બંગાળી ચલચિત્રોના હોનહાર અભિનેતા ઉત્તમકુમાર ચટ્ટોપાધ્યાયનો જન્મ ૩, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૨૬ ના રોજ થયેલો. ગુજરાતી ફિલ્મજગત પર જેમ ઉપેન્દ્ર ત્રિવેદી લાંબા સમય સુધી છવાયેલા રહેલા તેમ બંગાળી ફિલ્મ જગતમાં ઉત્તમ કુમારે લગભગ ત્રીસ વર્ષ સુધી એકચક્રી આણ વર્તાવેલી. તેમની બહુમુખી પ્રતિભા અને જીવંત અભિનયથી તેઓ બંગાળી લોકોના હૃદયોમાં વસી ગયેલા.

જાણે ગળથૂંથીમાંથી જ અભિનયના સંસ્કાર પામ્યા હોય તેમ બાળપણથી જ જુદાં જુદાં પાત્રો ભજવવાનો શોખ હતો. શાળાનાં નાટકોમાં તે અચૂક ભાગ લેતાં. દશ વર્ષની વયે શાળામાં ભજવાયેલા નાટક 'ગયાસુર' માં સર્વોત્તમ અભિનય બદલ તેમને ચંદ્રક એનાયત કરવામાં આવેલો. તેમનો નાટક પ્રત્યેનો લગાવ એવો પ્રબળ હતો કે ઘરમાં પણ તેઓ નાટકના સંવાદો બોલતા હોય એવી અદાથી બધાં સાથે વાત કરતા. અઢાર વર્ષની નાની ઉંમરે તેઓ કોલકાતા બંદરની કમિશ્નરની કચેરીમાં કામે લાગેલા. જેવો નાટકનો શોખ એવો એમને સંગીતનો પણ શોખ હતો. નાની વયથી જ સંગીતમાં પ્રાવીણ્ય હાંસલ કરી લીધેલું. કમિશ્નર કચેરીની નોકરી સાથે સાથે તેઓ એક સ્થાનિક શાળામાં સંગીત શીખવવા પણ

જતા. કલાકાર અને સંગીતકાર તરીકે તેમનું નામ કોલકાતામાં ખૂબ જાણીતું થઈ ગયેલું. તેમની અભિનય ક્ષમતાના જોરે તેમણે ઈ.સ. ૧૯૪૭ માં એકવીસ વર્ષની ઉંમરે 'માયાડોર' નામની ફિલ્મમાં કામ મેળવેલું. બસ, ત્યારથી એમની ફિલ્મ કારકિર્દીની શરૂઆત થઈ ગયેલી. એ ફિલ્મમાં ઉત્તમકુમારના અભિનયની ચારેકોરથી ખૂબ પ્રશંસા થયેલી. ચિત્રના નાયક તરીકે તેમણે સૌ પ્રથમ 'કામના' ફિલ્મમાં કામ કરેલું. પણ તેમને ખરી પ્રસિદ્ધિ તો મળી હતી ઈ.સ. ૧૯૫૨ માં રજૂ થયેલી ફિલ્મ 'બસુ પરિવાર' થી. એ ફિલ્મમાં એમણે નાયકની ભૂમિકા કરેલી.

મોટા ભાગની બંગાળી ફિલ્મોમાં તેમની સાથે નાયિકાનો રૉલ સુચિત્રા સૅન નિભાવતી. ઉત્તમકુમાર અને સુચિત્રા સૅનની બહુધા ફિલ્મો સુપરહીટ નીવડેલી. તેમની 'અગ્નિપરીક્ષા' નામની ફિલ્મે જબરજસ્ત લોકપ્રિયતા પ્રાપ્ત કરેલી. ઉત્તમકુમાર અને સુચિત્રા સૅનની જોડીએ જેટલી ફિલ્મોમાં અભિનય આપ્યો છે તેટલી ફિલ્મોમાં કોઈ એક જોડીએ અભિનય આપ્યો હોય તેવું આજ સુધી બન્યું નથી. ઉત્તમકુમારની સુચિત્રા સેન સાથેની જોડી ઉપર બંગાળી પ્રક્ષકો જાન ન્યોંછાવર કરી દેતા જાણે ગુજરાતી ફિલ્મ ક્ષેત્રે લોકપ્રિય થયેલી ઉપેન્દ્ર ત્રિવેદી અને સ્નેહલત્તાની જોડી કરતાં પણ બંગાળી ફિલ્મ ક્ષેત્રે ઉત્તમકુમાર અને સુચિત્રા સેનની જોડી વધુ મશહૂર હતી. બંને કલાકારો જીવંત અને વાસ્તવિક અભિનય આપવા ખૂબ જ જાણીતાં થયેલાં.

ઉત્તમકુમાર સારા ગાયક પણ હતા. નચિકેતા ઘોષ નામના બંગાળી સંગીત દિગ્દર્શકની ફિલ્મ 'નવજન્મ' માં તેમણે છ ગીતોને કંઠ આપેલો. તેઓ જન્મજાત સંગીતકાર તો હતા જ. ઈ.સ. ૧૯૬૬ માં તેમણે 'કાલતુમિ આબેયા' ફિલ્મમાં સંગીત નિર્દેશક તરીકે કામ કરેલું. ભારતના પ્રથમ પંક્તિના ફિલ્મ નિર્માતા અને નિર્દેશક સત્યજિત રાય નિર્મિત ફિલ્મ 'નાયક' માં ઉત્તમકુમારે હીરોની ભૂમિકા ભજવેલી. એ ફિલ્મ જર્મનીના બર્લિન ફિલ્મ મહોત્સવમાં પ્રદર્શિત કરવામાં



આવેલી. એ ફિલ્મ મહોત્સવમાં સત્યજિત રાય સાથે ઉત્તમકુમાર પણ હાજર રહેલા. ઉત્તમકુમારે અભિનય આપ્યો હોય તેવી પ્રથમ હિન્દી ફિલ્મ હતી 'એક છોટી સી મુલાકાત.' ઈ.સ. ૧૯૬૭ માં 'ચિડિયાખાના' અને 'એન્ટની ફિરીંગ' ફિલ્મોમાં તેમણે આપેલા અભિનય બદલ તેમને 'ભારત પુરસ્કાર' થી નવાજવામાં આવેલા.

ઉત્તમ અભિનેતા, સંગીતકાર, ગાયક અને દિગ્દર્શક એવા ઉત્તમકુમાર બસો બંગાળી ચલચિત્રોમાં અને નવ હિન્દી ચલચિત્રોમાં અભિનયનાં તેજ પ્રસરાવીને ૨૪, જુલાઈ, ઈ.સ. ૧૯૮૦ ના રોજ વિશ્વના રંગમંચ પરથી હંમેશ માટે વિદાય થઈ ગયા હતા. સ્થૂળ દેહે તેમનું અસ્તિત્વ ના હોવા છતાં બંગાળની પ્રજા પેઢીઓ સુધી તેમને યાદ કરતી રહેશે.



## (૨૫૨)

# જિમ કાર્બેટ

## (૨૫, જુલાઇ, ઇ.સ. ૧૮૭૫)

ભારતમાં જિમ કાર્બેટ તરીકે જાણીતું રાષ્ટ્રીય ઉદ્યાન ઇ.સ. ૧૯૩૬ ના નૈનિતાલ અને પૌરી જિલ્લાઓમાં સ્થાપાયેલું. દેશનું એ સર્વપ્રથમ રાષ્ટ્રીય ઉદ્યાન હતું. તેનું સ્થાપના સમયનું નામ 'હેલી નેશનલ પાર્ક' રાખવામાં આવેલું. ત્યાર બાદ પચાસના દાયકામાં તેનું નામ બદલીને 'જિમ કાર્બેટ પાર્ક' એવું રાખવામાં આવેલું. જેના નામ પરથી આ નેશનલ પાર્કનું નામ 'જિમ કાર્બેટ' રાખવામાં આવ્યું છે તે મહાન આદર્શ શિકારી જિમ કાર્બેટનો જન્મ ૨૫, જુલાઇ, ઇ.સ. ૧૮૭૫ ના રોજ ઈસ્ટ આફ્રિકાના સાગર કિનારે આવેલા દેશ કેન્યાના પાટનગર નૈરોબીમાં થયો હતો. તેમના પિતા ક્રિસ્ટોફર નૈનિતાલમાં સ્થપાયેલી 'મૅથ્યુ એન્ડ કંપની' ના ભાગીદાર હતા. તેમની ઉંમર માત્ર ચાર જ વર્ષની હતી ત્યારે પિતા ક્રિસ્ટોફરનું અવસાન થયેલું. વિધવા માતાએ બીજું લગ્ન કરી લેતાં જિમ અનાથ બની ગયેલા. તેથી તેમને નૈનિતાલમાં તેમના મોટાભાઇએ ઉછેરેલા.

'જિમ કાર્બેટ પાર્ક' નો મૂળ હેતુ વાઘનું સંરક્ષણ કરવાનો હતો. આ પાર્ક હિમાલયની તળેટીનાં જંગલોમાં આવેલો છે. અહીં ઠંડીનું પ્રમાણ ઘણું વધારે રહે છે. આ પાર્કમાંથી રામગંગા અને અલકનંદા નદીઓ પસાર થાય છે. ભારતમાં જ્યારે અંગ્રેજ શાશન હતું ત્યારે ગઢવાલની આસપાસના પ્રદેશોમાં એક દીપડાનો ત્રાસ એવો તો ભયંકર હતો કે ગઢવાલના ૧૩૦૦ ચો.કિ.મી. માં વસતા લગભગ ૫૦,૦૦૦ લોકો ભયના ઓથાર હેઠળ જીવન વીતાવતા. ખૂંખાર દીપડો લોકોના ઘરોમાં ઘૂસી જઇ શિકાર કરતો.



જિમ કાર્બેટ ગીચ જંગલોમાં ઉછરેલા હોઇ તે સાહસિક અને નીડર હતા. ગિલોલ અને તીરકામઠાથી શિકાર કરવામાં એ પાવરધા થઇ ગયેલા. નૈનિતાલમાં અભ્યાસ કર્યા પછી વીસ વર્ષની ઉંમરે તેઓ રેલવેની નોકરીમાં જોડાયેલા. ઇ.સ. ૧૯૧૪ માં પ્રથમ વિશ્વયુદ્ધની શરૂઆત થતાં તેઓ કુમાઉની લશ્કરી ટુકડીનું સુકાન સંભાળી ફ્રાન્સ મોરચે ગયેલા. બીજા વિશ્વયુદ્ધમાં પણ સૈનિક તરીકે તેમણે હિસ્સો લીધેલો. તેમની સૈનિક તરીકેની ભૂમિકાની કદર કરીને અંગ્રેજ સરકારે તેમને 'લેફ્ટેનન્ટ કર્નલ' નો હોદ્દો તથા સી.આઇ.ઇ. નો ખિતાબ એનાયત કરેલાં. ભારત આઝાદ થયા બાદ તેઓ ન્યેરી જઇને રહેલા. તેમણે કદી લગ્ન કરેલું નહીં.

તેમનો અધિકાંશ જીવનકાળ ભારતની ધરતી ઉપર હિમાલયની ગોદમાં પસાર થયેલો. ભારતને તેઓ પોતાનું માનતા. ભારતનાં હિત અને ગૌરવ એમને હૈયે વસેલાં હતાં. તેઓ જીવનથી પૂરા ભારતીય હતા. એમણે એમનાં લખાણોમાં ભારતનાં ભરપૂર વખાણ કર્યાં છે. તેઅ ઉત્તમ કક્ષાના પર્યાવરણ પ્રેમી હતા. તેઓ જીવહિંસામાં માનતા ન હોવા છતાં નરભક્ષી જંગલી પ્રાણીઓનો શિકાર કરવામાં જરાય દયા દાખવતા નહીં. તેઓ પ્રકૃતિને ખોળે વિહરતાં પશુપંખીઓ સંબંધી ઊંડું જ્ઞાન ધરાવતા હતા. વન્યજીવોના સંરક્ષણ માટે જીવનભર તેઓ ઝઝૂમતા રહેલા. વન્યજીવોના સંરક્ષણ માટે ત્યારે તેમણે એક સંસ્થા પણ સ્થાપેલી.


અંગ્રેજ સરકારે માણસખાઉ દીપડાનો શિકાર કરવાનું કામ જિમ કાર્બેટને સોંપેલું. તેમણે અત્યાર સુધી અસંખ્ય માણસખાઉ વાઘ અને દીપડાનો શિકાર કરેલો. ઉત્તરપ્રદેશ કે ઉત્તરાખંડમાં વાઘ કે દીપડાનો ત્રાસ વધી જાય ત્યારે અંગ્રેજ સરકાર તેમના શિકાર માટે જિમને બોલાવતી. ઇ.સ. ૧૯૨૫ માં જિમ કાર્બેટે પેલા માનવભક્ષી દીપડાને ઠાર મારેલો. એ ખૂંખાર દીપડાનો શિકાર કરવા તેમણે જે સંઘર્ષ કરેલો તેની રસપ્રદ રજૂઆત તેમના પુસ્તક 'મેન ઇટર્સ ઑફ રુદ્રપ્રયાગ' માં કરેલી છે.

કુશળ અને સાહસિક શિકારી હોવાની સાથે સાથે તેઓ ગ્રામ્યજીવન અને ગ્રામ્યસંસ્કૃતિના ચાહક હતા. તેઓ એક સફળ લેખક પણ હતા. તેમણે ભારતમાં ગાળેલાં વર્ષો દરમ્યાન જે અવનવા અનુભવો અનુભવો થયેલા તે અનુભવોને તેમણે પુસ્તકરૂપે વ્યક્ત કર્યા છે. તેમણે લખેલી શિકારકક્ષાઓ ખૂબ પ્રસિદ્ધિ પામી છે. તેમની વર્ણન શક્તિ અદ્‌ભુત હતી. વાચકો સામે તેઓ તાદશ્ય દશ્ય ઉત્પન્ન કરવામાં માહેર હતા. ઉપર જણાવેલ પુસ્તક સિવાયનાં તેમનાં પુસ્તકો 'મેન ઈટર્સ ઑફ કુમાઉ', 'જંગલ લૉર', અને 'ટેમ્પલ ટાઈગર' ખૂબ જ લોકપ્રિય નીવડેલાં. તેમનાં પુસ્તકો વિશ્વની વીસ જેટલી ભાષાઓમાં અનુવાદ પામ્યાં છે. 'મેન ઈટર્સ ઑફ કુમાઉ' પરથી તો એક ફિલ્મનું પણ નિર્માણ થયું હતું.

આવા મહાન માનવતાવાદી શિકારીની સ્મૃતિમાં 'હેલી નેશનલ પાર્ક' નું નામ બદલીને 'જિમ કાર્બેટ' પાર્ક રાખવામાં આવ્યું છે. તે સમયે કલાઢુંગરીમાં આવેલું તેમનું ઘર આજે સંગ્રહસ્થાનમાં ફેરવી દેવામાં આવ્યું છે. ભારત આઝાદ થયા પછી ઈ.સ. ૧૯૪૭ માં તેઓ વતન કેન્યા ચાલ્યા ગયા હતા.

●





## (૨૫૩)
# ચંદ્રશેખર આઝાદ
## (૨૬ જુલાઈ, ઈ.સ. ૧૯૦૫)

ઈ.સ. ૧૯૨૧નું વર્ષ. આ વર્ષે દેશ આખામાં અસહકારનું આંદોલન ફેલાઈ ગયેલું. હિન્દુઓના પવિત્રધામ કાશીમાં પણ ત્યારે સરઘસ નીકળેલું. લોકો જયનાદ કરતા હતા. પોલીસના માણસો સરઘસને આગળ વધતું. અટકાવતા હતા. લાઠીચાર્જ થયો હતો. લોકો સલામત જગા શોધતા ભાગતા હતા. કેટલાંક અડીખમ મુદ્રામાં ઊભા હતા. પોલીસે એ તમામને પકડી લીધા હતા.

પકડાયેલા લોકોમાં પંદર-સોળ વર્ષનો સંસ્કૃત પાઠશાળાનો એક વિદ્યાર્થી પણ હતો. બધાને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. એક પછી એક તપાસ શરૂ થઈ. પેલા બાળકનો વારો આવ્યો.

મેજિસ્ટ્રેટ તેને પૂછ્યું : 'તારું નામ, છોકરા?'

'આઝાદ'....... તેણે જવાબ આપ્યો.

'પિતાનું નામ?'

'સ્વાધીન'

'ઠેકાણું?'

'હમણાં તો જેલમાં.......'

ન્યાયાધીશ અકળાઈ ઉઠેલા. તેને બાર કોરડા ફટકારવાની સજા કરવામાં આવી. એક પછી એક કોરડા મારવાની શરૂઆત થઈ. કોરડો પડતાં જ તે બોલી ઉઠતો, '' ઈન્કિલાબ ઝિન્દાબાદ.''

સંસ્કૃત પાઠશાળાનો એ સ્વદેશભક્ત વિદ્યાર્થી એ જ ચંદ્રશેખર આઝાદ. તેનો

જન્મ અલી રાજપુરના ભાવરા નામના એક નાના એવા ગામમાં પિતા સીતારામ અને માતા ગજરાની દેવીના બ્રાહ્મણ પરિવારમાં ૨૬ જુલાઈ, ઈ.સ. ૧૯૦૫ના રોજ થયો હતો. પરિવાર સાવ નિર્ધન છતાં ધર્મનિષ્ઠ હતો. છપ્પનિયો દુકાળ પડતાં સીતારામ ખોરાકની શોધમાં પાંચ સંતાનો સાથે ગામ છોડી ચાલી નીકળેલા. તેઓ ફરતા ફરતાં મધ્યપ્રદેશના ઉન્નાવ જિલ્લાના બદરકા ગામે આવી પહોંચેલા. અહીં સાતીરામને માસિક આઠ રૂપિયાના પગારની નોકરી મળી. બદરકા સીતારામનું વતન બની ગયું.

આઝાદ એટલે આઝાદ. તોફાન-મસ્તી કરવામાં પાછી પાની ના કરે. એકવાર તેના પિતાએ તેને ખૂબ માર માર્યો એ ઘર છોડી ભાગી ગયો. અને કાશીમાં જઈ સંસ્કૃતનો અભ્યાસ કરવામાં લાગી ગયો. ભણતાં ભણતાં અહીં તેનો પરિચય પ્રણવ ચેટરજી અને મમ્મથનાથ ગુપ્તા સાથે થયેલો. એ બંનેની પ્રેરણાથી આઝાદ ક્રાંતિદળનો સભ્ય બની ગયો. આઝાદી તેનો જીવનમંત્ર હતો. તેનાં ઉત્સાહ. ધગશ અને સાહસ જોઈ રામપ્રસાદ બિસ્મિલે તેનું 'ક્વિક સિલ્વર' એવું નામ પાડેલું.

જલિયવાંલા બાગના હત્યાકાંડ પછી ક્રાંતિએ જોર પકડ્યું. દેશભરમાં ક્રાન્તિ-પત્રિકાઓની વહેંચણીની જવાબદારી આઝાદને સોંપાઈ હતી. તેણે આખા દેશમાં ગુપ્ત રીતે ૫૦,૦૦૦થી વધુ પત્રિકાઓ વહેંચેલી. કાકરી રેલવે સ્ટેશને સરકારી તિજોરી લૂંટવાનું કામ આઝાદના માર્ગદર્શન હેઠળ થયેલું. આષડયંત્ર રચવા બદલ રામપ્રસાદ બિસ્મિલે, રાજેન્દ્ર લાહિડી અને રોશસિંહને ફાંસીની સજા પણ થયેલી. પણ ચંદ્રશેખર આઝાદ પકડાયો ન હતો. અંગ્રેજ સરકારે તેના માથા માટે મોટા ઈનામની જાહેરાત કરેલી.

હવે એવા સંઘર્ષમય દિવસો શરૂ થયા. કાશી છોડી મુંબઈ આવી તેણે બંદર પર મજૂરી કરવાનું શરૂ કર્યું. પછી મુંબઈમાં રહેવામાં જોખમ સમજીને મુંબઈ છોડી ઝાંસી ચાલ્યો ગયો. અહીં એ સદર બજારના મોટર ગેરજમાં રહી કામ કરવા લાગ્યો. ઝાંસીમાં તેની ધરપકડના પોસ્ટરો લાગેલાં જોઈને તે ઝાંસી છોડી



સાતાર નદીકાંઠે આવેલા ઢિમરપુરા ગામમાં આવ્યો અને હનુમાનજીના એક મંદિરમાં હરિહરશંકર નામ ધારણ કરી પૂજારી વેશે પડાવ નાંખ્યો.

એ અરસામાં સાયમન કમિશનના વિરોધમાં લાલા લજપતરાયે લાહોર રેલવે સ્ટેશને આવેલા સરઘસની નેતાગીરી લીધેલી. પોલીસે સરઘસને વિખેરવા લાઠીચાર્જ કર્યો.લાલાજી ઘવાયા અને મૃત્યુ પામ્યા. હવે આઝાદે ખૂનનો બદલો ખૂનથી લેવાની પ્રતિજ્ઞા કરી. યોજના ઘડાઈ. આઝાદ યોજનાના સુકાની બન્યા. ૧૫ ડિસેમ્બરે તેણે પોલિસ અધિકારી સાંડર્સની હત્યા કરી.

આઝાદ ફરાર થઈ ગયો. તે ગુપ્તવેશે રખડતો રહ્યો. તે કદી થાકેલો નહીં કે હિંમત હારેલો નહીં. એ ઘણીવાર મજાકમાં કહેતો, '' હું ગોરાઓના હાથે ફાંસીના ફંદામાં તો નહીં જ પડું. મને પકડવાની હિંમત જ કોણ કરી શકે ? હું મરીશ તો માત્ર મારા હાથે જ.''

અને તેના શબ્દો સાચા પડ્યા.

૨૭ ફેબ્રુઆરી, ૧૯૨૯ નો એ દિવસ હતો. આ દિવસે તે અલ્હાબાદના આલ્ફ્રેડ ગાર્ડનમાં બેઠો હતો. તેની હાજરીના સમાચાર કોઈ દગાબાજે અંગ્રેજ પોલીસને પહોંચાડ્યા. તેની નજીકમાંથી વિશ્વેશ્વરસિંહ અને દાલચંદ નામના બે પોલિસ અધિકારીઓ પસાર થઈ ગયા. દાલચંદને તે ઓળખતો હતો. તે સતર્ક થઈ ગયો. તેને કાવતરાની ગંધ આવી ગઈ. બંને પોલીસ અધિકારીઓએ પોલીસ સ્ટેશને જઈ સી.આઈ.ડી. વિભાગના વડા બાવરને બાતમી આપી. બાવર પોલીસ પલટન સાથે આલ્ફ્રેડ ગાર્ડનમાં આવ્યો એ જેવો ગાડીમાંથી નીચે ઉતર્યો કે આઝાદે તેના પર ગોળી છોડી. બાવરનો હાથ વિંધાઈ ગયો પછી તો ૨૦ મિનિટ સામ સામી ગોળીઓ છૂટતી રહી. આઝાદનો પગ ખોટો થઈ ગયો. ઊભા રહેવામાં તેને તકલીફ પડતી હતી. એના પર ચારે બાજુથી ગોળી ઓનો વરસાદ વરસવા લાગ્યો. એ લથડી પડ્યો. ગોરાઓના હાથે પકડાઈજવા કરતાં મરવાનું એણે ઈષ્ટ માન્યું. તેણે પિસ્તોલ છાતી પર મૂકી એક જોરદાર ગર્જના કરી, 'ઈન્કિલાબ

ઝિન્દાબાદ' એણે પિસ્તોલનો સ્ટ્રીગર દદબાવી દીધો અને ભારતમાતાનો એ વીર સપૂત અનંતની યાત્રાએ ચાલી નીકળ્યો. કહે છે કે, એના મોત પછી પોલીસ એના શબ પાસે જવાની હિંમત કરી શકી નહોતી. પચ્ચીસ વર્ષનું ટૂંકું જીવન જીવીને એ અમર થઈ ગયો. એ જન્મથી જ આઝાદ હતો. મૃત્યુની અંતિમ ક્ષણોમાં પણ તે આઝાદ જ રહેલો.

"મૌત સે વીર કો હમને નહીં ડરતે દેખા,
મૌત કો એકબાર જબ આના હૈ તો ડરના કયા ?
હમ સદા ખેલ હી સમઝા કિયે મરના ક્યા
હમારા ક્યા હે અગર હમ રહે, ના રહે...."

●





## (૨૫૪)

# દુલા ભાયા કાગ

## (૨૭ જુલાઈ, ઈ.સ. ૧૯૦૦)

માત્ર કાઠિયાવાડના જ નહીં પણ આખા ગુરાતના લોકકથાકાર, કવિ અને ભારત સરકારે તેમને 'પદ્મશ્રી' ના ખિતાબથી વિભૂષિત કર્યા છે તેવા લોકસાહિત્યના શિરમોર કવિ દુલા ભાયા કાગનો જન્મ ભાવનગર જિલ્લાના મજાદર ગામે માતા ધાનબાઈની કૂખે ૨૭ જુલાઈ ઈ.સ. ૧૯૦૦માં થયો હતો. તેમના પિતાનું નામ ભાયા કાગ અને દાદાનું નામ ઝાલા કાગ હતું. તેઓ ખાસ ભણેલા નહીં. ગુજરાતી પાંચ ધોરણ સુધીનો અભ્યાસ. સાધુ-સંતોની સંગતે એમનામાં સંસ્કારોનું સીંચન કરેલું. પીપાવાવના સાધુ મુક્તાનંદજીની પાસે શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. શ્રીમદ ભગવદ ગીતા અને વિચાર સાગર પંચદશી તો એમની જીભને ટેરવે રમતાં. રામાયણ અને મહાભારતના પ્રસંગો પણ એમને મોંઢે થઈ ગયેલા.

દુલાભાયા કાગ ગજાનન ગણપતિ અને સરસ્વતીના આરાધક હતા. સાધુડાનો સંગ એમને નિત્ય નવી પ્રેરણા આપતો. પિતાને દીકારનું સાધુ જીવન અકળાવતું તેથી તેણે દુલા કાગને મહુવા પંથકના સાંગણિયા નામના ગામે આપરહીયા મોભને ત્યાં મૂક્યા. હીપા મોભે દુલા કાગના અંતરના અવાજને ઓળખ્યો. હીપા મૌભે સાધુ મુક્તાનંદજીને તેમની સોંપણી કરી. તેમને જ્ઞાનની દીક્ષા મળી. એક વાર મુક્તાનંદજીએ દુલાને સવૈયો લખવાની આજ્ઞા કરી.

બસ, ત્યારથી દુલા કાગે પાછું વળીને જોયું નથી. તેમની જીભમાંથી વહેલું કાવ્યઝરણું સમય વીતતાં ધસમસતી નદીમાં પરિણમ્યું. એમની અનુભવી વાણીએ જોતજોતામાં એમને લોકપ્રિયતાનાં સર્વોચ્ચ શિખર પર બેસાડી દીધા.

ચારણઘાટીનાં પરંપરાગત કાવ્યોએ હજારો લોકહૈયાં ડોલતાં કરેલા. તેઓ એવી રસાળ અને રણકતી શૈલીમાં લોકકથાઓ કહેતા કે સાંભળનારા અવાક્ થઈ જતા. એમણે રચેલાં 'કાગવાણી'નાં આઠ ભાગનાં એમનાં કાવ્યો લોકડાયરાઓનાં સાચુકલાં મોતી બની રહ્યાં છે.

શેખાદમ આબુવાલાએ એમના વિશે કહેલું કે, ''એક કોયલે કાગનું ઉપનામ રાખ્યું હતું.'' ગુજરાતની વરવી કાવ્યપ્રતિભાઓએ એમને અનેક ઉપામાઓ આપી આવકાર્યા છે. જેમકે, '' કવિ કાગ એટલે નકરી સજ્જનતાને વરેલી એક અણીશુદ્ધ કવિતા.'' ''કવિ કાગ એટલે સાધુતાની છાંટથી છંટાયેલું એક ગૃહસ્થનું ક્લેવર...'' ''કવિ કાગ એટલે લાલિત્યનો ગજરો, કલાનો કટકો, સુગંધનો ટુકડો અને માનવતામાં મળેલી સરસતાનો ફુવારો.'' ''કાગ એટલે વિચારક, ભક્ત, કવિ અને વિદ્વાન.'' ''કાગ એટલે માનવતાના પૂજારી.'' ''કાગ એટલે સ્વતંત્ર ભારતના વેદવ્યાસ.'' '' કાગ એટલે ગુજરાતી સાહિત્યના વિશ્વકર્મા..'' ''કાગ એટલે દેશનો અસબાબ.'' કવિ કાગ જનજનનાં હૈયાંના લોકકવિ બની રહ્યા છે.

તેમની 'કાગવાણી' ની રચનાઓને ગુજરાતી જનોનાં હૈયાં પર ગજબનાં કામણ કરેલાં છે. કાગવાણીનો રસાસ્વાદ ચાખવા લાખો લોકો સદા ઝૂરતાં રહે છે. કાગ લોકજીવનનાં રંગે રંગાયેલી સજીવમૂર્તિ છે. આપણાં હૃદયમોતી, મનોમંથનની, આકાંક્ષાઓ અને આશા-નિરાશાઓની વાર્તા સજીવ કવિ છે. જીવનનાં તમામ પાસાં અને સાહિત્યના બધાય રસોને એમની કવિતામાં આવરી લીધા છે. કવિએ આપણા અગ્રગણ્ય દેશનેતાઓને તેમની કવિતાના વિષયો બનાવ્યા છે. તેમની સઘળી કવિતાઓ લોકસેવાની કવિતા બની રહી છે. એમણે ગાંધીજી વિશે જે લખ્યું છે તે જુઓ..............


'' સો સો વાતું નો જાણનારો,
મોભી કો મારો ઝાઝી વાતું નો ઝીલનારો,
ભાંગ્યા હોય એનો ભેરૂ થનારો, મેલા-ઘેલાંને માનનારો (૨)



એ ઉપર ઉજળાં ને મનનાં મેસાં અવાં,
ધોળાં ને નહીં ધીરનારો..........મોભીડો,''

'કાગવાણી'માં દલિતોનો અવાજ રજૂ કરનાર કવિએ 'કાગવાણી' ના પાંચમાં ભાગમાં ૨૬૦૦ જેટલાં જીવનસૂત્રોગદ્યમાં આલેખ્યાં છે. સમાજ ના શોષિતો પર એમની અમીદૃષ્ટિ રહેતી. ઝવેરચંદ મેઘાણીએ એમના વિશે લખ્યું છે કે, લોકસાહિત્યમાં રહેલી ખૂબીઓની પિછાન થયા પછી કાગે એ ગીતો-કથાઓને પોતાના લોહીમાં ઉતારી લીધાં છે. લોકોનાં દુઃખ કોને કહેવાય, એ દુઃખોની લાગણીમાં શી શી વેધકતા પડી છે એને ઉતારવા કેવા સંયમભર્યા શબ્દલેખનની જરૂર છે, વગેરે જ્ઞાન એ પ્રકૃતિને ખોળે ધાવી રહેલા આ માનવને ઘણું વહેલું વરી ગયું છે. તેઓ ખરા અરથમાં ચારણ સાહિત્યના મશાલચી છે. એમણે ચારણ વાણીને સાચવી છે. ઈતિહાસ રચ્યો છે. ઉર્મિઓના અનકવિધ પ્રદેશોને લાડ લડાવ્યાં છે. તેમણે કવિતા દ્વારા પ્રભુને, પ્રકૃતિને, સ્વધર્મને, જન્મભૂમિને અનોખી છટા વડે આરાધેલ છે. એમનો એક એક દુહો સંસ્કૃત સુભાષિતથી ઉતરતો નથી.

'ચારણ હિતવર્ધક સભા' ના એ પ્રમુખ હતા. પાંત્રીસ ગામને દારૂની લતમાંથી મુક્ત કરાવવા એમણે પાઘડી ઉતારી હતી. વિનોબાજીની ભૂ-દાન ચળવળને આત્મસાત્ કરી એમણે 'વિનોબા બાવની' રચી હતી. ક્ષયના રોગથી તેઓ ઈ.સ. ૧૯૭૭માં અવસાન પામ્યા હતા.



## (૨૫૫)

# કેશવરામ કા. શાસ્ત્રી

## (૨૮ જુલાઈ, ઈ.સ. ૧૯૦૫)

દધીચિ સાક્ષર કેશવરામ કાળિદાસ શાસ્ત્રી (કે. કા. શાસ્ત્રી)નો જન્મ સૌરાષ્ટ્ર પ્રદેશમાં આવેલા માંગરોળમાં ૨૮ જુલાઈ, ઈ.સ. ૧૯૦૫ના રોજ થયો હતો. તેમણે માત્ર મેટ્રિક સુધીનો જ અભ્યાસ કર્યો હવો છતાં તેઓ એક સંશોધક, ભાષાશાસ્ત્રી, વ્યાકરણચાર્ય તેમજ સંપાદક તરીકે અજોડ કીર્તિ સંપાદન કરી ચૂક્યા છે. એટલે જ કદાચ રમણલાલ પાઠકે લખ્યું છે કે, શ્રી કે. કા શાસ્ત્રી જેવા સંશોધક અને વિદ્વાન ગુજરાતી સાહિત્યમાં તો આંગળીના વેઢે ગણાય એટલા જ છે. ભારતમાં પણ એમના જેવી વિદ્વતા અને સજ્જનતા વાળા બહું ઓછા હશે.. ??

દીર્ઘાયું જીવન જીવી ગયેલા શાસ્ત્રીજીનું જીવન સાદું, સરળ અને સંયમિત હતું. દરરોજ વહેલા ઊઠી તેઓ એલિસબ્રિજમાં આવેલા તેમના 'મધુવન' બંગલામાં આંટા મારતા. તેઓ એકવીસમી સદીના આધુનિક જગતનો એક જીવતો જાગતો ચમત્કાર હતા. 'બોલે તો જાણે મોરલો ટહુંક્યો ' એમને મોંઢેં વ્યાકરણશુદ્ધ વાણી સાંભળવી એ પણ એક લ્હાવો ગણાય. તેઓ ચુસ્ત વૈષ્ણવી મરજાદી બ્રાહ્મણ હતા. એમનું વ્યક્તિત્વ દર્શનીય હતું. તેમ છતાં ધાર્મિક રૂઢિચુસ્તતા કે આંડબરનો એમને સ્પર્શ શુદ્ધાં થયેલો નહીં. તેમની બહુશ્રુતતાની તો ઈર્ષ્યા થયા વગર રહે નહીં. તેઓ જીવદયાના પૂરેપૂરા હિમાયતી હતા. ભણતર ઓછું પણ ગણતર વધારે. એમની ઉંમરના વર્ષો કરતાં કદાચ વધુ ગ્રંથો એમણે લખ્યા હશે. જેવું અને જેટલું કામ એક આખે આખી સંસ્થા ના કરી શકે એવું અને એટલું કામ આ એકવડિયા બાંધાના માનવીએ કરી દેખાડ્યું હતું. છતાં એમની મોટપ તો એ



હતી કે એમની વિદ્વતા કે સાક્ષરતાનો અણસાર સુદ્ધા બીજાને આવવા દેતા નહીં. કે.કા. એટલે સદેહે હરતી ફરતી યુનિવર્સિટી જ જોઈ લ્યો. પંડિતાઈનો દાખલો એમણે ક્યારેય કર્યો નથી. સાલસ અને મળતાવડો સ્વભાવ. આંગણે આવી ચઢેલાનો આદરસત્કાર કરતાં કદી પાછી પાની ના કરે.

વાંચન અને સંશોધન એમનું વ્યસન. તેમ કરતાં તેઓ ના થાકતા કે ના કંટાળતા. ઈ.સ. ૧૯૨૨થી ચાલેલી એમની કલમે આજ સુધી પોરો ખાધો નથી. એમની પ્રવૃતિશીલતા જ કદાચ એમના નિરામય સ્વાસ્થય માટે જડીબુટ્ટી બની હશે. આઠ દશકાથી ચાલતી રહેલી એમની સર્જન યાત્રા ક્યારેય એક ક્ષણ પણ થોભી નથી. તેમનું સૂત્ર હતું, 'કમ ખા, ગમ ખા' તેઓ પ્રશંસા સાંભળી કદી ફૂલાયેલા નહીં કે ટીકા સાંભળી કદી ખિન્ન થયેલા નહીં.

ઈતિહાસ, પુરાતત્વ, સંશોધન, સંસ્કૃત, પ્રાકૃત, સંસ્કૃતિ અને ભાષાશાસ્ત્ર એમનાં રસનાં ક્ષેત્રો હતાં. તેઓ સ્પષ્ટ વક્તા હતા. પોતાનો અભિપ્રાય એ મોકળા મને રજૂ કરતા. કોઈની ખુશામત કરવાનું પાપ એમણે ક્યારેય કર્યુ નથી. જોડણીના મુદ્દે ગાંધીજી જેવા ગાંધીજી સામે પડકાર ફેંકતાંય તેઓ અચકાયેલા નહીં. પોતે પોતાના મતને દઢપણે વળગી રહેતા. બીજાની પ્રપતિભાથી અંજાઈને એમણે કદી સ્વના પોતને પાતળું પડવા દીધેલું નહીં.

ગુજરાતી ભાષા અને ગુજરાત માટે તેઓ બધું જ કરી છૂટેલા. એમણે તો એકલજાતે સમુદ્રમંથન કર્યું છે. એમાંથી નીકળેલું નવનીત એમણે દરેક ગુજરાતીને ચટાડ્યું છે. એમનો સ્પર્શ પારસમણિનો સ્પર્શ હતો. એમનો સ્પર્શ જે પામતું એ સોનું બની જતું. એમના જેવો સાક્ષર આખા ભારતમાં ભાગ્યે જ બીજો કોઈ થયો હશે.

હવે આપણે એમણે સર્જેલી કૃતિઓ વિશે જાણીશું. ભાષાશાસ્ત્ર અને વ્યાકરણ સંબંધી એમણે સર્જેલી કૃતિઓમાં 'અક્ષર અને શબ્દ', 'ગુજરાતી ક્રમિક વ્યાકરણ-૩', 'અનુશીલન', 'ગુજરાતી ભાષાલેખન', 'ગુજરાતી વાક્‌વિકાસ' , 'ગુજરાતી

રૂપરચના', 'ગુજરાતી ભાષાશાસ્ત્ર', 'ગુજરાતી વ્યાકરણશાસ્ત્ર', 'ગુજરાતી ભાષાનો વિકાસ અને અર્વાચીન ગુજરાતી ભાષાનું સ્વરૂપ', 'ભાષાશાસ્ત્ર અને ગુજરાતી ભાષા', 'ભાષા અને ગુજરાતી ભાષા', 'ગુજરાતી માન્ય ભાષાનું લઘુવ્યાકરણ' અને 'વાગ્વિભવ' નો સમાવેશ થાય છે.

તેમણે રચેલા 'ગુજરાતી ભાષાનો લઘુકોશ', 'ગુજરાતી ભાષાનો અનુપ્રાસ કોશ', 'ગુજરાતી ભાષાનો પાયાનો કોશ અને બૃહદ ગુજરાતી કોશ ૧/૨', 'ભાષાવિષયક' કોશો ખૂબ જાણીતા છે.

સંપાદન અને અનુવાદનાં ક્ષેત્રોમાં તેમણે ઘણું મોટું કામ કર્યું છે. તેમના સંપાદિત ગ્રંથોમાં 'વલ્લભાખ્યાન', 'માહાભારત પદબંધ - ૧ થી ૭', 'ભાગવત સ્કંધ ૧-૨', 'પ્રબોધપ્રકાશ', 'ભક્તિપોષણ', 'હાર સમેના પદ અને હારમાળા', 'શ્રી મહાપ્રભુસ્તુત મુક્તાવલિ', 'શ્રી કૃષ્ણસ્તવનાવલિ', 'બ્રહ્મવાદ પ્રવેશિકા', 'રાસ સહસ્રપદી', 'હંસાઉલ', 'દલપતરામની કવિતા', 'શામળના છપ્પા', 'દલપત કાવ્ય નવનીત', 'અલંકારાદર્શ', 'અપભ્રંશ વ્યાકરણ', 'કાદંબરી', 'નળાખ્યાન'(ભાલણ), 'ચંદ્રહાસાખ્યાન', 'સુધન્વાખ્યાન', 'અભિમન્યુ આખ્યાન', 'રસિકવલ્લભ', 'નરસૈ મહેતાનાં પદ', 'વસંતવિલાસ' 'ફાગુ' વગેરેનો સમાવેશ થાય છે.

'પ્રેમની પ્રસાદી', 'શ્રીમદ ભાગવદ ગીતા', 'ભારતીય ભાષા સમીક્ષા-ગુજરાતી ભાષા', 'સ્વર વ્યંજન પ્રક્રિયા', 'કાલિદાસના નાટકો', 'મુદ્રારાક્ષસ', 'તત્વાર્યદીપ', 'ભાસ નાટકચક્ર', 'ગુજરાતી ભાષા અને સાહિત્ય', 'સંક્ષિપ્ત ભરત નાટ્યશાસ્ત્ર', 'જૂની પશ્ચિમ રાજસ્થાની', 'સોડશગ્રંથ', 'સહજ યોગના પ્રકાશમાં રાજયોગ'નું દિવ્યદર્શન' અને 'રામોપાખ્યાન' તેમના અનુવાદિત ગ્રંથો છે.

તેમના ઈતિહાસ અને સંસ્કૃતિ વિષયક ગ્રંથો 'સૌરાષ્ટ્રની પ્રાચીન નગરીઓ-માંગરોળ, સોરઠ', 'હિન્દુધર્મ અને સંસ્કૃતિ', 'શ્રી માધવરામજીનું તીર્થધામ', 'અતીતને આરે', 'અસાંજો કચ્છ અને સૌરાષ્ટ્રની પ્રાચીન નગરીઓ-ઘૂમલી'



જાણીતા અભ્યાસગ્રંથો બન્યા છે.

નાટ્યક્ષેત્રે પણ તેમની કલમે સ્પર્શ કર્યો છે. 'અજેય ગૌરી શિખર અને બીજાં દક્ષ એકાંકીઓ', 'કૌલ પરાજય' અને અન્ય આઠ એકાંકીઓ તથા 'ખાનદાન લોહી' તેમના નાટ્યગ્રંથો છે.

કે. કા. શાસ્ત્રીજી એક તટસ્થ અને વિદ્વાન વિવેચક હતા. 'સંશોધનને માર્ગે', 'ગુજરાતી સાહિત્યનું રેખાદર્શન', 'ભારતનું નાટ્યશાસ્ત્ર અને અભિનવ ગુપ્ત', 'પ્રેમાનંદ : એક અધ્યયન', 'ભાલણ : એક અધ્યયન', 'વસંત વિલાસ : એક અધ્યયન', 'રસિકવલ્લભ :એક અધ્યયન', 'ચાર ફાગુઓ : એક અધ્યયન', 'ભાણ એક રૂપ પ્રકાર', 'કાદંબરી : એક અધ્યયન', 'ગુજરાતના સારસ્વતો તથા ભક્ત કવિતાનો ગુજરાતમાં ઉદગમ અને એનો વિકાસ' તેમના વિવેચન ગ્રંથો છે.

તેમણે 'કવિચરિત - ૧ અને ૨', 'આપણા કવિઓ', 'આપણા સારસ્વતો' અને 'વલ્લભાચાર્યજીનું જીવન ચરિત્ર' જેવા ચરિત્રગ્રંથો રચવાની સાથે સાથે વૈષ્ણવ 'બાલપાઠાવલિ', 'બ્રહ્મવાદ પ્રવેશિકા', 'પુષ્ટિમાર્ગીય કીર્તન પ્રકાર', 'વલભાચાર્ય મહાપ્રભુજી', 'નારદ અને શાંડિલ્યનાં ભક્તિસૂત્રો', 'ભગવદ્ગીતા' તથા 'વેદાંત ચિંતામણિ' જેવા ધાર્મિક ગ્રંથોનું પણ સર્જન કર્યું છે.

તેમની બહુશ્રુત વિદ્વતાની અને વિરાટ સાહિત્યસર્જનની કદર રૂપે ઈ.સ. ૧૯૫૨માં તેમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' એનાયત કરવામાં આવ્યો હતો. ઈ.સ. ૧૯૬૬માં અખિલ ભારતીય સંસ્કૃત સંમેલન તરફથી 'વિદ્યાવચસ્પતિ'ની ઉપાધિ આપવામાં આવી હતી, તો પ્રયાગની ભારતીય પરિષદે તેઓને 'મહામહિમોપાધ્યાય' ની પદવીથી સન્માન્યા હતા. ભારત સરકારે ઈ.સ. ૧૯૭૬માં તેમને 'પદ્મશ્રી' નો ખિતાબ આપી તેમનું બહુમાન કર્યું હતું. આવી વિરલ સાક્ષર વિભૂતિને શત શત વંદન...........

●



## (૨૫૬)

# જે. આર. ડી. તાતા

## (૨૯ જુલાઈ, ઈ.સ. ૧૯૦૪)

જે. આર. ડી. તાતાના ટૂંકાક્ષરી નામે ઓળખાતા જહાંગીર રતનજી દાદાભાઈનો જન્મ ૨૯ જુલાઈ, ઈ.સ. ૧૯૦૪માં દત્રિણ ગુજરાતના નવસારી નગરમાં થયો હતો. વર્તમાન ભારતના અજોડ સ્વપ્રદૃષ્ટા અને ક્રાંતિદર્શી ઉદ્યોગપતિ જે.આર.ડી. તાતા વર્તનમાં ભારતમાં ઔધોગિક ક્રાંતિના પ્રણેતા હતા.

તેમના પિતાનું નામ રતનજી અને માતાનું નામ સુઝન હતું. જહાંગીરનો જન્મ ફ્રાન્સના પાટનગર પેરિસમાં થેયલો. ફ્રાન્સમાં ઉછરેલા તેમને ફ્રાન્સનો ખોરાક અતિપ્રિય હતો. તેઓ ફ્રેનિચ અને અંગ્રેજી ભાષા કડકડાટ બોલી જાણતા હતા. મોટરકાર અને વિમાન નાનપણથી જ તેમને ખૂબ ગમતાં. એ સમયે તે જમાનાનો પ્રખ્યાત વિમાનચાલક લૂઈ બ્લેરિઓ તેમની પોશમાં જ રહેતો. હતો. નાનાં બાળકોને તે વિમાનમાં સહેલ પણ કરાવતો. જહાંગીરે પણ એક દિવસ આવી સહેલની મઝા માણેલી. બસ, ત્યારથી તે વિમાની થવાનં સ્વપ્નો સેવવા લાગેલાં.

બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન નાનીમા સાથે તેઓ સ્વિટ્ઝરલેન્ડ ચાલ્યા ગયેલા. ઈ.સ. ૧૯૧૬માં માતા સાથે એ મુંબઈ આવી ગયેલા. પણ મુંબઈની ભેજવાળી આબોહવા અનુકૂળ નહીં આવવાથી તેઓ માતા સાથે જાપાનના યોકાહોમામાં જઈ રહ્યા. આશરે બે વર્ષના અહીંના રોકાણ દરમ્યાન તેમણે 'જેઝુઈટ' શાળામાં ભણવાનું શરૂ કર્યું.

પણ ત્યાર પછી સુઝન બાળકો સાથે ભારત પરત ફરી હતી. બીજે જ વરસે બધાં ફ્રાન્સ પાછાં ચાલ્યાં ગયાં. અહીં તેઓ પેરિસની 'જેન્સન દ સેલિ'સ્કૂલમાં દાખલ થયા. જહાંગીરને ફ્રેન્ચ, સાહિત્ય, ભણવામાં રસ પડવા લાગ્યો, શાળામાં



તેમની છાપ ધમાલિયા વિદ્યાર્થી તરીકેની હતી. હિન્દની ગુલામી તેમને કઠતી હતી.

પિતા રતનજીએ બધાં બાળકો સાથે હવે દેશમાં જ વસવાનું નક્કી કરી લીધું હતું. એકલા જહાંગીરને જ ઈંગ્લેન્ડની કોલેજમાં ઈજનેરી વિદ્યાલયમાં જવા દીધા. પછી પિતાની આજ્ઞાને માથે ચઢાવી તેઓ ભારત પાછા ફર્યા અને 'તાતા' કંપનીમાં અનુભવ મેળવવાના આશયથી વગર પગારે જોડાઈ ગયા.

એક કુશળ કર્મચારી જોન પિટરસનને રતનજી 'તાતા' કંપનીમાં લઈ આવ્યા અને જહાંગીરને તાલીમ આપવાની જવાબદારી તેને સોંપવામાં આવી. હવે જહાંગીરનું ઘડતર શરૂ થયું. આ તાલીમ અને અનુભવનો સિલસિલો ઈ.સ. ૧૯૩૧માં પિટરસનના સ્વદેશ-ઈંગ્લેન્ડ પાછા ફરવાના દઢ નિશ્ચય સુધી ચાલતો રહેલો. આ જ પિટરસનની સલાહથી રતનજીએ જહાંગીરને 'તાતા સ્ટીલ' ના અભ્યાસ માટે જમશેદપુર મોકલેલો.

આ જ સમયમાં હૃદયરોગના હુમલાને કારણે રતનજીનું અવસાન થયું. 'તાતા સન્સ'નું દેવું ભરપાઈ કરવા તેમણે તેમનાં બધાં મકાનો વેચી નાખેલા. પછી તેઓ 'તાતા સન્સ' ના ડિરેક્ટર બન્યા. ત્યારે તેમનો માસિક પગાર રૂપિયા ૭૫૦ હતો. પિતાનું નામ રોશન કરવાની જહાંગીરની અદમ્ય ઈચ્છા હતી.

વિકાજી નામના એક વકીલની ભત્રીજી ચેલ્મા સાથે ૧૫ ડિસેમ્બર, ૧૯૩૦ ના રોજ તેમણે લગ્ન કરી લીધું હતું. પિતા, ભાઈ અને માતાનું મૃત્યુ એ એમના કાળજા પર કારમી ચોટ લગાડેલી.

ટૂંકાગાળામાં જહાંગીર 'તાતા સન્સ' ના ડિરેક્ટરમાંથી અધ્યક્ષ બન્યા. વિમાનના અનહદ શોખ અને પ્રેમને કારણે ઈ.સ. ૧૯૨૯માં વિમાન ખરીદવા તેઓ ઈંગ્લેન્ડ ગયેલા અને તેમણે 'જિપ્સી મૉથ' નામનું હળવું વિમાન ૧૨૦૦ પાઉન્ડમાં ખરીદેલું. આ વિમાન પરત્વેના લગાવને કારણે 'ભારતની વિમાની સેવા' 'તારા એર લાઈન્સનો' જન્મ થયો. એ પછી 'એર ઈન્ડિયામાં' પરિવર્તિત

થઈ હતી. ભારતમાં વિમાની ટપાલ સેવા શરૂ કરવાનો યશ પણ જે.આર.ડી. તાતાને ફાળે જાય છે. તેમણે ઈ.સ. ૧૯૩૨માં 'તાતા એર મેલ' ની શરૂઆત કરી હતી. તેમના જ પ્રયત્નોથી ઈ.સ. ૧૯૪૮માં 'એર ઈન્ડિયા ઈન્ટરનેશનલ'નામની આંતરરાષ્ટ્રીય વિમાની સેવા પૂરી પાડતી વિમાની સેવી શરૂ થઈ હતી. ઈ.સ. ૧૯૫૨માં ભારત સરકારે કોઈ જ વળતર ચૂકવ્યા વગર તેમના વિમાની ઉદ્યોગનું રાષ્ટ્રીયકરણ કરી દીધું. ઈ.સ. ૧૯૭૮ સુધી જે.આર.ડી. તાતા 'એર ઈન્ડિયા' ના અધ્યક્ષપદે રહ્યા હતા. એક પિતાના વાત્સલ્યભાવે તેમણે ભારતમાં વિમાની સેવાનો પાયો નાખ્યો હતો. તેમના પ્રામાણિક પુરૂષાર્થથી 'તાતા' સ્ટીલે બીજી શાખા ઉદ્યોગો જેવા કે, સિમેન્ટ પ્લાન્ટ, ટેલ્કો, કેમિકલ્સ. ટાઈટન ઘડિયાળ વગેરે શરૂ કર્યા હતા. તેમણે દેશની પ્રજાને દેખાડી આપ્યું કે, 'ઉદ્યોગોને પણ આત્મા હોય છે....'

તેઓ દેશના ટોચના ઉદ્યોગપતિ હતા. નમ્રતા અને સાદગી તેમના જીવનના મુખ્ય લક્ષણો હતાં. તેમનાં અંગત સ્વજનો મહાયાત્રાએ પ્રયાણ કરી ગયાં હતા. તેથી ઘરમાં તેમને એકલતા કોરી ખાતી હતી. ઉદ્યોગજગતની આ મહાન વિભૂતિને દેશ-પરદેશમાંથી અપાર સન્માન મળ્યું હતું. ઈ.સ. ૧૯૯૨માં ભારત સરકાર દ્વારા 'ભારત રત્ન'થી નવાજવામાં આવ્યા હતાં. તે પહેલાં તેમને 'ભારત વિભૂષણ' (૧૯૫૫)થી સન્માનવામાં આવ્યા હતા. માનવપ્રેમ તેમના જીવનનો મુદ્રાલેખ હતો. તેમણે ઈ.સ. ૧૯૪૪માં જે.આર.ડી. ટ્રસ્ટની સ્થાપના કરી હતી. સ્ત્રી કેળવણી અને સંતતિ નિયમનના પ્રખર હિમાયતી તેમણે સ્ત્રીઓના વિકાસની પ્રવૃતિઓને લાખો રૂપિયાનું દાન કર્યું હતું.

આવા એક માનવતાવાદી મહાપુરૂષ તા. ૨૯ નવેમ્બર, ૧૯૩૩ના રોજ વહેલી સવારે જિનીવા ખાતે ૮૯ વર્ષની જૈફ વયે ચિરનિદ્રામાં પોંઢી ગયા ત્યારે તેમની પાસે કોઈ જ હાજર ન હતું. અવસાન પછી તેમનો દેહ અંતિમસંસ્કાર માટે પેરિસ લઈ જવાયો હતો.

●



## (૨૫૭)

# કૈલાસચન્દ્ર બૃહસ્પતિ

## (અવસાન : ૩૦ જુલાઈ, ઈ.સ. ૧૯૭૯)

ઉત્તરપ્રદેશના એક નાના એવા દેશી રજવાડામાં, રામપુર નામના ગામના રાજપંડિત દત્તરામજીના શાસ્ત્રીય સંગીતના ઘરાનામાં ઈ.સ. ૧૯૧૮માં જન્મ ધારણ કરનાર કૈલાસચંદ્ર બૃહસ્પતિજી એક પ્રખર સંગીતચાર્ય હતા. તેમણે શાસ્ત્રીય સંગીતના પ્રાચીન ગ્રંથોની અધ્યયન પરંપરાને વર્તમાન સંગીતમાં ઢાળવાનું ભગીરથ કાર્ય કર્યું હતું. તેમણે પોતના ઘરમાંથી જ્ઞાન અર્જિત કરેલું. તેમનું સંસ્કૃત ભાષાનું જ્ઞાન અદભુત હતું. તેમનામાં સંગીતનો પારિવારિક વારસો કુદરતી રીતે જ ઉતરેલો. તેમણે પ્રાચીન શાસ્ત્રીય સંગીતના ગ્રંથોનું સૂક્ષ્મ અધ્યયન કરી આધુનિક શૈલીમાં ઢાળ્યા હતા.

સ્વર અને સૂરનું શિક્ષણ તથા તાલ અને માત્રાની તાલીમ મેળવી લીધા બાદ તેઓ લાહોરની સનાતનધર્મ કોલેજમાં દાખલ થયેલા. અહીં તેમણે આચાર્યની પરીક્ષા પ્રથમ નંબરે પાસ કરેલી. તેમનું સંગીતનું જ્ઞાન અદ્વિતીય હતું. આચાર્યની પરીક્ષા પાસ કરી લીધા પછી તેઓ ઈ.સ. ૧૯૩૬માં રામપુરની કોલેજમાં સંગીતના પ્રાધ્યાપક તરીકે જોડાઈ ગયેલા. તેમની સંગીતની સાધના અહીંથી શરૂ થયેલી.

તેમણે અધ્યાપકીય જીવન દરમ્યાન સંગીતની પરમ સાધના કરેલી. સંગીતના નામે ત્યારે છીછરા સંગીતકારો સંગીતના પ્રમાણભૂત ગ્રંથોની ઠેકડી પણ ઉડાડતા હતા. ભરત મુનિ અને સારંગદેવનો સંગીતનો ગ્રંથ 'સંગીતરત્નાકર' વાંચ્યા સમજ્યા વગર તેઓ એ ગ્રંથોને અસ્પષ્ટ અને દુર્બોધ ગણતા હતા. એ પરિસ્થિતમાં પંડિત બૃહસ્પતિજીએ સંગીતના એ ઉચ્ચ ગ્રંથોનું ઊંડું અધ્યન અને પરિશીલન

કરીને, તેમના ઉપર લેખો લખી તથા વ્યાખ્યાનો આપી એ પ્રાચીન ગ્રંથોનું મૂલ્ય અને મહત્વ લોકો સમક્ષ છતું કરેલું. આચાર્યજીએ 'બૃહસ્પતિ વીણા' અથવા 'શ્રુતિદર્પણ' નામનું એક તંતુવાદ્ય બનાવેલું. વળી, તેમણે 'બૃહસ્પતિ કિન્નરી' નામના એક વાદ્યનું પણ સર્જન કરેલું.

ઈ.સ. ૧૯૫૨માં કૈલાસચંન્દ્રજીએ મુંબઈમાં આયોજીત એક સંગીતના સેમિનારમાં ભાગ લીધેલો. અહીંથી 'સંગીતાચાર્ય' તરીકેનો તેમનો કીર્તિધ્વજ લહેરાવાની શરૂઆત તયેલી. તેઓ જોતજોતામાં દેશભરમાં એક વિદ્વાન સંગીતકાર તરીકે જાણીતા થઈ ગયેલા. મુંબઈના આ સંગીત સેમિનારમાં સંગીતક્ષેત્રના પંકાયેલા સંગીતજ્ઞો એકત્રિત થયેલા. એ સેમિનારમાં બૃહસ્પતિજીએ ભરતમુનિના ગ્રંથના આધારે ભારતીય સંગીતના સનાતન સિદ્ધાંતોની વ્યાખ્યા કરેલી. પંડિતજીના શિષ્યભીષ્મ દેવ વેદીએ 'બૃહસ્પતિ વીણા' પર શાસ્ત્રોક્ત સપ્તકની સ્થાપનનું નિર્દેશન કરી બતાવેલું. આજ તંતુવાદ્ય ઉપર ચુત : સારણા પ્રક્રિયા દ્વારા બાવીસ શ્રુતિઓને જુદી-જુદી સંભાળસાવીને શાસ્ત્રોક્ત સપ્તકની સ્થાપના કરી બતાવેલી. આચાર્યજીના એ નૂતન પ્રયોગોને ઉપસ્થિત રહેલા સંગીતકારોએ એકી અવાજે બિરદાવેલો.

પછી તો આચાર્યજી સંગીતની ગોષ્ઠિઓમાં નિયમિત મુંબઈ આવતા રહેતા. તેમણે એકવાર સંગીતની જાતિઓના પૂર્ણ સ્વરૂપના ગાનની રજૂઆત કરીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધેલા. દિલ્હીની સંગીત નાટ્ય અકાદમીએ આ ગાયનોની રેકર્ડ પણ તૈયાર કરાવેલી. તેમને કાવ્યકલાનો પણ અનહદ શોખ હતો. તેમણે 'પાર્વતીલાસ્યમ' નામના પ્રબંધની રચના પણ કરેલી. વ્રજભાષામાં તેમણે અસંખ્ય કાવ્યોનું સર્જન કર્યું છે. ભરતમુનિ રચિત ભરતનાટ્યશાસ્ત્રના અઠ્ઠાવીસમાં અધ્યાય પર સાધના નામનું હિન્દી ભાષ્ય અને 'સંજીવનમ' નામનું સંસ્કૃત ભાષ્ય રચેલાં. તેમણે અર્વાચીન રાગોની ઘણી બધી બંદિશો તૈયાર કરેલી.

ઈ.સ. ૧૯૬૫માં તેમની નિમણૂંક દિલ્હીના આકાશવાણી કેન્દ્રના મુખ્ય



નિર્માતા તરીકે થયેલી. તેઓ ત્યાં જ સંગીત, સંસ્કૃત અને વ્રજભાષાના વિભાગોમાં સલાહકાર તરીકે નિયુક્ત થયેલા. ઈ.સ. ૧૯૭૫માં તેમણે ભારત સરકારના સૂચના અને પ્રસારણ મંત્ર્યાલયના પરામર્શદાતાની કામગીરી સંભાળેલી. સાથે સાથે તેઓ લેખન કાર્ય અને સંશોધન કરતા રહેલા. ઈ.સ. ૧૯૫૯માં તેમનું ભરતમુનિના 'સંગીત સિદ્ધાંત' નામનું પુસ્તક પ્રકાશિત થયેલું.

આ મહાન સંગીતાચાર્યનો જીવનદીપ સેરિબ્રલ હેમરેજને કારણે ૩૦ જુલાઈ, ઈ.સ. ૧૯૭૯ના રોજ બુઝાઈ ગયેલો.



## (૨૫૮)

# પ્રેમચંદ

## (૩૧ જુલાઈ, ઈ.સ. ૧૮૮૦)

હિન્દી સાહિત્યના મૂર્ધન્ય સાહિત્યકાર ધનપતરાય એટલે કે મુન્શી પ્રેમચંદનો જન્મ શ્રીવાસ્તવ પરિવારના પિતા અજાયબલાલ અને માતા આનંદીના ઘરમાં, બનારસથી આશરે ૬ કિલોમીટર દૂર આવેલા લમહી નામા એક નાના એવા ગામે ૩૧ જુલાઈ, ઈ.સ. ૧૮૮૦ના રોજ થયેલો. કાકાએ 'નવાબ' એનું એમનું લાડકું નામ પાડેલું. બાળપણમાં જ મા ગુમાવી બેઠેલા ધનપતરાયના પિતાએ મોટી ઉંમરે બીજું લગ્ન કરેલુ. પિતા અજાયબલાલ ટપાલ કચેરીમાં એક સામાન્ય કારકુનની નોકરી કરતા હતા. પ્રેમચંદને અપરમાનો પૂરેપૂરો અનુભવ થઈ ગયેલો.

નવમાં ધોરણમાં તેઓ ભણતા હતા ત્યારે જ તેમનાં લગ્ન લેવાઈ ગયેલાં. પણ પત્ની યોગ્ય નહીં મળતાં લગ્નજીવનનું તેમનું સુખ છીનવાઈ ગયેલું. તે પછી દસ વર્ષ બાદ તેમણે કુંટુંબની ઉપરવટ જઈને શિવરાની નામની બાલવિધવા સાથે લગ્ન કરી લઈ સમાજસુધારક તરીકેનો દાખલો બેસાડેલો. શિવરાની ખાસ ભણેલાં ન હતાં. પણ પારસમણિના સ્પર્શે જેમ લોખંડ સુવર્ણ બની જાય તેમ તેઓ પતિના નિત્ય સહવાસથી લેખિકા બની ગયેલાં. ઈ.સ. ૧૯૧૯માં ઓગણચાલીસ વર્ષની ઉંમરે તેઓ સ્નાતક થયેલા. વચગાળાના સમયમાં તેમણે પ્રાથમિક શાળામાં શિક્ષકની નોકરી પણ કરેલી. તેઓ બઢતી પામી ડેપ્યુટી સબ ઈન્સ્પેક્ટરના હોદ્દા સુધી પહોંચેલા.

સાહિત્ય સર્જનની શરૂઆત તેમણે ઉર્દૂ અને ફારસી ભાષાથી કરેલી. તેમનું શરૂઆતનું સર્જન ગુમ થઈ ગયેલું. જેનો આજ સુધી કોઈ પત્તે લાગ્યો નથી. તેમણે 'ઝમાના' ઉર્દૂ પત્રિકાને એક વાર્તા પ્રકાશન માટે મોકલેલી. પત્રિકાના તંત્રીએ



તેમની વાર્તા 'પ્રેમચંદ' નામે છાપેલી. બસ, ત્યારથી તેઓ ધનપતરાયમાંથી 'પ્રેમચંદ' બની ગયેલાં. કલમમાંથી કંચનવાળા થયા હોય એવા દાખલા કેટલા ? શરૂઆતમાં પ્રેમચંદ ખૂબ જ આર્થિક સંકડામણ અનુભવતા હતા. ગાંધીજીને એકવાર સાંભળ્યા પછી તેમનો અંતરાત્મા સળવળી ઉઠેલો. તેમણે નોકરી છોડી દીધેલી. પછી તેઓ કાશીની માધ્યમિક શાળામાં જોડાયેલા. સાહિત્યસર્જનને તેમણે જીવનસાધના તરીકે સ્વીકારી લીધેલું. એમની કસાયેલી કલમમાંથી સંઘેડાઉતાર રચનાઓ જન્મવા લાગી. એમણે એટલું તો માતબર સર્જન કર્યું કે, હિન્દી સાહિત્યમાં તેઓ છવાઈ ગયા.

ધૂની સ્વભાવના પ્રેમચંદે ધન કમાવાની ઘેલછામાં પ્રેસ ઊભો કરી પોતાની પત્રિકાઓ પ્રકાશિત કરવાનું નક્કી કર્યું. 'જાગરણ', 'માધુરી', 'મર્યાદા' અને 'હંસ' જેવી પત્રિકાઓ શરૂ કરી. આમ કરવાથી તેઓ ધનવાન થવાને બદલે દિવસે દિવસે ઘસાતા ગયા. ત્યાં વળી,નસીબે તેમનો હાથ ઝાલ્યો. મુંબઈના સત્યજિત રાય નામના પ્રખર ફિલ્મ સર્જકે તેમને મુંબઈ તેડાવી ફિલ્મની પટકથા લખવાનું કામ સોપ્યું. સત્યજીત રાય સાથે એમણે ઘણું કામ કરેલું. એમની નવલકથાઓ 'ગોદાન', 'ગબન' અને 'સેવાસદન' ઉપરથી હિન્દી ફિલ્મો નિર્માણ પામી છે. દક્ષિણની ગાયિકા સુબુલક્ષ્મીએ તેમની નવલકથા 'સેવાસદન' પરથી તામિલ ભાષામાં બનાવેલી ફિલ્મ સુપરહીટ નીવડેલી.

હિન્દી સાહિત્ય જગતમાં તેમના નામનો ડંકો વાગતો. તેમણે ઘણી જાણીતી નવલકથાઓ અને અસંખ્ય વાર્તાઓનું સર્જન કર્યું છે. તેમણે બાર નવલકથાઓ, અઢીસો નવલિકાઓ તથા અસંખ્ય નિબંધો અને અનુવાદોનું સર્જન કર્યું છે. 'ગોદાન', 'ગબન', 'સેવાસદન' અને 'શતરંજ કે ખિલાડી' એમની નીવડેલી નવલકથાઓ છે. પ્રેમચંદની ટૂંકી વાર્તાઓનો ફાલ 'માનસરોવર' આઠ ભાગોમાં સંગ્રહાયેલો છે. તેમની કેટલીક વાર્તાઓને ગુજરાતી ભાષામાં આ જ પુસ્તકના લેખક વિનુભાઈ પટેલે 'પ્રેમચંદની પ્રતિનિધિ વાર્તાઓ' નામના પુસ્તકમાં રજૂ

કરી છે. 'કર્મભૂમિ' અને 'બજાર-એ-હુશ્ન' એ તેમની જાણીતી નવલો છે.

હિન્દી સાહિત્યના આ વિશ્વપ્રસિદ્ધ સાહિત્ય સર્જકના જીવનનો ૮ ઓક્ટોબર, ઈ.સ. ૧૯૩૬ના રોજ વહેલી સવારે દાતણ કરતાં કરતાં અંત આવેલો.

●





**ઑગષ્ટ (૨૫૯)**

# લોકમાન્ય તિલક

**(અવસાન : ૧ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૨૦)**

મહારાષ્ટ્રમાં ગણેશોત્સવ અને શિવાજી ઉત્સવની ઊજવણીની શરૂઆત કરનાર લોકમાન્ય તિલકનો જન્મ કોંકણ પ્રદેશના રત્નાગિરિ ગામમાં ઈ.સ. ૧૮૫૬ની ૨૩મી જુલાઈએ થયો હતો. એમના પિતાનું નામ ગંગાધર પંત અને માતાનું નામ પાર્વતીબાઈ હતું. એમનું ખરૂં નામ હતું બાલ ગંગાધર તિલક.

આઠ વર્ષની નાની ઉંમરે તેમણે સંસ્કૃત રૂપાવલિ, સમાસચક્ર, અમરકોશ અને ગાયત્રીમંત્રનો અભ્યાસ કરી નાંખેલો હતો. સંસ્કૃત ભાષાનું એમને ગજબનું આકર્ષણ હતું. આટલી નાની ઉંમરે બાણભટ્ટની અતિ કિલષ્ટ સંસ્કૃતમાં લખાયેલી કાદંબરી પણ વાંચી નાંખી હતી.

ઈ.સ. ૧૮૬૬માં તેઓ પ્રાથમિક શિક્ષણ પૂરૂં કરી અંગ્રેજી શાળામાં દાખલ થયા હતા. એ જ વર્ષે એમની માતાનું અવસાન થયું હતું. પછી. ઈ.સ. ૧૮૬૯માં તેઓ પૂણેની હાઈસ્કૂલમાં પાંચમાં ધોરણમાં દાખલ થયા હતા. અભ્યાસકાળ દરમ્યાન જ ઈ.સ. ૧૮૭૧માં લાડઘર ગામની તાપીબાઈ નામની કન્યા સાથે તેમનું લગ્ન થયું. તેમના લગ્ન સમયે જ પિતાની તબિયત નાદુંરસ્ત હતી. તેમની લગ્ન પછી તરત જ પિતા પણ સ્વર્ગની સફરે ચાલ્યા ગયા હતા. તેમણે બાળપણ કાકાને ઘેર રહી વીતાવવું પડેલું.

મેટ્રીકની પરીક્ષા પાસ કરી તિલક પૂણેની ડેક્કત કોલેજમાં દાખલ થયા. નબળો શારિરીક બાંધો ધરાવતા તેઓ નિયમિત કસરત કરતા હતા. ઈ.સ. ૧૮૯૯માં કાશીમાં તેરસો ફૂટ પહોળો પ્રવાહ તરી ગયા હતા. ગણિત, ઈતિહાસ, સંસ્કૃત,

ધર્મશાસ્ત્ર, ખગોળ અને શરીરશાસ્ત્ર એમના રસના વિષયો હતા. સંસ્કૃતમાં તેમણે 'માતૃવિલાપ' નામનું કાવ્ય પણ રચ્યું હતું. ઈ.સ. ૧૮૭૬માં તેમણે બી.એ.ની પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરી, પણ ઈ.સ ૧૮૭૭માં એમ.એ.ની પરીક્ષામાં તેઓ નાપાસ થયા હતા. ઈ.સ. ૧૮૭૯માં તેઓ એલ.એલ.બી. થયા.

ગરીબ પ્રજાની સેવા અને દેશનો વિકાસ કરવાની શુભ ભાવનાથી આગરકર અને ચિપલુણકર સાથે મળીને ઈ.સ. ૧૮૮૦ની ૧ લી જાન્યુઆરીના રોજ 'ન્યૂ ઈંગ્લિશ સ્કૂલ' નામની શાળા શરૂ કરી. ઈ.સ. ૧૮૮૯થી તેમણે રાજકારણમાં ઝંપલાવ્યું. તેમણે પૂનામાં યોજાયેલા કોંગ્રેસ અધિવેશનમાં ભાગ લીધો હતો. ૧૮૮૯માં બોમ્બે પ્રોવિન્સિયલ કોન્ફરન્સના બીજા અધિવેશનમાં ભાગ લઈ મીઠા પરનો કરવેરો ઘટાડવાની માંગણી કરી હતી. ટિળક લોકજાગૃતિ દ્વારા મહિલાઓની લગ્નવય વધારવાના હિમાયતી હતા. ઈ.સ. ૧૮૯૧માં નાગપુર અધિવેશનમાં ભાગ લઈ હથિયાર ધારાને લગતો ઠરાવ રજૂ કર્યો હતો.

ઈ.સ. ૧૮૯૭માં મહારાષ્ટ્રમાં તેમણે ગણપતિ ઉત્સવની શરૂઆત કરી હતી. મહોરમના વિકલ્પરૂપે હિન્દુઓમાં જાગૃતિ લાવવા ૧૦ દિવસનો ગણેશ ઉત્સવ તેમણે શરૂ કર્યો હતો. આજે આ ઉત્સવ સમગ્ર ભારતમાં ઉત્સાહભેર ઉજવવામાં આવે છે. ઈ.સ. ૧૮૯૭માં 'ઓરાયન' નામનું પુસ્તક લખીને તેમણે એ પ્રથમવાર ઋગ્વેદની રચનાનો સમય નક્કી કર્યો હતો.

શિવાજી ઉત્સવ ઉજવવાની શરૂઆત કરનાર પણ ટિળક જ હતા. ઈ.સ. ૧૬૭૪માં શિવાજી મહારાજનો રાજ્યભિષેક જે રાયગઢના કિલ્લામાં થયો હતો. તે કિલ્લો દુર્દશાગ્રસ્ત થઈ ગયો હતો. આ કિલ્લાના જિર્ણોદ્ધારનું કામ પણ ટિળકે જ કરાવેલું. ૧૦ એપ્રિલ, ૧૮૯૬ના રોજ આ કિલ્લામાં શિવાજી જન્મજયંતિની ભવ્ય ઊજવણી કરવામાં આવેલી.

ટિળક હવે મહારાષ્ટ્રના રાજકીય નેતામાંથી રાષ્ટ્રીય નેતા બની ગયા હતા. ટિળક લોકોમાં જગાડેલી સંઘર્ષ કરવાની વૃતિમાંથી ઉગ્રવાદનો જન્મ થયો. અંગ્રેજ



સરકારનો ઉગ્ર વિરોધ કરતું એક જૂથ તૈયાર થયું. ટિળક સાથે લાલા લજપતરાય, મહર્ષિ અરવિંદ, ખાપર્ડે અને બિપિનચંદ્ર પાલ પણ જોડાયા. એ સમયે ભારતમાંથી જોર્જ હેમિલ્ટને જણાવેલું કે, હિંદમાં અંગ્રેજ સરકાર દારૂગોળાના ઢગ પર બેઠી છે.

બંગભંગની ચળવળ સામે લોકજાગૃતિ ઊભી કરવા ટિળકે આખા મહારાષ્ટ્રનો પ્રવાસ ખેડી ઠેર-ઠેર પ્રવચનો કર્યાં હતાં. લોકોએ જ તેમને 'લોકમાન્ય' કહી સંબોધવાની શરૂઆત કરી હતી. દેશનાં બાળકોને માતૃભાષામાં શિક્ષણ આપવાના તેઓ પ્રખર હિમાયતી હતા. ભારતીય સંસ્કૃતિને એક તાંતણે બાંધવા તેમણે 'એક ભાષા એક લિપિનું' સૂત્ર આપ્યું હતું. ભારતમાં સમાન વજનપદ્ધતિ શરૂ કરવાની તેમણે તરફેણ કરી હતી. તેમણે ઉગ્રવાદીઓને સંગઠિત કરી 'રાષ્ટ્રવાદી પક્ષ' ની સ્થાપના કરી હતી.

આ પછી તેમણે મરાઠીમાં 'કેસરી' નામનું છાપું શરૂ કર્યું હતું. કોલ્પહાપુરના ગાદીના વારસદાર સંદર્ભે ઝઘડો ઊભો થતાં તિલકે 'કેસરી'માં લેખો લખવા માંડ્યા, તેમના લખાણને લઈ હાઈકોર્ટમાં કેસ ચાલ્યો. તિલક અને તેમના સાથી આગરકરને ૧૬ જુલાઈ, ૧૮૮૨ના રોજ ચાર માસની સખત કેદની સજા ફટકારી. આ હતી તેમની સૌપ્રથમ જેલયાત્રા.

જેલમાંથી છૂટ્યા બાદ ૨૪ ઓક્ટોબર, ૧૮૮૪ના રોજ તેમણે પૂનામાં ડેક્કન એજ્યુકેશન સોસાયટી ની સ્થાપના કરી. અને તે વખતના ગર્વનર ફર્ગ્યુયશનના નામ પરથી ૨ જાન્યુઆરી, ૧૮૮૫ના રોજ 'ફર્ગ્યુશન' કોલેજ શરૂ કરી. ૭ ઓગસ્ટ, ૧૮૯૫ના રોજ તિલક મુંબઈની ધારાસભામાં મોટી બહુમતીથી ચૂંટાઈ આવ્યા હતા. હવે તેઓ દેશના લોકપ્રિય નેતા બની ગયા હતા. ઈ.સ. ૧૮૯૫ના મહાસભાના અધિવેશનની કારોબારીના મંત્રી તરીકે તેઓ ચૂંટાયા હતા. તેમણે ઈ.સ. ૧૮૯૬માં પડેલા દુકાળમાં દેશના લોકોની સેવા કરવાના ભગીરથ પ્રયત્નો કર્યા હતા. લોકો સ્વદેશી ચીજવસ્તુઓનો ઉપયોગ કરતા થાય તે માટે 'કેસરી'


માં લેખો લખ્યા હતા.

સિલોનમાં જઈ તેમણે બૌદ્ધ તત્વજ્ઞાન અને સંસ્કૃતિને પણ અભ્યાસ કરેલોય ઈ.સ. ૧૯૧૬માં દેશમાં હોમરૂલ ચળવણની શરૂઆત થઈ. ટિળકે આ ચળવળનો પૂરજોશમાં પ્રચાર કર્યો. આ વર્ષે તિલકને ૬૦ વર્ષ પૂરાં થતાં હોઈ તેમના સાથીદારોએ હીરક મહોત્સવ ઊજવી રૂપિયા એક લાખની થેલી અર્પણ કરી. તેમનો મંત્ર હતો 'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક છે. અને હું તે મેળવીને જ રહીશ'.

૬૪ વર્ષની ઉંમરે તેમને ન્યૂમોનિયા થયો. તેમની તબિયત લથડી. તેમને 'એજિંના પ્રેક્ટિસ' નો હુમલો આવ્યો અને તેઓ આ ફાની દુનિયાનો ત્યાગ કરી અનંતની યાત્રાએ ઉપડી ગયા. ૧ ઓગસ્ટે બપોરે ૨ :૦૦ વાગ્યે 'સરદાર ગૃહમાંથી'તેમની સ્મશાન યાત્રા નીકળી હતી જેમાં બે લાખ માણસો જોડાયા હતા. કહે છે કે, તે સમય સુધીની સૌથી લાંબી સ્મશાન યાત્રા હતી. લોકોએ તેમને 'ટિળક ભગવાન' કહી વિદાય આપી હતી. મુંબઈના લોકોએ કોઈ નેતાને આપી ના હોય તેવી એ વિદાય હતી. ભારતનો ઈતિહાસ સદાકાળ એમનું સ્મરણ કરતો રહેશે.

●





## (૨૬૦)

# એલેક્ઝાન્ડર ગ્રેહામ બેલ

## (અવસાન : ૨ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૨૨)

ઘેર ઘેર ઉપલબ્ધ એવી ટેલિફોન સેવાના પ્રેરક એવા ગ્રેહામ બેલનો જન્મ ૩ માર્ચ, ઈ.સ. ૧૮૪૭માં સ્કોટલેન્ડના એડિનબર્ગ નામના શહેરમાં એક ખ્યાતિપ્રાપ્ત પરિવારમાં થયો હતો. તેના પિતા બહેરાં-મૂગાંઓને શીખવવા માટેની નૂતન પદ્ધતિના શોધક હતા. બેલ પ્રારંભિક શિક્ષણ વતનમાં લઈને ઉચ્ચ શિક્ષણ લેવા લંડન ગયો હતો. તેણે જર્મનીની બર્લિન યુનિવર્સિટીમાંથી પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી હતી. જર્મનીથી એ ઘેર આવેલો ત્યારે તેને ક્ષયની બિમારી લાગુ પડેલી. તેથી તેના પિતા તેને કેનેડા લઈ ગયેલા. ત્યાં તેની તદુંરસ્તી સુધરી હતી.

તેને તેના પિતા પાસેથી ઘણું શીખવા મળેલું. સ્વાસ્થ્ય સુધર્યા પછી અમેરિકાના બોસ્ટન શહેરમાં એક શાળા શરૂ કરી હતી. આ શાળામાં બેલ બહેરાં-મૂંગાને ભણાવતા શિક્ષકોને તાલિમ આપતો હતો ત્યારે તેણે બહેરાં લોકો સાંભળી શકે તેવા યંત્રની શોધ કરેલી, પણ તેમાં તે અસફળ રહેલો.

ઈ.સ. ૧૮૭૭માં તેણે બોસ્ટનના એક વકીલ ગાર્ડીનર હુબ્બર્ડની પુત્રી ચેબેલ હુબ્બર્ડ સાથે લગ્ન કર્યું હતું. તેણે બહેરા લોકો સાંભળી શકે તેનું યંત્ર શોધવાનો સંકલ્પ કર્યો હતો. એકવાર એક કારખાનામાં તેમની મુલાકાત થોમસ વોટસન સાથે થઈ. વોટસન ઈલેક્ટ્રિકલ એન્જિનિયર હતા તથા ટેલિગ્રાફીમાં નિષ્ણાંત હતા. આ મુલાકાતે તેમને મિત્રો બનાવી દીધેલા. બંન્ને મિત્રો ટેલિગ્રાફી અંગેના પ્રયોગ કરવામાં વ્યસ્ત થઈ ગયા.

એક દિવસ બેલ ટેલિગ્રાફિક રિસીવર ઉપર કોઈક ઓરડામાં બેસીને કામ

કરી રહ્યો હતો. વોટસન બીજા ઓરડામાં હતો. બેલ રિસીવર ઉપાડ્યા વગર કશુંક સાંભળવા મથતો હતો. જ્યારે તારની ધ્રુજારી બંધ થઈ ત્યારે વોટસને તેના પર આંગળી મારીને અવાજ પેદા કર્યો. બીજા જ ઓરડામાં બેઠેલા બેલે તે એવાજ સાંભળ્યો. તે આનંદની ચિચિયારી પાડતો વોટસન પાસે ગયો અને કહ્યું, ‘‘વોટસન મેં તમારો અવાજ સાંભળ્યો’’ . તે વખતે ભરાયેલા પ્રદર્શનમાં બેલે તેનું આ યંત્ર લોકોને જોવા મૂકેલું. તે વખતે પ્રદર્શન નિહાળવા આવેલા બ્રાઝિલના સમ્રાટે ટેલિફોનનું રિસીવર ઉઠાવી બેલને કહેલું, ‘‘તમે મારી સાથે વાત કરો’’. તેની આ શોધે તેને જગવિખ્યાત બનાવી દીધો. તેણે ૧૮૭૭માં ટેલિફોન બનાવવાની પેટન્ટ મેળવી લઈ પોતાના નામે એક કંપની શરૂ કરેલી.


ઈ.સ. ૧૮૭૭માં તેણે બર્લિનમાં સ્થાયી ટેલિફોન લાઈન નાંખી હતી. ૧૮૭૮માં તે પાછો અમેરિકા ગયો ત્યાકે તેણે જોયું કે ત્યાં ઠેર-ઠેર ટેલિફોન એક્સચેન્જ ઊભાં થઈ ગયાં હતાં. ઈ.સ. ૧૯૧૫માં ટેલિફોનિક વ્યવસ્થામાં ઘણા સુધારા આવી ગયા હતા. એ જ વર્ષે ૩૪૦૦ માઈલ લાંબી દરિયા કિનારાની લાઈન નાખવામાં આવેલી. જેના ઉદ્‌ઘાટન માટે બેલને ન્યૂયોર્કથી બોલાવવામાં આવેલો.

તેણે આ પછી ફોટોફોન અને ગ્રામોફોનની પણ શોધ કરી હતી. તેનું ઠેર-ઠેર ભવ્ય સન્માન થયેલું. અનેક વિશ્વવિદ્યાલયોએ તેને માનદ પદવીઓ આપી હતી. ફ્રેન્ચ સરકારે તેને તેની ટેલિફોનની શોધ માટે બોલ્ટા પારિતોષિક વિજેતા તરીકે ઈ.સ. ૧૮૮૦માં ૫૦,૦૦૦ ફ્રાન્કનું ઈનામ આપેલું.

વિજ્ઞાનમાં વિવિધ ક્ષેત્રોમાં બહુમૂલ્ય પ્રદાન કરનાર ગ્રેહામ બેલ ૨ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૨૨ના રોજ બિનબ્રીગ ખાતે અવસાન પામેલો. તેણે અમેરિકન નાગરિકત્વ સ્વીકાર્યું હતું. આજેય અમેરિકાના મરેહિલ, ન્યૂજર્સી ખાતે તેની સ્મૃતિરૂપ બેલ પ્રયોગશાળા કાર્યરત છે.

●





## (૨૬૧)

# પ્રફૂલ્લચંદ્ર રાય

## (૨ ઓગસ્ટ, ઈ.સ. ૧૮૬૧)

ડૉ. પ્રફૂલ્લચંદ્ર રાય ભારતના સૌ પ્રથમ મહાન રસાયણશાસ્ત્રી અને દેશભક્ત શિક્ષક હતા. તેમનો જન્મ બંગાળના ખુલના જિલ્લાના રરૂલી કતિપરા નામના ગામમાં મધ્યમવર્ગીય કુંટુંબના પિતા હરિશચંનદ્રને ત્યાં ૨ ઓગસ્ટ, ઈ.સ. ૧૮૬૧માં થયો હતો. હાલ આ સ્થળ બાંગ્લાદેશમાં આવેલું છે. પ્રફૂલ્લચંદ્રરાય માત્ર રસાયણશાસ્ત્રી જ ન હતા, પણ ભારતમાં રસાયણ ઉદ્યોગના જનક પણ હતા.

ઈ.સ. ૧૮૭૦માં તેમનો પરિવાર કલકત્તામાં સ્થાયી થયો હતો. તેઓને બંગાળી અને અંગ્રેજી સાહિત્યમાં અધિક રૂચિ હતી. તેમણે ઈંગ્લેન્ડ, રોમ, સ્પેન અને લેટિન ગ્રીક ઈતિહાસનો સઘન અભ્યાસ કર્યો હતો. તેમના ઔપચારિક શિક્ષણની શરૂઆત ઈ.સ. ૧૮૭૪માં આલ્બર્ટ સ્કૂલથી થઈ હતી. તેઓ અભ્યાસ છોડી બે વર્ષ માટે તેમના વતનમાં રહેવા ચાલ્યા ગયા હતા. તે પછી ઈ.સ. ૧૮૭૬માં પુનઃકલકત્તા પરત આવી અભ્યાસ આગળ વધાર્યો હતો. ઈ.સ. ૧૮૭૯માં તેમણે પ્રવેશ પરીક્ષા પસાર કરી વિદ્યાસાગર કોલેજમાં ઉચ્ચાભ્યાસ માટે પ્રવેશ મેળવી લીધો હતો. આ દરમ્યાન તેમના દાદા આનંદલાલ રાયનું નિધન થવાથી તેઓ ક્ષુબ્ધ થઈ ગયા હતા. તેમના પિતા સંસ્કારી અને શ્રીમંત હોઈ શિક્ષણ માટે તેમને તમામ સુવિધાઓ પ્રાપ્ત થઈ હતી. તેમનો પરિવાર ગરીબો પ્રત્યે સહાનુભૂતિ ધરાવતો હોઈ તેમણે તેમના વતનમાં કન્યાઓના શિક્ષણ માટે શાળા શરૂ કરી હતી.

સુરેન્દ્રનાથ બેનરજી, પ્રસન્નકુમાર લાહિરી અને એલેકઝાન્ડર મેડલર જેવા

શિક્ષકોએ તેમની શૈક્ષણિક કારકિર્દી ઘડવામાં મહત્વનો ફાળો આપ્યો હતો. એલેક્ઝાન્ડર પેડલરના માર્ગદર્શન અને પ્રેરણાથી જ તેમણે રસાયણશાસ્ત્રી જેવો વિષય પસંદ કર્યો હતો. આ દિવસોમાં લંડન યુનિવર્સિટીએ ગિલક્રિસ્ટ પ્રાઈઝ સ્કોલરશીપ માટે સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરેલું. એ પરીક્ષા માટે પ્રફૂલ્લચંદ્રરાયે તૈયારી શરૂ કરી. તેઓએ અંગ્રેજી, ફ્રેન્ચ અને સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ કરવો શરૂ કરેલો. તેઓ મુંબઈના પારસી વિદ્યાર્થી બહાદુરજીની સાથે પરીક્ષામાં ઉતીર્ણ નીવડેલા. એ પછી તેમના પિતાએ તેમને ઈંગ્લેન્ડ ભણવા મોકલેલા. તેઓ એડિનબર્ગ કોલેજમાં બી.એસ.સી. માં દાખલ થયેલા.

ઈ.સ. ૧૮૮૫માં પ્રફૂલ્લચંદ્રે અહીં એક નિબંધ સ્પર્ધામાં ભાગ લીધેલો. નિબંધનો વિષય હતો, 'ભારત-બળવા પહેલાં અને પછી' તેમણે તેમના નિબંધમાં અંગ્રેજી રાજ્યની ઉગ્ર ટીકા કરી હતી. સ્પર્ધા પછી તેમણે તેમનો નિબંધ ભારતના મિત્ર ગણાતા બ્રિટીશ સાંસદ જ્હૉન બ્રાઈટને મોકલાવેલો. જ્હૉન બ્રાઈટે તેમના નિબંધને ખૂબ વખાણેલો. પ્રફૂલ્લચંદ્રે પાછળથી તેમને નિબંધ પુસ્તિકારૂપે પ્રગટ કરાવેલો.

ઈ.સ. ૧૮૯૨માં તેમણે દેશની સૌ પ્રથમ રાસાયણિક ઉદ્યોગ કંપની 'બંગાલ કેમિકલ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ વર્કસ' ની સ્થાપના કરી હતી જે આજે 'બંગાલ કેમિકલ્સ' ના નામે કાર્યરત છે. ભારતીય સમાજ માટે અત્યંત પ્રેમ અને સહાનુભૂતિ ધરાવતા તેમણે ઈ.સ. ૧૯૨૨માં બંગાળમાં પડેલા ભીષણ દુષ્કાળના સમયમાં પોતાની બધી પ્રવૃતિઓ સ્થગિત કરીને પીડિતોની મદદ માટો જીવન અર્પણ કરી દીધું હતું. તેમના અથાગ પ્રયત્નોને જોઈ કોઈકે સાચું જ કહ્યું હતું કે, ''જો મહાત્મા હાંધી બીજા બે વધુ પ્રફૂલ્લચંદ્ર પેદા કરી શકે તો ભારતને સ્વતંત્રતા મળતાં વાર ના લાગે.''

તેમણે ઈ.સ. ૧૮૮૫માં બી.એસ.સી. અને ઈ.સ. ૧૮૮૭માં ડી.એસ.સી.ની પદવીઓ રસાયણવિજ્ઞાનના વિષયો સાથે મેળવેલી. તેમણે યુનિવર્સિટીની 'હોપ પ્રાઈઝ સ્કોલરશીપ' મેળવેલી. ઈ.સ. ૧૮૮૮માં તેઓ ભારત પરત આવેલા. તેમની નિમણૂંક કોલકત્તાની પ્રેસિડન્સી કોલેજમાં રસાયણ વિજ્ઞાનના મદદનીશ અધ્યાપક તરીકે થયેલી. તે વખતે તેમને માસિક રૂપિયા ૨૫૦ પગાર મળતો હતો. છતાં તેઓ તેનાથી સંતુષ્ટ હતા. તેમના શિક્ષણથી વિદ્યાર્થીઓમાં તેઓ અતિપ્રિય થઈ પડેલા. ભારતના સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિકો શ્રી મેઘનાદ સહા અને સુનિતી સ્વરૂપ ભટનાગર ત્યારે તેમના વિદ્યાર્થીઓ હતા. શિક્ષણ દરમ્યાન તેઓ રવીન્દ્રનાથ ટાગોરનાં કાવ્યો અને પ્રાચીન ભારતીય રસાયણવિદ 'નાગાર્જુનના ગ્રંથ રસરત્નાકર' ના સંદર્ભો ટાંકતા. ઈંગ્લેન્ડમાં જઈ અંગ્રેજી ભાષામાં શિક્ષણ મેળવ્યા છતાં માતૃભાષાને તેઓ ખૂબ ચાહતા હતા. વિજ્ઞાન અને અન્ય તમામ વિષયોનું શિક્ષણ માતૃભાષામાં જ અપાય તેવું તેઓ ઈચ્છતા હતા. તેઓ આજીવન બંગલાભાષા અને સાહિત્યના વિકાસ માટે કામ કરતા રહેલા. નિયમિતરૂપે તેમના લેખો 'વસુમતી' અને 'બંગવાણી'માં પ્રસિદ્ધ થતા રહેતા. બંગલા ભાષા પ્રત્યેના અપાર પ્રેમને લઈ ઈ.સ. ૧૯૩૧થી ૧૯૩૪ સુધી તેમને 'બંગીય સાહિત્ય પરિષદ'ના પ્રમુખ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. તેમણે વિજ્ઞાનના વિદ્યાર્થીઓ માટે 'નાગાર્જુન પુરસ્કાર' અને 'આસુતોષ મુખરજી પુરસ્કાર' શરૂ કર્યા હતા.

રસાયણશાસ્ત્રના ઊંડા અધ્યન પછી તેમણે 'રસાયણશાસ્ત્રનો ઈર્તિહાસ' નામનો મહત્વપૂર્ણ ગ્રંથ લખ્યો હતો. આ ગ્રંથ દ્વારા ભારતની પ્રાચીન રસાયણવિદ્યાનો વિશ્વને પરિચય થયો. આ ગ્રંથથી તેમની કીર્તિ વિશ્વ આખામાં ફેલાઈ, યુરોપની અનેક ભાષાઓમાં એ ગ્રેથનો અનુવાદ થયેલો. આજ ગ્રંથના ઉપલક્ષ્યમાં ડરહમ યુનિવર્સિટીએ તેમને ડી. એસ.સી. ની પદવી પ્રદાન કરી હતી. અર્વાચીન રસાયણવિજ્ઞાનના પ્રેણતા અને મહર્ષિ ડૉ પ્રફૂલ્લચંદ્ર રાયની રસાયણવિજ્ઞાન અને સામાજિક ક્ષેત્રની સેવાઓની કદરરૂપે ઈ.સ. ૧૯૧૧માં તેમને 'નાઈટનો' ખિતાબ આપ્યો હતો. વિજ્ઞાનની આ મહાન વિભૂતિ ૧૪ જૂન ઈ.સ. ૧૯૪૪ના રોજ ઈશ્વરની સમીપ ચાલી ગઈ હતી.



# (૨૯૨)
# આર્યભટ્ટ
## (૩ ઓગસ્ટ, ઈ.સ. ૪૭૬)

ગુપ્તકાલીન ભારતીય ઈતિહાસમાં જેનું નામ સુવર્ણાક્ષરે લખાયું છે એવા ભારતના મહાન ગણિતશાસ્ત્રી અને ખગોળશાસ્ત્રી આર્યભટ્ટનો જન્મ ૩, ઓગસ્ટ, ઈ.સ.૪૭૬ના રોજ બિહારના પાટલીપુત્ર (પટણા)માં થયો હતો.

આ મહાન ગણિતાચાર્યના માતા પિતા કે કુળની માહિતી ઉપલબ્ધ નથી. એના વિશે માત્ર એટલી જ માહિતી મળે છે કે, આર્યભટ્ટનો પરિવાર હાલના બિહાર રાજ્યની રાજધાની પટણાની નજીર આવેલા કુસુમપુર નમના ગામમાં વસવાટ કરતો હતો.

એ સમયમાં દેશમાં અંધવિશ્વાસની આંધી ફરી વળી હતી ત્યારે આર્યભટ્ટે સમાજમાં જાગૃતિ લાવવાનું બીડું ઝડપ્યું હતું. ત્યારે તેણે સૌપ્રથમ કહેલું કે, પૃથ્વી ગોળ છે અને તે પોતાની ધરી પર ચક્રાકારે ફરતી રહે છે. તેણે પૃથ્વીના આકાર, ગતિ અને પરિઘનું અનુમાન કરેલું. તેણે સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ વિશેની સાચી હકીકત પ્રજા સમક્ષ રજૂ કરી હતી. એમના જ્ઞાનનો યશોધ્વજ આખા વિશ્વમાં ફરકતો હતો. આરબ વિદ્વાનોએ તો ‘અરજભર’ના નામથી સંબોધી તેમનું બહુમાન કર્યું હતું. તમે જાણતા હશો કે, ભારત સરકારે તેના પ્રથમ કૃત્રિમ ઉપગ્રહનું નામ આર્યભટ્ટ રાખી તેની વિદ્વતાને ચિંરજીવી બનાવી છે. ચંદ્ર, સૂર્યના પ્રકાશથી પ્રકાશિત થાય છે એવું પ્રતિપાદિત કરનાર પણ આર્યભટ્ટ હતા.

ગુપ્ત યુગના આ સર્વોચ્ચ ગણિતશાસ્ત્રીએ લખેલા ત્રણ ગ્રંથો ઉપલબ્ધ છે. (૧) દશગીતિકા (૨) આર્યભટ્ટીય અને (૩) તંત્ર. તેણે તેનો અતિપ્રસિદ્ધ ગ્રંથ આર્યભટ્ટીય



છઠ્ઠી સદીની શરૂઆતમાં લખ્યો હોય એમ માનવામાં આવે છે. તેના આ ગ્રંથમાં જ્યોતિષશાસ્ત્રનો આ એક પ્રાણાણિત ગ્રંથ મનાય છે. જેની રચના આર્યભટ્ટે ઈ.સ. ૪૯૯માં કુસુમપુરમાં કરી હતી. આ ચાર ખંડમાં વહેંચાયેલા ગ્રંથમાં કુલ ૧ ૨ ૧ શ્લોકો છે. આ ગ્રંથના ચાર ખંડો આ પ્રમાણે છે. (૧) ગીત પાદિકા (૨) ગણતિપાદ (૩) કાલ ક્રિયાપદ અને (૪) ગોલપાદ. ગ્રંથનો ચોથો ખંડ સૌથી નાનો છે, જેમાં માત્ર ૧૧ શ્લોકો છે. આ ખંડ નાનો હોવા છતાં મૂલ્યવાન છે. એમાં એટલી ભરપૂર માહિતી ભરેલી છે કે તેનો જોટો જડે એમ નથી. તેમાં આર્યભટ્ટે સંક્ષિપતમાં સંખ્યા લખવાની એક અનોખી રીત દર્શાવી છે. નીચે આપેલ શ્લોક એનું ઉદાહરણ છે,

‘‘વર્ગાક્ષરાણિ વર્ગોવર્ગેવર્ગાક્ષરાણિ કાતડ મૌય,
રવિદ્વિનવકે સ્વરા નવ વર્ગે વર્ગે નવાન્ત્ય વર્ગા વા’’

જેનો અર્થ આમ થાય છે. ‘ક’ થી શરૂ થતા વર્ગાક્ષરોને વર્ગ સ્થાનોમાં અને ‘અ’ થી શરૂ તથા વર્ગક્ષરોનો ‘અ’ વર્ગસ્થાનોમાં ઉપયોગ કરવો જોઈએ. આ રીતે ‘ઙ’અને ‘મ’ મળીને ‘યા’ થાય છે અને નવ વર્ગ તથા અ વર્ગ સ્થાનો ના ‘નવ’ ગણા શૂન્યોના ‘નવ’ સ્વર પ્રગટ કરે છે. આ જ ક્રિયા નવ વર્ગ નો અંતનાં સ્થાનો સુધી લંબાવવી જોઈએ.

એકમ, સો, દસ હજાર, એક લાખ વગેરે વિષય સ્થાનનો વર્ગસ્થાન અને દશક, હજાર, લાખ વગેરે સમસ્થાનોને અવર્ગસ્થાન કહે છે. કારણ કે ૧, ૧૦૦,૧,૦૦,૦૦૦નું વર્ગમૂળ પૂર્ણાંકમાં પરિણમે છે. પરંતુ ૧૦,૧૦૦૦,૧૦,૦૦,૦૦૦ આદિનું વર્ગમૂળ પૂર્ણાંકોમાં પરિણમતું નથી.

જ્યોતિષ, ગણિત, અંકગણિત અને રેખાગણિતના મૂળભૂત પ્રશ્નોનું સમાધાન શોધનાર આર્યભટ્ટ ભારતના પ્રથમ આચાર્ય હતા. અનેક અઘરી સમસ્યાઓ અને પ્રશ્નોના એમણે એમના ૩૦ શ્લોકોમાં સમાવેશ કર્યો છે. ફક્ત એમના એક જ શ્લોકમાં શ્રૈણી ગણિતના પાંચ નિયમો સમાયેલા છે.

બીજા શ્લોકમાં દશાંશ પદ્ધતિનો ઉલ્લેખ છે. એની પછીના શ્લોકોમાં વર્ગનું ક્ષેત્રફળ, ગોળાનું ઘનફળ, વિષમ ચતુર્ભુજ ક્ષેત્રોના કોણોના સંપાતથી અંતર અને તમામ પ્રકારના ક્ષેત્રની મધ્યમ લંબાઈ અને પહોળાઈની જાણકારી તથા ક્ષેત્રફળ જાણવાની સરળ રીત અને એને માટેના નિયમોનો ઉલ્લેખ થયેલો છે. એક સ્થળે એનો ઉલ્લેખ પણ થયો છે કે, ''પરિઘના છઠ્ઠા ભાગની જ્યા SINE - એની ત્રિજ્યાની બરાબર હોય છે'' એક શ્લોકમાં વર્તુળનો વ્યાસ ૨૦,૦૦૦ થવાથી એનો પરિઘ ૬૨૮૩૨નો બતાવાયો છે.

બીજગણિતના સાધારણ નિયમ $(A+b)^2 - (A^2+B^2) = 2AB$ અને બે રાશિઓનું ગુણનફળ અને અંતર જાણી રાશિઓને અલગ કરવાની રીતે વગેરેનો આ ૩૦ શ્લોકોમાં સમાવેશ થયો છે.

'આર્યભટ્ટિય'માં ત્રિકોણમિતિનું વર્ણન પણ છે. જ્યા SINE નો સર્વપ્રથમ પ્રયોગ આ ગ્રંથમાં મળી આવે છે. એમાં SINE અને ઉત્ક્રમ જ્યા Versed Sine ના કોઠાઓ પણ આપેલા છે. સાથે સાથે આ ગ્રંથમાં કોઠાઓની રચના અંગેના બે નિયમો પણ આપવામાં આવ્યા છે. તેનો એક નિયમ આ પ્રમાણે છે.

''પહેલી જ્યામાંથી એને એનાથી ભાગી નાખો. પછી ઘટાડી નાંખો. આમ કરવાથી કોઠાની જ્યાઓનું બીજું અંતર પ્રાપ્ત થશે. કોઈપણ અંતર કાઢવા માટે એના પાછલાં સમસ્ત અંતરોની જોડને પ્રથમ જ્યાથી ભાગી એનાથી પાછલા અંતરને ઘટાડી નાંખો. આ રીતે બધાં જ અંતર પ્રાપ્ત થશે.''

આવા મહાન ગણિતશાસ્ત્રી અને જ્યોતિષશાસ્ત્રી ભારતમાં ચિરકાળ સુધી અમર રહેશે.

●





## (૨૬૩)

# ફિરોજશાહ મહેતા

## (૪ ઓગસ્ટ, ઈ.સ. ૧૮૪૫)

જન્મથી જ શ્રીમંત પરિવારમાં ઉછરેલા ભારતના એક ગણમાન્ય નેતા. જેમને ભારતની પ્રજા ઉપરાંત સરકાર પણ માનની નજરે જોતી હતી એવા ફિરાજશાહ મહેતાનો જન્મ ૪ ઓગસ્ટ. ઈ.સ. ૧૮૪૫ના રોજ થયો હતો. જાહેરજીવનમાં દરેક ક્ષેત્રોમાં સેવાના ભેખધારી આ પારસી આગેવાન સમાજસેવાને સર્વોચ્ચ માનતા હતા. તેમના વેપારી પિતા 'કામા કંપની' ના ભાગીદાર હતા. આર્થિક સ્થિતિ સારી હોવાથી તેમણે તેમના પુત્રને ઉચ્ચ શિક્ષણ આપ્યુ હતું.

ઈ.સ. ૧૮૬૪માં તેઓ બી.એ.ની પરીક્ષામાં પાસ થઈને એમ.એ. ના અભ્યાસની તૈયારીમાં લાગી ગયા હતા. એમ.એ.ની પરીક્ષામાં પાસ થયાપછી કાયદાશાસ્ત્રના અભ્યાસ માટે તેઓ વિલાયત ગયા હતા. વિલાયતમાં તેઓ ત્રણ વરસ રહેલા. એ દરમ્યાન તેમણે ઘણા અનુભવો મેળવેલા. અહીં જ તેઓ હિંદના દાદા દાદાભાઈ નવરોજીના પરિચયમાં આવેલા. દાદાભાઈએ ફિરોજશાહમાં હીર જોયું. ત્યારે એકલપંડે લડી રહેલા તેમણે ફિરોજશાહનો સહકાર માંગ્યો. ફિરોજશાહ આ સમય દરમ્યાન ઉમેશચંદ્ર બેનર્જીના સંપર્કમાં આવ્યા.

એમનો કાયદાનો અભ્યાસ પૂરો કરીને ઈ.સ. ૧૮૬૮માં તેઓ ભારત પાછા આવેલા. ભારત આવીને તેમણે મુંબઈમાં વકીલાતનો વ્યવસાય શરૂ કર્યો. થોડા જ સમયમાં તેઓ સફળ બેરિસ્ટર તરીકે પંકાઈ ગયેલા. વીરતા અને નીડરતા એમના જીવનના સ્વાભાવિક ગુણો હતા. છપ્પનની છાતીના આ રાજપુરૂષ ક્યારેય કાયરતામાં જરાપણ વિશ્વાસ ધરાવતા નહીં. કેળવણીમાં તેમને ઘણો

રસ હતો. વળી એ વિષયમાં તેઓ આગવી દૃષ્ટિ ધરાવતા હતા.

ઈ.સ. ૧૮૭૭માં અંગ્રેજ સરકારને જ્યારે વોલંટિયરોની જરૂર પડી ત્યારે મુંબઈના ગર્વનરે માત્ર અંગ્રેજોને જ વોલંટિયર તરીકે રાખવાની નીતિ અપાનાવેલી. ફિરોજશાહે અંગ્રેજોની આ ભેદભાવપૂર્ણ નીતિનો પૂરજોરમાં વિરોધ કરી સફળતા પ્રાપ્ત કરી હતી. તેમણે મુંબઈ મ્યૂનિસિપાલિટીની એવી ઉત્કૃષ્ટ સેવા બજાવેલી કે તે સમયે મુંબઈ મ્યૂનિસિપાલિટીએ દેશના સૌથી મોટા કોર્પોરેશન બનવાનું ગૌરવ મેળવેલું. તેઓ ચાર વર્ષ સુધી મુંબઈના મેયરપદે પણ બિરાજેલા.

રાષ્ટ્રીય સમસ્યાઓ સમજવામાં અને તેમને ઉકેલવામાં પણ તેઓ માહેર હતા. દરેક સમસ્યાનો બારીકાઈથી અભ્યાસ કરીને તેને પૂરી તટસ્થતાથી તેઓ ઉકેલી આપતા. ઈ.સ. ૧૯૮૦માં કલકત્તા ખાતે ભરાયેલા કોંગ્રેસના અધિવેશનનું તેમણે પ્રમુખપદ સંભાળેલું. આ દરમ્યાન મુંબઈમાં સ્થપાયેલી મુંબઈ પ્રેસીડન્સી એસોસિયેશન સંસ્થા સાથે જોડાઈ તેની પ્રવૃતિઓને સફળ બનાવવામાં પણ તેમણે સક્રિય ભૂમિકા ભજવેલી. કોંગ્રેસ અધિવેશન વખતે કોંગ્રેસ પર થઈ રહેલી ટીકાઓનો તેમણે ઉગ્ર શબ્દોમાં જવાબ વાળેલો અને અધિવેશન પાછળ કોંગ્રેસે કરેલા ખર્ચને વાજબી ઠેરવેલું. ઈ.સ. ૧૮૮૬માં તેઓ મુંબઈ કાઉન્સિલના સભ્ય બનેલા.

સરકારની અન્યાયી નીતિઓનો વિરોધ કરવામાં તેઓ મોખરે હતા. સરકારના અન્યાયી કાયદાઓ વિરૂદ્ધ લેખો લખીને તેમણે જાગૃતિ ફેલાવેલી. તેઓ સરકાર વિરૂદ્ધ જાહેરમાં જ નીડરપણે પ્રવચનો કરી સરકારનું પોલ ખોલતા હતા. ખેડૂતો માટે તેઓ કૂણી લાગણી ધરાવતા હતા. ખેડૂતોનો પક્ષ લઈને અનેકવાર તેઓ સરકાર સાથે સંઘર્ષમાં પણ ઉતર્યા હતા. પ્રજાનું હિત એમને હૈયે વસેલું હતું. કાઉન્સિલમાં હતા ત્યારે પણ મોટા મોટા ખેરખાંઓની શેહશરમ રાખ્યા વિના સત્યને છતું કરતાં તેઓ અચકાત ન હતા.

જીવનના સંધ્યાકાળે તેમણે મુંબઈમાંથી 'બોમ્બ ક્રોનિકલ' નામનું દૈનિકપત્ર



શરૂ કર્યું હતું. તેમના એ દૈનિકપત્રે ભારતની આઝાદી મેળવવા માટેની ચળવળમાં લોકજાગૃતિ ફેલાવવામાં મહત્વનો ફાળો આપ્યો હતો. ભારતના આ મહાન દેશભક્તનો જીવનદીપ ૫ નવેમ્બર, ઈ.સ. ૧૯૫૫ના રોજ બુઝાઈ ગયેલો.

●





## (૨૬૪)

# ગાય દ મોપાસાં

## (૫ ઓગસ્ટ, ઈ.સ. ૧૮૫૦)

કરુણાસભર વાસ્તવદર્શી વાર્તાઓના લેખક તરીકે આખા વિશ્વમાં ખ્યાતિ પામેલા ફ્રાન્સના પ્રતિષ્ઠિત નવલિકાર ગાય દ મોપાસંનો જન્મ હરિયાળી ખેતીથી લસલસતાં ખેતરોથી સમૃદ્ધ એવા નોર્મન્ડી પ્રાંતમાં ઈ.સ. ૧૮૫૦ની ૫, ઓગસ્ટના રોજ જમીનદાર એવા ગુસ્તાવ દ મોપાસાંને ઘેર થયો હતો. તેમનું ખરું નામ હાંરી રેને આલ્બેર ગાય દ મોપાસાં હતું, છતાં તેઓ ગાય દ મોપાસાંના ટૂંકા નામે ઓળખાતા હતા.

તેમની મા પણ ગર્ભશ્રીમંત પરિવારની હતી. તેમના પિતા જમીનદાર હોવા છતાં ચિત્રકલામાં ઘણો રસ દાખવતા હતા. પોતે એક સારા ચિત્રકાર પણ હતા. જ્યારે તેમની માતા બોરેને કવિતા અને સાહિત્ય પ્રત્યે અભિરૂચિ હતી. લારેના ભાઈ ઉચ્ચ કક્ષાના સાહિત્યકાર હતા. મોપાસાં પર લેખનના સંસ્કારની છાપ છાપવામાં તેમના મામા અને પ્રસિદ્ધ નવલકથાકાર ગુસ્તાવ ફ્લોલેરનો ઘણો મોટો ફાળો છે.

મોપાસાનું બાળપણ કુદરતના ખોળે વીત્યું હતું.એકવાર એમણે પૈસાની બાબતમાં એમનાં માતા પિતા વચ્ચે થયેલો ઝઘડો પ્રત્યક્ષ જોયેલો. તેના પિતાએ તેની માને ક્રોધાવેશમાં જોરજોરથી તમાચા મારેલા. એમની મા ભોંય પર ગબડી પડેલી. આ દૃશ્ય બાળક એવા મોપાસાં માટે પીડાજનક બની રહ્યું હતું. તેની ઘેરી અસર જિંદગીપર્યંત તેમના જીવન પર રહેલી. એ સંદર્ભમાં તેમણે પ્રતિભાવ આપતા લખ્યુ છે કે, તે દિવસ મેં અનિષ્ટનાં દર્શન કર્યાં હતાં. ત્યાર પછી ક્યારેય મેં સારી બાજુ જોઈ નથી. મોપાસાંનું સાહિત્ય આ અનુભવની આસપાસ રચાયું



છે. તેમણે ત્રણસોથી વધારે વાર્તાઓ અને 'એક જીવન' સહિત કેટલીક નોંધપાત્ર નવલકથાઓ લખી છે.

તેમના માતાપિતાનું લગ્નજીવન પછી લાંબું ટકેલું નહીં. છેવટે બંન્નેને છૂટા પડવાનો નિર્ણય કરેલો. માતા પિતાના લગ્નવિચ્છેદ પછી લાગણીશીલ મોપાસાંએ માતાની સાથે રહેવાનું નક્કી કર્યું હતું. તેમની મા લેરે તેમને ભણાવતાં અને અવનવી વાર્તાઓ સંભળાવતાં. આમ માતાએ તેમનામાં પડેલા સાહિત્ય સંસ્કારબીજને ઉછેરવામાં મહત્વની ભૂમિકા ભજવેલી. તેમના ગામના પાદરીએ પણ તેમને યથાવકાશ શિક્ષણ આપેલું. તેમને થોડા સમય પછી ગામથી થોડે દૂરના શહેરની પાઠશાળામાં ધાર્મિક શિક્ષણ લેવા મૂકેલાં. પણ ત્યાં તેમને ફાવટ આવેલી નહીં. એ પછી તેમને રૂઆંની એક સંસ્થામાં દાખલ કરવામાં આવેલા.

અઢારમે વર્ષે તેમણે કવિતા લેખન કરવું શરૂ કરેલું. ઈ.સ. ૧૮૭૦માં જ્યારે ફ્રાન્સ અને રશિયા વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે મોપાસાં વીસ વર્ષની વયે તેમાં જોડાયેલા. યુદ્ધનાં અનુભવોએ તેમના સંવેદનશીલ હૈયાને ઝકઝોળ્યું હતું. આ અનુભવો એમના સર્જનમાં ઠેકઠેકાણે ડોકાયેલા જોવા મળે છે.

નવલકથાકાર ફ્લોલેરે મોપાસાંને લૂઈ બૂઈબહેન નામના એક કવિ સાથે મિત્રતા કરાવી આપેલી. આ લૂઈ બૂઈબહેન મોપાસાંને તેમની કવિતાઓ સુધારી આપતા અને માર્ગદર્શન પણ આપતા. માને આર્થિક રીતે મદદરૂપ થવા તેમણે હવે નોકરી પણ કરવા માંડેલી. નોકરીની સાથે સાથે તેઓ સાહિત્યસર્જન પણ કરતા રહેતા હતા. એ પછી મોપાસાં કવિતા લખવાનું છોડી વાર્તાઓ લખવા તરફ વળ્યા. ઈ.સ. ૧૮૭૭માં તેમણે લખેલી 'સાઈમનનો બાપ' વાર્તા પ્રકાશિત થતાં જ ખ્યાતિ પામેલી.

આ વાર્તાની સફળતા પછી નોકરીને તિલાંજલિ આપી તેમણે સંપૂર્ણપણે કલમને ખોળે માથું મૂકી ધીધેલું. ફ્લોબેર મોપાસાંને પોતાનો શિષ્ય માનતા. તેમણે મોપાસાંની કલમને સંસ્કારવામાં અનન્ય ફાળો આપેલો. પરિણામે ઈ.સ.


૧૮૮૦માં મોપાસાંની કલમમાંથી એક એવી વાર્તાનો જન્મ થયો જે વિશ્વની ઉત્તમ વાર્તા બની રહી. એ વાર્તાનું નામ છે, 'બોઉલ ધ સ્યુઈફ' એટલે કે ચરબીનો દડો. ફ્લોબેર અને એમિલ ઝોલાએ તેને 'શ્રેષ્ઠ વાર્તા' કહી આવકારી હતી. તુર્ગનેય પણ આ વાર્તાથી ઘણા પ્રભાવિત થયા હતા. હેન્રી જેમ્સ જેવો અમેરિકી સર્જક પણ તેમની વાર્તાકલાનો પ્રશંસક બની ગયો હતો. આ વાર્તા પર આખું વિશ્વ મુગ્ધ થઈ નાચી ઉઠ્યું. આ વાર્તામાં આપણા સભ્ય સમાજની હૃદયહીનતાને પ્રગટ કરી મોપાસાંએ જબ્બર આઘાત આપેલો છે. આ વાર્તા મોપાસાંની આગવી સિદ્ધિ બની રહી છે.

મોપાસાંએ જીવનની અનેક બારીકાઈઓને વિવિધ રંગે જોઈ જાણી છે. પૂરેપૂરા તટસ્થભાવથી એમણે એમની કૃતિઓનું ઘડતર કર્યું છે. તેથી સ્તો એમની વાર્તાઓ હૃદયસ્પર્શી બની રહી છે.

તેમની બીજી એક વાર્તા 'કુમારી ફીયં' પણ એટલી જ હૃદગમ વાર્તા છે. પણ મોપાસાંની વિશ્વપ્રસિદ્ધ વાર્તા તો છે, 'ધ નેકલેસ'. આ વાર્તાએ મોપાસાંને વિશ્વસાહિત્યમાં અમર બનાવી દીધો છે.

ઈ.સ. ૧૮૮૧માં તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ 'તેલિયેરનો કોઠો' પ્રગટ થયો હતો. આ સંગ્રહથી તેઓ વિશ્વપ્રસિદ્ધ વાર્તાકાર બની ગયેલા. ઈ.સ. ૧૮૮૩માં તેમની 'એક જીવન' નામની નવલકથા પ્રકાશિત થઈ હતી. ટોલ્સટોયે એ નવલકથાને ખૂબ વખાણી હતી. ફ્રાંસની સર્વોત્તમ દસ નવલકથાઓમાં એ સ્થાન પામી હતી. 'બેલ આમી' નામની એક બીજી નવલકથાનું પણ તેમણે સર્જન કર્યું હતું. એ પછી તેમને માથાની પીડા થઈ આવી. દિવસે દિવસે એ પીડા વધવા લાગેલી. દુઃખથી કંટાળી ગયેલા તેમણે આત્મહત્યા કરવા પોતાની ગરદન ઉપર છરી મારી હતી. પણ સદભાગ્યે ત્યારે તેઓ બચી ગયેલા. આ પછી તેમને પાગલોની હોસ્પિટલમાં ભરતી કરવામાં આવેલા. આખરે ફ્રાન્સના અને વિશ્વના આ મહાન વાર્તાકારનું ૬, માર્ચ, ૧૮૯૩ના રોજ અવસાન થયેલું.





## (૨૬૫)

# એલેક્ઝાન્ડર ફ્લેમિંગ

## (૬ ઓગસ્ટ, ઈ.સ. ૧૮૮૧)

પેનિસિલનના શોધક એલેક્ઝાન્ડર ફ્લેમિંગનો જન્મ ઈંગ્લેન્ડમાં દક્ષિણ-પશ્ચિમ સ્કોટલેન્ડમાં આવેલ લોકફિલ્ડ ફાર્મમાં ૬ ઓગસ્ટ, ઈ.સ. ૧૮૮૧ના દિવસે પિતા હફને ઘરે થયો હતો. ફ્લેમિંગ તેના પિતાનું આઠમું સંતાન હતો. તેની આઠ વર્ષની ઉંમરે તેના પિતાનું અવસાન થયેલું.તેની વિધવા માતાએ જાતે ખેતી કરી પરિવારનું પોષણ કર્યું હતું.

પોતાની શોધને ભાગ્યની કૃપા ગણાવનાર ફ્લેમિંગ પ્રાથમિક શિક્ષણ પૂરૂ કર્યા પછી ડાર્વેલ સ્કૂલમાં દાખલ થયેલો. ઘેરથી ચાલીને ડુંગરાઓના વાંકા-ચૂકાં ઢોળાવો પાર કરીને એ સ્કૂલે જતો-આવતો. આમ પ્રકૃતિને જોતાં-જોતાં એ તેનો ચાહક બની ગયેલો. ભણવામાં ખૂબ જ હોંશિયાર તે બાર વર્ષની ઉંમરે કિલમોરનોક એકેડેમીમાં દાખલ થઈ ગયેલો.

આર્થિક અગવડોને કારણે એને અભ્યાસ છોડવો પડેલો. માત્ર સોળ વર્ષની ઉંમરે તેણે એક શિપિંગ કંપનીમાં નોકરી સ્વીકારી લીધેલી. ઈ.સ. ૧૯૦૧માં પિતાના વસિયતનામા પ્રમાણે પૈતૃક મિલ્કતમાંથી એને જે ભાગ મળ્યો તેનાથી તેણે ફરીથી ભણવાનું શરૂ કરેલું. ઓલ્મરોથ રાઈટ સ્કૂલમાં દાખલ થયેલો. અહીં ચિકિત્સાશાસ્ત્રની દરેક શાખામાં એ પ્રથમ નંબરે જ પાસ થયેલો. એણે આ સ્કૂલના બધા પુરસ્કારો જીતેલા. ભણવા ઉપરાંત એ અન્ય પ્રવૃતિઓમાં પણ રસ દાખવતો.

૨૫ વર્ષની ઉંમરે ચિકત્સા સંબંધી શોધો કરવાના કાર્યમાં એણે ઝંપલાવ્યું. આલ્મરોથ રાઈટે તેને તેનો સહાયક બનાવી દીધેલો. રાઈટે તારવ્યું હતું કે,

શરીરમાં દાખલ થતાં જીવાણુંઓને કારણે જ માણસને એનેક જાતના રોગો થાય છે. શ્વેતકણો આ જીવાણુઓનો સામનો કરે છે. પણ જો શ્વેતકણોમાં જીવાણુઓનો સામનો કરવાની ક્ષમતા ના હોય તો ? આ સમસ્યાનો ઉપાય શોધવાની જવાબદારી રાઈટે તીવ્ર બુદ્ધિ ક્ષમતા ધરાવતા ફલેમિંગ પર નાંખી.

પ્રસિદ્ધ રોનાલ્ડ ગ્રેનો ફલેમિંગ પરમ મિત્ર હતો. ગ્રેના પગ પર પડેલું ચાઠું એણે મટાડેલું. ગ્રેની ભલામણથી તેને સેલસિયા આર્ટ ગ્રૂપ.... નો સભ્ય બનાવી દેવાયેલો. તેણે અહીં નિજાનંદ માટે કિટાણુઓનાં રેખાચિત્રો તૈયાર કરવાનું સરૂ કરેલું.

પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળતાં રાઈટની પ્રયોગશાળા ફ્રાન્સના બોલોનમાં લઈ જવામાં આવેલી. અહીં ફ્લેમિંગ એવા તારણ ઉપર પહોંચેલો કે, ''આપણા શરીરમાં કિટાણુઓનો નાશ કરી દેવાનો જો કોઈ મહત્વપૂર્ણ ઉપાય હોય તો તે આપણા સેલ છે'' તેણે જીવાણુ નાશક દવા શોધવાનો સંકલ્પ કર્યો.

ઈ.સ. ૧૯૨૨માં પોતાને થયેલી શરદી ઉપર પ્રયોગો કરીને તેણે જીવાણું સામે રક્ષણ આપી શકે તેવા લાઈસોઝાઈમ નામના પ્રદાર્થની શોધ કરી તેણે સાબિત કરી દીધું કે લાઈસોઝાઈમ આંસુમાં, થૂંકમાં અને સ્નાયુસૂત્રોમાં પણ હોય છે. આ અદભૂત દ્રવ્ય લોહીમાં ભળેલું હોય છે. તેને વિચાર આવ્યો કે શું આ કોઈ બીજે ઠેકાણેથી ના મળી શકે ? તેને સમજાયું હતું કે, ''લાઈસોઝાઈમ કિટાણુનાશક આથો છે. અને લગભગ તમામ જીવાકોશોમાં હાજર હોય છે. કિટાણુઓના નાશ માટેનો આ સર્વોત્તમ કુદરતી ઉપાય છે.''

ઈ.સ. ૧૯૨૮માં તેણે ભૂરા રંગની જંતુનાશક ફૂગ શોધી કાઢી હતી. દેખાવે તે બ્રશ જેવી લાગતી હોવાથી તેણે તેનું નામ પેનિસિલયમ.... આપેલું. પછી તો એ ફૂગ પર સંશોધન કરવામાં લાગી ગયેલો.તેણે આ ફૂગને પ્રવાહી માધ્યમમાં ઉગાડી. તેણે જોયું તો પ્રવાહીમાં બેક્ટેરિયાનો નાશ કરવાની શક્તિ આવી ગઈ હતી. અનેક પ્રયોગો પછી તેણે સ્વતંત્ર કિટાણુનાશક દવા શોધી. આ દવા એટલે




જ 'પેનિસિલિન.'

રોગ પ્રતિકારક શક્તિ ધરાવતી આ અદભૂત દવા 'પેનિસિલિન'ની શોધ કર્યા પછી ૧૭ વરસે તેને 'નોબલ પ્રાઈઝ' આપવામાં આવેલું. ઈંગ્લેન્ડના રાજાએ તેને 'નાઈટ'ની પદવી આપી તેનું સન્માન કરેલું.

અદભૂત ઓષધિ દ્વારા વિશ્વની અનુપમ સેવા કરનાર વૈજ્ઞાનિક ડો. ફલેમિંગ ૧૧ માર્ચ, ૧૯૫૫ના રોજ વિશ્વમાંથી વિદાય થઈ ગયો હતો.





## (૨૬૬)

# ભોળાભાઈ પટેલ

## (૭ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૩૪)

પ્રવાસના શોખીન અને પ્રવાસના વિશદ અનુભવી એવા ભોળાભાઈ પટેલનો જન્મ શિક્ષક પિતા શંકરભાઈને ત્યાં થયેલો. તેમનું વતન મહેસાણા જિલ્લાનું ગામ સોજા. મેટ્રિકની પરીક્ષા પાસ કરીને તેઓ માણસાની આર.બી. એલ.ડી.હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાઈ ગયેલા. અહીં આઠમા ધોરણમાં અભ્યાસ કરતા રઘુવીર ચૌધરી સાથે ભેટો થયેલો. ઈ.સ. ૧૯૫૮ સુધી માણસામાં શિક્ષક તરીકે કામ કર્યા બાદ તેમણે બે વર્ષ અમદાવાદની નૂતન ફેલોશિપ હાઈસ્કૂલમાં સેવા બજાવેલી. ઈ.સ. ૧૯૫૭માં હિન્દી, સંસ્કૃત અને ભારતીય સંસ્કૃતિના વિષયો સાથે તેમણે બનારસ યુનિવર્સિટીમાંથી એક્સટર્નલ વિદ્યાર્થી તરીકે બી.એ.ની પરીક્ષા પાસ કરેલી. ઈ.સ. ૧૯૬૦માં ગુજરાત યુનિવર્સિટીમાંથી હિન્દી-સંસ્કૃત વિષયો સાથે તેમણે એમ.એ. કરેલું. યુનિવર્સિટીમાં હિન્દી વિષયમાં તેઓ પ્રથમ આવેલા. તેઓ ઉમાશંકરભાઈના એમ.એ. ના ગુજરાતી વિષયના પણ વર્ગો ભરતા. તે પછી તેઓ અમદાવાદમાં જ સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કોલેજમાં હિન્દીના અધ્યાપક તરીકે જોડાયેલા. નવ વર્ષની આ સંસ્થની સેવાઓ બાદ ઈ.સ. ૧૯૬૯માં યુનિવર્સિટીના ભાષા સાહિત્યભવનમાં તેઓ હિન્દીના લેક્ચરર તરીકે નિમાયેલા. ઈ.સ. ૧૯૮૦માં તેઓ રીડર બન્યા. ઈ.સ. ૧૯૮૭માં તેઓ પ્રોફેસર અને હિન્દી વિભાગના અધ્યક્ષ થયેલા. ઈ.સ. ૧૯૭૦માં જર્મનભાષાનો ડિપ્લોમા કોર્સ પણ કરેલો. તેમણે હ.કા. આર્ટસ કોલેજમાં જર્મન ભાષાના વર્ગો પણ લીધેલા. તેમણે ડો. અંબાશંકર નાગરના માર્ગદર્શન હેઠળ અજ્ઞેયજી પર સંશોધન કરી ઈ.સ. ૧૯૭૭માં



પી.એચ.ડી.ની પદવી મેળવેલી.

તેઓ બંગાળી ભાષાના પણ જ્ઞાતા હતા. નગીનદાસ પારેખના તેઓ પટ્ટ શિષ્ય હતા. નિરંજનભગત અને ઉમાસંકર જોશી સાથે એમને નિકટનો સંબંધ. નિરંજન ભગત રચિત 'પ્રવાલવદ્વિપ' અને 'બોદલેરનાં નગરકાવ્યો વિશે સંસ્કૃતિ' સામયિકમાં વિવેચન લેખ લખી તેમણે સાહિત્ય જગતમાં પ્રવેશ કરેલો. માત્ર ૨૯ વર્ષની ઉંમરે એક વિવેચક તરીકે તેમણે કાઠું કાઢી દીધેલું. શાંતિનિકેતનની વિશ્વભારતીમાં એ ફેલો તરીકે નિમાયેલા. તેમની પ્રતિભાની તો વાત જ ન પૂછો ! કાલિદાસનું 'મેઘદૂત' આખે આખું એમને મોઢેં હતું. 'વિક્રમોર્વશીયમ' જેવું નાટક હાથમાં પુસ્તક રાખ્યા વગર જ વિદ્યાર્થીઓને તેઓ ભણાવતા.

'વિદિશા' (૧૯૮૦), 'પૂર્વોત્તર' (૧૯૮૧), 'કાંચનજંઘા'(૧૯૮૫), 'રાધે તારા ડુંગરિયા પર' (૧૯૮૭), 'દેવોની ઘાટી'(૧૯૮૯), 'દેવાત્મા હિમાલય'(૧૯૯૦), 'બોલે ઝીણા મોર' (૧૯૯૧), 'શાલભંજિકા'(૧૯૯૨), 'ચૈતર ચમકે ચાંદની' (૧૯૯૬) વગેરે તેમનાં પ્રવાસવર્ણનોનાં જાણીતા પુસ્તકો છે. રખડુપટ્ટીની બાબતમાં તેમને કાકા સાહેબ સાથે સરખાવી શકાય. તેઓ એક કસાયેલા અને કેળવાયેલા વિવેચક પણ છે. 'અધુના', 'ભારતીય ટૂંકી વાર્તા', 'પૂર્વાપર', 'કાલપુરૂષ', 'આધુનિકતા અને ગુજરાતી કવિતા' અને 'સાહિત્ય પરંપરાનો વિસ્તાર' જેવાં પુસ્તકોમાં પહેલાં આસ્વાદક છે, વિવેચક પછી. ૧૯૯૫માં કે.કે. બિરલા ફાઉન્ડેશનની તુલનાત્મક સાહિત્ય માટેની રાષ્ટ્રીય ફેલોશીપ મેળવેલી. રાજ્ય સરકાર અને સાહિત્ય સંસ્થાઓનાં દસેક પારિતોષિકો તેઓ મેળવી ચૂક્યા છે. તેઓ વળતરની અપેક્ષા વિના 'પરબ'નું સંપાદન કરતા રહ્યા છે.

ભોળાભાઈ એક સારા અનુવાદક પણ ખરા. તેમણે અનુવાદનાં બારેક પુસ્તકો આપ્યાં છે. હિન્દી અને ગુજરાતી ભાષાઓ વચ્ચે સંવાદ સાધવા બદલ ઈ.સ. ૧૯૮૮માં ઉત્તરપ્રદેશનો 'સૌહાર્દ પુરસ્કાર' એનાયત થયો હતો. ગુજરાતી

ભાષામાં અસમિયા કવિતાને ઉતારી હતી. કવિ અને નવલકથાકાર સુનિલ ગંગોપાધ્યાયની કૃતિઓને ગુજરાતીમાં લઈ આવવાનું શ્રેય ભોળાભાઈને ફાળે જાય છે. તેઓ 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના મંત્રીપદે પણ રહી ચૂકેલા.

માણસ તરીકે તેઓ માણસાઈથી છલોછલ ભરેલા. ભોળાભાઈ એટલે સ્નેહ અને સૌહાર્દ. નરી સાહિત્યપ્રીતિનું તેઓ પ્રતિક હતા. તેઓ સાહિત્યજગતમાં ખૂબ ખૂબ જાણીતા થયેલા છે.





## (૨૬૭)

# ડો. વાય. સુબ્બારાવ

## (અવસાન : ૮ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૪૮)

ન્યૂયોર્કમાં ભારતીય ઔષધશાસ્ત્રી ડૉ. યેલ્લપ્રગડ સુબ્બારાવે અંતિમ શ્વાસ લીધેલા. તેઓ વિશ્વના વિજ્ઞાન જગતમાં પ્રસિદ્ધિથી અલિપ્ત રહેલા હોવા છતાં અપ્રતિમ બુદ્ધિશાળી હતા. તેમનો જન્મ આંધ્રપ્રદેશના પશ્ચિમ ગોદાવરી પ્રાંતના ભીમાવરમમાં ૧૨, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૮૫માં એક અત્યંત ગરીબ પરિવારમાં થયો હતો. આથી કુંટુંબને આર્થિક રીતે મદદરૂપ થવાની ઈચ્છા એમને બાળપણથી જ જાગેલી. તેમનામાં પ્રછન્નભાવે પડેલી શક્તિઓને એમની માતાએ ઓળખી કાઢેલી. બાળકનો ગણિત પ્રત્યેનો અસામાન્ય લગાવ જોઈ તેમની માએ તેમને ભરપૂર પ્રોત્સાહન આપેલું. જૈવ રસાયણ વિજ્ઞાનમાં અદ્‌ભૂત શોધો કરનાર આ મહાન વૈજ્ઞાનિક આંતરરાષ્ટ્રીય સ્તરે ખાસ જાણીતા થયેલા નહીં.

તેમણે ઔષધવિજ્ઞાનના ક્ષેત્રે જગતને બે અદ્‌ભૂત જીવાણુપ્રતિરોધક દવાઓની ભેટ ધરી છે. એક 'ગ્રામાઈસિડીન' અને બીજી 'ઓરિયોમાઈસિન', 'ટ્રેટાસાઈક્લિન' અને તે પછી શોધાયેલી બીજી જીવાણુ પ્રતિરોધક દવાઓનાં મૂળ 'ઓરિયોમાઈસિન'માં છે. તેમણે હાથીપગાના રોગનાં જંતુઓનો નાશ કરી શકે એવા રસાયણની શોધ કરી હતી. હાથીપગાના રોગને નાથવા આજે ઉપયોગમાં લેવાતી 'ડાઈ ઈથાઈલ કાર્બામાઝિન' નામની દવાની શોધ કરવાનો યશ ડૉ. સુબ્બારાવને ફાળે જાય છે.

લીવરમાં પહેલું ફોલિક એસિડ નામનું તત્વ શોધી કાઢીને તેનું કૃત્રિમ સ્વરૂપ પણ તેમણે જ તૈયાર કરેલું. તેમણે ફોલિક એસિડ પ્રતિરોધક તત્વ શોધી કાઢ્યું

હતું. આ શોધથી કેન્સરની સારવાર પદ્ધિતમાં અદભૂત ક્રાન્તિ આવી છે. બ્લડ કેન્સરમાં વપરાતી 'એમિનેટોરિન' દવાના શોધક પણ ડો. સુબ્બારાવ જ હતા. આજે માનવશરીરમાં ફોસ્ફરસનું પ્રમાણ નક્કી કરવાની 'ફિસ્કે સુબ્બારાવ પદ્ધતિ' તેની સૌ પ્રથમ શોધ તેમણે જ ઈ.સ. ૧૯૨૫ માં કરેલી. આ સમયે તેઓ હાર્વર્ડ મેડિકલ સ્કૂલના ડૉ. સાયરસફિસ્કે સાથે કામ કરતા હતા. સ્નાયુઓમાં ગ્લુકોઝ જે ફોસ્ફોક્રિએટીન અને એડિનોઝાઈન ટ્રાઈફોસ્ફેટ નામના રાસાયણિક કણોની અંદર શક્તિ સ્વરૂપે સંગ્રહિત થાય છે તેવી અદભૂત શોધ તેમણે કરી હતી.

સુબ્બારાવના આ અતિમૂલ્યવાન સંશોધનથી માનવજાતને પીડા આપતા અનેક રોગોને કાબૂમાં કરવાના ઉપાયો શોધાયા છે. આમ છતાં તેમણે પ્રસિદ્ધિથી અળગા રહેવાનો નિર્ણય કરેલો. એમણે ક્યારેય કોઈ પુરસ્કાર કે સન્માનની ઈચ્છા સેવી ન હતી. જંતુવિજ્ઞાનના વિષયમાં એમની બરાબરી કરી શકે એવો વિજ્ઞાની જડવો મુશ્કેલ છે. ટેટ્રાસાઈક્લિન દવાની શોધ કરનાર પણ ડૉ. સુબ્બારાવ જ હતા. એ આપણા માટે ઓછા ગૈરવની વાત નથી.

ભલે તેમણે તેમનું સમગ્ર જીવન વિજ્ઞાનનાં ચરણોમાં સમર્પિત કરી દીધું હોય છતાં પૂર્વજીવનમાં આધ્યાત્મિક સ્પર્શ પામવા માટે તેમણે સંસાર ત્યજી દઈ રામકૃષ્ણ મિશનના સાધુ થવાનો નિર્ણય કરેલો. ત્યારે તેઓ દ્વિધામાં હતા. વિશ્વમાં નામ કાઢવાનું માતાને વચન આપી ચૂકેલા તેઓનું મન વિજ્ઞાન અને અધ્યાત્મના બે માર્ગો વચ્ચે ઝોલાં ખાતું હતું. છેવટે દરિદ્રનારાયણની સેવા એ જ પરમેશ્વરની સેવા છે એમ માની તેઓ તબીબી અભ્યાસ કરવા તૈયાર થયેલા. શરૂઆતમાં મદ્રાસની આયુર્વેદિક કોલેજમાં દાખલ થયા પછી તેઓ છેવટે અભ્યાસ માટે અમેરિકા ચાલ્યા ગયેલા. અમેરિકામાં શરૂઆતમાં હાર્વર્ડ મેડિકલ સ્કૂલમાં કામ કર્યા પછી તેઓ લેડર્લે લેબોરેટરીમાં જોડાઈ ગયેલા. આ જ લેબોરેટરીમાં તેઓ અનેક જીવનરક્ષક દવાઓ શોધવામાં સફળ થયેલા.



૮ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૪૮માં ન્યૂયોર્કમાં ઊંઘમાં જ તેઓ અવસાન પામ્યા હતા. એક અમેરિકન પત્રકારે તેમને શ્રદ્ધાંજલિ આપતા લખેલું કે, '' તમારા સૌનું જીવન આજે જીવતા રહેવું અને સ્વસ્થ રહેવું એ માત્ર ડૉ. સુબ્બારાવને આભારી છે. એ આ પૃથ્વી ઉપર આવ્યા તેથી જ તમે લાંબુ આયુષ્ય ભોગવી શકવા ભાગ્યશાળી બન્યા છો.''





## (૨૬૮)

# જોસેફ કોનરાડ

## (અવસાન : ૯ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૨૪)

૧૮ મી સદીમાં સ્ત્રીઓ માટે ઘરનો ઉંબરો ઓળંગવો એ લોઢાના ચણા ચાવવા કરતાંય અઘરૂં હતું. સ્ત્રીએ ઘરની ચાર દિવાલો વચ્ચે પુત્રી, પત્ની કે મા તરીકેની જિંદગી જીવી જીવન પૂરૂં કરી દેવું પડતું. આવી સંકુચિત સમાજવ્યવસ્થામાં રહીને અત્યંત સુંદર નવલકથાઓનું સર્જન કરનારી લેખિકા હતી જેન ઓસ્ટિન. આવું જ અસામાન્ય વ્યક્તિત્વ હતું નવલકથાકાર જોસફ કોનરડનું. તેનો જન્મ ૩ ડિસેમ્બર, ઈ.સ. ૧૮૫૭ના દિવસે થયો હતો. આમ તો એ હતો ખલાસી. સાત સાગરને ખૂંદી વળેલા આ ખલાસીએ પોતાની સાગરયાત્રાઓ દરમ્યાન જે જોયેલું અને અનુભવેલું તે ગાલ્સવર્ધીની પ્રેરણા અને પ્રોત્સાહનથી કાગળ ઉપર નખશિખ ઉતાર્યું. આમ આ પૉલિશ કથાકાર અંગ્રેજી સાહિત્યમાં આગવું સ્થાન મેળવી ગયો.

રાજકીય કાવાદાવાના ભોગ બનેલાં તેનાં માતાપિતાનું મૃત્યુ થવાથી નિરાધાર બનેલો તેણે પેટિયું રળવા ઘણી નાની ઉંમરે વહાણ ઉપર નોકરી સ્વીકારી લીધેલી. ઈ.સ. ૧૮૭૮નો એ સમય હતો. ઘણા વર્ષોના અનુભવે એ કુશળ ખલાસી બની ગયેલો. તેથી વર્ષો પછી તે નેવીમાં દાખલ થયેલો. વિષમ પરિસ્થિતિઓનો સામનો કરીને એણે દુનિયાના બધા સાગરો ખૂંદી નાખેલા. સાગરયાત્રાની સાથે સાથે તેણે અંગ્રેજી ભાષા શીખવાની શરૂઆત કરેલી. સ્વપ્રયત્ને એણે અંગ્રેજી ઉપર એવું તો પ્રભુત્વ મેળવી લીધેલું કે બધા એની પ્રશંસા કરવા લાગેલા. તેનું લખાણ પણ સચોટ અને વેધક. તેની શૈલી પણ નિખાર પામેલી. તેણે જે લખ્યું તે એવું તો પ્રશંસનીય બન્યું કે પછી તેણે ખલાસી તરીકેની નોકરી છોડી સર્જનમાં જ જીવન



વીતાવ્યું. ખૂબ ટૂંકા ગાળામાં એ એક ખૂબ જ ખ્યાતનામ લેખક તરીકે પંકાઈ ગયો.

'લોર્ડ જીમ', 'હાર્ટ ઓફ ડાર્કનેસ', 'ટાયફૂન', 'નોસ્નોમો વિક્ટરી' વગેરે જેવી તેણે પ્રખ્યાત નવલકથાઓનું સર્જન કર્યું છે. આફ્રિકા અને એશિયાના દેશોનું યુરોપીયનો 'મીશન' ને બહાને જે અત્યાચાર ગુજારાતા અને ઉઘાડી લૂંટ ચલાવાતા તેનું વાસ્તવિક વર્ણન કરેલું છે.

તેની નવલકથાઓ કલ્પનાની નહીં, પણ વાસ્તવિકતાની પૃષ્ઠભૂમિના આધારે રચાયેલી હોવાથી વાચકોને એ રસતરબોળ કરી મૂકે છે. નૌકાઓ ભીષણ તોફાનોમાં સપડાઈ જવી, સાગરનું રૌદ્ર સ્વરૂપ, હૈયું ચીરી નાંખે એવી મેઘ ગર્જનાઓ, જાણે હમણાં જ બાળીને રાખ કરી નાંખશે એવી વિજળીના તેજલિસોટા, ભીષણ અંધકાર, નજર સામે દેખાતું મૃત્યુનુ તાંડવ વગેરે દશ્યોનું એવું જીવંત આલેખન એણે કર્યું છે કે વાચકો રસતરબોળ થયા વિના રહે જ નહીં.

કોનરેડની કલમે અનેક અનુભવ ક્ષેત્રોને તેનાં સર્જનોમાં આવરી લીધાં છે. તેનાં વર્ણનો રોમાંચક છે. તેની નવલકથાઓ દ્વારા યુરોપિયન પ્રજાની શોષણવૃતિ ઉજાગર થાય છે. સાથે સાથે દૂરપૂર્વના દેશો તો પરિચય પણ પ્રાપ્ત થાય છે. એક બિન અંગ્રેજ વ્યક્તિ અંગ્રેજી ભાષામાં આવું ઉત્તમોત્તમ સર્જન કરે એ એક અસામાન્ય ઘટના જ ગણાય. તેણે જે જોયું, અનુભવ્યું તે સત્યને સાથે રાખી આલેખ્યું છે. ૯ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૨૪માં અવસાન પામેલો આ સર્જક અંગ્રેજી સાહિત્યમાં એક સીમાસ્તંભ બની ગયો.



## (૨૬૯)

# રતિકુમાર વ્યાસ

## (૧૦, ઑગષ્ટ, ઇ.સ. ૧૯૨૧)

ગુજરાતના લોકજીવન અને લોકસંસ્કૃતિને ધબકતાં રાખવામાં આપણા લોકસાહિત્યના રચનાકારો અને લોકગાયકોએ બહુમૂલ્ય ફાળો આપ્યો છે. લોકસાહિત્યકાર અને ભજનિક એવા લોકલાડીલા કાગ બાપુનાં ગીતને જેમના કામણગારા કંઠે લોકહૈયે અને લોકહોઠે રમતાં કરનારા ભજનિક રતિકુમાર વ્યાસનું નામ એવા કલાકારોમાં મોખરે છે. રતિકુમાર વ્યાસનો જન્મ ગોંડલ રાજ્યમાં મામા દામોદર લાઘાભાઈને ત્યાં મોસાળમાં ૧, ઑગષ્ટ, ઈ.સ. ૧૯૨૧ ના રોજ માતા શાંતાબહેનની કૂખે થયેલો. તેમના પિતાજીનું નામ ભોળાશંકર પ્રેમજી વ્યાસ હતું. જ્ઞાતિએ વાલમ બ્રાહ્મણ એવા ભોળાશંકર અમદાવાદમાં આવીને વસેલા. અમદાવાદમાં તેઓ વનિતા વિશ્રામના પ્રાથમિક વિભાગમાં આચાર્ય તરીકે સેવાઓ આપતા. એટલે રતિકુમારનો ઉછેર અમદાવાદમાં થયેલો. તેમણે રાષ્ટ્રીયશાળામાં મેટ્રિક સુધી શિક્ષણ લીધેલું.

પિતાની ઈચ્છા રતિકુમારને ગાયક કલાકાર બનાવવાની હતી. પિતાની ઈચ્છાને સાકાર કરવા તેઓ મેટ્રિક થયા પછી કૉલેજમાં દાખલ થવાને બદલે મુંબઈ જઈ તે સમયના જાણીતા સંગીતકાર નારાયણરાવની ‘વ્યાસ એકડેમી ઑફ મ્યુઝિક’ માં જોડાઈ ગયેલા. ત્રણ વર્ષ સુધી આ સંસ્થામાં તેમણે શાસ્ત્રીય સંગીતની તાલીમ લીધેલી. તે પછી તેઓ મુંબઈની જ ગોકળીબાઈ હાઈસ્કૂલમાં સંગીતશિક્ષક તરીકે જોડાઈ ગયેલા. તે પછી તેમણે ૭, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૪૧ ના રોજ આકાશવાણી મુંબઈ ખાતે પ્રથમ કાર્યક્રમ રજૂ કરેલો. તેમના કાર્યક્રમની સૌ પ્રથમ રેકર્ડ ‘યંગ ઈન્ડિઆ ગ્રામોફોન કંપની’ એ બનાવેલી.



રતિકુમારે કાગબાપુના ગીતોને પોતાનાં કામણગારા કંઠે મઢીને આખા કાઠિયાવાડમાં જાણીતાં કરેલાં. કાગબાપુના સાહિત્યને પૂર્ણતઃ સમર્પિત થઈ ગયેલા તેમના આ પટ્ટશિષ્યને તેમના અવસાન બાદ, બાપુના જન્મસ્થાન મજાદાર ખાતે તેમનાં પરિવારજનોને પરમ રામાયણી શ્રી મોરારીબાપુના હસ્તે ‘લોકસાહિત્ય એવોર્ડ’ અર્પણ કરવામાં આવ્યો છે.

તેમની ગાયકીથી અંજાઈ ગયેલા ચંદુલાલ શાહે એમને ફિલ્મક્ષેત્રમાં પગપેસારો કરાવેલો. પછી તેમણે શિક્ષકની નોકરી છોડેલી. સૌ પ્રથમ ‘વહઝમાના’ નામના હિંદી ચલચિત્રમાં તેમણે બે ગીતો ગાયેલાં. એ પછી એમનો સિતારો ચમકી ગયેલો. એક પછી એક એમ અનેક ફિલ્મોમાં ગાવાની તક એમને મળતી રહેલી. તેમણે ‘જોગીદાસ ખુમાણ’, ‘મૂળુ માણેક’, ‘કાદુ મકરાણી’, ‘જેસલ તોરલ’, ‘હોથલ પદમણી’, ‘નરસૈયાની હૂંડી’, ‘વીર રામવાળો’, ‘સત્યવાન સાવિત્રી’, ‘જીવણો જુગારી’ તેમજ ‘વાલા તારા દેશમાં ડંકો’ જેવી ફિલ્મોમાં ગીતો ગાયેલાં. ઉપરાંત નાના-મોટા રોલ પણ કરેલા.

ઈ.સ. ૧૯૪૦ માં લોકસાહિત્યકાર ગોકુળદાસ રાયચુરાના સુવર્ણજયંતિ મહોત્સવ પ્રસંગે એમનો પરિચય કાગબાપુ સાથે થયેલાં. બસ, ત્યારથી તેમણે કાગબાપુની કંઠી પહેરી લીધેલી અને તેમને ગુરુ તરીકે સ્વીકારી લીધેલા. પછી તો લોકગાયક તરીકે એમની કીર્તિ સમગ્ર ગુજરાતમાં પ્રસરી ચૂકેલી. કવિ ન્હાનાલાલના નાટક ‘ગોપિકા’ માં એમણે જોબનપગીની ભૂમિકા ભજવેલી અને સંગીત નિર્દેશન પણ કરેલું. આ નાટક લોકજીભે ખૂબ પ્રશંસા પામેલું અને અનેક શૉ થયેલા. એમની કલાની કદર રૂપે જામનગરનાં રાજમાતા ગુલાબકુંવરબાએ એમને સુવર્ણચંદ્રક અર્પણ કરેલો.

એ પછી તેઓ મુંબઈના ‘પિપલ્સ થિયેટર’ સાથે જોડાયેલા. તેમણે એ સંસ્થાનાં નાટકોમાં જશવંતઠાકર, બલરાજ સહાની અને ચાંપશીભાઈ નાગડા જેવા કલાકારો સાથે ધૂમ મચાવેલી. ‘અલ્લાબેલી’ નાટકમાં એમણે ગાયેલાં ગીતો ત્યારે

લોકજીભે રમતાં થઈ ગયેલાં.

ઈ.સ. ૧૯૪૪ માં તેમણે ગોંડલના રેલવે સ્ટેશન માસ્તર દેવશંકરની દીકરી ચંદ્રિકાબહેન સાથે લગ્ન કરેલાં. લગ્ન પછી તરત જ તેઓ ભારતનાં વિવિધ શહેરોની કલાત્રાએ ઊપડી ગયેલા. પછી મુંબઈ છોડી તેઓ અમદાવાદ આવી ગયેલા અને લોકસંગીતના કાર્યક્રમો શરૂ કરેલા. આઝાદી પછી ભાવનગરના મહારાજા સ્વ.શ્રી કૃષ્ણકુમાર સિંહજીની નિમણૂંક મદ્રાસ પ્રાંતના ગવર્નર તરીકે થયેલી. તેમના નિમંત્રણથી રતિકુમારે મદ્રાસ, મૈસૂર, બેંગ્લોર, કલિકટ, કોચીન, ઊટી, પાંડિચેરી વગેરે સ્થળોમાં વસવાટ કરતાં ગુજરાતીઓ સામે લોકસંગીતના કાર્યક્રમો રજૂ કરેલા. તેમણે દુનિયાના અનેક દેશોમાં વસતા ગુજરાતીઓને પોતાના કાર્યક્રમો દ્વારા લોકગીતો અને લોકસંસ્કૃતિનો પરિચય કરાવેલો. પંડિત જવાહરલાલ નહેરૂએ વિદેશી મહેમાનોને રાજી કરવા અનેકવાર તેમને ખાસ દિલ્હી તેડાવેલા. ગુજરાત રાજ્યની સ્થાપનાના ઉદ્‌ઘાટન સમારંભમાં તેમણે ‘ધન્ય ધન્ય ગુજરાત રાજ્ય’ ગીત ગાઈને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધેલા.

વડોદરાની ‘ત્રિવેણી’ સંસ્થાએ તેમને ‘ગુજરાતના શ્રેષ્ઠ સંગીતકાર’ નું બિરુદ આપેલું. તેમની ઉજ્જવળ કારકિર્દી દરમ્યાન એંશીથી પણ વધીરે ગ્રામોફોન રેકર્ડસ બહાર પડેલી. કાગબાપુએ તેમના વિષે કહ્યું હતું : ‘‘ રતિકુમારના કંઠમાં ઈશ્વરે કળાનો ફુલગુલાબી કટકો ગોઠવ્યો છે. રતિયલ જેટલો મને મારો (રામ) પુત્ર પણ વ્હાલો નથી. ખરેખર, હું એને મારો વારસદાર જ સમજું છું.’’ જે જમાનામાં લોકસમાજમાં લોકસાહિત્ય અને લોકસંગીતની જરા પણ જાણકારી ન હોતી ત્યારે તેમણે લોકસંગીતની હાટડીઓ માંડેલી.

લોકસાહિત્ય અને લોકસંગીતના આવા વરવા ભેખધારી રતિકુમાર વ્યાસ ૧૨, મે, ઈ.સ. ૧૯૯૦ ના રોજ અમરધામના પંથે પ્રયાણ કરી ગયેલા. આજે ભલે આપણી વચ્ચે હયાત નથી, છતાં એમની રચનાઓ દ્વારા તેઓ આપણી વચ્ચે હયાત હોય એવો અહેસાસ થયા વગર રહેતો નથી.





## (૨૭૦)

# મેડમ બ્લેવેટ્સ્કી

## (૧૧, ઑગષ્ટ, ઇ.સ. ૧૮૩૧)

ભારતમાં થિઓસોફિકલ સોસાયટીના આધ્યસ્થાપકોમાંના એક વિદ્વાન સન્નારી મેડમ બ્લેવેટ્સ્કીનો જન્મ રશિયામાં ૧૧, ઑગષ્ટ, ઈ.સ. ૧૮૩૧ ના રોજ થયો હતો. તેમનું પૂરું નામ હેલેના પેટ્રોવના બ્લેવેટ્સ્કી હતું. ભારતમાં સમાજસુધારણના એક ભાગ રૂપે તેમણે ધાર્મિક આંદોલન ચલાવેલું. નાની ઉંમરથી જ આ વિદ્‌ષી સન્નારીને કુદરતની કોઈક દિવ્ય ચેતનાનો અણસાર આવી ગયેલો. નિષ્ટકપટ અને નિષ્કલંક એવું ચારિત્ર્યવાન જીવન જીવતાં આ સન્નારી તેમની અલૌકિક શક્તિને લીધે શ્રીમંતવર્ગમાં પણ માનપાત્ર થયેલાં. તેમનામાં એવી કોઈક ગૂઢ શક્તિનો સંચાર થયો હતો કે પોલીસ ખાતું પણ ગુનાઓનો ભેદ ઉકેલવા એમની સલાહ મેળવતું.

ગૂઢ વિદ્યાની આ દેવીએ અમેરીકામાં થિઓસોફિકલ સોસાયટીની સ્થાપના કરેલી. આ સંસ્થાનું એક મથક તેમણે ભારતમાં પણ ઊભું કરેલું. તેમણે ઈ.સ. ૧૮૪૮ માં સત્તર વર્ષની ઉંમરે તેમનાથી ઉંમરમાં ઘણાં મોટા એવા લશ્કરી જનરલ બ્લેવેટ્સ્કી સાથે લગ્ન કરી લીધેલાં. પણ આ લગ્ન સફળ થયેલાં નહીં. તેઓ થોડા સમયમાં જ પતિથી છૂટાછાડા લઈ અલગ થઈ ગયેલાં. પતિથી છૂટા પડ્યા પછી તેઓ ઈજિપ્તના પ્રવાસે ચાલ્યાં ગયેલાં. ત્યાં તેમનો પરિચય એક જૈફ વયના જાદુગર સાથે થયેલો. એ જાદુગર પાસેથી જાદુવિદ્યાનું જ્ઞાન તેમણે મેળવલું અને તેઓ જાદું કરતાં શીખેલાં.

બાળપણથી જ સેવાભાવનાને વરેલાં તેઓ દીનજનોની વેદનાઓ પ્રત્યે અપાર સહાનુભૂતિ ધરાવતાં હતાં. મેન્ટાનાના યુદ્ધમાં એ ગેરીબાલ્ડી અને યુરેપીયન

સ્ત્રીઓ સાથે સેવા કરવા માટે સવ્યંસેવિકા તરીકે યુદ્ધમોરચે પહોંચી ગયેલાં. સેવાકાર્ય દરમ્યાન તેઓ અકસ્માતમાં એક ખાઈમાં ગબડી ગયેલાં. બેભાન થઈ ગયેલા. તેમને મૃત્યુ પામેલાં માનીને સાથી સ્વયંસેવકોએ તેમને ઊંચકીને બહાર કાઢેલાં. આ અકસ્માતમાં તેમના ડાબા હાથે બે જગાએ ફેક્ચર થઈ ગયેલું. તેમના જમણા ખભામાં અને પગમાં બંદૂકની ગોળીઓ ઊંડે સુધી ખૂંપી ગઈ હતી. તેઓ ગંભીર રીતે ઘાયલ થઈ ગયેલાં. છાતીના ભાગે પણ ઊંડો ઘા થયેલો. લોહી ઘણું વહી ગયું હતું છતાં સમયસરની સારવારથી એ બચી ગયેલાં. આમ છતાં તેઓ જરા પણ હિંમત હારેલાં નહીં. પોતાના દુઃખને પી જઈને ફરીવાર ધીરજ અને હિંમતથી સેવાકાર્યમાં લાગી ગયેલાં. મૃત્યુનો ડર એમનો વાળ પણ વાળી શકેલો નહીં.

તેમના જીવનમાં એક ન માની શકાય કે ન કલ્પી શકાય એવી અદ્‌ભુત ઘટના બનેલી. ઈ.સ. ૧૮૫૧ માં તેઓ લંડન જઈ રહ્યાં હતાં ત્યારે એક અતિભવ્ય અને કદાવર વ્યક્તિનો ઓછાયો તેમની સામે આવેલો. જાણે એમને એમનો તારણહાર મળી ગયો હોય! એમને એ ઓછાયો જોઈ એવું લાગેલું કે નાનપણમાં એ વ્યક્તિને એમણે જાણે જોઈ હતી. તેમણે એ ઘટનાને કુદરતનો સંકેત માનીને સ્વીકારી લીધેલી. એ અદૃશ્ય ઓછાયો એમનો સહબર બની ગયેલો. તેની આજ્ઞા મુજબ બ્લેવેટ્સ્કીએ બે વાર તિબેટની સરહદમાં પ્રવેશ કરવાની કોશિશ કરેલી. પણ તેમાં તેમને સફળતા મળેલી નહીં. તેમને એ ઓછાયા વિશે જાણવાની ઉત્કંઠા જાગી. તેમણે પેરિસમાં જઈને 'પ્રેતવહન' મંડળનો સંપર્ક પણ સાધેલો. તેમનામાં કોઈ દિવ્યશક્તિનો આવિર્ભાવ થયેલો. એ અલૌકિક શક્તિના બળે તેઓ પોતાના દેશમાં રહી અનેક ચમત્કારો બતાવવા લાગેલાં. એમની એ શક્તિ ઉત્તરોત્તર વિકાસ પામતી ગયેલી. એ શક્તિના પ્રતાપે તેમણે માનવીઓમાં રહેલાં પ્રચ્છન્ન પરિબળોને ઉપયોગ લેવાનું કૌશલ્ય કેળવી લીધેલું. એ શક્તિના બળે આખરે તેઓ તિબેટ પહોંચવામાં સફળ થયેલાં.




એ અદૃશ્ય મહાપુરુષના ઓછાયાના આદેશ મુજબ જ તેઓ ઈ.સ. ૧૮૭૩ માં અમેરીકા ગયેલાં અને બે વર્ષ પછી 'થિઓસોફિકલ સોસાયટી' ની સ્થાપના કરેલી. તેમણે સોળ વર્ષ સુધી એ સંસ્થાના સેક્રેટરી તરીકે પરજ બજાવેલી. તેમણે તેમના અનુભવોને આધારે 'આઈસીસ અનવેઈલ્ડ' નામનું એક પુસ્તક પણ લખેલું, જે અમેરીકામાં ખૂબ ખ્યાતિ પામ્યું હતું.

ભારત પ્રત્યે તેમને પહેલેથી જ આકર્ષણ હતું. તેથી તેઓ ઈ.સ. ૧૮૭૯ માં ભારતના મુંબઈ બંદરે ઉતરેલાં. મુંબઈમાં એમણે થિઓસોફિકલ સેન્ટર ઊભુ કરેલું. એ સંસ્થાના નેજા હેઠળ તેમણે 'થિઓસોફિસ્ટ' નામનું મુખપત્ર શરૂ કરેલું, જે આજે પણ પ્રગટ થતું રહ્યું છે. તેમને ભારતમાં ભગવાન ગૌતમબુદ્ધે ફેલાવેલા બૌદ્ધ ધર્મમાં પૂર્ણ આસ્થા હતી. બૌદ્ધ ધર્મના અભ્યાસ માટે તેઓ શ્રીલંકા પણ જઈ આવેલાં અને પંચશીલનું વ્રત ધારણ કરેલું. તે પછી તેમણે મદ્રાસ (ચેન્નઈ) માં આઘાર ખાતે સોસાયટીનું મુખ્ય મથક સ્થાપ્યું અને ત્યાંથી સમગ્ર ભારતમાં થિઓસોફિનો પ્રચાર કરેલો.

લગભગ ૬૦ વર્ષની ઉંમરે તેમની તબિયત લથડેલી. તેથી સારવાર માટે ઈ.સ. ૧૮૮૫ માં તેઓ યુરોપ ચાલ્યાં ગયેલાં. અહીંથી તેમણે 'સિક્રેટ ડૉક્ટ્રિન' નામનું પુસ્તક બે ભાગમાં પ્રસિદ્ધ કરાવેલું. આખરે આ અલૌકિક દેવી ૮, મે, ઈ.સ. ૧૮૯૧ ના રોજ લંડન ખાતે અવસાન પામેલાં.

●





## (૨૭૧)

# ડો. વિક્રમ સારાભાઈ

## (૧૨ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૧૯)

પ્રખર વૈજ્ઞાનિક, સ્વપ્રદૃષ્ટા શિક્ષક, જાણીતા ઉદ્યોગપતિ અને કર્મઠ કર્મયોગી એવા ડૉ. વિક્રમ સારાભાઈનો જન્મ ગુજરાતના તે સમયના પાટનગર અમદાવાદમાં અંબાલાલ અને સરલાદેવીના ધનિક અને પ્રતિષ્ઠિત કુટુંબમાં ૧૨ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૧૯ના રોજ થયો હતો. કવિવર રવીન્દ્રનાથ ટાગોરે તેમના વિશે ભવિષ્યવાણી ઉચ્ચારતાં ભાખેલું કે, આ બાળક ભવિષ્યમાં ખૂબ જ યશ પ્રાપ્ત કરશે.

વૈજ્ઞાનિક સંશોધન જેવાં વિવિધ ક્ષેત્રોમાં દેશમાં સ્થાપેલી આંતરરાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓનો જોટો જડવો મુશ્કેલ છે. જનહિતાર્થે તેમણે કરેલાં કાર્યો ઉડીને આંખે વળગે તેવાં હતાં. વિજ્ઞાનને કલા અને પ્રકૃતિ સાથે તેમણે અદભૂત રીતે જોડી દીધું હતું.

સમાજસેવાના સંસ્કારો તો એમને માતાના દૂધમાંથી મળેલા. મેડમ મોન્ટેસરીના શિક્ષણ વિષયક વિચારોથી પ્રભાવિત થઈ તેમણે તેમના બંગલામાં 'ધ રિટ્રીટ' શાળા શરૂ કરી હતી. સંપૂર્ણ સ્વસ્થતા સાથે ચાલતી આ શાળામાં જાણીતા શિક્ષકો ભણાવવા આવતા. માતાપિતાની હૂંફ અને યોગ્ય માર્ગદર્શન આ સંસ્થાના પાયામાં હતાં. આવા મુક્ત વાતાવરણમાં પાંચ બહેનો સાથે તેમનો ઉછેર થયેલો.

એ સમયે મહાત્મા ગાંધી, જવાહરલાલ, સરોજિની નાયડુ, સરદાર પટેલ, સર પી.વી. રામન વગેરે જેવા નેતાઓ અમદાવાદ આવતા ત્યારે સારાભાઈને ત્યાં મહેમાનગતિ અચૂક કરતા.

વિજ્ઞાનપ્રત્યેની તેમની અભિરૂચિ જોઈ તેમના ઘરમાં એક વર્કશોપ તથા ભૌતિક



અને રસાયણશાસ્ત્રની પ્રયોગશાળાઓ ઉભી કરવામાં આવ્યાં હતાં. આર.સી. ટેકનીકલ હાઈસ્કૂલમાંથી તેમણે મેટ્રિકની પરીક્ષા પાસ કરી હતી. ગુજરાત કોલેજમાં ઈન્ટર સાયન્સ સુધીનો અભ્યાસ કર્યા પછી તેઓ ઈંગ્લેન્ડ જઈ કેમ્બ્રિજની સેંટ જોન્સ કોલેજમાં દાખલ થયા હતા. કોલેજમાં ખૂબ જ હોંશિયાર વિદ્યાર્થી તરીકે તેમની ગણના થતી. પણ બીજું વિશ્વયુદ્ધ શરૂ થતાં તેમને પરત આવવું પડ્યું હતું. ભારત આવી તેઓ બેંગ્લોરની જાણીતી સંસ્થા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સમાં જોડાઈ નોબેલ પારિતોષિક વિજેતા સર ચંદ્રશેખર રામનના માર્ગદર્શન હેઠળ અભ્યાસ કરવા લાગ્યા. તેમણે અહીં 'બ્રહ્મ કિરણો'- કોસ્મિક રેઝ વિષયમાં સંશોધન હાથ ધર્યું હતું. તેમણે આ વિષયના સંશોધન માટેનાં આવશ્યક ઉપકરણો જાતે બનાવ્યાં હતાં.

આ સંસ્થામાં અભ્યાસ અને સંશોધન દરમ્યાન તેઓ ડૉ. હોમી ભાભા અને વિશ્વપ્રસિદ્ધ નૃત્યકલાકાર કુમારી મૃણાલિની સ્વામીનાથનના સંપર્કમાં આવેલા. ડૉ. વિક્રમ હોમી ભાભાનો વિશેષ આદર કરતા હતા. મૃણાલિની સાથેનો પરિચય આખરે લગ્નમાં પરિણમ્યો હતો. દરમ્યાન તેમનો પરિચય બીજા એક સમર્થ વૈજ્ઞાનિક ડૉ. રામનાથન સાથે થયો. ડૉ. વિક્રમભાઈ એ અમદાવાદમાં ભૌતિકશાસ્ત્રના સંશોધન માટેની એક સંસ્થા સ્થાપીને ડૉ. રામનાથનને તેના નિયામક બનાવેલા.

બીજા વિશ્વયુદ્ધનો અતં આવતાં ડૉ. વિક્રમ ફરી કેમ્બ્રિજ જઈ તેમનું અધૂરૂં રહેલું પી.એચ.ડી. પૂર્ણ કરવામાં લાગી ગયા. ઈ.સ. ૧૯૪૭માં તેમણે 'કોસ્મિક રેઝ' વિષયમાં પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી હતી. ત્યારે તેમની ઉંમર માત્ર ૨૮ વર્ષની હતી. ભારત આવીને તેમને વિજ્ઞાન વિષયક અનુસંધાન માટેની સંસ્થા 'ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી-પીઆરએલ' સ્થાપી હતી. જે આજે પણ કાર્યરત છે. આ રીતે ઈ.સ. ૧૯૪૭થી એક વૈજ્ઞાનિક તરીકે એમણે તેમની કામગીરી આરંભી હતી.

સ્વતંત્રતા બાદ તેમણે રાષ્ટ્રના વિકાસની પ્રવૃતિઓમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમણે માત્ર ૨૪ વર્ષના સમયગાળામાં પાંત્રીસથી વધુ સંસ્થાઓની સ્થાપના કરી હતી. તેઓ દેશને વિકસિત દેશોની હરોળમાં ઊભો કરી આત્મનિર્ભર બનાવવા માંગતા હતા. આ સ્વપ્નને સાકાર કરવા તેમણે વિવિધ ક્ષેત્રોને લગતી તાલીમી સંસ્થાઓ પણ સ્થાપી હતી.

ડૉ. વિક્રમ સારાભાઈ દાનવીર પણ ખરા. તેમણે સ્થાપેલ પીઆરએલની મુલાકાત લેવા ઘણા વિદેશી વૈજ્ઞાનિકો ભારત આવવા લાગ્યા. તેમને તેમના કાર્યમાં અમદાવાદના જાણીતા ઉદ્યોગપતિ કસ્તુરભાઈ લાલભાઈનો સંપૂર્ણ સહકાર સાંપડ્યો હતો. પરિણામે પીઆરએલ આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક સંશોધન માટેનું મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહ્યું.

ઈ.સ. ૧૯૫૭માં સોવિયેત રશિયાએ કૃત્રિમ ઉપગ્રહ તરતો મૂક્યા પછી ડૉ. વિક્રમ સારાભાઈએ ઈ.સ. ૧૯૬૦માં ભારત સરકાર સમક્ષ અવકાશ કાર્યક્રમ હાથ ધરવાની દરખાસ્ત રજૂ કરી. આ અંગે સરકારે ડૉ. હોમી ભાભાનો અભિપ્રાય માગેલો. તેમની દરખાસ્તનો સ્વીકાર થયા પછી ઈ.સ. ૧૯૬૨માં 'ઈન્ડિયન નેશનલ કમિટી ફોર સ્પેશ રિસર્ચ' ની સ્થાપના ભારત સરકારે કરેલી. ડૉ. વિક્રમને સરકારે આ કમિટીના અધ્યક્ષ બનાવેલા. ભારતીય અવકાશ કાર્યક્રમના કેન્દ્ર તરીકે પીઆરએલની પસંદગી થઈ હતી. ૨૧ નવેમ્બર, ૧૯૬૩ના રોજ ભારતની ધરતી ઉપરથી સફળતાપૂર્વક પ્રથમ રોકેડ છોડવામાં આવ્યું હતું. આ જ વર્ષે 'થુમ્બા' મથક કાર્યરત થયું.

ડૉ. વિક્રમ સારાભાઈએ થુમ્બા નજીક તિરુવનન્તપુરમમાં 'સ્પેશ સાયન્સ એન્ડ ટેકનોલોજિ સેન્ટર' નામની સંસ્થા સ્થાપી. ઈ.સ. ૧૯૬૭માં અમદાવાદમાં 'એક્સપેરિમેન્ટલ સેટેલાઈટ કમ્યુનિકેશન અર્થ સેન્ટર' ની સ્થાપના કરવામાં આવી. ત્યાર બાદ ચેન્નાઈ ખાતે શ્રી હરિકાંટા નામના સ્થળે 'શ્રી હરિકોટા રેન્જ' નામની સંસ્થા ડૉ. વિક્રમભાઈએ ઊભી કરી.



ઈ.સ. ૧૯૬૯માં ભારતીય અવકાશ સંશોધન સંસ્થા ઈન્ડિયન સ્પેશ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) ની સ્થાપના કરવામાં આવી. જેના અધ્યક્ષ તરીકે ભારત સરકારે ડૉ. વિક્રમભાઈ પર પસંદગી ઉતારી. તેમણે શિક્ષણ માટેની ટેલિવિઝન યોજના 'સેટેલાઈટ ઈન્સ્ટ્રકશનલ ટેલિવિઝન એક્સપરિમેન્ટ' અમલમાં મૂકી હતી.

ડૉ. હોમી ભાભાનું અકસ્માતમાં અવસાન થયા બાદ ભારત સરકારે તેમને અણુશક્તિપંચના અધ્યક્ષ બનાવેલા. તેમણે 'ન્યૂક્લિયર સેન્ટર ફોર એગ્રીકલ્ચર' નામની સંસ્થા પણ સ્થાપી હતી. કલકત્તામાં આવેલી 'વેરિયેબલ એનર્જી સાયક્લોટ્રોન પ્રોજેક્ટ' તથા 'ફાસ્ટ બ્રિડર રિએટ્કટર,' કલ્પક્કમ એ વિક્રમભાઈના અથાગ પ્રયત્નોથી ઊભી થયેલી સંસ્થાઓ છે. તેમણે હૈદરાબાદમાં 'ઈલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા'ની સ્થાપના પણ કરી હતી. ઈ.સ. ૧૯૬૮માં સંયુક્ત રાષ્ટ્રસંઘના ઉપક્રમે યોજાયેલી આંતરરાષ્ટ્રીય પરિષદ ઓસ્ટ્રિયાના વિયેના શહેરમાં ભરાયેલી ત્યારે તેના અધ્યક્ષ તરીકે ડૉ. વિક્રમભાઈની પસંદગી કરવામાં આવી હતી. આજે અમદાવાદમાં વિવિધ વિષયોની જેટલી સંસ્થાઓ છે તેટલી ભારતના બીજા કોઈ શહેરમાં ભાગ્યે જ હશે.

ડૉ. વિક્રમભાઈનું જીવન એક સ્પર્ધા સમાન હતું. તેમને માટે કોઈ કામ અશક્ય ન હતું. તેઓ ખરા અર્થમાં એક કર્મયોગી અને જનસેવક હતા. તેઓ પોતે જ એક સંસ્થા સમાન વિરાટ વ્યક્તિત્વ ધરાવતા હતા. તેમના માનવીય અભિગમે જ તેમને માનવશ્રેષ્ઠ બનાવ્યા હતા. તેમનાં પત્નીએ સ્થાપેલી 'દર્પણ' સંસ્થા વિશ્વવિખ્યાત બની ચૂકી છે. પત્નીના વિદેશના કાર્યક્રમોમાં ડૉ. વિક્રમ અચૂક હાજર રહેતા. એટલું જ નહીં તેઓ સ્ટેજનું સંચાલન પણ કરતા. તેમને બે સંતાનો છે. પુત્ર કાર્તિકેય અને પુત્રી મલ્લિકા.

ભારત અને વિશ્વના પ્રખર વૈજ્ઞાનિક અને અદના લોકસેવક ૩૦ ડિસેમ્બર,

ઈ..સ. ૧૯૭૧ના રોજ થુમ્બા રોકેટ મથકની નજીક આવેલા કોવાલમની મુલાકાતે ગયેલા ત્યારે હૃદયરોગનો હુમલો થતાં તેમનું અકાળે અવસાન થયું હતું. તેમની અચાનક વિદાયથી ભારત અને વિશ્વના વિજ્ઞાન જગતને ભારે ખોટ પડી છે. ઉમાશંકર જોશીએ તેમને શ્રદ્ધાંજલિ આપતા કહેલું કે, દીકરો જાય ત્યારે ભારતમાતા રડે એવી વ્યક્તિ વિક્રમભાઈ બન્યા. આપણા દેશમાં જે કંઈ ઉત્તમ છે એના પ્રતિક સમાન એ હતા. તેમના એકેક કાર્ય દ્વારા આપણા દેશની શાન વધી છે. ભારતવર્ષને ઉત્તમતાની કક્ષાએ મૂકીને તેઓ વિદાય થયા છે.





## (૨૭૨)

# એલફ્રિડ હિચકોક

## (૧૩ ઓગસ્ટ, ઈ.સ. ૧૮૯૯)

ફારૂકા, દોસ્તએવ્સ્કી અને પો જેવી સનસનાટીનો ચિત્રસર્જક એલફ્રિડ હિચકોક લેટનસ્ટન, ઈસેક્સમાં ૧૩ ઓગસ્ટ, ઈ.સ. ૧૮૯૯ના રોજ જન્મ્યો હતો. રંગભૂમિના ચાહક એવા આ કલાકારે એલ્ફિજે જેસ્યૂઈટ સ્કૂલમાંથી શિક્ષણ લીધેલું. લંડન યુનિવર્સિટીમાં કલા અને ઈજનેરી વિદ્યામાં નિપુણતા પ્રાપ્ત કરી તે ફિલ્મ જગતમાં મહાન દિગ્દર્શક બની ગયેલો. કેમેરાનો આ કસબી કલાકાર કચકડામાં અદભૂત દશ્યો મઢવામાં પાવરધો હતો.

અભ્યાસ કરતો હતો ત્યારથી જ એ કલા પ્રત્યે આકર્ષાયેલો. તે હેનલી ટેલિગ્રાફ કંપનીમાં કામ કરી જીવનનિર્વાહ કરી લેતો. એ કંપનીમાં તેને જાહેરાત વિભાગમાં બઢતી આપવામાં આવેલી. તેણે બનાવેલી ઈલેક્ટ્રીક કલબો માટેની જાહેરાતનો નિપુણતતા એ તેની ફિલ્મ કારકિર્દીનું પહેલું પગથિયું. તે સતત ફિલ્મી સામયિકોનો ઊંડો અભ્યાસ કરી, ચલચિત્રના નિર્માણનું ટેક્નિકલ જ્ઞાન મેળવતો. પાછળથી પેરેમાઉન્ટ પિકચર્સ તરીકે જાણીતી બનેલી ફિલ્મ કંપની પ્લોયર્સ લાસ્કીની એક શાખા લંડનની ઈસ્લિન્ટનમાં ખુલી રહી છે એવું એના જાણવામાં આવતાં તેણે ટાઈટલનાં કાર્ડઝની અનેક ડિઝાઈનો તૈયાર કરીને એ કંપનીને મોકલાવેલાં. એનાં કાર્ડઝની ડિઝાઈનોથી ખુશ થઈને એ કંપનીએ ટાઈટલ ડિપાર્ટમેન્ટના વડા તરીરે એની નિમણૂંક કરેલી. તે પટકથાના લેખકો સાથે ચર્ચા કરીને ઉત્તમ ટાઈટલ ચિત્રો બનાવતો. થોડાક જ સમયમાં કંપનીએ હિચકોકની પ્રતિભા પારખીને તેને એડિટર તરીકે બઢતી આપેલી.

માઈકલ બાલ્કન અને વિક્ટર સેવિલ્લેએ તેમની ફિલ્મ ‘વુમન ટુ વુમન’

માટે સહ નિર્દેશક બનાવેલો. હિચકોકે એ ફિલ્મની કથા લખેલી અને ચિત્રાંકન પણ કરેલું. એની બુદ્ધિપ્રતિભાથી આકર્ષાયેલા એ બે નિર્માતાઓએ કલા નિર્દેશનનું કામ સોંપેલું. કલાનિર્દેશન વિભાગમાં જ કામ કરતી કથા લેખિકા અને એડિટર આલ્મા હેવિલ્લે સાથે ઈ.સ. ૧૯૨૬માં તેમણે લગ્ન કરેલું. તે પછી માલ્કમ બાલ્કને હિચકોકને 'ધ પ્લેઝર ગાર્ડન' ફિલ્મનું સ્વતંત્ર દિગ્દર્શન કરવાનું સોંપેલું. એ ફિલ્મનું આઉટડોર શુટિંગ ઈટલીમાં થયેલું. આ ફિલ્મ વિવેચકોની દૃષ્ટિએ ખૂબ સફળ નીવડેલી. લંડનમાં ડેઈલી એક્પ્રેસે તેને પ્રગલ્ભ બુદ્ધિપ્રતિભા ધરાવનાર યુવાન તરીકે બિરદાવેલો. 'ધ માઉન્ટેન ઈગલ' તેની બીજી ફિલ્મ હતી. શ્રીમતી બેબ્લોક લોન્ડર્સની  નવલકથા પરથી બનેલી 'ધ લોજર' તેની ત્રીજી ખૂબ વખણાયેલી ફિલ્મ હતી. ફિલ્મ વિવેચકોએ એ ફિલ્મને 'કદી ન બની હોય એવી બ્રિટીશ ફિલ્મ' તરીકે વધાવી લીધેલી.


આવી અણધારી સફળતા મેળવ્યા પછી હિચકોક માઈકલ બાલ્કનથી છેડો ફાડી બી.આઈ.પી. સાથે જોડાઈ ગયેલો. આ કંપનીએ તેની પહેલી ફિલ્મ 'ધ રિંગ' બનાવેલી. હિચકોકની પહેલી બોલતી ફિલ્મ હતી 'બ્લેક મેલ' એ ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપરહીટ નીવડેલી. તે પછી તેની 'એલસ્ટ્રી કોનિંગ', 'જૂનો એન્ડ ધ પીકોક', 'મર્ડર', 'ધ સ્કીન ગેમ', 'રિચ એન્ડ સ્ટ્રેન્જ' અને 'નંબર સેવન્ટીન' આવેલી અને સફળ થયેલી. તેની ઘણી ફિલ્મોમાં તેની પત્ની આલ્મા રેવિલ્લેએ પટકથા-લેખિકા તરીકે કામ કરેલું. તેની ફિલ્મોનું મુખ્ય તત્વ હતું રહસ્ય. ઉત્તેજના અને ભયથી ભરપૂર દૃશ્યો જોઈ પ્રેક્ષકો દંગ રહી જતા.

તેની 'ધ સિક્રેટ એજન્ટ' ફિલ્મ સમરસેટ મોમની નલલકથા પરથી નિર્માણ પામેલી. 'ધ લેડી વેનિશીઝ' ફિલ્મે હિચકોકને શ્રેષ્ઠ દિગ્દર્શક તરીકે નામના અપાવેલી. તેની અમેરિકન ફિલ્મ 'રેબેક્કા' વર્ષની સર્વશ્રેષ્ઠ ફિલ્મ સાબિત થયેલી. તેની કેટલીક ફિલ્મોએ તો ઓસ્કાર એવોર્ડ પણ મેળવેલા. 'રેબેક્કા', 'લાઈફબોટ', 'સ્પેલ બાઉન્ડ', 'રીઅર વિન્ડો', અને 'સાઈકો' જેવી ફિલ્મોનું



દિગ્દર્શન કરવા બદલ હિચકોકે પાંચ વખત શ્રેષ્ઠ દિગ્દર્શક તરીકેના ઈનામો જીતેલાં. ઈ.સ. ૧૯૬૮માં 'ધ મોશન પિકચર્સ એકેડમી ઑફ આર્ટ એન્ડ સાયન્સીઝ' તરફથી ઈરવિંગ થાલબર્ગ એવોર્ડ તેની ફિલ્મ 'સિકિઓ' માટે તેને એનાયત થયેલો. તેની આ સિદ્ધિ બદલ કોલંબિયા યુનિવર્સિટીએ માનદ્ ડોક્ટરેટની પદવી આપેલી. આન્ટા ક્લારા યુનિવર્સિટીએ પણ તેને માનદ્ 'ડોક્ટરેટ ઑફ ફાઈન આર્ટ એટ કોમેન્સમેન્ટ એક્સરસાઈસીઝ એટ ધ યુનિવર્સિટી ઑફ કેલિફોર્નિયા' પદવી આપેલી. ઈ.સ. ૧૯૭૨માં 'એ સિલ વી.ડી. મીલ્લે એવોર્ડ' મેળવેલો. રોઝાલિંડ રસેલે તેને 'ધ મોશન પિક્ચર ઈન્ડસ્ટ્રી' નું સભ્યપદ આપેલું. ફ્રાન્સની સરકારે તેને ઈ.સ. ૧૯૬૯માં 'ઑફિસર ઑફ આર્ટસ એન્ડ લેટર્સ એવોર્ડ' એનાયત કરેલો. ઈ.સ. ૧૯૭૧માં તેને બ્રિટીશ એકેડેમીની ફેલોશીપ મળેલી.

હિચકોક દસ્તાવેજી ચિત્રો બનાવવા માટે પણ જાણીતો હતો. વળી, તેણે જાસૂસ કથા અને રહસ્ય કથાનાં સંખ્યાબંધ પુસ્તકો લખ્યાં છે જેના ઈટાલિયન, ફ્રેન્ચ, સ્પેનિશ વગેરે ભાષાઓમાં અનુવાદો થયા છે. આજે પણ ફિલ્મ મહોત્સવોમાં તેની ફિલ્મો દર્શાવાય છે.



# (૨૭૩)
# જહોન ગાલ્સવર્ધી
## (૧૪ ઓગસ્ટ, ઈ.સ. ૧૮૬૭)

નાટકો, નવલિકાઓ અને નવલકથાઓના સર્જન દ્વારા ઈંગ્લેન્ડમાં સાહિત્યકાર તરીકે જાણીતા બનેલા જહોન ગાલ્સવર્ધીનો જન્મ પૈસે ટકે સુખી એવા સોલિસિટરના ઘરમાં ૧૪ ઓગસ્ટ, ઈ.સ. ૧૮૬૭ના રોજ થયો હતો. ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાંથી બેરિસ્ટર થવા છતાં તેમને વકીલાતનો વ્યવસાય પસંદ પડતો ન હતો. તેથી તેઓ સાહિત્ય સર્જન તરફ વળ્યા. તેઓ એડાના ગળાડૂબ પ્રેમમાં પડેલા. એડાએ તેના પતિથી છૂટાછેડા લીધા પછી તેમણે એડા સાથે લગ્ન કરેલાં. ગાલ્સવર્ધીને સાહિત્યસર્જનની દિશા દેખાડવામાં એડાનો મહત્વનો ફાળો રહ્યો છે. તેમનું દામ્પત્યજીવન અતિશય સુખમય હતું. પત્નીનાં પ્રેરણા અને પ્રોત્સાહનથી હાથમાં કલમ ઉપાડી તેમણે ‘સ્ટ્રાઈફ’, ‘જસ્ટિસ’ અને ‘સિલ્વર બોક્સ’ જેવાં નાટકો લખેલાં. વળી, ‘ક્વૉલિટી’ જેવી વાર્તાઓ અને ‘ફોર્સાઈટ’ પરિવાર વિશે નવલકથાઓનું સર્જન કરીને તેમણે ઈ.સ. ૧૯૩૨માં ‘નોબેલ પારિતોષિક’ મેળવેલું.

‘ફોર્સાઈટ’ પરિવાર પર લખાયેલી તેમની નવલકથા શ્રેણીમાં તત્કાલીન ઈંગ્લેન્ડના મધ્યમવર્ગની સમાજવ્યવસ્થા, આર્થિક પરિસ્થિતિ અને પીડાયેલી મનોદશાનું હૂબહુ ચિત્રાંકન રજૂ કરાયું છે. તે સમયની ‘માલિકીપણા’ની ભાવનાના દુર્ગુણને છતી કરતી તેમની નવલકથાનો સોમ્સ ફોર્સાઈટ તેની વર્ષોથી ઝંખેલી પ્રિયતમા આઈરીનને પરણ્યો ત્યારે તેને માટે તે અતિસુંદર સ્ત્રી પોતાની માલિકીની છે એવો વિચાર એને ખૂબ આનંદ અને સંતોષ આપતો. અહીં સોમ્સને તેની પત્ની આઈરીન પ્રત્યે નિઃસ્વાર્થ, પવિત્ર અને સમર્પિત પ્રેમ ન હતો. તે આઈરીનને



એક ભૌતિક ઉપભોગની ચીજ માનતો. આથી જ કદાચ, આઈરીનને આર્કિટેક ફિલિપ બોઝી સાથે પ્રેમ સ્ફૂર્યો હશે. ‘ધ વ્હાઈટ મંકી’, ‘ધ સિલ્વર સ્પૂન’, અને ‘સ્વોન સોંગ’માં પણ આજ વિચાર લંબાયો છે.

ગાલ્સવર્ધીની નવલકથા ‘એ મેન ઓફ પ્રોપર્ટી’ ઈ.સ. ૧૯૦૬માં પ્રસિદ્ધ થયેલી. આ નવલકથાથી તેઓ ઈંગ્લેન્ડમાં એક વિશિષ્ટ સાહિત્યકાર તરીકે જાણીતા થયેલા. એ અગાઉ તેમણે કેટલીક વાર્તાઓ ‘જોન સીન જોન’ ના ઉપનામથી લખેલી. તેમનાં નાટકો મનોરંજનની સાથે કોઈને કોઈ વિશિષ્ટ સંદેશો આપે છે. તેમના ‘જસ્ટીસ’ નાટકમાં કેદીને અંધારી કોટડીના એકાંતમાં કેદ કરી રાખવાના ગેરલાભો એટલી તીવ્રતાથી આલેખેલા કે ઈંગ્લેન્ડની પાર્લામેન્ટમાં પણ એની ચર્ચા થયેલી. ‘સ્ટ્રાઈક’ નાટકમાં તેમણે મિલકામદારોની લાગણી અને સમસ્યાઓને વાચા આપી છે. નાટકકાર ઉપરાંત ધારાશાસ્ત્રીના નાતે પ્રજાને મુશ્કેલીઓમાંથી પાર પામવાના ઉપાયો પણ સૂચવતા.

પાછળથી એમણે એમના સર્જનમાં માનસશાસ્ત્રીય અભિગમ દાખવેલો. યુદ્ધને આવરી લેતી કૃતિઓ તેમના હાથે સર્જાતી ગઈ. આજે અનેક કારણોને લઈ તેની કૃતિઓ વંચાતી નથી. મહત્વનું કારણ સમયના અભાવનું અને સાહિત્ય પ્રત્યેની વિમુખતાનું છે. છતાં પણ તેમની ‘સાગા’ નવલકથા વાંચશો તો આજથી દોઢ સદી પહેલાંનુ ઈંગ્લેન્ડ તમારા માનસપટ પર તરવરવા લાગશે.

વીતી ગયેલાં એકસો પચ્ચીસ વર્ષ પહેલાં ઈંગ્લેન્ડને કીર્તિ અપાવનારા પણ સાહિત્ય સર્જકોમાં એચ.જી. વેલ્સ અને આર્નોલ્ડ બેનેટની સાથે ગાલ્સવર્ધીના નામનો પણ સમાવેશ થતો હતો. સાહિત્ય દ્વારા સમાજની સમસ્યાઓનું વિવેચન કરી ઈંગ્લેન્ડની પ્રજાને જાગૃત રાખનાર આ સાહિત્યકાર ૩૧ જાન્યુઆરી, ઈ.સ. ૧૯૩૩ના રોજ આખરી શ્વાસ લઈ પૃથ્વી પરથી વિદાય થઈ ગયેલા.



## (૨૭૪)

# ખાલિદા ઝિયા

## (૧૫ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૪૫)

બાંગ્લાદેશની સ્વતંત્રતા બાદ ત્રેવીસ વર્ષના ઈતિહાસમાં દેશનાં સૌપ્રથમ મહિલા વડાપ્રધાન બનવાનો યશ પ્રાપ્ત કરનાર જનરલ ઝિયા ઉર રહેમાનનાં વિધવા બેગમ ખાલિદા ઝિયાનો જન્મ ૧૫ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૪૫ના રોજનો આખલી મુકામે થયો હતો. તેમના પતિ ઈ.સ. ૧૯૮૧માં બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ હતા. બેગમ ખાલિદાએ વડાપ્રધાન પદના શપથ સમારોહ પછી બાંગ્લાદેશમાં આદર્શ લોકશાહી સ્થાપવાની તેમની વચનબદ્ધતા વ્યક્ત કરી હતી. વળી તેમણે ચૂંટણી પ્રચાર દરમ્યાન પ્રજાને આપેલાં વચનો પૂરાં કરવાની પણ ખાત્રી આપી હતી.

બાંગ્લાદેશમાં પ્રમુખશાહી શાસનપદ્ધતિ છે. સંસદની પ્રથમ વખત મુક્ત રીતે યોજાયેલી ચૂંટણીમાં બેગમ ખાલિદા ઝિયાની નેતાગીરી હેઠળની બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીને એકસો ચાળીસથી વધુ બેઠકો ઉપર વિજય મળતાં પક્ષના નેતા ખાલિદા ઝિયાએ બાંગ્લાદેશના નવમા વડાપ્રધાન તરીકે સોગંદ લીધેલા.

બાંગ્લાદેશમાં ઈ.સ. ૧૯૭૭માં બળવા બાદ થયેલા સત્તાપલટામાં જનરલ ઝિયા ઉલ રહેમાને પ્રમુખપદે બેસી સત્તા હસ્તગત કરી લીધી હતી. ખાલિદા સેકન્ડરી સ્કૂલમાં અભ્યાસ કરતા હતાં ત્યારે ફક્ત સોળ વર્ષની ઉંમરે તેમનાં લગ્ન લશ્કરી અફસર બનેલા ફૂટડા યુવાન એવા જનરલ ઝિયા ઉર રહેમાન સાથે થઈ ગયેલાં. તેઓ બાંગ્લાદેશના પ્રમુખનાં બેગમ હોવા છતાં સાર્વજનિક કાર્યક્રમોમાં ભાગ્યે જ જોવા મળતાં. તેઓ ઝિયા ઉર રહેમાન સાથે કદી વિદેશના પ્રવાસે પણ ગયેલાં ન હતાં. એક પ્રમુખની પત્ની હોવા છતાં રાજકારણથી તેઓ



હંમેશા દૂર રહેલા. જનરલ ઝિયા પૈસા મેળવવા સત્તાનો દુરુપયોગ ક્યારેય કરતા ન હતા. તેમનાં બેગમ અને સંતાનોને ઢાકાના લશ્કરી છાવણી વિસ્તારમાં ફાળવવામાં આવેલા સરકારી મકાનમાં જ રહેવું પડતું હતું.

જનરલ ઝિયા ઉર રહેમાને ૧૯૭૭થી ૧૯૮૧ એમ ચાર વર્ષ જેટલો સમય બાંગ્લાદેશમાં શાસન કરેલું. આટલા ટૂંકાગાળામાં તેમની સામે વીસ વખત લશ્કરી બળવા થયેલા. છતાં સદનસીબે તેઓ બચી જતા હતા. પણ આખરે, ૩૦ મે, ઈ.સ. ૧૯૮૧ના રોજ ચિંતગોંગમાં થયેલ બળવોંએ એમનો જીવ લઈ લીધેલો.

તેઓ જ્યારે હયાત હતા ત્યારથી જ તેમણે ‘બાંગ્લાદેશ નેશનલ પાર્ટી’ ની સ્થાપના કરી હતી. પતિના મૃત્યુ પછી બેગમ ખાલિદા રાજકારણમાં ધીમે ધીમે સક્રિય થતાં ગયેલાં. પાર્ટીના એક ગણમાન્ય નેતા તરીકે તેમણે તેમના વ્યક્તિત્વને સ્થાપિત કરી દીધેલું. ઈ.સ. ૧૯૮૬ના મે માસમાં ખાલિદા ઝિયાએ જનરલ હુસૈન મોહમ્મદ ઈરશા હતા. આપખુદી અને ભ્રષ્ટાચારી શાસન વિરૂદ્ધ રણશિંગુ ફૂંકીને બાંગ્લાદેશની પ્રજાને હડતાલનો આદેશ આપેલો. બાંગ્લાદેશની પ્રજાની નૈતિક હિંમત વધારવામાં ખાલિદા ઝિયાએ મહત્વનો ભાગ ભજવેલો.


બંગાળની પ્રજામાં ખાલિદાએ ચેતનાની ચિનગારી ફૂંકેલી. ૧૯૯૦માં આ ચિનગારી રંગ લાવેલી. એ વર્ષ બાંગ્લાદેશમાં જનરલ ઝિયાની આપખુદી અને ભ્રષ્ટાચારી શાસન વ્યવસ્થા સામે પ્રજાએ જોરદાર જનઆંદોલન કરેલું. આખરે, જનરલ ઈરશાદને પ્રજાની તાકાતનો સ્વીકાર કરીને રાજીનામું આપવાની ફરજ પડેલી. રાજકીય સમીકરણોની ઉથલપાથલ સમયે બેગમ ખાલિદા ઝિયા મધ્યમવર્ગની તરફેણ કરતા નાના-મોટા સાત પક્ષોના સમર્થનવાળી ‘નેશનાલીસ્ટ પાર્ટી’ નાં સર્વમાન્ય નેતા બની ચૂક્યાં હતાં.

બાંગ્લાદેશમાં પ્રથમવાર મુક્ત ચૂંટણીની જાહેરાત તયેલી. પિસ્તાળીસ વર્ષનાં મોડર્ન ફિલ્મ અભિનેત્રીનેય શરમાવે એવું લાવણ્ય ધરાવતાં બે પુત્રોની માતા બની ચૂકેલાં વિધવા બેગમ ખાલિદા જિયાની તરફેણમાં સહાનુભૂતિનો સાગર

હિલોળા લેવા લાગેલો. શહેરીવસ્તી અને યુવાનોમાં તેમણે ખાસ્સી લોકચાહના હાંસલ કરી લીધી હતી. તેમની જાહેરસભા હોય ત્યાં જાણે માનવમહેરામણ ગાજી ઉઠતો. તેમના પતિ એક પ્રામાણિક શાસક હતા તે પણ તેમને માટે એક જમા પાસું હતું. તેમનો હરીફ પક્ષ બાંગ્લાદેશના સૌથી વધુ લોકપ્રિય નેતા સ્વ. શેખ મુજીબુર રહેમાનની દીકરી શેખ હસીના વાજેદના નેતૃત્વ હેઠળની ‘અવામી લીગ પાર્ટી.’

એ ચૂંટણીમાં સામ સામા બંન્ને પક્ષે નેતાગીરી મહિલાઓના હાથમાં હતી. બંન્ને યુવાન મહિલાઓ હતી. ચૂંટણીમાં બાંગ્લાદેશમાં પ્રથમવાર વિક્રમજનક ૬૫ ટકા જેટલું જંગી મતદાન થયેલું. એ ચૂંટણીમાં બેગમ ખાલિદા પાંચ બેઠકો પરથી ચૂંટણી લડેલાં અને પાંચેય બેઠકો પર વિજય મેળવેલો. આ ચૂંટણીમાં તેમણે બહુમતી હાંસલ કરેલી અને તેઓ બાંગ્લાદેશના નવમાં વડાપ્રધાનપદે નિયુક્ત થયેલાં.





## (૨૭૫)

# પુષ્કર ચંદરવાકર

**(અવસાન : ૧૬ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૯૫)**

ગુજરાતી સાહિત્યના સફળ લોકસાહિત્યકાર, નવલકથાકાર, નવલિકાકાર, એકાંકીકાર અને સંશોધક પુષ્કરભાઈ ચંદરવાકરનો જન્મ અમદવાદ જિલ્લાના ચંદાવર ગામે ઈ.સ. ૧૯૨૧માં પિતા પ્રભાશંકરભાઈના ઘરમાં થયો હતો. બોટાદ અને લીમડીની પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ લીધા પછી તેમણે અમદાવાદ કોલેજમાંથી ઈ.સ. ૧૯૪૪માં બી.એ.ની પદવી મેળવેલી. ઈ.સ. ૧૯૪૬માં તેઓએ એમ.એ. કરેલું. તે પછી તેમણે અમદાવાદની એલ.ડી. કોમર્સ કોલેજ, બી.ડી. આર્ટસ કોલેજ અને સૌરાષ્ટ્રની જુદી જુદી કોલેજોમાં અધ્યાપન કાર્ય કરેલું. ઈ.સ. ૧૯૬૯થી ઈ.સ. ૧૯૭૬ દરમ્યાન તેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં લોકસંસ્કૃતિ અને ચારણી સાહિત્યના રીડર રહેલા. તે પછી તેમણે તેમના વતનના ગામ ચંદરવામાં ‘લોકાયતન’ નામની સંસ્થાની સ્થાપના કરેલ અને તેઓ તેના નિયામકપદે રહેલા.

તેમણે પ્રાદેશિક વાતાવરણને રજૂ કરતી વાર્તાઓના ‘બાંધણી’, ‘અંતરદીપ’ અને ‘શુકનવંતી’ જેવા વાર્તાસંગ્રહો ગુજરાતી સાહિત્યને ભેટ ધર્યા છે. તેઓ પ્રાદેશિક નવલકથાકાર તરીકે જાણીતા હતા. લોકબોલીમાં લખાયેલી તેમની પંદરેક નવલકથાઓ પ્રગટ થઈ ચૂકી છે. આ નવલકથાઓમાં ‘રાંકના રતન’, ‘નંદવાયેલાં હૈયાં’, ‘ભવની કમાણી’, ‘ઝાંઝવાનાં નીર’, ‘રાંક હૈયાનાં’ વગેરેનો સમાવેશ થાય છે. તેમની નવલકથાઓ જીવનની વાસ્તિવકતાનું દર્શન કરાવનારી બની રહી છે. લોકજીવનના ધબકારને એમણે એમની કૃતિઓમાં ઝીલ્યા છે. એમની કૃતિઓ પ્રત્યક્ષ અનુભવોને આધારે આલેખાઈ હોય એવું લાગ્યા વગર

રહેતું નથી.


તેમણે 'પિયરનો પડોશી', 'યજ્ઞ', 'મહિના ઓવારે', અને 'સહકાર' જેવા એકાંકી સંગ્રહો પણ આપ્યા છે. તેમનાં પાત્રો પ્રાદેશિક લોકબોલી બોલે છે. તેમણે શાળામાં ભજવી શકાય એવાં સ્ત્રીપાત્ર વગરનો 'રંગલીલા' નામનો એકાંકી સંગ્રહ ઈ.સ. ૧૯૫૭માં સંપાદિત કર્યો હતો.

લોકસંસ્કૃતિ અને લોકસાહિત્યનાં ક્ષેત્રોમાં ચંદાવરકરનું પ્રદાન ઉલ્લેખનીય છે. લોકસાહિત્યના પિતા ગણાતા ઝવેરચંદ મેઘાણી પછી લોકસાહિત્યનું સંશોધન કરનારા કદાચ ચંદાવરકર પહેલા જ હશે ! વિવેચન ક્ષેત્રે પણ તેઓ પાછળ રહ્યા નથી. 'ધરતી ફોરે ફોરે', 'રસામૃત', અને 'લોકામૃત' જેવા વિવેચન સંગ્રહો તેમણે આપ્યા છે. તેમના તમામ સાહિત્ય પ્રકારોમાં ગામડું અને ગ્રામ્ય સંસ્કૃતિ કેન્દ્રમાં રહેલાં છે. તેમના લોકવાર્તા નામના ગ્રંથમાં તેમણે લોકવાર્તાના સ્વરૂપ અને લક્ષણોની વિગતે ચર્ચા કરી છે. 'પઢાર : એક અધ્યન' નામના તેમના ગ્રંથમાં પઢાર જાતિના લોકજીવન, રીતરિવાજ, ઉત્સવો, સામાજિક વ્યવહારો અને તે જ્ઞાતિની સંસ્કૃતિની વિગતે ચર્ચા કરવામાં આવી છે. 'ખેતરનો ખેડ્', 'સાંપ્યાં તુજને શીશ', અને 'ઓખા મંડળની લોકકથાઓ' જેવા લોકવાર્તા સંગ્રહોમાં તેમણે લોકમુખે સાંભળેલી લોકકથાઓને સંપાદિત કરી છે. કિશોરો માટેની લોકઘડતર કથા માળાની શ્રેણી પણ તેમણે સંપાદિત કરેલી છે. ભારતના જુદા જુદા પ્રદેશોમાં ગવાતાં લોકગીતોનું સંપાદન કરી તે લોકગીતોનો તેમણે રસાસ્વાદ કરાવ્યો છે. બાળકથાઓ અને કિશોર કથાઓના લેખક તરીકે પણ તેઓ જાણીતા છે.

તેમણે અપાર લોકસાહિત્યનો સંગ્રહ કરેલો છે. એમાંનુ ઘણું બધું પ્રગટ થયા વગરનું છે. તેમને તેમની સાહિત્ય સેવાઓના સંદર્ભમાં ઈ.સ. ૧૯૪૫માં 'કુમાર ચંદ્રક' અર્પણ કરવામાં આવેલો. આવો ઉત્તમ લોકસાહિત્યકાર ૧૬ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૯૫ના રોજ ગુર્જરધરા પરથી હંમેશ માટે વિદાય થઈ ગયેલો.

●





## (૨૭૯)

# દયાનંદ સરસ્વતી

## (૧૭ ઓગસ્ટ, ઈ.સ. ૧૮૨૪)

ભારતમાં સામાજિક સુધારાનો પવન ફૂંકાયો હતો તે સમયે સૌરાષ્ટ્રના મોરબી પાસે આવેલા ટંકારા નામના ગામમાં જીવાપુરા મહોલ્લામાં રહેતા ઔદિચ્ય બ્રાહ્મણ કરસનદાસ ત્રવાડીને ઘેર ઈ.સ. ૧૮૨૪ના ઓગસ્ટ માસની સત્તરમી તારીખે દયાનંદ સરસ્વતીનો જન્મ થયો હતો. તેમનાં માતાનું નામ અમરત બહેન હતું. તેમના પિતા મોરબી રજવાડામાં ફોજદાર હતા. દયાનંદનું નાનપણનું નામ મૂળશંકર હતું. નાનપણથી જ તેજસ્વી એવા મૂળશંકરે માત્ર સોળ વર્ષની ઉંમરે યજુર્વેદ સંહિતા અને વેદોની રૂચાઓ મોંઢે કરી લીધી.

એકવાર શિવરાત્રિના દિવસે ગામના, શિવમંદિરમાં જાગરણ કરવા ગયેલા તેમણે શિવલિંગ પર ઉંદરો દોડતાં જોયા અને મૂર્તિપૂજા પરની તેમની આસ્થા ડગી ગઈ. તેમનામાં બાળપણથી જ વૈરાગ્યનાં લક્ષણો દેખાવાં લાગ્યાં હતાં. તેથી તેમના પિતાજીએ તેમનાં લગ્ન કરાવી દેવાની તૈયારીઓ કરવા માંડી. આ વાત મૂળશંકરને કાને પડતાં જ ૧૯ વર્ષની ઉંમરે તેઓ ઘરછોડીને ભાગી નીકળ્યા.

ઘેરથી ચાલી નીકળ્યા પછી સાયલા ભગતના આશ્રમને જઈ એક બ્રહ્મચારી પાસેથી મૂળશંકરે બ્રહ્મચર્યનું વ્રત લઈ ચૈતન્ય નામ ધારણ કર્યું. એકવાર તેમના પિતા તેમને સિદ્ધપુરથી પાછા પકડી લાવેલા. પણ સંસારથી અલિપ્ત રહેવા ઈચ્છતા એ જીવે ફરીવાર ગૃહત્યાગ કર્યો અને વડોદરાના ચેતનમઠમાં આશરો લીધો. ચાણોદ કરનાળી તપોભૂમિમાં પડાવ નાખી પડેલા અને દ્વારિકાની યાત્રાએ જતા પૂર્ણાનંદ સ્વામીએ શાસ્ત્રોક્ત વિધિથી સંન્યાસ આપ્યો. તેમને સ્વામી પૂર્ણાનંદે

'દયાનંદ' સરસ્વતી એવું નામ આપ્યું. અહીં ચાણોદમાં તેમણે સ્વામી યોગાનંદ પાસેથી યોગવિદ્યા શીખી. વળી, સિનોરના શ્રી કૃષ્ણશંકર પાસે રહી સંસ્કૃત વ્યાકરણ સિદ્ધહસ્ત કર્યું.

જ્ઞાન મેળવવા તેમણ આખું ભારત ખૂંદી નાંખ્યું. યોગ અને શાસ્ત્રોના અભ્યાસ માટે તેમણ નર્મદા કિનારો, હિમાલયનાં શિખરો, આશ્રમો, મંદિરો, તીર્થધામો અને કુંભમેળાઓ ખૂંદી નાંખ્યા હતા. રાત-દિવસની રખડપટ્ટી પછી તેમણે ઈ.સ. ૧૮૬૦માં પ્રકાંડ પંડિત પ્રજ્ઞાચક્ષુ વિરજાનંદ સરસ્વતીની વૈદિક પાઠશાળામાં આશ્રય લીધો હતો.

ગુરુ વિરજાનંદ સાથે ત્રણ વર્ષ જ્ઞાન મેળવ્યા પછી જ્યારે વિદાય લેવાનો સમય આવ્યો ત્યારે દયાનંદે ગુરુને ગમતાં એવાં અડધાં શેર લવિંગ ગુરુ દક્ષિણામાં આપ્યાં. ત્યારે ગુરુજીએ બીજી અમૂલ્ય દક્ષિણાની ઈચ્છા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, '' આર્ય જ્ઞાન વિલીન થઈ રહ્યું છે. સંપ્રદાયો, ભ્રમણાઓ અને અંધવિશ્વાસોથી હિંદું ધર્મ અને સમાજ સડી રહ્યો છે. દયાનંદ, ઉઠો, સાંપ્રદાયિક પાખંડોનું ઉન્મૂલન એ જ મારી ખરી ગુરુ દક્ષિણા છે.''

ભારતભ્રમણ દરમ્યાન થયેલા દારૂણ અનુભવોના પરિણામરૂપે સમાજ સુધારણા અને દેશોદ્ધાર માટે તેમણે દઢસંકલ્પ કર્યો. તેઓ કહેતા, '' મંદિરો પાછળ વપરાતું ધન પાઠશાળાઓ પાછળ વપરાવું જોઈએ. મંદિરોમાં શાળાઓ ઊભી કરો. દેશના ગરીબો માટે રોજગારી ઊભી કરો.'' ઈ.સ. ૧૮૬૯માં કાશીના વિદ્વાન પંડિતો પણ દગા સાથે શાસ્ત્રાર્થ પડતો મૂકીને ચાલ્યા ગયેલા. આવી અદભૂત હતી તેમની વિદ્વતા.

મૂર્તિપૂજાના વિરોધી એવા દયાનંદ સરસ્વતીને અનૂપ શહેરમાં એક ક્રોધી બ્રાહ્મણે પાનમાં ઝેર ખવડાવેલું. પાન ચાવતાં જ સ્વામીજીને જાણ થઈ ગઈ. ગંગા કિનારે જઈ યોગક્રિયાથી તેમણે ઉલ્ટી કરી દીધી અને તેઓ બચી ગયેલા. તહસીલદાર પેલા બ્રાહ્મણને પકડી સ્વામી પાસે લઈ આવ્યો ત્યારે અપાર કરૂણા



સાથે સ્વામીજીએ કહ્યું હતું કે, ''હું તો મનુષ્યોને બંધનમુક્ત કરવા અવતર્યો છું. તેણે કોઈ પાપ કર્યું નથી. તેને મુક્ત કરી દો.''

પરિભ્રમણ દરમ્યાન બિહાર-બંગાળમાં તેઓ કેશવચંદ્ર સેન, રવીન્દ્રનાથ ટાગોર, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, ચંદ્રશેખર સેન તથા સત્યવ્રત સમશ્રામીના પરિચયમાં આવ્યા હતા.

તેમણે ઈ.સ. ૧૮૭૫માં મુંબઈમાં આર્યસમાજ નામની સંસ્થા સ્થાપી હતી. તેમણે ભારતની પ્રજાને 'વેદ તરફ પાછા વળો' નું સૂત્ર આપ્યું હતું. તેઓ સત્ય, પરોપકાર અને જ્ઞાનને હિંદુ ધર્મના ત્રણ પાયા ગણાવતા હતા. તેમણે દેશમાં અનેક ઠેકાણે 'આર્ય સમાજ' ની સ્થાપના કરી સમાજ સુધારણાની પ્રવૃતિ આરંભી હતી. 'સત્યાર્થ પ્રકાશ' નામના તેમના મુખપત્રમાં તેમના સુધારા વિષયક વ્યાખ્યાને પ્રસિદ્ધ થતાં હતાં.

અવિરત પરિભ્રમણને પરિણામે ઈ.સ. ૧૮૮૩માં તેમને ન્યૂમોનિયા થઈ ગયો. એમની નસેનસમાં ઝેર ફેલાઈ ગયું હતું. તેમના વિરોધીઓએ તેમને ખોરાકમાં ઝેર આપી દીધું હતું. અંતે ૫૯ વર્ષના આ હિંદું સમાજ સુધારક ૩૦ ઓક્ટોબર, ઈ.સ ૧૮૮૩ના રોજ અજમેરના મલૂસર સ્મશાનગૃહમાં વેદોક્તમંત્રો વચ્ચે હંમેશને માટે ચિરનિદ્રામાં પોઢી ગયા.

તેઓ ભલે આજે આપણી વચ્ચે નથી પણ અશ્પૃશ્યતા નિવારણ, વિધવા પુનર્લગ્ન, આંતરજાતીય લગ્ન જેવી સમાજ સુધારણાની પ્રવૃતિઓ દ્વારા સનાતન કાળ માટે જીવતા રહેશે.



## (૨૭૭)

# દયારામ

## (૧૮ ઓગસ્ટ, ઈ.સ. ૧૭૭૭)

બંસીબોલના કવિ તરીકે જાણીતા થયેલા ગુજરાતની ગરબીના મહાસમ્રાટ દયારામનો જન્મ વડોદરા જિલ્લાના ચાંદોદ ગામે થયો હતો. તેમનું વતન પ્રસિદ્ધ ઐતિહાસિક નગર ડભોઈ હતું. તેમના પિતાનું નામ પ્રભુરામ હતું અને માતાનું નામ રાજકોર. નાનપણમાં તેઓ ખૂબ જ તોફાની અને રખડુ સ્વભાવના હતા. ગામને પાદરે બેસી જતી-આવતી સ્ત્રીઓને પજવવામાં એમને અનેરો આનંદ આવતો. પ્રભુએ એમને ઉત્તમ કંઠની ભેટ આપેલી. એ એટલું સરસ ગાતા કે સાંભળનારા દંગ થઈ જતા.

બાળપણથી આડોદરા નાગરજ્ઞાતિમાં ઉછરેલા દયારામ વૈષ્ણવ ધર્મના સંસ્કાર રસાયેલા હતા. બાર વર્ષની ઉંમરે માતાપિતા દેવ થયેલાં. સગાંઓએ ઉછેરી મોટા કરેલા. ભજન ગાવાનો ખૂબ શોખ. કંઠ પણ મધુર અને કામણગારો. ભજનો ગાતાં ગાતાં પોતે પણ ગરબીઓની રચના કરતા થઈ ગયેલા. વીસ વર્ષ સુધીની ઉંમર રખડવામાં જ વીતેલી. વરગાણીવેડા એમને બહુ આવડે. ભણતરને નામે મીડું. તેમનું મોસાળ ડભોઈ. ડભોઈ ચાલીને જવાનું. એકવાર મોસાળ જતાં રસ્તામાં સંઘ લઈને જતા વૈષ્ણવ આચાર્ય ઈચ્છારામ ભટ્ટજીનો મેળાપ થઈ ગયો. ભટ્ટજી દયારામની ગાયકીથી ખુશ થઈ ગયેલા. તેમણે તેમને ભજનો ગાવા સાથે લઈ લીધા. તેમણે દયારામને શ્રીકૃષ્ણશરણંમમ નું મંત્રદાન કર્યું અને ભજનો લખવા તથા તીર્થયાત્રા કરવાની પ્રેરણા આપી.

દયારામે પણ ત્રણવાર ભારતના ધર્મસ્થાનોની યાત્રા કરીને સેતુબંધ રામેશ્વરજીને ગંગોદક ચઢાવેલું. ભારતયાત્રા દરમ્યાન તેમને અનેક અનુભવો



થયા અને તેમનું જીવન ઘડતર થયું. ભારતભ્રમણ કરવાને લઈ તેમને અનેક ભાષાઓનો પરિચય થયો. પછી તો બસ એક શ્રીકૃષ્ણના નામની જ રઢ લાગી ગયેલી. કહે છે કે વ્રજમાં એમને રાસલીલાનાં દર્શન થયેલાં. કાશીવિશ્વનાથના લિંગમાં તેમને હરિહરનો સાક્ષાત્કાર થયેલો.

દયારામ સ્વભાવે નટખટ અને તોફાની મિજાજના હતા. નર્મદાના ઘાટ પર અનેક જતી આવતી પનિહારીઓની તેઓ મશ્કરી કરતા. તરવામાં પૂરેપરા પાવરધા. છતાં તેઓ આજીવન કુંવારા રહેલા. લગભગ પિસ્તાળીસ વર્ષની ઉંમરે રતનબાઈ નામની બાળવિધવાને તેમણે પોતાના ઘરમાં આશરો આપેલો.

તેઓ સંગીતના પરમ જ્ઞાતા હતા. ટાપટીપ કરવાનો ભારે શોખ ધરાવતા. કિંમતી પોશાકો તેમને બહુ ગમતા. તેમનું દેહલાલિત્ય મોહક હતું. આમ હોવા છતાં તે ખૂબ સ્વમાની હતા. તેમણે કૃષ્ણ સિવાય કોઈનીય આરાધના નહીં કરવાની પ્રતિજ્ઞા લીધી હતી જે જીવનભર પાળેલી. દયારામ તેમની ગરબીઓમાં ખીલી ઉઠે છે. કૃષ્ણવિરહમાં ઝૂરતી ગોપીભાવ અનુભવતા તેઓ સદા કૃષ્ણમિલન માટે તલસતા હતા. તેઓ પ્રેમલક્ષણા ભક્તિના કવિ હતા.


દયારામે સવા લાખ પદોની રચના કર્યાનું કહેવાય છે. જ્ઞાન અને વૈરાગ્ય તેમની કવિતાનાં પ્રધાન લક્ષણો છે. ગરબીઓ ઉપરાંત 'રુકમણી વિવાહ', 'સત્યભામા વિવાહ', 'અજામિલ આખ્યાન' વગેરે આખ્યાનો પણ રચેલાં છે. પણ એ આખ્યાનો પ્રેમાનંદના આખ્યાનો જેવાં સમૃદ્ધ નથી. 'પ્રેમરસગીતા' અને 'પ્રેમપરીક્ષા'નાં પદો વધુ સબળ બન્યાં છે. સાડત્રીસ હુડીઓમાં આલેખાયેલું 'મીરાંચરિત્ર' એમની સમૃદ્ધ કાવ્યરચના છે. તેમણે ભજન, ગરબા, સંવાદ, આખ્યાન, બારમાસી જેવા વિવિધ પ્રકારો પર કલમ ચલાવી છે.

આમ છતાં દયારામ ગુજરાતી સાહિત્યમાં સ્થાન પામ્યા છે એમની ઉત્તમોત્તમ ગરબીઓને લીધે. રાધાકૃષ્ણની પ્રણયલીલાઓને શબ્દદેહે મૂર્ત કરતી એમની ગરબીઓ પૂર્ણતઃ કલાત્મક છે. 'મુંને શશીવદની કહી છે ત્યારની દાઝ લાગી છે

અંગે', 'ઊભા રહો તો કહું વાતડી બિહારીલાલ', 'મારે શ્યામ રંગ સમીપે ન જાવું', 'આવોને મારે ઘેર માણવા હો જી રાજ' જેવી અનેક ગરબીઓ નાટ્યાત્મક પરિસ્થિતિ સર્જે છે. એમની પ્રત્યેક ગરબીમાં મોહનની બંસરીની મોહક મીઠાશ અનુભવાય છે.

દયારામ નરસિંહ મહેતાથી જરાય ઓછા ઉતરે એવા ન હતા. તે તો રાધાકૃષ્ણની સાત્વિક પ્રેમચેષ્ટાઓનું વર્ણન કરીને હૃદયમાંથી છલકતી ભક્તિને અષાઢી આભલાં જેમ મેહ ઠાલવે તેમ ઠાલવે છે. દયારામ શ્રી કૃષ્ણમાં નરસિંહની જેમ ઓગળી ગયેલા જણાય છે. તેમ છતાં કનૈયાલાલ મુન્શીએ તેમને સાંસારિક પ્રણયકવિ કહીને જ મૂલવેલા. છતાં એક વાત સાચી છે કે દયારામનો શૃંગાર સાંસારિક શૃંગાર નહીં પણ ભક્તિશૃંગાર જ છે. આજેય ગુજરાતના ઘરે ઘરમાં એની ગરબીઓ ગુંજતી રહી છે.

●







(૨૭૮)

# વિજયાલક્ષ્મી પંડિત

(૧૮ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૦૦)

પંડિત મોતીલાલ નહેરૂ અને કમલા નહેરૂની પુત્રી અને ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂની બહેન વિજયાલક્ષ્મીનો જન્મ ૧૮ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૦૦ના રોજ અલ્હાબાદમાં થયો હતો. તેમનું બાળપણનું નામ સરૂપ હતું. વિજયાલક્ષ્મીનું તેમના સાસરીપક્ષે પાડેલું નામ વૈભવી. પિતાને ત્યાં જન્મેલી સરૂપનો ઉછેર ખૂબ જ લોડકોડથી થયેલો. અતિશય સુખમાં ઉછરી હોવાથી સ્વભાવે તેઓ જિદ્દી થઈ ગયાં હતાં.

પિતા મોતીલાલે વિજયાલક્ષ્મીના શિક્ષણ માટે ઘરમાં જ વ્યવસ્થા કરેલી. મિસ કૂપર નામની એક અંગ્રેજ લેડી તેમને ભણાવતી. પંડિત મોતીલાલ ત્યારે મોટા ગજાના રાજપુરૂષ હતા. તેથી તેમને ઘેર દેશના અનેક નેતાઓ આવતા રહેતા. એમની ચર્ચાઓ સાંભળવાનો લાભ વિજયલાક્ષ્મીને નાનપણથી જ મળેલો. આ રીતે એમનું રાજકીય ઘડતર થતું રહેલું. મહાત્મા ગાંધીથી તેઓ ઘણાં પ્રભાવિત થયાં હતાં. મહાત્માજીને તેઓ તેમના પ્રેરણાપુરૂષ માનતાં.

આઝાદીની ચળવળમાં એક સત્યાગ્રહીની ભૂમિકા નિભાવી તેમણે સત્યાગ્રહીઓને નેતૃત્વ પૂરૂં પાડ્યું હતું. તેમણે પોલીસના હાથે માર પણ ખાધેલો. આવાં નીડર અને સાહસિક વિજયાલક્ષ્મીનું લગ્ન સંસ્કૃતના વિદ્વાન અને જાણીતા ધારાશાસ્ત્રી રણજિત પંડિત સાથે થયું હતું.

૧૯૩૫થી તેમણે જાહેર જીવનની શરૂઆત કરેલી. ત્યારે તેઓ અલ્હાબાદ મ્યૂનિસિપાલિટીમાં શિક્ષણ સમિતિના અધ્યક્ષ તરીકે પસંદગી પામેલાં. 'હિંદ છોડો' ની ચળવળ દરમ્યાન બ્રિટીશ સરકાર જ્યારે અમેરિકામાં અપપ્રચાર કરી રહી

હતી ત્યારે તેનો જવાબ વાળવા માટે તેમને અમેરિકા મોકલવામાં આવેલાં. આ જ સમયગાળામાં સંયુક્ત રાષ્ટ્રસંઘની પરિષદ સાન્ફ્રાન્સિસકોમાં મળી હતી. અંગ્રેજ સરકારે ભારત તરફથી સર રામસ્વામી મુદલિયારના અધ્યક્ષપદે એક પ્રતિનિધિ દાવાને સીધો પડકાર ફેંકેલો. આ સમયે તેમણે રાષ્ટ્રીય હિંદનો દૃષ્ટિકોણ રજૂ કરતું મેમોરેન્ડમ તૈયાર કરેલું. બન્યું એવું કે તેમણે પત્રકાર પરિષદો બોલાવી અમેરિકન પ્રજા સમક્ષ એશિયાની પ્રજા માટે દાદ માંગેલી. ત્યારે પત્રકારો પેલી 'ફિસ્કો' પરિષદ પડતી મૂકી વિજયાલક્ષ્મીની પત્રકાર પરિષદમાં ઊભરાવા માંડેલા.

તેઓ ઓલ ઈન્ડિયા વૂમન કોન્ફરન્સનાં અધ્યક્ષ સ્થાને પણ બિરાજેલાં. ઈ.સ. ૧૯૪૬થી ઈ.સ. ૧૯૫૦ એમ ચાર વર્ષ સુધી સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભામાં ભારતીય પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ પણ તેમણે સંભાળેલું. તેઓએ ભારતના એલચી તરીકે રશિયામાં કામગીરી બજાવેલી. તેઓ સ્વમાની અને આખાબોલાં હતાં. કોઈની પણ શેહમાં તણાઈ જવાનું કે કોઈની પ્રતિભાથી અંજાઈ જવાનું એમને પસંદ ન હતું. તેથી તો એકવાર રશિયાના તત્કાલીન પ્રમુખ સ્તાલિને તેમને મુલાકાત નહીં આપતાં તેમણે રશિયાના એલચીપદેથી રાજીનામું ધરી દીધેલું. તે પછી તેમની નિમણૂંક અમેરિકા ખાતેના ભારતીય રાજદૂત તરીકે કરવામાં આવેલી. વિશ્વની બે મહાસત્તાઓમાં ભારતના રાજદૂત તરીકે કામગીરી સંભાળી હોય તેવાં તેઓ ભારતનાં પ્રથમ મહિલા હતાં.


તેમની પસંદગી સંયુક્ત રાષ્ટ્રસંઘના પ્રમુખ તરીકે પણ થયેલી. એ કંઈ નાનીસૂની સિદ્ધિ ન ગણાય. યુ.એન.ની મહાસિમિતિનાં તેઓ એ પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકેનું માન મેળવેલું. તેમણે મહારાષ્ટ્રના ગર્વનરનું પદ પણ શોભાવેલું. ૧૯૬૪ અને ૧૯૬૭ એમ બે વાર તેઓ ફૂલપુર બેઠક પરથી સંસદસભ્ય તરીકે પણ ચૂંટાયેલાં.

રંગભેદના નીતિનાં તેઓ પ્રખર વિરોધી હતાં. દક્ષિણ આફ્રિકાની કાળી પ્રજામાં



તેમણે ખૂબ લોકપ્રિયતા મેળવી હતી. તેઓ સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના ઉચ્ચ આદર્શોનાં પુરસ્કર્તા હતાં. તેમણે ભારતની વિદેશનીતિને કીર્તિવંત બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. તેમની પ્રતિભાને સન્માનવા દેશ-પરદેશોની વીસથી વધુ યુનિવર્સિટીઓએ તેમને માનદ ડોક્ટરેટ્સની પદવીઓ પ્રદાન કરી હતી. ભારત સરકારે ઈ.સ. ૧૯૬૨માં 'પદ્મવિભૂષણ' નો ખિતાબ આપી તેમને સન્માન્યાં હતાં.

●



## (૨૭૯)

# અમૃત ઘાયલ

## (૧૯ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૧૬)

ગુજરાતી ગઝલને ફારસી અને ઉર્દૂ ભાષાની ચુંગાલમાંથી મુક્ત કરી તેને ગુજરાતી ભાષાની સંસ્કારિતા સમર્પવા સંકલ્પબદ્ધ રહેલા શ્રી અમૃત ઘાયલનો જન્મ ૧૯ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૧૬ના રોજ રાજકોટ જિલ્લાના સરધાર ગામે થયો હતો. તેમના પિતાનું નામ લાલજીભાઈ અને માતાનું નામ સંતોકબહેન હતું. ગામની પ્રાથમિક શાળામાં શિક્ષણ મેળવ્યા પછી તેઓએ રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં માધ્યમિક શિક્ષણ લીધું હતું. બાળપણથી રમતોના શોખીન એવા અમૃતભાઈ પાજોદ દરબાર 'ઈમામુદીન મૂર્તઝાખાન બાબી એટલે કે ગઝલકાર રુસ્વા મઝલૂમી'ના પરિચયમાં આવ્યા અને એમની ઉપર ગઝલનો રંગ ચઢ્યો. આ રંગે ગુજરાતના ઉત્તમ ગઝલકાર તરીકેની તેમને નામના અપાવી.

ઈ.સ. ૧૯૫૪માં પ્રગટ થયેલા એમના ગઝલસંગ્રહ 'શૂળ અને શમણાં' થી એમની ગઝલ યાત્રા આરંભાઈ. તે એમના સમગ્ર જીવન દરમ્યાન પ્રકાશિત થયેલા આઠ ગઝલ સંગ્રહોના પ્રકાશન બાદ વિરામ સ્થાને પહોંચી. તેમનું વ્યક્તિત્વ નોખું અને નિરાળું હતું. તેમના વ્યકિતત્વનો અણસાર તેમની ગઝલના શેરમાંથી પ્રગટ થાય છે,

''શબ્દની આરપાર જીવ્યો છું,<br>
હું બહું જ ધારદાર જીવ્યો છું.<br>
આમ, 'ઘાયલ' છું અદનો શાયર પણ,<br>
સર્વથા શાનદાર જીવ્યો છુ''



એમની સર્જકતા અણમોલ હતી. તેમની ગઝલોએ તેમને અનેક એવોર્ડજ અપાવ્યા છે. તેમની સાહિત્યસેવા બદલ તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો. ગુજરાતી કાવ્યક્ષેત્રના સૌથી મોટા આદ્ય કવિ 'નરસિંહ મહેતા' પારિતોષિકથી એમની ગઝલ સાધના વધાવાઈ છે. તેઓ સતત વિકસતા રહેલા ગઝલકાર હતા. પારંપરિક સ્વરૂપથી માંડી આધુનિકતા સુધી એમની ગઝલો વિવિધ રૂપે અવતરતી રહેલી છે.

ગુજરાતી સાહિત્યમાં એક કાવ્યપ્રકાર તરીકે ગઝલનું સ્થાપન કરવામાં અમૃત ઘાયલનું પ્રદાન સૌથી વધુ મૂલ્યવાન સાબિત થયું છે. માત્ર છવ્વીસ વર્ષની વયે ઘાયલે ગઝલ પર હાથ અજમાવવો શરૂ કર્યો હતો. તેઓ ત્યારે મુર્તઝાખાન બાબી-રૂસ્વા મઝલૂમીના અંગત મંત્રી હતા. ગઝલ સર્જનની પ્રેરણા તેમને રુસ્વા મઝલૂમી પાસેથી મળેલી. ઘાયલે સોરઠી ભાષાનો ઉપયોગ કરી ગઝલો લખવાનો સંકલ્પ કરેલો. તેમણે તળ ગુજરાતીમાં ગઝલનું સર્જન કરીને તેને એક નવી ઓળખ આપી.

શરૂઆતમાં જાહેર મુશાયરાઓમાં અપમાન સહન કર્યા પછીથી તેઓ મુશાયરાની શાન બની ગયેલા. તેમની ગઝલ યાત્રા આગળને આગળ ધપતી રહી. ૧૯૬૦માં 'રંગ' અને ૧૯૬૭માં 'રૂપ' નામે બે ગઝલ સંગ્રહો ગુજરાતને મળ્યા. ૧૯૮૨માં 'ઝાંય' અને 'અગ્નિ' તેમણે ગુજરાતી કાવ્યસાહિત્યને ચરણે ધર્યા, ૧૯૮૪માં 'ગઝલ નામસુખ', ૧૯૯૨માં 'આશ્ચર્ય વચ્ચે' અને ૧૯૯૪માં 'ઘાયલ ગઝલસંગ્રહો' તેમણે આપ્યા.

એમની ગઝલો વેદના અને પ્રસન્નતામાંથી જન્મી છે. એમાં વિચારસમૃદ્ધિની સાથે ભાવસમૃદ્ધિ પણ અખૂટ ભરેલી છે. ગઝલ તેના મૂળ સ્વરૂપે તો પ્રેમની કવિતા છે. પ્રેમની જુદી-જુદી સ્થિતિઓ અને તેમાંથી નીપજેલા 'આઘાત-પ્રત્યાઘાત' ઘાયલ એમની ગઝલોમાં બાખૂબી નિરૂપે છે, એ લખે છે,

''બે વાત કરીને પારેવાં,

થઈ જાયે છે આડાં અવળાં,
કે, આમ પરસ્પર ગૂંથાઈ
વીખરાઈ જવામાં લિજ્જત છે''

ઘાયલની ગઝલોમાં એમની ખુમારી પ્રગટ થઈ છે. તેઓ લખે છે,

''અરે, કાળ શું મારશે અમને થપ્પડ,
ચડી જો ગયો એ અમારે ઝપાટે''

ઘાયલની ગઝલોના વિષયો માત્ર પ્રેમ, શરાબ કે મસ્તી નથી. એમની ગઝલોમાં ચિંતન પણ ડોકાય છે. એમની ગઝલો જીવનના મર્મને સ્પર્શે છે. ચિંતનના ભાવો ભરવા છતાં 'ઘાયલે' ગઝલની રસિકતાને મરવા દીધી નથી. એમના આ શે'ર,


''એક એવો સવાલ છું 'ઘાયલ'
જેનો જડતો નથી મનેય જવાબ''
''એ ખોળિયાં જ ક્યાં છે કે મારી રીતે રહું.....
હું એટલે તો આમ રહું છું વિચારમાં''

ઘાયલ શબ્દમોતીનો ઝવેરી છે. એમણે ગઝલને બરાબર પારખી છે. એમની ગઝલનું સ્વરૂપ સતત બદલાતું રહ્યું છે. એમની ગઝલોમાં નવીનતા અને તાજગીની ખોટ વરતાઈ હોય એવું ક્યારેય જોવા નથી મળ્યું. 'ઘાયલ' સર્જકતાથી ભર્યાભાદર્યા કવિ છે. ઘાયલ ગઝલના પારંપરિક સ્વરૂપને ભાષાસંસ્કારોની માવજત આપીને તરોતાજા બનાવી છે. એમની ગઝલો જોતાં લાગે છે કે, 'ઘાયલ' વાસ્તવદર્શી કવિ છે. એમની ગઝલોમાં સમાજનું પ્રતિબિંબ ઝીલાયું છે, તેથી જ કદાચ તેમની ગઝલોમાં તળપદા શબ્દો સહજ રીતે ગૂંથાતા હશે.

ગુજરાતીના ગઝલ સમ્રાટ એવા મોટા ગજાના ગઝલકાર અમૃત ઘાયલ ૨૫ ડિસેમ્બર, ૨૦૦૨ના રોજ ગઝલની આંગળી ઝાલી મહાપ્રયાણ કરી ગયા હતા.

●





## (૨૮૦)

# ગોવિંદ મિશ્ર

## (૧૯ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૩૯)

અમદાવાદમાં ઈન્કમટેક્ષ કમિશ્મરના હોદા પર સેવા બજાવી ચૂકેલા અને હિન્દીના ખ્યાતિપ્રાપ્ત નવલકથાકાર તરીકે જાણીતા થયેલા શ્રી ગોવિંદ મિશ્રનો જન્મ ઉત્તરપ્રદેશના બાંદા જિલ્લાના અતરોં ગામે શિક્ષક માતા-પિતા સુમિત્રાદેવી અને માધવપ્રસાદને ઘેર ૧૯ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૩૯ના રોજ થયો હતો. ચરખારી અને બાંદામાં પ્રાથમિક શિક્ષણ લઈ તેઓ ઉચ્ચશિક્ષણ મેળવવા પ્રયાગની કોલેજમાં દાખલ થયા હતા. અહીંથી તેમણે બી.એ. અને એમ.એ.ની પદવીઓ પ્રાપ્ત કરી હતી. ઈ.સ. ૧૯૫૯થી ૧૯૬૧ એમ બે વર્ષ સુધી અધ્યાપક પદે રહ્યા બાદ ઈ.સ. ૧૯૬૧માં ઈન્કમટેક્ષ વિભાગમાં જોડાયા હતા. ઉત્તરોત્તર બઢતી પામતાં તેઓ ઈન્કમટેક્ષ કમિશ્નરના હોદ્દા ઉપર પહોંચી ઈ.સ. ૧૯૯૭માં નિવૃત્ત થઈ મધ્યપ્રદેશના ભોપાલ ખાતે સ્થાયી થયા છે.

તેમનેતેમની નવલકથા 'પાંચ આંગનોવાલા ઘર' ને તથા તેમના સાહિત્ય પ્રદાનને ધ્યાનમાં રાખીને ૨૦ ડિસેમ્બર, ઈ.સ. ૧૯૯૮ના દિવસે માત્ર હિન્દી ભાષાની ઉત્તમ કૃતિઓ માટે આપવામાં આવતા 'વ્યાસસન્માન'થી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. આ સન્માનમાં અઢી લાખ રૂપિયા, પ્રતીક ચિન્હ, પ્રશસ્તિપત્ર તથા શાલ અર્પણ કરવામાં આવ્યાં હતાં.

ઈ.સ. ૧૯૯૫માં પ્રગટ થયેલી તેમની નવલકથા 'પાંચ આંગનોવાલા ઘર'કોઈ કુંટુંબને કેન્દ્રમાં રાખી લખાયેલી સામાજિક નવલકથા નથી, પણ ઈ.સ. ૧૯૪૦થી ઈ.સ. ૧૯૯૦ની ભારતની પૃષ્ઠભૂમિને કેન્દ્રમાં રાખીને ભારતીય માનસની પવિત્રતાથી તમસ તરફ ગતિ કરતા સંત્રસ્ત પ્રવાહની કથા છે. 'તમસો


મા જ્યોતિર્ગમય' એવા ઉપનિષદ વાક્યનું પેઢીઓથી રટણ કરનારા આપણી ગતિ તો આઝાદી મળ્યા પછી પણ પ્રકાશ તરફ આગળ વધવાને બદલે અંધકાર તરફ ઝડપભેર વધી રહી છે. લેખકે આ વાત મર્મસ્પર્શી શબ્દચિત્રો અને પ્રસંગો દ્વારા હૃદયદ્રાવક રીતે અભિવ્યક્ત કરી છે. લેખકે તેમની આ નવલકથામાં ત્રણ પેઢીઓનું કથાવસ્તુ સંયોજ્યું છે. આમાંની એક પેઢી આઝાદીના સંગ્રામ સમયની છે.

લેખકે નવલકથામાં ત્રણ પેઢીની માનસયાત્રા ચીતરી છે. એક પેઢી દેશદાઝ, ભારતીય સંસ્કારો અને જીવનાદર્શો લઈ ચાલનારી છે. બીજી પેઢી અપેક્ષાઓની પાનખરમાં રાચનારી છે. અને ત્રીજી પેઢી આદર્શ અને જીવનનાં મૂલ્યોને કેવળ 'પોથીમાંના રીંગણા' સમજી જીવનારી છે.

નવલકથાના રાજન, જોગેશ્વરી, રમ્મો મુંશી રાધેલાલ, શાંતિદેવી, સન્ની, રમન મિશ્ર વગેરે પાત્રો દ્વારા નવલકથા કારે બદલાતા સમયની કથા વર્ણવી છે. શ્રી ગોવિંદ મિશ્ર તેમની આ નવલકથા અગાઉ 'વહ', 'અપના ચેહરા', 'ઉતરતી હૂઈ ધૂપે', 'લાલ પીલી જમીન', 'હજૂર', 'દરબાર', 'તુમ્હારી રોશન' અને 'ધીરે સમીરે' લખી હતી.

નવલકથાઓ સાથે સાથે ગોવિંદ મિશ્રએ ઘણી વધી વાર્તાઓ લખી છે. તેમના વાર્તસંગ્રોહમાં 'રગડ ખાતી આત્મહત્યાએ', 'નયે પુરાને મા-બાપ', 'અંતઃપુર', 'ઘાંસુ', 'ખુદ કે ખિલાફ', 'ખાક ઈતિહાસ', 'પગલા બાબા', વગેરેનો સમાવેશ થાય છે. તેમની બધી વાર્તાઓ 'નિર્ઝરણી' ના બે ભાગોમાં પ્રકાશિત થઈ છે. તેમના બધા પ્રકારોનું એક સંકલન ઈ.સ. ૧૯૯૦ પહેલાં 'મૂઝે ઘર લે ચલો' માં થયેલું છે. 'સાહિત્ય કા સંદર્ભ' અને 'કથાભૂમિ'માં તેમના નિંબધો સંગ્રહાયા છે. 'ધૂંધ ભરી સુરખિ' તથા 'દરપ્નો કે પાર', 'શામ' વગેરે પ્રવાસવર્ણનોના તેમના ગ્રંથો છે. તેમની પ્રથમ વાર્તા 'નયેપુરાને માબાપ' ઈ.સ. ૧૯૬૫માં માધ્યમ સામાયિકમાં પ્રગટ થઈ હતી.





## (૨૮૧)
# પ્રાગજી ડોસા
## (અવસાન : ૨૦ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૯૭)

ગુજરાતી રંગભૂમિનાં રસાળ નાટકોના સર્જક પ્રાગજી ડોસા મુંબઈની ભાટિયા હોસ્પિટલલમાં ૨૦ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૯૭ના રોજ અવસાન પામતાં રંગભૂમિના આકાશમાંથી એક તેજસ્વી તારલો જાણે ખરી પડ્યો. નાટ્યલેખક, નાટ્યદિગ્દર્શક અને ગુજરાતી ફિલ્મોના પટકથા લેખક તરીકે ખૂબ જાણીતા થયેલા પ્રાગજીભાઈ ડોસાનો જન્મ મુંબઈની ધરતી ઉપર ૧૦ ઓક્ટોબર, ઈ.સ. ૧૯૦૭ના રોજ એક વેપારી પરિવારમાં થયો હતો. ઈ.સ. ૧૯૨૬માં મુંબઈની વિલ્સન કોલેજમાંથી ઈન્ટર આર્ટસની પરીક્ષા પાસ કરી તેમણે અભ્યાસ છોડી દીધેલો. તે પછી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થવા સારું મેસર્સ ગોકુલદાસ ડોસાની રૂનો વેપાર કરતી એક પેઢીમાં નોકરીએ લાગી ગયેલા. પેઢીના વ્યાપારિક કામકાજ અંગે તેમણે જાપાનનો પ્રવાસ પણ કરેલો.

નાટકને જ જીવન માનનારા પ્રાગજીભાઈએ એમનું જીવન રંગભૂમિને સમર્પિત કરી દીધેલું. નાનપણથી જ તેઓ નાટકો જોવાના શોખીન હતા. દસ વર્ષની ઉંમરે રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટની સાથે આપણી જૂની રંગભૂમિનાં દેશી નાટકો જોવા તેઓ જતા ત્યારથી જ એમને રંગભૂમિ તરફ આકર્ષણ થયેલું. એમનામાં પડેલા એ સંસ્કારોને સ્વપ્રયત્ને એમણે સંકોરેલા. એમણે રંગભૂમિ પર ભજવી શકાય એવાં નાટકો લખવા કલમ ઉપાડેલી. એમની કલમમાંથી 'સમયના વહેણ' (૧૯૫૦), 'ઘરનો દીવો' (૧૯૫૨), 'મંગલમંદિર' (૧૯૫૫), 'છોરું કછોરું' (૧૯૫૬), 'સહકારના દીવા' (૧૯૫૭), 'મનની માયા' (૧૯૬૨), 'જેવી છું તેવી' (૧૯૬૨), 'એક અંધારી રાત' (૧૯૬૪)

અને 'પૂનમની રાત' (૧૯૬૬) જેવા નાટકો નીપજેલાં.

માત્ર પ્રૌઢો માટે જ તેમણે નાટકોનું સર્જન કરેલું એવું નથી. બાળકોની દુનિયાને પણ તેઓ વિસર્યા ન હતા. તેમણે બાળકોના મનોરંજન માટે પણ સફળ નાટકોનું સર્જન કર્યું છે. જેમાં 'એકલવ્ય અને બીજી બાળ નાટિકાઓ' (૧૯૫૫), 'છોટું મોટું' (૧૯૬૬), 'ઈતિહાસ બોલે છે' (૧૯૬૬), 'સોનાની કુહાડી' (૧૯૭૦), 'ચાલો ચોર પકડીએ' (૧૯૭૧), 'ત્રણ વાંદરા' (૧૯૭૪), 'ઈતિહાસને પાને' (૧૯૭૫), અને 'પાંચ ટચુકડી' (૧૯૭૫) નો સમાવેશ થાય છે.

તેમનો 'ચરણરજ' નામનો એક એકાંકીસંગ્રહ ૧૯૫૫માં પ્રગટ થયેલો. તેઓ માત્ર સફળ નાટ્યલેખક કે નાટ્યદિગ્દર્શક હતા એવું નથી. નાટ્ય વિવેચનના ક્ષેત્રે પણ તેઓ ઝળકી ઉઠેલા. તેમણે કેટલુંક નોંધપાત્ર વિવેચન પણ કરેલું. 'તખ્તો બોલે છે - ૧ -૨' અને 'બાળરંગભૂમિ' એમના ગણનાપાત્ર નાટ્યવિવેચનના ગ્રંથો ગણી શકાય. તેમણે 'જેની જોતાં વાટ' નામની એક લઘુનવલનું પણ સર્જન કરેલું છે. તેમની આધ્યાત્મિક દૃષ્ટિ પણ ઘણી વિકસિત હતી. 'સંત દર્શન' અને 'સંતજીવન' માં એમણે બોધદાયક શૈલીમાં સંતચરિત્રો આલેખ્યાં છે.

તેઓ કુશળ અનુવાદક અને નાટ્ય રૂપાંતરકરા પણ હતા. તેમણે કનૈયાલાલ મુનશીની ઐતિહાસિક નવલકથા 'પૃથ્વીવલ્લભ' નું ૧૯૬૨માં નાટ્યરૂપાંતર કરેલું. એ જ રીતે બર્તોલ બ્રેખ્ટના નાટકનો 'ચાકવર્તુલ' શીર્ષક હેઠળ તેમણે અનુવાદ કરેલો. બાળકોના પ્રિય એવા ગિજુભાઈ બધેકાની લગભગ પંદર જેટલી વાર્તાઓનું એમણે વનલતા મહેતા સાથે નાટ્યરૂપાંતર પણ કરેલું છે.

નાટ્યકલાનાં તમામ ક્ષેત્રોમાં તેમનું ઉલ્લેખનીય પ્રદાન રહ્યું છે. તેઓ ગુજરાતી ચલચિત્રોના એક સફળ પટકથા લેખક પણ હતા. એમણે અનેક ગુજરાતી ચલચિત્રોની પટકથાઓ લખી છે. એમણે ગુજરાત અને મહારાષ્ટ્ર સરકારનાં અનેક પારિતોષિકો પ્રાપ્ત કર્યાં છે. નાટ્યક્ષેત્રે એમણે આપેલી સેવાઓ બદલ ઈ.સ. ૧૯૭૬નો 'નર્મદ સુવર્ણચંદ્રક' અને ૧૯૮૩માં 'સોવિયેત લેન્ડ નહેરૂ



એવોર્ડ' મેળવવા તેઓ ભાગ્યશાળી બનેલા. ગુજરાતી રંગભૂમિને જીવંત રાખવામાં અને 'ઈન્ડિયન નેશનલ થિયેટર' ને વિકસાવવામાં પ્રાગજી ડોસાનો બહુમૂલ્ય ફાળો રહેલો છે. રંગભૂમિના આ મહર્ષિને ગુજરાત સદીઓ સુધી સ્મરતું રહેશે.

●





## (૨૮૨)

# ઈસમત ચુગતાઈ

## (૨૧ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૧૫)

મન્ટોના સમકાલીન ઉર્દૂ સાહિત્યનાં બિન્દાસ લેખિકાનો જન્મ પિતા મિરઝા કાસિમ બેગ અને માતા નુસરત ખાતમના ઘરમાં ૨૧ ઓગસ્ટ ઈ.સ. ૧૯૧૫ના રોજ થયો હતો. ૨૦મી સદીની શરૂઆતના એ રૂઢિચુસ્ત અને જૂનવાણી સમાજમાં છોકરીને ઉચ્ચ શિક્ષણ માટે કોલેજમાં દાખલ કરવી એ પાપ માનવામાં આવતું. એ જમાનામાં સમાજના વિરોધને ગણકાર્યા સિવાય ઈ.સ. ૧૯૩૮માં તેમણે લખનૌ યુનિવર્સિટીમાંથી બી.ટી.ની તાલીમ મેળવી. તેઓ બરેલીની હાઈસ્કૂલમાં શિક્ષિકા તરીકે જોડાયાં હતાં. એકાદ વર્ષ એ જગા પર કામ કર્યા પછી તેઓ મુંબઈ આવેલાં અને એક મુસ્લિમ કન્યાવિદ્યાલયનાં સુપ્રિટેન્ડન્ટ બનેલાં.

ઈસ્મત સ્વભાવે બિન્ધાસ્ત. નિર્ભીક. સ્પષ્ટવક્તા અને જરા કઠોર હતાં. અધ્યાપન કરતાં કરતાં એમણે કલમ ઉપાડેલી અને વાર્તાઓ લખવાનું શરૂ કરેલું. તેમની વાર્તાઓના વિષયો પણ એવા જ બિન્દાસ. મુસલમાન સમાજની પરદામાં રહેતી સ્ત્રીઓની અદેખાઈ, જાતીય વિકૃતિઓ અને અતૃપ્ત ઈચ્છાઓનું આલેખન તેમણે કર્યું. આજના શિષ્ટ સમાજને તેમની વાર્તાઓ બિભત્સ અને વિકૃત લાગ્યા વગર ના રહે. તેમનું નિરૂપણ સાવ જ ખુલ્લું અને વાસ્તિવક રહેતું. તેથી કે સમયે તેમની વાર્તાઓનો પૂરજોરથી વિરોધ થયો હતો. તેમની વાર્તાઓએ સામાજિક વ્યવસ્થાના જાણે પાયા હચમચાવી નાખ્યા હતા.

ઉર્દૂ સાહિત્ય જગતમાં તેમની સાત નવલકથાઓ અને આઠેક નવલિકા સંગ્રહ પ્રગટ થયા છે. તેમના સાહિત્ય સર્જનની કદરરૂપે તેમને સુપ્રસિદ્ધ 'ગાલિબ



પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. ઈસ્મત ક્રાંતિકારી વાર્તાકાર હતાં. સાહિત્ય દ્વારા એમણે જાણે કે સમાજમાં ક્રાંતિ કરી હતી. જેટલાં એ સાહિત્ય જગતમાં પ્રિય હતાં એટલાં જ ફિલ્મી જગતમાં પણ પ્રિય હતાં. એમની વાર્તાઓ અને નવલકથાઓ દ્વારા એમણે સમાજના ચહેરા ઉપરનું મહોરું હટાવીને સમાજના વરવા રૂપનું દર્શન કરાવ્યું છે. સમાજના કહેવાતા સુધરેલા માણસોના દંભને છતો કર્યો છે.

તેમણે ચિત્રપટ જગતમાં વાર્તા લેખિકા તરીકે પણ સારી એવી સફળતા પ્રાપ્ત કરી હતી. તેમણે 'ગર્મ હવા', 'સોને કી ચીડિયા', 'આરઝૂ' તથા 'જિદ્દી' જેવી ઘણી ફિલ્મોની સ્ક્રીપ્ટ લખી હતી. આ દરમ્યાન ચિત્રપટ માટેની સ્ક્રિપ્ટના જાણીતા લેખક શાહીદ લતીફ સાથે તેમનો પરિચય થયેલો. આશરે ૩૭ વર્ષની ઉંમરે તેમણે શાહિદ સાથે લગ્ન કરી લીધેલાં. આ લગ્નથી ઈસ્મત બે પુત્રીઓના મા બન્યાં હતા. એક જ પ્રકારના વ્યવસાયને વરેલાં એ પતિ-પત્નીએ સાથે મળીને ફિલ્મ 'ઈન્ડિયા કોર્પોરેશન' નામની એક ફિલ્મ કંપની પણ સ્થાપી હતી. અને પાંચેક ફિલ્મો બનાવેલી પણ ખરી. એક જ વ્યવસાયને લઈ ઘણી વાર અહંનો ટકરાવ થતો. શાહિદ સ્વતંત્ર અને સ્વમાની સ્વભાવનો હતો. પરિણામે પતિ-પત્નીને જુદાં થવાનો વારો આવેલો.


ઈસ્મત ફિલ્મ સ્ક્રીપ્ટ લેખિકા જ ન હતાં પણ તેઓ સારાં કલાકાર પણ હતાં. તેમણે ઘણી ફિલ્મોમાં સફળ અને પ્રાણવાન અભિનય આપ્યો છે. ફિલ્મ જગતમાં તેઓ ખૂબ માનીતાં બન્યા હતાં. ઈસ્મતનો દેહ નારીનો હોવાં છતાં એના કાળજામાં અપાર જવાંમર્દી ભરેલી હતી. તેમણે કદી કોઈની સાથે માથું ઝૂકાવેલું નહીં. મૃત્યુ સુધી તેઓ સ્વમાનભેર જીવેલાં.

લેસ્બિયન સંબંધો પર લખાયેલી ઈસ્મત ચુગતાઈની વાર્તા 'લિહાફ' ચાલીસના દશકામાં ભારે વિવાદમાં સપડાઈ હતી. લાહોરની કોર્ટમાં એ વાર્તાના અનુસંધાનમાં ઈસમત પર કેસ પણ થયો હતો. ચુગતાઈએ એમના જીવનને

'કાગઝી હૈ પૈરહન' નામની તેમની આત્મકથામાં બયાન કર્યું છે. તેઓ ધર્મના આડંબરથી દૂર રહેલાં. તેમને મન બધા ધર્મો સમાન હતા. તેમની એક પુત્રીને તેમણે હિન્દુ યુવાન સાથે આર્યસમાજની વિધિથી લગ્ન કરવા માટે રાજીખુશીથી મંજૂરી આપેલી. તેમણે ક્યારેય કોઈ સ્ત્રીની પુરૂષ કરતાં ઓછી કિંમત આંકી નથી.

ઉર્દૂ સાહિત્યનાં આ પ્રસિદ્ધ લેખિકા અને ક્ષણે ક્ષણને એક જવાંમર્દ પુરૂષની જેમ જીવી જનાર ઈસમત ચુગતાઈ છોંતેર વર્ષનું આયુષ્ય ભોગવી અંતે ૨૬ ઓક્ટોબર, ઈ.સ. ૧૯૯૧ના રોજ જન્નતનશીન થઈ ગયાં હતાં.





## (૨૮૩)

# રામનારાયણ પાઠક

## (અવસાન : ૨૧ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૫૫)

ગૌરીશંકર જોશી 'ધૂમકેતુ' એ નવલિકાના જે સ્વરૂપનું ઘડતર કરેલું તે સ્વરૂપને એક ડગલું આગળ લઈ જનાર પ્રસિદ્ધ વાર્તાકાર રામનારાયણ વિશ્વનાથ પાઠકનો જન્મ ૮ એપ્રિલ ઈ.સ. ૧૮૮૭ના રોજ તેમના મોસાળ ગાણોલમાં થયો હતો. ભોળાદ તેમનું વતન. તેમના પિતા વિશ્વનાથ સદારામ પાઠક ધંધે શિક્ષક હતા. બ્રાહ્મણ હોઈ કર્મકાંડી અને વેદાંતી પણ ખરા. સંસ્કૃતના કેટલાક ગ્રંથોનો તેમણે અનુવાદ કરેલો. આવા શિક્ષિત અને સંસ્કારી પિતાના પુત્રને લોહીમાંથી જ સાહિત્યના સંસ્કાર મળેલા. રામનારાયણ પાઠકનાં માતા આદિતબાઈ સુલક્ષણા અને સંસ્કારી સન્નારી હતાં. તેમની જ્ઞાતિ પ્રશ્નોરા નાગર બ્રાહ્મણની. આમેય આ જાતિને સાહિત્યના સંસ્કાર વારસામાં મળેલા છે. તેમના પિતા શિક્ષક હોઈ તેમની નોકરીનાં સ્થળ વારંવાર બદલાતાં રહેતાં. આથી રામાનારાયણ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ જેતપુર, રાજકોટ, જામખંભાળિયા અને ભાવનગરમાંથી લીધેલું. ગિજુભાઈ અને હરસિદ્ધિ દિવેટીયા તેમના સહાધ્યાયીઓ. નાનાભાઈ ભટ્ટ જેવા આજન્મ કેળવણીકારના તેઓ શિષ્ય હતા. ઈ.સ. ૧૯૦૫માં ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાંતી તેઓ મેટ્રીક થઈ ઉચ્ચાભ્યાસ માટે ભાવનગરની શામળદાસ કોલેજમાં જોડાયેલા. અહીં એક વર્ષ અભ્યાસ કરી તેઓ મુંબઈની વિલ્સન કોલેજમાં દાખલ થયેલા. આ કોલેજમાંથી તેમણે તર્કશાસ્ત્ર અને ફિલસૂફીના વિષયો સાથે ઈ.સ. ૧૯૦૮માં બી.એ.ની ઉપાધિ પ્રથમ વર્ગ સાથે મેળવેલી. એ જ કોલેજમાં તેઓ ફેલો નિમાયા અને સંસ્કૃતનું અધ્યાપન કરેલું. ઈ.સ. ૧૯૧૧માં તેઓ એલ.એલ.બી. થયા અને અમદાવાદમાં


વકીલાત શરૂ કરી. અમદાવાદમાં રસિકલલા પરીખ સાથે તેમને મિત્રતા થયેલી. ઈ.સ. ૧૯૧૮માં તેમનાં પત્ની અવસાન પામેલાં. તે પછી બીજે જ વર્ષે તેમની પુત્રીનું અવસાન થતાં તેમને વસમો આઘાત લાગેલો.

આ સંજોગોમાં તેમનો પરિચય ઈન્દુલાલ યાજ્ઞિક સાથે થતાં તેઓ તેમના ગુજરાત કેળવણી મંડળનાં સ્વયંસેવક તરીકે જોડાયેલા. પછી જે. એલ. ન્યૂ ઈંગ્લીંશ સ્કૂલના આચાર્યપદેરહી છ એક મહિના સેવા આપેલી. ઈ.સ. ૧૯૨૦-૨૧માં દેશમાં અસહકારની ચળવળનું વાતાવરણ જામતાં રામનારાયણ ચળવળમાં જોડાયેલા. સ્વેદશની ભાવના જીવનમાં ઉતારી ઈ.સ. ૧૯૨૧માં તેઓ ગુજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક થયેલા. અહીં 'પ્રમાણશાસ્ત્ર' ઉપર તેમણે એક ગ્રંથની રચના કરેલી. 'બાલાશંકર કંથારિયાનાં કાવ્યો' શીર્ષક હેઠળ તેમનો પહેલો વિવેચનલેખ સાબરમતી દ્વિમાસિક ના પ્રથમ અંકમાં પ્રસિદ્ધ થયેલો. ગુજરાત વિદ્યાપીઠમાં તેઓ કાકાસાહેબ, આચાર્ય કૃપલાની, પં. સુખલાલજી, કિશોરલાલ મશરૂવાલા તથા મુનિ જિનવિજયજી જેવા મહાનુભાવોના પરિચયમાં આવેલા. તેમની પ્રતિભા ઓર નિખાર પામી. તેમણે 'વિદ્યાપીઠના પુરાતત્વ' ત્રૈમાસિક ચલાવવામાં પણ સહાયતા કરેલી. તેમણે પ્રતિષ્ઠિત સામયિકોમાં અભ્યાસ લેખો લખવાનું શરૂ કર્યું. તેમના લેખો 'યુગધર્મ', 'સાબરમતી', 'ગુજરાત', અને 'પુરાતત્વ' જેવા અગ્રગણ્ય સામયિકોમાં પ્રગટ થતાં રહેલા. દરમ્યાનમાં ઈ.સ. ૧૯૨૬માં પ્રસ્થાન માસિકની શરૂઆત થઈ. તેઓ તેના તંત્રીમંડળમાં જોડાયા. રામનારાયણ ઈ.સ. ૧૯૨૮માં 'પ્રસ્થાન'ના પૂર્ણ સમયના તંત્રી થયા. તેમણે ઈ.સ. ૧૯૩૭ સુધી 'પ્રસ્થાન' સામયિક ચલાવેલું. તેઓ શેષ ઉપનામથી કાવ્યો અને 'દ્વિરેફ' ઉપનામથી વાર્તાઓ લખતા. 'સ્વૈરવિહારી' તખલ્લુસથી તેમણે નિબંધો લખેલા. આમ તેમણે સર્જન અને વિવેચનની બેવડી ભૂમિકા ભજવવાની શરૂ કરેલી. તેમણે જીવનકાળ દરમ્યાન મુંબઈની એસ.એન.ડી.ટી. કોલેજમાં ગુજરાત વિદ્યાપીઠમાં, એલ.ડી. આર્ટસ કોલેજમાં,



ગુજરાત વિધાનસભામાં અને ભારતીય વિદ્યાભવનમાં અધ્યાપક તરીકે સેવાઓ આપેલી. તેમણે તેમની વિદ્યાર્થીની હીરાબેન પાઠક સાથે લગ્ન કરેલાં. તેમને તેમના ગ્રંથ 'બૃહદ પિંગળ' માટે 'નર્મદ સુવર્ણ ચંદ્રક' એનાયત કરવામાં આવેલો. એ જ ગ્રંથ માટે ઈ.સ. ૧૯૫૬માં દિલ્હીની સાહિત્ય અકાદમીએ પુરસ્કૃત કરેલા.

'શેષનાં કાવ્યો' (૧૯૩૮) અને 'વિશેષ કાવ્યો' (૧૯૫૯) એમના કાવ્યોસંગ્રહો છે. 'દ્વિરેફની વાતો- ૧, ૨ અને ૩' (૧૯૨૮થી ૧૯૪૨) એમનાં વાર્તાસંગ્રહો છે. 'સ્વૈરવિહાર ૧-૨' એમના નિબંધસંગ્રહો છે. 'મનોવિહાર'મા ગંભીર નિબંધો સંગ્રહાયા છે. તેમનું મહત્વનું પ્રદાન તો વિવેચન ક્ષેત્રે રહેલું છે. એમના વિવેચન ગ્રંથોમાં 'અર્વાચીન ગુજરાતી સાહિત્ય' (૧૯૩૩), 'અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણો'(૧૯૩૮), 'કાવ્યની શક્તિ' (૧૯૩૯), 'સાહિત્ય વિમર્શ' (૧૯૩૯), 'આલોચના' (૧૯૪૪), 'નર્મદ : અર્વાચીન ગદ્ય-પદ્યનાં આદ્યપ્રણેતા' (૧૯૪૫), 'સાહિત્યલોક' (૧૯૫૪), 'નભોવિહાર' (૧૯૬૧), 'આકલન' (૧૯૬૪), 'કાવ્યપરિશીલન' (૧૯૬૫) વગેરે મુખ્ય છે. તેમણે ઘણા મહત્વના સંપાદનો તથા અનુવાદ કરેલાં છે. આવા બહુશ્રુત અધ્યાપક અને સર્જકે સત્તાવીશ વર્ષનું વિધુર જીવન વીતાવ્યા બાદ ઈ.સ. ૧૯૪૫ના જૂન મહિનાની ૧૮મી તારીખે તેમનાથી ત્રીસ વર્ષ ઓછી ઉંમરના હીરાબેન સાથે લગ્ન કરી લીધા બાદ સમાજમાં તેમની સામે ભારે વિરોધનો વંટોળો ઉઠેલો. તેઓ ૨૧ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૫૫ના રોજ અવસાન પામેલા. 'મુકુંદરાય', 'ખેમી', અને 'જક્ષણી' તેમની ખૂબ જાણીતી વાર્તાઓ છે. લાગણીસભર સંવેદના, વસ્તુવૈવિધ્ય, માનવસ્વભાવનો તલસ્પર્શી અભ્યાસ તથા વેધક કટાક્ષસભર હાસ્ય તેમની વાર્તાઓનાં વિશિષ્ટ લક્ષણો છે. 'સ્વૈરવિહાર' એમનો શ્રેષ્ઠ નિબંધ છે. તેમનું ગદ્ય સાત્વિક હોઈ વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ તેમના ગદ્યને કાચ જેવું નિર્મળ ગણાવ્યું છે. આવો બહુશ્રુત વિદ્વાન ગુજરાતી સાહિત્યનું ઘરેણું બની ગયો છે. તેઓ ૨૧ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૫૫ના રોજ અવસાન પામ્યા હતા.



## (૨૮૪)

# જેમ્સ મેકનર્ની

## (૨૨ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૪૯)

અમેરિકાની બોઈંગ કંપનીમાં સી.ઈ.ઓ. અને ચેરમેનનું પદ ભોગવી રહેલા વોલ્ટર જેમ્સ મેકનર્નીનો જન્મ ૨૨ ઓગસ્ટ ઈ.સ. ૧૯૪૯ના રોજ થયો હતો. ૧૯૭૧માં યેલ યુનિવર્સિટીમાંથી તેમણે બી.એ.ની અને ઈ.સ. ૧૯૭૫માં હાર્વડ યુનિવર્સિટીમાંથી એમ.બી.એ.ની પદવીઓ પ્રાપ્ત કરી હતી. તેમણે બે વાર લગ્ન કર્યાં હતાં. પ્રથમ પત્ની સાથે છૂટાછેડા લીધા પછી પુર્નલગ્ન કર્યું હતું. પ્રથમ પત્નીથી તેઓ બે સંતાનોના અને બીજી પત્નીથી ત્રણ સંતાનોના એમ કુલ પાંચ સંતાનોના પિતા બન્યા હતા.

ઈ.સ. ૧૯૭૫થી તેમની કારકિર્દીનો આરંભ થયો હતો. તેઓ ઈ.સ. ૧૯૭૫થી ઈ.સ. ૧૯૭૮ સુધી પ્રોક્ટર એન્ડ ગેમ્બલમાં બ્રાન્ડ મેનેજર તરીકે જોડાયા હતા. ઈ.સ. ૧૯૭૮થી ઈ.સ. ૧૯૮૨ સુધી તેમણે મેકકિન્સે એન્ડ કંપનીમાં સિનિયર મેનેજર પદે રહી સેવાઓ આપી હતી. ઈ.સ. ૧૯૮૨માં તેઓ જી.ઈ. મોબાઈલ કોમ્યુનિકેશનમાં જનરલ મેનેજર તરીકે જોડાયા હતા અને છ વર્ષ તેઓ આ પદ પર કાર્યરત રહેલા. ઈ.સ. ૧૯૮૮થી એક વર્ષ સુધી તેઓ જનરલ ઈલેક્ટ્રીક ઈન્ફોર્મેશન સર્વિસીસમાં પ્રેસિડન્ટ બન્યા હતા. ઈ.સ. ૧૯૮૯થી ઈ.સ. ૧૯૯૧ દરમ્યાન તેઓ જી.ઈ. ફાઈનાન્સિયલ સર્વિસીસ એન્ડ જી.ઈ. કેપિટલના એક્ઝિક્યૂટીવ વાઈસ પ્રેસિડન્ટ બની રહેલા. ઈ.સ. ૧૯૯૧માં તેઓ જી.ઈ. ઈલેક્ટ્રીકલ ડિસ્ટ્રીબ્યૂશન એન્ડ કંટ્રોલમાં સી.ઈ.ઓ. અને અધ્યક્ષ બનેલા. તેમણે એશિયા પેસિફિક, જનરલ ઈલેક્ટ્રિક લાઈટિંગ અને એરક્રાફ્ટ એન્જિનમાં પ્રેસિડન્ટ અને સી.ઈ.ઓ. ના હોદ્દા ભોગવ્યા હતા. ઈ.સ. ૨૦૦૫થી



તેઓ શિકાગોની બોઈંગ કંપનીના ચેરમેન, પ્રેસિડન્ટ અને સી.ઈ.ઓ.ની જવાબદારી નિભાવી રહ્યા છે. તેમની કંપની કોમર્શિયલ જેટ પ્લેન અને મિલિટરી એર ક્રાફ્ટનું ઉત્પાદન કરતી અમેરિકાની સૌથી મોટી કંપની છે. તેઓ પ્રતિવર્ષ બધું મળી વાર્ષિક ૧૨,૯૦૪,૪૭૮ યુ.એસ. ડોલરનું મહેનતાણું મેળવે છે.

તેઓ ૨૦૦૧થી ઘણા બધાં બોઈંગ બોર્ડ ઓપ ડિરેક્ટર્સમાં સ્થાન ભોગવે છે. તેઓ પ્રોક્ટર એન્ડ ગેમ્બલના બોર્ડ ઓફ ડિરેક્ટરમાં પણ સભ્યપદ ધરાવે છે.ઈ.સ.૨૦૦૭ અને ૨૦૦૮માં બિઝનેસ કાઉન્સિલના ચેરમેન તરીકે પણ તેમણે સેવાઓ આપી હતી. હાલ તેઓ નોર્થ વેસ્ટર્ન યુનિવર્સિટીના બોર્ડ ઓફ ટ્રસ્ટીઝમાં પણ સભ્યપદ ભોગવી રહ્યા છે. અમેરિકાના પ્રમુખ બરાક ઓબામા દ્વારા તેમની નિમણૂંક પ્રેસિડન્ટસ એક્સપોર્ટ કાઉન્સિલના ચેરમેનપદે કરવામાં આવી છે.

આવા કુશળ, બાહોશ અને વિચક્ષણ વહીવટકાર અને ઉદ્યોગપતિ જેમ્સ મેકનીર્નીં ઈ.સ. ૨૦૦૪ના શ્રેષ્ઠ ચીફ એક્ઝિક્યૂટીવ ઓફિસરનો એવોર્ડ એનાયત કરી સન્માનવામાં આવ્યા હતા. તેમને ૨૦૦૩ના સર્વશ્રેષ્ઠ મેનેજર તરીકે ઘોષિત કરીને એવોર્ડ પ્રદાન કરવામાં આવ્યો હતો.

●

## (૨૮૫)

# લાલશંકર ત્રવાડી

## (૨૩ ઓગસ્ટ, ઈ.સ. ૧૮૪૫)

ગુજરાતના અગ્રિમ હરોળના સમાજસુધારક અને અંધકારમાં અટવાયેલા ગુજરાતના સમાજને સાચો રાહ ચીંધનારા રાહબર લાલશંકર ઉમિયાશંકર ત્રવાડીનો જન્મ અમદાવાદ-મહેસાણા હાઈ-વે ઉપર આવેલા કલોલ પાસેના ગામ નારદીપુરમાં ૨૩ ઓગસ્ટ, ઈ.સ. ૧૮૪૫માં થયો હતો. આજથી એકસો અડસઠ વર્ષ પહેલાંના ગુજરાતી સમાજમાં વર્ણવાદ, જ્ઞાતિવાદ, અસ્પૃશ્યતા, અંધશ્રદ્ધા, કુરિવાજો અને અજ્ઞાન જેવાં અનિષ્ટો ખૂબ ફૂલ્યા ફાલ્યાં હતાં ત્યારે આ જ્યોતિર્ધરે સમાજોદ્ધારક તરીકે હાથ ધરેલી પ્રવૃતિઓ બેશક ક્રાંતિકારી હતી.

નવો ચીલો ચાતરનારાને કે સામાજિક પરંપરાની બેડીઓ તોડી નવાં મૂલ્યો પ્રસ્થાપિત કરવાનું સાહસ કરનારને અનેક લોકોની ટીકાઓ કે નિંદાઓનો ભોગ બનવું પડે છે. તેની સ્થિતિ નદીમાં સામે પૂરે તરવા જેવી હોય છે. આ બધા સંઘર્ષોમાંથી અડગ આત્મબળથી આરપાર નીકળી સમાજને યોગ્ય દિશા દેખાડવામાં સફળતા મેળવનાર લાલશંકરનું નામ ગુજરાતીઓ કદી ભૂલશે નહીં.

ગઈ પેઢીના લોકો લાલશંકરને એમના ગણિત વડે ખૂબ સારી રીતે ઓળખતા. આજની નવી પેઢી કદાચ આ ગણિતશાસ્ત્રીને ના પણ ઓળખે. અમદાવાદથી એમના શિક્ષણની શરૂઆત થયેલી. આમ તો જ્ઞાતિએ બ્રાહ્મણ, એટલે પિતાની ઈચ્છા દીકરાને ગોરપદું અને કર્મકાંડ કરાવવાની હતી. પણ લાલશંકરનું મન તેમ કરવામાં માનતું ન હતું. તે સમયની સામાજિક રૂઢિ મુજબ બાળપણમાં જ તેમનાં લગ્ન થઈ ગયેલાં. પિતા ઉમિયાશંકર દીકરો કર્મકાંડી બને તેવું ઈચ્છતા



હોઈ વધુ અભ્યાસ માટે દીકરાને સંમતિ આપે એમ બનવું અસંભવ હતું. પરિણામે લાલશંકરે પત્ની સાથે ઘર ત્યજી દીધેલું. તેમણે તેમની ઈચ્છા પ્રમાણે અભ્યાસ ચાલુ કરેલો. લાલશંકર ભણવામાં ખૂબ જ હોંશિયાર. તેથી મહીપતરામ નીલકંઠે તેમને ઉચ્ચશિક્ષણની વ્યવસ્થા કરી આપેલી.

ગણિત એમનો મનગમતો વિષય. ગણિતમાં તેમનું પ્રાવિણ્ય જોઈ અમદાવાદની એક હાઈસ્કૂલમાં ગણિત શિક્ષક તરીકે તેમને નોકરી મળી ગયેલી. બ્રિટીશ ભારતમાં ત્યારે આજના જેવી કોલેજો અને યુનિવર્સિટીઓની અછત તેથી આર્થિક સંકડામણ વેઠીને મદ્રાસ જઈ કોલેજના પહેલા વર્ષની પરીક્ષા પાસ કરેલી. તેમણે કોલેજમાં ગણિતના અધ્યાપક તરીકે પણ ફરજ બજાવેલી. પછી કોલેજની નોકરી છોડી કોર્ટમાં નાજરની જગા પર જોડાયેલા અને વધુ અભ્યાસ કરી સબન્યાયાધીશના હોદ્દા સુધી પહોંચેલા. તેમનામાં રહેલી કર્મઠતા અને નિષ્ઠાને લીધે તેઓ પ્રમોશન પામતા રહેલા. અંતે અમદાવાદની સ્મોલ કોઝિઝ કોર્ટના ન્યાયમૂર્તિ બનેલા. એ હોદ્દા પર લાંબો સમય સેવા આપી છેવટે ઈ.સ. ૧૯૦૩માં નિવૃત્ત થયેલા.

નોકરીનાં તેમનાં સ્થળો બદલાતાં રહેતાં. તેઓ જ્યાં જ્યાં જતાં ત્યાં ત્યાં જાહેર જીવનનો હિસ્સો બની જતા. દક્ષિણ ભારતમાં ત્યજી દેવાયેલા તરતના જન્મેલા બાળકને જોઈને તેમણે ત્યાં એક 'બાલિકાશ્રમ'ની સ્થાપના કરેલી. આજે પણ આ સંસ્થા ત્યજાયેલાં બાળકોને નવજીવન આપી જગતમાં સારા માર્ગે વાળવાનું પરોપકારી અને પુણ્યશાળી કામ કરી રહી છે. આજે એમણે સ્થાપેલો એ 'બાલિકાશ્રમ' 'વાસુદેવ બાબાજી નવરંગે બાલિકાશ્રમ'ના નામે જાણીતો છે. અને અનેક બાળકોનાં જીવનમાં અજવાળાં પાથરવાની સેવા કરી રહ્યો છે. તેમની સેવાભાવનાને લઈને તેઓ પંઢરપુર છોડવાનો વારો આવેલો ત્યારે લોકોએ તેમને અશ્રુભીની આંખોએ ઉષ્માભરી વિદાય આપેલી અને તેમની સેવા પ્રવૃતિને બિરદાવવા 'દેવ-મુનસફ'નું બિરૂદ આપેલું. તેઓ મહીપતરામ રૂપરામનો

સ્વર્ગવાસ થયો ત્યારે તેમનું ઋણ ચૂકવવા તેમની સ્મૃતિમાં અમદાવાદમાં 'મહીપતરામ રૂપરામ અનાથાશ્રમ' ની સ્થાપના કરેલી, જે આજે પણ હજારો અનાથોને શીળી છાંયડી આપી રહ્યો છે.

નિવૃત્તિ પછી તેમણે અમદાવાદને વતન બનાવેલું. તેમણે તેમના જ્ઞાન અને અનુભવના આધારે અસંખ્ય પુસ્તકો લખેલાં. કન્યાઓ શિક્ષણથી વંચિત ન રહી જાય તેની તેઓ સતત ચિંતા કર્યા કરતા. કન્યાઓને શિક્ષિત કરી તેમનામાં જાગૃતિ લાવવા તેમણે પાંચેક ટ્રસ્ટોની સ્થાપના કરી હતી. તેમને શિક્ષણની વિશેષ ચિંતા હતી. તેથી તેમણે જુદા-જુદા વિષયોનાં પાઠ્યપુસ્તકો તૈયાર કર્યા હતાં. તેઓ 'સાદા જીવન અને ઉચ્ચ વિચાર'માં વિશ્વાસ ધરાવતા હતા. ગીતાનો 'કર્મયોગ' તેમણે જીવનમાં પૂરેપૂરો ઉતારેલો.

તેમની સેવાઓની કદરરૂપે ત્યારની અંગ્રેજ સરકારે તેમને 'કૈસર એ હિન્દ', 'રાવબહાદુર' અને 'સર્ટિફિકેટ ઓફ મેરિટ' જેવાં માન આપેલાં. આ વ્યવહારદક્ષ સમાજસુધારક ૧૨, ઓક્ટોબર, ઈ.સ. ૧૯૧૨ના રોજ આ દુનિયા છોડી અનંતની યાત્રાએ ચાલ્યા ગયેલા.







## (૨૮૬)

# વીર નર્મદ

## (૨૪ ઓગસ્ટ, ઈ.સ. ૧૮૩૩)

રસિક, સત્યપૂર્ણ અને ટેકીલું જીવન જીવનાર, સ્વભાવે વીર, સત્યશોધક અને ચિંતનશીલ એવા આજન્મ સમાજસુધારક નર્મદનો જન્મ સુરતમાં ૨૪ ઓગસ્ટ, ઈ.સ. ૧૮૩૩ના રોજ થયો હતો. તેમના પિતા લાલશંકર દવે મુંબઈમાં લહિયાનો વ્યવસાય કરતા હતા. પ્રાથમિક શિક્ષણ સુરતમાં લીધા પછી હાઈસ્કૂલ અને બાકીનું શિક્ષણ મુંબઈમાંથી મેળવેલું. જ્ઞાતિએ તેઓ વડનગરા બ્રાહ્મણ હતા. આજીવન કલમને ખોળે માથું મૂકી જીવેલા નર્મદે દરેક સામાજિક ક્ષેત્રમાં હિંમતપૂર્વક ઝંપલાવેલું. અગિયાર વર્ષની ઉંમરે તેમનું લગ્ન સુરજરામ શાસ્ત્રીની દીકરી ગુલાબ સાથે થયેલું.

ભણવામાં ખૂબ તેજસ્વી નર્મદ વર્ગમાં હંમેશા પહેલે નંબરે જ પાસ થતા. વિદ્યાર્થી કાળથી વાચનની લત લાગેલી. માત્ર સત્તર વર્ષની ઉંમરે તેમણે 'બુદ્ધિવર્ધક સભા' ની સ્થાપના કરી તેઓ તેના પ્રમુખ થયેલા. બાળપણથી જ નેતૃત્વનો ગુણ કેળવાયેલો. તેમણે જાહેરમાં પહેલીવાર 'મંડળી મળવાથી થતા લાભ' વિષય પર જાહેર વ્યાખ્યાન આપેલું અને પાછળથી તે છપાયેલું પણ ખરું.

તે પછી તેઓ વતન સુરતમાં આવીને શહેરમાં માસિક પંદર રૂપિયાના પગારે શિક્ષકની નોકરીમાં જોડાયેલા. સુવાવડ દરમ્યાન પત્ની ગુલાબનું અવસાન થતાં તેઓ પુનઃ મુંબઈ ગયેલા. ધીમે ધીમે તેમની સાહિત્ય પ્રત્યે પ્રીતિ થતી ગઈ. અને તેમણે કવિતા કરવા તરફ મન વાળ્યું. તેમણે પિંગળશાસ્ત્રનો અભ્યાસ શરૂ કર્યો. તેમણે પછી તો પિતાની ટકોર ઝીલી લઈને 'પિંગળપ્રવેશ' પુસ્તકની રચના કરેલી. કવિ દલપતરામે નર્મદના પુસ્તકને ખૂબ વખાણેલું. આવી સિદ્ધિથી પોરસાયેલા

તેમણે 'રસપ્રવેશ' પુસ્તકની રચના કરેલી. ઈ.સ. ૧૮૫૮ના વચગાળે 'નર્મ કવિતા'ના બે અંકો પણ પ્રગટ થઈ ચૂકેલા.

હવે નર્મદ 'કવિ નર્મદ' તરીકે જાણીતા થઈ ગયા. એલ્ફિસ્ટન્ટ ઈન્સિસ્ટટ્યૂટની સેન્ટ્રલ સ્કૂલમાં મદદનીશ શિક્ષકની નોકરી કરતા નર્મદને નોકરીમાં ગૂંગળામણ અનુભવાતાં નોકરીને રામરામ કરી કલમને ખોળે માથું મૂકી જીવવાનો ટેક લઈ લીધેલો જે તેમણે આજીવન પાળેલો. ત્યારે તેમને આર્થિક મુશ્કેલીઓ વેઠવી પડેલી. ચણા અને દૂધ-પૌઆં ખાઈને દિવસો વિતાવેલા પણ લાચારી અનુભવેલી નહીં.

નર્મદ એક જાગૃત વિચારક અને સમાજ સુધારક હતા. જ્યારે ગુજરાતી સમાજ અનેક કુરિવાજોનાં બંધનોમાં બંધાયેલો હતો ત્યારે તેમણે 'દાંડિયો' પીટીને સમાજને જાગૃત કરવાનું અભિયાન હાથ ધરેલું. તેઓ સમાજ સુધારાના આદ્યપ્રણેતા હતા. એમણે સુધારાવિષયક નિબંધો લખીને ઘણું મોટું અર્પણ કરેલું. તે એક સાચા સ્વદેશભક્ત હતા. તેમણે યુગચેતનાને પ્રજવલિત કરી મૂકે એવા ક્રાંતિકારી વિચારો રજૂ કરતો 'સ્વદેશાભિમાન' નામનો એક લેખ ઈ.સ. ૧૮૫૬માં લખેલો. તેઓ આર્ષદૃષ્ટા હતા એમ કહીએ તો કશું ખોટું નથી. તેમણે ધર્મસત્તા તોડવા માર્ટિન લ્યૂથર જેવું કામ કરેલું. 'વિષયી ગુરુ' અને ગુરુની સત્તા નામના બે નિબંધો લખીને પાખંડી ધર્મસભા પર એમણે ચાબખા વીંઝ્યા છે. કોઈ એવો વિષય ભાગ્યે જ હશે કે જેના પર નર્મને કલમ નહીં ચલાવી હોય ! તેમણે મંડળી મળવાથી થતા લાભ, કાશ્મીરી શાલ, ભાષણ કરતી વેળાના ચાળા, કસુંબી પાઘડી રંગવાની રીત, બ્રહ્મતૃષ્ણા, કવિ અને કવિતા, શેઅર કાગળના કનકવા, સ્ત્રીના ધર્મ, લગ્ન તથા પુનલગ્ન, સંપ વિશે, વાંઝણીઓની વિયાવાની તજવીજો, રણમાં પાછાં પગલાં ન કરવા વિશે, સ્વદેશાભિમાન, કુલમોટપ, કેળવણી વિશે, વગેરે અનેક વિષયો ઉપર સુધારાવાદી દૃષ્ટિથી લખ્યું છે.

'અર્વાચીનોના આદ્ય' નર્મદનું સાહિત્ય નિઃસ્પૃહ, શુદ્ધ, સાત્વિક અને સત્યનિષ્ઠ




છે. તેમણે કલમને ખોળે માથું મૂકી યુગચેતનાને ઢંઢોળી છે. સ્વદેશપ્રેમ અને સુધારણાના પુરસ્કર્તા નર્મદ આદ્ય પ્રતિબદ્ધ સર્જક છે.


જય ! જય ! ગરવી ગુજરાત !
જય ! જય ! ગરવી ગુજરાત !
દીપે અરુણું પરભાત,
ધ્વજ પ્રકાશશે ઝળળ કસુંબી, પ્રેમ શોર્ય અંકિત,
તું ભણવ ભણવ નિજ સંતતિ, સહુને પ્રેમભક્તિની રીત-
ઊંચી તુજ સુંદર જાત,
જય ! જય ! ગરવી ગુજરાત !

ઉપરોક્ત કવિતા તેમની અચળ સ્વદેશભક્તિનું ઉત્તમ ઉદાહરણ છે.

કવિતા અને નિબંધો ઉપરાંત નર્મદે છ નાટકો અને બે સંવાદો લખેલા છે. કૃષ્ણ કુમાર (૧૮૬૯), રામજાનકી દર્શન (૧૮૭૬), શ્રી દ્રોપદી દર્શન (૧૮૭૮), સીતાહરણ (૧૮૭૮), શ્રી સારશાકુંતલ (૧૮૮૧) અને બાલકૃષ્ણવિજય (૧૮૮૬) તેમની નાટ્યકૃતિઓ છે. નર્મકોશ, નર્મ વ્યાકરણ, 'મારી હકીકત' અને 'ઉત્તમ નર્મદ ચરિત્ર' તેમના વ્યાકરણલક્ષી ગ્રંથો છે.

'સહુ ચલો જીતવા જંગ બ્યૂગલો વાગે' અને 'ડગલું ભર્યું કે ના હટવું' જેવા મર્દાનગીભર્યા ગીતો આલાપનાર નર્મદ ૨૬ ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૬૩ના રોજ આપણી વચ્ચેથી વિદાય થઈ ગયા હતા.





## (૨૮૭)

# હરિનારાયણ આચાર્ય

## (૨૫ ઓગસ્ટ, ઈ.સ. ૧૮૯૭)

પ્રકૃતિવિજ્ઞાન અને વિવિધ ચીજવસ્તુઓનો સંગ્રહ કરવાના શોખીન હરિનારાયણ આચાર્યનો જન્મ તેમના મોસાળના ગામ વીરમગામમાં થયો હતો. તેમનું વતન ઉત્તર ગુજરાતનું ખૂબ જાણીતું ઉમિયાધામ ઊંઝા, તેમના પિતાનું નામ ગિરિધરલાલ આચાર્ય હતું અને માતાનું નામ રેવાબહેન હતું. સંસ્કારી કુટુંબમાં ૨૫ ઓગસ્ટ, ઈ.સ. ૧૮૯૭ના રોજ એમનો જન્મ થયેલો.

પ્રાથમિક શિક્ષણ એમણે વતનની શાળામાંથી લીધેલું. તે પછી ઉચ્ચ અભ્યાસ માટે તેઓ અમદાવાદની જાણીતી ગુજરાત કોલેજમાં દાખલ થયેલા. આ કોલેજમાંથી સંસ્કૃત વિષય સાથે તેમણે બી.એ.ની ડિગ્રી મેળવેલી. બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મ થયો હોઈ સંસ્કૃતના સંસ્કાર અને વાતાવરણ ઘરમાંથી જ મળેલાં. બાળપણથી જ પ્રત્યે રૂચિ પણ ખરી. તેથી વેદાંત અને તત્વજ્ઞાન તથા સંસ્કૃત સાહિત્યનું જ્ઞાન કોલેજકાળથી જ સારૂં હતું. બ્રાહ્મણના સંસ્કાર પામેલા તેથી વરણાગીવેડા કે પાશ્ચાત્ પહેરવેશ અને રહેણીકરણીથી તેઓ દૂર રહેલા. ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારને તેઓ નખશિખ વરેલા. કોલેજમાં ભણતા ત્યારે કશા સંકોચ કે શરમ વગર ધોતિયું કફની અને ફેંટો એવો પૂર્ણ ભારતીય પોશાક ધારણ કરીને જ કોલેજમાં જતા. તેમની તેજસ્વિતા ઉડીને આંખે વળગે એવી હતી. તેમની બુદ્ધિપ્રતિભાથી સહાધ્યાયીઓ અને અધ્યાપકો પણ દંગ રહી જતા.

સ્નાતક થયા પછી ઈ.સ. ૧૯૧૯માં મુંબઈની એક હાઈસ્કૂલમાં તેઓ શિક્ષકની નોકરીમાં જોડાયેલા. દરમ્યાન સ્વાતંત્ર્ય ચળવળના ભાગરૂપે ગાંધીજીએ સ્વદેશી અને બહિષ્કારનું આંદોલન ચલાવ્યું હોઈ તેઓ મુંબઈની નોકરી છોડી



અમદાવાદ આવી ગાંધીજીએ સ્થાપેલ વિદ્યાપીઠમાં જોડાઈ ગયેલા. તેઓ વિદ્યાપીઠના વિદ્યાર્થીઓમાં ખૂબ પ્રિય થઈ ગયેલા. તેઓ તેમને શીખવવા સોંપેલા વિષયોમાં ઘણા પારંગત હતા. તેમના જ્ઞાનથી વિદ્યાર્થીઓ અંજાઈ જતા. તેમને વાચનનો પણ અનહદ શોખ હતો. તેમની જ્ઞાનપિપાસા તીવ્ર હતી. નવું નવું જાણવાની ઉત્કટ તાલાવેલીને લઈ તેમનું જ્ઞાન અતિ સમૃદ્ધ બન્યું હતું. માત્ર વિદ્યાર્થીઓમાં જ નહીં, પણ તેમની ઉમદા સેવાભાવનાથી તેઓ અધ્યાપકોના પણ માનીતા થઈ ગયેલા.

તે પછી તેઓ અમદાવાદની એક જાણીતી સુતરાઉ કાપડની મિલમાં મેનેજર તરીકે જોડાયેલા. ઈ.સ. ૧૯૪૫ સુધી તેમણે તે સ્થાન પર કાર્યરત રહી વફાદારી અને નિષ્ઠાપૂર્વક જવાબદારી વહન કરેલી. એમણે મેનેજર તરીકે એવી તો કાબેલિયત બતાવેલી કે તેઓની ગણના મિલના સૌથી કાબેલ અને નિપુણ અધિકારી તરીકે થવા લાગેલી.

પ્રકૃતિ સાથે એમનો ગજબનો નાતો હતો. તેઓ ગુજરાતને ગામડે ગામડે ફરી આપણા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જેમ લોકગીતો એકઠાં કરતા. પ્રાચીન સિક્કાઓ સંગ્રહવાનો પણ એમનો શોખ હતો. તેઓ કવિતાઓ પણ લખતા. એક અંગ્રેજી સામયિકમાં આકસ્મિક તેમણે ‘ભારતની દિવાચર પતંગિકાઓ’ નામનો લેખ વાંચેલો.તેમને વધુ જાણવાની તાલાવેલી થઈ આવેલી. પ્રાણીજીવનની વાતો જાણવામાં એમને રસ પડવા લાગેલો. કુદરતના ખોળે તે રખડતા રહેતા અને નાના મોટા પ્રાણીઓના જીવનક્રમ અને દિનચર્યાનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરતા રહેતા. આમ, સ્વપ્રયત્ને તેમણે પ્રાણીજીવનનાં વિવિધ પાસાનું જ્ઞાન અર્જિત કરેલું.

સત્તાવીશ વર્ષની ભરયુવાન વયે તેઓ દમની બિમારીમાં સંપડાયેલા. દિવસે દિવસે શરીર ક્ષીણ થતું ગયેલું. પણ તેઓ હિંમત હાર્યા નહીં. દમની વ્યાધિને મારી હઠાવવા તેમણે વ્યાયામ અને યોગનો આશરો લીધેલો. તેઓ વહેલી સવારે

ઉઠી રોજ નિયમિત રીતે કસરત કરતા. અડગ આત્મબળ અને વ્યાયમથી એમણે દમના રોગમાંથી મુક્તિ મેળવેલી. તેમનું શરીર પણ હતું તેનું તાકાતવાન અને દૈદિપ્યમાન બની ગયેલું. વ્યાયામ વિશએની સૂક્ષ્માતીસૂક્ષ્મ જાણકારી તેમણે હાંસલ કરી લીધેલી. તેમનું વ્યાયામ વિશેનું જ્ઞાન જોઈ વડોદરાના પ્રો. રામમૂર્તિ એમના પર વારી ગયા હતા.

તેઓ હરતી ફરતી જ્ઞાનશાળા હતા. તેમનું જ્ઞાન અનેક વિષયોને સ્પર્શતું હતું. દેશી જડીબુટ્ટીઓનું પણ તેમને સારૂં જ્ઞાન હતું. છતાં તેમણે તેમનું જ્ઞાન કોઈને કળાવા દીધેલું નહીં. પ્રસિદ્ધિના મોહથી તેઓ સદા દૂર રહેલા. પ્રકૃતિ-વિજ્ઞાનના ક્ષેત્રમાં તેમણે આપેલા નોંધપાત્ર ફાળાને બિરદાવવા ઈ.સ. ૧૯૪૭માં ‘રણજિતરામ સુવર્ણચંદ્રક’ અર્પણ કરવામાં આવ્યો હતો. ગુજરાતમાં તેમણે ‘ગુજરાત પ્રકૃતિમંડળ’ની સ્થાપના કરવામાં મહત્વનો ભાગ ભજવેલો. ઈ.સ. ૧૯૬૯માં તેઓ તેમના કામમાંથી નિવૃત થઈ ગયેલા. જીવનની ઢળતી સંધ્યાએ પગના ઓપરેશનને લઈ તેઓ સાવ પથારીવશ થઈ ગયેલા.

આજીવન વિદ્યાશીલ અને પ્રકૃતિ પ્રેમી રહેલા આ બહુશ્રુત વિદ્વાનનું ૨૨ મે, ઈ.સ. ૧૯૮૪ના રોજ અવસાન થયું હતું.

●





## (૨૮૮)

# સંત બાલજી

## (૨૬ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૦૪)

૨૦મી સદીના ક્રાંતિકારી જૈન મુનિશ્રી સંતબાલજીનો જન્મ ૨૬ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૦૪ એટલે કે સંવત ૧૯૬૦ની શ્રાવણ સુદ પૂનમના દિવસે સૌરાષ્ટ્રના મોરબી પાસે આવેલા ટોળ નામના ગામે થયો હતો. તેમનું મૂળ નામ શિવલાલ હતું. તેમના પિતાનું નામ નાગજીભાઈ અને માતાનું નામ મોતીબહેન હતું.

આજીવિકા મેળવવાના આશયથી શિવલાલનાં માતા-પિતાએ ટોળ ગામ છોડ્યું અને વાંકાનેરમાં વસવાટ શરૂ કર્યો. એ જે ભાડાના ઘરમાં રહેતા હતા તે ઘરમાં એકવાર સાપે દેખા દીધી. ત્યારથી મોતીબહેનું મન ઉડી ગયું. એ વતનના ગામે પાછાં આવ્યાં. શિવલાલનાં મા-બાપ ભારે સ્વમાની અને પરિશ્રમી. મોતીબાઈ ઘેર મિઠાઈ બનાવતાં અને નાગજીભાઈ વાંકાનેર જઈ મિઠાઈ વેચી આવતા. આર્થિક સંકડામણ, અપૂરતું પોષણ અને ચિંતાને લઈ નાગજીભાઈ તે માંદગી આભડી ગઈ અને તેમનું અવસાન થયું. એમના અવસાન સમયે એમના મોંમાં મૂકવા જેટલી રકમ પણ મોતીબહેન પાસે હતી નહીં.

મોતીબહેન પર આભ તૂટી પડ્યું. પણ તે હિંમત હાર્યા નહીં. લોકોના ઘરનાં ઘરકામ કરી એ ગુજારો ચલાવવા લાગ્યાં. છ વર્ષના શિવલાલને તેમણે અરણીટીંબા ગામે પ્રાથમિક શાળામાં ભણવા મૂક્યો. બે વર્ષ બાદ મોસાળ બાલંભા ગામે શિવલાલ ભણવા ગયા. તેમના મામા મણિભાઈ ગામની શાળામાં શિક્ષક હતા. અહીં તેમણે પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યું.

આ અરસામાં તેમના મામા બાલંભા છોડી મુંબઈમાં વસવા ગયા. એમની

પાછળ કમાણી કરવાની આશાએ શિવલાલ પણ ૧૯૧૭માં મુંબઈ ચાલ્યા ગયા. ત્યાં આટાની અને કાપડની દુકાનમાં કામ કર્યું પછી તેઓ લાકડાની લાટીમાં કામે લાગ્યા. વેતન પણ સારું મળવા લાગ્યું. મા અને બહેન માટે તેઓ સારી રકમ મોકલતા. 'તમારો દીકરો વૈરાગી થશે' એવું એક ફકીરે કહેલું વાક્ય માના કાનમાં પડઘાતું રહેતું. એટલે શિવલાલને પૂછ્યા વિના મા એ વાંકાનેરની કન્યા સાથે તેમની સગાઈ કરી નાંખી.

સ્વતંત્રતાની ચળવળ પૂરજોશમાં હતી ત્યારે શિવલાલ મુંબઈમાં ટિળક અને ગાંધીજી જેવા આગલી હરોળના નેતાઓનાં ભાષણો સાંભળવા જતા. નાનચંદ્રજી નામના જૈન મુનિનાં વ્યાખ્યાનોથી અભિભૂત થઈ તેમણે તેમને ગુરુ તરીકે સ્થાપિત કર્યા હતા. ધીમે ધીમે શિવલાલમાં પડેલા વૈરાગ્યના સંસ્કાર જાગૃત થવા લાગ્યા. એમની માનું અવસાન થતાં એમનામાં જન્મેલો વૈરાગ્યભાવ મજબૂત થયો. તેમનું જેની સાથે વેવિશાળ થયેલું તે દિવાળીબહેન પાસે જઈ તેમને સમજાવ્યાં તેમને બહેન બનાવી ચૂંદડી ભેટ આપી. પછી પચીસ વર્ષની ભરયુવાન વયે તેમણે ગુરુ નાનચંદ્રજી પાસેથી મેરબી નગરમાં દીક્ષા ગ્રહણ કરી. તેમના ગુરુએ તેમનું દીક્ષિત નામ મુનિ સૌભાગ્યચંદ્ર એવું રાખ્યું. તેમણે મોરબીમાં જ પહેલો ચાતુર્માસ રાખ્યો હતો.

અજમેરના સાધુ સંમેલનમાં હાજરી આપવા પસંદ થયેલા ચાર સાધુઓમાં એક મુનિ સૌભાગ્યચંદ્ર પણ હતા. આ સંમેલનમાં એમણે અવધાનના પ્રયોગો કરી બતાવ્યા. તેઓ શતાવધાની તરીકે ઓળખાવા લાગ્યા. તેમને 'ભારતરત્ન' નું બિરૂદ આપવામાં આવ્યું. તેઓ જીવનભર અધ્યેતા, ચિંતક અને લેખક રહ્યા હતા. તેમણે ટીકા સાથેના ઉત્તરાધ્યન સૂત્ર નામના ગ્રંથની રચના કરી. આ ગ્રંથ વિશે પૂ. રવિશંકર મહારાજે કહેલું : ગુજરાતીમાં આ ઉત્તરાધ્યન ગ્રંથ વાંચીને 'અમૃત પીધા જેવો આનંદ થયો' મુંબઈના ચાતુર્માસ દરમ્યાન આઝાદીની ચળવળના ટોચના નેતાઓનો તેમને પરિચય થયો હતો.



તેમણે જગતના ધર્મગ્રંથોનો તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો. 'વાત્સલ્ય' અને 'વિશ્વવાત્સલ્ય' શબ્દો એમના જીવનમાં રસાઈ ગયા હતા. હવે તેમણે તેમની જાતને સંતબાલ તરીકે ઓળખાવવાનું શરૂ કર્યું. એમના ક્રાંતિકારી વિચારોને લઈ ગુરુ નાનચંદ્રજીએ એમને શિષ્ય તરીકે જાકારો આપ્યો હતો. આ સમયે છોટુભાઈ વસનજી મહેતાએ સંતબાલજીને આત્મીય સહકાર અને સથવારો આપેલાં. આ જ અરસામાં મુનિશ્રીની યુવાનવસ્થાના ઉત્તમ નજરાણા સમાન શ્રી આચરાંગ સૂત્રનું સર્જન કર્યું. આ ગ્રંથ સંતબાલજીએ ગાંધીજીને અર્પણ કર્યો છે.

મુનિશ્રીનું ચિંતન ગહન અને વ્યાપ્ત હતું. તેઓ સમાજવાદમાં અપાર શ્રદ્ધા ધરાવતા હતા. સમાજવાદી સમાજ રચનાની કલ્પનાને સાકાર કરવા તેમણે ભાલ-નળકાંઠાનાં ગામોને પસંદ કર્યા હતાં. 'ધર્મ દષ્ટિએ સમાજરચના' નો પ્રયોગ તેઓએ ઈ.સ. ૧૯૩૮માં શરૂ કર્યો. એક જૈન સંન્યાસી દ્વારા સમાજસેવા અને સમાજપરિવર્તનનું કાર્ય હાથ ધરવામાં આવે એ ઘટના એક માઈલસ્ટોન સમી હતી. ભાલ-નલ કાંઠાના કોળી પટેલોને તેમણે 'લોકપાલ' તરીકે ઓળખાવ્યા હતા. તેમણે અનેક લોકસેવાની અને લોકસુધારાની પ્રવૃતિઓ હાથ ધરી હતી. પરિણામે આ વિસ્તારના લોકોનું આર્થિક અને સામાજિક પરિવર્તન થવા લાગ્યું. તેમનાં પ્રેરણા અને પ્રયત્નથી આરોગ્ય, શિક્ષણ, ખેડૂતમંડળ, ગોપાલકમંડળ, ખાદીગ્રામોદ્યોગ, માતૃસમાજ તથા પુસ્તકપ્રકાશન જેવી અનેક પ્રવૃતિઓ ધમધમતી થઈ.

સંતબાલજીએ લખેલ વિશ્વવાત્સલ્ય મહાવીર, અભિનવ રામાયણ, અભિનવ મહાભારત, અભિનવ ભાગવત, જૈન દષ્ટિએ ગીતાદર્શન, લોકલક્ષી લોકશાહી, પર્વમહિમા, નલકાંઠાનું નિર્દશન, અનુબંધાષ્ટક અને સંતબાલ પત્ર સુધા જેવા પુસ્તકોની રચના કરી છે.

તેમણે ધ્યેયસિદ્ધિ માટે અનેક વખત ઉપવાસ આદર્યા હતા. તેથી તેમના શરીરને

નુકસાન પણ પહોંચતું. ૨ માર્ચ, ૧૯૮૨ના રોજ એમના પર પક્ષાઘાતનો હુમલો થયો હતો. અને ૨૬ માર્ચ, ૧૯૮૨ના રોજ સવારે તેઓ કાળધર્મ તેઓ પામી ગયા હતા.

●





## (૨૮૯)

# એચ.એમ. પટેલ

## (૨૭ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૦૪)

પ્રશાસન, જ્ઞાનવિજ્ઞાનની સાધના, સામાજિક કાર્યો, આરોગ્ય, સાહિત્યપ્રીતિ, સામયિકો અને ગ્રંથોનું પ્રકાશન, લેખન, રાજકારણ, ધર્મ જિજ્ઞાસા, સંરક્ષણ, ઉદ્યોગ, રાજનીતિ, આતંરરાષ્ટ્રીયસંબંધો અર્થકારણ, નાણાંકીય બાબતો, પર્યાવરણ, કૃષિ, વિદ્યાર્થી કલ્યાણ વગેરે જેવી જીવનની અનેકવિધ પ્રવૃતિઓમાં રચ્યાપચ્યા રહેલા એચ.એમ. પટેલનો જન્મ પાટીદાર પરિવારામાં ૨૭ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૦૪ના રોજ મુંબઈમાં થયો હતો. તેમનું વતન ખેડા જિલ્લાનું ધર્મજ. તેમનું નામ હીરાભાઈ હતું. પણ બધા તેમને એચ.એમ. પટેલના નામથી જ ઓળખે.

તેમના પિતાનું નામ હતું મૂળજીભાઈ દ્વારકાદાસ. ઈશ્વરભાઈ પેટલીકરે જેમને 'સાહેબરૂપ સેવક' તરીકે ઓળખાવેલા તે એચ.એમ. પટેલના બાળપણમાં ત્રણ શિક્ષકોનો પ્રભાવ પડેલો હતો. એક, કરુણાશંકર, બીજા કાકા ભૂલાભાઈ અને ત્રીજા શિવાભાઈ.

તેમના પિતા અને કાકા વાચનના શોખીન. પટેલ સાહેબ ૧૬ મા વર્ષે ઉચ્ચાભ્યાસ માટે ઈંગ્લેન્ડ ગયેલા. ઓક્ટોબર ઈ.સ. ૧૯૨૭માં તેઓ આઈ.સી.એસ. થઈ ભારત પાછા આવ્યા હતા. ઈંગ્લેન્ડ જતા અગાઉ તેમનું લગ્ન સવિતાબેન સાથે થઈ ગયેલું. તેઓ સરકારી નોકરી દરમ્યાન અનુકૂળતાએ 'વસંત', 'કુમાર' , ' કૌમુદી', 'પ્રસ્થાન', 'અખંડ આનંદ' અને 'નિરીક્ષક' જેવા સામયિકો વાંચતા.

તેમના વિધુર કાકા ભૂલાભાઈની દીકરીએ તેમનાં માતા હીરાબાએ ઉછરેલી

તેથી 'મોટી બહેન' પ્રત્યે પટેલ સાહેબને અનન્ય લાગણી હતી. એચ.એમ.પટેલ માટે હીરાબને અપાર હેત હતું.

પટેલ સાહબેનો ઘાટ ઘડવામાં તેમના પિતાનો ફાળો ઓછો નથી. પુત્રના અભ્યાસ માટે આજથી ૭૫ વર્ષ પહેલાં ૭૦,૦૦૦ રૂપિયા ઈંગ્લેન્ડની બેંકમાં જમા કરાવ્યા હતા. પણ પછી સટ્ટામાં ભારે નુકસાન જવાથી તેમના પિતાએ મુંબઈમાં પરેલ વિસ્તારમાં આવેલી તેમની વિશાળ 'પટેલવાડી' પણ વેચી નાખેલી. તેમનાં માતપિતાએ આ વસમી આર્થિક કટોકટીનો ખૂબ જ હિંમતથી સામનો કરેલો.

તેમને ઘેર 'અખંડ આનંદ' ના સ્થાપક ભિક્ષુ અખંડ આનંદજી અવારનવાર પધારતા. કિશોરવયના હીરૂભાઈનો તેમની સાથે અનાયાસ સત્સંગ થતો. અમૃતલાલ પઢિયાર, કુંવરજી દેસાઈ, કરૂણાશંકર માસ્તર, કવિ કાન્ત, મોતીભાઈ અમીન જેવા વિદ્યાવ્યાસંગી પુરૂષો તેમના પિતાના મિત્રો હતા. તે બધાના સંસ્કાર હીરૂભાઈના વ્યક્તિત્વમાં ઝીલાયા હતા. શાળાકાળ દરમ્યાન રામાયણ, મહાભારત અને ગીતા જેવા ગ્રંથો તેમણે વાંચેલા. એ ગ્રંથોએ એમની જીવનદૃષ્ટિમાં આમૂલ પરિવર્તન આણ્યું હતું.

આઈ.સી.એસ.ની પરીક્ષા પાસ કરતા અગાઉ લંડનની મેટ્રિક્યુલેશનની પરીક્ષા તેમણે લેટિન અને ફ્રેન્ચ ભાષાઓ સાથે પાસ કરી હતી. ત્યાર બાદ ઓક્સફર્ડ યુનિવર્સિટીની સેન્ટ કેથેરાઈન કોલેજમાંથી બી.એ.ની પરીક્ષા પાસ કરી હતી. બહારના વિદ્યાર્થી તરીકે તેમણે લંડન યુનિવર્સિટીની બી.કોમ.ની પદવી પણ પ્રાપ્ત કરી હતી.

ભારત આવ્યા બાદ સિંધના લારખાના ખાતે એ.ડી. ગોરવાલા સાથે તેઓ આસીસ્ટન્ટ ક્લેક્ટર તરીકે જોડાયા હતા. ઈ.સ. ૧૯૪૭માં દેશના ભાગલા થતાં તેમણે ભાગલાં સંબંધી અનેક જવાબદારીઓનું કુનેહપૂર્વક વહન કર્યું હતું. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન તેમણે સરકારના પૂરવઠા વિભાગમાં ડેપ્યુટી સેક્રેટરી, જોઈન્ટ



સેક્રેટરી તરીકેની કામગીરી સફળતાપૂર્વક બજાવી હતી.

તેઓ ભારતની વચગાળાની સરકારમાં કેબિનેટ સેક્રેટરી પણ રહી ચૂક્યા હતા. આઝાદી પછી તેઓ ભારતના પ્રથમ ભારતીય કેબિનેટ સેક્રેટરી બન્યા હતા. ઈ.સ. ૧૯૪૭થી ૧૯૫૩ એમ છ વર્ષ સુધી તેમણે રક્ષણ સચિવ તરીકે મૂલ્યવાન સેવાઓ પ્રદાન કરેલી. એમના જ સમયે સરદાર પટેલે હૈદરાબાદ સામે 'પોલીસ પગલું' ભર્યું હતું. ભાગલા પછી ઊભી થયેલી લશ્કરી કટોકટીના સંદર્ભમાં તેઓ સ્વતંત્ર ભારતના સંરક્ષણ દળોના એક અગ્રગણ્ય ઘડવૈયા હતા. તેમણે ભારતના સંરક્ષણ ઉદ્યોગનો પાયો નાખ્યો હતો. 'હિન્દુસ્તાન મશીન ટુલ્સ' એમનું માનસ સંતાન હતું. વિખ્યાત બ્રિટીશ પત્રકાર ઝિનકિને પટેલ સાહેબને ભારતીય સનદી સેવામાંના પુરૂષસિંહ કહ્યા હતા. ઈ.સ. ૧૯૫૪માં ભારત સરકારના નાણાં મંત્રાલયના મુખ્ય સચિવ તરીકે તેમણે કામગીરી સંભાળી હતી.

સાવ નિર્દોષ એવા એચ.એમ. પટેલની કારકિર્દીને કલંક લગાડતો મુંદડા પ્રસંગ બન્યો તે પછીથી આત્મસન્માનની રક્ષા કાજે તેમણે ઈન્ડિયન સિવિલ સર્વિસમાંથી રાજીનામું ધરી દીધું હતું. જોકે, અદાલતી તપાસમાં તેઓ નિષ્કલંક પાર ઉતરેલા. ત્યાર પછી મોરારજી દેસાઈના વડાપ્રધાનપદે રચાયેલી જનતા સરકારમાં એચ.એમ.પટેલ નાણાંખાતામાં નાણાંમંત્રી રહી ચૂકેલા.

શ્રી પટેલ સાહેબ સ્વતંત્ર ભારતમાં સંરક્ષણ ક્ષેત્રે ઉત્પાદન કૌશલ્ય ઉત્પાદન વ્યવસ્થા અને લશ્કરી શિક્ષણ સંસ્થાનું નિર્માણ કરનારા સૌપ્રથમ સંરક્ષણ સચિવ હતા. ડૉ. આઈ.જી. પટેલે તેમને યુવાનો માટેના 'રૉલ મોડલ' તરીકે ઓળખાવ્યા હતા. એક વહીવટકર્તા તરીકે એચ.એમ.પટેલની નિષ્ઠા, ન્યાયપ્રિયતા, તટસ્થતા, ગતિશીલતા અને દૃઢતાની ચોમેર પ્રશંસા થઈ હતી. પંડિત સુખલાલજીએ તેમને ભારત દેશના ઉત્તમ 'સિવિલ સર્વન્ટ' કહી બિરદાવ્યા હતા. ઈ.સ. ૧૯૫૮માં નિવૃતિ પછી તેઓ વલ્લભવિદ્યાનગરમાં સ્થાયી થયા. અહીં તેમણે સામાજિક અને શૈક્ષણિક સ્વૈચ્છિક સેવા કાર્યોની શરૂઆત કરી. ભાઈકાકાના આમંત્રણને


માન આપી તેઓ 'ચારૂતર વિદ્યામંડળ' ના અધ્યક્ષ બન્યા હતા. આઈ.સી.એસ. થવા છતાં તેઓ સ્વદેશ વત્સલ અને સાધુચરિત હતા. તેમણે સરદાર પટેલ યુનિવર્સિટીની સિન્ડીકેટ, સેનેટ અને બીજા અધિકાર મંડળોના સક્રિય સભ્ય તરીકે લાંબા સમય સુધી કામગીરી બજાવી હતી. તેઓ વિદ્યાનગગરમાં ગ્રામપંચાયતના સરપંચ પણ થયેલા.

ઈ.સ. ૧૯૬૨માં બાસઠ વર્ષની ઉંમરે તેઓ સ્વતંત્રપક્ષમાં જોડાયા હતા. તેઓ ઈ.સ. ૧૯૭૧માં ભારતીય સ્વતંત્ર પક્ષના અધ્યક્ષ પણ થયા હતા. ઈ.સ. ૧૯૭૧ની લોકસભાની ચૂંટણી ધંધૂકા બેઠક ઉપરથી તેઓ જીત્યા હતા. ઈન્દિરા ગાંધીએ લાદેલી કટોકટી સામે પણ તેઓ ઝઝૂમ્યા હતા. કટોકટી બાદ ઈ.સ. ૧૯૭૭ની લોકસભાની ચૂંટણી જનતા પાર્ટીની ટિકિટ પર તેઓ સાબરકાંઠા મતવિસ્તારમાંથી જીત્યા હતા. ઈ.સ. ૧૯૭૯માં તેઓ ભારતના ગૃહમંત્રી બન્યા હતા. ઈ.સ. ૧૯૭૭થી ૧૯૭૯ના બે વર્ષના ગાળા દરમ્યાન તેમના પર્યાવરણ અને વન્યજીવન પ્રત્યેના પ્રેમને લઈ 'ઈન્ડિયન લોર્ડ ઓફ વાઈલ્ડ લાઈફ' તથા પ્રોજેક્ટ ટાઈગર ના અધ્યક્ષ બનાવાયા હતા. ઈ.સ. ૧૯૮૦માં અમેરિકાની 'એનીમલ વેલફેર ઈન્સ્ટિટયૂટ' નો 'આલ્બર્ટ સ્વાઈત્ઝર એવોર્ડ' મેળવનારા તેઓ પ્રથમ એશિયન હતા.

આ દષ્ટિવંત સંસ્થાસર્જકે વિદ્યાનગરમાં અનેક સંસ્થાઓ સ્થાપી છે. ગુજરાતમાં બિઝનેસ એડમિનિસ્ટ્રેશનનો અભ્યાસક્રમ સૌપ્રથમ શરૂ કરવાનો યશ એચ.એમ. પટેલને ફાળે જાય છે. મૂર્ધન્ય કવિ ઉમાશંકરે તેમને 'આચારસંહિતાના પુરૂષ'તરીકે ઓળખાવ્યા હતા. તેમણે અંગ્રેજી અને ગુજરાતીમાં લેખન કાર્ય પણ કર્યું છે. મુનશીજીની નવલકથાઓને તેમણે અંગ્રેજીમાં ઉતારી છે.

આવા કુશળ વહીવટકર્તા, શિક્ષણપ્રેમી એચ.એમ.પટેલ સાહેબ ૩૦ નવેમ્બર, ૧૯૯૩માં આપણી વચ્ચેથી વિદાય થઈ ગયા. વલ્લભ વિદ્યાનગરની 'એચ.એમ. પટેલ ઈન્સિસ્ટીટ્યૂટ ઓફ ઈંગ્લીશ' તેમનું સંભારણું બની રહી છે.





## (૨૯૦)

# લીયો ટોલ્સ્ટોય

## (૨૮ ઓગસ્ટ, ઈ.સ. ૧૮૨૮)

લેનિને જેને રશિયન ક્રાંતિના દર્પણ તરીકે ઓળખાવ્યા હતા તેવા રશિયાના મહાન માનવતાવાદી સાહિત્યસર્જક લીયો ટૉલ્સટૉયનો જન્મ યાસ્નાયા પોલયાના નામના ગામમાં ૨૮ ઓગસ્ટ ઈ.સ. ૧૮૨૮ના રોજ પિતા નિકોલસ અને માતા મેરીને ઘેર થયો હતો. તેમનું પૂરું નામ લિયાક નિકોલીવીસ ટૉલ્સટૉય. તેમના પિતા લશ્કરમાં નોકરી કરતા હતા. લીયો ટૉલ્સટૉયની દોઢ વર્ષની ઉંમરે તેમની માતાનું અવસાન થયું હતું. ટૉલ્સટૉયનું કુંટુંબ જાગીરદારનું હોવાથી તેમનો ઉછેર અધિક લાડપ્યારમાં થયો હતો.

તેમના શિક્ષણની શરૂઆત ઘરમાંથી જ થયેલી. એક ખાનગી શિક્ષક પાસેથી તેમણે ફ્રેન્ચ અને જર્મન ભાષાઓ શીખી હતી. આઠ વર્ષની ઉંમર થતાં ભણવા માટે તેમને મૉસ્કો મોકલવામાં આવ્યા હતા. અહીં તેમને પુસ્તકો વાંચવાની ચાનક ચઢી હતી. તેમના કુંટુંબીજનોએ તેમને તેમના મોટા ભાઈઓ સાથે કઝાન વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ કરવા મોકલ્યા હતા.

ઈ.સ. ૧૮૫૧માં ૨૩ વર્ષની ઉંમરે તેઓ કોકેરાસ ગયા હતા. તેમનો કાયદાનો બે વર્ષનો અભ્યાસ પૂરો થયો હતો. તેઓ તેમની જાગીરમાં જ રહેતા હતા. ઈ.સ. ૧૮૬૨માં તેમણે સોફિયા આન્દ્રેયેવના નામની તેમની ઉંમરથી ઘણી નાની કન્યા સાથે લગ્ન કર્યું હતું.

યુવાનવયથી જ તેઓ અંતર્મુખી વિચારક હતા. યુદ્ધમાં થયેલા ઘોર માનવસંહારની પીડા રાતદિવસ તેમને વ્યથિત કરતી રહેતી હતી.મજૂરોની કારમી યાતનાઓ એમના કાળજાને કોરી ખાતી હતી. યુદ્ધમાં જોડાયેલા હોઈ તેમને થયેલા

પ્રત્યક્ષ અનુભવો અને તેમણે નજરે જોયેલાં ભયંકર દશ્યોએ તેમના હૃદયને સંવેદનાઓથી ચિક્કાર ભરી દીધું હતું.

કોકેરાસના નૈસર્ગિક અને નયનરમ્ય વાતાવરણ વચ્ચે રહેલા તેમણ 'ધ કોઝકસ' અને 'પોલિકુશા' નામની નવલકથાઓ લખી હતી. આ કૃતિઓ વિવેચકોની કસોટીમાં નબળી પૂરવાર થયેલી. ટૉલ્સટૉયની ખરી પ્રતિભા પાંગરેલી તો આપણને જોવા મળે છે તેમની યશસ્વી નવલકથાઓ 'વૉર ઍન્ડ પીસ' અને 'આના કેરેનીના' માં. આ બે કૃતિઓના સર્જન પછી તેઓ સાહિત્યજગતમાં જાણીતા થઈ ગયા. 'ધ કિંગ્ડમ ઑફ ગૉડ ઈઝ વીથ ઈન યૂ' નામના ચિંતનાત્મક પુસ્તકના પ્રકાશન પછી તેઓનું વ્યક્તિત્વ ધર્મચિંતક તરીકે ઊભર્યું અને તેમના સેંકડો અનુયાયીઓ તેમની આસપાસ ટોળે વળવા લાગ્યા.

આ પછી તેમના લગ્નજીવનમાં ભંગાણ પડવાની શરૂઆત થઈ. ટૉલ્સટૉયનો માનીતો શિષ્ય ચેકોવ તેમના પર પૂરેપૂરો અધિકાર કરી બેઠો. તેમના લખાણોની હસ્તપ્રતો અને અંગત ડાયરી પણ ચેકોવના કબ્જામાં રહેતાં હતાં. તેમની પત્નીને આ ગમ્યું નહીં. તેમના ઘરમાં કંકાસની શરૂઆત થઈ. તેમનાં સંતોનામાંથી કેટલાંક પિતાના પક્ષે રહ્યાં, તો કેટલાંક માતાને, ઘરનું વાતાવરણ અશાંત થઈ ગયું. પરિણામે બ્યાશી વર્ષની જૈફ વયે તેઓ તેમના ડૉક્ટર અને એક નાની દીકરી સાથે બહારગામ જવાનું બહાનું કાઢી ગૃહત્યાગ કરી ગયા હતા. પણ ચિંતા અને વ્યાકુળતાને કારણે તેઓ ટ્રેઈનમાં જ બિમાર થઈ ગયા હતા. એસ્યપોવો સ્ટેશન પર ડૉક્ટરે તેમને ઉતરી સ્ટેશન માસ્તરની કેબિનમાં સુવડાવ્યા. ત્યાં સુધીમાં તેમની માંદગી અને ગૃહત્યાગની વાત બધે ફેલાઈ ગઈ હતી. પછી તો લોકોના ટોળેટોળાં આ નાનકડા સ્ટેશને આવવાં શરૂ થયેલાં. અઠવાડિયા સુધી તેઓ જીવનમરણ વચ્ચે ફંગોળાતા રહેલા. આખરે ૭ નવેમ્બર, ઈ.સ. ૧૯૧૦ના રોજ તેઓ અવસાન પામેલા અને તેમને તેમના વતનમાં કોઈપણ જાતની ધાર્મિક વિધિ વગર દફનાવી દેવામાં આવેલા.



ટૉલ્સટૉય માત્ર સાહિત્યસર્જક જ ન હતા. તેઓ દાર્શનિક અને ચિંતક પણ હતા. તેમના સાહિત્યમાં નેપોલિયનના સમયના રશિયાની આંતરિક પરિસ્થિતિ હૂબહૂ ઝીલાઈ છે. 'વૉર એન્ડ પીસ' યુદ્ધ અને શાંતિ - તેમની જગવિખ્યાત નવલકથા છે. આવી જ બીજી કીર્તિદા નવલકથા છે 'આના કેરેનિના.'

માનવજીવનનો અર્થ અને માનવજીવનની સાર્થકતા શોધતા ટૉલ્સટૉય પચાસ વર્ષની ઉંમરે આધ્યાત્મ તરફ વળ્યા. સાહિત્ય સર્જન પણ હવે તેમને નિરર્થક લાગવા માંડેલું. ઈશ્વરને ઓળખવાની અનુભૂતિમાં તેઓ રાચવા લાગેલા. તેમના વિચાર સંઘર્ષમાંથી 'કન્ફેશન', 'આઈ બિલીવ', 'કિંગ્ડંમ ઓફ ગૉડ વિધિન યૂ' જેવી અધ્યાત્મ સ્પર્શ થયેલી કૃતિઓનું સર્જન થયું.

મહાત્મા ગાંધીજીએ ૧૯૧૦માં ટૉલ્સટૉયના પેસીવ રેઝિસ્ટન્સના વિચારો સત્યાગ્રહની ભાવનામાં ઉતાર્યા હતા. ગાંધીજીએ ટૉલ્સટૉયને પાતાના માર્ગદર્શક માન્યા હતા. તેઓ માત્ર રશિયાના જ નહીં, વિશ્વના સર્વોત્તમ સાહિત્યકારોમાંના એક હતા. રશિયાના એક બીજા સર્જક ચેખોવે તેમને અંજિલ આપતા કહ્યું હતું, ''તેમના વગર અમે સાહિત્યકારો ભરવાડ વગરના ઘેટાંના ટોળાં જેવા બની ગયા છીએ.''

તેમની રચનાઓ વિશ્વની અનેક ભાષાઓમાં ભાષાંતરીત થઈ છે. ટૉલ્સટૉય ભલે આજે આ જગતમાં હયાત નથી, પણ તેમની જગપ્રસિદ્ધ કૃતિઓ વડે સદીઓ સુધી અમર બની રહેશે.

●



## (૨૯૧)

# ડોલરરાય માંકડ

## (અવસાન : ૨૯ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૭૦)

ગુજરાતી સાહિત્યના સમર્થ મિમાંસક અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સૌ પ્રથમ કુલપતિ ડોલરરાય રંગીલદાસ માંકડનો જન્મ સૌરાષ્ટ્રના જોડિયામાં ૨૩ જાન્યુઆરી, ઈ.સ. ૧૯૦૨ના રોજ થયો હતો. તેમણે એમ.એ. સુધી અભ્યાસ કર્યો હતો. તેઓ આજીવન અધ્યાપન કાર્ય સાથે સંકળાયેલા રહ્યા હતા. ગુજરાતી સાહિત્યમાં તેમનું સવિશેષ પ્રદાન વિવેચન-સંશોધન અને અનુવાદના ક્ષેત્રોમાં રહેલું છે.

તેમની લેખન પ્રવૃતિ લગભગ ચાલીસેક વર્ષ ચાલેલી. સાહિત્ય-વિવેચન ઉપરાંત સંશોધન, છંદ, અલંકાર અને ભાષાશાસ્ત્રને લગતા અભ્યાસલેખો તેમણે લખેલા છે. 'ભગવદજ્જુ કીયમ', 'રુદ્રાધ્યાય', 'પ્રાચીન ભારતમાં શિક્ષણ', જેવા અનુદિત ગ્રંથો તથા 'ભગવાનની લીલા' (૧૯૪૮) નામનો એક કાવ્યસંગ્રહ આપેલાં છે. તે ઉપરાંત તેમના 'એકસૂત્રિત શિક્ષણ યોજના' (૧૯૫૦), 'ઋગ્વેદમાં વષિષ્ઠનું દર્શન' (૧૯૬૪), અને 'ગીતાનો બુદ્ધિયોગ' (૧૯૬૯) જેવા પ્રકીણ ગ્રંથોનું પણ સર્જન કર્યું છે. આમ છતાં તેમની કીર્તિ તો તેમણે આપેલા વિવેચન અને સંશોધન વિષયક લેખો ઉપર ટકી છે. 'દશરૂપક', 'સંસ્કૃત નાટક', 'પ્રાચીન ભારતીય રંગભૂમિ', 'પુરાણ અને ઋગ્વેદનો કાલનિર્ણય' અને અંગ્રેજીમાં સંશોધનાત્મક ગ્રંથો લખેલા છે. 'કાવ્યવિવેચન' (૧૯૪૯) તેમણે લખેલો ગુજરાતી વિવેચન લેખોનો સંગ્રહ છે. આવો જ બીજો તેમનો ગ્રંથ છે 'નૈવેધ' (૧૯૬૨), ઈ.સ. ૧૯૬૫માં મુંબઈ યુનિવર્સિટીમાં આપેલ 'વસનજી ઠક્કર વ્યાખ્યાનમાળાનાં વ્યાખ્યાનો ગુજરાતી કાવ્યપ્રકારો' ગ્રંથમાં ગ્રંથસ્થ થયા છે.




રમેશ મ. શુક્લ તેમના વિશે લખે છે કે,

"ડૉલરરાયની મિમાંસા અન્ય વિવેચકોની અપેક્ષા એ ભારતીય સાહિત્યશાસ્ત્રના સિદ્ધાંતો પ્રત્યે વધુ ઢળેલી છે. આ સિદ્ધાંતોની તેમની સમજણ તલસ્પર્શી અને સર્વગ્રાહી છે. આ સિદ્ધાંતોને તેઓ નવા સંદર્ભમાં વિનિયોગ પણ કરે છે અને એ રીતે ગુજરાતી કાવ્યોની સમીક્ષામાં એ કસોટીઓ લાગુ પણ પાડે છે. તેમણે સિદ્ધાંતોના તથ્યમાં ક્યારેક અતિદેશ કરવાનું પણ તેમને માન્ય છે. 'સાધારણીકરણ' ની ચર્ચા કરતાં અભિનવગુપ્તના મનનું મહદઅંશે સમર્થન કરવા સાથે તેના ક્ષેત્રને વિસ્તાર કરતાં તેઓ કહે છે, સંસ્કૃત રસશાસ્ત્રની ચર્ચા ભલે ભાવના પૂરતી હોય, પણ એનાં તત્વો સર્જકને પણ લાગુ પાડી શકાય."

આમ છતાં તેમની વિચારણામાં અહંસચ્ચાભિનિવેશ નથી, સ્વમતાભિગ્રહ છે તે સાથે મતાંતરક્ષમા અને ક્ષતિ સ્વીકારવાની અને સુધારવાની અભિજાત તત્પરતા પણ છે.

તેમની વિવેચન પદ્ધતિ પંડિત યુગની વિવેચન પદ્ધતિને મળતી આવતી પૃથ્થક્કરણાત્મક છે.તેમાં નરી વિદ્વતા દૃષ્ટિગોચર થાય છે. તેમની વિવેચના સુસ્પષ્ટ, તંદુરસ્ત અને સૂક્ષ્મ છે. તેઓ સ્વતંત્ર અને મૌલિક અભિગમથી કોઈપણ કૃતિનું વિવેચન કરતા ભાષાનો ક્યાંય આડંબર જોવા ના મળે. વિશદ પર્યેષણા, નર્યુ વસ્તુકથન અને અરૂઢ અભિપ્રાયદર્શન એ એમના વિવેચનનાં મુખ્ય લક્ષણો છે. તેમનાં ગ્રંથાવલોકનોમાં સામાજિક સ્થિતિ અને જીવનદર્શન પર વધુ ભાર મૂકાયેલો અનુભવાય છે. તેમનું પ્રત્યેક વિધાન બારીક અવલોકન અને ઊંડા મનનો પરિપાક હોય છે. આથી જ તેમનાં વિવેચનો પ્રમાણભૂત અને શ્રદ્ધાપાત્ર જણાય છે.

તેમને તેમની સાહિત્ય સેવાની કદરરૂપે ઈ.સ. ૧૯૪૬માં 'રણજિતરામ ચંદ્રક' એનાયત કરવામાં આવ્યો હતો. આ સિદ્ધહસ્ત વિવેચક અને સંશોધક ૨૯ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૭૦ના રોજ દેવલોક પામ્યા હતા.



# (૨૯૨)
# કુમારપાળ દેસાઈ
## (૩૦ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૪૨)

સુપ્રસિદ્ધ લેખક સાહિત્યકાર 'સ્વ. જયભિખ્ખુ' ના સુપુત્ર અને 'ઈંટ અને ઈમારત' ના કટારલેખક કુમારપાળ દેસાઈનો જન્મ અમદાવાદ મુકામે ૩૦ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૪૨ના રોજ થયો હતો. તેમનું મૂળ વતન તો લાલજી મહારાજનું ધામ સાયલા. તેમના પિતાજી અમદાવાદમાં સ્થિર થયેલા. તેમના દાદા બોદરા અને વરસોડાના કારભારીપદે રહી ચૂકેલા.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય અને જૈનદર્શનમાં મહત્વનું યોગદાન આપનાર કુમારપાળ દેસાઈ રમતગમત વિષયક તથા ધર્મ અને ચિંતન સંબધી કટારોથી સવિશેષ જાણીતા થયેલા છે. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચશિક્ષણ તેમણે અમદાવાદમાંથી જ લીધેલું. ઈ.સ. ૧૯૬૩માં અમદાવાદની જાણીતી હ.કા. આર્ટસ કોલેજમાંથી ગુજરાતી વિષયમાં પ્રથમ વર્ગ સાથે તેઓ સ્નાતક થયેલા છે. ઈ.સ. ૧૯૬૫માં તેઓ એમ.એ. થયેલા. એમ.એ.ની પદવી પ્રાપ્ત કર્યા પછી નવગુજરાત આર્ટસ કોલેજમાં તેઓ વ્યાખ્યાતા તરીકે જોડાયા હતા. ઈ.સ. ૧૯૮૨ સુધી તેઓ એ સ્થાન પર રહેલા. જાણીતા વિવેચક ડૉ. ધીરૂભાઈ ઠાકરના માર્ગદર્શન હેઠળ પી.એચ.ડી. થયા પછી તેઓ ગુજરાત યુનિવર્સિટીના ભાષા ભવનમાં જોડાઈને રીડર બનેલા.

તેમણે સાહિત્ય અને સંશોધન ક્ષેત્રે વ્યાપક કામ કરેલું છે. તેઓ નીડર પત્રકાર પણ છે. ઈ.સ. ૧૯૮૦માં તેમણે જ્ઞાનવિમલ સૂરિકૃત સ્તબકનું અને ઈ.સ. ૧૯૮૫માં અપ્રગટ મધ્યકાલીન કૃતિઓ સંપાદિત કરી છે. 'શબ્દસંનિધિ' અને 'ભાવન-વિભાવન' એવા બે વિવેચનસંગ્રહો પણ તેમના નામે પ્રગટ થયેલા છે.



તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી પદે પણ રહી ચૂક્યા છે. એ સ્થાનેથી તેમણે 'નર્મદ : આજના સંદર્ભમાં' અને બાળસાહિત્યના એક પુસ્તક 'સંગોષ્ઠિ'નું સંપાદન કરેલું. 'દુલાભાયા કાગ સ્મૃતિગ્રંથ'નું પણ સંપાદન કરેલું છે.

જૈન ધર્મના તેઓ ઊંડા અભ્યાસી છે. વળી, તેઓ એક સારા વક્તા પણ છે. જૈન દર્શન વિશેના સૂક્ષ્મ પરિશીલનને લઈ તેઓ પરદેશોમાં વ્યાખ્યાનો આપવા પણ જતા રહે છે. ઈ.સ. ૧૯૮૫માં ગુજરાતી સાહિત્ય અકાદમીના નિમંત્રણથી ઈંગ્લેન્ડ જઈ ગુજરાતી સાહિત્ય વિશે તેમણે પ્રવચનો આપેલાં. અમેરિકામાં પણ તેઓ સાહિત્યિક સમાગમ માટે જઈ આવ્યા છે. લેસ્ટરમાં 'વિશ્વ જૈન કોન્ફરન્સ' માં મહાવીર સ્વામીની અહિંસા ઉપર તેમણે નિબંધ વાચન કર્યું હતું.

ગુજરાત સમાચારની 'ઈંટ અને ઈમારત' કોલમ જે એમના પિતાજીએ શરૂ કરેલી. તે એમણે સંભાળી લીધી હતી. આ કોલમમાંથી તેઓ ખૂબ ખ્યાતિ પામ્યા છે. એમની આ જ દૈનિકપત્રોમાં પ્રગટ થતી 'ઝાકળ બન્યું મોતી' કોલમ પણ ખૂબ જ લોકપ્રિય નીવડી છે. કુમારપાળભાઈ રમતગમતના સારા વિવેચક છે. ગુજરાત સમાચરા ઉપરાંત અન્ય દૈનિકોમાં પણ તેઓ નિયમિત કટાર લેખન કરતા રહ્યા છે. ક્રિકેટ જેવી આંતરરાષ્ટ્રીય રમત વિશે તેમણે ખૂબ ખૂબ લખ્યું છે.

વિશ્વના અનેક દેશોમાં વ્યાખ્યાનો આપવા પ્રવાસ ખેડી ચૂકેલા કુમારપાળભાઈની અનેક કૃતિઓને પારિતોષિકો પ્રાપ્ત થયાં છે. તેમનાં સંશોધનકાર્યને બિરદાવી ગુજરાત યુનિવર્સિટીએ 'ડૉ. કે. જી. નાયક ચંદ્રક' તેમને અર્પણ કરેલો. પત્રકારત્વના ક્ષેત્રે તેમણે આપેલી સેવાઓની કદરરૂપે તેમને 'યજ્ઞેશ શુક્લ' પારિતોષિક પ્રદાન કરવામાં આવ્યું હતું. બાળસાહિત્ય ક્ષેત્રે તેમણે આપેલો ફાળો નાનો સૂનો નથી. એમની કૃતિ 'નાની ઉંમર : મોટું કામ' ને ઈ.સ. ૧૯૮૦માં એન.સી.ઈ.આર.ટી., દિલ્હી તરફથી ઉત્તમ બાળસાહિત્યની કૃતિ તરીકે રૂપિયા પાંચ હજારનું ઈનામ મળેલું. આ સિવાય, તેમના પુસ્તકો 'અપંગના ઓજસ',

'કેડે કટારી : ખભે ઢાલ', 'હૈયું નાનું, હિંમત મોટી' જેવાં પુસ્તકોને ગુજરાત અને ભારત સરકારનાં પારિતોષિકો પ્રાપ્ત થયાં છે.

પોતાના પિતાની સ્મૃતિમાં તેઓ 'જયભિખ્ખુ ટ્રસ્ટ' ચલાવે છે. આ ટ્રસ્ટના ઉપક્રમે વ્યાખ્યાનો અને પ્રકાશનપ્રવૃતિ ચાલતી રહી છે. તેઓ ખૂબ જ વિનમ્ર અને સજ્જનશીલ વ્યક્તિ છે. આપણે તેમના દીર્ઘાયું માટે પ્રાર્થના કરીએ અને ઈચ્છીએ કે હજુ પણ ગુજરાતી સાહિત્ય જગતને નવીન કૃતિઓની લહાણી કરતા રહે.





## (૨૯૩)

# અમૃતા પ્રીતમ

## (૩૧ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૧૯)

પંજાબી સાહિત્ય જગતને એક એકથી ચઢિયાતાં સો કરતાં પણ વધારે પુસ્તકોની ભેટ ધરનાર અમૃતા પ્રીતમનો જન્મ ગુજરાંવાલા ગામમાં ઈ.સ. ૧૯૧૯ની ૩૧ ઓગસ્ટના રોજ થયો હતો. તેમના પિતાનું નામ કરનાલસિંહ અને માતાનું નામ રાજબીબી હતું. તેમના પિતા સાહિત્યનો જીવ. 'પિયૂષ' તખલ્લુસથી કવિતાઓનું સર્જન કરતા. બાળપણથી જ માતાનું અઢળક સૌંદર્ય તેમને વારસામાં મળ્યું હતું.

એ જમાનાની સમાજની રૂઢિચુસ્તતાનો સામનો કરીને પિતાએ અમૃતાના બધા શોખ પૂરા કર્યા હતા. તેમના પિતા અત્યંત ધાર્મિક પ્રવૃતિના હતા. તેઓ સખ્તાઈથી અમૃતા પાસે ધાર્મિક આચારોનું પાલન કરાવતા.

૧૬ વર્ષની કાચી ઉંમરે પ્રીતમસિંઘ સાથે તેમના લગ્ન કરી દેવામાં આવ્યાં હતાં. તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી થયાં. અમૃતા નાનપણથી જ વિચારોમાં ક્રાંતિકારી હતાં. લગ્ન અગાઉ, તેમની ઉંમર અગિયાર વર્ષની હતી ત્યારે તેમની માતાનું અવસાન થયું હતું. તેઓ બુદ્ધિશાળી હોવાની સાથે સાથે સંવેદનશીલ અને ભાવનાશીલ પણ હતાં. સચ્ચાઈ એમનો જીવનાદર્શ હતો. એ ખોટું સહન કરી લેતાં નહીં. પરિણામની પરવા કર્યા વગર અસત્યનો પૂરજોશથી વિરોધ કરતાં. જાતિભેદ અને ધર્મભેદ પ્રત્યે તેમને ભારે સૂગ હતી. એમને મન ધર્મ એક જ હતો - માનવધર્મ.

એમના લગ્નજીવનમાં મનમેળના અભાવે સમાજની પરવા કર્યા વગર ઈ.સ. ૧૯૬૦માં પતિથી છૂટાં પડ્યાં. તેમણે પુત્ર નવરોઝને પોતોની પાસે રાખ્યો હતો.

ભરયુવાનીમાં તેઓ ઉર્દૂ શાયર સાહિર લુધિયાનવીને ચાહવા લાગ્યાં હતાં. પણ એ પ્રેમપુષ્પ ખીલે તે પહેલાં જ કરમાઈને ખરી પડ્યું. અમૃતાને સાહિર પ્રત્યે એટલો ઉત્કટ પ્રેમ હતો કે તેઓ તેમને જિંદગીભર ભૂલી શક્યાં ન હતાં. સતત એ તેમના પ્રિયપાત્ર માટે તરસતાં રહેતાં. તેમણે તેમની આત્મકથા 'રસીદી ટિકિટ' માં સાહિર સાથેનો પ્રેમનો નિર્ભયપણે એકરાર કર્યો છે. પણ સાહિરનો પ્રેમ પામવાની તેમની ઝંખના વિફળ નીવડી. તેમના જીવનમાંથી સાહિર ખસી ગયા. છતાં અમૃતાએ સાહિરને હંમેશ માટે હૃદયમાં સાચવ્યાં હતા.

સાહિરના વિરહમાં લખેલો તેમના કાવ્યસંગ્રહ 'સુનહરે ડે'ને સાહિત્ય અકાદમીનો એવોર્ડ પ્રાપ્ત થયો હતો. અમૃતા સચ્ચાઈના પડછાયામાં કશું જ છુપાવતાં ન હતાં. તેમની દરેક વાતમાં સચ્ચાઈ રણકી ઉઠતી. એ પછી તો અમૃતાના જીવનમાં સજ્જાદ અને ઈમરોઝ આવ્યા હતા. ઈમરોઝ અમૃતાનો જીવનભરનો સાથી બની રહ્યો હતો. ઈમરોઝ એક અચ્છો ચિત્રકાર હતો. અમૃતા પ્રત્યે એ પારાવાર લાગણી ધરાવતો હતો. અમૃતા તેના ચિત્રોમાં કેન્દ્ર સ્થાને રહેતી. આથી જ જે કાવ્યસંગ્રહ માટે અમૃતાને 'જ્ઞાનપીઠ એવોર્ડ' મળ્યો તે કાવ્યસંગ્રહનું શીર્ષક 'કાગઝ કે કેન્વાસ' એ વાતનો સંકેત છે.

નાનપણથી જ અમૃતાને લખવાની લત લાગેલી. બાર વર્ષની ઉંમરે 'પ્રીત કી લહરે' પુસ્તક લખેલું. ૧૯૩૫માં લખાયેલી તેમની કૃતિ 'કડિયા કિરણાં' એ એમને સાહિત્ય જગતમાં પ્રસિદ્ધિ અપાવેલી. ઈ.સ. ૧૯૩૬માં તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'અમૃત લહરેં' પ્રગટ થયો હતો. તેમણે 'જંગ જારી હૈ', 'ઔરત', 'એક દૃષ્ટિકોણ', 'મુહબ્બત નામા', 'કદી ધૂપ કા સફર', 'દ્રોપદી સે દ્રોપદી તક', 'કાલા ગુલાબ', 'લાલ ધાગે કા રિશ્તા', જેવાં ચિંતન પ્રધાન પુસ્તકો પણ લખ્યાં છે. 'પિંજર', 'યાત્રા', 'દૂસરી મંજિલ', 'જેબ કતરે', જેવી સુંદર નવલકથાઓ પણ તેમણે આપી છે.

એમની સાહિત્યકૃતિઓનું અનેક ભારતીય અને વિદેશીભાષાઓમાં ભાષાંતર




થયું છે. ઈ.સ. ૧૯૩૭માં દિલ્હી યુનિવર્સિટીએ એમને 'ડી. લિટ્' ની માનદ પદવીથી સન્માન્યાં હતાં. એમણે એમનાં જીવનની વેદનાને વાચા આપતા લખ્યું છે,

''છાતીમાં બળતી આગનો પડછાયો નથી હોતો.''

ત્રણ વર્ષની લાંબી માંદગી બાદ ૩૧ ઓક્ટોબર, ઈ.સ. ૧૯૦૫ના રોજ અનંતમાં ઓગળી ગયાં. એમણે એમની એક કવિતામાં લખ્યું છે,

''જ્યાં ક્યાંયે મુક્ત આત્માની ઝાંખી થાય,<br>
- તો માનજો, એ મારું ઘર છે...''



# (૨૯૪)
# પૂજ્ય રમેશભાઈ ઓઝા
## (૩૧ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૫૭)

પ્રસિદ્ધ ભાગવત કથાકાર અને ભાગવતાચાર્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાનો જન્મ ૩૧ ઓગસ્ટ, ઈ.સ. ૧૯૫૭ના રોજ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના સાડા આઠસો માણસોની વસ્તી ધરાવતા નાના એવા ગામ દેવકામાં થયો હતો. ગામડામાં જન્મેલા રમેશભાઈએ ગામડાની ધરતીના સંસ્કાર અને ધબકાર ઝીલેલા. ગ્રામ્ય પરિવેશ અને ગ્રામ્ય સંસ્કૃતિમાં થયેલા ઉછેરને લઈ એમણે જાતજાતના અનુભવ મેળવ્યા છે. આમ તો એમનું ખોરડું આર્થિક રીતે સામાન્ય સ્થિતિનું. બાળપણમાં વિધવા દાદીમા ભાગીરથીએ એમનામાં ભાગવતજીના સંસ્કાર સીંચેલા. દાદીમાનું ભણતર ઓછું પણ ગણતર વધારે. પતિ સાથે થોડાં વર્ષો એમણે મુંબઈમાં વીતાવેલાં. સ્ત્રીઓને એ ભણાવતાં અને રામાયણ-ભાગવત સંભળાવતાં. સમય મળે ત્યારે પ્રૌઢ શિક્ષણના વર્ગો પણ ચલાવે. દાદાજી પાછળ કથા કરાવવાનો એમણે સંકલ્પ કરેલો. પણ, આર્થિક સંકડામણને કારણે વર્ષો સુધી એમનો સંકલ્પ સિદ્ધિ થયેલો નહીં. દાદાજીએ કોઈને ઊછીના આપેલા રૂપિયા પાંચસો પાછાં આવતાં તેમણે રાજુલાના વિદ્વાન કથાકાર શાસ્ત્રીજી મોહનલાલની વ્યાસની ઘરના આંગણામાં કથા કરાવી. રમેશભાઈ દાદીમાને યાદ કરતાં કહે છે કે, ''વિચારોની વ્યાપકતા અને વિશાળતા મારાં દાદીમાં ભાગીરથી દેવી પાસેથી મને મળેલ છે.'' માતાના ગર્ભમાંથી જ એમણે ભાગવતકથા રસનાં પીયૂષ પીધાં હતાં.

તેઓ સાદગી, સ્વચ્છતા, શિસ્ત, સાત્વિકતા, સ્નેહ અને સંયમને વરેલા હતા. અગાધ જ્ઞાન છતાં અહંકાર નહીં. ગરીબીએ એમનામાં ભાવ ઠોંસી-ઠોંસીને ભર્યો



છે. ક્ષણને સજીવ કરવાની એમનામાં અદભૂત શક્તિ છે. પિતા દવાના સેલ્સમેન હોઈ આખા ભારતમાં ફરતા રહેતા. ઘરે આવે ત્યારે તેમની પાસેથી અનુભવોનું અઢળક ભાથું મળતું. તેઓ પૂર્ણતઃ સ્વાશ્રયી છે. તેઓ પોતાનું કામ પોતે જ કરે. નાનપણમાં કાળી મજૂરી કરી છે. વતનમાં ચાર ધોરણ સુધી ભણ્યા પછી પાંચમું-છઠ્ઠું ધોરણ સીમરમાં ફોઈને ઘેર રહીને અને સાતમું ધોરણ મુંબઈમાં મામાને ઘેર રહીને ભણેલા. રમેશભાઈના એક દૂરના કાકા જીવરાજભાઈ પૂ. ભાઈશ્રીના ગુરૂ સમાન હતા. સાત્વિકનિષ્ઠાવાળા બ્રાહ્મણ. પૂ. ભાઈ મુંબઈમાં હતા ત્યારે તેમને ભારે આઘાત લાગેલો. તેઓ રોજ ગીતાજીના એક અધ્યાયનો પાઠ કરતા. ચૌદ વર્ષની નાની ઉંમરે તેમણે સાત દિવસનું ગીતા પારાયણ કરેલું. એમની આ પ્રતિભાથી અંજાઈ ગયેલા તેમના પિતાએ જીવરાજકાકાની સૂચનાથી રાજુલામાં પૂજ્ય પાડુંરંગ આઠવલેજીએ સ્થાપેલી 'તત્વજ્યોતિ પાઠશાળા'માં સંસ્કૃતના અભ્યાસ માટે દાખલ કર્યા. અહીં તેમણે સંસ્કૃતનું સઘન અધ્યયન કર્યું.

આઠમું ધોરણ છાત્રાલયમાં રહી ભણેલા. નવમું ધોરણ મુંબઈની પાર્લાની ભાઈદાસ સ્કૂલમાં ભણેલા. આ સ્કૂલમાં તેઓ અગિયારમાં સુધી ભણેલા. મેટ્રિકની પરીક્ષા તેમણે ડિસ્ટિંકશન સાથે પાસ કરેલી. આર્થિક નબળી સ્થિતિને લઈ ઉચ્ચાભ્યાસ માટે અંધેરીની ચિંનોય કોલેજ ઓફ કોમર્સમાં તેઓ દાખલ થયા.

પણ તેમના સંસ્કારો મૂળ તો ભાગવતજીના. અઢાર વર્ષની વયે તેમણે સ્વતંત્ર રીતે ભાગવતજીની કથા કરેલી. તેમના નાનીમા મહિલા ભજન મંડળ ચલાવતાં. તેમણે રમેશભાઈ પાસે કથા કરાવવાનું નક્કી કરેલું. તેઓ બી.કોમ. થઈ શકેલા નહીં. બસ, પછી તો ભાગવત કથા તેમનું કર્મ બની ગયું.

ઈ.સ. ૧૯૮૪થી પોરબંદરમાં તેઓ 'સાંદીપનિ' ગુરૂકુળ સંભાળી રહ્યા છે. સાંદીપતિ વિદ્યાનિકેતન એ ઋષિફૂલ અને ગુરૂકુળનો સમન્વય છે. અહીં વૈદિક પરંપરાનુસાર ૩૦૦ વિદ્યાર્થીઓ છાત્રાવાસ કરી અભ્યાસ કરે છે. આ સંસ્થાના

છાત્રો 'સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી' ની પદવી પ્રાપ્ત કરે છે. આ છે ઋષિકુળની શિક્ષણ વ્યવસ્થા. જ્યારે ગુરૂકુળમાં અંગ્રેજી અને ગુજરાતી માધ્યમનું હાઈસ્કૂલ કક્ષાનું શિક્ષણ આપવામાં આવે છે. અહીં નાતજાતના કોઈ ભેદભાવ નથી. ઋષિકુળમાં માત્ર શાસ્ત્રો અને વૈદિક સાહિત્યનું શિક્ષણ આપવામાં આવે છે.

જન્મભૂમિનું ઋણ ચૂકવવા જન્મભૂમિ દેવકામાં તેમણે માધ્યમિક શાળાનું મકાન તૈયાર કરી આપ્યું છે. સાપુતારામાં આવેલી એક સવાસો આદિવાસીઓની શાળા તેમણે દત્તક લીધી છે. આજે ભાઈશ્રીની દોરવણી અને માર્ગદર્શન હેઠળ આ સંસ્થાનો વિકાસ થઈ રહ્યો છે.

સંસ્કૃત ભાષા અને હિંદુ ધર્મશાસ્ત્રોનું ગહન જ્ઞાન ધરાવતા ભાઈ શ્રી રમેશભાઈને કથામાં ભાગવજીના અને વેદોના મંત્રો, ભજનો અને કવિતાઓ ગાતા સાંભળવા એક લ્હાવો છે. એમનો કંઠ એવો તો સુંદર છે કે શ્રૌતાઓ ભાવવિભોર થઈ ડોલવા અને નાચવા લાગે છે. વચમાં વચમાં એમના મુખેથી બોલાતાં વાક્યો સોનામહોરોથી વધુ કિંમતી સાબિત થયાં છે. પૂજ્ય ભાઈશ્રીના સંસ્કૃતના શુદ્ધ ઉચ્ચારો જેવા તમને બીજા કોઈ પાસેથી શુદ્ધ ઉચ્ચારો સાંભળવા મળશે નહીં. અખૂટ જ્ઞાનગંગોત્રી સમા પૂજ્ય ભાઈશ્રી આજે તો વિશ્વભરમાં મોટા ગજાના ભાગવત કથાકાર તરીકે જાણીતા થઈ ચૂક્યા છે.

●





## (૨૯૫)

# મારિયા મોન્ટેસરી

## (૩૧ ઓગસ્ટ, ઈ.સ. ૧૮૭૦)

વિશ્વભરમાં જેના નામ પરથી બાલેકેન્દ્રી શિક્ષણ પદ્ધતિ અમલમાં આવી છે તેવી 'મોન્ટેસરી બાલમંદિરની જનેતા અને આદ્યસ્થાપક મારિયા મોન્ટેસરીનો જન્મ ઈટાલીના પાટનગર રોમમાં થયો હતો. તે મધ્યમ વર્ગના પરિવારમાં જન્મેલી. તેના પિતાનું નામ એલસાન્ડ્રા મોન્ટેસરી અને માતાનું નામ રેનીલ્ડી સ્ટોપની હતું. ભણવામાં વિચક્ષણ પ્રતિભા પામેલ ગણિતના વિષયમાં ખૂબ જ પ્રવિણતા ધરાવતી હતી. ઈ.સ. ૧૮૯૬માં રોમ યુનિવર્સિટીમાંથી એમ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી ડોક્ટર થનાર તે ઈટાલીની પ્રથમ મહિલા હતી. ડોક્ટર થયા પછી એ જ યુનિવર્સિટીમાં મદદનીશ ડોક્ટર તરીકે તેની નિમણૂંક થઈ હતી.

અવિકસિત અને મંદબુદ્ધિ બાળકોને જોઈ તેનું દિલ દ્રવી જતું હતું. ડોક્ટરનો વ્યવસાય સ્વીકાર્યો હોવા છતાં કુમળી વયનાં બાળકોની તાલીમ અને શિક્ષણની તે સતત ચિંતા કરતી રહેતી હતી. તેણે ડો. એગ્વીનની શિક્ષણ પદ્ધતિનો અભ્યાસ કરેલો. બાળકોને સુધારવા જેટલી તબીબી સારવાર જરૂરી છે એટલી જ શિક્ષણ વિષયક સારવાર પણ જરૂરી છે એવું દૃઢપણે માનનાર તેણે નાનાં બાળકોના શિક્ષણમાં રસ લેવા માંડેલો. ઈ.સ. ૧૯૫૫માં ઈટાલીના ટ્યૂરીન શહેરમાં ભરાયેલા શિક્ષકોના સંમેલનમાં તેમણે તેમનું એ દૃષ્ટિબિંદુ ભારપૂર્વક રજૂ કરેલું. ગુરૂ એગ્વીનના સિદ્ધાંતોમાં મારિયાને અપાર શ્રદ્ધા હતી. બાળકોના બાળપણનો વિકાસ કરવાના એકમાત્ર ઉદ્દેશથી તેણે સ્વેચ્છાએ નોકરીમાંથી રાજીનામું આપી દીધેલું. તે ફરીથી રોમ યુનિવર્સિટીમાં વિદ્યાર્થી તરીકે પ્રવેશેલી અને સાત વર્ષ

સુધી બાળમનોવિજ્ઞાન અને ફિલસૂફીનો અભ્યાસ કરેલો. તત્કાલીન પ્રાથમિક શિક્ષણની પદ્ધતિઓનો અભ્યાસ કરી જાત અનુભવ મેળવવા ઈટાલીની બની શકે એટલી શાળાઓની તેણે મુલાકાત લીધેલી.

શિક્ષણ સુધારણાની દિશામાં પ્રયત્નશીલ એવી તેને મિલાન શહેરમાં ભરાયેલા શિક્ષકોના રાષ્ટ્રીય સંમેલનમાં ભાગ લેવા ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું. મિલાનના સંમેલનમાં હાજરી આપી પાછી ફરી રહેલી તેની મુલાકાત સિગ્નોર ટેલોનો નામાના એક સજ્જન ગૃહસ્થ સાથે થયેલી. સિગ્નોર ટેલેમોએ ગરીબ લોકોના જીવનમાં વ્યાવહારિક સુધારો કરવા એક મંડળની સ્થાપના કરી હતી. મોન્ટેસોરીના માર્ગદર્શન અને પ્રેરણાથી આ મંડળે બંધાવેલા મકાનમાં ત્રણથી સાત વર્ષની ઉંમર સુધીનાં બાળકો માટે મોન્ટેસોરીના સિદ્ધાંતોને અનુરૂપ શિક્ષણ આપવાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી. આ સંસ્થાનું નામ ‘કેસા-ડી-બેમ્બિની’ રાખવામાં આવેલું. આ પ્રયોગે શિક્ષિત જગતનું ધ્યાન ખેંચવામાં સફળતા પ્રાપ્ત કરેલી.

બાળ સ્વાતંત્ર્યની હિમાયતનો આજ સુધી ઘણા શિક્ષણ ચિંતકોએ કરેલી. પણ એ સિદ્ધાંતને સફળતાથી અમલમાં મૂકવાનું માન તો મોન્ટેસરીને જ મળેલું. મોન્ટેસરી બાળ શિક્ષણનાં મુખ્ય બે અંગો જણાવે છે. (૧) કુદરતી જ્ઞાન અને (૨) ભાષા, સાહિત્ય, શિક્ષણ. તેણે વિચાર અને પ્રયોગના માધ્યમથી બાળકની અવસ્થાને યોગ્ય સાધોનો ક્રમ નક્કી કર્યો છે. આ સાધનોના ઉપયોગથી કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો કેળવાય છે. જે ઉંમરે બાળકને જેની જરૂર પડે તે ઉંમરે તેને તે વસ્તુ પૂરી પાડવી એ આ પદ્ધતિનો મુખ્ય હેતુ છે. બાળકને જ્યારે કોઈ સાધન કે પ્રવૃતિમાં રસ પડે ત્યારે તે સાધન કે પ્રવૃતિનો ઉપયોગ કેમ કરવો એ બતાવવાનું કામ શિક્ષકે કરવાનું છે.

તે એમ પણ જણાવે છે કે, બાલમંદિરનું વાતાવરણ બાલવિકાસને ઊર્ધ્વગામી બનાવનારૂ હોવું જોઈએ. સાથે સાથે તેણે શિક્ષકમાં કેવા ગુણો હોવા જોઈએ તે



પણ જણાવ્યું છે. તેણે બાળશિક્ષણ વિષયક અનેક સંશોધનો કર્યા છે. સરકારે તેમની નિમણૂંક સરકારી શાળાઓના શિક્ષણાધિકારી તરીકે કરી હતી. તેઓ બાળકને સજા કરવાની કે લાલચ આપવાની બાબતના સખ્ત વિરોધી હતાં. બાળકમાં સ્વયંશિસ્ત જન્મ તેવો તે આગ્રહ રાખતાં. તેમને વિશ્વનાં અનેક દેશોએ શિક્ષણ સુધારણા માટે આમંત્ર્યા હતા. જગતને ‘મોન્ટેસરી બાલમંદિરો’ ની ભેટ ધરીને તેઓ અમર બની ગયાં છે.

૬ ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૫૨માં તેમનું અવસાન થયું હતું.